

નમો અરિહંતાણં

નમો સિધ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લેએ સવ્વ સાહુણં

એસો પંચ નમુકકારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**

(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI SUTRA KRUTANG SUTRA



**PART : 01**

## શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર : ભાગ–૦૧

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलाल-व्रतिविरचितया
समयार्थबोधिन्याख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

# श्री-सूत्रकृताङ्गसूत्रम् ।

(प्रथमो भागः)

नियोजकः
संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

पालनपुरनिवासि—न्यायमूर्ति स्व.—रतिलालभाई भाइचंदभाई महेताना
स्मरणार्थे तेमनां धर्मपत्नी श्री-लीलावतीबहेन-तत्प्रदत्त द्रव्यसाहाय्येन


प्रकाशकः
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः
मु० राजकोट

| प्रथमा-आवृत्ति | वीर-संवत् | विक्रम-संवत् | ईसवीसन् |
| --- | --- | --- | --- |
| प्रति १२०० | २४९५ | २०२५ | १९६९ |

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
**શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી**
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ, ગ્રીન લોજ
પાસે, **રાજકોટ,** (સૌરાષ્ટ્ર).

Published by :
Shri Akhil Bharat S.S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra) W. Ry. India.

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥१॥

卐

(हरिगीतच्छन्दः)

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुल पृथ्वी ध्यान में यह लायगा॥१॥

મૂલ્યઃ ૨૫-૦૦

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૨૦૦
વીર સંવત્ : ૨૪૯૫
વિક્રમ સંવત્ ૨૦૨૫
ઈસવીસન ૧૯૬૯

: મુદ્રક :
**પંડિત મફતલાલ ઝવેરચંદ**
નયન પ્રિન્ટીંગ પ્રેસ,
ગાંધીરોડ, અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( ૬ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए। फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

# અનુક્રમણિકા

**અનુ. વિષય** **પાના નં.**

## પ્રથમ અધ્યયન કે પ્રથમ ઉદ્દેશ


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | મંગલા ચરણ | ૮ |
| ૨ | જ્ઞાનકા મંગલત્વ કા પ્રતિપાદન | ૧૨ |
| ૩ | બન્ધકે સ્વરૂપકા નિરૂપણ | ૧૪ |
| ૪ | પરિગ્રહ કે સ્વરૂપકા નિરૂપણ | ૧૭ |
| ૫ | પ્રકારાન્તર સે બન્ધકે સ્વરૂપકા નિરૂપણ | ૧૯ |
| ૬ | કર્મબન્ધસે નિર્વૃત્તિકા નિરૂપણ | ૨૦ |
| ૭ | સ્વસમયમેં પ્રતિપાદિત અર્થકા કથન-કરને કે પશ્ચાત પરસમયમેં પ્રતિપાદિત અર્થ કા કથન | ૨૩ |
| ૮ | ચાર્વાક મત કે સ્વરૂપકા કથન | ૨૫ |
| ૯ | વેદાન્તિયોં કે એકાત્મવાદકા નિરૂપણ | ૬૦ |
| ૧૦ | અદ્વૈતવાદિયોં કે મત કા ખંડન | ૬૧ |
| ૧૧ | તજ્જીવ તચ્છરીરવાદિયોં કે મતકા નિરૂપણ | ૬૩ |
| ૧૨ | પુણ્ય ઔર પાપ કે અભાવકા નિરૂપણ | ૬૫ |
| ૧૩ | અકારકવાદી-સાંખ્યમતકા નિરૂપણ | ૬૯ |
| ૧૪ | અકારકવાદિયોં કે મત કા ખણ્ડન | ૮૨ |
| ૧૫ | પૃથિવી આદિ ભૂતોં કે ઔર આત્માકા નિત્યત્વ | ૮૩ |
| ૧૬ | ક્ષણિકવાદિ બૌદ્ધમત કા નિરૂપણ | ૮૬ |
| ૧૭ | ચતુર્ધાતુવાદી બૌદ્ધમત કા નિરૂપણ | ૮૯ |
| ૧૮ | ચાર્વાકસે લેકર બૌદ્ધપર્યન્ત કે અન્યમત-વાદિયોં કે મતકા નિષ્ફલત્વકા પ્રતિપાદન | ૯૬ |


## દૂસરા ઉદ્દેશ


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૯ | મિથ્યાદષ્ટિ નિયતવાદિયોં કે મતકા નિરૂપણ | ૧૦૧ |
| ૨૦ | નિયત્યાદિ અન્યમતવાદિયોં કી મોક્ષપ્રાપ્તિ કા અભાવ કા કથન | ૧૦૮ |
| ૨૧ | અજ્ઞાનવાદિયોં કે મતકા નિરૂપણ મેં મૃગકા દષ્ટાન્ત | ૧૧૦ |
| ૨૨ | પાશમેં બંધેહુએ મૃગકી અવસ્થાકા નિરૂપણ | ૧૧૨ |

२३ असम्यक ज्ञान के फलप्राप्तिका निरूपण ११२
२४ शंकितधर्म और अशंकित धर्म की भिन्नता का कथन ११४
२५ अज्ञानि पुरूषको अप्राप्तपदार्थ का निरूपण ११४
२६ अज्ञानियोंके दोषों का निरूपण ११५
२७ अज्ञानवादियों के मतका निरसन ११६
२८ अज्ञानवादियों का मत दिखाते हुअे सुत्रकार म्लेच्छके दृष्टान्त का कथन करते हैं ११६
२९ दृष्टान्त का कथन करके सिद्धांतका प्रतिपादन ११७
३० अज्ञानवादियों के मत के दोषदर्शन ११८
३१ ये अज्ञानवादी अपने को या अन्यको बोधदेनेमें समर्थ नहीं होने का दृष्टान्त के द्वारा कथन १२०
३२ अज्ञानवादियों के विषयमें अन्य दृष्टान्तका कथन १२१
३३ दृष्टान्त कहकर दार्ष्टान्तिक-सिद्धांतका प्रतिपादन १२१
३४ फिरसे अज्ञानवादिके मतका दोषदर्शन १२२
३५ अज्ञानवादियों को होनेवाले अनर्थका निरूपण १२३
३६ अेकान्तवादियोंके मत का दोष कथन १२४
३७ क्रियावादियोंके से कर्मबन्ध का निरूपण १२५
३८ क्रियावादियों के कर्म रहितपना १२६
३९ प्रकारान्तर से कर्मबन्ध का निरूपण १२८
४० कर्मबन्ध के विषयमें पितापुत्र का दृष्टान्त १२९
४१ कर्मबन्ध के विषयमें आर्हत मतका कथन १३०
४२ ये क्रियावादियों के अनर्थ परंपरा का निरूपण १३२
४३ क्रियावादीयों के मत का अनर्थ दिखानेमें नौकाका दृष्टान्त १३३
४४ दृष्टान्त के द्वारा सिद्धान्तका प्रतिपादन १३३


## तीसरा उदेशा-


४५ मिथ्यादृष्टियों के आचारदोषका कथन १३४
४६ आधाकर्मी आदि आहार को लेनेवालेके विषयमें मत्स्य का द्रृष्टान्त १३५
४७ दृष्टान्त कहकर सिद्धांत का प्रतिपादन १३६
४८ जगत की उत्पत्ती के विषयमें मतान्तर का निरूपण १३७

| અનુ. | વિષય | પાના નં. |
| --- | --- | --- |


૪૯ દેવકૃત જગદ્વાદિયોં કે મતકા નિરસન ૧૪૨
૫૦ અન્યમતાવલંબિયોં કે ફલ પ્રાપ્તિકા નિરૂપણ ૧૪૬
૫૧ પ્રકારાન્તરસે દેવોપ્તાદિયોં કે મતકા નિરૂપણ ૧૪૮
૫૨ ત્રૈરાશિકોં કે મતકા નિરસન ૧૫૦
૫૩ પ્રકારાન્તરસે કૃતવાદિયોં કે મતકા નિરૂપણ ૧૫૧
૫૪ રસેશ્વરવાદિયોં કે મતકા નિરૂપણ ૧૫૨
૫૫ રસેશ્વરવાદિકે મતકે અનર્થતાકા કથન ૧૫૩


## ચૌથા ઉદ્દેશા


૫૬ પુર્વોક્તવાદિયોં કે ફલપ્રાપ્તિકા નિરૂપણ ૧૫૪
૫૭ પુર્વોક્તવાદિયોં કે પ્રતિ વિદ્વાનોં કા કર્ત્તવ્ય ૧૫૬
૫૮ સાધુઓં કે જીવનયાત્રા નિર્વાહ કા નિરૂપણ ૧૫૭
૫૯ ઉદ્દગમ આદિ દોષોંકા નિરૂપણ ૧૫૮
૬૦ સોલહ પ્રકાર કે ઉત્પાદનાદોષકા નિરૂપણ ૧૬૦
૬૧ શંકિત આદિ દશપ્રકાર કે દોષોં કા નિરુપણ ૧૬૧
૬૨ ગ્રાસૈષણા કે પાંચ દોષોં કા નિરૂપણ ૧૬૨
૬૩ પૌરાણિકાદિ અન્યતીર્થિકોં કે મતકાનિરૂપણ ૧૬૨
૬૪ વિપરીત બુદ્ધિ જનિત લોકવાદ કા નિરૂપણ ૧૬૩
૬૫ અન્યવાદિયોં કે મતકા ખણ્ડન કે લિયે અપને સિદ્ધાન્ત કા પ્રતિપાદન ૧૬૫
૬૬ અન્યવાદિયોં કે મત કે ખણ્ડન મેં દૃષ્ટાન્ત કા કથન ૧૬૮
૬૭ જીવહિંસા કે નિષેધ કા કારણ ૧૬૯
૬૮ મોક્ષાર્થિ મુનિયોં કો ઉપદેશ ૧૭૦
૬૯ સાધુઓકેં ગુણકા નિરૂપણ ૧૭૧
૭૦ અધ્યયન કા ઉપસંહાર ૧૭૨


## દૂસરા અધ્યયન કા પહલા ઉદ્દેશા


૭૧ દૂસરે અધ્યયનકી અવતરણિકા ૧૭૪
૭૨ ભગવાન આદિનાથને સ્વ પુત્રોંકો દિયાહુઆ ઉપદેશવચન ૧૭૪

## તીસરા ઉદ્દેશા

*૭૩ સાધુઓં કો પરીષહ એવં ઉપસર્ગ સહનેકા ઉપદેશ ૨૨૯*

## દ્વિતીયાધ્યયનપર્યન્તકા

## પ્રથમભાગ સમાપ્ત ॥૨-૩॥

# સૂત્રકૃતાંગનો ગુજરાતી અનુવાદ

## —મંગલાચરણ—

"श्रीवर्द्धमानं" ઇત્યાદિ—

ગુણોના ભંડાર, મુક્તિમાં સદાને માટે વિરાજમાન, ધર્મના ઉપદેશ આદિની વિધિના કારણભૂત, અને ભૂતલ પર પ્રધાન (શ્રેષ્ઠ) એવા શ્રી વર્ધમાન ભગવાનને હું ભકિતભાવ પૂર્વક નમસ્કાર કરૂં છું ॥૧॥

"चतुर्ज्ञानोपेतं" ઇત્યાદિ—

ચાર જ્ઞાનોથી સંપન્ન; જિનવચન રૂપી અનુપમ અમૃતનું પોતાના કર્ણો વડે પાન કરનારા અને ભવ્યોને તેનું પાન કરાવનારા, ગુણોના સદન(ગૃહ), પાપોના સમૂહને ભેદનારા, સમસ્ત પ્રાણીઓના કલ્યાણના ધામ રૂપ તથા ગુણીજનોમાં-જ્ઞાનાદિ ગુણયુકત મુનિજનોમાં-પણે વિશિષ્ટ ગુણી એવા શ્રી ગૌતમસ્વામીને પ્રીતિપૂર્વક નમસ્કાર કરીને ॥૨॥

"षट्काय" ઇત્યાદિ—

આન્તરિક અંધકારનો સર્વથા નાશ કરનારી ચરણોના નખોની પ્રખર જ્યોતિનું ચિન્તન કરતો થકો હું છકાયના જીવોની રક્ષા કરનારા, કરૂણા-દયા ધર્મના ઉપદેશક, વાયુકાયાદિ છ જીવનીકાયની રક્ષા કરવા માટે મુખપર દોરાસહિત મુહપત્તી બાંધવાવાળા પ્રસન્ન વદન, ઉગ્રવિહાર કરનારા, તથા પાંચ મહાવ્રતોના આરાધક ગુરૂવરને નમસ્કાર કરીને ॥૩॥

"प्रणम्यवाणीं" ઇત્યાદિ—

પરમ વિશુધ્ધ વાણીને નમસ્કાર કરીને, અનેક અર્થવાળા પદાર્થોના સારને શોધીને અથવા વિચારીને હું; મુનિ ઘાસીલાલજી ભવ્ય જીવોને બોધ કરાવવાને માટે સૂત્રકૃતાંગની સમયાર્થબોધિની નામની ટીકાની રચના કરૂં છું. ॥૪॥

"सूत्रमात्रं" ઇત્યાદિ—

જેવી રીતે આધાર વિનાના આકાશમાં દોરડાનો આધાર લઈને ચાલનારા નટનું સાહસ જ તેને સફલતા પ્રાપ્ત કરાવે છે, એજ પ્રમાણે સૂત્રમાત્ર (મૂળ આગમ) નો આધાર લઈને ટીકાની રચના કરવાને તૈયાર થયેલા મને મારૂં સાહસ જ સિધ્ધિ (સફલતા) પ્રદાન કરશે ॥૫॥

જે જીવો આ સંસાર સાગરમાં ડૂબી રહ્યા છે, પરન્તુ સંસાર સાગરને પાર કરવા માગે છે તેમણે સમસ્ત કર્મોનો ક્ષય કરવો જોઈએ. કર્મોનો ક્ષય કરવા માટે સમ્યગ્ જ્ઞાનની જરૂર પડે છે. સમ્યગ્ જ્ઞાન આપ્ત વાક્ય રૂપ આગમ વિના પ્રાપ્ત થઈ શકતું નથી, કર્મમળનો સર્વથા ક્ષય કરનાર જીવજ આપ્ત કહેવાય છે. એવાં આપ્ત અર્હંત ભગવાનો જ છે. તેથી તેમના દ્વારા પ્રરૂપિત આગમના જ્ઞાનનો જ આધાર લેવો તે ઉચિત છે. આગમ દ્વાદશાંગ રૂપ (બાર અંગ રૂપ) છે. તેમાં ચરણ કરણાનુયોગની પ્રધાનતા છે, તે કારણે પહેલાં આચારાંગની વ્યાખ્યા કરવામાં આવી છે. ત્યાર બાદ દ્રવ્યાનુયોગપ્રધાન સૂત્રકૃતાંગની વ્યાખ્યા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, તેથી અહીં તેની વ્યાખ્યા કરવામાં આવે છે.

શંકા—પ્રાણીઓને માટે હિતકારી એવા પરમપુરૂષાર્થ (મોક્ષ) નું શાસન (ઉપદેશ) કરનાર હોવાને કારણે આ સૂત્રને શાસ્ત્ર કહેવામાં આવે છે. શાસ્ત્રના પ્રારંભે, સમસ્ત વિઘ્નોનો વિનાશ કરવાને માટે મંગળાચરણ કરવું આવશ્યક ગણાય છે. એજ પ્રમાણે પ્રસ્તુત શાસ્ત્રની સ્થિરતાને માટે મધ્યમાં તથા શિષ્ય પ્રશિષ્યોની પરમ્પરા સતત ચાલુ રહે અને શાસ્ત્રનો વિચ્છેદ ન થાય, તે માટે શાસ્ત્રને અન્તે પણ મંગલાચરણ કરવું આવશ્યક ગણાય છે. પૂર્વવર્તી આચાર્ય આદિ જો મંગલાચરણ કરવાનું બંધ કરી દે, તો તેમના શિષ્યો અને પ્રશિષ્યો પણ મંગલાચરણ કરવાનું બંધ કરી દેશે. એવું થાય તો શાસ્ત્રની નિર્વિઘ્ને સમાપ્તિ પણ થઇ શકે નહીં. સઘળા લોકો પરમ પ્રયોજનથી વંચિત (રહિત) રહી જશે અને તેમને અનર્થની પ્રાપ્તિ થશે. અન્ય તીર્થિકો પણ આદિ, મધ્ય અને અન્તે મંગળાચરણને આવશ્યક ગણે છે. શાસ્ત્રના પ્રારંભે, શાસ્ત્રના મધ્ય ભાગમાં અને શાસ્ત્રના અન્ત ભાગમાં મંગલાચરણને પ્રશસ્ત ગણવામાં આવે છે અને તેમનું અધ્યયન કરનાર વીર થાય છે. ઇત્યાદિ આ પ્રકારનું મંગલાચરણ આ શાસ્ત્રનો પ્રારંભ કરતી વખતે કરવામાં આવ્યું નથી. તેથી શું અહીં ન્યૂનતા દોષનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી?

સમાધાન-આ પ્રકારની શંકા અસ્થાને છે. પોતાના ઇષ્ટદેવને નમસ્કાર આદિ કરવા તેનું નામ જ મંગલ છે. તેના કરતાં વધારે મંગલ બીજુ શું હોઇ શકે? પ્રસ્તુત દ્વાદશાંગ રૂપ આગમના અર્થના પ્રણેતા સ્વયં તીર્થંકર ભગવાન જ છે.

તેઓ સર્વજ્ઞ છે. સમસ્ત દોષોથી સર્વથા મુક્ત એવાં તીર્થંકર ભગવાનને માટે અન્ય કોઈ નમસ્કાર કરવા યોગ્ય ઈષ્ટદેવ જ નથી કે જેમને નમસ્કાર કરીને નમસ્કાર રૂપ મંગળ કરવામાં આવે.

વિઘ્નોનો નાશ થાય એવું જ મંગલનું જો પ્રયોજન હોય, તો ચાર ઘાતિયા કર્મોનો ક્ષય કરી નાખનાર તીર્થંકર ભગવાનને એવું કોઈ પણ વિઘ્ન નડવાની શકયતા જ હોતી નથી, કે જેના નિવારણને માટે સર્વજ્ઞ, તીર્થંકર ભગવાને મંગલાચરણ કરવું પડે! આ પ્રકારે આ શાસ્ત્રમાં મંગલ (મંગલાચરણ) ન હોવા છતાં પણ ન્યૂનતા દોષનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી.

ઉપર્યુક્ત કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

પ્રતિયોગિતા સંબંધની અપેક્ષાએ નાશ સાથે તાદાત્મ્ય સંબંધ હોવાને કારણે પ્રતિયોગી કારણ હોય છે. એટલે કે જેનો અભાવ હોય છે, તેને પ્રતિયોગી કહે છે. જેમ કે.. જ્યાં ઘટ (ઘડા) નો અભાવ હોય છે ત્યાં ઘટ પ્રતિયોગી છે. ઘટાભાવીય (ઘટના અભાવવાળા) અઘટમાં પ્રતિયોગિતા છે. તેથી પ્રતિયોગિતા સંબંધની અપેક્ષાએ ઘટ આદિનો નાશ ઘટમાં રહે છે-ઘટમાં જ સંભવી શકે છે, અને એજ ઘટમાં તાદાત્મ્ય સંબંધની અપેક્ષાએ ઘટ પણ રહે છે; કારણ કે પોતાની અંદર પોતાનો તાદાત્મ્ય સંબંધ રહે છે. એજ પ્રકારે જે પદાર્થ વિદ્યમાન હોય તેનો જ કોઇ કારણે અભાવ અથવા નાશ સંભવી શકે છે. સર્વથા અસતનો (અવિદ્યમાનનો) વિનાશ સંભવી શકતો નથી, કારણ કે ત્યાં તો વસ્તુનોજ અભાવ હોય છે. અનુત્પન્ન ઘટનો અથવા વંધ્યાના પુત્રનો કોઇ પણ કારણ દ્વારા વિનાશ થતો જોવામાં આવતો નથી, કારણ કે ત્યાં તો ઘડો અથવા પુત્ર જ સંભવી શકતો નથી. ઉત્પત્તિ વિના વિનાશ કેવી રીતે સંભવી શકે! એજ પ્રમાણે જો તીર્થંકરોને વિઘ્નો નડતાં હોત, તો તેઓ તેના વિનાશને માટે મંગલાચરણ કરત, પરન્તુ તેમને વિઘ્નો જ નડતાં નથી. તેમના ચાર પ્રકારના ઘાતિયાં કર્મોનો અભાવ થઈ જવાને કારણે પાપ વિશેષ રૂપ વિઘ્નો તેમને નડતાં જ નથી. ચર્મચક્ષુવાળા આપણે ઈન્દ્રિયો દ્વારા અગોચર વિઘ્ન આદિને જોઈ શકવાને સમર્થ હોતા નથી. તેથી આપણને એવી શંકા થાય છે કે કદાચ કોઈ વિઘ્ન આવી પડશે. તે કારણે આપણે માટે મંગળાચરણ કરવાનું આવશ્યક થઈ પડે છે. દિવ્યદ્રષ્ટિ મહાત્માઓને એટલે કે સર્વજ્ઞને એવો સંદેહ થતો નથી. તેથી તેમના માટે તે આવશ્યક નથી. મંગલનું, વિઘ્નોના વિનાશરૂપ ફલ પ્રાપ્ત થાય છે. પરંતુ સર્વજ્ઞ ભગવાનને તો વિઘ્ન નડવાનો સંભવ જ નથી, તો શા માટે તેઓ

વૃથા મંગલાચરણ કરે! કોઈ પણ બુદ્ધિમાન્ વ્યક્તિ નિષ્ફલ કાર્યમાં પ્રવૃત્ત થાય, તો જલતાડન (જળસિંચન) આદિ પણ કરવા યોગ્ય વિધિ જ બની જાય! આ કારણે શાસ્ત્રની શરૂઆતમા મંગલાચરણ કરવામાં આવ્યું નથી.

શંકા—તીર્થંકર ભગવાનને વિઘ્નો નડતાં નથી, તે કારણે વિઘ્નોના વિનાશના હેતુ પૂર્વક ભલે મંગલાચરણ ન કરવામાં આવે, પરન્તુ શિષ્યોને શિક્ષા પ્રદાન કરવાને માટે તો મંગલાચરણ આવશ્યક હોવાં છતાં પણ આ સૂત્રમાં મંગલાચરણ કરવામાં આવ્યું નથી તે કારણે અહીં ન્યૂનતા દોષની સંભાવના જ છે.

સમાધાન—તીર્થની રચના કરવાને સમર્થ એવા તીર્થંકર ભગવાન અને શાસ્ત્ર આ બન્ને મંગળ જ છે. તેમના નામમાત્રના સ્મરણથી લોકો સંસાર સાગરને તરી જાય છે તેમનાથી વધારે સારૂં મંગળ બીજુ કયું હોઈ શકે? આ શાસ્ત્રના પ્રારંભમાં જ મંગળ મોજુદ છે, કારણ કે "**बुज्झिज्जति**" આ પ્રથમ પદ દ્વારા જ્ઞાનનું કથન કરવામાં આવ્યું છે. સંસાર અને સંસારનાં કારણોનું વિનાશક જ્ઞાનને ગણવામાં આવે છે; તેથી તેનું કથન મંગળરૂપ જ છે.

ગતિ અર્થવાળા "**मगि**" ધાતુને "**अलच्**" પ્રત્યય લગાડવાથી "**मंगलम्**" 'મંગલમ્ પદ બન્યું છે. જેના દ્વારા હિત (મોક્ષાદિ) સાધી શકાય છે, તેનું નામ 'મંગળ' છે. એવું મંગળ સાક્ષાત્ ક્રિયાયુક્ત જ્ઞાન જ છે. કારણ કે આ પ્રકારના જ્ઞાન દ્વારા જ સમસ્ત કર્મોના ક્ષય રૂપ મોક્ષ ઉત્પન્ન થાય છે. પરંપરાથી તીર્થંકર ભગવાન્ અને તેમના આગમ, બન્ને મંગલ રૂપ જ છે, કારણ કે જ્ઞાન દ્વારા તે બન્ને મોક્ષ સાધવામાં ઉપયોગી થઇ પડે છે.

અથવા—"**मंग**" એટલે ધર્મ. ધર્મને જે લાવે તેનું નામ મંગલ છે. આ કથનનો ભાવાર્થ એવો છે કે...... 'ધર્મના ઉપાદાનમાં જે કારણરૂપ હોય છે તેને મંગલ કહે છે, "**ला**" ધાતુ આદાનના અર્થમા વપરાયો છે. 'મંગળ' પદની આ

પ્રકારની વ્યુત્પત્તિ માનવામાં આવે. તો 'જે ધર્મનું ઉપાદાન કારણ હોય તેને 'મંગળ' કહેવાય છે.

અથવા તેની આ પ્રમાણે વ્યુત્પત્તિ પણ થાય છે- 'म'' એટલે સંસાર સાગરમાં ડૂબેલાં અથવા કર્મબન્ધને કારણે સંસારમાં ભટકતા પ્રાણીઓને 'गल' જે ગાળે છે, પાર કરાવે છે, તેનું નામ 'મંગલ' છે અથવા-જેના કારણે શાસ્ત્રમાં ગલ (વિઘ્નો) ન આવે- અથવા જેની વિદ્યમાનતાને લીધે ચિકીર્ષિત (અભિલષિત) શાસ્ત્રમાં વિઘ્નોનો સમૂહ ઉત્પન્ન ન થાય તેને મંગલ કહે છે. અથવા જેને કારણે શાસ્ત્રનો ગલ (વિનાશ) 'मं' ન થાય તેને મંગલ કહે છે.

અથવા—"मंग" સમ્યક્ રીતે જ્ઞાનદર્શન અને ચારિત્રતપ રૂપ મોક્ષમાર્ગમાં "लं" લયન અથવા જે જ્ઞાનદર્શન આદિ માર્ગમાં પુરૂષનું વિનિયોજન કરે છે તેનું નામ મંગલ છે, મંગલ પદના બીજા પણ ઘણા અર્થ થાય છે, પરંતુ અહીં તે અર્થ સમજાવવામાં શાસ્ત્રનો વિસ્તાર થઈ જવાનો ભય રહે છે, તેથી બીજા અર્થો અહીં આપ્યા નથી.

## જ્ઞાનકા મંગલત્વ કા પ્રતિપાદન

પ્રકૃત સૂત્રમાં "बुज्झिज्जत्ति" આ પદ દ્વારા જ્ઞાન રૂપ મંગલને પ્રદર્શિત કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર નિચે પ્રમાણેનું સૂત્ર કહે છે.—बुज्झिज्झत्ति ઈત્યાદિ—

શબ્દાર્થ-(बुज्झिज्जत्ति) માણસે બોધ મેળવવો જોઈએ (बंधणं परिजाणिया) બંધનને સમજીને (तिउट्टिज्जा) તેને તોડવું જોઈએ (वीरो) વીરપ્રભુએ (बंधणं किमाह) બંધનનું સ્વરૂપ શું કહ્યું છે? (वा) અથવા (किं जाणं) પુરૂષ શું જાણીને (तिउट्टइ) બંધનને તોડે છે.

શબ્દાર્થ—(**चित्तमंतं**) સચિત્ત દ્વિપદ ચતુષ્પદ વિગેરે પ્રાણિયો (**वा**) અથવા '**अचित्तं**' ચૈતન્યવિનાના સોનું ચાંદી વિગેરે '**किसामवि**' તથા તુચ્છ વસ્તુ–ભુસુ વિગેરે અથવા થોડાપણ '**परिगिज्झ**' પરિગ્રહ રાખીને (**वा**) અથવા '**अन्नं**' બીજાને પરિગ્રહ રાખવાની '**अणुजाणाइ**' આજ્ઞા આપીને '**एवं**' આ રીતે '**दुक्खा**' દુઃખથી '**ण मुच्चइ**' જીવ મુક્ત થતો નથી ॥૨॥

અન્વયાર્થ—છકાયના જીવોની હિંસા કરવાથી કર્મનો બન્ધ થાય છે. આ પ્રકારનું બન્ધનું જે સ્વરૂપ આચારાંગ સૂત્રમાં પ્રકટ કરવામાં આવ્યું છે તેને જ્ઞપરિજ્ઞા વડે જાણવું જોઇએ. તે રીતે તેને જાણી લઈને આઠ પ્રકારના કર્મબંધનોનો નાશ કરવો જોઇએ, એટલે કે પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી તેનો ત્યાગ કરવો જોઇએ. જંબુ સ્વામી સુધર્મા સ્વામીને એવો પ્રશ્ન પૂછે છે? કે "હે ભગવન્! મહાવીર ભગવાને બન્ધનનું કેવું સ્વરૂપ કહ્યું છે?

અથવા કયા પ્રકારના વસ્તુ સ્વરૂપને જાણતો થકો જીવ કર્મ બન્ધનનો વિનાશ કરે છે? ॥૧॥

સુધર્મા સ્વામીનો ઉત્તર—જે જીવ દ્વિપદ, ચતુષ્પદ આદિ સચિત્ત પદાર્થોનો અને સોનું, ચાંદી આદિ અચિત્ત પદાર્થોનો સ્વલ્પ પરિગ્રહ પણ કરે છે— એટલે કે બહુ જ અલ્પ પ્રમાણમાં પણ તેમને ગ્રહણ કરે છે તથા અન્યને ગ્રહણ કરાવે છે અથવા ગ્રહણ કરનારની અનુમોદના કરે છે '**एवं**' તે જીવ '**दुक्खा**' આઠ પ્રકારના કર્મો દ્વારા જનિત દુઃખમાંથી મુકત થઈ શકતો નથી ॥૨॥

છકાયના જીવોની હિંસા કરવાથી કર્મબન્ધ થાય છે, આ પ્રકારના આચારાંગ સૂત્રના કથનને સમજવુ જોઈએ અને જ્ઞપરિજ્ઞા વડે જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મબન્ધોનું સ્વરૂપ જાણી લઈને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાવડે તેનો વિનાશ કરવો જોઈએ પદાર્થોના અભાવનું નામ જ વિનાશ છે તે પ્રતિયોગીના જ્ઞાનપૂર્વક થાય છે. અભાવના જ્ઞાનમાં પ્રતિયોગીનું જ્ઞાન કારણભૂત બને છે પ્રતિયોગીથી વિશેષિત (યુક્ત) અભાવનું જ્ઞાન વિશિષ્ટની વિશિષ્ટતાના બોધની મર્યાદાનું ઉલ્લંઘન કરતું

નથી એવો નિયમ છે. જેમ કે "छत्रवान् देवदत्तः" આ વિશિષ્ટ જ્ઞાન છત્ર રૂપ વિશેષણનું જ્ઞાન હોય તો જ થઇ શકે છે. જે છત્રને જ જાણતો નથી, તે છત્રવાન્ આ પદ દ્વારા પ્રકટ થતા અર્થને પણ સમજી શકતો નથી. આ પ્રકારે અભાવત્વ પ્રકારક એટલે કે અભાવનું જ્ઞાન વિશિષ્ટની વિશિષ્ટતાના બોધ રૂપ હોવાથી, તે પોતાના વિશેષણ રૂપ પ્રતિયોગીના જ્ઞાનથી જ જનિત હોય છે. અહીં બન્ધનના અભાવનું કથન થઈ રહ્યું છે જો બન્ધનના સ્વરૂપનું જ્ઞાન હોય તો જ બન્ધનના અભાવનું જ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે છે. તે કારણે પહેલાં બન્ધનને જાણવાની વાત કરવામાં આવી છે અને ત્યાર બાદ તેના વિનાશનો ઉપદેશ આપ્યો છે. આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે બન્ધના સ્વરૂપનું જ્ઞાન મેળવીને તેના વિનાશને માટે પ્રયત્ન કરવો જોઈએ.

## બન્ધકે સ્વરૂપકા નિરૂપણ

હવે આ પ્રકરણનું સંહિતા આદિના ક્રમપૂર્વક વ્યાખ્યા કરવામાં આવે છે—

"बुद्धयेत" ઈત્યાદિ

પહેલાં સંહિતા આદિનું સ્વરૂપ બતાવવામાં આવે છે.

શાસ્ત્રની વ્યાખ્યા નીચેના છ પ્રકારે થાય છે— (૧) સંહિતા (૨) પદ (૩) પદાર્થ, (૪) પદવિગ્રહ, (૫) ચાલના અને (૬) પ્રત્યવસ્થાન. ।।૧।।

(૧) શાસ્ત્રનાં પદોનું સ્પષ્ટ રૂપે ઉચ્ચારણ કરવું તેનું નામ સંહિતા છે. (૨) પદોને અલગ અલગ કરીને તેમનું પ્રતિપાદન કરવું તેનું નામ પદ અથવા પદચ્છેદ (૩) પ્રત્યેક પદનો અર્થ કહેવો તેનું નામ પદાર્થ છે. (૪) પદોનો વિગ્રહ (વ્યુત્પત્તિ) કરવો તેનું નામ પદવિગ્રહ છે. (૫) જિજ્ઞાસુ શિષ્યો સંદિગ્ધ પદાર્થના વિષયમાં જે પ્રશ્નો કરે છે તેનું નામ 'ચાલના' છે. (૬) શિષ્યોના પ્રશ્નોનો ઉત્તર આપવો તેનું નામ પ્રત્યવસ્થાન છે, આ પ્રકારે શાસ્ત્રની વ્યાખ્યા છ પ્રકારે થાય છે.

આ સૂત્રકૃતાંગ સૂત્રનો આચારાંગ સૂત્ર સાથેનો સંબંધ આ પ્રકારનો છે— આચારાંગ સૂત્રમાં એવું કહેવામાં આવ્યું કે પૃથ્વીકાય, અપૂકાય, તેજસ્કાયઃ

વાયુકાય વનસ્પતિકાય અને ત્રસકાયના ભેદથી જીવ છ પ્રકારના છે અને તેમનો વધ (હિંસા) કરવાથી કર્મબન્ધ થાય છે. કર્મ વડે બંધ થયેલો જીવ તેના શુભ અને અશુભ ફલનો ઉપભોગ કરતો થકો સંસાર રૂપ અટવીમાં ભ્રમણ કર્યા કરે છે. આ પ્રકારે સંસાર પરિભ્રમણનું મૂળ કારણ કર્મ જ છે. આ કર્મબન્ધનું સ્વરૂપ જીવે સમજવું જોઈએ; કારણ કે કર્મબન્ધનના સ્વરૂપને જાણ્યા વિના તેનો નાશ કરી શકાતો નથી. તે કારણે સૌથી પહેલાં તેના સ્વરૂપ વિષયક બોધ પ્રાપ્ત કરવો એજ શ્રેયસ્કર છે.

વેદાન્તીઓ એકલા જ્ઞાન દ્વારા જ મુકિત પ્રાપ્ત થાય છે, એવું માને છે. મીમાંસકો એકલાં કર્મથી જ મુકિત પ્રાપ્ત થાય છે, એવું માને છે. પરન્તુ ક્રિયા-યુકત જ્ઞાન વડે જ મોક્ષ સાધી શકાય છે, એવું જૈનો માને છે. આગમમાં પણ કહ્યું છે કે— **पढमं णाणं तओ दया** એટલે કે "પહેલાં જ્ઞાન અને ત્યાર બાદ દયા-ક્રિયા". તેથી અહીં પહેલાં **"बुज्झेज"** આ પદ દ્વારા જ્ઞાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, અને ત્યારબાદ **"त्रोटयेत्"** આ પદ દ્વારા ક્રિયાનું કથન કરવામાં આવ્યું છે, કારણ કે એકલું જ્ઞાનજ કાર્ય કરવાને સમર્થ હોતું નથી. તેથી જે જે રીતે શકય હોય, તે તે રીતે જીવ, અજીવ આદિ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. આ પ્રકારે અહીં જ્ઞાન સંપાદન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

જ્ઞાનનો કોઇને કોઈ વિષય અવશ્ય હોય છે. વિષયના સદ્ભાવ વિના જ્ઞાનનું નિરૂપણ થવું શકય નથી. જ્ઞાનરૂપ ક્રિયા સકર્મક છે, તેથી તેનું નિરૂપણ કર્મ (વિષય) ના નિરૂપણને આધીન છે. જેમકે........ગમન આદિ ક્રિયા ગન્તવ્ય આદિના સદ્ભાવ વિના સંભવી શકતી નથી. એજ કારણે અહીં એવું કહેવામાં આવ્યું છે કે **"बंधणं परिजाणिया"** દૂધ અને પાણીની જેમ આત્મપ્રદેશોનું અને કર્મપુદ્ગલોનું એક બીજાની સાથે સંયુક્ત થઈ જવું તેનું નામ બન્ધન છે. અથવા જેના દ્વારા આત્માને પરાધીન કરી નાખવામાં આવે છે તેનું નામ બન્ધન છે. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોજ આ પ્રકારના બન્ધનો રૂપ છે. અથવા–જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોના કારણભૂત

મિથ્યાત્વ અવિરતિ આદિને બન્ધન શબ્દ દ્વારા ગ્રહણ કરવા જોઇએ. બન્ધન ચાર પ્રકારના છે. (૧) પ્રકૃતિબન્ધ, (૨) સ્થિતિબન્ધ, (૩) અનુભાગબન્ધ અને (૪) પ્રદેશબન્ધ આ વિષયને લગતી વધુ માહિતી મેળવવાની જિજ્ઞાસાવાળા પાઠકોએ, મારા દ્વારા રચિત આચારાંગસૂત્રની આચારચિન્તામણિ નામનિ ટીકાનું ''કર્મવાદી'' નામનું પ્રકરણ વાંચી જવું.

આ પ્રકારના બન્ધ અને બન્ધનાં કારણોને જાણીને, તપ અને સંયમ આદિના અનુષ્ઠાન રૂપ ક્રિયા વડે તે બન્ધને તોડવો જોઇએ. એટલે કે પોતાના આત્માથી તેને અલગ કરવો જોઇએ. આ પ્રમાણે કર્મબન્ધના વિનાશની અહીં વાત કરી છે.

આ પ્રકારનું સુધર્મા સ્વામીનું કથન સાંભળીને, બન્ધના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા જંબૂસ્વામીએ સુધર્મા સ્વામીને એવો પ્રશ્ન પૂછયો કે હે ભગવન્! મહાવીર પ્રભુએ બન્ધના સ્વરૂપ અને તેના કારણ આદિના વિષયમાં શી પ્રરૂપણા કરી છે? અને આત્મા કઈ વાતને જાણીને બન્ધન તોડવાને સમર્થ બને છે? (સૂત્રમાં 'મહાવીર' પદને બદલે ''વીર'' પદ વપરાયું છે. પરન્તુ એકદેશના ગ્રહણથી સંપૂર્ણનું ગ્રહણ થઇ જાય છે, આ નિયમને આધારે ''વીર'' શબ્દ વડે ''મહાવીર'' શબ્દનું પણ ગ્રહણ થઈ જાય છે. જેમ પાર્શ્વ પદ વડે પાર્શ્વનાથ અને ''શાન્તિ'' પદ વડે 'શાન્તિનાથ' ને ગ્રહણ કરી શકાય છે, એજ પ્રમાણે 'વીર' પદ વડે ''મહાવીર'' પ્રભુને ગ્રહણ કરી શકાય છે. કહ્યું પણ છે કે ''**पासं तह वद्धमाणं च**'' અને ''**सती संतिकरे लोए**'' લોકમાં પણ ભામા કહેવાથી સત્યભામાનો અને ભીમ કહેવાથી ભીમસેનનો બોધ થાય છે.) ॥૧॥

''**किमाह बंधण वीरो**'' ''બન્ધન શું છે? તીર્થંકર ભગવાને બન્ધનનું સ્વરૂપ કેવું કહ્યું છે?': જંબૂસ્વામીએ સુધર્મા સ્વામીને આ પ્રકારનો જે પ્રશ્ન પ્રથમ સૂત્રમાં પૂછયો છે, તેના દ્વારા બન્ધનનું સ્વરૂપ જાણવાની તેમની ઇચ્છા પ્રકટ થાય છે. સૂત્રમાં ''**किं**'' પદ પ્રશ્નનું વાચક છે. જ્યાં સુધી બન્ધનનું સ્વરૂપ જાણી ન શકાય ત્યાં સુધી તે બન્ધનમાંથી છુટકારો પણ મેળવી શકાતો નથી, અને બન્ધનમાંથી છુટકારો પામ્યા વિના બન્ધનના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ પણ સંભવી શકતી નથી. કારણ વિના કાર્ય થતું નથી, તેથી સૂત્રકાર સૌથી પહેલાં બન્ધનનાં કારણોનું નિરૂપણ કરે છે. ''**चित्तमंत**'' ઈત્યાદિ—

અહીં બન્ધન પદ દ્વારા કર્મને ગ્રહણ કરવામાં આવેલ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી બન્ધનનો અર્થ ''સંસાર જનિત સુખદુઃખ'' થાય છે. આ પ્રકારના સુખદુઃખનું કારણ શુભ, અશુભાદિ કર્મો છે. તે કારણે–એટલે કે કર્મમાં કાર્યનો એટલે કે દુઃખનો ઉપચાર કરવાથી દુઃખ પણ કર્મબન્ધન શબ્દનું વાચ્ય થઈ જાય છે. જેમકે ''**धम्मो मंगल**'' અહીં ધર્મને મંગલ કહ્યો છે. પરન્તુ ધર્મ મંગલ નથી પણ મંગલનો જનક છે. છતા પણ કારણ રૂપ ધર્મમાં કાર્ય રૂપ મંગલનો ઉપચાર કરવાથી ધર્મને મંગલરૂપ કહેવાય છે. એજ પ્રમાણે અહીં પણ દુઃખને બન્ધન રૂપ કહ્યું છે, અને દુઃખનું જનક કર્મ હોય છે, તે કારણે કર્મમાં પણ બન્ધનનો વ્યવહાર થાય છે. લોકમાં જેવી રીતે ફૂલ, માલા, ચન્દન, વનિતા આદિ સુખજનક વસ્તુઓને સુખ કહેવામાં આવે છે,

એજ પ્રમાણે કર્મ તથા કર્મના કારણોને પણ બન્ધનોજ કહેવામાં આવે છે. કારણ વિના કાર્ય સંભવી શકતું નથી, તે કારણે સૂત્રકારે સૂત્રમાં કારણના સ્વરૂપનું જ પહેલાં નિરૂપણ કર્યું છે. દંડો, ચાકડો, આદિ પ્રાપ્ત કર્યા વિના માણસ કદી પણ અને કોઇ પણ પ્રકારે ઘડા આદિ કાર્યને સમ્પાદિત કરવાને સમર્થ થઇ શકતો નથી. જો કારણ વિના કાર્ય થઈ જતું હોત તો ધૂમનો અર્થી અગ્નિને ગ્રહણ ન કરત, અને તૃપ્તિ ચાહનારો ભોજન આદિનું ઉપાર્જન ન કરત. તેથી કાર્ય કરવાને માટે બુદ્ધિમાન પુરુષે પ્રથમ કારણને જ ગ્રહણ કરવું જોઇએ. કાર્ય પહેલાં કારણની અવશ્ય અન્વેષણા (શોધ) કરવી જોઇએ. આ લોકપ્રસિદ્ધ રીતનું અનુસરણ કરીને સૂત્રકારે પહેલાં બન્ધનાં કારણો જ બતાવ્યાં છે.

સર્વ બન્ધનોનું સૌથી પહેલું કારણ પરિગ્રહ જ છે. સંસારમાં કર્મોના કારણભૂત સઘળા સમારંભ મમત્વભાવ રૂપ (આ મારું છે, એવા ભાવરૂપ) પરિગ્રહ બુદ્ધિમાંથી જ ઉત્પન્ન થાય છે. તેથી સૂત્રકાર હવે પરિગ્રહનું સ્વરૂપ પ્રકટ કરે છે.

## પરિગૃહ કે સ્વરૂપકા નિરૂપણ

ચેતનાથી યુક્ત વસ્તુને "ચિત્તમન્ત" અથવા સચિત્ત કહેછે, અને ચેતનાથી રહિત વસ્તુને અચિત્ત કહે છે. દ્વિપદ, ચતુષ્પદ આદિ પદાર્થો સચિત્ત ગણાય છે, સોનું, ચાંદી, મણિ, માણિક્ય આદિ પદાર્થોને અચિત્ત કહે છે. આ બન્ને પ્રકારના પદાર્થો રાખવા તેનું નામ જ પરિગ્રહ છે. પરિગ્રહના મુખ્ય બે પ્રકાર છે. (૧) બાહ્યપરિગ્રહ અને (૨) આભ્યન્તર પરિગ્રહ. બાહ્યપરિગ્રહના નીચે પ્રમાણે નવ ભેદ કહ્યા છે.

(૧) દ્વિપદ, (૨) ચતુષ્પદ, (૩) ક્ષેત્ર, (૪) વાસ્તુ, (૫) રજત (ચાંદી) (૬) સુવર્ણ (૭) ધન, (૮) ધાન્ય અને (૯) કુપ્ય. આભ્યન્તર પરિગ્રહના નીચે પ્રમાણે ૧૪ પ્રકાર પડે છે. મિથ્યાત્વ, અવિરતિ આદિ પાંચ પ્રકારો, હાસ્ય આદિ છ પ્રકારો અને સ્ત્રીવેદ રૂપ ત્રણ પ્રકારો. આ બન્ને પ્રકારના પરિગ્રહોને સ્વલ્પ પ્રમાણમાં (તૃણ અથવા તુષ જેટલા અલ્પ પ્રમાણમાં) પણ જે મમત્વ બુદ્ધિથી ગ્રહણ કરવાના મનોરથ સેવે છે. એટલે કે પદાર્થ દૂર હોવા છતાં પણ તેના પર મમત્વ ધારણ કરીને તેને મનથી ગ્રહણ કરે છે, તેને પરિગ્રહ રૂપ જ માનવામાં આવે છે. આ પ્રકારના પરિગ્રહને સ્વયં ગ્રહણ કારાવનાર અને ગ્રહણ કરનારની અનુમોદના કરનાર જીવ દુઃખથી મુક્ત થતો નથી. જેના દ્વારા જીવને પ્રતિકૂળ વેદના ઉત્પન્ન કરાય છે, તેનું નામ દુઃખ છે. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મો તથા તેમનો અસાતા આદિ રૂપ ઉદય જ દુઃખ રૂપ છે. પરિગ્રહી જીવ આ દુઃખમાંથી છુટકારો પામતો નથી. આ કથન દ્વારા એ સૂચિત કરવામાં આવ્યુ છે કે પરિગ્રહ જ ઘોર અનર્થોનું મૂળ છે.

જો કે માત્ર પરિગ્રહ જ અનર્થનું મૂળ નથી, હિંસા, અસત્ય, ચોરી આદિ બીજા પણ અનેક અનર્થનાં કારણો છે. છતાં પણ શાસ્ત્રકારે સૌથી પહેલાં પરિગ્રહને જ શા કારણે ગ્રહણ કર્યો છે ?

આ પ્રશ્નનો ઉત્તર નીચે પ્રમાણે છે. અનર્થના સઘળાં કારણોમાં પરિગ્રહ જ પ્રધાન છે. હિંસા આદિ અન્ય કારણો પરિગ્રહમૂલક છે. મમત્વ ભાવને જ પરિગ્રહ કહે છે. જ્યાં સુધી શરીર, વર્ણ, વય અને અવસ્થા પ્રત્યે જીવમાં મમત્વભાવ ઉત્પન્ન થતો નથી, ત્યાં

સુધી તે મન, વચન અને કાયા વડે કર્મનો આરંભ કરતો નથી. અને જ્યાં આરંભનો જ અભાવ હોય ત્યાં હિંસાદિ દોષોનો સદ્ભાવ જ કેવી રીતે સંભવી શકે ? આ પ્રકારે પહેલાં શરીર આદિ પ્રત્યે મમત્વભાવ ઉત્પન્ન થાય છે અને તેને તે પોતાનું માને છે. ત્યાર બાદ શરીર આદિ વડે શુભ અશુભ કર્મ કરીને, તેના ફલસ્વરૂપ સુખદુઃખ આદિનું અનુભવન કરે છે, તથા નારક, તિર્યંચ આદિ અનેક યોનિઓમાં ઉત્પન્ન થયા કરે છે. આ પ્રકારે જીવ કદી પણ દુઃખથી રહિત થઇ શકતો નથી. એજ કારણે પરિગ્રહ સઘળા અનર્થોનું કારણ હોવાને લીધે સઘળા અનર્થોમાં પ્રધાન છે. તે કારણે સૂત્રકારે સૌથી પહેલાં અહીં પરિગ્રહ રૂપ કારણનું જ પ્રતિપાદન કર્યું છે. "પરિગ્રહ સઘળા અનર્થોનું મૂળ છે," આ વાત અન્યત્ર પણ પ્રકટ કરવામાં આવેલ છે. જેમકે– **"द्वेषस्यायतनं"** ઇત્યાદિ–

પરિગ્રહ દ્વેષનું સ્થાન છે. ધૈર્યની હાનિ કરનાર છે, ક્ષમાનો વિરોધી છે, વિક્ષેપનો મિત્ર છે, મદ (અહંકાર) નું ધામ છે, ધ્યાનનો કષ્ટકારી શત્રુ છે, દુઃખોનું ઉત્પત્તિસ્થાન છે, સુખનો વિનાશક છે. પાપનું નિવાસસ્થાન છે, અને વિવેકવાન્ પુરુષને માટે પણ ગ્રહના સમાન ક્લેશ અને વિનાશના કારણરૂપ હોય છે.

વળી એવું કહ્યું છે કે – **"यथा ह्यामिषमाकाशे"** ઇત્યાદિ —

જેવી રીતે આકાશમાં ઉડતાં પક્ષિઓ દ્વારા, ધરતી પર રહેતાં હિંસક પશુઓ દ્વારા અને જળમાં રહેતાં મગર, મત્સ્ય આદિ દ્વારા માંસનાટુકડાનું ભક્ષણ કરાય છે, એજ પ્રમાણે ધનવાન્ મનુષ્યની પણ સર્વત્ર સતામણી જ થયા કરે છે. (ચોર, સરકાર, વારસદારો, આદિ તેના ધનને પ્રાપ્ત કરવાને માટે પ્રયત્નશીલ રહે છે. તેથી તે ધનની રક્ષા કરવાની ચિંતા તેને હંમેશા રહ્યા કરે છે.)

જેની પાસે ધન હોય છે તેને તેની રક્ષા કરવાને માટે ખૂબ જ દુઃખ વેઠવું પડે છે. ધનનો કદાચ નાશ થઇ જાય, તો પણ તેને દુઃખ જ થાય છે. તેનો ઉપભોગ કરવા છતાં પણ તેને તૃપ્તિ થતી નથી. કહ્યું પણ છે કે — **"न जातु कामः"** ઇત્યાદિ —

"કામોના ઉપભોગથી માણસને તૃપ્તિ થતી નથી. જેમ ઘી નાખવાથી અગ્નિ શાન્ત થવાને બદલે અધિકને અધિક પ્રજ્વલિત થાય છે, એજ પ્રમાણે કામોના ઉપભોગથી કામની વૃદ્ધિ જ થતી રહે છે." એજ પ્રકારે પરિગ્રહ પ્રાપ્તિ, રક્ષણ, ઉપભોગ અને વિનાશ આદિ સઘળી અવસ્થાઓમાં દુઃખ જ ઉત્પન્ન કરે છે, તેથી જ્યાં સુધી પરિગ્રહનો પરિત્યાગ ન કરવામાં આવે, ત્યાં સુધી જીવ દુઃખ રૂપ બન્ધનમાંથી કદી પણ મુકત થઇ શકતો નથી. તેથી પરિગ્રહને જ સમસ્ત દુઃખ રૂપ બન્ધનના મુખ્ય કારણ રૂપ કહ્યો છે. તેથી જ ભગવાને કહ્યું છે કે પરિગ્રહનો ત્યાગ કર્યા વિના દુઃખમાંથી છુટકારો થઇ શકતો નથી. ।।૨।।

આગળ એ વાતનું પ્રતિપાદન થઇ ચુકયું છે કે પરિગ્રહ જ સમસ્ત દુઃખ રૂપ બન્ધનનું કારણ છે. તે પરિગ્રહ આરંભ વિના સંભવી શકતો નથી, અને આરંભ કરવામાં હિંસા તો અવશ્ય થાય જ છે. તેથી હવે સૂત્રકાર હિંસાના સ્વરૂપનુ નીરૂપણ કરે છે.

અથવા પરિગ્રહવાળો જીવ આરંભ અવશ્ય કરશે જ, અને આરંભ કરવાથી પ્રાણાતિપાત અવશ્ય થાય છે, તે વાત પ્રકટ કરવાને માટે સૂત્રકાર "**सयं निवायए**" ઇત્યાદિ સૂત્ર કહે છે.

શબ્દાર્થ—'**सयं-स्वयं**' પોતે '**पाणे-प्राणान्**' જીવોને '**निवायए-निपातयेत्**' મારે છે. '**अदुवा-अथवा**' અગર '**अन्नेहिं-अन्यैः**' બીજાની માર્ફત '**घायए-घातयेत्**' ઘાત કરાવે છે. '**वा-वा**' અગરતો '**हणंतं-घ्नन्तं**' પ્રાણિયોને ઘાતકરવા વાળાને '**अणुजाणाइ-अनुजानीयात्**' આજ્ઞા કરે છે. તે '**अप्पणो-आत्मनः**' પોતાના '**वेरं-वैरं**। વેરને '**वड्ढइ-वर्धयति**, વધારે છે.

અથવા બીજી ગાથા દ્વારા બન્ધના સ્વરૂપનું નિરૂપણ કરીને સૂત્રકાર અન્ય પ્રકારે બન્ધના સ્વરૂપનું જ નિરૂપણ કરે છે — "**सयं निवायए**" ઇત્યાદિ —

અન્વયાર્થ – જે પરિગ્રહવાળો જીવ એકેન્દ્રિય આદિ જીવોની પોતે હિંસા કરે છે અથવાઅન્યની પાસે હિંસા કરાવે છે અથવા હિંસા કરનારની મન, વચન અને કાયાથી અનુમોદના કરે છે, તે મારી નાખવામાં આવેલા જીવો સાથે પોતાનું વેર વધારે છે એટલે કે જન્મો જન્મને માટે તેની સાથે શત્રુતા રૂપ સંબંધનો વિસ્તાર કરે છે.

ટીકાર્થ – જે મનુષ્ય દ્વિપદ, ચતુષ્પદ આદિ સચેતન વસ્તુઓનો અને સોનું, ચાંદી આદિ અચેતન પદાર્થોનો પરિગ્રહ કરે છે, તે ઉપાર્જિત પરિગ્રહ વડે તૃપ્તિ પામતો નથી, એવો પુરુષ ધનાદિનું અધિકને અધિક ઉપાર્જન કરવાનો પ્રયત્ન કર્યા કરે છે. જે કોઇ વ્યક્તિ આદિ તેણે ઉપાર્જિત કરેલા ધનને પડાવી લેવાનો અથવા નાશ કરવાનો પ્રયત્ન કરે છે, તેના પ્રત્યે તે પરિગ્રહી દ્વેષભાવ રાખે છે. એવો દ્વેષયુક્ત પુરુષ પોતે જ એકેન્દ્રિયોથી લઇને પંચેન્દ્રિયો પર્યન્તના જીવોની હિંસા કરે છે. પ્રાણીઓનાં પ્રાણોનો વિયોગ કરવો તેનું નામ જ હિંસા છે. કહ્યું પણ છે કે—

"**पञ्चेन्द्रियाणि**" ઇત્યાદિ —

પાંચ ઇન્દ્રિયો, ત્રણ બળ (મનોબળ, વચનબળ અને કાયબળ), શ્વાસોચ્છ્વાસ, અને આયુ, આ પ્રમાણે ૧૦ પ્રાણ ભગવાને કહ્યા છે. તે પ્રાણોનો વિયોગ કરવો તેનું નામ જ પ્રાણાતિપાત (હિંસા) છે.

અથવા – જે પુરુષ બીજા લોકો દ્વારા હિંસા કરાવે છે, તેને પણ ઘાતક જ કહેવાય છે. કહ્યુ પણ છે કે – "**अनुमंता**" ઇત્યાદિ –

હિંસાની અનુમોદના કરનાર, મારનાર હનન (હત્યા) કરનાર, માંસનો વેપાર કરનાર, માંસને પકાવનાર, માંસ પિરસનાર, અને માંસાહાર કરનાર, આ બધાને ઘાતક જ કહેવાય છે. ॥૧॥

તે ઘાતકો (હિંસકો) ના આઠ પ્રકાર કહ્યા છે. જે માણસ પોતે જ મન, વચન અને કાયા દ્વારા હિંસાનો કર્ત્તા હોય છે તેને હિંસક જ ગણાય છે. અથવા જે પોતે હિંસા કરતો નથી, પણ હિંસા કરનારની અનુમોદના કરે છે "ઘણું જ સારું કર્યું" આ પ્રકારે હિંસા કરનારની પ્રશંસા કરે છે, તે કૃત, કારિત અને અનુમોદના આદિ દ્વારા પ્રાણીઓનાં પ્રાણોનું વ્યપરોપણ શરીરથી પ્રાણને અલગ કરીને સેંકડો કે હજારો જન્મો સુધી જારી (ચાલૂ) રહેનારા વેરભાવને વધારે છે. એટલે કે જે પુરુષ આ જન્મમાં કોઇ પ્રાણીનો ઘાત કરે છે. તે પ્રાણી જન્માન્તરમાં તે ઘાતકનો ઘાત કરે છે. આ પ્રકારે રહેંટના ન્યાયે દિનપ્રતિદિન વેર વધતું જ જાય છે. આ પ્રકારે દુઃખોની પરમ્પરા રૂપ બન્ધનમાંથી તે કદી પણ મુક્ત થઈ શકતો નથી.

અહીં "પ્રાણાતિપાત" શબ્દ ઉપલક્ષણ રૂપ છે. તેથી અહીં એવું સમજવાનું છે કે કેવળ પ્રાણાતિપાત જ બન્ધન અથવા બન્ધનનું કારણ નથી, પરન્તુ મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ પણ બન્ધના કારણરૂપ સમજવા જોઇએ. ॥૩॥

## કર્મબન્ધસે નિર્વૃત્તિકા નિરૂપણ

સૂત્રકાર બન્ધનના સ્વરૂપનું નીરૂપણ કરતાં વિશેષ કથન આ પ્રમાણે કરે છે – "**जस्सिं**" ઇત્યાદિ –

શબ્દાર્થ—'**नरे-नरः**' માણુસ '**जस्सिं–यस्मिन्**' જે '**कुले-कुले**' વંશમાં '**समुप्पण्णे -समुत्पन्नः**' ઉત્પન્ન થાય છે. '**बाले-बालः**' તે આજ્ઞાની '**ममाइ-ममेति**' તેમાં મમત્વ રાખીને '**लुप्पई–लुप्यते**' દુઃખી થાય છે. '**अन्नमन्नेहिं–अन्यान्येषु**' બીજી બીજી વસ્તુઓમાં '**मुच्छिए-मूर्च्छितः**' મોહ પામે છે. ॥૪॥

અન્વયાર્થ -- સંસારના સ્વરૂપને ન જાણનારો અજ્ઞાની જીવ, જે ક્ષત્રિય આદિ કુળમાં જન્મ્યો છે તેના પ્રત્યે અથવા જે માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની આદિની સાથે નિવાસ કરે છે તેમના પ્રત્યે મમત્વભાવ ધારણ કરીને પીડિત (દુઃખી) થાય છે. તે શા કારણે પીડિત થાય છે? તે પહેલાં માતામાં, ત્યાર બાદ પિતામાં, ત્યાર બાદ ભાઈ, બહેન, ભાર્યા, પુત્ર, પૌત્ર આદિમાં મોહયુક્ત (રાગયુક્ત) થઇને પીડા પામ્યા કરે

છે. એવો રાગી જીવ રાગને કારણે ફરી ફરીને બન્ધને પ્રાપ્ત કરતો રહે છે, પરન્તુ કર્મબન્ધનમાંથી મુક્ત થઇ શકતો નથી.

ટીકાર્થ–જે કુળમાં (ઉગ્રકુળ, ભોગકુળ આદિમાં) અને ઉપલક્ષણની અપેક્ષાએ જેદેશ, કાળ, રાષ્ટ્ર આદિમાં મનુષ્ય જન્મ્યો હોય છે, તે કુળ આદિના પ્રત્યે તથા જે માતા, પિતા, ભાઈ, બહેન, ભાર્યા, મિત્ર, પુત્ર, પુત્રી, જમાઈ, સાસુ, સસરા, સાળા, મામા, કાકા આદિની સાથે મનુષ્ય નિવાસ કરતો હોય છે, તેમના પ્રત્યે મમત્વ ભાવ ધારણ કરે છે, એટલે કે "તેઓ મારા છે અને હું તેમનો છું" આ પ્રકારનો મમત્વભાવ સ્થાપિત કરે છે. આ મમત્વને કારણે તે જે કર્મોનું ઉપાર્જન કરે છે તે કર્મોના ઉદયને લીધે તે નરક, મનુષ્ય, દેવ અને તિર્યંચ રૂપ ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતો થકો પીડાનો અનુભવ કરતો રહે છે.

રહેંટની જેમ નિરન્તર પરિભ્રમણ કરતો તે જીવ કર્મબન્ધનમાંથી મુક્ત થઈ શકતો નથી. એવો જીવ બાલ હોય છે, એટલે કે સત્ અસત્‌ના વિવેકથી વિહીન હોય છે. તે કેવળ કુળ અને પરિજનો પ્રત્યે જ મમત્વભાવ યુક્ત હોતો નથી, પરન્તુ દ્વિપદ, ચતુષ્પદ, સોનું, ચાંદી આદિમાં પણ આસક્તિવાળો હોય છે. આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે સ્નેહના બન્ધનમાં બંધાયેલો તે અજ્ઞાની જીવ કર્મબન્ધનમાંથી મુક્ત થઈ શકતો નથી.

તે અજ્ઞાની જીવ પહેલાં માતાપ્રત્યેના સ્નેહભાવથી યુક્ત હોય છે, કારણ કે જન્મ્યા પછી શરૂઆતના થોડાં વર્ષો સુધી તો માતા સિવાય અન્ય કોઇ પણ વ્યક્તિ સાથે તેને પરિચય પણ હોતો નથી અને સંબંધ પણ હોતો નથી. ત્યારબાદ જેમ પિતાનો પરિચય થતો જાય છે તેમ તેમ પિતા પ્રત્યે પણ તેને સ્નેહ ઉત્પન્ન થાય છે, કારણ તેને માતાપિતાના સાંનિધ્યમાં જ રહેવું પડે છે. ત્યાર બાદ ભાઈ બહેન પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ જે મિત્રો સાથે તે રમતો રમે છે તેમના પ્રત્યે સ્નેહ ઉત્પન્ન થાય છે. બાલ્યાવસ્થા વ્યતીત થઈ ગયા બાદ યુવાવસ્થા પ્રાપ્ત થતાં જ તેના લગ્ન થાય છે. ત્યારથી તે પત્ની પ્રત્યે સ્નેહ રાખતો થાય છે ત્યારબાદ જ્યારે પુત્ર, પુત્રી, પૌત્ર આદિની પ્રાપ્તિ થાય છે, ત્યારે તેમનાપ્રત્યે તેને રાગભાવ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ તે ભવનું આયુષ્ય પુરૂં કરીને તે જીવ અન્યભવ માં ચાલ્યો જાય છે. ત્યાં પણ તે આ પ્રકારના મમત્વભાવનો અનુભવ કરતો રહે છે. આ પ્રમાણે મમત્વભાવ નો અનુભવ કરતો એવો તે અજ્ઞાની જીવ ભવપરમ્પરાનું ઉલ્લંઘન કરી શકતો નથી એટલે કે ચાર ગતિ રૂપ સંસારમાં ભ્રમણ કર્યા જ કરે છે. આ પ્રકારનો આ મમત્વ ભાવ જ સમસ્ત અનર્થોનું મૂળ છે. ॥૪॥

બન્ધનના સ્વરૂપનું વિસ્તાર પૂર્વક નિરૂપણ કરીને હવે સૂત્રકાર પ્રથમ ગાથામાં કથિત "**किं वा जाणं तिउट्टइ**" આ વાક્ય ને ધ્યાનમાં રાખીને "**वित्तं**" ઇત્યાદિ સૂત્રનું કથન કરે છે –

"**वित्तं**" ઇત્યાદિ –

શબ્દાર્થ—'**वित्तं-वित्त**' સચિત્ત અચિત્ત ધન દોલત '**चेव-चैव**' અને '**सोयरिया-सोदर्याः**' સગા ભાઈ બહેન વિગેરે '**एयं-एतत्**' આ '**सव्वं-सर्वं**' સઘળું '**ताणइ-त्राणाय**'

રક્ષા માટે 'न-न' સમર્થ થતા નથી 'एवं च-एतत्प्रकारकं' આ પ્રકારના 'जीवियं -जीवितम्' જીવનને 'संखाय-संख्याय' સમજીને कम्मणाउ-कर्मणातु કર્મથી 'तिउट्टइ -त्रौटयति' જુદા થઈ જાય છે. ॥૫॥

અન્વયાર્થ — સચિત્ત અથવા અચિત્ત ધન, તથા ભાઈ, બહેન આદિ કુટુંબીઓ શરણુ આપવાને સમર્થ નથી. આ પ્રકારે જીવનને શરણુહીન જાણીને સંયમાનુષ્ઠાન રૂપ ક્રિયા દ્વારા જ જીવ કર્મબન્ધનને દૂર કરી શકે છે અન્ય કોઇ પણ પ્રકારે જીવ કર્મબન્ધનથી મુક્ત થઈ શકતો નથી.

ટીકાર્થ—"વિત્ત" પદ સચિત્ત અથવા અચિત્ત દ્રવ્યનું વાચક છે. એક જ માતાના ઉદરમાંથી જન્મ લેનારા ભાઈ બહેનોને સહોદર કહે છે. ઉપલક્ષણુની અપેક્ષાએ અહીં માતા, પિતા, આદિને તથા પશુ આદિને પણ ગ્રહણુ કરવા જોઇએ. ભાઈ, બહેન આદિ કોઇ પણ વ્યક્તિ આ જીવનું ત્રાણુ કરવાને અથવા આ જીવને શરણુ દેવાને સમર્થ નથી. ત્રાણુ અથવા શરણુ ન દેવામાં તેમની ઉપેક્ષા વૃત્તિ કારણુભૂત હોતી નથી, પરન્તુ તેમનામાં એવું સામર્થ્ય જ નથી કે તેઓ ત્રાણુ અથવા શરણુ આપી શકે. લોકમાં એવું પ્રત્યક્ષ જોવામાં આવે છે કે સંપૂર્ણ પરિવારથી વીંટળાયેલી અને વિપુલ ધન, ધાન્ય આદિથી સંપન્ન વ્યક્તિ પણ, મૃત્યુને સમયે મરણુશય્યા પર પડી પડી દીનતાનો અને લાચારીનો અનુભવ કરે છે અને મોતનો કોળિયો બની જાય છે. તેને બચાવવાને કોઇ પણ સમર્થ હોતું નથી. લાખ ઉપાયો કરવા છતાં મોત આગળ તેમને લાચાર જ થવું પડે છે, કહ્યુ પણ છે કે – "धनानि कोष्ठे" ઇત્યાદિ — ધન ભંડારમાં પડયું રહે છે, પશુ વાડામાં રહી જાય છે, પત્ની ઘરમાં રહી જાય છે, સગાં સંબંધીઓ શ્મશાન સુધી સાથ દે છે, અને દેહ ચિતા સુધી સાથ દે છે. પરન્તુ જીવને પરલોકને પંથે તો એકલા જ જવું પડે છે. હા, તેણે કરેલો ધર્મ તો અવશ્ય તેને સાથ આપે છે. એટલે કે ધર્મ જ માણુસનું ખરૂં શરણુ છે.

વળી – "मृतं शरीरमुत्सृज्य" ઇત્યાદિ –

"મૃત શરીરને લાકડાં અથવા માટીના ઢગલાની જેમ ધરતી પર છોડી દઇને સગાંસંબંધીઓ ચાલ્યા જાય છે. એકલો ધર્મ જ મૃતશરીરની સાથે જાય છે."

ચિત્તને આકર્ષનાર તરુણુ યુવતીઓ ભલે મોજૂદ હોય, મનને અનુકૂળ મિત્રો પણ ભલે હોય, સારાં સારાં બંધુઓ પણ ભલે હોય, મસ્તક નમાવીને વાત કરનાર નોકર ચાકરોનો સમૂહ પણ ભલે હોય, હાથીઓ ઘરના આંગણુામાં ઝૂમતા હોય, અને ચપળ અશ્વો હણુહણુતા હોય, પણ તેમને એકવાર તો જવાનું જ છે. આંખો બંધ થતાં જ (મૃત્યુ થતાં જ) તે સૌ અદૃશ્ય થઈ જાય છે."

આ પ્રકારે અહીં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સંસારના કોઈ પણ પદાર્થો જીવની રક્ષા કરવાને સમર્થ નથી. જીવન અલ્પકાલીન છે આ બધી વાત જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પ્રાણાતિપાત આદિ પાપોનો અને સચિત્ત અચિત્ત પદાર્થોના પરિગ્રહનો પરિત્યાગ કરીને નિરવદ્ય તપ અને સંયમના આચરણુ રૂપ ક્રિયા દ્વારા જ જીવ (આત્મા) કર્મબન્ધનો નાશ કરી શકે છે. ॥ ૫ ॥

## સ્વસમયમેં પ્રતિપાદિત અર્થકા કથન-કરને કે પશ્ચાત પરસમયમેં પ્રતિપાદિત અર્થ કા કથન

પ્રથમ અધ્યયનમાં પરસમયની (જૈન સિવાયના સિદ્ધાંતોની) વક્તવ્યતા પણ આપવામાં આવી છે, એ વાતનું પ્રતિપાદન અર્થાધિકારમાં કરવામાં આવ્યું છે, તેથી સ્વસમયમાં (જૈન સિદ્ધાંતમાં) પ્રતિપાદિત અર્થનું કથન કરીને હવે સૂત્રકાર પરસમય પ્રતિપાદિત અર્થને પ્રગટ કરવા માટે નીચેના સૂત્રોનું કથન કરે છે – "**एए गंथे**" ઇત્યાદિ –

શબ્દાર્થ—'**एए-एतान्**' આ '**गंथे-ग्रंथान्**' ગ્રંથોને આગમોને '**विउक्कम्म-व्युत्क्रम्य**' છોડીને '**विउस्सित्ता-व्युत्सिताः**' સ્વસિદ્ધાંતમાં અત્યંત બંધાયેલા છે. '**एगे-एके**' કોઈ કોઈ '**समणमाहणा-श्रमणब्राह्मणाः**' શાકય મતાનુયાયી ભિક્ષુક અને બ્રાહ્મણ '**अयाणंता अज्ञानानाः**' અજ્ઞાની '**माणवा-मानवाः**' મનુષ્યો '**कामेहिं-कामेषु**' કામભોગોમાં '**सत्ता-सक्ताः**' આસક્ત થાય છે. ॥૬॥

અન્વયાર્થ – આ પૂર્વોક્ત શાસ્ત્રોનો એટલે કે અર્હંત ભગવાનો દ્વારા કથિત આગમોનો ત્યાગ કરીને (આગમની માન્યતાઓનો અસ્વીકાર કરીને), કેટલાક શાકય બૌદ્ધ મતવાદીઓનો તથા બાર્હસ્પત્યમત આદિના અનુયાયી બ્રાહ્મણો પોત પોતાના આગમોમાં આગ્રહશીલ હોય છે એટલે કે તેઓ પોત પોતાના સિદ્ધાંતોનેજ ખરાં માનતા હોય છે. એવા પરમતવાદીઓ પરમાર્થને જાણ્યા વિના સ્વેચ્છા રૂપ અને કામભોગ રૂપ કામોમાં ગૃદ્ધ (લોલુપ - આસક્ત) રહે છે.

ટીકાર્થ – જો કે અર્હંત તીર્થંકર ભગવાનો, કેવળ અર્થ રૂપે જ આગમોનું કથન કરે છે - તેમને સૂત્ર રૂપે ગ્રથિત કરતા નથી. સૂત્રરૂપ આગમોનું પ્રણયન તો ગણધર પરંપરા વડે જ થાય છે; છતાં પણ લોકોત્તર અર્થના પ્રતિપાદક જે જે આગમો વર્તમાન કાળે ઉપલબ્ધ છે, તેઓ તીર્થંકરમૂલક હોવાને કારણે તીર્થંકરોના જ કહેવાય છે. તીર્થંકરોની વાણી દ્વારા જે અર્થ પ્રકાશિત કરવામાં આવે છે, એજ અર્થ ગણધર આદિ ગુરૂપરમ્પરા દ્વારા પણ પ્રકાશિત કરવામાં આવે છે. તેમને શબ્દાનુક્રમની વિલક્ષણતાના પ્રણયનની સ્વતંત્રતા છે, પરન્તુ અર્થની વિલક્ષણતાનું પ્રતિપાદન કરવાની સ્વતંત્રતા નથી. એજ કારણે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિ પ્રવાહ પરમ્પરા રૂપે પ્રાપ્ત હોવાને કારણે શાસ્ત્રોની નિત્યતા સિદ્ધ થાય છે.

આ પ્રકારના અર્હંત ભગવાનો દ્વારા કથિત આગમોનો ત્યાગ કરીને એટલે કે શાસ્ત્રોનો અનાદર કરીને, શાકય આદિ શ્રમણો તથા બાર્હસ્પત્યમતાનુયાયી આદિ બ્રાહ્મણો. કુશાસ્ત્રોના સંસ્કારથી યુક્ત મતિવાળા થઇને, વિવિધ પ્રકારની કુત્સિત ભાવનાઓથી પ્રેરાઇને સર્વજ્ઞ પ્રણીત સમીચીન આગમોમાં કથિત અનુષ્ઠાનોનો પરિત્યાગ કરીને, વાંચકો દ્વારા નિર્મિત ગ્રંથોમાં તથા એવા ગ્રંથોમાં પ્રતિપાદિત અનુષ્ઠાનોમાં આગ્રહશીલ હોય છે. એટલે કે તેને આદરની સાથે સ્વીકારે છે. અને તેનું પાલન કરતા હોય છે.

તેઓ શા કારણે આ પ્રકારનું વર્તન કરે છે? સર્વજ્ઞોના આગમનો અનાદર કરવાનું કારણ તેમના અજ્ઞાનની અધિકતાને જ ગણાવી શકાય. સૂર્યનો પ્રકાશ સઘળાં પ્રાણીઓને દૃષ્ટિ-જ્ઞાનની ઉત્પત્તિમાં ચક્ષુરિન્દ્રિયનો સહાયક થાય છે, પરન્તુ એજ પ્રકાશ નિશાચર ઘુવડ, ચીબરી, ચામચીડિયાં આદિને માટે તો દૃષ્ટિ પ્રતિબન્ધક જ થઈ પડે છે. ઘુવડ આદિના અશુભ કર્મની તીવ્રતાને કારણે જ આવું બને છે. કહ્યું પણ છે કે—

"**पत्रं नैव**" ઇત્યાદિ—

"જો કેરડાના વૃક્ષને પાન ન આવે, તો તેમાં વસંતનો શો દોષ છે? જો દિવસે ઘુવડ દેખી ન શકે, તો તેમા સૂર્યનો શો દોષ છે? જો ચાતક પક્ષીના મુખમાં વરસાદની ધારા ન પડે, તો તેમાં મેઘનો શો દોષ છે! પ્રારંભમાં વિધાતાએ લલાટ પર જે લખી નાખ્યું છે, તે પ્રમાણે થતું અટકાવવાને કોણ સમર્થ છે!"

કહ્યું પણ છે કે—"**सद्धर्मबीजवपनानघ**" ઇત્યાદિ—

"લોકના બન્ધુ હે જિનેન્દ્ર! સદ્ધર્મ રૂપી બીજને વાવવાનું આપનું કૌશલ બિલકુલ નિર્દોષ છે. છતાં આપને ઉસર જમીન મળી ગઈ—એટલે કે કેટલાય એવાં જીવો છે કે જેમના પર આપની દિવ્ય વાણીની બિલકુલ અસર પડતી નથી. તેમાં આશ્ચર્યની કોઈ વાત નથી! અંધકારમાં ઘુવડ આદિ પક્ષીઓને માટે સૂર્યના ચમકતાં કિરણો પણ મધુકરીના ચરણોના સમાન કાળાં કાળાં થઈ જાય છે! તો અજ્ઞાની જીવો પર આપની દિવ્ય વાણીની કોઇ અસર ન થાય એમાં આશ્ચર્ય જેવું નથી.

સર્વજ્ઞ ભગવાન્ દ્વારા પ્રતિપાદિત આગમમાં એવું કહ્યું છે કે જીવ પરલોકગામી છે. જીવનું અસ્તિત્વ હોય ત્યારે જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મોનો બન્ધ થાય છે. મિથ્યાત્વ, અવિરતિ પરિગ્રહ, આરંભ આદિ આ બન્ધમાં કારણભૂત બને છે. સમ્યગ્ દર્શન આદિ દ્વારા કર્મોનો વિનાશ થાય છે, અને કર્મોનો વિનાશ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે." ઇત્યાદિ—

આ અર્થને નહીં જાણનારા એવાં પોત પોતાના મતનું અભિમાન કરનારા પુરૂષો શબ્દાદિ કામભોગોમાં લુબ્ધ થાય છે અને નરક નિગોદ આદિ દુર્ગતિઓની પ્રાપ્તિ કરે છે. કહ્યું પણ છે કે-"**प्रसक्ताः कामभोगेषु**" ઈત્યાદિ- જે મનુષ્યો કામ-ભોગોમાં આસક્ત હોય છે, તેઓ અશુચિ નરકમાં જઇને ઉત્પન્ન થાય છે. ॥૬॥

પૂર્વ સૂત્રમાં વિપરીત પ્રરૂપણા કરનારાઓનું સ્વરૂપ પ્રકટ કરવામાં આવ્યું. હવે સૂત્રકાર ચાર્વાક (નાસ્તિક) મતના સ્વરૂપનું વર્ણન **"संति"** ઈત્યાદિ સૂત્ર દ્વારા કરે છે. **"संति"** ઇત્યાદિ–

શબ્દાર્થ—'**इह-इह**' આ લોકમાં '**एगेसिं-एकेषां**' કોઈ કોઇએ '**पंच-पञ्च**' પાંચ '**महब्भूया-महाभूतानि**' મહાભૂતો '**संति-सन्ति**' છે. તેમ કહ્યું છે. '**पुढवी-पृथिवी**' પૃથ્વી '**आऊ-आपः**' પાણી '**तेऊ-तेजः**' તેજ '**वाऊ-वायु**' પવન '**वा-चा**' અને '**आगासपंचमा-आकाशपञ्चमानि**' પાંચમું આકાશ૫ ॥૭॥

અન્વયાર્થ–કેટલાક ભૂતવાદીઓની માન્યતા અનુસાર આ લોકમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશરૂપ પાંચ મહાભૂતો છે. આ પાંચ મહાભૂતોનું અનાદિ કાળથી આ લોકમાં અસ્તિત્વ છે. ॥૭॥

ટીકાર્થ–પાંચ મહાભૂતોનું આ લોકમાં અસ્તિત્વ છે. તેઓ સર્વલોકવ્યાપી હોવાને કારણે તેમને "મહાન્" વિશેષણ લગાડવામાં આવ્યું છે. આ લોકનો કોઈ પણ ભાગ એવો નથી કે જ્યાં આ પાંચ મહાભૂતો વિદ્યમાન ન હોય. આ કથન દ્વારા ભૂતોનો અભાવ માનનારાના મતનું ખંડન કરવામાં આવ્યું છે. બૃહસ્પતિના મતના અનુયાયીઓએ (ભૂતવાદીઓ એ) પોતે જ આ માન્યતાનો સ્વીકાર કર્યો છે અને અન્ય મતવાદીઓની સમક્ષ તેમણે પોતાની આ માન્યતાનું પ્રતિપાદન કર્યું છે. હવે તે પાંચ મહાભૂત કયા કયા છે, તે પ્રકટ કરવામાં આવે છે– (૧) કાઠિન્ય રૂપ પૃથ્વી, (૨) દ્રવતા લક્ષણવાળું જળ, (૩) ઉષ્ણ સ્વરૂપવાળું તેજ, (૪) ચલન સ્વભાવવાળો વાયુ અને (૫) પોલાણ લક્ષણવાળું આકાશ. આ પ્રકારે આકાશને પાંચમું મહાભૂત કહેવામાં આવેલ છે.

આ પાંચ મહાભૂતોનો કોઈ નિષેધ કરી શકે તેમ નથી, કારણ કે તેઓ પ્રત્યક્ષ દેખાય છે અને જાણીતા છે. જો કે ચાર્વાકમત પ્રમાણે પૃથ્વીથી લઈને વાયુ પર્યન્તના ચાર જ મહાભૂત માનવામાં આવ્યા છે, (કહ્યું પણ છે કે "ચાર ભૂતોમાંથી જ ચૈતન્યની ઉત્પત્તિ થાય છે), છતાં પણ અહી ભગવાને ચાર્વાકને પાંચ મહાભૂત વાદી કહ્યા છે તેનું કારણ એ છે કે ચાર્વાક એક નહીં પણ ઘણા જ હોવા જોઇએ. કોઈ પાંચ મહાભૂતવાદી ચાર્વાક પણ થયો હશે, તે કારણે ભગવાને ઉપર પ્રમાણે કથન કર્યું છે. પાંચ મહાભૂતવાદી ચાર્વાકના મતને પ્રદર્શિત કરવા નિમિત્તે ઉપર્યુક્ત કથન કરાયું છે. સાંખ્ય આદિએ તો મહાભૂત પાંચ હોવાની માન્યતાનો સ્વીકાર કરેલો જ છે ॥૭॥

હવે સૂત્રકાર પોતે જ ચાર્વાક (નાસ્તિક) મતને પ્રદર્શિત કરે છે. "**एए**" ઈત્યાદિ

શબ્દાર્થ—'**एए-एतानि**' આ '**पंच-पञ्च**' પાંચ '**महब्भूया-महाभूतानि**' મહાભૂતો છે. '**तेब्भो-तेभ्यः**' તેનાથી '**एगो-एकः**' એક આત્મા ઉત્પન્ન થાય છે. '**त्ति-इति**' આ પ્રમાણે '**आहिया-आख्यातम्**' કહ્યું છે. '**अह-अथ**' તે પછી '**तेसिं-तेषां**' એ મહાભૂતોના '**विणासेणं विनाशेन**' નાશથી '**देहिणो-देहिनः**' આત્માનો '**विणासो-विनाशः**' વિનાશ '**होइ-भवति**' થાય છે. ॥૮॥

અન્વયાર્થ—

"પૂર્વોક્ત પૃથ્વી આદિ પાંચ મહાભૂતો છે. આ ભૂતોમાંથી આત્માની ઉત્પત્તિ થાય છે. આત્મા પાંચ મહાભૂતોથી બનેલો જ છે. આ પાંચ મહાભૂતોથી આત્મા ભિન્ન નથી" આ પ્રકારની ચાર્વાક મતવાળાઓની માન્યતા છે. તેઓ એવું માને છે. કે તે પાંચ મહાભૂતોનો વિનાશ થવાથી આત્મા રૂપે મનાતા પદાર્થનો પણ વિનાશ થઇ જાય છે. ॥ ૮ ॥

ટીકાર્થ—પૂર્વ સૂત્રમાં કહ્યા પ્રમાણે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ, એ પાંચ મહાભૂતો છે. આ પાંચ મહાભૂતો જ્યારે શરીરનું રૂપ ધારણ કરે છે ત્યારે તેમનામાંથી વિલક્ષણ ચૈતન્યસ્વરૂપ અને ભૂતોથી અભિન્ન એવા આત્માની ઉત્પત્તિ થાય છે. પૂર્વોક્ત ભૂતોથી ભિન્ન હોય એવો, પરલોકગામી, સુખદુઃખનો ભોક્તા જીવ નામનો કોઈ પદાર્થ જ હોતો નથી, આ પ્રકારની તેમની માન્યતા છે. પરન્તુ "**तमाओ ते तमं जंति**" ઇત્યાદિ ૧૪માં સૂત્રમાં પ્રતિપાદિત ભગવાનના કથન અનુસાર તે ચાર્વાકમત વાદીઓની આ માન્યતાં યુક્તિયુક્ત નથી. તેમની આ માન્યતાનું આ પ્રકારે ખંડન કરી શકાય છે— પૃથ્વી આદિ પાંચ મહાભૂતોનો પરસ્પરની સાથે સંયોગ થવાથી ચૈતન્ય ગુણ તથા આદિ શબ્દ વડે સૂચિત થતાં ભાષણ, ચલન, આદિ સંભવી શકતા નથી, કારણ કે તે અન્યગુણો છે. અનુમાન પ્રયોગ આ પ્રકારનો છે—ભૂતોનો સંયોગ થવાથી શરીરમાં ચૈતન્ય આદિની ઉત્પત્તિ થઈ શકતી નથી, કારણ કે—તેઓ અન્યના ગુણો છે. અન્યના ગુણોની અન્યવડે ઉત્યત્તિ થતી નથી? જેમ કે રેતીના પ્રત્યેક કણમાં તેલ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી, તે કારણે રેતીના સમુદાયમાંથી પણ તેલની ઉત્પત્તી થઈ શકતી નથી. તેલની ઉત્પત્તિ તો તલમાંથી જ થઈ શકે છે. એજ પ્રમાણે પૃથ્વી આદિ પ્રત્યેક ભૂતમાં વધુ અથવા અલ્પ માત્રામાં પણ ચૈતન્યગુણોનો સદ્ભાવ હોતો નથી તેથી તેમના સમુદાય રૂપ શરીરમાં પણ ચૈતન્યની ઉત્પત્તિ થઈ શકે નહી. આવિર્ભાવ (પ્રકટ થવાની ક્રિયા) સત્નો (વિદ્યમાનનો) જ થાય છે; અસત્નો અથવા અત્યન્ત અસત્ના થતો નથી શું વંધ્યાને કદી પુત્ર થાય છે ખરો; વંધ્યાને પુત્ર થવાની વાત કદી સંભવી શકતી જ નથી, એવું જ આવિર્ભાવ વિષે પણ સમજવું ગાયમાં પૂર્વસ્થિત દૂધને દોહવાની ક્રિયાદ્વારા આવિર્ભાવ થતો જોવામાં આવે

છે, તલમાં પહેલેથી જ જે તેલ વિદ્યમાન હોય છે, તેનો તલને પીલવાની ક્રિયા દ્વારા આવિર્ભાવ થાય છે. જો એવી પરિસ્થિતિ ન હોત, તો દૂધમાંથી જ દહીં થતું ન હોત અને તલમાંથી જ તેલ નીકળતું ન હોત. આપ્રકારની વ્યવસ્થાનો અભાવ હોત તો તેમના વચ્ચે કોઈ પણ પ્રકારની ભિન્નતા જ રહેત નહી.

આ પ્રકારે સૂત્રકાર અહીં એવી દલીલ કરે છે કે પૃથ્વી આદિ પ્રત્યેક ભૂતમાં ચૈતન્યનો સદ્‌ભાવ નથી, તો તેમના સમુદાયમાં પણ ચેતના કેવી રીતે હોઈ શકે ? કારણ કે અન્યનો (એટલે કે આત્માનો) ચૈતન્યનો જે ગુણ છે તેનો સદ્‌ભાવ અન્યમાં (એટલે કે ભૂતોમાં) હોવાનું સંભવી શકતું નથી જેમ ઘટાદિમાં જળના ગુણનો સદ્‌ભાવ દેખવામાં આવતો નથી, એજ પ્રમાણે આત્માથી ભિન્ન એવા ભૂતોમાં પણ આત્માનો ચૈતન્ય ગુણ કેવી રીતે સંભવી શકે; આ કથનનો ભાવાર્થ એ છે કે આત્માના ચૈતન્યગુણનો સદ્‌ભાવ આત્માથી ભિન્ન એવા પૃથ્વી આદિ ભૂતોમાં કદાપિ સંભવી શકે જ નહી.

"પાંચ ભૂતોનો સંયોગ થવાથી ચૈતન્યની ઉત્પત્તિ થાય છે." આ પ્રકારની ચાર્વાકોની માન્યતા સામે અમારા આ પ્રશ્નો છે. તે ચૈતન્ય શું સ્વતંત્ર છે, કે ભૂતોના સંયોગથી જન્ય છે પહેલો પક્ષ સમીચીન (યોગ્ય) નથી, કારણકે પૃથ્વી કઠિનતાગુણવાળી છે, જલ તરલતા ગુણવાળું અને શીત સ્પર્શવાળું છે, તેજ પાચક ગુણવાળું છે, વાયુ ચલન ગુણવાળો છે અને આકાશ અવગાહના ગુણવાળુ છે. અથવા ગન્ધગુણવાળી પૃથ્વી, શીત સ્પર્શવાળું જળ, ઉષ્ણ સ્પર્શવાળો અગ્નિ વિલક્ષણ સ્પર્શવાળો વાયુ. અને અવગાહન ગુણવાળું આકાશ છે. આ પ્રકારે એક એક ભૂતમાં જ જો ચૈતન્યગુણનો અભાવ છે, તો તેમના સમુદાય વડે પણ ચૈતન્યની ઉત્પત્તિ અથવા અભિવ્યક્તિ (આવિર્ભાવ) કેવી રીતે થઈ શકે, જો પૃથ્વી આદિમાં ચૈતન્યના ગુણોનો સદ્‌ભાવ હોત તો પૃથ્વી આદિની સચેતન રૂપે ઉપલબ્ધિ થાત, પરન્તુ એવી ઉપલબ્ધિ થતી નથી તેથી ચૈતન્ય ભૂતોનો ગુણ હોઈ શકે નહી. શરીરાવચ્છિન્નમાં (શરીરયુક્તમાં) ચેતનનો ગુણ જોવામાં આવે છે, તેથી તે આત્માનો જ ગુણ હોઇ શકે છે– ભૂતોનો નહીં, કારણ કે ભૂત ચૈતન્યગુણનો આધાર નથી ચૈતન્ય ભૂતોનો ગુણ નથી પરન્તુ ભૂતોથી ભિન્ન એવા આત્માનો જ ગુણ છે. આ

કથનનો ભાવાર્થ એ છે કે ચાર્વાકમતમાં શરીર અને ઇન્દ્રિયોના અસ્તિત્વની સાથે સાથે આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. આ પ્રકારે દ્રષ્ટા (આત્મા) ના અસ્તિત્વનો સ્વીકાર ન કરવાને કારણે, તેમના મત અનુસાર તો ચક્ષુ આદિ ઇંદ્રિયો ને જ માનવામાં આવેલ છે. ચક્ષુ આદિના જે ઉપાદાન કારણ અથવા સ્થાન પૃથ્વી આદિ છે, તેઓ અચેતન છે. ભૂતોમાં અચેતનતા હોવાનેકારણે તેમના સમૂહમાં કોઈ પણ પ્રકારે ચૈતન્ય સંભવી શકતું નથી.

જો ઇંદ્રિયોને જ જ્ઞાનવાન્ માનવામાં, આવે, તો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે બધી ઇન્દ્રિયોનો સમુદાય જ્ઞાનનો આધાર છે, કે અલગ અલગ પ્રત્યેક ઇન્દ્રિય જ્ઞાનનો આધાર છે? પહેલો પક્ષ તો ખરો લાગતો નથી કારણ કે એવું માનવામાં આવે તો જ્ઞાનવાનનો પણ નાશ થઇ જશે' અને પછી ત્યાં જ્ઞાનની ઉત્પત્તિ જ નહી થાય' કારણ કે જ્ઞાનના અધિકરણનો અભાવ થઇ ચુકયો છે. બીજો પક્ષ પણ માનીશકાય એમ નથી, કારણ કે ચક્ષુ ઇંન્દ્રિયનો કોઇ કારણે નાશ થઇ જાય તો પહેલાં જોયેલા રૂપનું વિસ્મરણ થવાનો પ્રસંગ એવી પરિસ્થિતિમાં ઉત્પન્ન થવો જોઇએ, કારણ કે તમારા મત પ્રમાણે અનુભવ કર્તા (ચક્ષુ) જ જો વિદ્યમાન ન હોય, તો તેના દ્વારા અનુભવવામાં આવેલ વિષયનું સ્મરણ જ કેવી રીતે થાય? એવો નિયમ છે કે જેને અનુભવ થાય છે, તેને જ અનુભવેલ પદાર્થનું સ્મરણ થઇ શકે છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે જે અધિકરણમાં જે વિષયનો અનુભવ ઉત્પન્ન થાય છે, એજ અધિકરણમાં પૂર્વોત્પન્ન અનુભવ દ્વારા પ્રાપ્ત સંસ્કારના પ્રભાવથી કાળાન્તરે સ્મરણની ઉત્પત્તિ થાય છે. એક અનુભવ કરે અને બીજો તે અનુભવનુ સ્મરણ કરે, એવી વાત કદી સંભવી શકતી નથી. દાખલા તરીકે જિનદત્તે જેનો અનુભવ કર્યો હોય તેનું સ્મરણ જિનદાસને થઇ જાય, એવું કદી બની શકતું નથી. જો એકે દેખેલા પદાર્થનું સ્મરણ બીજો માણસ કરી શકતો હોય, તો સર્વજ્ઞો દ્વારા જોવામાં આવેલા પદાર્થોના સમૂહનું સ્મરણ આપણે પણ કરી શકવાને સમર્થ થઇ શકીએ. જો એવુ બની શકતું હોય તો સૌ સર્વજ્ઞ જ બની જાત? કહ્યુ પણ છે કે-,,**नान्यदृष्टं स्मरत्यन्यो नैकभूतमपक्रमात्,**' એકે જોયેલા પદાર્થનું સ્મરણ અન્ય વ્યક્તિ કરી શક્તિ નથી.

તેથી જ ઇન્દ્રિયો ચેતનાવાન્ નથી, એ વાત સિદ્ધ થઇ જાય છે. આ કથન દ્વારા ભૂત-સમુદાયમાં પણ ચૈતન્યનો અભાવ સિદ્ધ થઇ જાય છે.

હવે બીજા કારણોનું કથન કરવામાં આવે છે--ઇન્દ્રિયો પ્રત્યેક ભૂતાત્મક છે. ચાર્વાકમત પ્રમાણે તો ચક્ષુ આદિ ઇન્દ્રિયોજ દ્રષ્ટા છે, કારણ કે ઇન્દ્રિયોથી ભિન્ન એવા અન્ય કોઇ દ્રષ્ટા (આત્મા)નું અસ્તિત્વ જ તેઓ માનતા નથી. ઇન્દ્રિયો પોત પોતાના વિષયમાં જ નિયમિત છે. પોતાના વિષય સિવાયના અન્ય વિષયમાં ઇન્દ્રિયની પ્રવૃત્તિ હોતી નથી. તેથી જ એક ઇન્દ્રિયે જે જાણ્યું છે. તેને બીજી ઇન્દ્રિય ગ્રહણ કરી શક્તી નથી. તેથી " હું જે પહેલાં દર્શક હતો, એજ હું હવે સ્પર્શ કર્તા છું " આ પ્રકારનું પ્રત્યભિજ્ઞાન-(યથાર્થજ્ઞાન) થવું જોઇએ નહી. પરંન્તુ આ પ્રકારનુ સંકલિત (જોડ રૂપ)જ્ઞાન સૌને થાય છે. તેથી એ વાત સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયોથી ભિન્ન એવો કોઇ જ્ઞાતા અવશ્ય છે.

અનુમાનાનો પ્રયોગ આ પ્રમાણે છે-ભૂતોના સમુદાયથી ચૈતન્યની ઉત્પત્તિ થતી નથી, કારણ કે ભૂતજનિત ઇન્દ્રિયોનો પોત પોતાનો વિષય નિયત હોવાથી સંકલનતા પ્રત્યય (જોડ રૂપ જ્ઞાન) થઇ શકતું નથી, જો કોઇ એકના દ્વારા ગ્રહણ કરાયેલ વિષય બીજા કોઈ દ્વારા પણ ગ્રહણ થઈ જતો હોત, તો જિનદત્તે ગ્રહણ કરેલા વિષયનું જિનદાસ દ્વારા પણ ગ્રહણ થઈ જાત પરન્તુ એવી વાત કદી જોવામાં કે સાંભળવામાં આવતી નથી. એ વાત જ અસંભવિત છે.

શંકા-એક એક ભૂત વડે ચૈતન્યની ઉત્પત્તિ માનવામાં આવે તો કદાચ ઉપર્યુક્ત દોષ સંભવી શકતો હશે, પરન્તુ ભૂતોના સમુદાય વડે ચૈતન્યની ઉત્પત્તિ માનવામાં શો વાંધો છે? જેમ ગોળ, લોટ, મહુડા આદિ અલગ અલગ પદાર્થમાં માદકતાનો અભાવ હોવા છતાં પણ તે સઘળા પદાર્થોના સંયોગથી બનતી મદિરામાં માદકતાનો સદ્ભાવ હોય છે, એ જ પ્રમાણે પાંચે ભૂતોના સમુદાયમાં ચૈતન્યનો સદ્ભાવ માનવામાં પૂર્વોક્ત દોષની બિલકુલ સંભાવના રહેતી નથી. (આ પ્રકારની ચાર્વાકની શંકા છે)

સમાધાન—આ પ્રકારની માન્યતા યોગ્ય નથી-ભૂતોના સમુદાય વડે ચૈતન્ય ઉત્પન્ન થાય છે, એ માન્યતા ઉચિત નથી, કારણ કે આ કથન નીચેના વિકલ્પોને સમ્યક્ પ્રકારે સમજ્યા વિના કરવામાં આવ્યું છે-પાંચ ભૂતોના જે સંયોગને આધારે આપ ચૈતન્યની ઉત્પત્તિ થવાનું માનો છો, તે સંયોગ ભૂતોથી ભિન્ન છે, કે અભિન્ન છે? પહેલો

પક્ષ (વિકલ્પ) સ્વીકાર્ય નથી, કારણ કે પાંચ ભૂતો સિવાયના કોઈ પણ પદાર્થના સંયોગનો સ્વીકાર કરવો તે આપના સિદ્ધાન્તની વિરૂદ્ધ છે.

વળી પાંચ મહાભૂતો સિવાયના તે સંયોગને પ્રત્યક્ષ ગ્રહણ કરે છે, કે અન્ય પ્રમાણ ગ્રહણ કરે છે? પ્રત્યક્ષ દ્વારા અતીન્દ્રિય સંયોગોનું ગ્રહણ થવું સંભવે નહીં. અતીન્દ્રિય વસ્તુને ચક્ષુ દ્વારા કદી પણ ગ્રહણ કરી શકાતી નથી. જો ગૃહીત થાય, તો તે વસ્તુને અતીન્દ્રિય જ ગણી શકાય નહીં. ઇંદ્રિયોથી જે પર હોય અથવા ઇંદ્રિયો દ્વારા જે અગ્રાહ્ય હોય તેને અતીન્દ્રિય કહે છે. તેને ઇન્દ્રિયના વિષય રૂપે સ્વીકારવામાં આવે, તો તેમાં અતીન્દ્રિયતા જ ઘટિત થાય નહીં. આ કથન દ્વારા સિદ્ધ થાય છે કે પહેલો પક્ષ સંગત નથી.

કોઈ અન્ય પ્રમાણ દ્વારા તે સંયોગનું ગ્રહણ થાય છે, એવું કથન પણ ઉચિત નથી, કારણ કે તે અન્ય પ્રમાણ વિષે અમારો એવો પ્રશ્ન છે કે "તે અન્ય પ્રમાણ અનુમાન છે કે આગમ છે? પહેલો પક્ષ યુક્ત નથી, કારણ કે તે સંયોગને ગ્રહણ કરનારા અનુમાન પ્રમાણ વડે ભૂતો ઉપરાંત આત્માની સિદ્ધિ પણ થઈ શકે છે. તેથી આપના ભૂત ચૈતન્યવાદનું ખંડન થઈ જશે. આગમ પ્રમાણ દ્વારા પણ સંયોગનું ગ્રહણ કરી શકાતું નથી, કારણ કે તમારા મત પ્રમાણે તો આપ્ત (ઇશ્વિર) નો જ અભાવ છે. તેર્થી તેમના દ્વારા પ્રણીત આગમની સિદ્ધિ થઈ શકતી નથી.

"તે સંયોગ ભૂતોથી અભિન્ન છે," આ બીજા વિકલ્પનો આપ સ્વીકાર કરતા હો તો અમારા આ પ્રશ્નનો જવાબ આપો– "પ્રત્યેક ભૂત ચેતનાવાન્ છે કે અચેતન છે?" પ્રથમ પક્ષ (વિકલ્પ)ને સ્વીકારવામાં આવે તો એક જ ઇન્દ્રિય સિદ્ધ થશે. આ પ્રકારે પૃથ્વી આદિ પાંચ મહાભૂતોના સમૂહ રૂપ શરીરમાં રહેનાર ચૈતન્ય પાંચ પ્રકારનું થઈ જશે. કારણ કે શરીર સમુદાય રૂપ છે. તેથી પૃથ્વી રૂપ અંશવિષયક જ્ઞાન ઘ્રાણજન્ય હોવાથી ભિન્ન હશે, ચક્ષુઆદિ વડે જન્ય હોવાને કારણે તેના કરતાં પણ ભિન્ન હશે, આ બહુ જ આશ્ચર્યની વાત છે. જો પ્રત્યેક ભૂત અચેતન હોય, તો પૂર્વોક્ત દોષનો જ પ્રસંગ પ્રાપ્ત થાય છે કે પ્રત્યેક ભૂતમાં જો ચૈતન્ય વિદ્યમાન ન હોય, તો તેમના સમુદાય દ્વારા પણ તેની ઉત્પત્તિ સંભવી શકે નહીં. જેમ રેતના સમૂહમાંથી તેલની ઉત્પત્તિ થવી શકય નથી એજ પ્રમાણે ચેતન ભૂતોના સમુદાય વડે પણ ચૈતન્યની ઉત્પત્તિ થઈ શકતી નથી.

આપે એવી દલીલ કરી છે કે ગોળ, લોટ મહુડા આદિ પ્રત્યેકમાં માદકતાનો અભાવ હોવા છતાં તેમના સંયોગથી ઉત્પન્ન થતી મદિરામાં જેમ માદકતાનો સદ્ભાવ હોય છે એજ પ્રમાણે અચેતન ભૂતોના સમુદાય વડે ચૈતન્યની ઉત્પત્તિ થઈ શકે છે. આ દલીલ પણ વ્યાજબી નથી. ગોળ, લોટ, મહુડા આદિ પ્રત્યેક પદાર્થમાં સૂક્ષ્મ રૂપે માદક શક્તિ વિદ્યમાન હોય છે. એજ માદક શક્તિ સમુદાયિક અવસ્થામાં સ્ફુટ રૂપે પ્રકટ થઈ જાય છે પરન્તુ અહીં જેની વાત ચાલી રહી છે તે પૃથ્વી આદિ પ્રત્યેક ભૂતમાં ચેતનનો સર્વથા અભાવ જ છે આ પ્રકારની પરિસ્થિતિને કારણે ભૂતોનાસમૂહ વડે પણ ચૈતન્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે; ?

વળી ભૂતો વડે ચૈતન્યની ઉત્પત્તિ માનવામાં આવે, તો મરણ પણ સંભવી શકે નહીં; કારણ કે મૃત શરીરમાં પણ પૃથ્વી આદિ પાંચે મહાભૂતોનો સદ્ભાવ રહે છે. કદાચ એવી દલીલ કરવામાં આવે કે શરીરમાંથી વાયુ અથવા તેજનો અભાવ થવાથી મરણ થાય છે, પણ આ વાત પણ સ્વીકારી શકાય તેમ નથી, મૃત શરીરમાં સૂજન (સોજા–

શરીર ફૂલી જવું તે) મોજૂદ હોય છે; તે કારણે તેમાં વાયુ આદિના, અભાવની કલ્પના કરી શકાય તેમ નથી; શરીર સૂજી જવાની ક્રિયા વાયુના કાર્ય રૂપ છે. તે સોજાના સદ્દભાવને લીધે મૃતશરીરમાં વાયુનો સદ્દભાવ પણ સિદ્ધ થાય છે.

એજ પ્રમાણે અગ્નિના કાર્ય રૂપ તેજનો પણ તેમાં સદ્દભાવ હોય છે. તે કારણે મૃતશરીરમાં તેજનો સદ્દભાવ હોવાનું અનુમાન પણ કરી શકાય છે. આ પ્રકારે મૃતશરીરમાં વાયુ અને તેજનો અભાવ નથી, એ વાત સિદ્ધ થાય છે. તેથી વાયુ આદિના અભાવને લીધે મરણ થાય છે, આ પ્રકારની માન્યતા ખરી નથી.

સૂક્ષ્મવાયુ અથવા સૂક્ષ્મતેજ મૃતશરીરમાંથી નીકળી જાય છે, આ પ્રકારની દલીલ પણ ઉચિત નથી. એવું માનવામાં આવે તો નામ માત્રનો જ વિવાદ કર્યો કહેવાશે, કારણ કે બીજું નામ (સૂક્ષ્મવાયુ અને સૂક્ષ્મ તેજ રૂપ નામ) દઈને આપે પણ જીવની સત્તાનો (વિદ્યમાનતાનો) સ્વીકાર કરી લીધો છે. પાંચ મહાભૂતોના સમુદાય માત્ર વડેજ ચૈતન્યની ઉત્પત્તી થઈ શકતી નથી, કારણ કે પૃથ્વીઆદિ પાંચેમહાભૂતોને એક સ્થાન પર એકત્ર કરી દેવાથી ચૈતન્યની ઉત્પત્તિ થતી દેખાતી નથી. માટીની પુતળીમાં પાંચે મહાભૂતો મોજૂદ હોય છે, છતાં પણ તે જડજ રહે છે ચેતના તેમાં ઉત્પન્ન થઈ જતી નથી. આ રીતે અન્વય અને વ્યતિરેકની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો ભૂતોમાં ચૈતન્ય નામના ગુણનું અસ્તિત્વ સિદ્ધ થતું નથી. પરન્તુ શરીરમાં ચૈતન્ય ગુણનો તો સદ્દભાવ જોવામાં આવે છે, તેથી પારિશેષ્ય ન્યાયની અપેક્ષાએ વિચારવામા આવે, તો તે જીવ (આત્મા) નો જ ગુણ છે.

વળી આપે એવું જે કહ્યું કે પૃથ્વી આદિ ભિન્ન એવા આત્માનો સદ્દભાવ જ નથી કારણ કે આત્માનું અસ્તિત્વ દર્શાવતા પ્રમાણનો અભાવ છે, અને પ્રમાણ કેવળ પ્રત્યક્ષ જ છે, આવાત પણ ઉચિત નથી. અનુમાન પ્રમાણને સ્વીકાર્યા વિના પ્રત્યક્ષની પ્રમાણુતા આ પ્રકારે સિદ્ધ કહીશકાતી નથી. પ્રત્યક્ષની પ્રમાણુ તા આપ્રકારે સિદ્ધ કરાય છે–કોઈ પણ પ્રત્યક્ષવિશેષને પક્ષ બનાવીને પ્રત્યક્ષ પ્રમાણનો સદ્દભાવ બતાવી શકાય છે, કારણ કે તે પૂર્વાનુભૂત પ્રત્યક્ષના સમાન અર્થનો અવિસંવાદી છે. (અવિરોધી) પરન્તુ પક્ષ બનાવ–વામાં આવેલા જ સ્વસંવિદિત પ્રત્યક્ષવિશેષો વડે અન્યની સમક્ષ પ્રત્યક્ષની પ્રમાણુતાનો વ્યવહાર કરી શકતો નથી, કારણકે તે પ્રત્યક્ષવિશેષ સ્વસંવેદી વૃત્તિવાળા અને મૂક હોય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે પોતાનો અનુભવ પોતાના પ્રત્યક્ષમાં જ પ્રતિભાસિત થાય છે, તે અન્ય પુરુષની બુદ્ધિમાં પ્રતિભાસિત થતો નથી. એવું કોઈ સાધન પણ નથી કે જેની મદદથી પોતાના દ્વારા જ અનુભવમાં અથવા જાણવામાં આવે છે, ત્યાર બાદ શબ્દાદિ દ્વારા પોતાના પ્રત્યક્ષની અન્યને સમજણ પાડવામાં આવે છે. ત્યારે જ અન્ય વ્યક્તિ તેને જાણે છે. પરન્તુ શબ્દાદિ દ્વારા જે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાતું નથી– શાબ્દ કહેવાય છે. પ્રત્યક્ષ શબ્દાત્મક નહીં હોવાથી મૂક (અવાચ્ય) હોય છે. તેને અન્યમાં સ્થાપિત કરી શકાતું નથી એજ કારણે પ્રત્યક્ષને મૂક કહેવામાં આવે છે. તે પોતાની પ્રમાણુતાને અન્ય વ્યક્તિઓ પાસે સિદ્ધ કરી શકતું નથી. અનુમાન અથવા આગમ આદિ વડે તેની પ્રમાણુતા સિદ્ધ થાય છે. તેથી અનુમાન આદિને અપ્રમાણ

માનવાથી પ્રત્યક્ષની પ્રમાણુતા પણુ સિદ્ધ થશે નહીં. તેથી "લાભની ઇચ્છા કરવાથી મૂળ પણુ નષ્ટ થઇ જવાનો" પ્રસંગ ઉપસ્થિત થશે!

વળી ચાર્વાકો જો અનુમાનને પ્રમાણુ માનતા નથી, તો તેઓ કેવી રીતે જાણી શકે કે આપુરૂષ સંદિગ્ધ અથવા વિપર્યસ્ત છે'. જો એવું જાણ્યા વિના તેની સાથે વ્યવહાર કરશે, તો ઉન્મત્તની જેમ ઉપેક્ષણીય બનશે. તેથી જ ચેષ્ટા આદિ દ્વારા સંશય આદિ વિશિષ્ટ પુરૂષને જાણુવો જોઈએ. કહ્યું પણુ છે કે–

"**आकारैरिङ्गितैर्गत्या**" ઇત્યાદિ– આકાર, ઈંગિત, ગતિ, ચેષ્ટા, ભાષણુ, નેત્ર તથા મુખના વિકાર વડે કોઈ પણુ વ્યકિતના મનોભાવોને સમજીશકાય છે. આ પ્રકારે અનુમાનને પ્રમાણુતા માનવાની ઇચ્છા ન હોય, તો પણુ તેને માનવાનું અનિવાર્ય બની જાય છે.

ધારો કે કેવળ પ્રત્યક્ષને જ પ્રમાણુ માનનારી કોઈ વ્યક્તિ છે. તે વ્યકિત જયારે પોતાના ઘરમાંથી બહાર નીકળશે ત્યારે તેને પોતાના ઘરના માણુસો દેખાશે નહીં. શું તે કારણે તેમના અભાવનો નિશ્ચય કરીને તેમને મરી ગયેલા માનીને તે વિલાપ કરવા લાગશે? શું તે ઘેર પાછો ફરીને તેના પિતા આદિ ઘરના માણુસોને નહીં દેખે? આ કથનનું તાત્પર્ય એ છે કે આ પ્રકારની વ્યક્તિ પણુ અનુમાન પ્રમાણુનો આધાર લેતી જ હોય છે

આટલા ખુલાસા છતાં પણુ આપ એવું કહેતા હો કે અનુમાન પ્રમાણુ નથી, કારણુ કે તે વિસંવાદી અર્થવાળુ તથા અનવસ્થા અને તર્કના દ્વારા દૂર નહી થનારા વ્યભિચારની (અવળે માર્ગે દોરી જનાર) શંકાથી યુકત વ્યાપ્તિવાળુ છે." તો આપના આ કથનનો ઉત્તર આ પ્રમાણે છે. તે પણુ આપનું અનુમાન જ છે. જો આપ અનુમાનને પ્રમાણુ માનતા ન હો, તો અનુમાન દ્વારા જ અનુમાનની અપ્રમાણુતા કેવી રીતે સિદ્ધ કરી શકો છો? જો આપ એવું કહેતા હો કે અન્ય વ્યક્તિઓએ સિદ્ધ કરેલા અનુમાન દ્વારા જ અનુ-માનની પ્રમાણુતા સિદ્ધ કરો છો, તો અમારા આપ્રશ્નોનો જવાબ આપો કે "પરમતસિદ્ધ અનુમાન પ્રમાણુ છે કે અપ્રમાણુ છે? જો આપ પહેલા પક્ષ (વિકલ્પ) નો સ્વીકાર કરતા હો, તો અનુમાનને આપ અપ્રમાણુ કહીશકો તેમ નથી, કારણકે આપના સ્વમુખે આપ જ તેને પ્રમાણુ કહી રહ્યા છો. જો આપ બીજા પક્ષોનો (વિકલ્પ) સ્વીકાર કરતા હો, તો અપ્રમાણુ રૂપ અનુમાન દ્વારા બીજાને કેવી રીતે સમજાવી શકો છો? જો આપ એમ કહેતા હો કે બીજી વ્યક્તિ તો અનુમાનને પ્રમાણુ માને છે, તો તે કથનની સામે અમારો જવાબ એ છે કે અન્ય વ્યક્તિ તો કદાચ બુદ્ધિ ની મંદતાને કારણે અપ્ર-માણુને પ્રમાણુ માનતી હોય, પરન્તુ આપ તો સર્વજ્ઞસમાન છો, તો આપે એવું માનવું જોઈ એ નહી. કોઈ અજ્ઞાની વ્યક્તિ દોરડાને સર્પ સમજી લે, તો શું આપ અભ્રાન્ત હોવા છતાં પણ તેને સર્પ સમજશો ખરાં? આપ પ્રત્યક્ષને પ્રમાણુ અને અનુમાનને અપ્રમાણુ સિદ્ધ કરવા માગો છો, પણુ ઉપર્યુક્ત દલીલોને આધારે તમારે અનુમાનની પ્રમાણુતાને સ્વીકારવી જ પડશે.

વળી આપ સ્વર્ગ તથા અદૃષ્ટ (ભાગ્ય) આદિ અતીન્દ્રિય પદાર્થોનો નિષેધ કરો છો, તો આપ તે સ્વર્ગ આદિને જાણો છો કે નથી જાણુતા? જો આપ તેને જાણુતા હો તો કેવી રીતે જાણોછો પ્રત્યક્ષ પ્રમાણુ વડે જાણો છો, કે કોઇ અન્ય પ્રમાણને આધારે જાણો છો? પ્રત્યક્ષ પ્રમાણુ વડે તો આપ તેને જાણુતા નથી, કારકે તે અતીન્દ્રિય પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણુ દ્વારા ગૃહીત થતા નથી. અમે આપને એ પૂછવા માગીએ છીએ કે પ્રવર્તમાન

પ્રત્યક્ષ તેમનો નિષેધ કરે છે, કે નિવર્તમાન પ્રત્યક્ષ નિષેધ કરે છે? પહેલો વિકલ્પ સ્વીકાર્ય નથી, કારણ કે સ્વર્ગ આદિ અતીન્દ્રિય હોવાને કારણે પ્રત્યક્ષ દ્વારા ગૃહીત થતાં નથી. અતીન્દ્રિય પદાર્થોને અતીન્દ્રિય કહેવાનું કારણ એ છે કે તે પદાર્થો આપણી ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી. જો ઇન્દ્રિય પ્રત્યક્ષ વડે તેમનું ગ્રહણ કરી શકતું હોત, તો તે પદાર્થોને અતીન્દ્રિય કહી શકાત નહી. વળી પ્રશ્નગત બીજો વિકલ્પ પણ સંગત નથી, કારણ કે જયાં પ્રત્યક્ષની પ્રવૃત્તિ જ થતી ન હોય ત્યાં પ્રત્યક્ષ દ્વારા ગ્રહણ થવાનું પણ સંભવી શકે નહી. આકથનનું તાત્પર્ય એ છે કે કેવળ પ્રત્યક્ષની નિવૃત્તિ વડે કોઈ પદાર્થનો અભાવ માની લેવામાં આવે, તો ઘરમાંથી બહાર નીકળેલ વ્યક્તિ, ઘરના માણસોને પ્રત્યક્ષ ન દેખવાને કારણે, શું તેમના અભાવનોનિશ્ચય કરી લેશે?

શંકા– જો પ્રત્યક્ષ (ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય) ન હોય એવી વસ્તુને અભાવ માનવા માં ન આવે તો સાતમાં રસનો, આકાશ પુષ્પનો, કાચબા પર રૂંવાટીનો અને સસલાને શિંગડાં હોવાનો પણ અભાવ નહીં માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. આબધાં પદાર્થો પ્રત્યક્ષ નથી અને તેમની અવિદ્યમાનતાને સિદ્ધ કરવાનો અન્ય કોઈ ઉપાય નથી.

સમાધાન–આપની આ દલીલ પણ ઉચિત નથી, કારણ કેવળ પ્રત્યક્ષ ન હોવાથી તેમનો અભાવ સિદ્ધ થઈ શકતો નથી. પરન્તુ જે પદાર્થ પ્રત્યક્ષ વડે જાણવા યોગ્ય હોય, છતાં પણ પ્રત્યક્ષ વડે જાણી લેવામાં આવતો નથી, ત્યારેજ પ્રત્યક્ષની અપેક્ષાએ તેનો અભાવ સિદ્ધ થાય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જો નિવર્તમાન પ્રત્યક્ષ તેનો નિષેધ કરતું હોય તેનો અભાવ સિદ્ધ કરતું હોય, તો ઘરની અંદરની વસ્તુનો પણ અભાવ સિદ્ધ કરશે. ખરી વાત તો એ છે કે સમીપતા આદિ બાધકો (નડતર રૂપ અથવા અવરોધક પદાર્થો) થી રહીત પ્રત્યક્ષ જયારે કોઈ વસ્તુને જાણતું નથી. ત્યારે જ યોગ્ય વસ્તુના અભાવનો બોધ થાય છે. કહ્યું પણ છે કે "**अतिदुरात्**" ઈત્યાદિ–વિદ્યમાન પદાર્થને પણ નીચેના કારણોના સદ્ભાવ હોય ત્યારે પ્રત્યક્ષ દ્વારા ગ્રહણ કરી શકતો નથી–

(૧) તે પદાર્થ ઘણે જ દૂર હોય તો, (૨) ઘણો જ નજીકમાં હોય તો, (૩) ઇન્દ્રિયનો ઘાત થવાથી, (૪) અન્યમનસ્કતા અથવા એકાગ્રતાનો અભાવ હોયતો, (૫) પદાર્થની

અતિ સૂક્ષ્મતાને કારણે, (૬) વ્યવધાન (વચ્ચે આવતી દીવાલ આદિ આડ), (૭) અભિ-ભવ થઇ જવાથી અને (૮) સજાતીય પદાર્થો સાથે સેળભેળ થઇ જવાથી. હવે આ કારણોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

(૧) કેટલીક વાર એવું બને છે કે આકાશમાં પક્ષી વિદ્યમાન હોય છે, પરન્તુ તે ઘણુજ દૂર હોવાને લીધે દૃષ્ટિગોચર થતું નથી. તે કારણે તેનો અભાવ માની લેવાતો નથી. ઘણું જ દૂર હોવા રૂપ પ્રતિબન્ધક (અવરોધક કારણ) ના સદ્‌ભાવને કારણે તે પદાર્થ નેત્રેન્દ્રિય દ્વારા ગ્રહણ કરી શકાતો નથી. એટલા કારણેજ તેને વસ્તુના અભાવનું નિશ્ચય કરાવનાર ગણી શકાય નહીં. (૨) કેટલીક વાર અતિ સમીપતાને કારણે પણ વિદ્યામાન પદાર્થ ગૃહીત થતો નથી. જેમ કે આંખમાં આંજવામાં આવેલું કાજળ દેખાતું નથી. તે નદેખાતું હોવાથી તેનો અભાવ માની શકાય નહી. (૩) ઇન્દ્રિયોનો ઘાત થવાથી એટલે કે અંધાપો, બહે-રાપણું આદિ આવી જવાથી. જેમ કે અંધાળો રૂપને દેખી શકતો નથી અને બહેરો શબ્દને સાંભળી શકતો નથી. તે કારણે રૂપ અથવા શબ્દનો અભાવ માની શકતો નથી. (૪) જ્યારે ચિત્તની અસ્થિરતા અથવા અનેકાગ્રતા હોય છે. ત્યારે ચિત્ત ગ્રાહ્ય વિષયમાં એકાગ્ર થતું નથી પણ અન્ય વસ્તુમાં ભમતું હોય છે. તેથી, સૂર્યનો પ્રચંડ પ્રકાશ હોવા છતાં પણ ઘડો આદિ પદાર્થો દ્રષ્ટિગોચર થતાં નથી. (૫) સૂક્ષ્મ પદાર્થોને પણ દેખી શક્તા નથી. ચિત્તની ગમે તેટલી એકાગ્રતા હોય છતાં પણ પરમાણુને દેખી શકતા નથી. તે કારણે પરમાણુનો અભાવ હોવાનુ માની શકાતું નથી. (૬) પડદો આદિ વ્યવધાન (આડ)આવી જવાને કારણે પણ વસ્તુ દેખાતી નથી. જેમ કે પડદાના વ્યવધાનને કારણે પડદાની પેલી તરફ રહેલી રાજપત્ની (રાણી) દેખાતી નથી. પણ તે કારણે રાજપત્નીનો અભાવ સિદ્ધ થતો નથી. (૮) અભિભવ રૂપ કારણ નીચે પ્રમાણે છે.

દિવસે સૂર્યના પ્રકાશને લીધે ગ્રહો અને નક્ષત્રો દૃષ્ટિગોચર થતા નથી તે કારણે તેમનો અભાવ સિદ્ધ થતો નથી. તે પદાર્થો વિદ્યમાન તો અવશ્ય હોય છે. (૮) એકજ જાતના પદાર્થોની સેળભેળ થઈ જવાથી પણ પદાર્થો દૃષ્ટિગોચર થતાં નથી. જેમકે કોઈ જળાશયના વિપુલ જળમાં એક કમંડળ ભરીને પાણી રેડી દેવામાં આવે, તો બન્નેને અલગ અલગ રૂપે જોઈ શકાતાં નથી. અથવા ઘરનું કબૂતર, કબૂતરોના સમૂહમાં જઇને બેસી ગયું હોય તો તેને અલગ રૂપે દેખીશકતું નથી. પણ દૃષ્ટિગોચર ન થવાને કારણે જ તે જળ અથવા કબૂતરનો અભાવ માની શકાય નહીં.

શ્લોકમાં વપરાયેલા "च" પદ દ્વારા પૂર્વોક્ત કારણો સિવાયના "અનુદ્ભવ" રૂપ કારણને પણ ગ્રહણ કરવું જોઇએ. અનુદ્‌ભવને કારણે દૂધમાં દહીં દેખાતું નથી. અને બીજ અથવા અંકુરની અવસ્થામાં વૃક્ષ દેખાતુ નથી. પરન્તુ તેમાં તે દેખાતું ન હોવાને કારણેજ દહીં અથવા અંકુર અથવા વૃક્ષનો અભાવ માની શકાતો નથી. એજ પ્રકારે સ્વર્ગ તથા અદૃષ્ટ આદિમાં પ્રવૃત્ત ન થનારા પ્રત્યક્ષને સ્વર્ગ આદિના અભાવનું બોધક કહી શકાય નહી. જે વસ્તુ કોઈ અન્ય પ્રમાણ દ્વારા નિશ્ચિત ન કરી શકાતી હોય, તે વસ્તુમાંથી જો પ્રત્યક્ષ નિવૃત્ત થઇ ગયુ હોય તો તે વસ્તુનો અભાવ સિદ્ધ થઈ શકે છે.

પરન્તુ પ્રત્યક્ષ ન હોવાના જ કારણે કોઈ વસ્તુનો અભાવ થઇ જાય. એવી વાતનો કોઈ પણ પ્રમાણિક પુરૂષ સ્વીકાર કરતો નથી. વળી જેણે સ્વર્ગને જાણ્યું નથી. તેમને તેના અભાવનુ જ્ઞાન પણ હોઇ શકતું નથી. કારણ કે અભાવના જ્ઞાન માં પ્રતિયોગીનું જ્ઞાન કારણભૂત અને છે. જે માણસે ઘડાને જ જાણ્યો નથી, તે ઘડાના અભાવને પણ જાણતો નથી. એજ પ્રકારે સ્વર્ગ આદિપ્રતિયોગીના જ્ઞાનના અભાવને ચાર્વાક કેવી રીતે જાણી શકે ? તેમને સ્વર્ગાદિના અભાવનું જ્ઞાન કોઈ પણ પ્રકારે પ્રાપ્તથઈ શકતું નથી. તેથી સ્વર્ગાદિનો અભાવ સિદ્ધ કરવાનું કાર્ય તેમને માટે ઉચિત નથી.

સ્વર્ગ આદિનો અભાવ જાણવાને માટે ચાર્વાકે અન્ય કોઈ પ્રમાણનોજ સ્વીકાર કરવો જોઇએ. એજ પ્રમાણે બીજાના અભિપ્રાયને જાણવાને માટે અને બીજા લોકોને સમજાવવા માટે પણ પ્રત્યક્ષ સિવાયનું કોઈ અન્ય પ્રમાણ સ્વીકારવું જોઇએ. નહીં તો અન્યને સમ–જાવવાને માટે ચાર્વાકે શાસ્ત્રોની રચના જ શામાટે કરી?

વળી શરીરને આત્મા માનવામાં આવે, તો જીવિત શરીરની જેમ મૃત શરીરમાં પણ ચૈતન્યનો સદ્‌ભાવ હોવો જોઇએ, પરન્તુ મૃત શરીરમાં ચૈતન્ય હોતું નથી. તેથી એ વાત સિદ્ધ થાય છે કે જીવ (આત્મા) શરીર કરતાં ભિન્ન છે.

શંકા–શરીરની સાથે આત્માના અસ્તિત્વને સ્વીકારનાર નૈયાયિક મત પ્રમાણે મુક્તા વસ્થામાં પ્રાણોનો અભાવ હોવાથી ઘટ આદિનુ જ્ઞાન થતું નથી. એજ પ્રમાણે અભાવ માન્યતા અનુસાર મૃતશરીરમાં પ્રાણોનો અભાવ હોવાને કારણે મૃતશરીરમાં જ્ઞાનાદિ ગુણોનો અભાવ હોય છે.

સમાધાન– આપની આ વાત ઉચિત નથી. શરીરોના અવયવોના ઉપચય (વૃદ્ધિ) અને અને અપચય (હાનિ) થતા રહે છે. તેથી તેઓ ક્ષણવિનશ્વર (ક્ષણભંગૂર) છે. તેથી બાલ્યાવ–સ્થામાં જે દેખ્યું હોય તેનુ પ્રતિસન્ધાન (સંકલિત જ્ઞાન જોડ રૂપ જ્ઞાન વૃદ્ધાવસ્થામાં) થવુ જોઇએ નહી. પરન્તુ "મારા દ્વારા બાલ્યાવસ્થામાં માતાપિતાનો અનુભવ કરાયો હતો એજ હું વૃદ્ધાવસ્થામાં પૌત્રો અને દૌહિત્રોનો અનુભવ કરૂં છુ," આ પ્રકારનું પ્રતિસન્ધાન જ્ઞાન અવશ્ય થાય છે. કદાચ આપ એવી દલીલ કરવા માગતા હો કે "પૂર્વોત્પન્ન શરી–રના સંસ્કાર દ્વારા બીજા શરીરમાં સંસ્કારઉત્પન્ન થઈ જાય છે. તે કારણે પ્રત્યભિજ્ઞાન (જોયલાને) ઓળખીલેવું તે આદિની સંગતિ થઈ જાય છે." તો આપનું તે કથન પણ ઉચિત નથી. તેના દ્વારા તો અનંત સંસારની કલ્પના કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

જેમની વ્યાવૃત્તિ થઈ જવા છતાં પણ જે અનુવૃત્ત રહે છે, એટલે કે જેમનો અભાવ અથવા નાશ થઈ જવા છતાં પણ જે અનુવૃત્ત રહે છે. એટલે કે જેમનો અભાવ અથવા નાશ થઈ જવા છતાં પણ જેનો સદ્‌ભાવ ટકી રહે છે, તે પદાર્થ તેમના કરતાં ભિન્ન હોયછે. જેમકે ફૂલો કરતાં દોરી ભિન્ન છે. બાલ્યાવસ્થા અને વદ્ધાવસ્થાના શરીર પરસ્પર વ્યાવૃત્ત હોયછે. છતાં પણ અહમાસ્પાદ ('હુ આ પ્રકારના જ્ઞાનનો આધાર એટલે કે (આત્મા) એવોને એવોજ રહે છે. તે કારણે આત્મા શરીરથી ભિન્ન છે તત્વ રૂપ છે જેવી રીતે ફૂલોની વ્યાવૃત્તિ (અભાવ–નાશ ) થઈ જવા છતાં પણ દોરીની અનુવૃત્તિ (સદ્‌ભાવ અથવા મૂળ સ્થિતિમાં ભિન્નતાનો અભાવ ) જ રહે છે અને તે કારણે દોરીને ફૂલોથી ભિન્ન

વસ્તુ રૂપ માનવામાં આવે છે. એજ પ્રમાણે બાલશરીરનો અભાવ થઈ જવા છતાં પણ આત્મા તો એવાનેએવોજ રહે છે. ને કારણે આત્મા શરીરોથી ભિન્ન છે "હું કૃશ છું. હું સ્થૂલ છું" અહીં કૃશત્વ અને સ્થૂલત્વની જો કે સમાનાધિકરણતા જોવામાં આવે છે,છતાં પણ એમ કહી શકાય નહી કે "**अहमास्पद**" 'આત્મા' દેહ રૂપજ છે કારણ કે ઔપચારિક રીતે પણ આ પ્રકારની સમાનાધિકરણતા સિદ્ધ કરી શકાય છે કોઈ પુરુષ સ્વપ્નમાં દિવ્ય દેવશરીરને પ્રાપ્ત કરીને દેવશરીરને યોગ્ય ભોગોને ભોગવતો ભોગવતો જાગી જાય છે. ત્યારે તે એવું સમજી શકે છે કે "મારૂં શરીર દેવશરીર રૂપ નથી અને એવી ભોગ સામગ્રી પણ મારી પાસે નથી. હું તો મનુષ્યજ છું" જ્યારે તે એવું જાણે છે ત્યારે દેવશરીર બાધિત થવા છતાં પણ "**अहम्**" પ્રત્યેના જ્ઞાનના વિષયમાં કોઈ બાધા (અવરોધ) થતો નથી. એટલે કે 'હું દેવ નથી. હું મનુષ્ય છું" આ પ્રકારનો તેનો '**अहम्**' હું તો જેવો હતો તેવો જ ટકી રહે છે. ઉલટાએ જ અહં પ્રત્યય એના વિષયને મનુષ્ય શરીરમાં દેખતો એવો આત્મા શરીર કરતાં ભિન્નજ સિદ્ધ થાય છે. આ પ્રકારે આત્મા શરીર આદિ થી ભિન્ન છે. એ વાત સિદ્ધ થાય છે.

વળી શરીરને આત્મા માનવાથી સુખ દુઃખ આદીનો ઉપભોગ નહીં થઇ શકે. જે શરીરે કર્મ કર્યા છે. તે શરીર કર્મના ફલને ભોગવી લેવાય ત્યાં સુધી ટકતું નથી. કર્મ કરતી વખતે અલગ શરીર હતું, ફલ ભોગવતી વખતે તે શરીરને બદલે બીજું જ કોઈ શરીર હોય છે. આ પ્રકારે કર્ત્તા એક અને ભોકતા કોઇ બીજો જ હશે. આ પ્રકારની માન્યતામાં તો "કૃતહાનિ અને અકૃતાભ્યાગમ" નામના દોષોનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. એટલે કે "કરે કોઈ અને ભોગવે કોઇ" એવો પ્રસંગ પ્રાપ્ત થશે.

શરીરને આત્મા માનવામાં આવે તો મોક્ષ જનક દીક્ષા, ચારિત્ર, આદિ કાર્યોમાં કોઇને પ્રવૃત્ત થવાનું મનજ ન થાય! કારણ કે શરીનો નાશ પ્રત્યક્ષ છે અને શરીરથી ભિન્ન પરલોકગામીનો (આત્માનો) અભાવ છે. એવી સ્થિતિમાં કોઇ શા માટે એવી પ્રવૃત્તિ કરે' મોક્ષજનક દીક્ષાદિ પ્રવૃત્તિને નિષ્ફલ કહી શકાય જ નહીં. કારણ કે તીર્થંકરો, ગણધરો વગેરે આપ્તોની મોક્ષને માટેની દીક્ષાદિ પ્રવૃતિ નિરર્થક હોઇ શકે જ નહીં.

એવું કથન પણ યોગ્ય નથી કે "કોઈ ઠગે સ્વયં દીક્ષા લઇને, પોતાની ખ્યાતિ પૂજા આદિને માટે લોકોને દગો દીધો છે." એવો તે કોણ હશે કે જે જીવનપર્યન્ત કલેશની અધિકતાવાળું કાર્ય કરતો રહીને પોતાની જાતને પીડિત કરતો રહે અથવા કલેશોના કૂપમાં પોતાની જાતને જ ધકેલી દે! કહ્યું પણ છે કે "**विफला विश्ववृतिः**" ઈત્યાદિ વિશ્વની વૃતિ (સંસારની પ્રવૃતિ) નિષ્ફળ પણ નથી. એક માત્ર દુઃખરૂપ ફુલ પ્રદાન કરનારી પણ નથી. તેનું ફલ પ્રત્યક્ષ દેખાય એવું પણ નથી અને તે ઠગાઈ રૂપ પણ નથી"

તે કારણે શાસ્ત્રોની અને મોક્ષની અભિલાષાવાળા મહાબુદ્ધિમાનોની મોક્ષને માટે પ્રવૃતિ જોવામાં આવે છે. તેથી જાણી શકાય છે કે આત્મા શરીરથી ભિન્ન છે. આરીતે યુક્તિથી, તર્કોથી અને પ્રમાણો દ્વારા આત્માની સત્તા સિદ્ધ થાય છે. પ્રમાણસિદ્ધ આત્માની સત્તા (વિદ્ય-

માનતા) સૌએ સ્વીકારવીજ જોઈએ, કહ્યું પણ છે કે "**युक्तिप्रमाणतर्कैश्च**" ઈત્યાદિ—યુક્તિ, પ્રમાણ અને તર્ક દ્વારા આત્માનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું. છે તેથી સૌએ દેહથી ભિન્ન એવા આત્માના અસ્તિત્વનો અવશ્ય સ્વીકાર કરવો જોઇએ. જો આત્મા શરીરથી ભિન્ન ન હોય, તો બાલ્યાવસ્થામાં અનુભવેલા પદાર્થનું સ્મરણ થવું જોઈએ નહીં, તથા તીર્થંકર આદિની તથા શાસ્ત્રોની મોક્ષને માટે પ્રવૃત્તિજ રહે નહીં. પરંતુ તેમની પ્રવૃત્તિ તો ચાલૂ જ રહે છે. તેથી પ્રવૃત્તિની અન્યથાનુપપત્તિની અપેક્ષાએ શરીરથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. સંગ્રહ ગાથાનો આ સંક્ષિપ્ત અર્થ છે. વિસ્તૃત અર્થ વ્યાખ્યાગ્રંથોમાંથી જ સમજવો જોઇએ. કહ્યું પણ છે કે- "**-स्मरणः मोक्षसिद्धयर्थं**" ઇત્યાદિ –જો શરીરથી ભિન્ન આત્મા ન હોત તો પૂર્વે અનુભવેલી વાતનું સ્મરણ ન થાત અને મોક્ષપ્રાપ્તિ માટે પ્રવૃત્તિ પણ ન થાત પરન્તુ પ્રવૃત્તિ તો થાય છે. આ પ્રકારે અત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

એજ પ્રમાણે પ્રત્યક્ષ કરતાં ભિન્ન એવા પ્રમાણની પણ સિદ્ધિ થાય છે. તે પ્રમાણ દ્વારા દેહ ઇન્દ્રિય, મન અને વિષય આદિથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થશે તેપ્રમાણ કયું છે, કે જેના દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે? આ પ્રશ્નના ઉત્તર રૂપે તે પ્રમાણને પરોક્ષ પ્રમાણ જ અહીં સમજવું. સ્વ અને પરનો નિશ્ચય કરનારા જ્ઞાનને પ્રમાણ કહે છે. તે પ્રમાણના બે ભેદ છે- (૧) પ્રત્યક્ષ પ્રમાણ અને (૨) પરોક્ષ પ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણના ચાક્ષુસ આદિ અનેક ભેદો પડે છે. પરોક્ષપ્રમાણના નીચે પ્રમાણે પાંચ પ્રકાર છે– (૧) સ્મરણ, (૨) પ્રત્યભિજ્ઞાન, (૩) તર્ક, (૪) અનુમાન અને (૫) આગમ. પરોક્ષ પ્રમાણના એક ભેદ રૂપ અનુમાન પ્રમાણ વડે દેહથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ આ પ્રમાણે સિદ્ધ થાયછે–

(૧) હું આત્માનું સ્મરણ કરૂં છું. ઈત્યાદિ પ્રતીતિ દ્વારા આત્માની સિદ્ધિ થાય છે. (૨) આ એજ આત્મા છે, આ પ્રતીતિ દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. (૩) જો આત્મા ન હોત, તો તેના જ્ઞાનાદિ ગુણોની ઉપલબ્ધિ ન થાત, પરન્તુ જ્ઞાનાદિ ગુણો ઉપલબ્ધ થઈ રહ્યા છે, તે કારણે આત્માનું અસ્તિત્વ છે, આ પ્રકારના તર્ક પ્રમાણ વડે પણ આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. હવે અનુમાન દ્વારા આત્માના અસ્તિત્વને સિદ્ધ કરવામાં આવે છે. (૪) આત્મા દેહ આદિથી ભિન્ન છે, કારણ કે તેના અસાધારણ ગુણોની ઉપલબ્ધિ થાય છે. ચક્ષુ આદિ ઇન્દ્રિયોના સમાન અનુમાન કાર્યલિંગક (કાર્યથી ઓળખાય એવુ.) હોય છે. જેમકે.... ચક્ષુ આદિ લબ્ધિ ઇન્દ્રિયો અતીન્દ્રિય હોવાથી દેખાતી નથી, પરન્તુ તેમનું કાર્ય રૂપાદિ વિષયક જ્ઞાન ઉપલબ્ધ થાય છે. તેના દ્વારા તે જ્ઞાનને ઉત્પન્ન કરનારી ચક્ષુઇન્દ્રિયનું ગ્રહણ થાય છે. જેમ રૂપાદિનું જ્ઞાન કરણપૂર્વક હોય છે, કારણ કે તે ક્રિયા છે, પદાદિ ક્રિયાના સમાન અથવા જેમ પર્વતમાં રહેલા અદૃશ્ય અગ્નિનું અસ્તિત્વ તેના કાર્ય રૂપ ધુમાડા વડે જાણી શકાય છે, એજ પ્રમાણે ચૈતન્ય ગુણોનો પૃથ્વી આદિ ભૂતોમાં સદ્ભાવ ન હોવા છતાં પણ, તેના કાર્ય રૂપ જ્ઞાનાદિ ગુણોની ઉપલબ્ધિ દ્વારા તેના કારણ રૂપ દેહાદિથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. આગળ એ વાતનું પ્રતિપાદન કરવામાં

આવ્યું છે કે ભૂતાદિમાં ચેતનાગુણનો સદ્ભાવ નથી, કારણકે જ્ઞાનમાં ભૌતિકતાનું ખંડન કરવમાં આવી ચુક્યું છે.

ચૈતન્ય, આત્માનો જ અસાધારણ ગુણ છે, અને તે ઉપલબ્ધ થાય છે. આ પ્રકારે કાર્યની ઉપલબ્ધિ દ્વારા કારણની એટલે કે દેહથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ થાય છે. તથા આત્મા દેહથી ભિન્ન છે કારણ કે પાંચ બારીઓ દ્વારા ઉપલબ્ધ અર્થોની સંકલના કરનાર એક દેવદત્તના સમાન, સમસ્ત ઇન્દ્રિયો દ્વારા ઉપલબ્ધ થતા અર્થવિષયક જ્ઞાનનો સંકલન કર્ત્તા આત્મા જ છે. તે દેવદત્તનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે છે. દેવદત્ત નામનો કોઈ એક પુરુષ પાંચ બારીઓવાળા એક ઘરમાં રહે છે. તે દેવદત્ત તે પાંચ બારીઓ દ્વારા જુદા જુદા પદાર્થનુ નિરીક્ષણ કરે છે, અને તે રીતે ઉત્પન્ન થયેલાં અનેક જ્ઞાનોની સંકલના કરે છે. એજ પ્રમાણે ચક્ષુ આદિ પાંચ ઇન્દ્રિયો બારીઓ જેવી છે, દેહ ઘર સમાન છે અને તે ઇન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય છે તેનો સંકલનકર્ત્તા આત્મા છે. તે આત્મા જ પરલોક ભાગી સ્વર્ગ મોક્ષ આદિમાં આપણો સાથીદાર છે અને દેહથી ભિન્ન છે.

તથા ઇન્દ્રિયો અર્થદ્રષ્ટા નથી પણ આત્માજ અર્થદ્રષ્ટા છે, કારણ કે ઇન્દ્રિયોનો વિનાશ થઈ જવા છતાં પણ તેમના દ્વારા ઉપલબ્ધ થયેલા અર્થનું વિસ્મરણ થતું નથી. જેમ બારીઓનો નાશ થવા છતાં પણ તે બારીઓમાંથી દેખેલા અર્થનું દેવદત્તને વિસ્મરણ થતું નથી, એજ પ્રમાણે ઇન્દ્રિયોનો નાશ થવા છતાં પણ તેમના દ્વારા ઉપલબ્ધ થયેલા અર્થનું પણ વિસ્મરણ થતું નથી. જે વ્યક્તિ જે પદાર્થનો અત્યારે ચક્ષુ આદિ ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરે છે, તે પુરુષની તે ઇન્દ્રિયોનો નાશ થઈ જવા છતાં પણ– અનુભવના સાધનનો નાશ થઇ જવા છતાં પણ– તે અનુભવનું સ્મરણ કરી શકતો હોય છે. એક પુરુષ, બીજા પુરુષ દ્વારા અનુભૂત પદાર્થનું સ્મરણ કરી શકતો નથી, આ વાતનો તો આપણે કોઇ પણ પ્રકારના વિવાદ વિના સ્વીકાર કરી લઈએ છીએ. "એકે દેખેલા પદાર્થનું સ્મરણ બીજી વ્યક્તિ કરી શકતી નથી," એવો નિયમ છે.

આ નિયમ પ્રમાણે વિચાર કરવામાં આવે તો ઇન્દ્રિયો, ભૂતો અને દેહ કરતાં આત્માનું અલગ અસ્તિત્વ આ પ્રકારે સિદ્ધ થાય છે– જો ઇન્દ્રિયો પોતે જ રૂપ, સ્પર્શ આદિનો અનુભવ કરનારી હોત, તો ચક્ષુનો વિનાશ થઈ જતાં, કાળાન્તરે તેણે દેખેલા પદાર્થનું સ્મરણ કોઈ પણ પ્રકારે સંભવી શકત નહીં. જેવી રીતે દેવદત્ત દ્વારા દેખવામાં આવેલા પદાર્થનુ સ્મરણ યજ્ઞદત્ત આદિને થઈ શકતું નથી, એજ પ્રમાણે જ્ઞાનના કર્ત્તાનો (ચક્ષુ આદિનો) વિનાશ થઇ ગયા બાદ, તેના દ્વારા દેખેલા રૂપ આદિનું સ્મરણ સ્પર્શેન્દ્રિય આદિ દ્વારા કેવી રીતે થઈ શકે? પરન્તુ એ વાત તો સૌને વિદિત છે કે ચક્ષુનો નાશ થવા છતાં પણ કાલાન્તરે રૂપનું સ્મરણ થાયછે. તેથી એ વાત નિશ્ચિત થાય છે કે દેહ, ઇન્દ્રિયો અને ભૂતોથી ભિન્ન એવા આત્માનું અસ્તિત્વ છે.

અર્થાપત્તિ પ્રમાણનો આધાર લઇને પણ આત્માને દેહ આદિથી ભિન્ન સિદ્ધ કરી શકાય છે. જેમકે માટીમાંથી બનાવેલી માણસ આદિની પુતળીમાં પૃથ્વી આદિ પાંચે ભૂતોનો સમુદાય મોજૂદ હોવા છતાં પણ તે પુતળીમાં સુખ, દુઃખ, ઇચ્છા, પ્રયત્ન, જ્ઞાન આદિ ગુણોનો સદ્ભાવ જણાતો નથી. આ દૃષ્ટાન્ત દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે ચૈતન્ય સ્વરૂપ આત્મા પાંચ મહાભૂતોથી ભિન્ન છે. તે આત્મા પરલોકગામી છે.

વળી "હું સુખેથી સૂતો, મને કંઈ ખબર પણ ન પડી," આપ્રકારના શયન કરનારના જ્ઞાન દ્વારા એવું અનુમાન થઇ શકે છે કે- સુપ્તાવસ્થામાં સુખની અનુભૂતિ થાય છે. જાગૃતિના સમયમાં તો "હું સુખી છું" આ પ્રકારનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તે કારણે પણ આત્માની ભિન્નતા સિદ્ધ થાય છે·

આત્માનું અસ્તિત્વ આ પ્રકારે પણ સિદ્ધ કરી શકાય છે- સજીવ શરીરમાં કોઈ જગ્યાએ ઘા વાગ્યો હોય, તો તે ઘા ભરાઈ જાય છે, શરીરમાં કોઈ કારણે ક્ષીણતા આવી ગઈ હોય તો તે ક્ષીણતા દૂર થઇને પુષ્ટતા આવી જાય છે. નિર્જીવમાં આ બધું સંભવી શકતું નથી. આ પ્રકારના અનુમાનો દ્વારા આત્માનું અસ્તિત્વ જાણી શકાય છે.

"સુખ આદિનું ઉપાદાન કારણ દેહ છે," આ કથન ઉચિત નથી, કારણ કે મૃત શરીરમાં સુખાદિનો અનુભવ થતો જોવામાં આવતો નથી, ઈત્યાદિ અનેક હેતુઓ (કારણો) દ્વારા શરીર આદિની આત્મરૂપતાનો અસ્વીકાર આગળના કથન દ્વારા કરવામાં આવ્યો છે. આ પ્રકારે પ્રત્યક્ષ અનુમાન આદિ પૂર્વક અર્થાપત્તિ પ્રમાણ દ્વારા આત્માનું અસ્તિત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

પ્રમાણ દ્વારા સિદ્ધ પદાર્થ જે અદૃષ્ટ પદાર્થ વિના—જે અદૃષ્ટ પદાર્થ ન હોય તે છતાં પણ તેની કલ્પના કરાવે છે, તેને "અર્થાપત્તિ પ્રમાણ" કહે છે અર્થાપત્તિનું લક્ષણ કહ્યું છે— "**प्रमाणषट्कविज्ञातो**" ઈત્યાદિ છ પ્રમાણોમાંના કોઈ પણ પ્રમાણ દ્વારા કોઇ પદાર્થનુ અસ્તિત્વ સિદ્ધ થયેલું હોય, અને જે પદાર્થના વિના ઉત્પન્ન ન થઇ શકતો હોય, તેના દ્વારા તે અદૃષ્ટ પદાર્થની કલ્પના કરી શકાયછે. આ પ્રકારના લક્ષણવાળું અર્થાપત્તિ પ્રમાણ છે. એટલે કે ઉપપાદ્યના જ્ઞાન વડે ઉપપાદકની કલ્પના કરવી તેનુ નામ અર્થાપત્તિ છે. જેમકે કોઇ દેવદત્ત નામના માણસનું ૧૦૦ વર્ષનું આયુષ્ય જ્યોતિષશાસ્ત્ર દ્વારા બતાવવામાં આવ્યું છે. તે દેવદત્ત ઘરમાં પ્રત્યેક્ષ દેખાતો ન હોય, ત્યારે તે ઘરની બહાર જ હોવો જોઇએ એવું નિશ્ચિત થાય છે. કારણ કે તેનું સો વર્ષનું આયુષ્ય હોવાથી તેને મરી ગયેલો માની શકાય એમ નથી અને ઘરમાં તેનું અસ્તિત્વ નથી તેથી. તે બહાર ગયો હશે, તે વાત નક્કી થઈ જાય છે. અર્થાપત્તિ બે પ્રકારની કહી છે- (૧) દૃષ્ટાર્થાપત્તિ અને (૨) શ્રુતાર્થાપત્તિ દૃષ્ટાર્થાપત્તિનું ઉદાહરણ તો ઉપર આપવામાં આવ્યું છે. શ્રુતાર્થાપત્તિનું ઉદાહરણ આ પ્રમાણે છે- "સ્વર્ગની અભિલાષા રાખનાર વ્યક્તિએ ધર્મનું આચરણ કરવું જોઇએ," ઈત્યાદિ "ક્ષણવિનશ્વર દાન તથા જીવરક્ષા આદિ કાલાન્તરે ઉદ્ભવનાર સ્વર્ગ આદિ ફલોના જનક થઈ શકતા નથી." આ પ્રકારના અર્થાપત્તિ પ્રમાણ વડે દાન' જીવરક્ષા અને મોક્ષના મધ્યવર્તી અપૂર્વની કલ્પના કરાય છે.

એજ પ્રમાણે આગમ દ્વારા પણ દેહ આદિથી ભિન્ન આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કરાય છે. સ્વકીય આગમ આ પ્રમાણે કહે છે- "મારો આત્મા પરલોકગામી છે." પરકીય આગમ દ્વારા પણ એજ વાત સિદ્ધ થાય છે કે- "**आत्मानं रथिनं विद्धि**" ઈત્યાદિ—

"આત્માને રથી સમજો, શરીરને રથ સમજો, બુદ્ધિને સારથિ સમજો અને મનને પગહી (લગામ) સમજો."

"જે મનુષ્ય વિજ્ઞાન રૂપી સારથીવાળો છે, અને મન રૂપી લગામ વાળો છે, તે યોગ્ય માર્ગે ચાલીને "ષટ્" ને (મોક્ષને) પ્રાપ્ત કરી લે છે. એજ વિષ્ણુનું પરમપદ છે."

તથા– **"स आत्मा तत्त्वमसि, अयमात्मा सर्वानुभूः"** ઇત્યાદિ આગમો વડે પણ આત્મા સિદ્ધ થાય છે.

પ્રશ્ન– અર્થાપત્તિ અને પરકીય આગમોની પ્રમાણતાનો આપ સ્વીકાર કરતા નથી. છતાં અહીં આપે તેમનો ઉલ્લેખ શા કારણે કર્યો છે.'

ઉત્તર–અર્થાપત્તિનો અનુમાનમાં જ સમાવેશ થઈ જાય છે. તેથી તેને અલગ પ્રમાણ રૂપ માની શકાય નહીં તથા અવિરુદ્ધ અંશમાં (જે બાબતમાં વિરોધ જ નથી તેમાં) પરકીય આગમનો સ્વીકાર કરવામાં પણ કોઈ વાંધો નથી. પરકીય આગમનો સ્વીકાર કરવાથી જ્યાં સ્વમતને હાનિ થતી હોય, ત્યાંજ પરકીય આગમને અપ્રમાણ રૂપ માનવામાં આવે છે. આપણા ઘરના કલહમાં તેની સાથે વિવાદ છે, આત્માના વિષયમાં વિવાદ નથી, કારણ કે અમે બન્ને પક્ષો મોક્ષનો તો સ્વીકાર જ કરીએ છીએ જે લોકો મોક્ષમાં માનતા નથી, તેમની સાથે જ્યારે શાસ્ત્રાર્થ કરવાનો પ્રસંગ ઉદ્ભવે છે, ત્યારે અમે સઘળા દાર્શનિકો ભેગા થઇને તે અનાત્માવાદીઓના મતનું ખંડન કરીએ છીએ જેના દ્વારા સ્વર્ગ, નરક, મોક્ષ આદિનો સદ્ભાવ સિદ્ધ થઈ જાય, એવાં સ્વકીય આગમો અને પરકીય આગમોની અહીં ચર્ચા કરવામાં આવી છે.

આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે ઘણાં પ્રમાણોની શી આવશ્યકતા છે? મુખ્ય પ્રમાણ પ્રત્યક્ષ દ્વારા જ આત્માનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે. તે આ પ્રકારે સિદ્ધ થાય છે. આત્માના જ્ઞાન, ઈચ્છા, પ્રયત્ન આદિ ગુણો માનસપ્રત્યક્ષ દ્વારા જ પ્રત્યક્ષ કરાય છે. તથા ગુણ અને ગુણી એક હોવાને કારણે આત્મા પણ માનસ પ્રત્યક્ષ જ છે. તે આત્મા ધર્મ અને અધર્મનો આશ્રય ભૂત થતો થકો કારણ છે. તથા જ્ઞાનાદિ વિશેષ ગુણોના સંબંધથી તેનો પણ પ્રત્યક્ષ રૂપે અનુભવ થાય છે. કહ્યું પણ છે કે.... વિશેષ ગુણોના સંબંધથી

ધર્મ અને અધર્મનો આશ્રય (આત્મા) પણ પ્રત્યક્ષ જ છે. જેવી રીતે રૂપ આદિ ગુણો, ચક્ષુરિન્દ્રિય જન્ય જ્ઞાનનો વિષય હોવાથી, તેમનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, એજ પ્રમાણે રૂપાદિ ગુણોવાળા ઘટાદિ પણ પ્રત્યક્ષ જ થાયછે. ઘટ (ઘડો) આદિની પ્રત્યક્ષતામાં કોઇને વિવાદ કરવા જેવું પણ લાગતું નથી અને બીજા પ્રમાણની શોધ પણ કરવી પડતી નથી, એજ પ્રમાણે જો જ્ઞાનાદિ ગુણો માનસ પ્રત્યક્ષ હોય, તો તેમનાથી અભિન્ન એવો આત્મા પણ માનસપ્રત્યક્ષ જ છે. એજ પ્રકારે "હું સુખી છું, દુઃખી છું" ઇત્યાદિ રૂપે આત્મા પણ માનસપ્રત્યક્ષ વડે ગ્રાહ્ય જ છે. તેથી અન્ય પ્રમાણોને શોધવાની જરૂર જ રહેતી નથી.

નૈયાયિક મતમાં ગુણ અને દ્રવ્યમાં ભેદ માનવામાં આવેલ છે. તે મત પ્રમાણે મન વડે સુખ આદિનું ગ્રહણ થાય છે અને એજ મન વડે સુખના આધાર ભૂત જીવનું પણ ગ્રહણ થાય છે. જૈનમત પ્રમાણે તો ગુણ અને ગુણી કેટલેક અંશે અભિન્ન છે. તેથી સુખાદિનો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે સુખાદિથી અભિન્ન એવા જીવનું પણ ગ્રહણ થઈ જાય છે. આ પ્રકારે તે બન્ને મતોમાં ભેદ છે. છતાં તે બન્નેમાં અભેદ પણ છે. કેવી રીતે અભેદ છે? બન્નેમાં પ્રત્યક્ષ વિષયતા સમાન છે. જેવી રીતે નૈયાયિક મતમાં આત્માને માનસ-પ્રત્યક્ષ માનવામાં આવ્યો છે, એ જ પ્રમાણે અનેકાન્ત મતમાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષજ છે.

"સ્થૂલતા આદિના યોગથી દેહ જ આત્મા છે, તેનાથી અલગ આત્માનું અસ્તિત્વ નથી." "**मम देहोऽयम्**" એટલે કે "આ મારો દેહ છે," આ પ્રકારનું કથન ઔપચારિક રીતે થાય છે. અહીં આત્માને દેહસ્વરૂપ કહ્યો છે અને "મારો દેહ" આ પ્રકારના કથનને ઔપચારિક કહેવામાં આવ્યું છે. આ કથન ઉચિત નથી. "મારો દેહ" ઇત્યાદિ પ્રતીતિ દ્વારા દેહથી ભિન્ન એવા આત્માનું જ સમર્થન કરવામાં આવ્યું છે. જ્યારે મુખ્યમાં બાધા (અવરોધ, મુશ્કેલી) આવે છે, ત્યારે કોઈ પ્રતીતિને ઉપચરિત માનવાં આવે છે. પરન્તુ શરીર અને આત્માની ભિન્નતા પ્રમાણો દ્વારા સિદ્ધ કરવામાં આવી ચુકી છે, તેથી "મારૂં ઘર" આ પ્રતીતિના સમાન "મારૂં શરીર" આ પ્રતીતિ પણ શરીર અને આત્માના ભેદનું જ પ્રતિપાદન કરે છે. તેને મુખ્ય પ્રતીતિ માનવામાં કોઈ વાંધો નથી.

તમે એવું જે કહ્યું કે "ચૈતન્ય ભૂતોથી ભિન્ન નથી, કારણ કે તે ભૂતોનું કાર્ય છે. જેમ કે ઘડો," તો આપનું તે કથન ઉચિત નથી. કારણ કે અહીં "ભૂતકાર્યત્વ" હેતુ સ્વરૂપસિદ્ધ છે જ્યાં હેતુ પક્ષમાં રહેતો નથી, ત્યાં હેતુનો અભાવ હોવાથી પક્ષમા સ્વરૂપસિદ્ધિ થાય છે. જેમ કે "શબ્દ ગુણ છે, કારણ કે તે ચાક્ષુષ (ચક્ષુઇન્દ્રિય દ્વારા ગ્રાહ્ય) છે." અહીં ચાક્ષુષત્વ રૂપ હેતુનો શબ્દ રૂપ પક્ષમાં સદ્ભાવ નહીં હોવાને કારણે સ્વરૂપ અસિદ્ધ છે, શબ્દ શ્રોત્રેન્દ્રિય જન્ય જ્ઞાનનો વિષય હોવાથી શ્રોત્રેન્દ્રિય દ્વારા જ ગ્રાહ્યછે. તેમાં ચાક્ષુષતાનો સદ્ભાવ નહીં હોવાને કારણે તે સ્વરૂપાસિદ્ધ છે. એજ પ્રકારે "ભૂતકાર્યત્વ" હેતુ ચૈતન્ય રૂપ પક્ષમાં રહેતો નથી, તેથી તે પણ સ્વરૂપાસિદ્ધ છે. ચૈતન્યને ભૂતોના કાર્ય રૂપ માની શકાય નહીં, કારણ કે તેમાં ભૂતોના ગુણોનો અભાવ હોય છે. તથા ચૈતન્ય જો ભૂતોનું કાર્ય હોત, તો સંકલનાપ્રત્યયનો અભાવ હોત' આ પ્રકારે વિરોધી હેતુઓ વિદ્યમાન હોવાથી ચૈતન્ય ભૂતોનું કાર્ય નથી, પરન્તુ જ્ઞાનાદિ ગુણો તો આત્માના જ કાર્યરૂપ છે.

પ્રશ્ન– "આત્મા જ્ઞાનનો આધાર છે અને જ્ઞાનથી ભિન્ન છે," આ મત કેવી રીતે સ્વીકાર્ય બની શકે? આપ એવી દલીલ કરી શકો નહીં કે "જો એવો સ્વીકાર ન કરવવામાં આવે તો સંકલના આદિ કેવી રીતે થશે." જ્ઞાન વડે જ સંકલના આદિ થઇ શકે છે. જ્ઞાન સ્વપ્રકાશક છે, કારણ કે તે જ્ઞાનાન્તર દ્વારા વેદ્ય (જાણવા યોગ્ય) નથી, પરન્તુ અપરોક્ષ વ્યવહારને યોગ્ય છે. જે સ્વપ્રકાશક ન હોય તે જ્ઞાનાન્તર વડે જ્ઞેય ન થવાને લીધે અપરોક્ષ વ્યવહારને યોગ્ય હોતું નથી, જેમ કે ઘટ (ઘડો)

જો જ્ઞાનને કોઈ બીજા જ્ઞાન દ્વારા જાણવામાં આવે, તો ઘડાને જાણવાને માટે જ્ઞાનની જેમ આવશ્યકતા રહે છે, તેમ જ્ઞાનને જાણવા માટે બીજા જ્ઞાનની આવશ્યકતા રહે! આ પ્રકારે તો બીજા, ત્રીજા, ચોથા ઇત્યાદિ જ્ઞાનોના પ્રવાહને સ્વીકારવાનો અન્ત જ નહીં આવે! આ પ્રકારે તો અનવસ્થા દોષનો પ્રસંગ પ્રાપ્ત થશે. જો જ્ઞાનોના પ્રવાહનો કોઈ પણ સ્થાને અન્ત માનવામાં આવે, તો અન્તિમ જ્ઞાન અજ્ઞાત રહેશે. તેની ઉત્પત્તિના વિષયમાં સંશય આદિનો સંભવ હોવાને કારણે તેની પહેલાંના સઘળા જ્ઞાનો અજ્ઞાન રૂપ જ મનાશે. આ પ્રકારે તો સન્દેહ અને વિપર્યવનો જ પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેથી જ જ્ઞાનને સ્વપ્રકાશક માનવું જ પડશે. તદુપરાંત જ્ઞાન જો જડ હોય અને વિષય પણ જડ હોય, તો કોના દ્વારા કોણ પ્રકટ થશે? એવું બને, તો જગતમાં અંધતા જ વ્યાપી જાય. જ્ઞાન ઉત્પન્ન થઇ ગયા બાદ કોઇને પણ સન્દેહ અથવા વિપર્યવ થવાનું સંભવી શકતું નથી. તેથી સ્વપ્રકાશાત્મક જ્ઞાનનો, શરીરના આકાર રૂપે પરિણત અચેતન ભૂતોની સાથે સંબંધ થવાથી સુખ દુઃખ, ઇચ્છા આદિ સઘળા ગુણોની ઉત્પત્તિ થઈ જાય છે. આ પ્રમાણે માનવાથી સંકલના પ્રત્યય પણ શક્ય બની જાય છે અને એક ભવમાંથી બીજા ભવમાં ગમન પણ ઘટિત થઇ જાય છે. આ પ્રકારે સઘળી વ્યવસ્થા સંગત બની જતી હોય, તો અલગ આત્માની કલ્પના કરવાથી શો લાભ થાય તેમ છે?

સૂત્રકાર આ પ્રશ્નનું હવે સમાધાન કરે છે—

જ્ઞાન સ્વપ્રકાશક છે, એ વાત સત્યછે. છતાં પણ તે જ્ઞાનનો આધાર અને જ્ઞાન કરતાં કંઇક ભિન્ન એવા. આત્માનો તો સ્વીકાર કરવો જ જોઇએ. એવો સ્વીકાર નહીં કરો તો

સંકલના જ્ઞાન અસંભવિત થશે, કારણુ કે પ્રત્યેક ઇન્દ્રિય પોત પોતાના વિષયને ગ્રહણુ કરવાને સમર્થ હોય છે. ચક્ષુ દ્વારા રૂપને જ જાણી શકાય છે, રસાદિનો અનુભવ ચક્ષુ દ્વારા કદી થઈ શકતો નથી. આ પ્રકારે ઇન્દ્રિયોથી ભિન્ન એવા આત્માનો સદ્ભાવ ન હોય, તો જ્ઞાપકનો અભાવ હોવાથી "મેં પાંચ વિષય જાણ્યા," આ પ્રકારના સંકલના જ્ઞાનનો અભાવ થઈ જશે. તેથી જ્ઞાનના આધાર રૂપ અને જ્ઞાનથી કંઈક ભિન્ન એવા આત્માનો સ્વીકાર અવશ્ય કરવોજ જોઈએ. જ્ઞાનનું અધિકરણુ (આધાર) કોઇ દ્રવ્ય નથી, પરન્તુ "આલય" (આધાર) આ નામાન્તર વાળું જ્ઞાન જ પ્રવૃત્તિવિજ્ઞાનનું જનક હોયછે અને એજ અધિકરણુ રૂપ પણુ છે. એટલે કે વિજ્ઞાન બે પ્રકારનું છે- (૧) આલય વિજ્ઞાન અને (૨)પ્રવૃત્તિવિજ્ઞાન. તેમાંથી "**अहम्**" "હું" પ્રત્યયનો આધાર અને સુખાદિનું અનુસન્ધાન કર્ત્તા આલયવિજ્ઞાન છે. અને ઘટ આદિને વિષય કરનારૂં (ગ્રહણુ કરનારૂં) જે વિજ્ઞાન છે તેને પ્રવૃત્તિવિજ્ઞાન કહે છે. કહ્યું પણુ છે કે- "**तत्स्यादालयविज्ञानं**" ઈત્યાદિ "જે "અહમ્ હું" પ્રત્યય (અનુભવ) ના આધાર રૂપ વિશિષ્ટ જ્ઞાનછે તેને આલયવિજ્ઞાન કહે છે, અને જે નીલાદિ પદાર્થોને જાણે છે તે વિશિષ્ટ જ્ઞાનને પ્રવૃત્તિ વિજ્ઞાન કહે છે."

આ પ્રકારે સંકલના જ્ઞાન આદિ પણુ ઘટિત થઈ જાય છે, તેથી જ્ઞાનથી ભિન્ન એવા આત્માનો સદ્ભાવ માનવાનો પ્રયાસ જ નકામો છે,"

આ પ્રકારનું કથન પણુ ઉચિત નથી. સ્વપ્રકાશક જ્ઞાનના સ્વરૂપભેદને નજર સમક્ષ રાખીને, જો આપ સમસ્ત વ્યવસ્થાને સંગત કહેતા હો, તો તે નામમાત્રનો જ ભેદ થયો. આત્મવાદી આત્માને ઘટાદિના જ્ઞાનોનું અને સુખાદિનું અધિકરણુ માને છે. આપે પણુ આલયવિજ્ઞાનનું એજ સ્વરૂપ સ્વીકાર્યું છે આ પ્રકારે આલયવિજ્ઞાનનું નામ દઇને આપે પણુ જીવનો જ સ્વીકાર કર્યો છે. જ્ઞાનગુણુ ગુણીને (આત્માને) છોડીને અન્યમાં રહી શકતો નથી, અને વિના આધાર પણુ રહી શકતો નથી. તેથી જ જો જ્ઞાનગુણુનો સદ્ભાવ માનવામાં આવે, તો ગુણુવાન આત્માનો પણુ સદ્ભાવ સ્વીકારવો જ જોઇએ.

પ્રશ્ન- આપે જ્ઞાનને સ્વપ્રકાશક કહ્યું છે. અને માન્યું છે. "જે જ્ઞાન સ્વનો (પોતાનો) અને પરને નિશ્ચય કરે છે, તેનું નામ પ્રમાણુ છે." આ સૂત્રમાં એજ વાત કહેવામાં આવી છે કે જે સ્વ અથવા પોતાની જાતનો અને પર એટલે કે અર્થનો નિશ્ચય કરે છે, તેનેજ પ્રમાણુ કહે છે. આ પ્રમાણે પ્રજ્ઞાપિત કરનાર ભગવાને જ્ઞાનની સ્વપ્રકાશતા અને પરપ્રકાશતાનો સ્વીકાર કર્યો છે. જ્ઞાનને સ્વપ્રકાશક ન માનવામાં આવે, તો અનવસ્થા દોષ અને જગતની અંધતાના પ્રસંગ રૂપ દંડનું પણુ આપે કથન કર્યું છે, તો અહી પોતાના જ્ઞાનની પરિશુદ્ધિને માટે તથા વિદ્વાનોના પ્રમોદને માટે જ્ઞાનની સ્વપ્રકાશકતાની થોડી ચર્ચા કરવામાં આવે છે. પોતાને સંતોષ થઇ જવા માત્રથી જ પદાર્થ નિર્દોષ સિદ્ધ થઇ જતો નથી, પરન્તુ બીજા લોકોને પણુ સંતોષ થવો જોઇએ. કહ્યું પણુ છે કે-"**अपरितोषाद्विदुषाम्**" ઇત્યાદિ વિદ્વાનોને જો સંતોષ ન થાય, તો પ્રયોગવિજ્ઞાનને હું સમીચીન માનતો નથી. સારી રીતે શિક્ષા પ્રાપ્ત કરી લેવા છતાં પણુ પોતાના મનમાં વિશ્વાસ ઉત્પન્ન થતો નથી.

તેથીં જ્ઞાનની સ્વપ્રકાશતાની અપેક્ષાએ આ પ્રમાણે વિચારણા કરવામાં આવે છે આપની માન્યતા અનુસાર સ્વપ્રકાશ શું છે? (૧) શું સ્વરૂપ પ્રકાશને આપ સ્વપ્રકાશ માનો છો? અથવા (૨) સ્વનો સ્વયં પ્રકાશ થવો, તે સ્વપ્રકાશ છે? અથવા (૩) સજાતીય પ્રકાશ દ્વારા પ્રકાશ્ય ન થવું, તેનું નામ સ્વપ્રકાશ છે? અથવા અવેદ્ય (અજ્ઞેય) હોવા છતાં પણ અપરોક્ષ વ્યવહારને યોગ્ય હોવું તેનું નામ સ્વપ્રકાશત્વ છે?

આ ચાર વિકલ્પોમાંનો પહેલો વિકલ્પ સ્વીકાર્ય નથી કારણ કે મીમાંસકોએ બીજા જ્ઞાનના દ્વારા વેદ્ય જ્ઞાનને પણ સ્વપ્રકાશક રૂપે સ્વીકાર્યું છે, તેથી આપના લક્ષણમાં અતિ- વ્યાપ્તિ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. "અતિવ્યાપ્તિ દોષ આવતો હોયતો ભલે આવતો તેમાં શી હાનિ છે?" એ પ્રકારનું કથન પણ યોગ્ય નથી. કારણ કે ઈતર ભેદાનુમાન સાધક હેતુમાં વ્યભિચારનો (અવળે માર્ગે દોરી જનાર) સદ્ભાવ આવવાનો પ્રસંગ આવે છે. આ કથનનું તાપ્તર્ય એ છે કે–

લક્ષણ લક્ષ્યથી અન્ય પદાર્થો સાથેની વ્યાવૃત્તિ (ભિન્નતા) નું પ્રતિપાદન કરે છે અને વ્યવહાર કરાવે છે. "વ્યાવૃત્તિ અને વ્યવહાર લક્ષણના પ્રયોજન છે." એવો નિયમ છે. તેથી લક્ષણના ત્રણ દોષ કહ્યા છે

(અવ્યાપ્તિ (૨) અતિવ્યાપ્તિ અને (૩) અસંભવ. લક્ષ્યતાચ્છેદકના (પદાર્થનો નિર્ણય કર નાર) સમાનાધિકરણ અત્યન્તાભાવનું પ્રતિયોગિત્વ (અભાવ) હોવુંતેનું નામ લક્ષ્યના એક દેશમાં લક્ષણનો અભાવ છે. જેમ કે કોઈ વ્યક્તિ નીલા રંગને ગાયનું લક્ષણ કહે છે. પરન્તુ લક્ષ્યતાવચ્છેદક એટલે કે ગોત્વના અધિકરણમાં સફેદ ગાયમાં નીલ રૂપનો અભાવ જોવામાં આવે છે. તેથી આ લક્ષણમાં અવ્યાપ્તિ દોષનો પ્રસંગ આવે છે. તથા લક્ષ્યતાવચ્છેદકની સમાનાધિકરણુતા હોય ત્યારે લક્ષ્યતાવચ્છેદકથી અવચ્છિન્ન (હમેશા– રહેનાર) અન્યોન્યાભાવની સમાનાધિકરણુતાને અલક્ષ્યમાં લક્ષણનુ ગમન કહે છે. જેમ કે કોઈએ ગાયનું એવું લક્ષણ કહ્યું કે ગાયને શિંગડાં હોય છે. આ કથન દ્વારા શ્રૃંગયુક્તતાને ગાયનું લક્ષણ કહેવામાં આવેલ છે, અહીં શ્રૃંગવત્વ લક્ષ્યતાવચ્છેદક ગોત્વના અધિકરણ ગાયમાં પણ રહે છે અને સાથે સાથે ગોત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાનું જ્ઞાપક ઇત્યાકારક અન્યોન્યાભાવના અધિકરણ ભેંસ–આદિમાં પણ શ્રૃંગત્વનો સદ્ભાવ રહે છે. આ રીતે અલ- ક્ષ્યમાં એટલે કે ભેંસ આદિમાં શૃંગત્વનો સદ્ભાવ હોવાને કારણે, આ લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષનો સદ્ભાવ રહે છે, તથા લક્ષ્યમાં તે લક્ષણનો સદ્ભાવ જ ન હોવો, તેનું નામ અસંભવ દોષ છે, જેમ કે "ફાટ વિનાની ખરી–આખી ખરી હોવી" તે ગાયનું લક્ષણ છે આ પ્રકારના લક્ષણમાં અસંભવ દોષ રહેલો છે કારણ કે પ્રત્યેક ગાયને બેખરી-ફાટવાળી ખરી હોય છે આખી ખરીનો સદ્ભાવ તો ઘોડા ગદેડા આદિમાં જોવામાં આવે છે

આ પ્રકારે બીજાની સાથેના ભેદનું અનુમાન કરતી વખતે લક્ષણ જ હેતુ બની જાય છે. શિંગડાંવાળી હોવાને કારણે ગાય અન્ય પ્રાણીઓ કરતા ભિન્ન છે, આ અનુમાનમાં અતિવ્યાપ્તિ દોષ રહેલો છે. કારણ કે ભેંસોમાં પણ શ્રૃંગયુક્તતા રહેલી જ હોય છે. આ લક્ષણ દ્વારા ભેંસોમાં ગાય કરતાભિન્નતાનો અભાવ જ દેખાય છે, તેથી આ પ્રકારનું

લક્ષણ અતિવ્યાપ્તિ દોષ રૂપ છે, તેથી એવો પ્રયત્ન કરવો જોઇએ કે લક્ષણમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ આદિ દોષોનો સદ્‌ભાવ જ ન રહે. સ્વપ્રકાશકના પ્રકૃત (પ્રસ્તુત) લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તો તેના દ્વારા ઉપયુક્ત માન્યતાનું શું ખંડન થતું નથી? બીજો પક્ષ (વિકલ્પ) સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે પોતાની જાતમાં જ કર્તા અને કર્મપણાનો સદ્‌ભાવ હોવાની વાત સંભવી શકતી નથી. એટલે કે જે કર્તા હોય એજ કર્મ પણ હોય – કર્તા અને કર્મ એક જ હોય એવું પણ સંભવી શકતું નથી. કર્મ પર સમવેત (પરની સાથે સમવાય સંબંધથી રહેનારી) ક્રિયા દ્વારા જનિત ફલવાળું હોય છે. જેમ કે "દેવદત્ત ગામ જાય છે" અહીં દેવદત્તમાં સમવેત (સમવાય સંબંધથી રહેનારી) ક્રિયા દ્વારા ઉત્પન્ન થનારા સંયોગ રૂપ ફળવાળું હોવાને કારણે "ગામ" પદ કર્મ છે. અહીં 'દેવદત્ત' કર્તા છે અને 'ગામ' કર્મ છે; આ રીતે બન્ને ભિન્ન ભિન્ન છે. આ પ્રમાણે કર્તા અને કર્મમાં ભેદ હોવો, તે આવશ્યક છે. તે કારણે "**मल्लो मल्लं गच्छति**" એવો પ્રયોગ થાય છે. પરન્તુ "**स्वः स्वं गच्छति**", આ પ્રકારનો પ્રયોગ થતો નથી. એજ પ્રમાણે અહીં પણ જ્ઞાન જ કર્તા અને જ્ઞાન જ કર્મ હોવાથી લક્ષણમાં અસંભવ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

ત્રીજો પક્ષ (ત્રીજી માન્યતા રૂપ વિકલ્પ) પણ સ્વીકારી શકાય તેમ નથી. દીપકના સજાતીય એવા બીજા દીપક દ્વારા દીપકમાં પ્રકાશ્યતા સંભવી શકતી નથી, તે કારણે અહીં અતિવ્યાપ્તિ દોષનો સંભવ રહે છે. ઘટાદિ પણ પોતાના સજાતીય અન્ય ઘટ આદિના પ્રકાશ વડે પ્રકાશ્ય નથી, તેથી તેઓ સ્વપ્રકાશ રૂપ ન હોવા છતાં પણ સ્વપ્રકાશ રૂપ હોવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. (કારણકે આપે સજાતીયના પ્રકાશથી પ્રકાશમાન ન થવાને જ"સ્વપ્રકાશ" માન્યો છે.) દીપકમાં અથવા જ્ઞાનમાં ઘટત્વ આદિ જાતિ સામાન્ય રહેતી નથી કે જેના દ્વારા તેમનામાં (ઘટાદિમાં) સજાતીયના પ્રકાશ વડે પ્રકાશ્યતા હોય. સત્તા (વિદ્યમાનતા) રૂપ જાતિને પ્રધાન માનીને પ્રદીપ અને ઘટ સજાતીય છે, એવું કહી શકાય નહીં. જો વ્યાપક ધર્મને પ્રધાન માનીને સજાતીયતાની વ્યવસ્થાનો સ્વીકાર કરવામાં આવે, તો "સજાતીય" આ વિશેષણ જ વ્યર્થ બની જશે, કારણ કે એવું માનવામાં આવે તો કોઈ પણ પ્રકાશ સત્તાથી રહિત નથી કે જેની વ્યાવૃત્તિ (અભાવ) ને માટે "સજાતીય" આ વિશેષણનો પ્રયોગ કરી શકાય. એટલે કે સત્તા સઘળા પ્રકાશોમાં રહે છે, તેથી સઘળા પ્રકાશ સજાતીય થઈ જશે; કોઇ પણ પ્રકાશ વિજાતીય નહીં હોય. પછી કોની વ્યાવૃત્તિને માટે "સજાતીય" વિશેષણનો પ્રયોગ કરવામાં આવશે?

ચોથો પક્ષ – ચોથી માન્યતા – પણ સંગત લાગતી નથી. જ્ઞાનને જો અવેદ્ય માનશો, તો પ્રમાણનો વિષય નહીં હોવાથી ચર્ચાનો પ્રસંગ જ ઉપસ્થિત નહીં થાય.

"અપરોક્ષ વ્યવહાર યોગ્યત્વ" આ પ્રમાણે કહીને આપે પોતે જ તેને પ્રત્યક્ષ જ્ઞાનના વિષય રૂપ કહેલ છે, તો સાથે તેને અવેદ્ય એટલે કે અજ્ઞેય કહેવું તે પોતાની માતાને વંધ્યા કહેવા સમાન પરસ્પર વિરુદ્ધતાનો ભાવ જ પ્રકટ કરે છે. એટલે કે જ્ઞાન જો અવેદ્ય હોય, તો પ્રત્યક્ષના વિષય રૂપ સંભવી શકે નહીં, અને જો પ્રત્યક્ષના વિષય રૂપ હોય તો અવેદ્ય સંભવી શકતું નથી. તદુપરાંત સુષુપ્તિ, મુક્તિ અને પ્રલયની અવસ્થામાં સઘળા વ્યવહારોનો અભાવ થઇ જાય છે, તેથી જ્ઞાનમાં "વ્યવહાર" આ વિશેષણનો પણ અભાવ

હોવાથી લક્ષણમાં અવ્યાપ્તિ દોષ છે. તે સિવાય યોગ્યત્વનો અર્થ શો છે? વિશેષણ કે ઉપલક્ષણ ? પ્રથમ પક્ષમાં – પહેલો વિકલ્પ સ્વીકારવામાં અસંભવ દોષ આવે છે, કારણ કે તે અવસ્થામાં કોઇ પણ વિશેષણનો અભાવ છે. બીજો પક્ષ સ્વીકારવામાં આવે, તો જ્ઞાન-સ્વરૂપ આત્માનો વ્યવહાર નિરૂપણીય હોવાથી સાપેક્ષતા સંભવશે અને એવું થવાથી ઘટાદિના જ્ઞાનના સમાન અનિત્યતાનો પ્રસંગ ઉપસ્થિત થશે. જ્ઞાનની સ્વપ્રકાશતા વિષેનું કોઈ પ્રમાણ નથી. અનુભૂતિ સ્વપ્રકાશ રૂપ છે, કારણ કે જે અનુભૂતિ સ્વપ્રકાશ રૂપ હોતી નથી, તેને અનુભૂતિ જ કહી શકાય નહીં, જેમ કે ઘટ. આ વ્યતિરેકી અનુમાન જ સ્વપ્રકાશતામાં પ્રમાણ છે, એવું કહેવું જોઇએ નહીં. "અનુભૂતિ" આ પ્રકારના વ્યવહારના કારણભૂત પ્રકાશ પ્રસિદ્ધ છે કે ક્યાંય પ્રસિદ્ધ નથી? "પ્રસિદ્ધ નથી". એવા બીજા પક્ષનો જો સ્વીકાર કરવામાં આવે. તો અપ્રસિદ્ધ વિશેષણત્વ નામનો દોષ આવવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. જે વસ્તુ પ્રસિદ્ધ નથી તેને સિદ્ધ કરવાની વાત જ સંભવી શક્તી નથી. "પ્રસિદ્ધ છે", એવો પહેલો પક્ષ પણ સ્વીકાર્ય નથી, કારણ કે અનુભૂતિ વ્યવહારના કારણભૂત પ્રકાશ જ્યાં પ્રસિદ્ધ છે તે અધિકરણમાં અનુભૂતિત્વ હેતુ વિદ્યમાન હોવાથી હેતુ અન્વયવ્યતિરેકી થઇ જશે, કેવળ વ્યાતિરેકી હેતુ નહીં રહે. એવી પારિસ્થિતિમા આપનું કેવળ વ્યતિરેકી અનુમાનનો પ્રયોગ કરવાનુંકાર્ય અયોગ્ય જ થઈ જશે. જે અધિકરણમાં સાધ્ય પ્રસિદ્ધ છે, તેમાં હેતુની વૃત્તિ જો ન માનવામાં આવે, તો સમીપમાં જ વિદ્યમાન ન હોવાથી અસાધારણ અનૈકાન્તિક થઈ જશે જે હેતુ સપક્ષ અને વિપક્ષમાં રહેતો ન હોય, અને કેવળ પક્ષમાં જ વર્તમાન હોય, તેને અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે. અસાધારણ અનૈ-કાન્તિકનું આ લક્ષણ પ્રકૃત (પ્રસ્તુત) હેતુમાં વિદ્યમાન હોવાથી "શબ્દ નિત્ય છે કારણ કે તે શબ્દ છે", અહીં શબ્દત્વ હેતુના સમાન તે અનુભૂતિત્વ હેતુ પણ સાધ્યનો સાધક બની શકતો નથી.

પૂર્વોક્ત કથન વડે "અનુભૂતિ અનુભાવ્ય નથી. કારણ કે તે અનુભૂતિ છે." ઇત્યાદિ સ્વપ્રકાશતાને સિદ્ધ કરનારાં અન્ય કારણોનું પણ ખંડન થઇ જાય છે. કારણ કે એવાં સ્થળો પર પણ અપ્રસિદ્ધ વિશેષણતા દોષનું નિવારણ કરી શકાતું નથી.

જ્ઞાન વેદ્ય (જ્ઞેય) છે. કારણ કે તે વસ્તુ રૂપ છે. જેમ ઘડો જ્ઞેય હોય છે. એજ પ્રમાણે દરેક વસ્તુ જ્ઞેય હોય છે. ઇત્યાદિ હેતુ (કારણો) સત્પ્રતિપક્ષ પણ હોઈ શકે છે. જે હેતુના સમાન બળવાળો વિરોધી હેતુ વિદ્યમાન હોય, જે હેતુના સાધ્યનો અભાવ કોઈ અન્ય હેતુ વડે પ્રતીત થતો હોય, તે હેતુને સત્પ્રતિપક્ષ કહેવાય છે. સત્પ્રતિપક્ષ અનુમાનમાં જે વસ્તુત્વ હેતુ છે, તે કાલ્પનિક સત્ત્વ છે કે વાસ્તવિક સત્ત્વ છે? પહેલો પક્ષ (કાલ્પનિક સત્ત્વ છે, આ માન્યતા) સ્વીકાર્ય નથી, કારણ કે અમારા મત અનુસાર સત્ત્વમાં કાલ્પનિકતા હોવી અસંભવિત છે. સત્તા (વિદ્યમાનતા) પણ હોય અને કાલ્પનિકતા પણ હોય, તે પરસ્પર વિરૂદ્ધ લાગે છે. અને સત્ત્વને અકાલ્પનિક (વાસ્તવિક) કહેવું, એ વાત પણ ઉચિત નથી, કારણ કે શાંકરવેદાન્તીઓના મત અનુસાર તે સિદ્ધ નથી. તેમના મત અનુસાર સઘળા ધર્મ કાલ્પનિક છે, એમ કહેવું તે પણ સંગત નથી. સત્તા (વિદ્યમાનતા) રૂપ અધિકરણ જેનું લક્ષણ છે; તથા જે કલ્પિત તથા અકલ્પિત ભેદોથી રહિત છે એવું વસ્તુત્વ અનુભૂતિના સમાન જ હેતુ રૂપ હોઇ શકે છે.

વળી સ્વપ્રકાશતામાં કોઈ પ્રમાણ છે કે નહીં ? જો કોઈ પ્રમાણનો સદ્ભાવ હોય તો એજ પ્રમાણ દ્વારા વેદ્ય (જ્ઞેય) હોવાને કારણે અવેદ્યત્વ રૂપ લક્ષણ જ હોઈ શકે નહીં. આ પ્રકારે લક્ષણાસંભવ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. 'પ્રમાણનો અભાવ છે' આ બીજો પક્ષ સ્વીકારવામાં આવે, તો પ્રમાણનો અભાવ હોવાથી જ સ્વપ્રકાશ રૂપ પ્રમેયની સિદ્ધિ થઈ શકે નહીં. પ્રમાણ દ્વારાજ પ્રમેયની સિદ્ધિ થઈ શકે છે, એવો નિયમ છે. પ્રમાણ વિના પ્રમેયની સિદ્ધિ થઈ શકે જ નહીં. જો પ્રમાણ વિના પ્રમેયની સિદ્ધિ થતી હોય, તો બધી વસ્તુઓની સિદ્ધિ સુગમ જ થઈ જાય. આરીતે સાતમો રસ, આકાશપુષ્પ આદિનો સદ્ભાવ પણ સિદ્ધ થઈ જાય ! આ પ્રકારે સ્વપ્રકાશતાનું લક્ષણ પણ સંભવતું નથી અને તેને સિદ્ધ કરવાને માટે કોઈ પ્રમાણ પણ નથી. લક્ષણ અને પ્રમાણનો અભાવ હોવાથી સ્વપ્રકાશતાની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? વસ્તુની સિદ્ધિ તો લક્ષણ અને પ્રમાણ વડે જ થાય છે. આ પ્રકારની સ્વપ્રકાશતાના અભાવનું નિરૂપણ કરતી પૂર્વપક્ષની વક્તવ્યતા સમજવી. હવે સ્વપ્રકાશતાની સિદ્ધિને માટે "અવેદ્ય" (અજ્ઞેય) હોવા છતાં અપરોક્ષ વ્યવહારની યોગ્યતા" આ ચોથા પક્ષને (વિકલ્પને) અમે સ્વપ્રકાશતાનું લક્ષણ કહીએ છીએ. તેમાં કોઇ પણ દોષ નથી. કદાચ તમે એવી દલીલ કરતા હો કે યોગ્યતાને પ્રકાશના ધર્મ રૂપે સ્વીકાર કરવામાં આવે તો મોક્ષકાલીન જ્ઞાનમાં કોઈ પણ ધર્મનો અભાવ હોવાથી લક્ષણમાં અવ્યાપ્તિ દોષનો પ્રસંગ ઉપસ્થિત થશે, તો એ પ્રકારની દલીલ પણ યોગ્ય નથી. યોગ્યતાના અત્યન્તાભાવનું અધિકરણ (આધાર) ન હોવું એજ અહીં યોગ્યતા શબ્દ વડે વિવક્ષિત છે, તેથી કોઈ દોષ નથી.

જેમ કે ગુણત્વના અત્યન્તાભાવના અધિકરણને દ્રવ્યત્વ કહે છે. સંસાર કાલીન જ્ઞાન અપરોક્ષ વ્યવહારનો વિષય હોય છે, તેથી મોક્ષકાલીન જ્ઞાનમાં આ પ્રકારનો વ્યવહાર ન હોવા છતાં, તેમાં યોગ્યતા માની લેવામાં કોઈ દોષ નથી. જેવી રીતે યતિના દંડમાં ફલોપહિતતા વિદ્યમાન ન હોવા છતાં પણ કારણતાવચ્છેદક ધર્મત્વ રૂપ યોગ્યતા સંભવી શકે છે, એજ પ્રમાણે વિષયતાવચ્છેદક ધર્મનો પણ સંભવ છે. મોક્ષકાલીન જ્ઞાનમાં પણ જ્ઞાનત્વ વિદ્યમાન હોવાથી યોગ્યતા માનવામાં કોઇ ક્ષતિ (દોષ) નથી. ઘટાદિમાં અપરોક્ષ વ્યવહારની વિષયતા મોજૂદ છે, તેથી અતિવ્યાપ્તિ દોષ સંભવી શકે છે. તેના નિવારણને માટે "અવેદ્યત્વ" આ વિશેષણ લગાડવામાં આવ્યું છે. આ વિશેષણના પ્રયોગને લીધે ઘટાદિમાં અતિવ્યાપ્તિ દોષનું નિવારણ થઇ જાય છે, કારણ કે ઘટાદિ વેદ્ય (જ્ઞેય) છે. જો અવેદ્યત્વ માત્રને જ લક્ષણ જ માની લેવામાં આવ્યું હોત તો અતીન્દ્રિય ધર્મ, અધર્મ આદિમાં અતિવ્યાપ્તિ દોષ આવી–જાત. અહીં એવું કથન ઉચિત નથી કે ધર્મ આદિ પણ શબ્દ પ્રમાણના વિષય રૂપ છે, તે કારણે તેઓ અવેદ્ય નથી, તે કારણે લક્ષણમાં વિશેષ્ય અંશ નિરર્થક છે, અહીં અવેદ્યત્વનો— "પ્રત્યક્ષ પ્રમાણના વિષય રૂપ હોવું" આ પ્રકારનો અર્થ કરવામાં કોઇ દોષ નથી, ધર્માદિ યોગિપ્રત્યક્ષના વિષય રૂપ હોવાથી અપરોક્ષ છે, કથન ઉચિત નથી, કારણ કે ધર્મ અધર્મ આદિ શબ્દ પ્રમાણના જ વિષય રૂપ છે, તેઓ પ્રત્યક્ષના વિષય કદાપિ અને કોઈ પણ પ્રકારે સંભવી શકતા નથી, એવું કથન

કરવાથી તો યોગીઓમાં સર્વદર્શિતાનો અભાવ થઈ જશે એવી માન્યતા પણ ઉચિત નથી, કારણ કે 'સર્વદર્શી' શબ્દનો અર્થ "યોગ્ય પદાર્થોના સર્વદર્શી" જ ગણવો જોઈએ. એટલે કે યોગી સર્વદર્શી છે તેનો અર્થ એજ છે કે તેઓ પોતાને યોગ્ય સર્વ પદાર્થોના દર્શક છે, આ પ્રકારનો અર્થ ગ્રહણ કરવામાં યોગીઓમાં સર્વદર્શિત્વ હોવાનો અભાવ નહીં રહે, કહ્યું પણ છે કે .... "**यत्राप्यतिशयो दृष्टः**" ઇત્યાદિ

'જ્યાં જ્યાં અતિશયનો સદ્ભાવ દેખાય છે, ત્યાં ત્યાં પોત પોતાના વિષયનું અતિક્રમણ કર્યા વિના જ તે અતિશયનો સદ્ભાવ મનાય છે. દૂરના પદાર્થને અથવા સૂક્ષ્મ પદાર્થને જોવા રૂપ નેત્રનો અતિશય સંભવી શકે છે, પરન્તુ રૂપને દેખવામાં શ્રોત્રનો વ્યાપાર સંભવી શકતો નથી.'

તેથી ધર્મ આદિનો વ્યવચ્છેદ કરવા માટે 'અપરોક્ષ વ્યવહારને યોગ્ય થઈને' આ વિશેષણનું ગ્રહણ કરવું આવશ્યક થઈ પડે છે. વાસ્તવિક દૃષ્ટિએ જોવામાં આવે, તો ધર્મ આદિ અજીવ હોવાથી યોગિપ્રત્યક્ષના વિષય છે, તેથી તેમના વ્યવચ્છેદને (નિવારણને) માટે 'અપરોક્ષ વ્યવહારને યોગ્ય હોવા રૂપ' આ વિશેષણને ગ્રહણ કરવું તે અનાવશ્યક જ છે, આ પ્રકારનું આર્હતોનું મત છે.

અથવા સ્વપ્રકાશનું લક્ષણ 'સ્વયં પોતાનો જ પ્રકાશ' પણ માની શકાય છે. સ્વનો સ્વમાં એટલે કે પોતાની જાતમાં જ કર્તૃ-કર્મ ભાવનો વિરોધ નથી. જો કે "**देवदत्तः ग्रामं गच्छति**" ઇત્યાદિ સ્થળોમાં કર્તા અને કર્મ એક જ સંભવી શકતા નથી, છતાં પણ કોઈ કોઈ સ્થળે કર્તા અને કર્મ એક જ હોય એવું પણ સંભવી શકે છે જેમ કે- 'સર્પ પોતે જ પોતાને વેષ્ટિત કરે છે.' અહીં વેષ્ટિત કરનાર પણ સર્પ છે અને વેષ્ટિત થનાર પણ એજ સર્પ જ છે. એ જ પ્રમાણે જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશિત કરે છે. અન્યથાનુપપત્તિ સૌથી વધારે બળવાન હોય છે. તે સેંકડો તર્કોને પણ રોકી દે છે. જેમ કે જ્ઞેય પણ ભિન્ન હોય છે અને જ્ઞાતા પણ ભિન્ન હોય છે, એવું સર્વત્ર જોવામાં આવે છે, છતાં પણ "**आत्मानं जानामि**" 'હું પોતાને જાણું છું' આ પ્રકારની પ્રતીતિની અન્યથાનુપપત્તિ દ્વારા તેનો ત્યાગ કરાય છે, એ જ પ્રકારે પ્રકૃત (પ્રસ્તુત) જ્ઞાનમાં પણ અન્યત્ર દેખાતા નિયમનો અન્યથાનુપપત્તિ દ્વારા જ પરિત્યાગ થઈ જાય છે. કહ્યું પણ છે કે—"**अन्यथानुपपत्तिश्चेद्**" **इत्यादि**—

'જો કોઈ પણ વસ્તુને સિદ્ધ કરવાને માટે અન્યથાનુપપત્તિનો સદ્ભાવ હોય, તો તેના દ્વારા દૃષ્ટિ (માન્યતા)ના મતભેદનું નિવારણ થઈ જાય છે. તે અન્યનુથાપપત્તિ જ સૌથી બળવાન છે.' 'કાં તો અન્યથા-ઉપપત્તિ કહો અથવા દૃષ્ટાના આગ્રહને છોડો. છાયા અને તડકા જેવી આ બે વસ્તુઓનો એક જ જગ્યામાં સમાવેશ થઈ શકતો નથી. બન્નેમાંથી એકનો જ સદ્ભાવ સંભવી શકે છે.

'એક જ વસ્તુમાં કર્મ અને કર્તાપણું હોવું અનુચિત છે, આ પ્રકારના અનૌચિત્ય રૂપ તર્ક દ્વારા તેમાં બાધા ઉપસ્થિત થશે", આ પ્રકારનું કથન પણ યોગ્ય નથી. જ્યાં અનૌચિત્ય રૂપ તર્કનું મૂળ પ્રવૃત્ત થયેલા પ્રમાણ દ્વારા નિવારણ ન કરવામાં આવે,

ત્યાં જ અનૌચિત્યતાનું સામ્રાજ્ય હોય છે. પ્રસ્તુત સ્થળમાં પ્રવૃત્ત થયેલા અન્યથાનુપપત્તિ પ્રમાણ દ્વારા અનૌચિત્ય તર્કનું મૂળ ખંડિત થઇ જાય છે, તેથી અહીં આ તર્ક બાધાયુક્ત છે. કહ્યું પણ છે કે—"**प्रवृत्तेनाप्यनौचित्यं**" ઇત્યાદિ—

'જ્યાં પ્રમાણ પ્રવૃત્ત થઈને અનૌચિત્યના મૂળનું છેદન (નિવારણ) કરતું નથી, ત્યાં જ અનૌચિત્યનું સામ્રાજ્ય હોય છે." પરન્તુ અહીં એના કરતાં ઉલટી પરિસ્થિતિ છે, તેથી અનૌચિત્ય રૂપ તર્ક લાગૂ પડતો નથી. આ પ્રકારે 'પોતે જ પોતાનું પ્રકાશક હોવા રૂપ', જે સ્વપ્રકાશકનું લક્ષણ છે, તે પણ અહીં ઘટાવી શકાય છે. જો જ્ઞાન પોતાને અને પરને પ્રકાશિત ન કરે, તો આખું જગત અન્ધ થઇ જાય, આ દોષનું નિવારણ કોણ કરી શકે છે? સ્વ અને પરનું પ્રકાશક હોવું એ જ જ્ઞાનનું પ્રમાણત્વ છે. પ્રાચીન આચાર્યોએ જ્ઞાનનું એ જ લક્ષણ કહ્યું છે કે—"**स्वपरव्यवसायि प्रमाणम्**"

આ પ્રકારે સ્વપ્રકાશનું લક્ષણ બતાવીને, હવે તેનું પ્રતિપાદન કરતું પ્રમાણ પણ બતાવવામાં આવે છે. સ્વપ્રકાશની સિદ્ધિમાં નીચે પ્રમાણે પ્રમાણ મોજૂદ છે—અનુભૂતિ (અનુભવ) સ્વયં પ્રકાશ રૂપ છે; કારણ કે જે સ્વયં પ્રકાશ રૂપ ન હોય તેને અનુભૂતિ જ કહી શકાય નહીં. જેમ કે ઘડામાં સ્વયંપ્રકાશતાનો અભાવ છે, તેથી તેમાં અનુભૂતિત્વનો પણ અભાવ છે. વ્યાપકનો અભાવ વ્યાપ્યના અભાવનો સાધક હોય છે, આ નિયમ અન્યત્ર પણ જોવામાં આવે છે. જેમ કે તળાવ આદિમાંથી નિવૃત્ત થતી અગ્નિ સ્વભાવથી જ તળાવ આદિમાં પોતાના વ્યાપ્યના (ધૂમાડા આદિનો) અભાવનો પણ બોધ કરાવે છે. એટલે કે તળાવ આદિમાં અગ્નિનો જ અભાવ હોવાથી ધુમાડાનો પણ અભાવ જ રહે છે, આ વિષયમાં કોઈનો પણ વિવાદ સંભવી શકતો નથી. કદાચ આપ એવું પ્રતિપાદન કરતા હો કે સ્વપ્રકાશતા રૂપ સાધ્ય ક્યાંય પણ સિદ્ધ નથી, તેથી અપ્રસિદ્ધને સિદ્ધ કરવાથી 'અપ્રસિદ્ધ વિશેષણ પક્ષ' નામનો દોષ આવે છે, પરન્તુ તે પ્રકારનું કથન પણ અનુચિત છે, કારણ કે સામાન્યતઃ દૃષ્ટ અનુમાન દ્વારા સ્વપ્રકાશતા સિદ્ધ કરવાનું સંભવિત છે. તે આ પ્રકારે શક્ય છે વેદ્યત્વ કોઈ પણ વસ્તુમાં રહેલા અત્યન્તાભાવનું પ્રતિયોગી (સંબંધી) છે, કારણ કે તે ધર્મ છે. જેમ કે રૂપ રૂપાદિકમાં ધર્મત્વનો સદ્ભાવ છે, તો કોઈ વસ્તુમાં રહેલા અત્યન્તાભાવના પ્રતિયોગિત્વ (સંબંધિત્વ)નો પણ સદ્ભાવ છે. આ કથનનો ભાવાર્થ એ છે કે—જે ધર્મ હોય છે તેનો કોઇ અધિકરણમાં અત્યન્તાભાવ પણ અવશ્ય હોય છે, જેમ કે વાયુમાં રૂપનો અભાવ છે. એ જ પ્રમાણે વેદ્યત્વ પણ ધર્મરૂપ હોવાથી તેનો પણ કોઈને કોઈ વસ્તુમાં અભાવ હોવો જોઈએ. અને જ્યાં વેદ્યત્વનો અભાવ છે, તેમાં જ અવેદ્યતા સિદ્ધ થઇ જાય છે. તે અવેદ્યત્વ ક્યાં છે? આ પ્રકારની જિજ્ઞાસા થાય ત્યારે વ્યતિરેકી અનુમાન વડે જ્ઞાનમાં અવેદ્યતા સિદ્ધ થાય છે. તે કારણે અપ્રસિદ્ધ વિશેષણતા દોષ સંભવી શકતો નથી.

અથવા જેના વિપર્યયમાં અનિષ્ટનો પ્રસંગ આવે છે, તે કોઇક વસ્તુમાં પ્રમાણ દ્વારા જાણવા યોગ્ય હોય છે, આ એક સામાન્ય વ્યાપ્તિ વેદ્ય છે કે નથી, આ પ્રકારની બિભિન્ન વાદીઓની વિપ્રતિપત્તિને કારણે સંશય થતાં વેદ્યત્વનો સ્વીકાર કરવામાં અનવસ્થા દોષ રૂપ

અનિષ્ટનો પ્રસંગ ઉપસ્થિત થવાથી વેદ્યત્વનું વિપર્યય (અવેદ્યત્વ) પણ સામાન્યરૂપે પ્રમાણ દ્વારા ગમ્ય થઇ જાય છે. જો એવું માનવામાં ન આવે તો નૈયાયિક ઇચ્છા આદિ ગુણોને, આઠ દ્રવ્યો સિવાયના (નવમા–આત્મા) દ્રવ્યને આશ્રિત કેવી રીતે સિદ્ધ કરી શકશે ? કારણ કે આઠ દ્રવ્યો સિવાયના દ્રવ્યની સિદ્ધિ ન હોવાથી 'અપ્રસિદ્ધ વિશેષણતા' દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. જ્યાં તેની સિદ્ધિ છે ત્યાં હેતુનો સદ્ભાવ માનવામાં આવે તો હેતુ અન્વય વ્યતિરેકી થઇ જશે, અને જો હેતુનો સદ્ભાવ ન માનવામાં આવે, તો અસાધારણ અનૈકાન્તિકતા દોષનો પ્રસંગ ઉપસ્થિત થશે. આ પ્રકારની પરિસ્થિતિમાં અવશ્ય એવું માનવું જ જોઈએ કે સામાન્યતઃ દૃષ્ટાનુમાન વડે સાધ્યની સિદ્ધિ થતી હોય ત્યારે અપ્રસિદ્ધ વિશેષણતા દોષ' નડતો નથી. આ રીતે આપ જેવી રીતે સામાન્યતઃ દૃષ્ટ અનુમાન દ્વારા સાધ્યની સિદ્ધિ કરીને, તેનો સાધન રૂપે ઉપયોગ કરો છો, એ રીતે અમે પણ કરીએ તો આપને દ્વેષ થવાનું કારણ શું છે? કદાચ આપ એવું કહેતા હો કે એવું માનવામાં અપ્રસિદ્ધ વિશેષણતા દોષ નડતો જ નથી, તો તે વાત પણ અનુચિત છે. જ્યાં 'સામાન્યતઃ દૃષ્ટ' અનુમાનનો સદ્ભાવ સંભવતો ન હોય, ત્યાં આ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. જેમ કે 'પૃથ્વીને સસલાનાં શિંગડાં વડે ખોદવામાં આવી છે.' આ પ્રકારના કથનમાં આ દોષનો સંભવ રહે છે, કારણ કે સસલાને શિંગડાં જ હોતાં નથી. તો તેના શિંગડાં વડે પૃથ્વીને ખોદવાની વાત જ કેવી રીતે સંભવી શકે?

અહીં જે અનુભૂતિત્વ છે તે કલ્પિત સત્ત્વરૂપ છે, કે અકલ્પિત સત્ત્વરૂપ છે? પહેલા પક્ષને, સ્વીકાર કરવામાં આવે, તો નૈયાયિક આદિ મતોમાં હેતુ અસિદ્ધ થઇ જશે, કારણ તેમના મતમાં કલ્પિત સત્તાનો સ્વીકાર કરાયો નથી. બીજા પક્ષનો પણ સ્વીકાર કરી શકાય તેમ નથી, કારણ કે વેદાન્તીઓના મત અનુસાર અકલ્પિત અનુભૂતિત્વ સંભવી શકતું નથી, તે કારણે હેતુ અસિદ્ધ છે. તે પ્રકારનું કથન અનુચિત છે; કારણ કે અમે કલ્પિત અથવા અકલ્પિત વિશેષોને છોડીને અનુભૂતિત્વ સામાન્યને જ હેતુરૂપે સ્વીકારેલ છે. નહીં તો 'પર્વત અગ્નિમાન્ છે; કારણ કે ત્યાં ધુમાડાનો સદ્ભાવ છે'; આ અનુમાન સામે પણ એવો પ્રશ્ન કરી શકાય છે કે શું પર્વતનો હેતુ ધુમાડો હોય છે; કે રસોડાનો હેતુ ધુમાડો હોય છે? પહેલો પક્ષ સંગત નથી; કારણ કે પર્વતમાં ધુમાડાની સાથે તે સમયે (અનુમાન પ્રયોગના સમયે) વ્યાપ્તિનું ગ્રહણ થતું નથી. તે કારણે તેના દ્વારા અગ્નિનું અનુમાન કરી શકાતું નથી. બીજો પક્ષ પણ સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે રસોડાનો ધુમાડો પર્વતમાં સંભવી શકતો નથી, ઇત્યાદિ વિકલ્પ અહીં પણ શક્ય હોવાથી ધુમાડા રૂપ હેતુ દ્વારા પર્વતમાં અગ્નિનું અનુમાન કરી શકાશે નહીં. આ રીતે જેમ અહીં તદ્દેશનિષ્ઠતા અથવા અતદ્દેશનિષ્ઠતાનો (અમુક જગ્યાએ રહેવા અથવા ન રહેવાનો) વિકલ્પ માન્ય કરી શકાતો નથી, પરન્તુ સામાન્ય ધુમાડાને જ હેતુ માની લેવામાં આવે છે, એજ પ્રમાણે પ્રસ્તુત અનુમાનમાં પણ અનુભૂતિત્વ સામાન્યજ હેતુ રૂપ છે. આ પ્રકારની માન્યતામાં પણ કોઈ દોષ ઉદ્ભવતા નથી અને સ્વપ્રકાશતાની સિદ્ધિમાં પણ કોઇ દોષનો સંભવ રહેતો નથી.

સ્વપ્રકાશતા રૂપ સાધ્યના અભાવના અધિકરણમાં એટલે કે જ્યાં સ્વપ્રકાશતા સાધ્ય નથી ત્યાં પણ અનુભૂતિત્વ હેતુની વૃત્તિનો સન્દેહ હોવાથી હેતુમાં સંદિગ્ધ અનૈકાન્તિકતા દોષનો સંભવ રહે છે, એમ કહેવું તે ઉચિત નથી, કારણ કે આપણે અનુભૂતિને પણ

અનુભાવ્ય રૂપે સ્વીકારીએ છીએ. જો એક જ્ઞાનને બીજા જ્ઞાન વડે જ જાણી શકાતું હોય, તો જે જ્ઞાન વડે પહેલા જ્ઞાનને જાણવામાં આવ્યું, તે જ્ઞાનને પણ જાણનારૂં કોઇ ત્રીજું જ્ઞાન પણ હોવું જ જોઇએ. જે જ્ઞાન વડે તે બીજા જ્ઞાનને જાણવામાં આવ્યું તે ત્રીજા જ્ઞાનને જાણનારૂં કોઈ ચોથું જ્ઞાન પણ હશે જ. આ પ્રમાણે આગળ વધતાં વધતાં જે છેલ્લું જ્ઞાન આવશે, તે જ્ઞાનને ક્યા જ્ઞાન દ્વારા જાણવામાં આવ્યું તે પ્રશ્ન ઊભો થશે, અને છેલ્લા જ્ઞાનને જાણનારા અન્ય જ્ઞાનનો અભાવ હોવાને કારણે અનવસ્થા દોષની સંભાવના ઊભી થશે. એક જ્ઞાનને અન્ય જ્ઞાન દ્વારા વેદ્ય (અનુભવ કરવા યોગ્ય) માનવામાં આ બાધક તર્ક છે. આ બાધક તર્કની ઉપસ્થિતિમાં (મોજૂદગીમાં) સંદિગ્ધ અનૈકાન્તિકતા દોષ આવી શકતો નથી.

કદાચ એવું કહેવામાં આવે કે "અમે પ્રત્યેક જ્ઞાનને વેદ્ય (જ્ઞેય) માનતા નથી. તો તેમાં જે જ્ઞાનનો વ્યવહાર થાય છે તે જ્ઞાયમાન સત્તા વડે થતો નથી, પણ સ્વરૂપ સત્તાથી યુક્ત જ્ઞાન દ્વારા જ થાય છે, આ પ્રમાણે માનવામાં આવે, તો અનવસ્થા દોષ કેવી રીતે સંભવી શકે છે?" પરન્તુ આપનું આ કથન પણ યુક્તિ સંગત લાગતું નથી. જ્ઞાન પોતાને જ જાણતું ન હોય અને તેને જાણવાને માટે કોઇ અન્ય જ્ઞાનની પ્રવૃત્તિ પણ ન હોય, તો જ્ઞાનની સત્તાનો (અસ્તિત્વનો) જ નિર્ણય થઇ શકે નહીં. એવી સ્થિતિમાં સ્વરૂપસત્તા દ્વારા જ્ઞાનનો વ્યવહાર સ્વીકાર્ય બની શકતો નથી.

"જ્યારે જ્ઞાનાન્તર (અન્ય જ્ઞાન) ની સત્તા (વિદ્યમાનતા) ના વિષયમાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે, ત્યારે વ્યવહાર આદિ કોઈ કારણ વડે પણ તેનું જ્ઞાન થઇ જાય છે. તે કારણે તેનો અનિર્ણય રહેવાને બદલે નિર્ણય જ થઇ જાય છે, આ કારણે કોઇ દોષ નથી" આ પ્રમાણે કહેવું તે પણ યોગ્ય નથી. "આ ઘટ (ઘડો) છે" અથવા "હું ઘટવિષયક જ્ઞાનવાન્ છું." આ પ્રકારના બે જ્ઞાનોથી ભિન્ન જ્ઞાનાન્તરનો અનુભવ થતો નથી. જો જ્ઞાનનો પ્રવાહ હોત તો આપનું કથન સુંદર લાગત પરન્તુ એવું છે નહીં. જે અનુભવવામાં ન આવે તેના દ્વારા પણ પદાર્થનો સ્વીકાર કરવામાં આવે, તો અતિપ્રસંગ (અનિષ્ટાપત્તિ) રૂપ દોષનો સંભવ ઉપસ્થિત થશે. જો પ્રમાણ વિના જ સત્તાનો સ્વીકાર કરવામાં આવે, તો પ્રમેયની સત્તાનો પણ પ્રમાણના અસ્તિત્વ વિના જ સ્વીકાર કરી શકાશે અને પ્રમાણનો વિચાર જ જતો કરવો પડશે. એટલે કે પ્રમાણનો વિચાર જ નિરર્થક બની જશે. કદાચ તમે તેને ઇષ્ટાપત્તિ રૂપ ગણો અને એવું કહો કે અમે પ્રમાણનો ત્યાગ કરીએ છીએ, તો "પ્રમાણ દ્વારા જ પ્રમેય સિદ્ધ થાય છે," આ કથન અસંગત બની જવા રૂપ બાધાનો પ્રસંગ ઉપસ્થિત થશે. વળી આ કથન અનુભવની પણ વિરૂદ્ધ જશે, કારણ કે ચક્ષુ આદિ પ્રમાણો વિના રૂપ આદિ પ્રમેયોની વ્યવસ્થાનો સદ્‌ભાવ સંભવી શકતો જ નથી અને તે પ્રકારની વ્યવસ્થા સંગત પણ હોઈ શકે નહીં જ્ઞાનને જ્ઞાનાન્તર (અન્ય જ્ઞાન) વડે ગ્રાહ્ય માનવામાં આવે, તો જ્ઞાનાન્તરને ગ્રહણ કરવાને માટે જ્ઞાનાન્તરની શોધ કરવી પડશે. તે તે પ્રકારની પરિસ્થિતિમાં અનવસ્થા દોષનો પ્રસંગ ઉપસ્થિત થઇ જશે. "અમને અનવસ્થા જ ઇષ્ટ છે," આ પ્રકારનું કથન પણ યોગ્ય નથી, કારણ કે અનવસ્થાનો સ્વીકાર કરનારને નીચે પ્રમાણે ત્રણ દોષ લાગશે. (૧) પ્રાગ્લોપ (૨) અવિનિગમ્યત્વ અને (૩) પ્રમાણાપગમ. ઉત્તરોત્તર જ્ઞાનનો સ્વીકાર કરવામાં પૂર્વ જ્ઞાનના ઉપયોગની સિદ્ધિ

થવાથી પાછળના પ્રત્યેક જ્ઞાન દ્વારા આગળના પ્રત્યેક જ્ઞાનનો લોપ થઈ જશે. આ દોષનું નામ પ્રાગ્લોપ દોષ છે. કોનો સ્વીકાર કરવો અને કોનો અસ્વીકાર કરવો, પહેલું જ્ઞાન નિયામક છે કે બીજુ જ્ઞાન નિયામક છે, આ પ્રકારનો નિર્ણય કરવાનું શક્ય ન હોવાથી અવિનિગમતા નામનો બીજો દોષ લાગશે. અનંત જ્ઞાનોનો સ્વીકાર કરવા માટે કોઇ પ્રમાણ પણ નથી અને એવા કોઈ અનુભવનો પણ સદ્ભાવ નથી. તે કારણે પ્રમાણાપગમ નામનો ત્રીજો દોષ પણ આવે છે. શ્રી હર્ષમિશ્રે કહ્યું છે કે–"**प्राग्लोपाविनिगम्यत्व**" ઈત્યાદિ

"જેઓ જ્ઞાનની અનવસ્થાનો સ્વીકાર કરે છે, તેમના મતાનુસાર ત્રણ દોષોનું નિવારણ થઇ શકતુ નથી, તે ત્રણ દોષ આ પ્રમાણે છે. (૧) પ્રાગ્લોપ, (૨) અવિનિગમ્યત્વ અને (૩) પ્રમાણાપગમ. અવયવ અને અવયવીમાં ભેદ માનવામાં આવે, તો શ્લોકમાં વપરાયેલી ત્રીજી વિભક્તિનો અર્થ 'પ્રયોજ્યત્વ' છે. એટલે કે પ્રાગ્લોપ, અવિનિગમ્યત્વ અને પ્રમાણાપગમના દ્વારા પ્રયોજ્ય ત્રિદોષતા છે. જો અવયવ અને અવયવીનો અભેદ માનવામાં આવે, તો તૃતીયા વિભક્તિનો અર્થ 'અભેદ' છે. એટલે કે પ્રાગ્લોપ, અવિનિગમ્યત્વ અને પ્રમાણાપગમ, આ ત્રણેથી અભિન્ન ત્રિદોષતાનો, અનવસ્થા માનનારાના મતમાં સદ્ભાવ રહે છે. અનવસ્થાની કોઈ ચિકિત્સા નથી, તે કારણે તે હિતકર નથી.

"દ્વિતીય આદિ જ્ઞાન પોતાના સ્વભાવ વિશેષ વડે જ, સ્વવિષયક જ્ઞાનના વિના જ, સ્વવિષયક વ્યવહારને ઉત્પન્ન કરી લે છે, તેથી અનવસ્થા દોષ પણ આવતો નથી, અને અપ્રામાણિક હોવાથી વ્યવહારનો અભાવ પણ સંભવતો નથી" આ પ્રકારનું કથન પણ ઉચિત નથી. જો દ્વિતીય આદિ જ્ઞાનોમાં આ પ્રકારના સ્વભાવનો આપ સ્વીકાર કરતા હો, તો પહેલા જ્ઞાનનો જ એ પ્રકારનો સ્વભાવ માનવો ઠીક થઈ પડશે. એવું માનવાથી સઘળા દોષોનું નિવારણ થઇ જશે, અને જ્ઞાનની સ્વપ્રકાશતા પણ સિદ્ધ થઈ જશે. તો પછી આ દ્રાવિડ (ઉલ્ટી રીતે) પ્રાણાયામ વ્યર્થ જ બની જશે. લોકોમાં એવી કહેવત છે કે "કુત્સિત વર્તન કરનારી સ્ત્રીને આખરે વિવાહ કરી લેવાનો જ હોય, તો પ્રારંભમાં જ શા માટે ન કરી લે!"

એક જ્ઞાનને બીજા જ્ઞાનનો વિષય માનવામાં આવે, તો જ્ઞાનનું સ્વરૂપ જ સિદ્ધ નહી થાય, ઇત્યાદિ બાધક તર્કોનો સદ્ભાવ હોવાથી અમારા હેતુમાં સંદિગ્ધ અનૈકાન્તિકતા દોષનો સદ્ભાવ નથી. જ્યાં એવો સંદેહ થાય છે કે હેતુ સાધ્યના અભાવના અધિકરણમાં રહે છે, કે રહેતો નથી—એટલે કે જ્યાં સાધ્યનો અભાવ છે ત્યાં પણ રહેતો હશે. ત્યાં બાધક તર્ક સંભવતો નથી. એવી પરિસ્થિતિમાં જ સંદિગ્ધ અનૈકાન્તિકતાનું સામ્રાજ્ય હોય છે. અહીં જ્ઞાનના સ્વરૂપની અસિદ્ધિ રૂપ બાધક તર્ક વિદ્યમાન છે, તેથી બાધક તર્કના અભાવમાં સંભવી શકે એવી સંદિગ્ધ અનૈકાન્તિકતાની સંભાવના પણ માની શકાતી નથી.

વળી અમારા આ પ્રશ્નનો જવાબ આપો—'જો જ્ઞાન ઘટાદિ વિષયોને પ્રકાશિત કરે છે, તો પોતે પ્રકાશિત હોય છે; કે નથી હોતું?' જો 'પોતે પ્રકાશિત નથી હોતું', આ માન્યતાનો સ્વીકાર કરવામાં આવે તો જ્ઞાનની ઉત્પત્તિની ક્ષણની અનન્તર ક્ષણે જિજ્ઞાસુ

પુરૂષને તે ઘટાદિના જ્ઞાનમાં સંદેહ, વિપર્યય અને વિપરીત પ્રમિતિ ઉત્પન્ન થશે. કોઈ પણ પુરૂષ, ઘડાને દેખ્યા પછી એવો સંદેહ કરતો નથી કે મેં ઘડો દેખ્યો છે કે નહીં? વળી તે વિપરીત રૂપે પણ તે ઘડાને માનતો નથી. અને જ્ઞાનના વિષયમાં જ્ઞાનના અભાવનો પણ નિશ્ચય કરતો નથી. પરન્તુ તેના દ્વારા એ જ નિર્ણય કરાય છે કે 'મેં ઘડાને જોયો છે.' જો જ્ઞાનના સ્વરૂપનું જ્ઞાન ન હોય, તો સંદેહ, વિપર્યય અને વિપરીત પ્રમિતિનો અવશ્ય સદ્ભાવ જ રહેશે, પરન્તુ આ ત્રણેનો અનુભવ કોઈપણ વ્યક્તિને થતો નથી, પરન્તુ જ્ઞાનના સ્વરૂપનો નિશ્ચય જ થતો હોય છે. તેથી એવું માનવું જ ઉચિત થઈ પડે છે કે સ્વયં પ્રકાશમાન જ્ઞાન જ ઘટાદિ વિષયોની સાથે વ્યવહાર ઉત્પન્ન કરે છે. અને એવું હોવાથી જ્ઞાનની સ્વપ્રકાશતા સિદ્ધ થઈ જાય છે.

શંકા—જેમ સુખદુ:ખ આદિ સ્વયં પ્રકાશમાન નથી, પરન્તુ જ્ઞાનના દ્વારા જ પ્રકાશિત થાય છે, છતાં પણ સુખદુ:ખાદિનું સંવેદન કરતી વખતે કોઈ પણ વિચારશીલ પુરુષને સુખના વિષયમાં એવો સંશય હોતો નથી કે 'મને સુખ છે કે નથી' 'મને સુખ નથી' એવો વિપરીત ભાવ પણ તેને થતો નથી, અને સુખાભાવ વિષયક પ્રમિતિ પણ તેને કદી ઉત્પન્ન થતી નથી.

એ જ પ્રમાણે એક જ્ઞાનને બીજા જ્ઞાન દ્વારા જ્ઞેય એટલે કે પરપ્રકાશ્ય માનવામાં આવે, તો સંશય, વિપર્યય અને વિપરીત પ્રમિતિનો અભાવ જ રહેશે. તો પછી સંદેહ આદિના અભાવને કારણે જ્ઞાનની સ્વપ્રકાશ્યતા કેવી રીતે સિદ્ધ કરી શકાશે? સંદેહ આદિનો અભાવ તો જ્ઞાનને પરપ્રકાશ્ય માનવામાં આવે તો પણ સંભવી શકે છે. આ પ્રકારની બાધા હોવાને કારણે સંશય આદિનો અભાવ પણ જ્ઞાનની સ્વપ્રકાશતાનો સાધક નથી, કારણ કે પરપ્રકાશ્યતા માનવામાં આવે તો પણ સંદેહ આદિનો અભાવ પ્રતિપાદિત કરી શકાય છે.

સમાધાન—જો જ્ઞાનને પરપ્રકાશ્ય માનવામાં આવે, તો અનવસ્થા દોષનો પરિહાર (નિવારણ) કરવાનું સંભવી નહીં શકે વળી તમારા (નૈયાયિકોના) મત પ્રમાણે તો વ્યવસાય અને અનુવ્યવસાયનો જનક મન:સંયોગ એક જ છે, કે અલગ અલગ છે? જો મન:સંયોગ વડે ઘટનું વ્યવસાય જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ જ મન:સંયોગ વડે જો ઘટનો અનુવ્યવસાય પણ ઉત્પન્ન થતો હોય, તો ઘટના અનુવ્યવસાયને ઉત્પન્ન કરનાર વ્યવસાય અને અનુવ્યવસાય, બન્ને એક જ સમયે ઉત્પન્ન થવા જોઈએ- પરન્તુ એવું બની શકવાનો સંભવ નથી, કારણ કે જન્ય અને જનકનો—એટલે કે કાર્ય અને કારણનો એક જ કાળે ઉત્પાદ થવાની વાત સંભવી શકતી નથી- કારણ નિયત અને અવ્યવહિત પૂર્વકાળવર્તી હોય છે, અને કાર્ય અવ્યવહિત (વ્યવધાન રહિત) ઉત્તર કાળવર્તી હોય છે, એટલે કે કારણ પૂર્વકાળવર્તી અને કાર્ય ઉત્તરકાળવર્તી હોય છે, પરન્તુ બન્નેની વચ્ચે કાળનું વ્યવધાન (કાળનો આંતરો) હોતું નથી- અહીં વ્યવસાયને વિષય કરનારો (ગ્રહણ કરનારો) અનુવ્યવસાય જ્ઞાન દ્વારા ઉત્પન્ન થાય છે- તેથી વ્યવસાય, અનુવ્યવસાયના કારણરૂપ છે, અને અનુવ્યવસાય દ્વારા જન્ય હોવાથી વ્યવસાયના કાર્ય રૂપ છે- બન્નેમાં કાર્યકારણ ભાવ છે, તે કારણે તે બન્નેની ઉત્પત્તિનો કાળ જુદો જુદો હોવાનું આવશ્યક થઈ પડે છે.

જો તેઓ એક સાથે ઉત્પન્ન થતા હોય, તો કોને કોનું પૂર્વવર્તી અથવા ઉત્તરવર્તી માનવું, એ પ્રશ્ન થઈ પડશે. કોને કોનું કારણ માનવું અને કોને કોનું કાર્ય માનવું, એ પ્રશ્ન પણ ઉપસ્થિત થશે. જેવી રીતે એક સાથે ઉત્પન્ન થનારાં ગાયના જમણા અને ડાબા શિંગડા રૂપ બન્ને શિંગડાઓમાં કાર્યકારણભાવ સંભવતો નથી, એ જ પ્રમાણે વ્યવસાય અને અનુવ્યવસાયમાં પણ કાર્યકારણ ભાવ નહીં સંભવી શકે-

તદવચ્છિન્નકાળ અને તદનવચ્છિન્નકાળ જ કારણ કાર્યરૂપ હોય છે- એક સાથે બન્નેનો ઉત્પાદ માનવામાં આવે, તો એક તદવચ્છિન્ન અને બીજું તદનવચ્છિન્ન કેવી રીતે હોઇ શકે? તે કારણે કાર્ય અને કારણની એક સાથે ઉત્પત્તિ થવાની માન્યતા સંગત લાગતી નથી- કદાચ આપ એવી દલીલ કરો કે કારણ ભેદ હોવાથી તે બન્ને જ્ઞાનોમાં ભેદ પડી જશે, એવી વાત પણ ઉચિત નથી, કારણ કે કારણનો ભેદ જ્ઞાનમાં ભેદ ઉત્પન્ન કરી શકતો નથી. અસમવાયિ કારણના ભેદ વડે જ જ્ઞાનમાં ભેદ સંભવી શકે છે- આપના મત અનુસાર તો જ્ઞાનનું સમવાયિકારણ આત્મા છે, અસમવાયિકારણ આત્મા અને મનનો સંયોગ છે, મન કરણ છે અને ઘટ આદિ વિષય કર્મ છે- એવી સ્થિતિમાં જ્ઞાનરૂપ કાર્યમાં જે ભેદ છે તે સમવાયિકારણના ભેદથી સંભવી શકતો નથી, કારણ કે સમવાયિકારણ આત્મા તો બન્નેનો એક જ છે. આત્મા અને મનના સંયોગરૂપ અસમવાયિકારણના અધિકરણ રૂપ મનના ભેદથી પણ ભેદ માની શકાતો નથી, કારણ કે મન પણ એક જ છે, કાર્યકારકમાં ભેદ હોવાથી પણ ભેદ માની શકાતો નથી; કારણ કે–ઘટવ્યવસાય, ઘટાનુવ્યવસાય, ઘટાભાવ અને ઘટસ્મરણમાં કર્મકારક એટલે કે ઘટ સમાન જ છે. તેથી અસમવાયિકારણના ભેદથી જ જ્ઞાનરૂપ કાર્યમાં ભેદ સ્વીકારવો જોઈએ. એવી સ્થિતિમાં જો ઘટવ્યવસાય અને અનુવ્યવસાય એક જ મનઃસંયોગથી ઉત્પન્ન થતા હોય, તો તેમના યૌગપદ્યને(એક જ સાથે ઉત્પત્તિને ) કોણ રોકી શકે છે? પણ યુગપદ્ (એક સાથે) તેમની ઉત્પત્તિ સંભવી શકતી નથી, જો બન્નેની એકસાથે ઉત્પત્તિ હોય, તો બન્નેમાં કાર્ય કારણભાવ સંભવી શકે નહીં. તેથી બન્ને જ્ઞાન એક જ મનઃસંયોગથી ઉત્પન્ન થઈ શકતા નથી. જો તમે અસમવાયિકારણને જ્ઞાનરૂપ કાર્યમાં ભેદ કરનારું માનતા ન હો, તો તેમનામાં ભેદ કરનારૂં બીજું કોઈ પણ નથી. એવી સ્થિતિમાં જ્ઞાનમાં ભેદની વ્યવસ્થા જ નહીં થઈ શકે. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થવાથી અન્ય અપેક્ષણીય કારણ ન હોવાથી, એક સાથે ઘટનો અનુભવ, ઘટનું સ્મરણ અને ઘટવિષયક અન્ય જ્ઞાન થવાનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. ક્રમરહિત કારણ વડે કાર્યભેદ ક્રમની વ્યવસ્થા કરી શકાતી નથી. બાહ્ય સામગ્રીમાં ક્રમભેદ થવાથી જો કાર્યમાં ભેદનો સ્વીકાર કરવામાં આવે, તો જ્યારે ઘટ (ઘડો), પટ આદિનો એક સાથે સંયોગ થાય ત્યારે તો એક સાથે જ અનેક જ્ઞાનોની ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થશે. તેથી આપની ઇચ્છા ન હોય તો પણ આપે અસમવાયિકારણના ભેદ દ્વારા જ જ્ઞાનોનો ભેદ માનવો પડશે. અને ઘટના વ્યવસાય અને અનુવ્યવસાયમાં જો એક જ અસમવાયિકારણ મનઃસંયોગ હોય, તો આ બન્ને જ્ઞાનોની એક સાથે ઉત્પત્તિ કોઇ પણ પ્રકારે રોકી શકાતી નથી તેથી 'એક જ મનઃસંયોગ વડે બન્નેની વ્યવસાય અને અનુવ્યવસાયની–ઉત્પત્તિ થાય છે' આ પક્ષ સમીચીન (સાચો) નથી.

'જે મનઃસંયોગ વડે પ્રથમ જ્ઞાન એટલે કે વ્યવસાયની ઉત્પત્તિ થાય છે, એ જ મનઃસંયોગ વડે બીજા જ્ઞાનની–એટલે કે અનુવ્યવસાયની–ઉત્પત્તિ થતી નથી, પરન્તુ બીજા સંયોગ વડે અનુવ્યવસાયની ઉત્પત્તિ થાય છે. તેથી પૂર્વોક્ત દોષનો સંભવ રહેતો નથી.' આ પ્રકારની દલીલ પણ ઉચિત નથી. ઘટાદિના જ્ઞાનની ઉત્પત્તિને સમયે મનમાં કર્મ ઉત્પન્ન થાય છે, ત્યારબાદ વિભાગ થાય છે, વિભાગ થતાં જ પૂર્વસંયોગનો નાશ થાય છે, અને ત્યારબાદ ઉત્તરસંયોગની ઉત્પત્તિ થાય છે, અને ત્યારબાદ અનુવ્યવસાયની ઉત્પત્તિ થાય છે. આ પ્રકારે વ્યવસાય અને અનુવ્યવસાયની ઉત્પત્તિ વચ્ચે અનેક ક્ષણોનું અન્તર રહેલું હોવાથી, અનુવ્યવસાય વડે અનેક ક્ષણ પહેલાંના વ્યવસાયને કેવી રીતે જાણી શકાય? આ કથનનો ભાવાર્થ એ છે કે—નૈયાયિકો આદિની માન્યતા પ્રમાણે જ્ઞાન પ્રથમ ક્ષણે ઉત્પન્ન થાય છે, બીજી ક્ષણે સ્થિર રહે છે અને ત્રીજી ક્ષણે નષ્ટ થઈ જાય છે. આ નિયમ પ્રમાણે પૂર્વ જ્ઞાન એટલે કે વ્યવસાય તો નષ્ટ થઈ ચુકયો અને ત્યારબાદ અનુ-વ્યવસાય ઉત્પન્ન થયો. તો પછી અનુવ્યવસાય દ્વારા નષ્ટ થઈ ચુકેલા વ્યવસાયને કેવી રીતે જાણી શકાય? જે પદાર્થ વિદ્યમાન જ નથી, તેને કોઈ પણ પ્રકારે પ્રત્યક્ષ કરી શકાતો નથી. ભૂતકાલીન અને ભવિષ્યકાલીન પદાર્થોને ઇન્દ્રિય પ્રત્યક્ષ કરી શકાતા નથી. તેમને ઇન્દ્રિય પ્રત્યક્ષ માનવા, તે વાત અનુભવથી પણ વિરૂદ્ધ જાય છે. તે કારણે બીજો પત્રે (વિચાર) પણ સંગત નથી.

જેવી રીતે ચક્ષુ આદિ ઇન્દ્રિય સ્વયં પ્રકાશમાન ન હોવા છતાં પણ અર્થવ્યવહારમાં (આ ઘડો છે; ઇત્યાદિ વ્યવહારમાં) કારણભૂત થાય છેઃ એ જ પ્રમાણે અપ્રકાશમાન જ્ઞાન અર્થવ્યવહારમાં કારણભૂત થઈ શકતું નથી. તે અન્ય જ્ઞાનને ઉત્પન્ન કરવાને કારણભૂત થઈ શકતું નથી. જડ પદાર્થો પોતે પ્રકાશમાન પણ હોઈ શકતા નથી અને એકબીજાને પ્રકાશિત પણ કરી શકતા નથી. જો જ્ઞાન જ પ્રકાશવાન્ ન હોય; તો અન્ય કોઈ પણ વસ્તુ પ્રકાશ-માન સંભવી શકે નહીં; અને જગત આંધળું જ બની જાય. એવી પરિસ્થિતિમાં તો આ લોકોક્તિ જ સાર્થક થાય....(આંધળાને જો આંધળો દોરે તો;

આંધળાનું પગલેને પગલે પતન થાય છે.")

"હું ઘટાદિ વિષયક જ્ઞાનવાળો છું; મેં ઘટને જાણ્યો" ઇત્યાદિ પ્રત્યક્ષ દ્વારા પ્રથમ જ્ઞાન વેદ્ય પ્રતીત થાય છે; તેથી પ્રત્યક્ષ દ્વારા જ બાધા આવે છે; એવું કહી શકાય નહીં. જ્ઞાનની વેદ્યતા વગર પણ સ્વતઃ સ્ફુરણાનો સ્વીકાર કરી લેવાથી પણ આ વ્યવહારનો સદ્‌ભાવ સિદ્ધ કરી શકાય છે. તદુપરાંત ઘટ જ્ઞાત થયો; ઘટ વિદિત થયો; ઇત્યાદિ પ્રત્યક્ષોમાં ઘટાદિ પદાર્થો જ વેદનના વિષયરૂપ પ્રતીત થાય છે; કારણ કે વિદિતત્વ આદિ ધર્મ ઘટનાં વિશેષણો છે. આ પ્રત્યક્ષો દ્વારા જ્ઞાનની વેદન વિષયતા; એટલે કે જ્ઞાનને જાણવાની સિદ્ધિ થતી નથી- કારણ કે તેના દ્વારા તો જ્ઞાનની પરપ્રકાશ્યતાની જ આશંકા થાય છે- તથા અનુભવની પ્રત્યક્ષતા હોવા છતાં પણ તે પ્રત્યક્ષ દ્વારા જ તેના અનુભવ્યત્વનું પ્રત્યક્ષીકરણ થતું નથી; તે કારણે પ્રત્યક્ષની અપેક્ષાએ વિરોધ આવતો નથી- અન્યથા અનુવ્યવસાય દ્વારા વ્યવસાયના સ્વવિશેષિત વેદ્યત્વનું ગ્રહણ થવાથી; વિશેષણ હોવાને કારણે પોતાનું પણ ગ્રહણ થઈ જવાથી; તેમાં આત્માશ્રયનો પ્રસંગ ઉપસ્થિત થશે- આ પ્રકારે જ્ઞાનને સ્વ.

પ્રકાશક માનવું એ જ શ્રેયસ્કર છે. અહીં જ્ઞાનની સ્વપ્રકાશતાનો સંક્ષિપ્તમાં વિચાર કરવામાં આવ્યો છે; તેનો વિસ્તારપૂર્વકનો વિચાર યથાસ્થાને કરવામાં આવશે.

એવું સ્વ અને પરને પ્રકાશિત કરનારૂં સ્વ--પર–વ્યવસાયી જ્ઞાન જ પ્રમાણ છે. જ્ઞાનનો આ ગુણ આ સૂત્રમાં પ્રકટ થાય છે. ગુણ ગુણીને (દ્રવ્યને) છોડીને રહી શકતો નથી. જેમ કે ઘડાના રૂપ આદિ ગુણો ઘડાના અસ્તિત્વ વગર ઉપલબ્ધ થતા નથી. તેથી રૂપ આદિનું અધિકરણ (આધારસ્થાન) જેવી રીતે ઘટાદિ દ્રવ્યો છે; એ જ પ્રકારે જ્ઞાનનું અધિકરણ આત્મા જ છે; કારણ કે જ્ઞાન ગુણરૂપ છે; તેથી તે ગુણ (દ્રવ્ય) વિના રહી શકતું નથી- તેથી જ આત્મારૂપ દ્રવ્યને જ જ્ઞાનનું અધિકરણ માનવું પડશે-

હવે આત્માના પરિમાણ વિષયક આ ત્રણ પ્રશ્નોનો વિચાર કરવામાં આવે છે—(૧) શું આત્મા વ્યાપક પરિમાણવાળો છે? (૨) શું આત્મા મધ્યમ પરિમાણ વાળો છે? (૩) શું આત્મા અણુપરિમાણ વાળો છે?

આત્મા વ્યાપક પરિમાણવાળો હોઈ શકે નહીં. જો આત્મા વ્યાપક પરિમાણવાળો હોત, તો સઘળી જગ્યાએ તેના ગુણો ઉપલબ્ધ હોત, પરન્તુ એવું બનતું નથી. તેથી આત્માને વ્યાપક માની શકાય નહીં. જેવી રીતે ઘડાના રૂપાદિ ગુણોનો સદ્ભાવ ઘડાથી ભિન્ન હોય એવા પદાર્થોમાં જોવામાં આવતો નથી, પરન્તુ ઘડામાં જ જોવામાં આવે છે, એ જ પ્રમાણે જ્ઞાનાદિ ગુણોનો સદ્ભાવ પણ શરીરમાં જ જોવામાં આવે છે, શરીર સિવાયની કોઇ પણ જગ્યાએ જોવામાં આવતો નથી. એ જ કારણે જ્ઞાનાદિક ગુણોના અધિકરણ રૂપ આત્મા વ્યાપક નથી. કહ્યું પણ છે કે—

'જેના ગુણ જ્યાં જોવામાં આવે છે, તે પદાર્થ પણ ત્યાં જ હોય છે.'

જેમ કે ઘટાદિના ગુણોનો જ્યાં સદ્ભાવ હોય છે, ત્યાં જ ઘટાદિનો પણ સદ્ભાવ હોય છે. આ નિયમ નિર્બાધ (બાધારહિત) છે. છતાં પણ જેમનું ચિત્ત કુતત્વવાદના પ્રભાવથી યુક્ત હોય છે, એવાં લોકો આત્માની શરીરની બહાર વ્યાપ્તિ હોવાનો પણ સ્વીકાર કરે છે.'

આત્મા મધ્યમ પરિમાણવાળો હોવાનું પણ સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે એવું માનવામાં આવે, તો ઘટાદિની જેમ તેને પણ અનિત્ય માનવો પડે. આત્માને અણુ-પરિમાણવાળો પણ માની શકાય નહીં, કારણ કે તેને અણુપરિમાણવાળો માનવાથી સંપૂર્ણ

શરીરમાં વ્યાપ્ત જ્ઞાનગુણની ઉપલબ્ધિ થઇ શકે નહીં. પરન્તુ ગ્રીષ્મઋતુમાં નદીના જળમાં અવગાહન કરનારને સ્વર્ગીય સુખની ઉપલબ્ધિ થતી જોવામાં આવે છે. આત્માને અણુ-પરિમાણવાળો માનવામાં આવે તો આ પ્રકારની ઉપલબ્ધિની સંભાવના જ ન રહે. જો આત્મા અણુપરિમાણવાળો હોત, તે શરીરના એકદેશમાં જ સુખ આદિનો અનુભવ થતો હોત, એક સાથે સઘળા અવયવોમાં એવો અનુભવ થાત નહીં.

'એક બાલાગ્રના ૧૦૦ ભાગ કરવામાં આવે. તે સો ભાગમાંથી એક ભાગ લઇને તેના પાછા ૧૦૦ ભાગ કરી નાખવામાં આવે, તો તે પ્રત્યેક ભાગ જેટલા પરિમાણવાળો હોય છે, એટલું જ પરિણામ જીવનું (આત્માનું)છે, તે અનંત છે," તથા" તે અણુપરિમાણુ વાળો આત્મા, પાંચ પ્રકારના પ્રાણનો સન્નિવેશ છે એવાં ચિત્ત વડે જાણવા યોગ્ય છે" ઇત્યાદિ શ્રુતિઆદિના પ્રમાણથી આત્માની અણુરૂપતા જ સિદ્ધ થાય છે, એમ કહી શકાય નહી. શ્રુતિનિ પ્રમાણતાનું નિરાકરણ આગળ કરવામાં અવશે. તેથી શ્રુતિ દ્વારા આત્માની અણુરૂપતા સિદ્ધ કરી શકાતી નથી, એવું પ્રતિપાદન થઇ જશે

વળી—જો આત્મા અણુપરિમાણવાળો હોત, તો સમસ્ત શરીરમાં વેદનાની ઉપલબ્ધિ પણ થાત નહીં તો પછી આત્મા કેવા પરિમાણવાળો છે, આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે, આત્માના પરિમાણવિષયક પહેલો અને છેલ્લો વિકલ્પ અસંભવિત હોવાને કારણે, મધ્યમ પરિમાણવાળો જે બીજો વિકલ્પ છે, તેનો અમે સ્વીકાર કર્યો છે. તેનો અર્થ એ છે કે શરીરનું જેટલું પ્રમાણ હોય છે, તેટલું જ પ્રમાણ આત્માનું હોય છે. એવું માનવામાં આવે, તે આત્માને પણ શરીરની જેમ અનિત્ય માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે, એવું કથન ઉચિત નથી. મધ્યમ પરિમાણવાળા શરીરમાં અનિત્યતા જણાય છે, તેથી મધ્યમ પરિમાણવાળા આત્મામાં પણ અનિત્યતા જ હશે. એવી પરિસ્થિતિમાં તો શરીરનો નાશ થવાની સાથે શરીર પ્રમાણ જ આત્માનો પણ નાશ થઇ જશે એવી પરિસ્થિતિમાં જન્માન્તરમાં કર્મફલનો ઉપભોગ માનવાની વાત કેવી રીતે સંગત બનશે? આ પ્રકારનું કથન ઉચિત નથી. અમે આત્માને અમુક દ્રષ્ટિએ અનિત્ય પણ માનીએ છીએ આ કથનનુ તાત્પર્ય એ છે કે અનેકાન્તવાદમાં પ્રત્યેક વસ્તુને અમુક દ્રષ્ટિએ નિત્ય અને અમુક દ્રષ્ટિએ અનિત્ય માનવામાં આવે છે, એકાન્તતઃ નિત્ય અથવા અનિત્ય માનવામાં આવતી નથી પરન્તુ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય માનવામાં આવે છે જેમ કે ઘડો દ્રવ્યની આપેક્ષાએ નિત્ય છે, પરન્તુ નવીનતા, પ્રાચીનતા આદિની આપેક્ષાએ અનિત્ય છે. એજ પ્રમાણે જીવ (આત્મા) પણ દ્રવ્યની આપેક્ષાએ નિત્યછે. તેથી એક શરીરનો નાશ થતાં જ તે શરીરનો ત્યાગ કરીને તે બીજા શરીરમાં પ્રવેશ કરે છે, અને શુભ કે અશુભ કર્મફલને ભોગવે છે. પરન્તુ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધત્વ આદિ પર્યાયોની અપેક્ષાએ અથવા શરીર આદિ અવચ્છેદકના ભેદની અપેક્ષાએ આત્માને અનિત્ય માનવામાં આવ્યો છે. તે કારણે મનુષ્ય પર્યાયને છોડીને ક્યારેક તે દેવપર્યાયમાં જાય છે અને દેવોને યોગ્ય ભોગો ભોગવે છે, કદી તે નારક અથવા પશુપર્યાયમાં પણ જાય છે અને દુઃખોની પરંપરાનું વેદન કરે છે, "જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી (કાયમ રહેવાના સ્વભાવથી) યુક્ત હોય છે, એજ સત્ હોય છે" આ સૂત્ર અનુસાર પ્રત્યેક પદાર્થ માટે એજ નિયમ છે. પણ કહ્યું છે કે....

“ **आद्योपमाव्योमसमस्वभावं** ” ઈત્યાદિ” દીપકથી લઇને આકાશ પર્યન્તની પ્રત્યેક વસ્તુ સમાન સ્વભાવવાળી છે એટલે કે નિત્યાનિત્ય છે, કારણ કે કોઇ પણ વસ્તુ સ્યાદ્વાદની મુદ્રાનું (છાપનું) ઉલ્લંઘન કરતી નથી. એવી પરિસ્થિતિમાં” આકાશાદિ કોઇ વસ્તુ નિત્ય જ છે અને ઘટ આદિ કોઇ વસ્તુ અનિત્ય જ છે” આ પ્રમાણે કહેવું તે, હે ભગવાન્! આપની આજ્ઞાનો દ્વેષ કરનારનો પ્રલાપ માત્ર જ છે.

જો કે આત્માના પરિમાણના વિષયમાં અનેક પ્રકારના વિવાદો ચાલે છે,તે કારણે તેનો નિર્ણય કરવા માટે વિસ્તૃત વિચાર કરવો આવશ્યક થઇ પડે છે અને તેને માટે પ્રયત્નશીલ પણ રહેવું જોઇએ, પરન્તુ ગ્રંથવિસ્તાર થઈ જવાના ભયથી, તથા અપ્રાસંગિક હોવાથી અહીં તેનો વધુ વિચાર કરવામાં આવ્યો નથી.

તે આત્મા અનાદિ કાળથી કર્મોના બંધ વડે બદ્ધ છે, અને જ્યાં સુધી આ સંસારમાં રહે છે ત્યાં સુધી સમસ્ત મળથી(કર્મમળથી) રહિત પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી. તે સ્વભાવથી જ અમૂર્ત હોવા છતાં પણ મૂર્ત કર્મોની સાથે સંબદ્ધ છે. કર્મના સંબંધને લીધે જ આત્મામાં સૂક્ષ્મ, બાદર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત આદી અનેક પ્રકારની અવસ્થાઓ નો સદ્ભાવ રહ્યા જ કરે છે. આત્મા જો એકાન્તતઃ અનિત્ય હોય, તો કેવળજ્ઞાનની ઉત્પત્તિને માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન (વારંવાર સ્મરણ) યમ, નિયમ, પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વર પ્રણીધાન આદી લોકોત્તર ફળનાં સાધનોનો તથા શ્રમ, વ્યાપાર, કૃષિ, સેવા આદિ આલોક સંબંધી ફલ દેનારા કર્મોનો તથા પ્રત્યભિજ્ઞાન અને સ્મરણ આદિનો સર્વથા લોપ જ થઇ જાત. આ કથનનો ભાવાર્થ એ છે કે–સઘળા બુદ્ધિમાન માણસો આત્માને પોતાના શરીરથી ભિન્ન તથા પરલોકમાં જનારો અને નિત્યાનિત્ય માનીને જ પારલૌકિક ફળનાં સાધનોમાં (દાનાદીમાં) પ્રવૃત્ત રહે છે. જો તેઓ આત્માને એકન્તતઃ અનિત્ય જ માનતા હોત, તો જે શરીરમાં રહીને જે શરીર દ્વારા આત્માએ જે કોઇ કર્મો કર્યાં છે, તેમના તે શરીર નષ્ટ થતાંની સાથે જ નાશ થઇ જાત ! ત્યાર બાદ કાલાન્તરે સ્વર્ગ આદિ પરલોક અથવા ભવાન્તરમાં કોણ તે કર્મોનું ફળ ભોગવત? જીવ જ (આત્મા જ) બીજો ભવ અથવા અનેક ભવો પ્રાપ્ત કરીને પૂર્વભવમાં કરેલાં કર્મો દ્વારા જનિત શુભ અથવા અશુભ કર્મોના સુખદુઃખ રૂપ ફળને ભોગવે છે. આ જીવ, જો દેહનો નાશ થતાં જ દેહની સાથે સાથે જ નષ્ટ થઈ જાય, તો ભવાન્તરમાં કર્મજનિત ફળ કોણ ભોગવશે?– જો તે સમયે આત્માનું અસ્તિત્વ જ ન સ્વીકારવામાં આવે, તો કર્મનું ફળ કોણ ભોગવશે? કારણ કે આ માન્યતા અનુસાર દેહના નાશ સાથે આત્માનો નાશ પણ સ્વીકાર્યો જ છે,

શંકા–કર્મનુ આચરણ કરતી વખતે જે આત્મા હોય છે, તે આત્માનો વિનાશ થઇ જાય છે, પરન્તુ ફળનો ઉપભોગ કરતી વખતે નવો આત્મા ઉત્પન્ન થઇ જાય છે. તે નવો આત્મા જ તે કર્મનું ફળ ભોગવે છે. તેથી પારલૌકિક ફળોને સિદ્ધ કરનરાં કર્મો નિરર્થક હોતા નથી.

સમાધાન—આ માન્યતા અનુચિત છે. આ પ્રકારની માન્યતામાં " કરે કોઇ અને ભોગવે બીજો," એવું માનવાને કારણે કૃતહાની અને અકૃતાભ્યાગમ નામના દોષોનો પ્રસંગ ઉપસ્થિત થશે. મનુષ્ય શરીરમાં રહેલા જે આત્માએ કર્મની આરાધના કરી હતી, તેણે તે કર્મનુ ફળ ભોગવ્યું નહીં, આ પ્રકારે કૃત કર્મની હાની થઇ. અને દેવાદિના શરીરમાં રહેલા જે આત્માએ ફળનો ઉપભોગ કર્યો, તેણે તે કર્મ કર્યું ન હતું. તે કારણે તેને કર્મ કર્યા વિના ફળ મળી ગયું. તેને જ અહી અકૃતાભ્યાગમ દોષ કહેવામાં આવ્યો છે. તે કારણે આત્માને એકાન્તતઃ નિત્ય માની શકાય નહીં.

આત્મા એકાન્તતઃ નિત્ય પણ નથી. આત્માને એકાન્તતઃ નિત્ય માનવાથી જન્મ મરણ આદિની વ્યવસ્થા જ સંભવી શકે નહી. તે કારણે આત્માને અમુક દૃષ્ટિએ (દ્રવ્યાર્થિકતાની અપેક્ષાએ) નિત્ય અને અમુક દૃષ્ટિએ (પર્યાયની અપેક્ષાએ) અનિત્ય માનવાથી, કોઇ પણ દોષની સંભાવના રહેતી નથી.

શંકા—સ્વભાવથી જ પરસ્પર વિરોધી એવી નિત્યતા અને અનિત્યતા એક જ આત્મામાં કેવી રીતે રહી શકે છે? જેમ કે શીતતા અને ઉષ્ણતા રૂપ પરસ્પર વિરોધી ગુણોનો સદ્ભાવ એક જ વસ્તુમાં સંભવી શક્તો નથી. જો એક જ વસ્તુમાં તેમને સમાવેશ થતો હોય, તો વીરોધની વાત જ સમાપ્ત થઇ જાય. એક સાથે ન રહેવું, તેને જ વિરોધી પદાર્થની વિરૂદ્ધતા કહેવાય છે.

સમાધાન—અપેક્ષાના ભેદની અપેક્ષાએ બન્નેનો સમાવેશ થઇ શકે છે, જેવી રીતે એક જ પુરૂષમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ પિતૃત્વ, પુત્રત્વ, સાળાપણું, શ્વસુરત્વ, ભ્રાતૃત્વ, જામાતૃત્વ આદિ ધર્મોનો સમાવેશ થવામાં કોઇ પણ મુશ્કેલી રહેતી નથી, એજ પ્રમાણે એકજ આત્મામાં દ્રવ્યની અપેક્ષાએ નિત્યતા અને દેવ, મનુષ્ય, તિર્યંચ આદિ પર્યાયોની અપેક્ષાએ અનિત્યતા માનવામાં શો વાંધો છે? અથવા જેવી રીતે નૈયાયિકોના મત પ્રમાણે એક જ ઘડામાં ઘટત્વ, પૃથ્વીત્વ, દ્રવ્યત્વ તથા પ્રમેયત્વ આદિ અનેક ધર્મોનો સમાવેશ થાય છે, અથવા જેવી રીતે એક જ વૃક્ષમાં શાખાની અપેક્ષાએ કપિસંયોગ (વાનરાની સાથે સંયોગ) અને મૂળની અપેક્ષાએ કપિસંયોગાભાવ રહી શકે છે, અને તેમાં કોઇ મુશ્કેલી નડતી નથી, એજ પ્રમાણે આત્મામાં પણ નિત્યતા અને અનિત્યતા માનવમાં શી મુશ્કેલી છે?

ઘડા અને વૃક્ષમાં અવચ્છેદકના ભેદને લીધે એવું સંભવી શકે છે, એજ પ્રમાણે પ્રસ્તુત આત્મામાં પણ અવચ્છેદકના ભેદની અપેક્ષાએ પરસ્પર વિરૂદ્ધ એવી નીત્યતા અને અનિત્યતાનો સમાવેશ માનવામાં આપને શી મુશ્કેલી લાગે છે? પક્ષપાત સિવાય બીજુ કોઈ પણ કારણ હોઇ શકે નહી. તેથી આત્માને નિત્યાનિત્ય માનવો એજ ઉચિત છે. જો કે આ વિષયને અનુલક્ષીને ઘણુ કહી શકાય તેમ છે, પરન્તુ ગ્રન્થવિસ્તારના ભયથી તથા વિષયાન્તર થવાના ભયથી અહીં વધુ વિસ્તારથી વિચાર કરવો ઠીક લાગતો નથી. આ વિષયને લગતા પ્રકરણમાં જ આ વિષયની વિસ્તૃત વિચારણા શોભી શકે, કારણ કે "અવસરજ્ઞ તા વાણી" એવો સિદ્ધાંત છે.

ચાર્વાક મતનું સ્વરૂપ પ્રકટ કરતાં બે શ્લોકોનો ભાવાર્થ—

"આત્મા પાંચ મહાભૂતોમાંથી સ્વતઃ ઉત્પન્ન થઇ જનારો અને ચૈતન્યયુક્ત છે. સ્વર્ગ પણ નથી અને મોક્ષ પણ નથી. આ જગત એવડુ જ છે કે જેવડુ દેખાય છે."॥૧॥

**માત્ર પ્રત્યક્ષ જ પ્રમાણ છે. અનુમાન અને આગમ પ્રમાણરૂપ નથી, કારણ કે આગમ અને અનુમાનને પ્રમાણ માનવાથી અનવસ્થા અને અન્યોન્યાશ્રય દોષના પ્રસંગ ઉપસ્થિતિ થાય છે" ॥૨॥ નીચેના બે શ્લોકો દ્વારા ચાર્વાકના મતનું ખંડન કરવામાં આવ્યું છે.**

"જો દેહને જ આત્મા માનવામાં આવે, તો દેહનો નાશ થાય ત્યારે આત્માનો પણ નાશ થવાનું સ્વીકારવું જ પડે. એવું થતું હોય તો મહાબુદ્ધિમાનો અને શાસ્ત્રોની પ્રવૃતિ જ સંભવી શકત નહીં." ॥૩॥

જો એક માત્ર પ્રત્યક્ષને જ પ્રમાણ માનવામાં આવે, તે પિતા દૂરના દેશમાં જાય ત્યારે લોકો રડવા લાગશે, કારણ કે દૂર રહેલા પિતા દ્રષ્ટિગોચર નહીં થવાને કારણે તેમના મરણની આશંકા જ ઊભી થશે." ।૪।

## વેદાન્તિયોં કે એકાત્મવાદકા નિરૂપણ

'વેદાન્તિયોના એકાત્મવાદ'

એક જ આત્માને માનનારા લોકોની માન્યતા સૂત્રકારે આ સૂત્ર દ્વારા પ્રકટ કરી છે. "**जहा य**"

શબ્દાર્થ—'**जहा-यथा**' જેવી રીતે **पुढवीथूमे-पृथ्वीस्तूपः**' પૃથ્વીસમૂહ'**एगेय-एकोऽपि**' એકજ '**नानाहि दीसइ-नाना दृश्यते**' અનેક રૂપોમાં દેખાય છે. '**एवं-एवम्**' એજ પ્રમાણે '**भो-हे**' હે જીવો '**कसिणे लोए-कृत्स्नो लोकः**' સમસ્ત લોક '**विन्नू-विज्ञः**' આત્મસ્વરૂપ '**नाणाहि-नाना**' અનેક રૂપોમાં '**दीसइ-दृश्यते**' દેખવામાં આવે છે. ॥૯॥

જેવી રીતે પૃથ્વી રૂપ સ્તૂપ (પિંડ) એક હોવા છતાં પણ સરિતા. સાગર, પહાડ, નગર ગ્રામ, ઘટ (ઘડો) પટ આદિના ભેદની અપેક્ષાએ અનેક રૂપોવાળા દેખાય છે, એજ પ્રમાણે" હે લોકો! આ જડ ચેતન રૂપ સંપૂર્ણ લોક જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે. આત્મા જ પૃથ્વી આદિ ભૂતોના આકારે દ્રષ્ટિગોચર થાય છે આત્મા સિવાયનો અન્ય કોઈ પદાર્થ નથી.

—ટીકાર્થ—

દ્રષ્ટાન્તની મદદથી અર્થ સ્પષ્ટ થઇ જાય છે. તેથી અહીં સૌથી પહેલાં દ્રષ્ટાન્ત જ આપવામાં આવેલ છે—જેમ એક જ પૃથ્વી રૂપ સ્તૂપ અર્થાત્ પૃથ્વીનો સ્તૂપ એટલે કે પૃથ્વીના સમુદાય રૂપ પિંડ અનેક રૂપે દેખાય છે, એટલે કે મૂળમાં તો પૃથ્વી એક હોવા છતાં પણ જળ, સમુદ્ર, પર્વત, નગર, ઘટ, પટ આદિ વિવિધ રૂપે રહેલો હોવાને કારણે ત્રિવિધ રૂપે દેખાય છે, છતાં પણ તે બધામાં પૃથ્વીતત્ત્વની વ્યાપ્તિ તો રહેલી જ હોય છે, —તેના સ્વરૂપમાં તો ભેદ પડતો નથી, એજ પ્રકારે હે લોકો! આ અચેતન (જડ) અને

અચેતન રૂપ સમસ્ત લોક જ્ઞાનરૂપ (આત્મા)જ છે, પરન્તુ પૃથ્વી જળ આદિ ભૂતો (તત્ત્વો) ના આકારમાં હોવાથી અનેક પ્રકારનો દેખાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે —જ્ઞાન-સ્વરૂપ આત્મા તો એક જ છે પરન્તુ તે પૃથ્વી આદિ ભૂતોના આકારમાં પરિણત થઇ જવાથી અનેક રૂપે દેખાય છે. પરન્તુ જેવી રીતે ઘટાદિ સમસ્ત પદાર્થોમાં પૃથ્વી રૂપ તત્ત્વ તો એક જ છે, એજ પ્રમાણે આત્મા પણ એક જ છે–તેમાં કોઇ ભેદ નથી. શ્રુતિમાં કહ્યું છે કે — "एक एव हि" ઇત્યાદિ– "એક જ ભૂતાત્મા પ્રત્યેક ભૂતમાં રહેલો છે. તે જલચન્દ્ર (જળમાં ચન્દ્રના પ્રતિબિંબ) સમાન એક પ્રકારનો હોવા છતાં અનેક પ્રકારનો દેખાય છે. ॥૧॥

"એજ સઘળા પુરુષ (આત્મા) જ છે" ॥ ૨ ॥

"એક અદ્વિતીય તત્ત્વ જ છે" ॥ ૩ ॥

"જેવી રીતે એક જ વાયુ ઘરમાં પ્રવિષ્ટ છે, છતાં પણ ઉપાધિ ભેદને લીધે જુદા જુદા આકારવાળો થઈ ગયો છે," એજ પ્રમાણે સર્વ ભૂતોમાં રહેલો એક જ આત્મા ઉપાધિના ભેદ વડે ભિન્ન ભિન્ન રૂપોવાળો બનાવી દેવાય છે. ॥ ૪ ॥

એક જ આત્મા પ્રત્યેક વસ્તુમાં જીવ રૂપે સ્થિત છે. એ એક જ આત્મા એક રૂપે અને દેવદત્ત, ગંગદત્ત આદિ અનેક રૂપે દેખાય છે. જેવી રીતે ચન્દ્રમા એક જ હોવા છતાં પણ જુદાં જુદાં જળપાત્રોમાં તેના અનેક પ્રતિબિંબો દેખાય છે, એજ પ્રમાણે એક આત્મા ઉપાધિ ભેદની અપેક્ષાએ અનેક પ્રકારનો દેખાય છે. ॥ ૧ ॥

આ બધું જે દેખાય છે, તે આત્મા જ છે. ॥ ૨ ॥

એક અદ્વિતીય બ્રહ્મ આત્મા જ છે. ॥ ૩ ॥

જેવી રીતે એક જ વાયુ લોકમાં વ્યાપ્ત છે, છતાં પણ ઉપાધિ ભેદની અપેક્ષાએ અનેક રૂપ થઇ જાય છે, એજ પ્રકારે એક જ આત્મા જુદી જુદી ઉપાધિઓને પામીને અનેક રૂપોને ધારણ કરે છે. પૂર્વોક્ત શ્રુતિઓનો આ પ્રકારનો અર્થ થાય છે. એજ આત્માના અદ્વૈતિ-વાદિયોની માન્યતા છે. ॥ ૯ ॥

## અદ્વૈતવાદિયોં કે મત કા ખંડન

હવે સૂત્રકાર પૂર્વોક્ત અદ્વૈતવાદીઓના મતનું ખંડન કરે છે "एवमेगे" ઇત્યાદિ –

શબ્દાર્થ—'एवं-एवम्' એ પ્રમાણે 'एगे-एके' કેટલાક પુરૂષ 'त्ति-इति' એકજ આત્મા છે. આરીતે 'जप्पंति-जल्पंति' કહે છે. 'मंदा-मन्दाः' જડ બુદ્ધિવાળા તેઓ 'आरंभनिस्सिया-आरम्भनिश्रिताः' પ્રાણાતિપાત વિગેરે આરંભમાં આસકત એવા 'एगे एके' કેટલાક પુરૂષો 'सय-स्वयं' પોતે 'पावं किच्चा-पापं कृत्वा' પાપકરીને 'तिव्वं-तीव्रं' તીવ્ર 'दुक्खम्-दुःखम्' દુઃખ 'नियच्छइ-नियच्छन्ति' પ્રાપ્ત કરે છે ॥૧૦॥

અન્વયાર્થ–

આત્માદ્વૈવાદી પૂર્વોક્ત જે કથન કરે છે – જે માન્યતા ધરાવે છે – તે મિથ્યા છે. તેઓ અજ્ઞાની છે, અને પ્રાણાતિપાત આદિ આરંભોમાં આસક્ત છે. કોઈ કોઈ ખેડુત આદિ લોકો સ્વયં પ્રાણાતિપાત આદિ આરંભ કરીને તીવ્ર નરક નિગોદ આદિના દુઃખના ભોક્તા બને છે. આત્મા એક જ હોવાની વાત સ્વીકારવામાં આવે, તો એકે કરેલા અશુભ કર્મનું ફળ સૌએ ભોગવવું પડત. "એક અશુભ કર્મ કરે. અને તેના ફળ રૂપે બીજા બધા લોકો દુઃખ ભોગવે", એવું તો કદી જોવામાં આવતું નથી. તેથી "આત્મા એક જ છે," આ પ્રમાણે કહેવું તે યુક્તિ સંગત લાગતું નથી. ॥ ૧૦ ॥

ટીકાર્થ—આત્માદ્વૈતવાદી (આત્મા એકજ છે, એમ માનનારા) પૂર્વોક્ત પ્રકારની મિથ્યા પ્રરૂપણા કરે છે. તેઓ શા કારણે એવું કહે છે? તેઓ જડ છે એટલે કે સમ્યગ્જ્ઞાનથી રહિત છે. યુક્તિહીન આત્માદ્વૈતિવાદિયોની માન્યતાનો આધાર લેવાને કારણે તેઓ જડ છે તથા પ્રાણાતિપાત આદિ આરંભોમાં આસક્ત છે. કોઈ કોઈ જીવ આરંભ સમારંભ આદિ દ્વારા સ્વયં પ્રાણાતિપાત આદિ પાપનું સેવન કરીને તીવ્ર દુઃખની પ્રાપ્તિ કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે–જે જીવો અશુભ કર્મ કરે છે, તેઓજ તેના ફળ સ્વરૂપે દુઃખ ભોગવે છે, અન્ય લોકો (અશુભ કર્મ નહીં કરનારા લોકો) તેના ફળસ્વરૂપે દુઃખ ભોગવતા નથી. જો આત્મા એકજ હોત, તો એકના દ્વારા સેવાયેલા. અશુભ કર્મનું ફળ બીજા લોકોને પણ ભોગવવું પડત. પરન્તુ એવું બનતું નથી અને તે માન્યતા સંગત પણ લાગતી નથી. આ પ્રકારે આત્માને એક માનવામાં આવે, તો બન્ધ અને મોક્ષની વ્યવસ્થા પણ સંભવી શકે નહીં. તથા પ્રતિપાદ્ય (શિષ્ય) અને પ્રતિપાદક (શિક્ષક) નો ભેદ ન હોવાથી તેમના દ્વારા શાસ્ત્રની રચના કરવાનું કાર્ય પણ નિરર્થક બની જાય છે. એજ પ્રમાણે આત્મા જો એક હોત, તો એક જ માણસનો જન્મ થાય ત્યારે એક સાથે જ સૌનો જન્મ થતો હોત અને એકનું મૃત્યુ થતાં જ સઘળા જીવોનું મૃત્યુ થતું હોત! એક કોઇ કાર્યમાં પ્રવૃત્ત થાત ત્યારે સઘળા એજ કાર્યમાં પ્રવૃત્ત થઇ જાત! પરન્તુ એવું કદી બનતું નથી. અનેક આત્માઓનો સ્વીકાર કરવામાં આવે, તો આ દોષોની સંભાવના રહેતી નથી, અને બન્ધ મોક્ષની વ્યવસ્થાનું પણ સમાધાન થઈ જાય છે. "**नात्मैकवादे**" ઇત્યાદિ––

એકાત્માવાદમાં સુખ, દુઃખ, અને મોક્ષની વ્યવસ્થા દ્વારા કોઇ પણ જીવ સુખાદિવાળો નહીં બને, તેથી સત્પુરુષે કોઇ એવા પુરુષની ઉપાસના કરવી જોઇએ કે જેણે સપ્તભંગીની આરાધના કરી હોય, એટલે કે છે સ્યાદ્ વાદનો જ્ઞાતા હોય. ॥ ૧ ॥

દસમી ગાથાનો સંક્ષિપ્ત ભાવાર્થ નીચે પ્રમાણે છે સૌનો આત્મા એક જ છે, આ માન્યતા ઉચિત નથી, કારણ કે જે માણસ પાપકર્મ કરે છે, એજ દુઃખી થાય છે. બીજા લોકો દુઃખી થતાં નથી. જો સૌનો આત્મા એક જ હોત, તો જે પાપી નથી તેને પણ પાપી જેવું જ દુઃખ ભોગવવું પડત, કારણ કે સૌનો આત્મા એક હોવાથી ભિન્નતાનો અભાવ

છે. તથા આત્મા સર્વ વ્યાપક પણ નથી. શરીરના આકારે પરિણત ભૂતમાં જ ચેતનાની ઉપલબ્ધિ થાય છે, ઘટ, પટ આદિમાં થતી નથી. તે કારણે આત્માને સર્વવ્યાપક પણ માની શકાય નહીં. તથા એ વાત પણ નિર્વિવાદ છે કે દેવદત્તના જ્ઞાનને યજ્ઞદત્ત જાણતો નથી. જો સૌનો આત્મા એક જ હોત તો દેવદત્તના જ્ઞાનને યજ્ઞદત્ત જાણી શકત પણ એવું કદી બની શકતું નથી. તેથી એ વાત સિદ્ધ થાય છે કે સૌનો આત્મા એક નથી. ।।ગા. ૧૦।।

## તજ્જીવ તચ્છરીરવાદિયોં કે મતકા નિરૂપણ

એકાત્મવાદીઓના મતનું ખંડન કરીને હવે સૂત્રકાર "**तज्जीवतच्छरीरवादी**" ના મતનું (જીવની એક ભવમાંથી ગતિ નહીં માનનારના મતનું) સ્વરૂપ પ્રકટ કરે છે "**पत्तेयं**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**कसिणे-कृत्स्नाः**' સમસ્ત '**आया-आत्मा**' આત્માઓ '**जे बाला-ये बालाः**' જેઓ અજ્ઞાનીયો છે '**जेय पंडिया-ये च पण्डिताः**' અને જેઓ પંડિતો છે. '**पत्तेयं-प्रत्येकम्**' બધા આત્મા અલગ અલગ '**संति-सन्ति**' છે. '**पिच्चा-प्रेत्य**' મરણ પછી '**ते न संति-ते न सन्ति**' તેઓ રહેતા નથી. '**सत्ता-सत्त्वाः**' પ્રાણિયો '**उववाइया-औपपातिकाः**' પરલોકમાં જવા વાળા '**नत्थि-न सन्ति**' હોતા નથી. આ પ્રમાણે તજ્જીવ તચ્છરીરવાદિયોનો મત છે.।।૧૧।।

અન્વયાર્થ--સમસ્ત આત્માઓ અલગ અલગ છે. એટલે કે અજ્ઞ અને વિજ્ઞ આત્માઓ એક નથી પણ પૃથક્ પૃથક્ (ભિન્ન ભિન્ન) છે.

શાસ્ત્રના પરિશીલનથી ઉત્પન્ન થનારી ખૂબ જ બુદ્ધિ પ્રભાથી રહિત એવો જે આત્મા છે તેને અજ્ઞ (અજ્ઞાન) અથવા અવિવેકી કહે છે. જેમનામાં શાસ્ત્રના પરિશીલનથી ખૂબ જ બુદ્ધિ પ્રભા ઉત્પન્ન થયેલી છે એવાં આત્માઓને વિજ્ઞ અથવા વિવેકી કહે છે. આ પ્રકારના અજ્ઞ અને વિજ્ઞ આત્માઓ પૃથક પૃથક છે. એક જ આત્મા નથી. પરન્તુ તે ભિન્ન ભિન્ન આત્માઓ પરલોકમાં રહેતા નથી. તેથી પ્રાણીઓ ઔપપાતિક નથી એટલે કે એક ભવમાંથી બીજા ભવમાં તેમનું ગમન થતું. નથી. ।। ૧૧ ।।

ટીકાર્થ– આત્મા અનેક છે. જે આત્મા અજ્ઞ છે એટલે કે શાસ્ત્રના પરિશીલનથી જનિત બુદ્ધિના પ્રકર્ષથી રહિત છે અથવા અવિવેકી છે, અને જે વિજ્ઞ (પંડિત) એટલે કે બુદ્ધિના પ્રકર્ષથી યુક્ત છે, સત્ અસત્‌ના વિવેકથી યુક્ત છે, તત્ત્વજ્ઞાની છે, તે સૌ અલગ અલગ જ છે. સૌમાં એક જ આત્મા હોતો નથી. પરન્તુ તે આત્માઓનો પરલોકમાં સદ્‌ભાવ રહેતો નથી. છ નિકાય રૂપ જીવો એક ભવમાંથી બીજા ભવમાં જતાં હોય, એવું બનતું નથી.

એજ જીવ છે અને એજ શરીર છે, એવી પ્રરૂપણા કરનારાને "**तज्जीवतच्छरीरवादी**" કહેવાય છે. જો કે ચાર્વાકના મતને માનનારા લોકોપણ શરીરને જ ચેતન કહે છે. અને

આ લોકો પણ એવું જ કહે છે. છતાં પણ આ બન્નેના મતમાં થોડી ભિન્નતા રહેલી છે. ભૂતચૈતન્યવાદી (ચાર્વાક) ના મત પ્રમાણે તો પાંચ મહાભૂતો જ શરીરના રૂપે પરિણત થઇ ને સમસ્ત ક્રિયાઓ કરે છે. પરન્તુ "**तज्जीवतच्छरीरवादी**" આ મતને માનનારાના મત પ્રમાણે શરીરાકારે પરિણત થયેલાં ભૂતો દ્વારા જ ચૈતન્યની ઉત્પત્તિ થાય છે અથવા અભિવ્યક્તિ થાય છે, એવું માનવામાં આવે છે. આ બન્ને મતોમાં આટલી જ ભિન્નતા છે. આ કથનનો ભાવાર્થ એ છે કે તજ્જીવ તચ્છશરીર વાદીઓના મત પ્રમાણે શરીરના આકારે પરિણમિત થયેલા પાંચ મહાભૂતો વડે ચૈતન્યની ઉત્પત્તિ થાય છે, જેમ કમ્બુગ્રીવતા આદિ રૂપે પરિણમિત માટીમાંથી ઘડાની ઉત્પત્તિ થાય છે, અથવા જેમ એકઠાં થયેલાં તલમાંથી તેલની અભિવ્યક્તિ થાય છે. એજ પ્રમાણે શરીરાકારે પરિણત થયેલા પાંચ મહાભૂતો વડે ચૈતન્યની અભિવ્યાક્તિ થાય છે.

તલમાં પહેલેથી જ તેલ મોજૂદ હોય છે, તલને પીલવાથી તે પ્રકટ થઈ જાય છે– નવું ઉત્પન્ન થતું નથી. જો નવું ઉત્પન્ન થતું હોત તો રેતીને પીલવાથી પણ તેલની ઉત્પત્તિ થાત. પરન્તુ એવું બનતું નથી. તલમાં જે તેલ પહેલેથી જ મોજૂદ હતું, એજ તેલ તલના સમૂહને પીલવાથી પ્રકટ થઈ ગયું. એજ પ્રમાણે પ્રત્યેક ભૂતમાં પહેલેથી જ જે ચૈતન્ય મોજૂદ હતું, એજ ચૈતન્ય એકત્રિત થયેલા પાંચે ભૂતોમાંથી સ્પષ્ટ રૂપે પ્રકટ થાય છે. આ કારણે પ્રત્યેક શરીરમાં અલગ અલગ આત્મા છે જેટલાં શરીરો છે, એટલા જ આત્માઓ છે. અદ્વૈતવાદિઓના મત પ્રમાણે બધાં શરીરોમાં એક જ આત્મા હોવાની વાત આ મતવાળા સ્વીકારતા નથી. બધાં શરીરોમાં એક જ આત્મા હોય તો બન્ધ, મોક્ષ આદિની વ્યવસ્થા સિદ્ધ થઇ શકે નહી. અમે શરીરોના ભેદની અપેક્ષાએ જીવોમાં પણ ભિન્નતા સ્વીકારી છે. તેથી શરીરોના ભેદ દ્વારા આત્માઓની અનેક્તાનો સ્વીકાર કરીને સુખ દુઃખની વ્યવસ્થાને પણ સંગત સિદ્ધ કરી શકાય છે." તજ્જીવતચ્છરીરવાદિઓના આ મત દ્વારા અદ્વૈતવાદિઓના મતનું ખંડન થઇ જાય છે. હવે સૂત્રકાર આત્માઓના બહુત્વનું જ પ્રતિપાદન કરે છે–જે જીવો બાલ છે એટલે કે સ્વાભાવિક બોધથી રહિત છે. અને જેઓ પંડિત છે (સત્ અસત્ ના વિવેકથી યુક્ત છે) તેઓમાં એક જ આત્માનો સદ્ભાવ નથી પણ જુદા જુદા આત્માનો સદ્ભાવ છે. જો તે સૌમાં એક જ આત્માનો સદ્ભાવ હોત, તો અજ્ઞ (મૂર્ખ) અને વિજ્ઞ (પંડિત) ના ભેદો સંભવી શકત નહીં. પરન્તુ અલગ અલગ આત્માઓનો સદ્ભાવ હોવાથી બાલ (અજ્ઞાની) અને પંડિત રૂપ ભેદો સંભવે છે, અને બન્ધ મોક્ષ આદિની પ્રતિનિયત વ્યવસ્થા પણ સંભવે છે. આપના મત અનુસાર શ્રુતિ પણ અનેક આત્માઓનું પ્રતિપાદન કરે છે—

સઘળા આત્મા સમર્પિત છે. જેમ અગ્નિના નાના મોટા તણખા આમ તેમ ઉડતા રહે છે, એજ પ્રમાણે સઘળા જીવો આમ તેમ વિચરે છે." ગીતામાં પણ એવું કહ્યું છે કે –"**द्वाविमौ पुरुषौ लोके**" ઈત્યાદિ– "લોકમાં બે પ્રકારના પુરુષો છે–(૧) ક્ષર અને (૨) અક્ષર. ક્ષર એટલે નાશવંત અને અક્ષર એટલે નિત્ય. ક્ષર અથવા નાશશીલ સઘળા ભૂતો છે. અને જે કૂટસ્થ છે, તે નિત્ય છે એક જ રૂપમાં રહેવું તે અક્ષર છે"

મહાભારતમાં પણ એવું કહ્યું છે કે—" રાજન્! આત્માઓ ઘણાજ છે." આ શ્રુતિ અને સ્મૃતિ આદિના પ્રમાણોથી જીવોની બહુતાનું જ પ્રતિપાદન થાય છે. સાંખ્યમતમાં પણ જીવોની અનેકતા જ બતાવવામાં આવી છે—

"જન્મ મરણ અને કરણની વિભિન્નતા દ્વારા તથા સૌની એક સાથે પ્રવૃત્તિ ન હોવાથી આત્માઓની અનેકતા સિદ્ધ થાય છે." ત્રૈગુણ્યની વિપરીતતા દ્વારા પણ બહુત્વની જ સિદ્ધિ થાય છે,

શરીરોની ભિન્નતાને કારણે આત્માઓની ભિન્નતાનો જૈનો પણ સ્વીકાર કરે છે. છતાં પણ અહીં આ મતને તજ્જીવતચ્છરીરવાદિઓના મત રૂપે શા માટે ઓળખાવવામાં આવ્યો છે? આ શંકાનું નિવારણ કરવા માટે "संति" ઈત્યાદિ સૂત્રપાઠ આપવામાં આવ્યો છે—

તજ્જીવતચ્છરીરવાદિઓની માન્યતા આ પ્રકારની છે- " જ્યાં સુધી શરીરનું અસ્તિત્વ રહે છે, ત્યાં સુધી જ આત્મા રહે છે. શરીરનો નાશ થયા બાદ આત્મા ઉપલબ્ધ થતો નથી, " આ કથનનું તાત્પર્ય એ છે કે શરીર રૂપે પરિણત થયેલ પાંચ મહાભૂતોના સમુદાયમાં ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. પરન્તુ જ્યારે ભૂતોના સમુદાયનું વિઘટન થાય છે—એટલે કે શરીરમાંથી એક અથવા બે ભૂત નીકળી જઇને જ્યારે અલગ પડી જાય છે. ત્યારે ચૈતન્ય ઉપલબ્ધ થતું નથી જેવી રીતે દરમાંથી નીકળીને બીજે કોઇ પણ સ્થળે જતા સર્પને જોઇ શકાય છે, એવી રીતે શરીરમાંથી નીકળીને આત્માને બીજે જતો દેખી શકાતો નથી જો શરીરથી ભિન્ન એવા કોઇ આત્માનો સદ્ભાવ હોય, તો મરણપથારીએ પડેલા માણસની સમીપમાં બેઠેલી વ્યક્તિ, મૃત શરીરમાંથી બહાર નીકળતા આત્માને દેખી શકતી હોત. દરમાંથી નીકળતો સર્પ જેમ માણસને દેખાય છે તેમ મૃત્યુકાળે શરીરમાંથી નીકળતો આત્મા શા માટે દૃષ્ટિગોચર ન થાય? તેથી શરીરનો નાશ થતાંની સાથે સાથે જ આત્માનો પણ નાશ થઇ જાય છે. એજ વાત સૂત્રકારે આ પ્રકારે પ્રકટ કરી છે પ્રાપ્ત શરીરનો ત્યાગ કરીને પરલોકમાં જનારો તથા શરીર, ઇન્દ્રિયો આદિથી ભિન્ન એવો આત્મા છે જ નહીં. એટલે કે પોતે કરેલાં શુભ અથવા અશુભ કર્મોનો ભોક્તા આત્મા નામનો પદાર્થ શરીર આદિથી ભિન્ન નથી. જ્યાં સુધી શરીર રહે છે, ત્યાં સુધી જ આત્મા રહે છે. શરીર વિદ્યમાન રહે ત્યાં સુધી આત્મા પણ વિદ્યમાન રહે છે અને શરીરનો નાશ થાય ત્યારે આત્માનો પણ નાશ થાય છે.

તજ્જીવ તચ્છરીરવાદિઓની ઉપર કહ્યા પ્રમાણેની માન્યતા છે. જૈનોની જેમ તેઓ પણ એમ માને છે કે આત્મા અનેક છે—આટલી વાત તો જૈનો પણ ઇષ્ટ ગણે છે. પરન્તુ શરીરના નાશની સાથે આત્માનો નાશ થવાની માન્યતાનો જૈનો સ્વીકાર કરતા નથી. જૈનો આત્માના બહુત્વનો સ્વીકાર કરે છે અને આત્માને શરીરથી ભિન્ન અને પરલોકગામી માને છે. આ પ્રકારે જૈન મત અને તેમના મત વચ્ચે ઘણો જ તફાવત છે. થોડી સમાનતા હોવાને કારણે બન્નેમાં પૂરે પૂરી સમાનતા માનવાથી અતિપ્રસંગ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

તજ્જીવ તચ્છીરવાદી પૂર્વોક્ત માન્યતા શા કારણે ધરાવે છે? આ પ્રશ્નનો ઉત્તર આપતાં સૂત્રકાર કહે છે કે—પ્રાણી (જીવ) ઔપપાતિક નથી એટલે કે એક ભવનો ત્યાગ

કરીને બીજા ભવમાં ગમન કરનાર નથી. ભવાન્તરમાં ગમન કરવું તેનું નામ જ 'ઉપપાત' છે, અને બીજા ભવમાં ગમન કરનારને ઔપપાતિક કહે છે. આ મતની માન્યતા અનુસાર જ્યારે શરીરની ઉત્પત્તિ થાય છે, ત્યારે જ જીવની (આત્માની) ઉત્પત્તિ થાય છે, અને શરીરનો વિનાશ થાય ત્યારે આત્માનો પણ વિનાશ થઈ જાય છે. આ માન્યતાને કારણે એક ભવનો ત્યાગ કરીને બીજા ભવમાં જીવના ગમનનો પ્રશ્ન જ રહેતો નથી. જે વસ્તુનો વિનાશ થઇ ચુકયો હોય તે વસ્તુના આવાગમનની વાત જ સંભવી શકતી નથી. આવા-ગમન તો એ વસ્તુ જ કરી શકે છે, કે જે સ્થિતિશીલ હોય. ॥ ગાથા ૧૧ ॥

## પુણ્ય ઔર પાપ કે અભાવકા નિરૂપણ

જો ગુણી આત્માનો જ અભાવ હોય, તો તેના ગુણ રૂપ ધર્મ અને અધર્મનો પણ અભાવ જ હોય, કારણ કે જ્યાં કારણનો જ અભાવ હોય, ત્યાં કારણ પર આધાર રાખ-નાર કાર્યનો પણ અભાવ જ રહે છે. જો ઘડાનો જ અભાવ હોય, તો ઠીકરાંનો સદ્ભાવ કેવી રીતે હોઈ શકે? એ જ પ્રમાણે જો આત્મારૂપ કારણની જ સત્તા (વિદ્યમાનતા) ન હોય, તો તેના ગુણરૂપ ધર્મ અને અધર્મની તો સત્તા કેવી રીતે સંભવી શકે? તેથી ધર્મ અને અધર્મનો અભાવ બતાવવા નિમિત્તે બારમી ગાથા કહેવામાં આવી છે—
"**नत्थि**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**पुण्णेव नत्थि-पुण्यं नास्ति**' સુખ વિગેરેના ફલ સ્વરૂપ પુણ્ય નથી. તથા '**पावे वा-पापं वा**' અથવા નરક વિગેરે ફલ રૂપ પાપ પણ '**नत्थि-नास्ति**' નથી. '**इओवरे-इतः अपरः**' આ લોક શિવાયનો બીજો '**लोए-लोकः**' લોક '**नत्थि-नास्ति**' નથી. '**सरीरस्स-शरीरस्य**' શરીરના '**विणासेणं-विनाशेन**' નાશ થવાથી '**देहिणो-देहिनः**' આત્માનો '**विणासो-विनाशः**' વિનાશ '**होई-भवति**' થાય છે. ॥૧૨॥
અન્વયાર્થ—

શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોથી ઉત્પન્ન થનારાં સુખાદિ ફલરૂપ પુણ્ય પણ નથી, તથા નિષિદ્ધ કાર્યોના સેવનથી ઉત્પન્ન થનાર અને નરકાદિ ફલરૂપ પાપ પણ નથી. આ લોક સિવાયના

કોઇ પરલોકનું પણ અસ્તિત્વ નથી. આ શરીરનો નાશ થતાં જ આત્માનો પણ નાશ થઈ જાય છે. તેથી પુણ્યપાપ આદિનો સંભવ જ કેવી રીતે હોઈ શકે?

ટીકાર્થ—શાસ્ત્રોકત અનુષ્ઠાનોનું આચરણ કરવાથી ઉત્પન્ન થનારા અને કાળાન્તરમાં પ્રાપ્ત થનારા સુખરૂપ ફળને ઉત્પન્ન કરનારું 'પુણ્ય' એ નામનું કંઈ પણ છે જ નહીં. દાન આદિ કાર્ય આ સમયે (આ ભવમાં) કરવામાં આવે છે, અને તેનું ફળ કાળાન્તરે સ્વર્ગ આદિમાં મળે છે, એવી કોઈ વાત જ સંભવી શકતી નથી. દાનાદિ ક્રિયાઓ ક્ષણ માત્રમાં જ નષ્ટ થઇ જાય છે, તેઓ સ્વર્ગ આદિ ફળની અવ્યવહિત પૂર્વક્ષણવર્તી હોઇ શકતી નથી.

તેથી દાનાદિક ક્રિયાઓ અને સ્વર્ગાદિક ફળની વચ્ચે કોઈ એવો પદાર્થ છે કે જે સ્વર્ગાદિના અવ્યવહિત પૂર્વક્ષણમા વ્યાપાર કરતો વિદ્યમાન હોય અને દાનાદિકને સ્વર્ગના કારણભૂત બનાવતો હોય. તે પદાર્થ બીજો કોઈ નથી, પણ અભ્યુદય રૂપ ફળવાળું પુણ્ય જ છે. પાપ તેના કરતાં ઊલટું છે. નિષિદ્ધ કાર્ય કરવાથી તેથી ઉત્પત્તિ થાય છે, અને નરકગતિ આદિ અનિષ્ટ ફળને તે ઉત્પન્ન કરે છે. આ બન્નેનું અસ્તિત્વ જ નથી, કારણ કે આત્મા રૂપ ધર્મીનો અભાવ છે. આધારનો જ જો અભાવ હોય, તો આધેય પણ રહી શકતું નથી. કોઈ પણ જન્ય વસ્તુ પોતાના આશ્રય વિના રહી શકતી નથી, જેમ કે ઘડો આ પ્રકારે જો પુણ્ય અને પાપનો જ સદ્ભાવ ન હોય, તો તેમને કારણે ઉદ્ભવનાર પરલોકનો પણ સદ્ભાવ હોઈ શકે નહીં. એ જ વાત અહીં પ્રકટ કરવામાં આવી છે–આ જે લોક દેખાય છે, તે લોકથી ભિન્ન એવા પરલોકનો સદ્ભાવ જ નથી. ચક્ષુ આદિ ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય ક્ષેત્રને જે લોક કહે છે. સુખદુઃખ આદિના ઉપભોગનો આધાર લોક જ પ્રામાણિક 'સ્વીકાર્ય' છે. તે સિવાય ઇન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય એવો કોઈ પરલોક છે જ નહીં, કે જ્યાં જઇને જીવ પુણ્ય અને પાપના સુખરૂપ અથવા દુઃખરૂપ ફળનો ઉપભોગ કરતો હોય. પુણ્ય અને પાપને કારણે પરલોકનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે છે, પરન્તુ પુણ્ય અને પાપ રૂપ કારણનો જ જો અભાવ હોય, તો તેને કારણે અસ્તિત્વ ધરાવનાર એવો કોઈ પરલોક જ હોઈ શકે નહીં કે જ્યાં જઇને જીવ પોતે કરેલાં કર્મોનું ફળ ભોગવે.

પરલોક નથી, આ પ્રકારની માન્યતાનું મૂળ શું છે? જો મૂળનો જ અભાવ હોય તો કોઈ પણ પ્રમેયની સિદ્ધિ થઈ શકતી નથી. આ શંકાનું નિવારણ કરવાને સૂત્રકાર પોતે જ તે મૂળ કારણનું સ્પષ્ટીકરણ કરે છે ચેષ્ટા તથા ઇન્દ્રિયાર્થના આધારભૂત જે પદાર્થ છે, તેને શરીર કહે છે. એટલે કે સુખ દુઃખ આદિના ભોગનો આધાર એવું જે શરીર છે તેનો વિનાશ થઈ જવાથી આત્માનો પણ વિનાશ થઈ જાય છે. એટલે કે જીવને ઉત્પન્ન કરનારા શરીરનો વિનાશ થવાથી (મરવાથી) દેહવાન્ આત્માનો પણ વિનાશ થાય છે. દેહનું મરણ થવાથી જીવનું પણ મરણ થઈ જાય છે. જીવનો પણ અભાવ થઇ જાય છે.

શરીરનો નાશ થઇ ગયા પછી, શરીરની બહાર નીકળી જઇને અને પરલોકમાં ગમન કરીને પુણ્ય અને પાપના સુખદુઃખ રૂપ ફળને ભોગવતો નથી. કારણ કે આશ્રય રૂપ આત્માનો જ અભાવ હોવાથી પુણ્ય અને પાપનો પણ અભાવ જ થઈ જાય છે. ઉત્પાદકના અભાવે ઉત્પાદ્યનો અને અભિવ્યંજકના અભાવે અભિવ્યંગ્યનો અભાવ જ હોય છે. આ વાતનું પ્રતિપાદન કરવા માટે ઘણા ઉદાહરણો આપી શકાય તેમ છે. કેટલાક ઉદાહરણો અહીં આપવામાં આવે છે-પાણીમાં લહેરો પ્રકટ થતી હોય છે. જ્યાં સુધી પાણીનો સદ્ભાવ હોય ત્યાં સુધી જ તેમાં લહેરો નજરે પડે છે. વળી પાણીમાં જે પરપોટા દેખાય છે, તે પરપોટા પણ જ્યાં સુધી પાણીનો સદ્ભાવ હોય, ત્યાં સુધી જ ઉત્પન્ન થતાં રહે છે. પરન્તુ તડકા અથવા શોષણને કારણે જ્યારે પાણીનો વિનાશ થઈ જાય છે, ત્યારે જળના દ્વારા અભિવ્યક્ત થનારા તે કાર્યસમૂહનો પણ વિનાશ થઈ જાય છે એટલે કે જળનો અભાવ થઈ જવાથી તરંગો અને પરપોટાનો પણ અભાવ જ થઇ જાય છે. એજ પ્રમાણે અભિવ્યંજક ભૂત સમુદાય રૂપ શરીરનો વિનાશ થઇ જવાથી ભૂતોના સમુદાય વડે ઉત્પન્ન થનારા જીવનો પણ વિનાશ થઇ જાય છે. કેવળ છાલ જ જેમાં સારભૂત છે એવી કેળના સ્તંભની છાલને દૂર કરવામાં આવે, તો અંદરથી કશું જ નીકળતું નથી, તે છાલ જ બાકી રહે છે. એટલે કે ત્યાં છાલ સિવાય કોઇ પણ વસ્તુની ઉપલબ્ધિ થતી નથી. એજ પ્રમાણે જ્યારે ભૂતો વિખરાઈ જાય ત્યારે ભૂતોથી ભિન્ન એવો આત્મા નામનો કોઇ પદાર્થ જ બાકી રહેતો નથી, કે જે પુણ્ય પાપ આદિ કારણોને ગ્રહણ કરીને પ્રત્યક્ષ એવા આ લોકમાંથી પરલોકમાં જઇને સુખ અથવા દુઃખનો ઉપભોગ કરે. આ પ્રકારની વાતો સંભવી શકતી નથી ભૂત સમુદાય સિવાયના રૂપ સ્પર્શ વાળા કોઈ પણ પદાર્થની ઉપલબ્ધિ જ થતી નથી. જેવી રીતે દરમાંથી નીકળતો સર્પ, દરની સમીપમાં બેઠેલી વ્યક્તિઓ દ્વારા દેખી શકાય છે, એજ પ્રમાણે શરીરમાંથી નીકળતા આત્માને જોઇ શકાય છે ખરો ? મરણ કાળે મૃત્યુ પામતી વ્યક્તિની સમીપમાં બેઠેલ માણસો દ્વારા પણ મૃત શરીરમાથી બહાર નીકળતો આત્મા નામનો કોઇ પદાર્થ દેખવામાં આવતો નથી. આ રીતે જે પદાર્થ દેખાતો જ નથી તે પદાર્થની સત્તા (વિદ્યમાનતા) કેવી રીતે સ્વીકારી શકાય? ઉપલબ્ધ થતા ન હોય એવા પદાર્થોની પણ જો કલ્પના કરવામાં આવે, તો ઉપલબ્ધ નહીં થનારા ઘણાં પદાર્થોનો પણ સદ્ભાવ થઇ જશે, ઉપલબ્ધ ન થનારાં આટલા જ પદાર્થો માનવા જોઇએ અને આટલા ન માનવા જોઇએ, એવી વ્યવસ્થા કરવામાં કોઈ નિયામક હેતુ સંભવી શકતો નથી. કલ્પના તો માણસની બુદ્ધિમાંથી ઉત્પન્ન થાય છે અને માણસ કલ્પના કરવાને સ્વતંત્ર છે. આ કારણે અવ્યવસ્થાની આપત્તિ ઉપસ્થિત થશે. તેથી એવું જ માનવું જોઇએ કે ભૂતસમુદાયથી ભિન્ન જીવનો સદ્ભાવ જ નથી. અથવા જેવી રીતે સ્વપ્નમાં, ઘટાદિનો અભાવ હોવા છતાં પણ, ઘટાદિ પદાર્થોને વિષય કરનારા (ગ્રહણ કરનારા) જ્ઞાનનો અનુભવ થાય છે, એજ પ્રમાણે આત્માનો અભાવ હોય તો પણ ભૂતસમુદાય દ્વારા આત્મવિષયક જ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે, એવું માનવામાં શો વાંધો છે?

"જો પદાર્થ ન હોવા છતાં પણ જ્ઞાન ઉત્પન્ન થઇ જતું હોય, તો સુષુપ્તિની અવસ્થામાં પણ પદાર્થનું જ્ઞાન શા કારણે થતું નથી ?" આ પ્રકારનું કથન ઉચિત નથી.

કારણ કે અનુભૂત પદાર્થમાં બાધા હોવી શક્ય નથી સ્વપ્નમાં બાહ્ય પદાર્થના વિના જ જ્ઞાન થઈ જાય છે, આ વાત સૌ જાણે છે' અનુભવને શરણુ માનનારા લોકોએ સર્વના અનુભવને બાધિત માનવો તે ઉચિત નથી. અનુભવ વડે જ વસ્તુની વ્યવસ્થા થાય છે. અનુભવમાં પણુ જો પ્રશ્ન કરવામાં આવે – શંકા ઉઠાવવામાં આવે, તો કોઇ પણુ વ્યવસ્થા સિદ્ધ નહીં થાય. પરન્તુ એવો સંભવ નથી.

અથવા જેવી રીતે અત્યંત સ્વચ્છ કાચમાં મુખનું પ્રતિબિંબ દેખાય છે, કારણુ કે કાચ અત્યંત સ્વચ્છ છે. બાહ્ય પદાર્થ કાચમાં પ્રવિષ્ટ તો થતો નથી, તે કાચની અંદર વિદ્યમાન ન હોવા છતાં પણુ વિદ્યમાન હોવાનો ભાસ થાય છે. એજ પ્રમાણે જ્યારે ભૂતસમુદાય શરીરના આકારે પરિણુત થાય છે, ત્યારે આત્મા પણુ ભૂતોથી ભિન્ન ન હોવા છતાં પણુ, ભિન્ન હોવાનો ભાસ થાય છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

ભૂતસમુદાય વડે ઉત્પન્ન થયેલો હોવાને કારણે અને ભૂતોના વિશેષણ રૂપ હોવાને કારણે, આત્મા ભૂતોથી ભિન્ન હોવા છતાં પણુ ભૂતોથી અભિન્ન પ્રતીત થાય છે. જેમ શુક્તિકામાં રજતનો (ચાંદીનો) અને દોરડામાં સર્પનો ભાસ (ભ્રમ) થ છે, એજ પ્રમાણે આત્માનો પણુ ભિન્ન રૂપે પ્રતિભાસ થાય છે. જેમ દોરડામાં સર્પનો ભાસ થવો તે વાસ્તવિક નથી પણુ તે ભ્રમ માત્ર જ છે, એજ પ્રમાણે ભૂતસમુદાયમાં ચેતના હોવાની વાત પણુ અસ્વાભાવિક છે. તે કારણે ભૂતોના સમુદાય રૂપ શરીરમાં ભૂતોથી ભિન્ન એવા કોઇ આત્માની વિદ્યમાનતા જ નથી, એ વાત સિદ્ધ થાય છે. તજ્જીવ તચ્છરીરવાદીઓના મતને આ પ્રકારે સંક્ષિપ્ત રૂપે અહીં પ્રકટ કરવામાં આવ્યો છે. ॥ ગાથા. ૧૨ ॥

## અકારકવાદી–સાંખ્યમતકા નિરૂપણ

ચાર્વાક આદિ મતોમાં આત્મા શરીર આદિથી ભિન્ન નથી, એવું આના પહેલાની ગાથાઓમાં કહેવામાં આવ્યું છે, હવે સાંખ્યોનો મત પ્રકટ કરવામાં આવે છે–તેમના મતાનુસાર જો કે આત્મા શરીર, ઇન્દ્રિય, બુદ્ધિ, મન અને વિષયોથી ભિન્ન છે. પરન્તુ તે નિષ્ક્રિય, નિષ્કલ, શાન્ત, નિરવદ્ય અને નિરંજન છે. "આ પુરુષ અસંગ છે," એવી શ્રુતિમાં પ્રતિપાદિત ક્રિયા શૂન્યત્વ રૂપ નિષ્ક્રિયત્વમાં માનનારા અકારકવાદી સાંખ્યોના મતને પ્રકટ કરવા સૂત્રકાર કહે છે કે "**कुव्वं च**" ઇત્યાદિ —

શબ્દાર્થ—'**कुव्वं च-कुर्वंश्च**' ક્રિયા કરવાવાળો '**चेव-चैव**' અને '**कारयं-कारयन्**' બીજા માર્ફત ક્રિયાઓ કરાવવાવાળો '**अप्पा-आत्मा**' આત્મા '**न विज्जइ-न विद्यते**' નથી. '**तेउ-तेतु**' તેઅકારક વાદિઓ '**एवं-एवम्**' ઉક્ત પ્રકારે કહેવાવાળા '**पगब्भिया-प्रगल्भिताः**' ધૃષ્ટતા કરે છે. ॥૧૩॥

– અન્વયાર્થ –

આત્મા પોતે જ ક્રિયા કરનારો નથી, પ્રેરણા કરીને અન્યની પાંસે ક્રિયા કરાવનારો પણુ નથી અને સમસ્ત ક્રિયાઓ કરનારો પણુ નથી. આ પ્રકારે આત્મા અકર્તા છે. તે

સાંખ્ય મતવાદીઓ આ પ્રમાણે કહેવાની ધૃષ્ટતા કરે છે એટલે કે મોહગ્રસ્ત થઇને ધૃષ્ટ બને છે. ॥ ૧૩ ॥

– ટીકાર્થ –

કાર્ય કરનારને કર્ત્તા કહેવાય છે. કોઇ અન્ય કારણો દ્વારા પ્રયુક્ત ન થઇને જે સકળ કારકોનો પ્રયોજક હોય છે, તેને જ કર્તા કહેવાય છે. "કર્ત્તા સ્વતંત્ર હોય છે," એવું વ્યાકરણ શાસ્ત્રમાં પણ કહ્યું છે. આ કથનનો ભાવાર્થ એ છે કે કર્ત્તા ક્રિયાના વિષયમાં સ્વતંત્ર હોય છે.

આત્મા ક્રિયાશૂન્ય છે, અમૂર્ત્ત છે, નિત્ય છે અને સર્વવ્યાપી છે, તેથી એવો આત્મા કોઇ પણ ક્રિયાનો કર્ત્તા હોઈ શકે નહીં. જે અમૂર્ત્ત અને સર્વવ્યાપી હોય તે કર્ત્તા હોઇ શકે નહીં અને યુક્તિઓ અથવા તર્ક દ્વારા તેને કર્ત્તા સિદ્ધ કરી શકાય પણ નહીં. આત્મા સમસ્ત ક્રિયાઓથી રહિત અને સર્વવ્યાપી છે. તેથી તે કર્ત્તા નથી. તે અન્યની પાંસે ક્રિયા કરાવનારો અથવા અન્યને ક્રિયા કરવાની પ્રેરણા દેનારો પ્રયોજક કર્ત્તા પણ નથી, કારણ કે ક્રિયા વિના પ્રયોજકત્વ પણ સંભવી શકતું નથી. આત્મા બિલકુલ ક્રિયા-રહિત હોવાને કારણે કરનારો પણ નથી અને કરાવનારો પણ નથી.

ગાથામાં વપરાયેલો 'च' આત્મામાં ભૂતકાલીન અને ભવિષ્યકાલીન ક્રિયાઓના કર્તૃત્વનો નિષેધ કરે છે. એટલે કે નિષ્ક્રિય હોવાને કારણે જેવી રીતે આત્મા વર્તમાન કાળમાં ક્રિયાનો કર્ત્તા અથવા કારયિતા (કરાવનારો) નથી, એજ પ્રમાણે ભૂતકાળમાં પણ તે ક્રિયાનો કર્ત્તા અથવા કારયિતા ન હતો, અને ભવિષ્ય કાળમાં પણ તે ક્રિયાનો કર્ત્તા અથવા કારયિતા નહીં હોય. બીજો 'च' સમુચ્ચય બોધક છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આત્મા પોતે કર્ત્તા નથી, અન્યને ક્રિયામાં પ્રવૃત્ત કરનારો પણ નથી – સ્વતંત્ર કર્તા પણ નથી અને પ્રયોજક કર્ત્તા પણ નથી. આત્માના કર્તૃત્વનો નિષેધ કરનારા સાંખ્યો આ પ્રમાણે કહે છે — "**तस्मात्तत्संयोगादचेतनं**" ઇત્યાદિ —

"ચૈતન્યના સંયોગથી અચેતન પ્રકૃતિ પણ ચેતન જેવી થઈ જાય છે. આત્મા સ્વભાવથી અકર્ત્તા હોવા છતાં પણ શરીરના સંબંધને લીધે કર્ત્તા જેવો થઈ જાય છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે — ચૈતન્ય અને કર્તૃત્વ ધર્મ ભિન્ન ભિન્ન અધિકરણમાં રહે છે. ચૈતન્ય આત્માનો ગુણ છે અને કર્તૃત્વ પ્રકૃતિનો ગુણ છે એવી સ્થિતિમાં અચેતન પ્રકૃતિ પણ ચૈતન્ય યુક્ત જેવી થઈ જાય છે. અને આત્મા, શરીરના સંબંધને કારણે, અકર્ત્તા હોવા છતાં પણ કર્ત્તા જેવો બની જાય છે. પરન્તુ તે સ્વતંત્ર કર્ત્તા તો નથી જ. આ પ્રકારનો ઉપર્યુક્ત ગાથાનો અર્થ થાય છે.

શંકા—કાચમાં મુખનું પ્રતિબિંબ પડે છે, એજ પ્રમાણે પ્રકૃતિ રૂપી અરીસામાં પણ પુરુષ (આત્મા)નું પ્રતિબિંબ પડે છે, જેવી રીતે અરીસો સ્થિર પડયો રહેવાને બદલે કોઇ પણ કારણે ચલાયમાન થાય–ઉંચો નીચો થાય કે આમ તેમ ડોલવા લાગે, તો તેમાંનું પ્રતિબિંબ પણ સ્થિર રહેવાને બદલે ડોલવા માંડે છે. એજ પ્રમાણે પ્રકૃતિમાં રહેલા વિકારો પણ પુરુષમાં (આત્મામાં) પ્રતિભાસિત થાય છે. આ પ્રકારે જીવ અકર્ત્તા હોવા છતાં પણ

કર્તા બની જાય છે, અને અચેતન લક્ષણુ પણ ચેતનાવાળું થઈ જાય છે. પ્રકૃતિમાં સ્થિતિ-ક્રિયાની ઉપલબ્ધિ થાય ત્યારે પુરુષમાં પણ સ્થિતિક્રિયા ઉપલબ્ધ થાય છે. એજ કારણે પુરુષ સ્થિત હોય છે, એવી પ્રતીતિ થવા લાગે છે, એને તે ભોકતા તથા દ્રષ્ટા પણ પ્રતિત થવા લાગે છે. સાંખ્યોનું એવું કથન છે કે.... " તે વિપર્યાસને કારણે પુરુષનું સાક્ષિત્વ, કૈવલ્ય માધ્યસ્થ્ય, દ્રષ્ટૃત્વ અને અકર્ત્તૃત્વ સિદ્ધ થાય છે."

સ્થિતિ આદિ ક્રિયાવાન્ હોવાથી આત્માની ક્રિયારહિતતા કેવી રીતે સંભવી શકે છે?

સમાધાન—આત્મા સમસ્ત ક્રિયાઓનો કર્ત્તા નથી. આ કથનનું તાત્પર્ય એ છે કે —સ્ફટિકની સામે જપાપુષ્પ રાખવામાં આવે, તો સ્ફટિક રકત વર્ણનો દેખાય છે. પરન્તુ વાસ્તવિક રીતે વિચારવામાં આવે, તો સ્ફટિકમાં રતાશ હોતી નથી. જપાપુષ્પનો લાલ વર્ણજ તેમાં કારણભૂત બને છે. જપાપુષ્પ રૂપ ઉપધિને કારણે સ્ફટિકમાં પ્રકટ થતો તે વર્ણ ઔપાધિક જ છે. એજ પ્રમાણે આત્મામાં સ્થિતિ આદિ ક્રિયાઓનો સદ્ભાવ જોવામાં આવે છે. આત્મામાં સ્થિતિક્રિયા ઉપલબ્ધ થાય છે, છતાં પણ સમસ્ત ક્રિયાઓનું કર્તૃત્વ આત્મામાં નથી. એજ વાત "**सर्वम्**" ઇત્યાદિ પદો દ્વારા સૂત્રકાર પ્રકટ કરે છે—આત્મા પરિસ્પન્દ આદિ એક જગ્યાથી બીજી જગ્યાની પ્રાપ્તિ રૂપ ક્રિયા કરનારો નથી, કારણ કે તે આકાશની જેમ સર્વવ્યાપક અને અમૂર્ત છે. જેવી રીતે સર્વવ્યાપક અને અમૂર્ત આકાશમાં ગમન તથા ચલન આદિ કોઇ ક્રિયા થતી નથી, એજ પ્રમાણે વ્યાપક અને અમૂર્ત આત્મામાં પણ આવવું જવું, ચાલવું આદિ ક્રિયાઓ થતી નથી, જો કે તેમાં પ્રયત્નાદિમત્વ તો મોજૂદ જ છે. કહ્યું પણ છે કે—"**अकर्त्ता निर्गुणो भोक्ता**" ઇત્યાદિ–કપિલમુનિના દર્શનમાં એવું કહ્યું છે કે -"આત્મા અકર્ત્તા, નિર્ગુણ અને ભોકતા છે."

આ પ્રકારે આત્મા અકારક છે. ગાથામાં જે "**तु**" પદ વપરાયું છે, તેના દ્વારા એ વાત સૂચિત થાય છે કે સાંખ્યમત પૂર્વોકત મતવાદીઓના મત કરતાં ભિન્ન છે. તે સાંખ્ય મતવાદીઓ ધૃષ્ટતાપૂર્વક એવું વારંવાર કહે છે કે પ્રકૃતિ જ બધું કરે છે. તે પ્રકૃતિ જ યજ્ઞ, દાન, તપ, આદિ કરે છે, અને તે કર્મોનું ફળ ભોગવે છે. જો કે પુરુષ (આત્મા)ની સાથે કર્તૃત્વ ભોક્તૃત્વનો સમાનાધિકરણતાનો નિયમ છે, છતાં પણ તેઓ વૈયધિકરણ્ય માને છે, આ તેમની ધૃષ્ટતા છે. બુદ્ધિ જડ હોવા છતાં પણ જાણે છે અને આત્મા ચૈતન્યવાન્ હોવા છતાં પણ જાણતો નથી, આ પ્રમાણે તેઓ જે પ્રતિપાદન કરે છે, તે નરી ધૃષ્ટતા જ છે. આ પ્રકારની તેમની ધૃષ્ટતાને, અન્ય પ્રકારે, તેમના દર્શન ગ્રંથો દ્વારા જાણી લેવી જોઇએ કહ્યું પણ છે કે—"**तस्मा बध्यतेऽद्धा**" ઇત્યાદિ" પુરુષ (આત્મા) બન્ધદશાને પણ પામતો નથી, મુકત પણ થતો નથી, એક ભવમાથી બીજા ભવમાં જતો પણ નથી. અનેક પુરુષોનો (આત્માઓનો) આશ્રય લેનારી પ્રકૃતિ જ એક ભવમાથી બીજા ભવમાં જાય છે અને મુકત દશા અથવા બન્ધ દશા પ્રાપ્ત કરે છે"

આ પ્રકારે સાત રૂપો દ્વારા આત્માને પ્રકૃતિ બદ્ધ કરે છે—આત્મા કરતો નથી એજ પ્રકૃતિ ત્યાર બાદ તેને મુકત કરે છે, આ પ્રકારને અકારકવાદીઓનો મત છે. આત્મા કર્તા નથી, આ પ્રકારની માન્યતા ધરાવનારા સાંખ્યોને અકારકવાદી કહે છે. અજ્ઞ આ પ્રકારની તેમની માન્યતા ખરેખર ધૃષ્ટતા રૂપ જ માનવી જોઇએ ।।ગા. ૧૩।।

હવે સૂત્રકાર તજ્જીવતચ્છારીરવાદીઓ તથા અકારકવાદીઓના (સાંખ્યોના) મતનું ખંડન કરવા માટે નીચેનું સૂત્ર કહે છે—"**जे तेउ**" ઇત્યાદિ-

શબ્દાર્થ—- **'एवम्--एवम्'** આપૂર્વોકત પ્રકારથી **'वाइणो--वादितः'** તજ્જીવ તચ્છરી-વાદીઓ કહે છે. **'तेसिं--तेषां'** તેઓના મતમાં **'लोए--लोकः'** પરલોક **'कओसिया--कुतः स्यात्'** કેવી રીતે કહી શકાય? **'ते--ते'** તે મતવાદીઓ **'आरंभनिस्सिया--आरंभनिश्रिताः** પ્રાણાતિપાત વિગેરે આરંભમાં આસકત એવા તેઓ **'मंदा--मन्दाः'** પાપના ફળને નહી જાણ નારા મૂર્ખાઓ **'तमाओ--तमसः'** એક અંધારા થી અજ્ઞાનથી **'तम--तमः'** બીજા અજ્ઞાનને **'जंति--यान्ति'** પ્રાપ્ત કરે છે. ।।૧૪।।

—અન્વયાર્થ—

પૂર્વોકત તજ્જીવતચ્છરીરવાદીઓ એવું કહે છે કે પરલોક કેવી રીતે સંભવી શકે? એટલેકે તેઓ પરલોકના (પરભવના) અસ્તિત્વને જ સ્વીકારતા નથી. તેઓ હિંસા, આદિ આરં-ભોમાં આસકત છે, મન્દ એટલે કે બોધવિહીન અને પાપકર્મના ફળથી અનભિજ્ઞ (અજ્ઞાત) છે. તેઓ એક અંધકારમાંથી બીજા અંધકારમાં જનારા હોય છે, એટલે કે તજ્જીવતચ્છ-રીરવાદ રૂપ કુશ્રદ્ધાન પોતે જ અંધકાર રૂપ છે. આ એક અંધકારમાં તો તે મતવાદીઓ ડૂબેલા જ છે; એટલું જ નહીં પણ આ અંધકારમાંથી નરક, નિગોદ રૂપ બીજા અંધકારમાં પણ તેઓ જનારાં છે. ।। ૧૪ ।।

— ટીકાર્થ —

"પાંચ મહાભૂતોથી આત્મા ભિન્ન નથી," આ પ્રકારની માન્યતા ધરાવનારાઓ પરલોકના અસ્તિત્વનો જ સ્વીકાર કરતા નથી. જો પરલોકનો જ અભાવ માનવામાં આવે, તો આત્માને પરલોકગામી પણ કેવી રીતે માની શકાય? એટલે તેઓ પરલોકનો અભાવ માનવાની સાથે પરલોકગામીનો પણ અભાવ જ માને છે. આ પ્રકારના કુમતમાં માનનારા તેઓ એક અંધકારમાંથી બીજા અંધકારમાં જાય છે. એટલે કે ખોટી શ્રદ્ધારૂપ અંધકાર-માંથી નરકાદિ ગમન રૂપ બીજા અંધકારમાં જાય છે. તેઓ શા કારણે એક અંધકારમાંથી બીજા અંધકારમાં જાય છે? સૂત્રકાર તેનું આ પ્રકારનું કારણ બતાવે છે તેઓ મંદ (અજ્ઞાન) અને આરંભમાં લીન હોય છે, એટલે કે તેઓ પાપકર્મમાં પ્રવૃત્ત રહે છે અને પાપકર્મના ફળથી અનભિજ્ઞ હોય છે. તે કારણે તેમને ઉત્તમ લોકની (ભવન) પ્રાપ્તિ થઈ શકતી નથી. તેઓ નરકની જ પ્રાપ્તિ કરે છે. એટલે કે અજ્ઞાનના અંધકારમાં જ વારંવાર પડતાં રહે છે.

તેઓ કહે છે "આત્મા ભૂતોથી ભિન્ન નથી, કારણ કે તે ભૂતોના કાર્ય રૂપ છે. જે જેનું કાર્ય હોય છે, તે તેનાથી ભિન્ન હોય જ નહીં, જેમ માટીના કાર્ય રૂપ ઘડો માટીથી ભિન્ન હોતો નથી, એજ પ્રમાણે ભૂતોના કાર્ય રૂપ આત્મા ભૂતોથી ભિન્ન નથી." ઇત્યાદિ.

તેમની ઉપર્યુક્ત માન્યતાનું આ પ્રકારે ખંડન કરી શકાય છે. આત્માભૂતોથી ભિન્ન છે, કારણ કે આ વાતને સિદ્ધ કરનારાં પ્રમાણોનો સદ્ભાવ છે. તે પ્રમાણો નીચે પ્રમાણે છે. આ દ્રશ્યમાન શરીરનો કર્ત્તા વિદ્યમાન છે, કારણ કે શરીર આદિમાન્ પણ છે અને પ્રતિનિયત આકારવાળું પણ છે. જે જે વસ્તુ આદિમાન્ અને પ્રતિનિયત અકારવાળી હોય છે, તે પ્રત્યેક વસ્તુનો કર્ત્તા પણ વિદ્યમાન જ હોય છે, જેમ કે ઘટાદિ સહેતુક વસ્તુઓ. જેનો કોઈ કર્ત્તા ન હોય, તે વસ્તુ આદિમાન્ અને નિયત આકારવાળી હોતી નથી. જેમ કે આકાશ આ વ્યતિરેકી દ્રષ્ટાન્ત છે. શરીર આદિમાન્ અને નિયત અકારવાળું છે, તેથી તેનો કોઇ કર્ત્તા અવશ્ય હોવો જ જોઇએ.

આદિમાન્ પ્રતિનિયતાકારતાની સકર્તૃકતાની સાથે વ્યાપ્તિ છે. એટલે કે જો શરીર સકર્તૃક ન હોત તો આદિમાન્ અને પ્રતિનિયત આકારવાળું પણ ન હોત. પ્રત્યક્ષ પ્રમાણ વડે જ શરીર આદિમાન્ અને પ્રતિનિયત આકારવાળું દેખાય છે, તે કારણે તેનો કર્તા અવશ્ય હોવો જ જોઇએ. શરીરનો કર્તાકોણ છે? શરીરનો કર્તા ભૂતોથી ભિન્ન અને પરલોકગામી એવો જીવ (આત્મા) જ છે. તેથી "ભૂતોથી ભિન્ન આત્મા નથી," આ પ્રકારનું કથન અનુચિત જ લાગે છે. જીવના અસ્તિત્વને સિદ્ધ કરનારૂં અનુમાન પ્રમાણ વિદ્યમાન છે અને પ્રમાણ દ્વારા સિદ્ધ થયેલા પદાર્થનો અપલાપ (અસ્વીકાર) કરવાથી અતિપ્રસંગ દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

તથા ઇન્દ્રિયોનો અધિષ્ઠાતા પણ કોઇ હોવો જ જોઇએ, કારણ કે ઇન્દ્રિયો તો કરણ રૂપ છે. જે કરણ હોય છે, તેનો અધિષ્ઠાતા કોઈ અવશ્ય હોય છે. જેમ કે ઘડાના કરણ રૂપ દંડનો અધિષ્ઠાતા કુંભાર હોય છે. જો તેનો કોઈ અધિષ્ઠાતા જ ન હોય, તો દંડ, ચાક આદિ કરણ પણ સંભવી શકે નહીં. આકાશ આદિનું કોઇ કરણ નથી. તેથી એ વાત સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયોનો જે અધિષ્ઠાતા છે, તે ઇન્દ્રિયોથી ભિન્ન એવો આત્મા જ છે.

તથા આ શરીરનો ભોક્તા પણ કોઇ અવશ્ય હોવો જોઇએ. કારણ કે શરીર ભોગ્ય છે અને જે ભોગ્ય હોય છે તેનો ભોક્તા પણ અવશ્ય હોય છે. જેવી રીતે ઓદન (ભાત) આદિનો કોઇ ભોક્તા હોય છે, એજ પ્રમાણે શરીરનો ભોક્તા પણ હોવો જ જોઇએ.

**પ્રશ્ન – કુંભાર આદિ કર્ત્તા મૂર્ત, અનિત્ય અને અવયવી રૂપ હોય છે, તો આત્મા પણ મૂર્ત, અનિત્ય આદિ રૂપ સિદ્ધ થઇ જાય છે, તેથી આપના હેતુ (કારણો) ઉપર્યુક્ત વાતની સિદ્ધિ કરવાની વિરૂદ્ધ જાય છે.**

ઉત્તર – આ કથન ઉચિત નથી, કારણ કે કર્મથી બદ્ધ સંસારી આત્માને અમે પણ અમુક અપેક્ષાએ અનિત્યત્વ, અમૂર્ત્તત્વ અને સેહતુત્વ આદિ ધર્મોથી યુક્ત માનીએ છીએ.

આપે કહ્યું હતું કે જીવ ઔપપાતિક (પરલોક ગામી) નથી. (આગળ ૧૧ મી ગાથામાં તજ્જીવતચ્છરીરવાદીની આ માન્યતા બતાવવામાં આવી છે), એ વાત પણ યુક્તિ સંગત નથી, તુરતના જન્મેલા બાળકને દૂધ પીવાની જે અભિલાષાં થાય છે, તે અન્ય અભિલાષા પૂર્વક જ થાય છે, કારણ કે તે અભિલાષા કુમારની અભિલાષા જેવી છે.

જે પ્રકારે બાળકનું વિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન) અન્ય વિજ્ઞાન પૂર્વક જ હોય છે, કારણ કે તે વિજ્ઞાન કુમાર પુરુષના વિજ્ઞાન જેવું છે. તુરતના જન્મેલા બાળકને જ્યાં સુધી " આ

એજ સ્તન છે :' આ પ્રકારનું પ્રત્યભિજ્ઞાન (પ્રતીતિ) થતું નથી, ત્યાં સુધી તે રડવાનું બંધ કરીને સ્તનનો મુખ વડે સ્પર્શ પણ કરતો નથી. તેથી એવી પ્રતીતિ થાય છે કે બાળકમાં થોડા જ્ઞાનનો પણ સદ્ભાવ હોય છે. તે જ્ઞાન અન્ય જ્ઞાન પૂર્વક જ હોઇ શકે છે અને તે અન્ય જ્ઞાન પૂર્વભવનું જ જ્ઞાન હોઇ શકે છે, કારણ કે વર્તમાન ભવમાં તો એવું જ્ઞાન સંભવી શકતું જ નથી. આ કારણે જીવ ઔપપાતિક (પરલોકમાં જઇને ઉત્પન્ન થનારો –પરલોકગામી) છે, એ વાત સિદ્ધ થાય છે.

"વિજ્ઞાનઘન આ ભૂતો દ્વારા ઉત્પન્ન થઇને, તેમનો નાશ થતાં જ નષ્ટ થઇ જાય છે," શ્રુતિના પ્રમાણ દ્વારા "શરીરની ઉત્પત્તિ થતાં જ આત્માની ઉત્પત્તિ થાય છે અને શરીરનો નાશ થતાં જ આત્માનો પણ નાશ થાય છે, આ કારણે આત્મા પરલોકગામી નથી" ઇત્યાદિ કથન પણ સમીચીન (ઉચિત)નથી. આપ આ શ્રુતિનો અર્થ જ સમજ્યા નથી. આ શ્રુતિ દ્વારા એવું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી કે શરીરનો નાશ થતાં જ આત્માનો પણ નાશ થઇ જાય છે. તેના દ્વારા તો એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે—વિજ્ઞાનઘન એટલે કે આત્મા પૂર્વકર્મોના કારણે ઉત્પન્ન થઇને એટલે કે વિશિષ્ટ પ્રકારના શરીર રૂપે પરિણત થઇને-ભૂત સમુદાયમાં શરીર ઇન્દ્રિયો આદિ દ્વારા, પોતે પૂર્વોપાર્જિત કર્મના ફળને, ભોગવે છે. ત્યાર,બાદ જ્યારે તે શરીરનો નાશ થઈ જાય છે, ત્યારે આત્મા પણ તે આકારે રહી શકતો નથી. તેથી તેનો તે આકાર નષ્ટ થઇ જાય છે અને નવીન પર્યાયને ગ્રહણ કરીને આત્મા પણ નવી પર્યાયે ઉત્પન્ન થઈ જાય છે. શરીરનો નાશ થવાની સાથે સાથે આત્માનો સર્વથા નાશ થઇ જતો નથી. ઘડાનો નાશ થતાં ઘટ સબંધી આકાશનષ્ટ થયેલું હોય એવું લાગે છે, છતાં પણ તે પટથી યુકત થઇ જાય છે, તેનો સર્વથા વિનાશ થતો નથી. એજ પ્રમાણે એક પર્યાયનો વિનાશ થતાં જ તે પર્યાયથી વિશિષ્ટ આત્માનો નાશ થઇ જાય છે, પરન્તુ અન્ય પર્યાય રૂપે તેની ઉત્પત્તિ થઇ જાય છે. ખરી રીતે તો વિશિષ્ટ પર્યાયનો જ ઉત્પાદ અને વિનાશ થાય છે, પર્યાયવાન્ નો (આત્માનો) ઉત્પાદ અને વિનાશ થતો નથી.

જીવ તો અવ્યયી દ્રવ્ય હોવાથી તેનો સદા સદ્‌ભાવ જ રહેછે, તેનો નાશ કદી પણ સંભવી શકતો જ નથી. શ્રુતિના આ પ્રકારના અર્થને સમજ્યા વિના વિપરીત પ્રરૂપણા કરનારા તે અજ્ઞાની લોકો પોતે તો ભવસાગરમાં ભ્રમણ કર્યા જ કરે છે, એટલું જ નહીં પણ બીજા લોકોને પણ ભવસાગરમાં ભ્રમણ કરાવે છે. કહ્યું પણ છે કે

**"अविद्यायामन्तरे विद्यमानाः** " ઇત્યાદિ–

જે મૂઢ પુરુષો અજ્ઞાની હોવા છતાં પણ પોતાને પંડિત અને ધીર માને છે. તેઓ આંધળા દ્વારા દોરી જવાતા આંધળાઓની જેમ પગલે અને પગલે ઠોકરો ખાધા કરે છે અને નષ્ટ થઇ જાય છે."

જે મૂઢ લોકો અજ્ઞાન રૂપી કૂવામા પડેલાં છે, તેઓ પોતે તો પોતાના વિનાશને નોતરે જ છે' અને અન્યનો પણ વિનાશ કરે છે. જેમ આંધળા વડે દોરાતો આંધળો નષ્ટ થઇ જાય છે, એજ પ્રમાણે અજ્ઞાન લોકો દ્વારા કુમાર્ગે દોરાતા લોકો પણ વિનષ્ટ જ થઇ જાય છે. આ શ્રુતિનો અર્થ છે. વળી તજજીવ તચ્છરીરવાદી એવું કહે છેકે " ધર્મી આત્માનો અભાવ હોવાથી તેના ગુણોનો–ધર્મ અને અધર્મનો–પણ અભાવ જ હોય છે, "આ તેમનું કથન પણ અનુચિત જ છે. (ગાથા ૧૨ની ટીકા)પૂર્વોક્ત અનુમાનો અને શ્રુતિરૂપ પ્રમાણો વડે આત્માનો સદ્‌ભાવ તો સિદ્ધ કરવામાં આવ્યો છે. આત્માની સિદ્ધિ થઇ જવાથી તેના ગુણ રૂપ ધર્મ અને અધર્મની પણ સિદ્ધિ થઇ જાય છે. જો ધર્મ અને અધર્મનું અસ્તિત્વ ન હોત, તો સંસારની વિચિત્રતા (વિલક્ષણતા) પણ ન હોત, કારણકે આ વિચિત્રતાનું અન્ય કોઇ કારણ દેખાતું નથી. જગતમાં જે વિચિત્રતા પ્રત્યક્ષ રૂપે દેખાય છે, તેનો અપલાપ (અસ્વીકાર) કરી શકાય તેમ નથી તેથી જગતની વિચિત્રતાની અન્યથાનુપપત્તિ ને આધારે તે વિચિત્રતાને ઉત્પન્ન કરનાર ધર્મ અને અધર્મનો અવશ્ય સ્વીકાર કરવો જ જોઇએ ધર્મ અને અધર્મનો અભાવ હોય તો આ પ્રકારની વિચિત્રતા ઉત્પન્ન જ થઇ શકે નહીં.

જીવનો અભાવ સિદ્ધ કરવાને માટે તેમણે અલાતચક્ર (રહેંટ) આદિ અનેક દૃષ્ટાન્તો આપ્યાં છે' પરન્તુ તેમને પણ દૃષ્ટાન્તાભાસ રૂપ સારભૂત જ માનવા જોઇએ, કારણ કે ભૂતોથી ભિન્ન એવા, પરલોક ગામી સારભૂત આત્માની પૂર્વોક્ત યુક્તિઓ દ્વારા સિદ્ધિ

કરાઈ ચુકી છે. માત્ર દૃષ્ટાન્ત દ્વારા જ કોઇ પણ પદાર્થની સિદ્ધિ થતી નથી. એવું હોય તો દૃષ્ટાન્ત તો ગમે ત્યારે અને ગમે ત્યાં જોઈએ એટલા મળી શકે છે. તે દૃષ્ટાન્તો દ્વારા સમસ્ત પદાર્થો ને ઇષ્ટ અથવા અનિષ્ટ રૂપ સિદ્ધ કરી શકાય છે. અથવા– આ ગાથાનો બીજો અર્થ આ પ્રમાણે થાય છે.

ભૂતોથી ભિન્ન આત્માનો અપલાપ કરનાર તે તજ્જીવ તચ્છરીરવાદીઓના મતમાં આ પ્રત્યક્ષ સિદ્ધ સંસાર કેવી રીતે સંગત થઈ શકે છે!

જ્યાં કર્મફલોનો અનુભવ કરાય છે, તે લોક (સંસાર) છે. તે સંસાર ચાર ગતિઓ વાળો છે. એક ભવમાંથી બીજા ભવમાં ગમન કરવાનું આત્માનું લક્ષણ છે. તેની પ્રરૂપણા પહેલા કરવામાં આવી છે. આ સંસારમા કોઈ સુખી છે અને કોઈ દુઃખી છે, કોઇ જ્ઞાની છે અને કોઈ અજ્ઞાની છે, કોઇ સંપન્ન (સંપત્તિશાળી) છે અને કોઈ વિપન્ન (વિપત્તિશાળી) છે. આ પ્રકારની જે વિચિત્રતા સંસારમાં દેખાય છે. તે શા કારણે હશે? આ પ્રશ્નનો ઉત્તર તજ્જીવ તચ્છરીરવાદીઓના મતમાંથી મળી શકે તેમ નથી.

"**कओ "सिया** અહીં "**किम्**" પદ આક્ષેપાર્થ વપરાયું છે આ સમસ્ત કથનનું તાત્પર્ય એ છેકે તેમના મતમાં સંસારની વિલક્ષણતા કોઇ પણ પ્રકારે ઘટિત થઇ શકતી નથી . તેનુ કારણુ છે આત્માનો અભાવ. જો શરીરાદિથી ભિન્ન આત્માનો પુણ્યપાપના ફલના ભોકતા રૂપે સ્વીકાર કર્યો હોત, તો જગતની વિચિત્રતા સિદ્ધ થઈ જાત આ માન્યતાનો સ્વીકાર કર્યા વિના સંસારની વિચિત્રાની સિદ્ધિ થઇ શકતી નથી. પરન્તુ તેઓ પરલોક ગામી આત્માનો અને પરલોકગમનના પાપપુણ્ય આદિ સાધનોનો સ્વીકાર જ કરતા નથી, તો તેમની માન્યતાને છોડયા વિના તેઓ જગતની વિચિત્રતાને કેવી રીતે સિદ્ધ કરી શકશે? કહેવાનું તાત્પર્ય એ છેકે તેમનો મત સંસારની વિચિત્રતાને સિદ્ધ કરવાને સમર્થ નથી.

તે નાસ્તિક લોકો પરલોકગામી આત્માનો તથા પાપપુણ્ય નો સ્વીકાર નહીં કરીને, પોતે પોતાની બુદ્ધિ અનુસાર સાવદ્ય કાર્યો કરીને એક અંધકારમાંથી બીજા અંધકારમાં પડતા રહે છે. એટલેકે– ફરી ફરીને જ્ઞાનાવરણીય આદિ કર્મ રૂપ અજ્ઞાનનો સંચય કરતા રહે છે. અથવા યાતનાનાં સ્થાનને અહીં 'તમ' રૂપ કહેવામાં આવેલ છે, કારણ કે અજ્ઞાનને કારણે સત્ અસત્નો વિવેક નષ્ટ થઇ જાયછે યાતનાનાં સ્થાન એટલે એક એકથી ચડિયાતાં નરકધામો આ પ્રકારના નાસ્તિક લોકો એક નરકમાંથી બીજા નરકમાં ગમન કર્યા જ કરે છે. એક એકથી અધિકતર યાતનાજનક નરકોમા ઉત્પન્ન થયા કરે છે. એટલે કે સાતમી પૃથ્વીના રૌરવ, મહારૌરવ, કાળ. મહાકાળ અને અપ્રતિષ્ઠાન નામનાં અત્યંત યાતના જનક નરકાવાસોમાં ઉત્પન્ન થાય છે.

આ કથનનો ભાવાર્થ એ છેકે સત્ અસત્ના વિવેકથી રહિત હોવાને કારણે તેમને સુખપ્રાપ્ત થવાની તો આશા જ નથી, પરન્તુ એક એકથી અધિક્તર અને અધિકતમ યાતનાજનક નરકોમાં ઉત્પન્ન થઇને તેઓ અધિકને અધિક દુઃખનો જ અનુભવ કર્યા કરે છે. તેઓ શા કારણે નરકોના ચક્રમાં જ ભમ્યાં કરે છે; તેઓ નરકોમાંથી બહાર કેમ નીકળી શકતા નથી, તેનું કારણુ નીચે પ્રમાણે છે. તેઓ મન્દ બુદ્ધિવાળાં છે. સત્

અસત્‌ના વિવેકથી રહિત છે આત્માને સિદ્ધ કરવા માટે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણોનો સદ્‌ભાવ હોવા છતાં પણ તેઓ પોતાનો દુરાગ્રહ છોડતા નથી. તેઓ આત્માનો અભાવ માનીને વિવેકી જનો દ્વારા નિન્દિત એવાં પ્રાણાતિપાત આદિ આરંભમાં ઘણાં જ આસક્ત રહે છે અને પાપપ્રવૃત્તિ કરતા રહે છે.

એટલે કે ધર્મ અને અધર્મનું અસ્તિત્વ જ નથી, એવું માનીને તેઓ પાપકર્મોમાં નિરત રહે છે. પરલોકની પરવા કર્યા વિના પ્રાણાતિપાત આદિ પાપજનક કર્મોમાં તેઓ લીન રહે છે- કારણ કે તેઓ અત્યંત મૂર્ખ છે અને વિવેક રૂપ પ્રકાશથી રહિત છે. તેથી પાપકર્મોનો ખૂબજ સંચય કરીને તેઓ એક નરકમાંથી બીજી નરકમાં ગમન કર્યા જ કરે છે. બોધથી વિહીન એવા તે લોકો પાપકર્મોનું સેવન કરીને તે પાપના ફળને ભોગવવાને માટે રહેંટ સમાન નરક ચક્રમાં ઘૂમ્યાં જ કરે છે.

॥ તજ્જીવ તચ્છરીરવાદીના મતનું ખંડન સમાપ્ત. ॥

હવે સૂત્રકાર અકારકવાદીઓના મતનું ખંડન કરે છે.

ચૌદમી ગાથા દ્વારા તજ્જીવ તચ્છરીરવાદીઓના મતનું ખંડન કરવામાં આવ્યું હવે એજ ગાથાનું બીજી રીતે વ્યાખ્યાન કરીને અકારવાદી સાંખ્યોના મતનું ખંડન કરવામાં આવે છે.

—ટીકાર્થ

જે મતવાદીઓ આત્માને અકારક માને છે. આત્માને ફૂટસ્થ નિત્ય, અમૂર્ત્ત અને સર્વવ્યાપક માને છે, અને નિત્યતા, અમૂર્ત્તતા તથા સર્વવ્યાપકતાને કારણે આત્માને ક્રિયારહિત માને છે, તેમના મત અનુસાર જો આત્માને ક્રિયાશૂન્ય માનવામાં આવે અને નિત્ય માનવામાં આવે, તો આ પ્રત્યક્ષ દેખાતો, ઉત્તમ, મધ્યમ તથા અધમ રૂપ અને જન્મ, જરા, મરણ, સુખદુઃખ આદિ રૂપ તારતમ્યથી વ્યવસ્થિત, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ વાળો સંસાર નામનો પ્રપંચ પણ આત્મામાં કેવી રીતે સંભવી શકે? આ કથનનો ભાવાર્થ એ છેકે જીવ જો ફૂટસ્થ નિત્ય હોય, તો તેનું એક દેહમાંથી બીજા દેહમાં ગમન સંભવી શકતું નથી. તો પછી મનુષ્યશરીરને છોડીને દેવશરીરને ગ્રહણ કરવા રૂપ જન્મ કેવી રીતે સંભવી શકે? પૂર્વશરીરનો ત્યાગ કરવા રૂપ મરણ પણ કેવી રીતે સંભવી શકે? જેવી રીતે સર્વવ્યાપક આકાશનું ગમનાગમન સંભવી શકતું નથી, એજ પ્રમાણે જો આત્માને પણ સર્વવ્યાપક, નિત્ય અને અમૂર્ત્ત માનવામાં આવે, તો આત્માની પણ ગતિ આગતિ સંભવી શકે નહીં. એવી પરિસ્થિતિમાં જન્મને મરણ, આદિની વ્યવસ્થાનો પણ અભાવ જ થઇ જાય. જન્મને મરણનો અભાવ હોય, તો ઉપ-ભોગના સાધનરૂપ દેવ, મનુષ્ય આદિના શરીરની પ્રાપ્તિ પણ થઈ શકે નહીં. અને કોઇ

સુખી હોય અને કોઈ દુઃખી હોય, કોઈ મુક્ત હોય અને કોઇ અમુક્ત હોય, એવી વ્યવસ્થાની પણ કોઇ પણ પ્રકારે સિદ્ધિ જ ન થાય !

આ પ્ર કારની વ્યવસ્થાના અભાવે સઘળા લોકો વ્યાકુળ થઇ જશે. આ કથન દ્વારા સૂત્રકાર એ વાત પ્રગટ કરે છે કે — જો આત્મા કૂટસ્થ નિત્ય, અમૂર્ત્ત અને ક્રિયાશૂન્ય હોય, તો એવા આત્માનો સ્વભાવ બદલવાનું શક્ય નહી બને તો પછી સ્વભાવ બદલાય ત્યારે જ સંભવી શકનારા જન્મ, જરા, મરણ, બન્ધ, અને મોક્ષ આદિનો અભાવ જ માનવો પડે. તેને કોણ રોકી શકશે ?કોઇ પણ મોક્ષ આદિનું સમર્થન નહીં કરી શકે ! કદાચ તેને તમે ઇષ્ટાપત્તિ રૂપ માનતા હો, તો તમારે માટે આસ્તિકોની મંડળીમાંથી નીકળી જઇને નાસ્તિકોની મંડળીમાં જ દાખલ થઈ જવાનું અનિવાર્ય થઇ પડશે.

આ પ્રકારે આત્માને ક્રિયાસહિત' અમૂર્ત્ત,નિત્ય આદિ રૂપ માનનારા અકારકવાદીઓની માન્યતા પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણો તથા આગમ પ્રમાણ દ્વારા ખંડિત થઇ જાય છે. તે પ્રકારની માન્યતા ધરાવનારા અજ્ઞાની લોકો એક અંધકારમાંથી બીજા અંધકારમાં ગમન કર્યા જ કરે છે એટલે કે તેમને અધિકતર અને અધિકતમ યાતનાઓ સહન કરવી પડે એવાં સ્થાનોમાં (નરકોમાં) વારંવાર ઉત્પન્ન થયા જ કરે છે. તેઓ શા કારણે એવાં યાતના સ્થાનોમા ઉત્પન્ન થયા કરે છે ? તેનુ કારણ એ છે કે તેઓ મન્દ છે એટલે કે સત્ અસત્‌ના વિવેકથી રહિત છે' તથા પ્રાણાતિપાત આદિ આરંભમાં લીન છે. તેથી તેઓ એક અંધકારમાંથી બીજા અંધકારમાં ગમન કર્યા જ કરે છે. આ પ્રકારે તેમની માન્યતા યુક્ત નથી, એ વાત સિદ્ધ થઇ જાય છે.

અકારકવાદીઓના મતનું ખંડન કરવા માટે નિર્યુક્તિકારે આ પ્રમાણે કહ્યું છે– ''**वेइए अकयं** ઇત્યાદિ– '' (જો કર્મનો કર્ત્તા કોઇ ન હોય તો) અકૃત કર્મનું (જે કર્મ જ કરવામાં આવ્યું નથી તેનું) ફળ કોણ ભોગવે છે? કૃતકર્મના વિનાશનો દોષ પણ આવે છે, અને પાંચ પ્રકારની ગતિ પણ સંભવી શકે નહીં દેવ અને મનુષ્ય પર્યાયમાં ગતિ, આગતિ તથા જાતિસ્મરણ આદિ પણ સંભવી શકે નહીં',

ઉપર્યુક્ત ગાથાનું વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રમાણે કરી શકાય– જો કોઈ કર્ત્તા જ ન હોય. તો કર્ત્તા દ્વારા કરવામાં આવનારૂં કર્મ પણ હોઇ શકે નહીં જો કર્મ જ ન હોય તો કર્મને અભાવે તે કર્મફળનો ઉપભોગ કેવી રીતે કરશે? આ પ્રકારે આત્માને અકર્ત્તા માનવામાં આવે, તો ''હું જાણું છું'' ઈત્યાદિ રૂપે જ્ઞાનક્રિયા પણ સંભવી શકે નહીં. આ પ્રકારે કૃતનાશ અને અકૃતાભ્યાગમ નામના બે દોષોનો પ્રસંગ ઉપસ્થિત થઇ જશે. (કરેલા કર્મનું ફળ ન મળવું તેનુ નામ ''કૃતનાશ દોષ'' છે. અકૃત કર્મનું ફળ મળવું તેનું નામ ''અકૃતાભ્યાગમ દોષ'' છે) એવી પરિસ્થતિમાં એકના દ્વારા આચરિત પાપકર્મને કારણે સઘળા પ્રાણીઓ દુઃખી થશે અને એકના દ્વારા આચરિત પુણ્યકર્મ દ્વારા સઘળા જીવો સુખી થઈ જશે. પરન્તુ આ વાતમાં તો પ્રત્યક્ષ વિરોધ હોવાથી, એવું બની શકે જ નહી. એવું તો કદી બનતુ નથી કે દેવદત્ત કર્મ કરે અને તે કર્મનું ફળ યજ્ઞદત્ત ભોગવે એવું કેમ સંભવી ન શકે ?

કર્મ અને ફલમાં જે કાર્યકારણભાવ રૂપ સંબંધ છે, તે સમાનાધિકરણતાની સાથે જ છે. એટલે કે જે આત્મા કર્મના અધિકરણ રૂપ હોય છે, એજ આત્મા ફળના અધિકરણ

રૂપ હોય છે. જો એવું ન હોત તો લાકડી અને કુહાડીનો સંયોગ થવાથી બીજી ચીજોના પણ બે ટુકડા થઈ જતા હોત.

જો આત્મા કર્ત્તા ન હોય, તો આપના શાસ્ત્રો દ્વારા જ પ્રતિપાદિત, "**स्वर्गकामो यजेत**" સ્વર્ગની અભિલાષાવાળાએ યજ્ઞ કરવો જોઈએ "**मा हिंस्यात्सर्वभूतानि**" કોઈ પણ જીવની હિંસા ન કરવી જોઈએ" આ વિધિનિષેધ રૂપ વાક્યોની સંગતતા જ કેવી રીતે માની શકાય? અને આ આત્માનુ શ્રવણ મનન, અને નિદિધ્યાસન કરવુ' જોઈએ" ઈત્યાદિ મોક્ષનું પ્રતિપાદન કરનારાં વાકયોને પણ કેવી રીતે સંગત ગણી શકાય ? આપ જેને માન્ય ગણો છો એવા મુનિ વેદવ્યાસે પણ "**कर्त्ता शास्त्रार्थवत्वात्** આ વેદાન્ત સૂત્રમાં જીવના કર્તૃત્વનું જ પ્રતિપાદન કર્યું છે. તેને પણ કેવી રીતે સંગત માની શકાય?

તથા આત્માને જો અકર્ત્તા માનશો, તો મનુષ્યગતિ, દેવગતિ, નરકગતિ, તિર્યંચગતિ અને મોક્ષગતિ, આ પાંચ પ્રકારની ગતિ પણ સંભવી શકશે નહીં. એવી પરિસ્થિતિમાં સાંખ્યશાસ્ત્રના અનુયાયીઓનું મોક્ષની પ્રાપ્તિ નિમિત્તે સંન્યાસી બનવાનું અને યોગાદિનું અનુષ્ઠાન કરવાનું પણ નિરર્થક જ ગણાશે. આત્માને અકર્ત્તા માનવાને કારણે આ પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન થવાને કારણે આપનું આ કથન પણ નિરર્થક જ બની જશે.

" જે પચીશ તત્ત્વોનો જ્ઞાતા છે, તે ભલે ગમે તે આશ્રમમાં રહેતો હોય કે ચાહે જટા ધારણ કરતો હોય કે ધારણ ન કરતો હોય, ચાહે, શિર મુંડાવતો હોય કે શિખા રાખતો હોય, છતાં પણ એવો જીવ મુક્ત થઇ જાય છે, એ વાતમાં કોઇ સંશયને સ્થાન જ નથી."

આ કથન દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે જો આત્મા કર્ત્તા જ ન હોય, તો વિધિ, નિષેધ અને મોક્ષનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રવચનો નિરર્થક જ બની જાય છે. કોઇ પણ પ્રકારે તેમની સાર્થકતાનું સમાધાન જ કરી શકાય નહી એજ પ્રમાણે દેવ અને મનુષ્ય ભવમાં ગમન અને આગમન પણ સંભવી શકે નહી. કારણ કે આત્માં કર્ત્તા નથી અને સર્વવ્યાપક છે. આકાશ સર્વવ્યાપક છે, તેથી તેનું ગમન અને આગમન સંભવી શકતું નથી, એજ પ્રમાણે સર્વવ્યાપક આત્માનું પણ દેવગતિ આદિમાં ગમનાગમન સંભવે નહીં અને જાતિસ્મરણ આદિ પણ સંભવી શકે નહીં.

આપે જે એવું કહ્યું છે કે " પ્રકૃતિ કર્મ કરે છે અને પુરુષ (આત્મા) તેનું પૂરે પૂરૂ ફળ ભોગવે છે," તે કથન પણ સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે ક્રિયા અને ફળમાં સમાનાધિકરણતા હોય તો જ કાર્યકારણભાવ સંભવે છે.

પ્રકૃતિ દ્વારા સંપાદિત ફલનો ઉપભોગ કોઇ બીજા (પુરુષ) માં સંભવી શકતો નથી. વળી ભોક્તૃત્વ પણ ક્રિયા જ છે. તે ભોગવવાની ક્રિયા નિષ્ક્રિય પુરુષમાં કેવી રીતે સંભવી શકે? દંડ દંડાભાવથી યુક્ત પુરુષનો આશ્રય લઈ શકતો નથી, એજ પ્રમાણે સર્વથા ક્રિયારહિત પુરુષમાં ભોગવવાની ક્રિયા સંભવી શકે નહીં.

કદાચ આપ એવું પ્રતિપાદન કરતા હો કે " પ્રતિબિમ્બોદયને ન્યાયે પ્રકૃતિના દ્વારા કૃત સંસાર અને મોક્ષનો પુરુષમાં સંબંધ સંભવી શકે છે, એટલે કે જેવી રીતે અરીસામાં વિવિધ પ્રકારનાં પ્રતિબિંબો પડે છે, છતાં પણ અરીસાના સ્વરૂપમાં બિલકુલ ફેરફાર પડતો નથી, એજ પ્રમાણે સંસાર અને મોક્ષ પ્રકૃતિગત હોવા છતાં પણ, પુરુષમાં (આત્મામાં) તેમનું પ્રતિબિંબ પડે છે, છતાં પણ પુરુષમાં કોઇ પણ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી," આ પ્રકારનું કથન ઉચિત નથી. એ વાત અસંભવિત છે. પ્રતિબિંબનો ઉદય થવો, એ પણ એક પ્રકારની ક્રિયા જ છે, નિષ્ક્રિય પુરુષમાં તેનો ઊપચાર કરવાનું શકય નથી વળી આપના મત અનુસાર પ્રતિબિંબને મિથ્યા માનવામાં આવે છે, તો મિથ્યા પ્રતિબિંબ વડે વાસ્તવિક ભોગની સિદ્ધિ કેવી રીતે થઈ શકે?

આપ કદાચ એવું કહેતા હો કે " પુરુષમાં ભોગ કરવાની ક્રિયા ભલે હોય અને ક્રિયારૂપ પ્રતિબિંબનો ઉદય પણ ભલે હોય, આ પ્રકારની ક્રિયાનો સદ્ભાવ હોવા છતાં પણ જીવને સક્રિય કહી શકાય નહી અમે તો સમસ્ત ક્રિયાઓથી રહિત હોય તેને જ નિષ્ક્રિય માનીએ છીએ જો પુરુષમાં સમસ્ત ક્રિયાઓનો સદ્ભાવ, હોય તો જ પુરુષને (જીવને) નિષ્ક્રિય માની શકાય. એક અથવા બે ક્રિયાઓનો જીવમાં સદ્ભાવ હોય, તો પણ અમે તો તેને ક્રિયાશૂન્ય જ માનીએ છીએ જેવી રીતે મુઠ્ઠી ધાન્યનો જેની પાસે સદ્ભાવ હોય એવા માણસને આપણે નિર્ધન માનીએ છીએ, એજ પ્રમાણે જો જીવમાં એક, બે ક્રિયાનોજ સદ્ભાવ હોય તો તેને નિષ્ક્રિય જ માનવો જોઇએ"

આ પ્રકારની આશંકાનું નિવારણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે **'णहु अफल"** ઇત્યાદિ–

વૃક્ષનો અભાવ સિદ્ધ કરવામાં ફલોના અભાવ રૂપ કારણને સ્વીકારી શકતું નથી. આંબો જ્યારે ફળોવાળો હોય ત્યારે જ તેને વૃક્ષ કહેવાય અને ફળો વિનાનો હોય, ત્યારે તેને વૃક્ષ ન કહેવાય, એવી કોઈ વાત સંભવી શકતી નથી.

એવું અનુમાન કરી શકાય નહીં કે આ વૃક્ષ આમ્રવૃક્ષ છે, કારણ કે તે ફળવાળું છે, અથવા આ વૃક્ષ નથી, કારણ કે તેને ફળો જ નથી. આ પ્રકારે ફલાભાવ રૂપ હેતુ (કારણ) નો આધાર લઇને આંબામાં વૃક્ષત્વનો અભાવ કોઈ સિદ્ધ કરતું નથી. જો ફળના અભાવને કારણે તેને વૃક્ષ માનવામાં ન આવે' તો વર્ષાઋતુમાં સઘળાં આંબા પર ફળોનો અભાવ હોવાને કારણે તેમને વૃક્ષો રૂપે માની શકશે નહીં પરન્તુ એવી વાત સંભવી શકતી નથી. ફળોનો જ્યારે અભાવ હોય છે, ત્યારે પણ લોકો આંબાને વૃક્ષ રૂપે જ સ્વીકારે છે

એજ પ્રમાણે સુપ્તાવસ્થામાં અથવા મૂર્ચ્છા આદિ અવસ્થામાં આત્મામાં ક્રિયાનો અભાવ હોવા છતાં પણ, એટલાજ કારણે આત્માને સર્વથા નિષ્ક્રિય માની શકાય નહીં.

અલ્પ ફલવત્ત્વ—એટલે કે થોડાં જ ફળો આવવા રૂપ સ્થિતિ=ને પણ વૃક્ષના અભાવને સિદ્ધ કરવાના હેતુ (કારણ) રૂપ માની શકાય નહીં ફણુસ આદિ પર ઓછાં જ ફળ આવે છે, છતાં તેમને વૃક્ષ રૂપ જ માનવામાં આવે છે. તેથી હેતુ અનૈકાન્તિક બની જાય છે. એટલે કે વૃક્ષમા અલ્પ ફળો ઉત્પન્ન થવા રૂપ હેતુનો સદ્‌ભાવ હોવા છતાં પણ વૃક્ષત્વનો અભાવ રહેતો નથી, પરન્તુ વૃક્ષત્વના અભાવનું અથવા અવૃક્ષત્વનું વિરોધી વૃક્ષત્વ જ ઉપલબ્ધ થાય છે. એજ પ્રમાણે અલ્પક્રિયાવાળો આત્મા પણ ક્રિયાવાન્ જ છે– ક્રિયાહીન નથી.

શંકા– જેવી રીતે અલ્પ ધનવાળા ભિખારીને નિર્ધન જ કહેવામાં આવે છે. એજ પ્રમાણે અલ્પક્રિયાવાળા આત્માને પણ નિષ્ક્રિય જ કહેવો જોઇએ.

સમાધાન– આ દલીલ વ્યાજબી નથી. કારણ કે આ બે વિકલ્પો દ્વારા જ તેનું નિરાકરણ થઇ જાય છે. તે ભિખારી કોઈ વિશિષ્ટ પુરુષ કરતાં વધારે ગરીબ હોવાને કારણે તેને નિર્ધન કહો છો, કે સમસ્ત પુરુષ કરતાં વધારે ગરીબ હોવાને કારણે તેને નિર્ધન કહો છો ?

પહેલો વિકલ્પ તો અમને પણ સ્વીકાર્ય છે. લક્ષાધિપતિની અપેક્ષાએ તેના કરતાં ઓછા ધનવાળાને સૌ નિર્ધન માને છે. બીજો વિકલ્પ બરાબર નથી કારણ કે ભિક્ષુકની અપેક્ષાએ અલ્પ ધનવાળો માણસ પણ ધનવાન ગણાય છે. એજ પ્રકારે કોઇ વિશિષ્ટ સામર્થ્ય સંપન્ન પુરુષની અપેક્ષાએ આત્માને નિષ્ક્રિય સ્વીકારતા હો, તો તેમાં કોઈ વાંધો નથી. બીજા શબ્દોમાં આપ એ વાતને જ સિદ્ધ કરી રહ્યા છો કે જે અમે પહેલેથી સિદ્ધ થઈ ચુકેલા માનીએ છીએ સામાન્ય રૂપે તો આત્મા ક્રિયાવાન જ છે– સર્વથા નિષ્ક્રિય નથી. આ પ્રકારે તો આ સાંખ્યો મારી નાખવામાં આવેલા સાપને મારી નાખવાની કહેવત જ ચરિતાર્થ કરે છે.

આ કથનનો સંક્ષિપ્ત ભાવાર્થ એ છે કે – આત્માને જો સર્વથા નિષ્ક્રિય માનવામાં આવે, તો બન્ધ અને મોક્ષની વ્યવસ્થા સંભવી શકતી નથી. એજ પ્રમાણે જો આત્માને

સર્વથા સક્રિય માનવામાં આવે, તો તે કદી પણ ક્રિયા કરવાથી વિરત (નિવૃત્ત) ન હોઇ શકે, તે કારણે મોક્ષને માટે શાસ્ત્રની રચના કરવાનું કાર્ય નિરર્થક બની જાય. તે કારણે એવું સ્વીકારવું પડશે કે આત્મા અમુક રીતે સક્રિય છે. અને અમુક દૃષ્ટિએ વિચારવામાં આવે તો નિષ્ક્રિય પણ છે. એજ પ્રમાણે આત્માને સર્વથા અમૂર્ત્ત માનવાથી શરીરમાં પ્રવેશ પણ નહીં કરી શકે અને શરીરમાંથી બહાર પણ નીકળી નહીં શકે, કારણ કે અમૂર્ત્ત વસ્તુનો પ્રવેશ અથવા નિર્ગમન કદી પણ સંભવી શકે નહીં તે કારણોને લીધે અમુક દૃષ્ટિએ આત્માને મૂર્ત્ત પણ માની શકાય અને અમુક દૃષ્ટિએ અમૂર્ત્ત પણ માની શકાય છે. એજ પ્રમાણે તેને સર્વથા વ્યાપક સમજવાથી તેનું ગમનાગમન સંભવી નહીં શકે, કારણ કે વ્યાપક વસ્તુ ગમનાગમન કરી શકતી નથી. જો આત્માના ગમનાગમનને સ્વીકારવામાં ન આવે, તો આપણાં જ શાસ્ત્રમાં તેની ગતિ-આગતિનું જે પ્રતિપાદન કર્યું છે, તે નિરર્થક થઇ જશે. આપના શાસ્ત્રમાં કહ્યું છે કે- "જ્યારે આત્મા જાય છે, ત્યારે તેની પાછળ પાછળ સમસ્ત પ્રાણો પણ ચાલ્યાં જાય છે." ઇત્યાદિ આ કારણે આત્મા અમુક દૃષ્ટિએ વિચારવામાં આવે તો વ્યાપક છે. અને બીજી દૃષ્ટિએ વિચારવામાં આવે તો અવ્યાપક છે. આ રીતે આખરે તો સૌએ અનૈકાન્તિકવાદનું જ શરણ સ્વીકારવું પડે છે. તેથી સ્યાદ્વાદનો માર્ગ જ નિરાકુલ છે. ા ગાથા ૧૪ ા

## અકારકવાદિયોં કે મત કા ખણ્ડન

ચૌદમી ગાથાનું વ્યાખ્યાન પૂરૂં થયું. હજી પણ સૂત્રકાર અકારકવાદિઓના મતનું નિરાકરણ કરે છે.

શબ્દાર્થ- '**महब्भूया-महाभूतानि**' મહાભૂતો '**पंच-पञ्च**' પાંચ પ્રકારના '**संति-सन्ति**' છે. '**इह-इह**' આલોકમાં '**एगेसिं-एकेषां**' કોઇ કોઇએ '**आहिया-आख्यातानि**' કહેલ છે. '**पुणो-पुनः**' વળી '**आहु-आहुः**' તેઓ કહે છે કે- '**आयछट्ठो-आत्माषष्ठः**' આત્મા છઠ્ઠો છે. '**आया लोगे य-आत्मा तथा लोकः**' આત્મા અને લોક '**सासए-शाश्वतः**' નિત્ય છે. આ પ્રમાણેનો આત્મષષ્ઠવાદિયોનો મત છે. ાા૧૫ાા

— અન્વયાર્થ —

પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ રૂપ પાંચ મહાભૂત છે. સાંખ્ય આદિ કેટલાક મતવાદિઓ આ પ્રકારની માન્યતા ધરાવે છે. વળી તેઓમાં કોઈ કોઈ લોકો એવું પણ કહે છે છઠ્ઠો આત્મા છે. આત્મા અને લોક શાશ્વત (નિત્ય) છે. આત્મા નામના છઠ્ઠા મહાભૂતને માનનારાની આ પ્રકારની માન્યતા છે. ॥ ૧૫ ॥

— ટીકાર્થ —

પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ નામના પાંચ મહાભૂતો છે. મહાન્ ભૂતને મહાભૂત કહે છે. બાહ્ય ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય થવાનો વિશિષ્ટ ગુણ જેમાં હોય છે. તેને 'ભૂત' કહેવામાં આવે છે. કોઇ કોઇ લોકોની માન્યતા અનુસાર આ લોકમાં પાંચ મહાભૂતોનું અસ્તિત્વ કહ્યું છે. તેઓ એમ પણ કહે છે કે પાંચ મહાભૂતો સિવાય આત્મા નામના છઠ્ઠા તત્ત્વનું પણ અસ્તિત્વ છે. જેવી રીતે ભૂતચૈતન્યવાદીના મત અનુસાર આત્મા અને ભૂત અનિત્ય છે, એજ પ્રમાણે તેમના મતમાં આત્માને નિત્ય માનવામાં આવ્યો છે; કે અનિત્ય માનવામાં આવ્યો છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં સૂત્રકાર કહે છે કે આત્મા નિત્ય છે. અને પૃથ્વી આદિ પાંચે ભૂતો પણ નિત્ય જ છે, અનિત્ય નથી. સર્વથા અનિત્ય માનવાથી બન્ધ અને મોક્ષની વ્યવસ્થા સિદ્ધ થઇ શકે નહીં આ કારણે એવું કહેવામાં આવ્યું છે કે પૃથ્વી આદિ રૂપ લોક અને આત્મા નિત્ય છે. ॥ ૧૫ ॥

હવે પૃથ્વી આદિની તથા આત્માની નિત્યતા આ સોળમી ગાથામાં પ્રરૂપિત કરવામાં આવે છે. "**दुहओ**" ઈત્યાદિ

## પૃથિવી આદિ ભૂતોં કે ઔર આત્માકા નિત્યત્વ

શબ્દાર્થ— '**दुहओ—द्विधातः**' બન્ને પ્રકારથી પહેલાં કહેલ છે એ પદાર્થ '**ण विणस्संति—न विनश्यति**' નાશ પામતા નથી. '**नोवा—नैव**' ન '**असं—असन्तः**' અવિદ્યમાન પદાર્થ '**उप्पज्जए—उत्पद्यन्ते**' ઉત્પન્ન થાય છે. '**सव्वेविभावा—सर्वेऽपिभावाः**' બધાજ પદાર્થો '**सव्वहा—सर्वथा**' બધા પ્રકારે '**नियतिभावमागया—नियतिभावमागताः**' નિયતિ ભાવને પામે છે. ॥૧૬॥

— અન્વયાર્થ —

પૂર્વોક્ત પૃથ્વી આદિ પાંચ મહાભૂતો અને છઠ્ઠો આત્મા બન્ને પ્રકારના (નિર્હેતુક અને સહેતુક) વિનાશથી નષ્ટ થતાં નથી, અને એવું પણ નથી કે તેઓ પહેલાં અસત્ (અવિદ્યમાન) હતાં અને પછીથી ઉત્પન્ન થયા છે. તેથી પૃથ્વી આદિ સઘળા પદાર્થો નિત્ય જ છે. ॥ ૧૬ ॥

– ટીકાર્થ –

પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણુ દ્વારા સિદ્ધ એવાં પૃથ્વી આદિ પાંચ મહાભૂતો અને છઠ્ઠો આત્મા નિર્હેતુક વિનાશ વડે પણ નષ્ટ થતાં નથી અને સહેતુક વિનાશ વડે પણ નષ્ટ થતાં નથી. અસત્ પદાર્થોની ઉત્પત્તિ પણ થતી નથી, કારણ કે અસત્‌ની ઉત્પત્તિ અને સત્ પદાર્થનો વિનાશ થતો નથી. તેનું કારણ એ છે કે પૃથ્વી આદિ સઘળા પદાર્થો કે જે પ્રત્યક્ષ, અનુમાન અને આગમના વિષયો છે. એટલે કે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ દ્વારા ગ્રાહ્ય છે. તેઓ સર્વથા નિત્ય જ છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે આત્મા તથા પાંચ મહાભૂતો નિર્હેતુક અને સહેતુક રૂપ બન્ને પ્રકારના વિનાશોથી વિનષ્ટ થતાં નથી.

બૌદ્ધ દર્શનમાં વિનાશને નિર્હેતુક માનવામાં આવેલ છે. બૌદ્ધો માને છે કે–

પદાર્થોની ઉત્પત્તિ જ તેમના વિનાશમાં કારણ રૂપ હોય છે. જે પદાર્થ ઉત્પન્ન થતાં જ નષ્ટ ન થાય તે પાછળથી કયા કારણે નષ્ટ થશે? એટલે કે નાશનું કારણ ઉત્પત્તિ છે, તેથી ઉત્પત્તિ થતાં જ પદાર્થનો નાશ થવો જોઈએ. જો તે સમયે વિનાશ ન માનવામાં આવે, તો પાછળથી નાશ થવા માટેનું કોઈ કારણ જ રહેતું નથી. એવી અવસ્થામાં તો પદાર્થનો કદી પણ નાશ જ થવો જોઈએ નહીં"

વૈશેષિક દર્શનમાં એવી માન્યતા પ્રકટ કરવામાં આવી છે કે ઘડાં આદિનો વિનાશ દંડા આદિ કારણોના સંયોગથી થાય છે. તેથી તે પ્રકારના વિનાશને સહેતુક વિનાશ કહેવાય છે.

આત્મા આદિ સઘળા પદાર્થો આ બન્ને પ્રકારના વિનાશોથી રહિત છે. અથવા સઘળા પદાર્થો પોત પોતાના સ્વભાવમાંથી કોઇ પણ પ્રકારે નષ્ટ અથવા ચ્યુત થતાં નથી. એટલે કે પોત પોતાના સ્વભાવનો પરત્યાગ કરતા નથી. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ, આ પાંચ ભૂતો પોત પોતાના સ્વભાવનો પરિત્યાગ નહીં કરતા હોવાને કારણે નિત્ય જ આ જગત પૃથ્વી આદિ ભૂતોથી કદી રહિત ન હતું, વર્તમાન કાળે પણ તેમનાથી રહિત નથી અને ભવિષ્યમાં પણ તેમનાથી રહિત નહીં હોય તેથી જ તેમને નિત્ય કહેવામાં આવે છે.

તથા આત્મા પણ અજન્મા (કોઇ પણ કારણે ઉત્પન્ન ન થવા યોગ્ય) હોવાથી નિત્ય જ છે. આત્માને જો નિત્ય માનવામાં ન આવે, તો મોક્ષની વાત જ સમાપ્ત થઈ જાય. કહ્યું પણ છે કે **'नैनं छिन्दन्ति शस्त्राणि'** ઈત્યાદિ "આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી અને વાયુ સુકવી શકતો-શોષી શકતો નથી. ॥ ૧ ॥ "આત્માનું છેદન કરવાનું શકય નથી, તેને બાળી નાખવો શકય નથી અને તેમાં કોઇ પણ પ્રકારનો વિકાર પણ ઉત્પન્ન કરી શકાતો નથી. તે નિત્ય છે, સર્વ વ્યાપી છે, સ્થિતિશીલ છે, અચલ છે અને સનાતન છે" ॥ ૨ ॥ "કોઇ (આત્મા) જન્મતો પણ નથી અને કોઈ (આત્મા) મરતો પણ નથી"

એજ પ્રકારે અસત્‌ની ઉત્પત્તિ થતી નથી. કદાચ અસત્‌ની ઉત્પત્તિ થવા લાગે તો સઘળી વસ્તુઓનો બધી જગ્યાએ સદ્‌ભાવ જ થઈ જાય અસત્‌માં કારણોનો વ્યાપાર (પ્રવૃત્તિ) થઇ શકતો નથી, તેથી સત્કાર્યવાદ જ વાસ્તવિક છે.

કહ્યું પણ છે કે- **असदकरणात्** ઈત્યાદિ ગધેડાને શિંગડા ઉત્પન્ન કરી શકાતાં નથી. પ્રત્યેક કાર્યને માટે ઉપાદાનને ગ્રહણ કરવું પડે છે. ગમે તે વસ્તુમાંથી આપણે ધારીએ તે વસ્તુ ઉત્પન્ન કરી શકાતી નથી માટીમાંથી ઘડા આદિ સજાતીય પદાર્થો જ ઉત્પન્ન થાય છે, પરન્તુ પટ–વસ્ત્ર આદિની ઉત્પત્તિ થઈ શકતી નથી. શક્યની દ્વારા જ શક્યની ઉત્પત્તિ થાય છે. અને પ્રત્યેક કાર્યને માટે કારણની આવશ્યકતા રહે છે. આ બધાં હેતુઓ (કારણો) વડે સત્કાર્યવાદ જ સિદ્ધ થાય છે. જો કારણમાં કાર્યની સત્તા ન રહેતી હોય, તો કયા કારણે ઘડો બનાવવા ઈચ્છતો માણસ માટીને જ ગ્રહણ કરે છે? તે માટીને જ ગ્રહણ કરે છે, તે કારણે સત્કાર્યવાદ જ સમીચીન છે.

એજ પ્રમાણે પૃથ્વી આદિ સઘળા પદાર્થો નિત્ય છે, એવું નથી કે પહેલાં તેમનો અભાવ હતો અને પાછળથી સદ્ભાવ થઇ ગયો છે. ઉત્પત્તિ અને વિનાશ વાસ્તવિક દૃષ્ટિએ તો આવિર્ભાવ (પ્રકટ થવાની ક્રિયા) અને તિરોભાવ (અદૃશ્ય થવાની ક્રિયા) માત્ર જ છે. કહ્યું પણ છે કે **"नासतो विद्यते भावो"** ઈત્યાદિ અસત્નો સદ્ભાવ નથી હોતો અને સતનો વિનાશ થઇ શકતો નથી."

આ પ્રકારનો મત સમીચીન (ઉચિત) નથી. સઘળા પદાર્થોને એકાન્તતઃ (સર્વથા) નિત્ય સ્વીકારવામાં આવે, તો આત્મામાં કર્તૃત્વ પરિણમન સંભવી શકે નહીં. આત્માને જો અકર્ત્તા માની લેવામાં આવે, તો કર્મબન્ધનો અભાવ જ થઇ જાય, અને કર્મબન્ધને અભાવે સુખ દુઃખનો અનુભવ કોણ કરશે? એજ પ્રકારે જો અસત્ની ઉત્પત્તિ સંભવતી ન હોય, તો પૂર્વભવનો પરિત્યાગ કરીને ઉત્તરભવની ઉત્પત્તિ રૂપ જે આત્માની ચાર પ્રકારની ગતિ કહો છો, તે પણ સંભવી શકે નહીં, અને મોક્ષ ગતિનો પણ અભાવ જ થઈ જાય. આ પ્રકારે આત્માને અચ્યુત, અનુત્પન્ન, અને સ્થિર એક સ્વભાવવાળો માનવામાં આવે, તો મનુષ્ય, દેવ આદિ ગતિઓમાં ગતિ-આગતિ પણ સંભવી શકશે નહીં અને સ્મૃતિનો અભાવ થઇ જવાથી જાતિસ્મરણ આદિ પણ સંભવી નહીં શકે.

"સત્ કાર્યની જ ઉત્પત્તિ થાય છે," આ પ્રમાણે કહેવું તે પણ ઊચિત નથી, જો કાર્ય પહેલેથી જ સર્વથા સત્ હોય, તો પછી ઊત્પત્તિ કેવી? અને જો ઊત્પત્તિ થતી હોય, તો સર્વથા સત્ કેવી રીતે હોઇ શકે? તેથી જ આત્માને અમુક દૃષ્ટિએ નિત્ય અને અમુક દૃષ્ટિએ અનિત્ય તથા સત્–અસત્ કાર્યવાદ સ્વીકાર કરવો જોઇએ. એટલે કે દ્રવ્યની અપેક્ષાએ સત્ અને પર્યાયની અપેક્ષાએ અસત્ કાર્યની ઊત્પત્તિ થાય છે.॥ ગાથા ૧૬ ॥

હવે સૂત્રકાર અસત્કાર્યવાદી બૌદ્ધમતનું વિવેચન કરે છે.- **'પંચ ખંધે'** ઈત્યાદિ

શબ્દાર્થ—**'एगे-एके'** કોઈ **'बाला उ-बालस्तु'** અજ્ઞાની **'पंच-पञ्च'** પાંચ **'खंधे-स्कन्धान्'** સ્કંધ **'वयंति-वदन्ति'** કહે છે **'अण्णो-अन्यम्'** પાંચ મહાભૂતો શિવાય **अणण्णो-अनन्यम्** આનાથી અન્ય **'हेउयं-हेतुकम्'** સકારણ ઉત્પન્ન **'य-च'** તથા **'अहेउय-अहेतुक'** કારણવિનાઉત્પન્ન આત્મા **'णेवाहु-नैवाहुः'** હોતો નથી. ॥૧૭॥

અન્વયાર્થ

સત્ અસત્‌ના વિવેકથી રહિત અને બૌદ્ધમતના અનુયાયી એવાં કોઈ કોઇ અજ્ઞાની લોકો પાંચ સ્કન્ધોનું પ્રતિપાદન કરે છે. તે પાંચ સ્કન્ધનાં નામ નીચે પ્રમાણે છે. (૧) રૂપ, (૨) વેદના, (૩) વિજ્ઞાન (૪)સંજ્ઞા અને (૫) સંસ્કાર તેઓ એવું પ્રતિપાદન કરે છે કે પાંચ સ્કન્ધોથી ભિન્ન એવો કોઈ આત્મા જ નથી કે જે પરલોકમાં ગમન કરતો હોય. તે સ્કન્ધો એક ક્ષણ માત્ર જ ટકે છે. તે બૌદ્ધમતને માનનારા લોકો આત્માને સાંખ્યોની જેમ પાંચ ભૂતોથી ભિન્ન પણ માનતા નથી. અને ચાર્વાક મતવાદીઓની જેમ પાંચ ભૂતોથી અભિન્ન પણ માનતા નથી. તેઓ આત્માને સહેતુક એટલે કે ભૂતો વડે ઊત્પન્ન થયેલો અથવા નિર્હેતુક એટલે અનાદિ અનંત પણ માનતા નથી. ॥ ૧૭ ॥

ટીકાર્થ

કોઇ કોઇ બૌદ્ધમતના અનુયાયીઓ સત્ય અને અસત્યના ભાનથી વિહીન હોવાને કારણે–અજ્ઞાની હોવાને કારણે પાંચ સ્કંધોનું પ્રતિપાદન કરે છે. તે પાંચ સ્કંધ નીચે પ્રમાણે છે. (૧) રૂપસ્કંધ, (૨) વેદનાસ્કંધ, (૩) વિજ્ઞાનસ્કંધ, (૪) સંજ્ઞાસ્કંધ અને (૫) સંસ્કાર સ્કંધ તેઓ એવું કહે છે કે આ પાંચ સ્કંધોથી ભિન્ન અને પરલોકગામી આત્મા નામનો કોઇ પદાર્થ જ નથી તેમાંના પૃથ્વી અને પાર્થિવ રૂપાદિનો રૂપસ્કંધમાં સમાવેશ થઈ જાય છે. સુખ દુઃખનો અને તેમના અભાવનો અનુભવ કરવો. તેનો વેદનાસ્કંધમાં સમાવેશ થઇ જાય છે. રૂપજ્ઞાન અને રસજ્ઞાન કરાવનારો જે સ્કંધ છે, તેને વિજ્ઞાનસ્કંધ કહે છે. ઘટાદિ સંજ્ઞાઓનું જ્ઞાન કરાવનારા સ્કંધને સંજ્ઞાસ્કંધ કહે છે. અને પુણ્યપાપના સમુદાય રૂપ સંસ્કાર સ્કંધ છે. આત્મા આ સ્કંધોથી અભિન્ન છે.– ભિન્ન નથી. તેમનાથી ભિન્ન આત્માને માનવામાં પ્રમાણનો અભાવ છે.

આ કથનનો આશય એ છે કે પ્રત્યક્ષના બે પ્રકાર છે.

(૧) બાહ્યપ્રત્યક્ષ અને (૨) આભ્યન્તર પ્રત્યક્ષ બાહ્ય પ્રત્યક્ષના પાંચ પ્રકાર છે. (૧) ચક્ષુ વડે ઉત્પન્ન થનારૂં (૨) રસના વડે ઉત્પન્ન થનારું (૩) ઘ્રાણ વડે ઉત્પન્ન થનારું (૪) શ્રોત્ર વડે ઉત્પન્ન થનારું અને (૫) ત્વચા (સ્પર્શેન્દ્રિય) વડે ઉત્પન્ન થનારૂં.

ચક્ષુ વડે રૂપનું, રૂપત્વનું અને રૂપી પદાર્થોનું ગ્રહણ થાય છે. ત્વચા (સ્પર્શેન્દ્રિય) વડે સ્પર્શ, સ્પર્શત્વ અને સ્પર્શવાળા પદાર્થોને ગ્રહણ કરાય છે. રસનું ગ્રહણ રસના ઇન્દ્રિય વડે, ગંધનું ઘ્રાણેન્દ્રિય વડે અને શબ્દનું શ્રોત્રેન્દ્રિય વડે ગ્રહણ થાય છે. આ પાંચમાંના ચક્ષુ નામના બાહ્ય પ્રત્યક્ષ વડે આત્માના વિષયમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી, કારણ કે આત્મા અરૂપી છે. 'રૂપી પદાર્થો જ ચક્ષુ દ્વારા ગ્રાહ્ય હોય છે,' એવો નિયમ છે આત્માના વિષયમાં સ્પર્શેન્દ્રિયની પ્રવૃત્તિ પણ થઇ શકતી નથી. સ્પર્શયુક્ત દ્રવ્યનો જ બોધ સ્પર્શેન્દ્રિય દ્વારા થઇ શકે છે. પરન્તુ આત્મામાં સ્પર્શગુણનો પણ અભાવ છે તેથી આત્મા સ્પર્શેન્દ્રિય દ્વારા પણ અગ્રાહ્ય છે. સ્પર્શેન્દ્રિય દ્વારા તેને વિષે કશો પણ બોધ થતો નથી. એજ પ્રમાણે રસના, ઘ્રાણ અને શ્રોત્રેન્દ્રિયો દ્વારા પણ આત્માને ગ્રહણ કરી શકાતો નથી, કારણ કે આ ઇન્દ્રિયો ગુણમાત્રને ગ્રહણ કરે છે, અને આત્મા ગુણ-માત્રસ્વરૂપ નથી. આત્મા આન્તર પ્રત્યક્ષ દ્વારા પણ જ્ઞેય નથી, કારણ કે મન દ્વારા સુખાદિનું જ ગ્રહણ થઇ શકે છે. તેથી આત્માના વિષયમાં પ્રત્યક્ષની પ્રવૃત્તિ થઇ શકતી નથી. આ પ્રકારે પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા આત્માને જાણી શકાતો નથી. આત્માના વિષયમાં અનુમાન પ્રમાણની પ્રવૃત્તિ પણ સંભવિત નથી, કારણ કે નિર્દોષ હેતુનો અભાવ છે.

પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણ સિવાયનું બીજું કોઈ પ્રમાણ નથી કે જેને આધારે પાંચ સ્કંધોથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ કરી શકાય, એવુ તે અજ્ઞાન બૌદ્ધ મતવાદી-ઓ પ્રતિપાદન કરે છે. બૌદ્ધ મતના અનુયાયીઓના અનેક પ્રકારો છે. કોઇ સર્વાસ્તિત્વ-વાદી છે. કોઈ વિજ્ઞાનને જ માને છે, અને કોઇ સર્વશૂન્યતાવાદી છે. જો કે બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપનારા તો એક જ બુદ્ધ થઈ ગયા છે, પરન્તુ શિષ્યોની માન્યતા અથવા પ્રતિપત્તિના ભેદને કારણે બૌદ્ધ મતવાદીઓના પણ ઘણા ભેદ પડી ગયા છે. કહ્યું પણ છે કે "**देशना लोकनाथानां**" ઈત્યાદિ "લોકના નાથ ભગવાન બુદ્ધની દેશના પ્રાણીઓના આશયની વશવર્તિની છે. તે અનેક ઉપાયો વડે લોકમાં અનેક પ્રકારની થઈ ગઇ છે. ૧

તે દેશના ગંભીર પણ છે, ઉત્તાન પણ છે. અને ગંભીરોત્તાન પણ છે. પરન્તુ વિભિન્ન (એક) જ છે. ॥ ૨ ॥

શિષ્યોના ભેદની અપેક્ષાએ અથવા તેમના જ્ઞાનના ભેદોની અપેક્ષાએ બૌદ્ધોમાં અનેક ભેદ પડી ગયા છે. પરન્તુ તત્ત્વના ભેદની અપેક્ષાએ આ ભેદો પડયા નથી. તત્ત્વ તો એક જ છે. શૂન્યતા રૂપ તત્ત્વમાં કોઇ ભેદ નથી. સઘળા શિષ્યોને તેના દ્વારા સાક્ષાત્ અથવા પરંપરા વડે શૂન્યતામાં પ્રવેશ કરાવવામાં આવે છે.

જે શિષ્યો પ્રજ્ઞાયુકત હતાં, તેમને બુદ્ધે સાક્ષાત્ શૂન્યતાનો ઉપદેશ આપીને બોધિત કર્યા હતા. મધ્યમ શિષ્યોને બાહ્ય પદાર્થોનો નિષેધ કરીને અને એકલા વિજ્ઞાનના અસ્તિ-ત્વનું જ પ્રતિપાદન કરીને સમજાવ્યા છે. અને જેઓ સૌથી હીન હતાં, તેમને બાહ્ય પદાર્થોના અસ્તિત્વનું પ્રતિપાદન કરીને બોધ આપ્યો હતો. પરન્તુ તે સઘળા શિષ્યો પદાર્થના વાસ્તવિક સ્વરૂપથી અનભિજ્ઞ રહેવાને કારણે અજ્ઞાની જ રહ્યા છે. બાહ્યાર્થવાદી

બૌદ્ધ એજ છે કે જેઓ બાહ્યઆભ્યન્તર પદાર્થોનો સ્વીકાર કરે છે. તે પદાર્થો નીચે પ્રમાણે છે– ભૂત, ભૌતિક, ચિત્ત અને ચૈત્ત.

સૂત્રકારે એવું કહ્યું છે કે તેઓ પાંચ સ્કંધોના સમુદાયને જ આત્મા રૂપે સ્વીકારે છે. સ્કંધોથી ભિન્ન આત્માને તેઓ માનતા નથી.

તથા તે સ્કંધો ક્ષણયોગી છે. કાળના સૌથી સૂક્ષ્મ વિભાગને ક્ષણ કહે છે. તે સ્કંધો ક્ષણિક છે, કારણ કે જે સત્ હોય છે, તે ક્ષણિક જ હોય છે, એવો નિયમ છે. આ નિયમનું પ્રતિપાદન કરવા માટે મેઘમાલા આદિ દૃષ્ટાન્તો આપવામાં આવ્યાં છે. જેવી રીતે મેઘમાલાઓ ક્ષણિક છે, કારણ કે તે સત્ પદાર્થ રૂપ છે, એ જ પ્રમાણે સઘળા સત્ પદાર્થો ક્ષણિક જ હોય છે–સ્થાયી હોતા નથી. અહીં સત્ત્વનો અર્થ છે 'અર્થક્રિયાકારિત્વ' સ્થાયી પદાર્થમાં અર્થક્રિયા સંભવી શકતી નથી. તેથી સ્થાયિત્વથી વિરૂદ્ધ એવું ક્ષણિકત્વ જ પદાર્થોમાં સિદ્ધ થાય છે.

આ કથનનો આશય એ છે કે જો પદાર્થ સ્થાયી હોય, તો તે ક્રમપૂર્વક અર્થક્રિયા કરશે, કે એક સાથે અર્થક્રિયા કરશે ? આ બે વિકલ્પો સિવાયનો ત્રીજો કોઈ વિકલ્પ સંભવી જ શકતો નથી. કારણ કે એવો નિયમ છે કે પરસ્પર વિરોધી એવા બે પક્ષો ઉપરાંત ત્રીજો કોઇ પક્ષ જ હોઇ શકે નહીં

ઉપર્યુક્ત બન્ને પક્ષોમાંનો પહેલો પક્ષ સમીચીન નથી. કારણ કે નિત્ય પદાર્થ જો ક્રમપૂર્વક કામ કરે, તો તે કાલાન્તરે થનારી સઘળી ક્રિયાઓને પહેલી ક્રિયાના સમયમાં જ શા માટે કરી ન લે ?

"સમર્થ પદાર્થ કાળક્ષેપ કરતો નથી". એવો નિયમ છે જોતે કાળક્ષેપ કરે તો અસમર્થ થઈ જાય કદાચ આપ એવું પ્રતિપાદન કરતા હો કે "પદાર્થ તો અર્થક્રિયા કરવાને સમર્થ છે, પરન્તુસહકારી કારણોનો સંયોગ થાય ત્યારે જ તે અમુક અમુકકાર્ય કરે છે", પરન્તુ આ માન્યતા ઉચિત નથી જો અ માન્યતા સ્વીકારવામાંઆવે તો પદાર્થની અસમર્થતા જ સિદ્ધ થશે, કારણ કે તે પોતાનાથીભિન્ન એવા સહકારીઓને આધારે જ પ્રવૃતિ કરે છે તેથી ક્રમે ક્રમેઅર્થક્રિયા કરવાનો પક્ષ (વિકલ્પ) સમીચીનનથી.

"સ્થાયી પદાર્થ એક સાથે ક્રિયા કરે છે", આ બીજો પક્ષ પણ સ્વીકાર્ય નથી એક પદાર્થ સમસ્તદેશકાળમા થનારી સમસ્તક્રિયાઓ એક સાથે કરી લે છે. એવી પ્રતીતિ કોઈને ક્યારે ય પણ થતી નથી જો સઘળા પદાર્થોની એક સાથે ઉત્પત્તિ થવાની વાત માનવામાં આવે તો કાર્ય અને કારણ આદિની એક સાથે ઉત્પત્તિ થવાથી દંડ અને ઘટાદિમાં પરસ્પર કાર્ય કારણ ભાવ જ સંભવી શકશે નહીં. કોઈ પણ પ્રકારે એક સાથે જ સમસ્ત ક્રિયાઓ કરાયાનો સ્વીકાર કરવામાં આવે તો પણ દોષથી મુકત રહી શકાશે નહીં. જો સ્થિર પદાર્થ પહેલી ક્ષણમાં જ સઘળી અર્થક્રિયાઓ એક સાથે કરી નાખે, તો બીજી, ત્રીજી આદિ ક્ષણોમાં શું કરશે? તેને કંઈ પણ કરવાનું જ બાકી રહ્યું નથી જે કંઈ કરવા જેવું હતુ, તે તેણે પ્રથમ ક્ષણમાં જ કરી નાખ્યું. હવે પછીની ક્ષણોમાં તે શું કરશે ? આ પ્રકારે " એક સાથે અર્થક્રિયા કરવાનો બીજો પક્ષ પણ સમીચીન લાગતો નથી. આ પ્રકારે સ્થિર (સ્થાયી) પદાર્થમાં ક્રમ અથવા અક્રમ પૂર્વક ક્રિયા કારિત્વનો અભાવ હોવાથી નિત્ય પદાર્થની ઉત્પત્તિ પોતાનાકારણોવડે થઈ શકતી નથી.

જો પદાર્થને અનિત્ય માનવામાં આવે, તો સઘળા પદાર્થોની ક્ષણિકતા વિના પ્રયત્ને જ સિદ્ધ થઇ જાય છે. કહ્યું પણ છે કે— **"जातिरेव हि भावानाम्"** ઈત્યાદિ–

"પદાર્થોની ઉત્પત્તિ જ તેમના વિનાશનું કારણ છે. જે પદાર્થ ઉત્પન્ન થતાં જ નષ્ટ થતો નથી, તે પાછળથી કયા કારણે નષ્ટ થશે ? એટલે કે નષ્ટ જ નહીં થાય."

તેથી ઉત્પન્ન થનારો પદાર્થ નાશશીલ જ ઉત્પન્ન થાય છે, સ્થિતિશીલ નહીં. જો ઉત્પત્તિને સમયે જ પદાર્થ વિનાશના કારણથી યુક્ત ન હોય, તો ત્યાર બાદ (ઉત્પત્તિના સમય બાદ) તેનો નાશ કરવાને કોણ સમર્થ હશે? કહ્યું પણ છે કે

" આટલા સમય સુધી સ્થિર રહેલા તે પદાર્થનો પછીથી કોણ નાશ કરશે ? " આ કથન દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે પાંચ સ્કંધો ક્ષણિક છે.

આત્મષષ્ઠવાદી (આત્મારૂપ છઠ્ઠા તત્ત્વનો સ્વીકાર કરનારા) સાંખ્યો જેમ આત્માને પાંચ ભૂતોથી ભિન્ન માને છે, તેમ બૌદ્ધો માનતા નથી. વળી તેઓ ચાર્વાકોની જેમ આત્માને પાંચ ભૂતોથી અભિન્ન પણ માનતા નથી. આ રીતે તેઓ આત્માને સહેતુક પણ માનતા નથી અને અહેતુક પણ માનતા નથી. એટલે કે તેઓ આત્માને શરીરના આકારે પરિણત પાંચ ભૂતો વડે જનિત પણ માનતા નથી. અને અનાદિ અનંત હોવાથી તેને નિત્ય પણ સ્વીકારતા નથી. ।। ગાથા ૧૭ ।।

કોઈ કોઈ બૌદ્ધમતવાદીઓ પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ સ્કંધ રૂપ જગતનો સ્વીકાર કરે છે. તેમના મતને પ્રકટ કરીને હવે સૂત્રકાર કેટલાક એવા બૌદ્ધ મતવાદીઓના મતને પ્રકટ કરે છે કે જેઓ પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુરૂપ ચતુર્ધાતુક જગત છે એવું માને છે. સૂત્રકાર તેમના મતને નીચેના સૂત્ર દ્વારા સંક્ષિપ્તમાં પ્રદર્શિત કરે છે.

## ચતુર્ધાતુવાદી બૌદ્ધમત કા નિરૂપણ

શબ્દાર્થ– **'पुढवी आउ य तेउ-पृथिवी आपश्च तेजः'** પૃથ્વી, જલ અને તેજ **'तहा वाउ य-तथा वायुश्च'** તથા વાયુ **'चत्तारि-चत्वारि'** આ ચાર **'धाउणो-धातोः'** ધાતુના **'रूवं-रूपाणि'** રૂપો છે. **'एगओ-एकतः'** આ શરીર પણામાં એક થવાથી જીવ સંજ્ઞા પ્રાપ્ત કરે છે. **'एवं-एवम्'** એ રીતે **'अवरे-अपरे'** બીજા જે બૌદ્ધો છે તેઓએ **'आहंसु-आहुः'** કહ્યું છે. ॥૧૮॥

અન્વયાર્થ

"પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ, આ ચાર ધાતુનાં રૂપ છે. એટલે કે આ પૃથ્વી આદિ ચાર ધાતુ (ધારક અને પોષક તત્વ) છે. એ જ ધાતુ મળીને ઘટ, પટ આદિને ઉત્પન્ન કરે છે." ચતુર્ધાતુવાદી જે બૌદ્ધો છે, તેમની આ પ્રકારની માન્યતા છે. ૧૮

## ટીકાર્થ

પૃથ્વીધાતુ, જલધાતુ, અગ્નિધાતુ અને વાયુધાતુ, આ ચાર જ ધાતુ છે. આકાશને આ મતવાળાઓ ધાતુરૂપ માનતા નથી. જગતના ધારક પોષક તત્ત્વોને ધાતુ કહે છે. આ ચારે ધાતુ એકત્ર થઈને જગતને ઉત્પન્ન કરે છે.

જગતને ધારણ કરે છે અને પોષણ કર છે. તે કારણે જ તેમને ધાતુ કહેવામા આવે છે. તેમના દ્વારા જ જગતની ઉત્પત્તિ થાય છે. આ ચાર તત્ત્વોમાંનું પૃથ્વી નામનું જે તત્ત્વ છે. તેનો સ્વભાવ કઠોરતા છે, જળ શીતગુણવાળું છે અગ્નિ ઉષ્ણ સ્પર્શવાળી છે અને વાયુ સર્વથા ચાલતો રહેવાના સ્વભાવવાળો છે. આ ચારે તત્ત્વો (ધાતુઓ) જ્યારે એકત્રિત થાય છે, ત્યારે ઘટાદિના સમૂહ રૂપ જગતની ઉત્પત્તિ થાય છે, તે ચારે ધાતુઓ જ્યારે કાયના આકારે પરિણત થાય છે, ત્યારે શરીરની ઉત્પત્તિ થાય છે, અને તેમના દ્વારા જ ચૈતન્ય અથવા જીવનો ઉત્પાદ થાય છે. આ ચાર ધાતુઓથી ભિન્ન એવો કોઈ આત્મા નામનો પદાર્થ નથી. તેમના સમુદાયને જ "આત્મા" કહેવામાં આવે છે. કહ્યું પણ છે કે "આ શરીર ચાર ધાતુઓ વડે નિર્મિત છે. આત્મા તેમનાથી ભિન્ન નથી" આ બીજા પ્રકારના બૌદ્ધો આ પ્રકારની માન્યતા ધરાવે છે. કોઈ કોઈ ગ્રંથોમાં "**यावरे**" આ પદને બદલે "**जाणगा**" આ પદ પણ જોવામાં આવે છે. તેનો અર્થ આ પ્રમાણે છે.

"અમે જાણકાર છીએ" આ પ્રકારના અભિમાનવાળા તેઓ અભિમાનની અગ્નિથી દગ્ધ હોવાને કારણે એવું કહે છે કે આ શરીર પૃથ્વી આદિ ચાર ધાતુઓ વડે બનેલું છે, અને શરીરથી ભિન્ન આત્માનું અસ્તિત્વ જ નથી.

આ બૌદ્ધમતના સઘળા અનુયાયીઓ અફલવાદી છે, કારણ કે તેમના મતાનુસાર કાર્યક્ષણમાં જ કર્ત્તાનો (આત્માનો) વિનાશ થઈ જવાથી ફલની સાથે તેનો સંયોગ થતો નથી. જો ફળના સમય સુધી આત્મા રહેતો જ ન હોય, તો ઐહિક અને પારલૌકિક ક્રિયાફળને કોણ ભોગવશે? તેમના મતાનુસાર જો સઘળા પદાર્થો ક્ષણિક જ હોય, તો આત્મા પણ ક્ષણિક જ હોવો જોઈએ અને દાનાદિક સઘળી ક્રિયાઓ પણ ક્ષણિક જ હોવી જોઈએ. આ કારણે ક્રિયા કરતાં ક્ષણ માત્રમાં જ સઘળા પદાર્થોનો વિનાશ થઈ જવાથી કાળાન્તરે પ્રાપ્ત થનારું ફળ કોણ ભોગવશે? કાળાન્તરે પણ સ્થિર રહેનારા કોઇ આ સિવાયના ભોક્તાનો તો તેઓ સ્વીકાર જ કરતા નથી. અથવા પૂર્વોક્ત સાંખ્ય આદિ મતવાદીઓ તથા આ બૌદ્ધો અફલવાદી જ છે. એમાંથી કોઈ મતવાદીઓ આત્માના અસ્તિત્વનો સ્વીકાર તો કરે છે, પરન્તુ તેને એકાન્ત રૂપે (સર્વથા) અવિકારી, ક્રિયારહિત અને કૂટસ્થ નિત્ય માને છે. તેમની આ માન્યતા સ્વીકારવામાં આવે, તો વિકારહીન આત્મામાં કર્તૃત્વ અને ફલભોક્તૃત્વ કેવી રીતે સિદ્ધ થશે? ક્રિયાવિષયક કૃતિમત્ત્વને જ કર્તૃત્વ કહે છે. તે કૃતિ ક્રિયાથી રહિત આત્મામાં સંભવી શકે નહીં, કારણ કે આકાશ આદિમાં તેનો અભાવ જણાય છે. કૃતિના અભાવમાં કર્તૃત્વ જ હોતું નથી અને કર્તૃત્વના અભાવે ક્રિયાનું સંપાદન કરવાનું જ અસંભવિત થઇ પડે છે. એવી પરિસ્થિતિમાં

સુખદુઃખના સાક્ષાત્કાર રૂપ ફલોપભોગનું સમર્થન કેવી રીતે થઈ શકે? જે સર્વથા ઉદાસીન છે અને સર્વ પ્રપંચથી રહિત છે, તે કર્ત્તા અથવા ભોકતા સંભવી શકે નહીં.

કેટલાક મતવાદીઓ આત્માના અસ્તિત્વનો જ સ્વીકાર કરતા નથી. તેમના મતમાં ઉપભોકતાનો જ અભાવ હોવાથી ફલનો ઉપભોગ કેવી રીતે સંભવિત થઇ શકે?

કેટલાક મતવાદીઓ આત્માને ક્ષણિક માને છે, કારણ કે તેઓ એવું પ્રતિપાદન કરે છે કે સઘળા પદાર્થો ક્ષણિક છે, આત્મા પણ એક પદાર્થ રૂપ હોવાથી ક્ષણિક જ છે. તેમને અમે આ પ્રકારનો પ્રશ્ન પૂછીએ છીએ કે કાર્યક્ષણ પછીની બીજી જ ક્ષણે જો આત્માનો નાશ થઇ જતો હોય, તો કાળાન્તરે અને દેશાન્તરમાં પ્રાપ્ત થનારા કર્મફળની સાથે ક્ષણ-વિનષ્ટ આત્માનો સંબંધ કયા પ્રકારે સંભવી શકે?

આ પ્રકારના પૂર્વોક્ત સઘળા મતવાદીઓ અફલવાદી જ છે. તેમની માન્યતાનું ૧૪મી ગાથામાં ખંડન કરવામાં આવ્યું છે. તે ૧૪મી ગાથાની ટીકામાં જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે સમસ્ત પ્રતિપાદન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. એટલે કે"**को वेपई**" ઇત્યાદિ ગાથાનો અર્થ અહીં પણ ગ્રહણ કરવો જોઈએ.

તે ગાથા દ્વારા પ્રતિપાદિત વિષયનો ભાવાર્થ આ પ્રમાણે છે.

જો ચાર ભૂતો અથવા પાંચ ભૂતોથી ભિન્ન આત્મા ન હોય, તો સુખ, દુઃખ આદિ ફળોનો ઉપભોકતા કોણ થશે? ઉપભોકતાનો જ અભાવ હોવાથી કોઇ પણ (જીવ) ફળ ભોગવશે નહીં. જો તમે તેને ઇષ્ટાપત્તિ રૂપ માનતા હો, તો

ફલભોકતા કોઈ ન હોય તો સુખદુઃખાદિ ફલોનો ઉપભોગ જે પ્રત્યેક પ્રાણીમાં સ્વાનુભવથી સિદ્ધ છે, તેનો ખુલાસો શો છે? સઘળા જીવો સુખને માટે પ્રયત્ન કરતા અને દુઃખમાંથી બચવાનો પ્રયત્ન કરતા જોવામાં આવે છે આત્માનો અભાવ માનવામાં આવે, તો આ નિયમને કેવી રીતે સિદ્ધ કરી શકાય?

વળી જો આત્માનો જ અભાવ માનવામાં આવે, તો બન્ધ, મોક્ષ, જન્મ અને મરણની વ્યવસ્થા પણ સંભવિત બની શકે નહીં મોક્ષની વ્યવસ્થા નો અભાવ જ થઇ જાય, તો શાસ્ત્રોની તથા મહાબુદ્ધિમાનોની પ્રવૃત્તિ જ નિરર્થક થઇ જાય પરન્તુ એવું માનવું તે ઉચિત નથી. કહ્યું પણ છે કે–"**विफला विश्ववृत्तिर्नो**" ઇત્યાદિ–

"વિશ્વ (સંસાર) ની પ્રવૃત્તિ નિષ્ફલ પણ નથી અને એક માત્ર કષ્ટ રૂપ ફલવાળી પણ નથી. એવું. પણ નથી. કે તેનું ફલ પ્રત્યક્ષ જે દેખાય છે એજ છે, અને તે ધોખાબાજી (પ્રપંચ) રૂપ પણ નથી."

શંકા–કોણ કહે છે. કે આત્મા નથી? આત્મા તો છે જ પરન્તુ તે વિજ્ઞાન સ્કંધ રૂપ છે. એજ સુખ દુઃખ આદિ ફલોનો ઉપભોકતા છે.

જો કે આત્મા વિજ્ઞાન રૂપ જ છે, છતાં પણ એજ વિજ્ઞાન રૂપ આત્મામાં જ્ઞાન અને સુખ આદિ રહે છે. જ્ઞાન,સુખ આદિ વિજ્ઞાનરૂપ આત્માના જ વિશિષ્ટ આકારો છે, અને તેઓ તેમાં જ રહે છે. આ પ્રમાણે માનવામાં આવે, તો સુખ,દુઃખ આદિ ફળોના ઉપભોગની તથા જન્મ, મરણ આદિની વ્યવસ્થા સંગત બની જાય છે.

સમાધાન– તમે આત્માને જે વિજ્ઞાનમય કહો છો અને સુખદુઃખ આદિને આત્માની

પર્યાયો રૂપ ગણો છો, તે ખરું જ છે. તમારી તે માન્યતા સાથે અમે પણ સંમત છીએ, પરન્તુ તમે પરસ્પરથી વિરૂદ્ધ વાત કહો છો, કારણ કે તમે સઘળા પદાર્થોને ક્ષણિક જ માન્યા છે. જેવી રીતે ઘટાદિ પદાર્થ ક્ષણિક છે, એજ પ્રમાણે આત્માને પણ તમે ક્ષણિક જ માનો છો. ક્ષણિક હોવાને કારણે, તે ઉત્પન્ન થયા બાદ શીઘ્ર નષ્ટ થઈ જાય છે. તો વિનષ્ટ થયેલો તે આત્મા કાળાન્તરે પ્રાપ્ત થનારાં સ્વર્ગ આદિ ફલોને કેવી રીતે ભોગવી શકે ? ક્ષણુવિનશ્વર ક્રિયાવાન્ અને ફલવાન્નો સંબંધ જ સંભવી શકે નહીં

તમારી આ માન્યતામાં તો કૃતનાશ દોષ અને અકૃતાભ્યાગમ દોષનો પણ પ્રસંગ ઉપસ્થિત થાય છે. ક્રિયા કરનારો આત્મા તો એજ ક્ષણે નષ્ટ થઇ ગયો, તેથી કાળાન્તરે ઉત્પન્ન થનારા ફળને તે આત્મા કોઇ પણ પ્રકારે ભોગવી શકે જ નહીં" આ પ્રકારના કૃતનાશ દોષનો પ્રસંગ ત્યાં ઉદ્ભવે છે. જે ફળ ભોગવે છે- એટલે કે ફળનો જે ભોકતા છે, તેણે તે ક્રિયા કરી ન હતી, " આ પ્રકારના અકૃતાભ્યાગમ દોષનો પ્રસંગ પણ ત્યાં ઉપસ્થિત થાય છે,

આ પ્રકારે આત્માને ક્ષણિક માનનારો પક્ષ વિચારને સહન કરતો નથી અને એકાન્ત નિત્ય પક્ષ પણ યુક્તિશૂન્ય હોવાથી અસ્વીકાર્ય બની જાય છે, અને આત્માને એકાન્તતઃ નિત્ય માનનારો પક્ષ પણ યુક્તિશૂન્ય જ હોવાથી અસ્વીકાર્ય બની જાય છે. તેથી પરિણામી નિત્ય પક્ષ જ નિર્દોષ છે. આ પક્ષમાં આત્મા જ્ઞાનના અધિકરણ રૂપ, ભવાન્તરમાં જનારો, ભૂતોથી અમુક અપેક્ષાએ ભિન્ન અને શરીરની સાથે એક એકમેક હોવાની અપેક્ષાએ અભિન્ન પણ છે. તથા આત્મા સહેતુક પણ છે, કારણકે મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવ ભવોના કારણભૂત કર્મો દ્વારા તે પ્રત્યેક પર્યાયમાં પરિણમન કરવાના સ્વભાવવાળો પણ છે. અને આત્મા અહેતુક પણ છે, કારણકે આત્મદ્રવ્ય નિત્ય છે. વિભિન્ન કારણ વડે પર્યાય રૂપે ઉત્પન્ન થવા છતાં પણ દ્રવ્યરૂપે નિત્ય હોવાને કારણે તે કદી વિનષ્ટ થતો નથી. અને બન્ધથી રહિત થતાંજ મોક્ષમાં ગમન કરે છે. આ પ્રકારે યુકિત, તર્ક અને પ્રમાણ આદિ દ્વારા આત્માની શરીરથી ભિન્નતા સિદ્ધ થઇ જાય છે. તે કારણે " ચાર ધાતુઓ વડે ઉત્પન્ન થયેલું શરીર જ છે. તેનાથી ભિન્ન આત્મા નામના કોઇ પણ પદાર્થનું અસ્તિત્વ જ નથી," આ પ્રકારનું બૌદ્ધોનું કથન પ્રલાપ માત્ર જ બની જાય છે આ પ્રકારે સૂત્રકારે સંક્ષિપ્તમાં બૌદ્ધ મતનું અહીં ખંડન કર્યું છે. ॥ ૧૮ ॥

ચાર્વાકથી લઈને બૌદ્ધ પર્યન્તના મતોનું ખંડન કરી ને, હવે પાંચ ભૂતાત્મવાદી; આત્માદ્વૈતવાદી, તજ્જીવ તચ્છરીરવાદી' અકારક આત્મષષ્ટવાદી તથા ક્ષણિક પંચસ્કંધવાદી, આ બધાં મતો અફલવાદી જ છે, તે દર્શાવવાને માટે સૂત્રકાર તેમના (ઉપર્યુક્ત) દર્શનો નો સ્વીકાર કરવાનું ફળ બતાવે છે-"**अगार**" **इत्यादि**—

શબ્દાર્થ—'**अगारं-गृहम्**' ઘરમાં '**आवसंतावि-आवसन्तः**' નિવાસ કરવાવાળા **आरण्णा-अरण्याः** અથવા વનમાં નિવાસ કરવાવાળા '**पव्वयत-प्रव्रजिताः**' પ્રવ્રજ્યાને ધારણ કરેલ એવા અથવા '**पव्वया-पार्वताः**' પર્વતમાં રહેવા વાળાઓ '**इम दरिसणं-इदं दर्शनम्**' આ દર્શનને-શાસ્ત્રને '**आवण्णा-आपन्नाः**' પ્રાપ્ત કરીને '**सव्व दुक्खा-सर्व दुःखात्**' સઘળા દુઃખોથી '**मुच्चइ-मुच्यन्ते**' મુક્તથઈ જાય છે. ॥૧૯॥

-અનવયાર્થ-

"ભલે ઘરમાં નિવાસ કરનારા -ગૃહસ્થ- હો, ભલે વનવાસી તાપસ હો, ભલે સન્યાસી હો અથવા ભલે પર્વતનિવાસી હો, પરન્તુ જો તમે અમારા આ દર્શનનો સ્વીકાર કરી લેશો, તો સમસ્ત દુઃખોમાંથી મુક્ત થઇ જશો", એવું ઉપર્યુકત શાસ્ત્રોની રચના કરનારા કહે છે. એટલે કે જુદા જુદા મતોનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રકારો પોત પોતાનાં શાસ્ત્રોનું આ પ્રમાણે પ્રતિપાદન કરે છે. અમારા આ શાસન અથવા ધર્મને અંગીકાર કરવાથી અને તેમાં પ્રરૂપિત ધર્મનું આચરણ કરવાથી તમે સમસ્ત દુઃખોમાંથી મુકત થઈ જશો. સંસારમાં રહીને અથવા વાનપ્રસ્થ અવસ્થામાં રહીને, અથવા પર્વતમાં નિવાસ કરીને, અથવા સંન્યાસી બનીને, આ પ્રકારે તમને ફાવે તે અવસ્થામાં રહીને, અમારા દર્શનનો સ્વીકાર કરવાથી અને તે પ્રમાણે આચરણ કરવાથી તમે સમસ્ત દુઃખોમાંથી મુકત થઇને પરમપદની (મોક્ષની) પ્રાપ્તિ કરશો. ॥૧૯॥

ટીકાર્થ

**"अगार"** આ પદનો અર્થ ગૃહ થાય છે. અહીં અગાર પદ ઘરમાં રહેનારા પત્ની, પુત્ર આદિનું સૂચક છે. "માંચો (માચડો) બોલે છે," આ કથનના જેવું આ લાક્ષણિક કથન છે. તેથી ઘરમાં રહેનારા નો અર્થ આ પ્રમાણે સમજવો "પુત્ર, પુત્રી, પત્ની આદિની સાથે નિવાસ કરતો" કહ્યું પણ છે કે **"न गृहं गृहमित्याहुः"** ઇત્યાદિ

"ઘરને ગૃહ કહેવાતું નથી, વાસ્તવિક રૂપે તો ગૃહિણીને જ ગૃહ કહેવાય છે," આ કથન અનુસાર "ઘરમાં રહેતો" એટલે પુત્ર, પુત્રી, પત્ની આદિ પર સ્નેહભાવ રાખતો"

"અરણ્ય" એટલે વન. અને "આરણ્ય" એટલે વનમાં નિવાસ કરનાર. તેને તાપસ અથવા વાનપ્રસ્થ પણ કહે છે. સન્યાસીને 'પ્રવ્રજિત' કહે છે. મૂળ સૂત્રમાં જે **"पव्वया"** આ પદ વપરાયું છે તેનો અર્થ પાર્વત એટલે કે પર્વતવાસી પણ થઇ શકે છે.

ગૃહસ્થ, આરણ્ય આદિમાંથી જે કોઇ અમારા દર્શનનો સ્વીકાર કરે છે, તેઓ સમસ્ત સાંસારિક દુઃખોમાંથી મુક્ત થઇ જાય છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે પૂર્વોક્ત સમસ્ત મતવાદીઓ કહે છે કે "જે કોઈ અમારા દર્શનનો સ્વીકાર કરશે, તેઓ ગૃહસ્થ અથવા વાનપ્રસ્થ અથવા સંન્યાસી, ગમે તે અવસ્થામાં રહેવા છતાં સમસ્ત દુઃખોમાંથી મુક્ત થઈને સુખની પ્રાપ્તિ કરે છે.

પાંચ મહાભૂતવાદી અને તજ્જીવતચ્છરીરવાદીનો મત એવો છે કે અમારા દર્શન-શાસ્ત્રનો સ્વીકાર કરનાર માણસો, ગૃહસ્થાશ્રમમાં રહીને જ સમસ્ત દુઃખોમાંથી મુકત થઈ જશે. એટલે કે કેશલુંચન, મસ્તક મુંડન, દંડધારણ, નગ્નતા, તપશ્ચરણ તથા કાયકલેશ આદિ દુઃખોમાંથી જલ્દી મુકત થઇ જશે. કહ્યું પણ છે કે **"तपांसि यातनाश्चित्राः"** ઇત્યાદિ

"તપસ્યા વિવિધ પ્રકારની યાતના રૂપ જ છે. સંયમ ભોગોથી વિહીન હોય છે. અને અગ્નિહોત્ર આદિ કર્મો તો બાળકોનાં ખેલ જેવાં દેખાય છે." ॥ ૧ ॥

અમારા દર્શનશાસ્ત્રોનો આશ્રય લેનાર વ્યક્તિને, કેશલુંચન આદિના કષ્ટમાંથી તો તુરત જ મુક્તિ મળી જાય છે. આ લોકોના મતાનુસાર પરલોક આદિનો અભાવ હોવાથી પરલોકના સુખને નિમિત્તે, શરીરને કલેશ ઉત્પન્ન થાય એવાં અનુષ્ઠાનોની આરાધના નિરર્થક હોવાથી, એવાં અનુષ્ઠાનોની જરૂર જ રહેતી નથી. આ પ્રકારના અનુષ્ઠાનોનો ત્યાગ કરવો, તેનું જ નામ દુઃખોમાંથી મુક્તિ છે. આશય એ છે કે ઉપર્યુક્ત મતવાદીઓ તપ આદિ અનુષ્ઠાનોમાં માનતાં નથી, અને તે અનુષ્ઠાનો દ્વારા જ લોકો નિરર્થક શારીરિક કલેશ સહન કરે છે, એવું માને છે. કહ્યું પણ છે "त्रयो वेदस्य कर्त्तारो" ઇત્યાદિ

"વેદ રચનારા ભાંડ, ધૂર્ત અને નિશાચર, આ ત્રણ પ્રકારના છે." આ પ્રમાણે કહીને તેઓ શાસ્ત્રોક્ત કર્મોની નિંદા કરે છે. અને પોતાની ઇચ્છાનુસાર આ લોક સંબંધી ફલોપભોગ કરવો, તેને જ પુરુષાર્થ કહે છે. આ પ્રકારનો પંચભૂતવાદી અને તજ્જીવતચ્છરીરવાદીઓનો મત છે.

સાંખ્ય આદિ મતવાદીઓ કે જેઓ મોક્ષવાદી છે, તેઓ પણ એવું કહે છે કે જે લોકો સાંખ્યદર્શનનો આશ્રય લે છે, તે લોકો શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા આત્માના આ પ્રકારના સ્વરૂપને (આત્મા અકર્ત્તા, અભોક્તાં અદ્રષ્ટા, સાક્ષીભોક્તા, કૂટસ્થ નિત્ય તથા જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ વિવિધ પ્રકારના દુઃખનાં કારણોથી રહિત છે.) જાણીને પ્રકૃત્તિના સંયોગથી ઉત્પન્ન થનારા સમસ્ત દુઃખોના કારણભૂત સંસારથી મુક્ત થઈ જાય છે. અમારા દર્શનનો (સાંખ્ય દર્શનનો) આશ્રય લઇને, અને તેમાં પ્રતિપાદિત આત્માના સ્વરૂપને જાણીને જન્મ, જરા, મરણ ગર્ભપરંપરા અને માનસિક તીવ્રતર અસાતાઉદય રૂપ દુઃખોથી મુક્ત થઈ જાય છે. તે સમસ્ત દ્વન્દ્વોથી રહિત મોક્ષને પ્રાપ્ત કરીને શુદ્ધ સ્વસ્થ અને નિજ સ્વરૂપમાં આશ્રિત થઈ જાય છે- આ વિષયમાં આશ્રમ, વય વર્ણ આદિનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. કહ્યું પણ છે કે "पञ्चविंशतितत्त्वज्ञो" ઇત્યાદિ

જે પચીશ તત્ત્વોનો જ્ઞાતા છે, તે ભલે આશ્રમમાં રહે, અથવા ભલે જટા વધારે અથવા ભલે શિરમુંડન કરાવે, અથવા ભલે શિખા વધારે, પરન્તુ તે અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે, આ વાતમાં કોઇ સંશયને માટે અવકાશ જ નથી" આ પ્રકારનો સાંખ્યોનો મત છે.

બૌદ્ધો પણ એવું જ કહે છે કે અમારા બૌદ્ધદર્શનનું શરણ સ્વીકારે છે, અને તેમાં પ્રતિપાદિત નૈરાત્મવાદને તથા પ્રત્યેક પદાર્થની ક્ષણિકતા અને દુઃખ રૂપતાને જાણીને એવી ભાવનાવાળા થઇ જાય છે. કે" બધું દુઃખરૂપ છે, બધું હેય છે બધું ક્ષણિક છે અને બધું શૂન્ય છે," તે સપરિકર માર્ગપ્રણાલી દ્વારા ક્ષણિક અથવા શૂન્ય રૂપ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરીને, જન્મ, મરણ, બન્ધ આદિ દોષો વડે ઉત્પન્ન થયેલાં દુઃખમાંથી મુક્ત થઇ જાય છે.

એજ પ્રમાણે અદ્વૈતવાદી-વેદાન્તીઓ કહે છે કે અમારા દર્શનશાસ્ત્રનું શરણ સ્વીકારવાથી જ આત્મા મોક્ષ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઇ જાય છે. નિત્ય અને અનિત્યનો વિવેક ઉત્પન્ન થતાં ઐહિક અને પારલૌકિક પદાર્થો પ્રત્યે તથા ફલભોગ પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન થાય છે. તથા શમ, દમ, સમાધાન, ઉપરતિ તિતિક્ષા અને શ્રદ્ધા રૂપ છ સાધનોની તથા મુમુક્ષત્વના અનન્તર

(બાદમાં) નિષ્કામ કર્મની ઉપાસના થાય છે. ઉપાસનાદ્વારા જિજ્ઞાસા ઉત્પન્ન થવાથી યોગ્ય ગુરુ મેળવીને શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા જ વેદાન્તમાંથી જ જાણવા યોગ્ય અજર' અમર અને નિત્યમુકત તથા શુદ્ધ બુદ્ધ અને મુક્તસ્વભાવવાળા આત્માને જાણે છે. ત્યારે જ તેઓ સંસાર સાગરના કાર્ય અને જગતના ઉપાદાન રૂપ અજ્ઞાનને નષ્ટકરી નાખે છે. ત્યારબાદ સર્વોત્કૃષ્ટ સુખમય મોક્ષને પ્રાપ્ત કરીને તેઓ કૃતકૃત્ય થઈ જાય છે. ''ગાથા ૧૯''

હવે સૂત્રકા ચાર્વાકોથી લઇને બૌદ્ધમત પર્યન્તના મતવાદીઓને અફલવાદી રૂપે પ્રકટ કરવા નિમિતે કહે છેકે ''તે'' ઈત્યાદિ

## ચાર્વાકસે લેકર બૌદ્ધપર્યન્ત કે અન્યમત-વાદિયોં કે મતકા નિષ્ફલત્વકા પ્રતિપાદન

શબ્દાર્થ—'તે-તે' પંચમહાભૂતવાદીઓ 'સંધિં-સન્ધિમ્' સંધિને-અવસરને 'णावि णच्चा-नैव ज्ञात्वा' જાણ્યાવિના જ ક્રિયામાં પ્રવૃત્ત થાય છે. 'ते जणा-ते जनाः' તે લોકો 'धम्मविओ-धर्मविदः' ધર્મને જાણવાવાળા 'न-न' હોતા નથી. 'जे ते उ-ये ते तु' જે અન્યમતવાદિઓ છે. 'एवं-एवम्' પૂર્વોક્ત પ્રકારથી કહેવામાં આવેલ 'वाइणो-वादिनः' અફલવાદનું સમર્થન કરવાવાળા 'ते-ते' એ રીતે વાદ કરવાવાળાઓ 'ओहंतरा-ओघन्तराः' સંસારને પાર કરવાવાળા 'न आहिया-नाख्याताः' કહ્યા નથી. ॥૨૦॥

-અન્વયાર્થ-

પૂર્વોક્ત અન્યતીર્થિકો (અન્ય મતવાદીઓ) સન્ધિ એટલે કે અવસરને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત થાય છે. તેઓ ધર્મના જ્ઞાતા નથી જે અન્યતીર્થિકો અફલવાદના સમર્થકો છે' તેમને તીર્થંકરોએ સંસારને પાર કરનાર કહ્યા નથી. એટલે કે તે અફલવાદીઓ સંસારને તરી શકતા નથી, પરન્તુ તેમાં ડૂબેલા જ રહે છે. ''૨૦''

-ટીકાર્થ-

ચાર્વાકથી લઈને બૌદ્ધો પર્યન્તના અન્યમતવાદીઓ મનુષ્યભવ આર્યક્ષેત્રની પ્રાપ્તિ. સુકુલમાં જન્મ કેવલિ પ્રરૂપિત ધર્મનુ શ્રવણ, કેવલિ પ્રરૂપિત ધર્મમાં શ્રદ્ધા. અને તે ધર્મ આચરણ દ્વારા કર્મોનો ક્ષય કરવાનો અવસર પ્રાપ્ત થાયો છે, આ વાતને સમજયાવિના જ પ્રવૃત્તિ કર્યા કરે છે, આ કથનનો ભાવાર્થ એ છે કે આત્મા કેવી રીતે કર્મથી રહિત થાયછે, તેજાણવાનો અવસરપ્રાપ્ત થવા છતાં પણ તેઓ તે અવસરનો ઉપયોગ કર્યા વિના જ દુઃખમાંથી મુકત થવાનો પ્રયત્ન કર્યા કરે છે. તેમણે સૌથી પહેલાં કર્મનું સ્વરૂપ સમજવું જોઈએ કર્મનું સ્વરૂપજાણ્યા વિના તેના નાશનો ઉપાય જ કેવી રીતે કરી શકાય? પરંતુ તે અન્યતીર્થિકો કર્મના સ્વરૂપને વાસ્તવિક રૂપે જાણતાનથી. આ પ્રકારના અવસરને જાણ્યા વિના જ. તેમણે કર્મના વિનાશ નેમાટે પોત પોતાનાં શાસ્ત્રોની રચના કરી નાખી છે. એથી તેમનાં તે શાસ્ત્રોને સમજી લેવા છતાં પણ કર્મોનો ઊચ્છેદ થઇશકતો નથી તેથી જ સૂત્રકારે યથાર્થ જ કહ્યું

છે કે-અવસરને જાણ્યા વિના ઇત્યાદિ-અથવા 'સંધિ' આ પદનો અર્થ સંધાન એટલે કે ઉત્તરોત્તર જીવાદિ પદાર્થોનું જ્ઞાન". પણ કરી શકાય. તેને જાણ્યા વિના જ તે મતવાદીઓ કર્મનો વિનાશ કરવાને પ્રવૃત્ત થયા છે' તેથી તેઓ ધર્મના વેત્તા નથી-એટલે કે તેઓ સમીચીન રૂપે ધર્મનાજાણકાર નથી "**जणा**" આ પદ ચાર્વાક આદિ લોકો ના અર્થમાં વપરાયું છે.

ખરી રીતે તો ક્ષમા' મુક્તિ આદિના ભેદથી ધર્મ દસ પ્રકારનોછે. પરન્તુ પૂર્વોક્ત અન્ય મતવાદીઓ આ દસ પ્રકારના ધર્મને જાણ્યા વિના ધર્મના સ્વરૂપની બીજી રીતે જ પ્રરૂપણા કરે છે. અજ્ઞાન પૂર્વક જેને ધર્મ માનવામાં આવ્યો હોય એવા ધર્મ દ્વારા મોક્ષ રૂપ ફલની સિદ્ધિ થતી નથી. તેથી એવા ધર્મની પ્રરૂપણા કરનારાને અફલવાદી કહેવામાં આવેલ છે. દાખલા તરીકે જે માણુસ અગ્નિના વાસ્તવિક સ્વરૂપને જાણુતો નથી-એટલે કે જે માણુસને એટલી પણ ખબર નથી કે અગ્નિ ઉષ્ણુ હોય છે, પ્રકાશઆપનારી હોય છે, દાહક હોય છે, પકવવાનું આદિ કાર્ય કરનારી છે, તે માણુસ અગ્નિનો રાધવા આદિ કાર્યોમાં ઉપયોગ કરી શકતો નથી.

પરન્તુ જે માણુસને અગ્નિના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન હોય છે, તે માણુસ રાંધવા, તાપવા, આદિ કાર્યમાં અગ્નિનો ઉપયોગ કરી શકે છે. એજ પ્રમાણે જે માણુસ ધર્મના વાસ્તવિક સ્વરૂપને જાણુતો નથી, તેના દ્વારા આચરિત ધર્મ અથવા તેના દ્વારા પ્રતિપાદિત ધર્મ મોક્ષફળની પ્રાપ્તિ કરવામાં કેવી રીતે સમર્થ હોઈ શકે? તે કારણે સૂત્રકારે તે અન્યતીર્થિકોને અફલવાદી કહ્યા છે. આ પ્રકારના ચાર્વાક આદિ અન્ય મતવાદીઓ સમ્યગ્જ્ઞાનના અભાવને કારણે સંસાર સાગર તરીજવાને સમર્થ હોતા નથી. ॥ ગાથા. ૨૦॥

વળી સૂત્રકાર કહે છે કે " **तेणावि संधिं** " ઇત્યાદિ-

શબ્દાર્થ—'**ते-ते**' તે અન્યતીર્થિકો '**णावि संधिं णच्चा-न अवि सन्धिं ज्ञात्वा**' સંધીને જાણ્યા વિનાજ ક્રિયામાં પ્રવૃત્ત રહે છે. '**ते जणा धम्मविओ न-ते जनाः धर्मविदः न**' તેવા લોકો ધર્મના રહસ્ય ને જાણુવાવાળા નથી. '**जे ते उ एवं वाइणो-ये ते तु एवं वादिनः** જેઓ પૂર્વોક્ત સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે, '**न ते संसारपारगा-ते संसारपारगाः न**' તેઓ સંસારને પાર કરી શકતા નથી ॥૨૧॥

—અન્વયાર્થ—

આ ગાથાનો અર્થ પૂર્વવત્ જ છે. આગલી ગાથામાં '**ओहंतराऽऽहिया**' પાઠ હતો, તેની જગ્યાએ આ ગાથામાં "**संसारपारगा**" પાઠ છે. "**संसारपारगा**" ઇત્યાદિ ગાથાનો અર્થ આ પ્રમાણે છે. તે અન્ય મતવાદી લોકો મનુષ્ય, તિર્યંચ નારક અને દેવ, આ ચાર ગતિ રૂપ સંસારને પાર કરીને મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી. આ ગાથાનો અર્થ સ્પષ્ટ છે. બાકીનું બધું કથન આગલી ગાથામાં કહ્યા પ્રમાણે જ સમજવું ॥ ગાથા ૨૧ ॥

વળી સૂત્રકાર કહે છે કે—"**तेणावि**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**ते-ते**' તેઓ '**संधि-संधिम्**' સંધીને '**णावि णच्चा-नावि ज्ञात्वा**' જાણ્યા વિનાજ ક્રિયામાં પ્રવૃત્ત થાય છે '**ते जणा ते जनाः**' તે લોકો '**धम्मविओ-धर्म**'

**विद:'** ધર્મને જાણનારા **'न-न'** નથી. **'जे-ये'** જેઓ **'एवं-एवम्'** એ રીત ના **'वाइणो-वादिनः'** વાદીઓ છે. **'तेउ-ते तु'** તેઓ **'न गब्भस्स पारगा-गर्भस्य पारगाः न'** ગર્ભને પાર કરી શકતા નથી. ।।૨૨।।

—અન્વયાર્થ—

આ ગાથાનો અર્થ પણ પૂર્વવત્ જ છે. વ્યાખ્યા પણ સ્પષ્ટ છે. અહીં એટલું જ વિશેષ કથન સમજવાનું છે કે

તે અન્યતીર્થિકો ગર્ભના પારગામી થતા નથી. એટલે કે તેમનું એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં પરિભ્રમણ કરવાનું બંધ પડતું નથી. ।। ગાથા ૨૨ ।।

વળી સૂત્રકાર કહે છે કે-"**तेणावि**" ઇત્યાદિ—

શબ્દાર્થ—**'ते-ते'** તેઓ **'संधिं-सन्धिम्'** સંધીને **'णाविणच्चा-नापि ज्ञात्वा'** જાણ્યા વિનાજ ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે, **'ते जणा धम्मविओ न-ते जनाः धर्मविदः न'** તે લોકો ધર્મને જાણવાવાળા હોતા નથી. **'जे तेउ एवं वाइणो-ये ते तु एवंवादिनः'** જેઓ આ રીતે મિથ્યાત્વની પ્રરૂપણા કરવાવાળા છે તેઓ **'जम्मस्स पारगा न-जन्मस्य पारगा न'** જન્મને પાર કરી શકતા નથી. ।।૨૩।।

—અન્વયાર્થ—

આ ગાથાનો અર્થ અને વ્યાખ્યા પૂર્વવત્ જ સમજવી અહીં એટલું જ વિશેષ કથન ગ્રહણ કરવું જોઇએ કે તે અન્યતીર્થિકો જન્મ અથવા ઉત્પત્તિના પારગામી થતા નથી.

તેઓ એક પછી એક જન્મની પ્રાપ્તિ જ કર્યા કરે છે. તેઓ મોક્ષની પ્રાપ્તિ કરી શકતાં નથી. કહ્યું પણ છે કે "**व्रजन्तो जन्मनो जन्म**" ઇત્યાદિ-

તેઓ એક જન્મ પછી બીજા જન્મની પ્રાપ્તિ કરતાજ રહે છે. તેઓ જન્મ મરણના ફેરામાંથી છુટકારો પામીને મોક્ષધામની પ્રાપ્તિ કરી શકતા નથી ।। ૨૩ ।।

વળી સૂત્રકાર કહે છે કે -" **तेणावि** ઇત્યાદિ

શબ્દાર્થ— **'ते-ते'** તે અન્યતીર્થીકો **'णावि संधिं णच्चा णं-नापि सन्धिं ज्ञात्वा खलु'** અવસરને જાણ્યાવિનાજ ક્રિયામાં પ્રવૃત્ત થાય છે. **'ते जणा धम्मविओ न--ते जनाः धर्मविदः न'** તેઓ ધર્મવેત્તા નથી. **'जे ते उ एवं वाइणो-ये ते तु एवं वादिनः'** મિથ્યા સિધ્ધાંતની પ્રરૂપણા કરવાવાળાઓ એવા તે અન્યતીર્થીકો. **'दुक्खस्स पारगा न--दुःखस्य परगाः न'** દુઃખને પાર કરી શકતા નથી ।।૨૪।।

( અન્વયાર્થ )

આ ગાથાનો અર્થ તથા વ્યાખ્યા પૂર્વવત્ જ છે. અહી એટલું જ વિશેષ કથન કરવું જોઇએ કે તેઓ દુઃખસાગરમાં જ ડૂબેલાં રહે છે. ।। ૨૪ ।।

વળી સૂત્રકાર કહે છે કે ("**तेणावि**") ઇત્યાદિ

શબ્દાર્થ—'**ते-ते**' તે અન્ય તીર્થીઓ '**णावि संन्धिं णच्चा णं-नापि संधिं ज्ञात्वा खलु**' અવસરને જાણ્યા વિના જ ક્રિયામાં પ્રવૃત્ત થાય છે '**ते जणा धम्मविओ न-ते जनाः धर्मविदः न**' તેઓ ધર્મને સમજતા નથી. '**जे ते तु एवं वाइणो-ये ते तु एवं वादिनः**' મિથ્યા સિદ્ધાંતની પ્રરૂપણા કરવાવાળા એવા તે અન્ય તીર્થીકો '**न मारस्स पारगा--मारस्य पारगा न**' મૃત્યુને પાર કરી શકતા નથી.

(અન્વયાર્થ)

આ ગાથાનો અર્થ અને વ્યાખ્યા પૂર્વવત્ જ છે. અહીં એટલી જ વિશેષતા સમજવાની છે કે તે અન્ય મતવાદીઓ મૃત્યુના પારગામી થતા નથી એટલે કે વારંવાર મોતના મુખમાં પ્રવેશ કરે છે ॥ ૨૫ ॥

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે તે અન્ય મતવાદીઓ કયા કયા સ્થાનોને પ્રાપ્ત કરે છે "**नाणा विहाइ**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**मच्चुवाहि जराकुले-मृत्युव्याधिजराकुले**' મૃત્યુ, વ્યાધિ અને વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત '**संसारचक्कवालंमि-संसारचक्रवाले**' સંસાર રૂપી ચક્રમાં **पुणो पुणो-पुनः पुनः** વારંવાર '**णाणाविहाइं-नानाविधानि**' અનેક પ્રકારના '**दुक्खाइं-दुःखानि**' દુઃખોને '**अणुहोंति-अनुभवन्ति**' ભોગવે છે ॥૨૬॥

(અન્વયાર્થ)

તે અન્ય મતવાદીઓ મૃત્યુ, વ્યાધિ અને જરાથી વ્યાપ્ત આ સંસાર પ્રવાહમાં અનેક પ્રકારના શારીરિક અને માનસિક દુઃખોનો અનુભવ કરે છે. ॥ ૨૬ ॥

(ટીકાર્થ)

તેઓ આ સંસારમાં વ્યાધિ – શારીરિક અને માનસિક પીડાઓનો અનુભવ કરે છે. વારંવાર વૃદ્ધાવસ્થાના દુઃખો ભોગવે છે વારંવાર મૃત્યુનાં દુઃખનો પણ અનુભવ કરે છે તેઓ સંસાર રૂપી આવર્ત્તમાં વિવિધ પ્રકારની અસાતાના ઉદય રૂપ અને પ્રતિકૂળ વેદના રૂપ દુઃખોનું વારંવાર વેદન કરે છે તેઓ કયા કયા પ્રકારની યાતનાઓ ભોગવે છે તે હવે પ્રકટ કરવામાં આવે છે– નરક સંબંધી નીચેની યાતનાઓ તેઓ ભોગવે છે કરવતો વડે તેમના શરીરને ચીરવામાં આવે છે કુંભીમાં તેમને પકવવામાં (રાંધવામાં આવે છે, ગરમ લોઢાના પિંડ સાથે સંયુક્ત કરવામાં આવે છે, કાંટાવાળા સેમલ વૃક્ષની સાથે તેમને સંયુક્ત કરવામાં આવે છે ઇત્યાદિ અનેક પ્રકારની તીવ્ર વેદનાઓ ત્યાં તેમને ભોગવવી પડે છે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થઇને તેઓ નીચે પ્રમાણે વેદનાઓ ભોગવે છે.

ઠંડી અને ગરમી સહન કરે છે તેમને ડામ દેવામાં આવે છે, દમન, મારપીટ આદિ તેમને સહન કરવું પડે છે. ખૂબ ભાર ઉપાડવો પડે છે અને ભૂખ તરસ આદિ વિવિધ યાતનાઓ સહન કરવી પડે છે. મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થઇને તેઓ નીચેનાં દુઃખોનું વેદન કરે છે ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, ક્રોધ, મદ, વિષાદ, ભય, પ્રમાદ, ગર્ભવાસ, જન્મ, જરા મરણ, રોગ, આક્રન્દ આદિ વિવિધ પ્રકારના દુઃખો તેઓ મનુષ્ય ગતિમાં સહન કરે છે. દેવગતિમાં ઉત્પન્ન થઇને તેઓ નીચેનાં દુઃખો સહન કરે છે.

અભિયોગ, ઈર્ષા, કિલ્બિષિકતા ચ્યવન આદિ દુઃખો ભોગવવા પડે છે. પૂર્વોક્ત મતવાદીઓ આ સમસ્ત દુઃખોનો વારંવાર અનુભવ કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે ચાર્વાક આદિ પૂર્વોક્ત મતવાદીઓ મિથ્યા પદાર્થની પ્રરૂપણા કરીને પૂર્વ વર્ણિત અનેક દુઃખોનો વારંવાર અનુભવ કર્યા જ કરે છે.

વીસમાં શ્લોકથી પચીસમાં શ્લોક સુધીના બધાં શ્લોકોનો ઉત્તરાદ્ધ આ શ્લોકના પૂર્વાદ્ધ સાથે જોડી દેવો જોઈએ. એટલે કે

પૂર્વોક્ત ચાર્વાક આદિ મતવાદીઓ, સંસારના આવર્ત્ત (પ્રવાહ) માંથી નીકળી શકતા નથી તેઓ વારંવાર વિવિધ પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે," આ પ્રકારે સંયોજન કરીને હરેક શ્લોકનો ભાવાર્થ સમજવો જોઇએ ॥ ગાથા ૨૬ ॥

હવે ઉપર્યુક્ત કથનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે કે "**उच्चावयाणि**" ઈત્યાદિ

શબ્દાર્થ—'**ते-ते**' તે પૂર્વોક્ત અન્ય તીર્થિઓ '**उच्चावयाणि-उच्चावचानि**' ઉંચ-નીચ ગતિયોમાં '**गच्छंता-गच्छन्तः**' ભમતાં ભમતાં '**णंतसो-अनन्तशः**' અનન્તવાર '**गब्भमेस्संति-गर्भमेष्यन्ति**' ગર્ભવાસને પ્રાપ્ત કરશે. '**एवं-एवम्**' એ પ્રમાણે '**नायपुत्ते ज्ञातपुत्रः**' જ્ઞાત પુત્ર '**जिणोत्तमे-जिनोत्तमः**' જીનોત્તમ '**महावीरे-महावीरः**' શ્રી વર્ધમાન મહાવીર સ્વામીએ '**आह-आह**' કહ્યું છે ॥૨૭॥

(અન્વયાર્થ)

તે પૂર્વોક્ત મતવાદીઓ ઊંચા નીચાં સ્થાનોમાંથી-એટલે કે ઊંચાં સ્થાનોમાંથી નીચા સ્થાનોમાં અને નીચાં સ્થાનોમાંથી ઊંચાં સ્થાનોમાં પરિભ્રમણ કરતાં જ રહેશે. – વારંવાર ગર્ભમાં આવીને જન્મ ધારણ કરશે એટલે કે રહેંટની જેમ પરિભ્રમણ કર્યા જ કરશે પરન્તુ તેઓ મુક્તિ રૂપ વિશ્રામ સ્થાનમાં પહોંચી શકશે નહી. એવું જિનોત્તમ, જ્ઞાતપુત્ર મહાવીરે કહ્યું છે. ॥૨૭॥

ટીકાર્થ

પૂર્વોક્ત અન્ય મતવાદીઓ અધમ અને ઉત્તમ સ્થાનોમાં ગમન કરતા રહે શે એટલે કે એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં ભ્રમણ કરતા એવાં તે જીવો અનંત વાર એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં જશે એટલે કે રહેંટની જેમ અનંત સંસારમાં પરિભ્રમણ કર્યા કરશે કહ્યું પણ છે કે "**व्रजन्तो जन्मनो जन्म**" ઈત્યાદિ " તેઓ એક પછી એક જન્મ ધારણ કર્યા જ કરશે તેમને કદી વિશ્રામસ્થાન (મોક્ષ) ની પ્રાપ્તિ નહીં થાય એવું કોણે કહ્યું છે? જ્ઞાત વંશમાં ઉત્પન્ન થયેલા, સિદ્ધાર્થ નન્દન અને જિનોત્તમ (સામાન્ય કેવલી ઓમાં ઉત્તમ) ચરમ તીર્થંકર મહાવીર પ્રભુએ પૂર્વોક્ત કથન કર્યું છે. ॥ ગાથા ૨૭ ॥

॥ સમય નામના પહેલા અધ્યયનનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥

બીજો ઉદ્દેશક

પહેલો ઉદ્દેશક પૂરો થયો. હવે બીજો ઉદ્દેશક શરૂ થાય છે. પહેલા ઉદ્દેશક સાથે બીજા ઉદ્દેશકનો આ પ્રકારનો સંબંધ છે. પહેલા ઉદ્દેશકમાં સ્વસિદ્ધાન્તનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અધ્યયનનો વિષય હજી ચાલુ જ છે. તેથી આ બીજા ઉદ્દેશકમાં પણ સ્વસિદ્ધાન્તનું જ નિરૂપણ કરાશે. પહેલા ઉદ્દેશકમાં ભૂતવાદીઓના મતનું સ્વરૂપ પ્રકટ કરીને તેમના મતનું ખંડન કરવામાં આવ્યું છે. આ પ્રકરણમાં પણ તેની જ ચર્ચા કરવામાં આવશે.

પહેલા ઉદ્દેશકમાં ભૂતવાદીઓના મતનું સ્વરૂપ બતાવીને તેમના મતનું ખંડન કરવામાં આવ્યુ છે. પરન્તુ આ ઉદ્દેશકમાં મિથ્યાદૃષ્ટિ નિયતિવાદીઓના મતનુ સ્વરૂપ પ્રકટ કરીને તેમના મતનું ખંડન કરવામાં આવશે. અથવા પહેલા ઉદ્દેશકના પ્રારંભે જ એવુ કહેવામાં આવ્યુ હતું કે "બન્ધના સ્વરૂપને જાણો અને તે બન્ધને તોડો" પરન્તુ નિયતિવાદીઓ આ બન્ધને માનતા નથી. એજ વાત હવે પ્રદર્શિત કરવામાં આવે છે. પહેલા ઉદ્દેશક સાથે આ પ્રકારના અનેક સંબંધો ધરાવતા બીજા ઉદ્દેશકનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે. "**आघायं पुण**" ઇત્યાદિ-

શબ્દાર્થ—'**पुण-पुनः**' ચાર્વાક વિગેરે ના મતનું કથન કર્યા પછી '**एगेसिं-एकेषां**' કોઈ અન્યના મતનું '**आघायं-आख्यतम्**' કથન કરવું છે. '**जीया-जीवाः**' જીવો '**पुढो--पृथक्**' જૂદા જૂદા છે. '**उववण्णा-उपपन्नाः**' ઉત્પન્ન થઇને '**सुहं दुक्खं-सुखं दुःखं**' સુખ દુઃખને '**वेदयंति-वेदयन्ति**' ભોગવે છે. '**अदुवा-अथवा**' અથવા '**ठाणओ-स्थानतः**' પોતપોતાના ઉત્પત્તિસ્થાનથી '**लुप्पंति-लुप्यन्ते**' બીજે જાય છે. અર્થાત્ મૃત્યુ પામે છે. ॥૧॥

અન્વયાર્થ :- પૂર્વોક્ત ચાર્વાક આદિ મતોની માન્યતા કરતાં ભિન્ન માન્યતા ધરાવતા કેટલાક મતવાદિઓ એવું પ્રતિપાદન કરે છે કે જીવો અલગ અલગ જ ઉત્પન્ન થઇને અલગ અલગ રૂપે સુખ દુઃખ ભોગવે છે. અથવા પોતાના ઉત્પત્તિ સ્થાને ગમન કરે છે. તેમની માન્યતા એવી છે કે જીવ અનેક છે, અને તે જીવો અલગ અલગ જ સુખ દુઃખનો અનુભવ કરે છે. તથા જુદા જુદા જ એક સ્થાનેથી બીજે સ્થાને જાય છે. આત્મા એક નથી તેથી સુખદુઃખની સેળ ભેળ થઇ જવાનો પ્રસંગ જ ઉદ્ભવતો નથી.

ટીકાર્થ :- ગાથામાં વપરાયેલુ "**पुण**" (પુનઃ) પદ, પૂર્વોક્ત ચાર્વાક આદિ મતવાદીઓ કરતાં નિયતિવાદીની માન્યતામાં જે વિશેષતા છે. તે પ્રદર્શિત કરે છે. નિયતવાદીઓની માન્યતા કેવી છે, તે આ સૂત્રમાં આવે છે.

"જીવો જુદી જુદી ગતિઓમાં ઉત્પન્ન થઇને સુખદુઃખનો અનુભવ કરે છે, અને તે જીવો પોત પોતાના સ્થાનમાંથી અન્યત્ર ચાલ્યા જાય છે. ॥૧॥

ચાલ્યા જાય છે. "૧"

નિયતિવાદિઓની માન્યતાને સૂત્રકાર બે ગાથાઓ દ્વારા પ્રકટ કરેછે-"**न तं सयं**" ઇત્યાદિ-

શબ્દાર્થ—'**तं-तत्**' તે '**दुक्खं-दुःखम्**' દુઃખ '**सयंकडं न-स्वयंकृतं न**' પોતે કરેલ નથી. '**अन्नकडं-अन्यकृतम्**' બીજાએ કરેલ '**कओ-कुतः**' કયાંથી હોય ? '**सेहियं-सैद्धिकम्**' સિદ્ધિથી પ્રાપ્ત થયેલ '**वा-वा**' અથવા '**असेहियं-असैद्धिकम्**-સિદ્ધિ વગર જ પ્રાપ્ત થયેલ '**सुहं वा जइ वा दुक्खं-सुखं वा यदि वा दुःखम्** સુખ અથવા દુઃખ '**जीया-जीवा**' પ્રાણિયો '**पुढो-पृथक्**' અલગઅલગ '**वेदयंति-वेदयन्ति**' ભોગવે છે. '**सयं-कडं न-स्वयं कृतम् न**' પોતે કરેલ નથી. '**तं-तत्**' તે **तेसिं-तेषां**' તેમના '**तहा-तथा**' તેવાજ '**संगइयं-साङ्गतिकम्**' નિયતિ કૃત છે. '**इह-अत्र**' આ લોકમાં '**एगेसिं-एकेषां**' કોઈનું' **आहियं-आख्यातम्**' કહેવું છે. ॥૨-૩॥

અન્વયાર્થ –

તે દુઃખ સ્વયંકૃત (પોતાના દ્વારા જ ઉત્પન્ન કરાયેલું) હોતું નથી, તો અન્યકૃત તો કેવી રીતે હોઇ શકે? એટલે કે જુદા જુદા જીવો જે સુખ કે દુઃખ ભોગવે છે, તે તેમના દ્વારા પણ ઉપાર્જિત હોતા નથી અને અન્યના દ્વારા પણ ઉપાર્જિત હોતા નથી. સિદ્ધિ વડે ઉત્પન્ન થનારું કે સિદ્ધિ વિના ઉત્પન્ન થનારુ સુખ અથવા દુઃખ સ્વકૃત અથવા પરકૃત નથી.

જીવો અલગ અલગ રૂપે જે સુખદુઃખનો અનુભવ કરેછે, તેખુદ તેના જ દ્વારા કે અન્યના દ્વારા ઉત્પન્ન કરાયેલ હોતુ નથી. તેમનું તે સુખદુઃખ નિયાતકૃત જ હોય છે' આ પ્રકારનું નિયતિવાદીઓનું કથન છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જીવો અલગ અલગ જે સુખ કે દુઃખ ભોગવે છે,તે નિયતિકૃત જ હોય છે; સ્વકૃત કે પરકૃત હોતું નથી"૨-૩"

ટીકાર્થ

સઘળા જીવો દ્વારા સુખ દુઃખ અથવા મરણાદિનો જે અનુભવ કરાય છે, તેસ્વયંકૃત પણ હોતો નથી, અને પુરુષકાર, કાળ, પરમેશ્વર, સ્વભાવ અથવા કર્મ દ્વારા પણ ઉત્પન્ન થયેલ હોતો નથી. એટલે કે તે કોઈના પણ દ્વારા ઉત્પન્ન કરાયેલો હોતો નથી.

પુરુષકાર એટલે પુરુષનો પ્રયત્ન. જો સુખદુઃખનું કારણ પુરૂષાર્થ જ હોય તો સેવક, ખેડુત, વેપારી, વિગેરે નો પુરૂષાર્થ સરખોજ હોવાથી તેમને પ્રાપ્ત થનારા ફળમાં પણ સમાનતા જ હોત કારણ કે તે સૌનો પુરુષકાર (પ્રયત્ન) સમાન જ છે પરન્તુ ફળમાં

સમાનતા જોવામાં આવતી નથી. સૌને એવો અનુભવ થાય છે કે પુરુષકારમાં સમાનતા હોવા છતાં પણ ફળમાં ભેદ હોય છે! તેથી એવું પુરવાર થાય છે કે પુરુષકાર દ્વારા કંઈ પણ સિદ્ધ (પ્રાપ્ત) થતું નથી. જો પુરુષકાર દ્વારા સુખાદિકની ઉત્પત્તિ થતી ન હોય, તો કયા કારણે થાય છે? આ પ્રશ્નનું સમાધાન બીજી ગાથાના ત્રીજા ચરણમા કરવામાં આવ્યું છે. તે સમાધાન આ પ્રકારનું છે

"સુખદુઃખ આદિની ઉત્પત્તિ નિયતિ દ્વારા જ થાય છે."

શંકા-- ભલે પુરુષાર્થ કાર્યનું કારણ ન હોય, પરન્તુ કાળ તો સૌનો કર્ત્તા છે, એ વાત તો સ્વીકારવી જ જોઈએ. કહ્યું પણ છે કે- " કાળ જ ભૂતોને (પદાર્થોને) પકાવે છે, કાળ જ પ્રજાનો સંહાર કરે છે, સૂતેલાં જીવોમાં પણ કાળ જાગતો રહે છે. કાળનાં સામર્થ્યનું ઉલ્લંઘન (અસ્વીકાર) કરી શકાતું નથી" ॥ ૧ ॥

વળી એવું પણ કહ્યું છે કે " કાળ જ સમસ્ત કાર્યોનો જનક છે, અને એજ જગતનો આધાર છે," ઈત્યાદિ.

વસંતમાં જ કોયલનો મધુર "કુહૂ કુહૂ" એવો ટહુકો સંભળાય છે. બીજા ઘણા કારણો મોજૂદ હોવા છતાં પણ શરદ ઋતુમાં અથવા શિશિરમાં કોયલના ટહુકા સંભળાતા નથી અન્ય સઘળાં કારણો વિદ્યમાન હોવા છતાં પણ ઘઉં આદિની ઉત્પત્તિ બીજી ઋતુઓમાં થતી નથી પણ શરદ્ ઋતુમાં જ થાય છે. તેથી એવું સિદ્ધ થાય છે કે કાળ જ સઘળાં કાર્યોનો કર્ત્તા છે.

સમાધાન-- આપનું કથન ખરું નથી. કાળ સર્વવ્યાપક અને એક છે. જો કાળ જ કર્ત્તા હોત, તો કાર્યોમાં ભેદ સંભવી શકત નહી, પરન્તુ ભેદ તો જણાય છે. તેથી કાળ કર્ત્તા નથી. કારણના ભેદને લીધે કાર્યોમાં ભેદ પડી જાય છે. જો કારણ એક જ હોય, તો કાર્યોમાં ભેદ સંભવી શકે નહીં. કહ્યું પણ છે કે - " પરસ્પર વિરોધી ધર્મોનો સદ્ભાવ હોવો તેનુ જ નામ ભેદ છે, અને કારણોમાં ભેદનું અસ્તિત્વ હોય, એને જ ભેદનું કારણ માનવામાં આવે છે." જો કાળ જ બધાં કાર્યોના એક માત્ર કારણ રૂપ હોત, તો ગ્રીષ્મ અને શિશિર આદિ કાળ ભેદને કારણે અથવા તન્તુ, કપાલ (ઠીકરાં) આદિના ભેદને લીધે કાર્યોમાં જે ભેદ દ્રષ્ટિગોચર થાય છે, તે હોવો જોઈએ નહીં. પરન્તુ ભેદ તો અવશ્ય હોય છે, તેથી કાળને કારણ માની શકાય નહીં.

"પ્રત્યક્ષ દેખાતી વાતોમાં કોઈ અસંગતતા હોતી નથી," એવો સિદ્ધાન્ત છે. તેથી કાળ દ્વારા જ કાર્ય ઉત્પન્ન થાય છે, એવું કાળવાદીઓનું કથન ખરૂં નથી.

એજ પ્રમાણે ઇશ્વરને પણ સુખ:દુખ આદિનો કર્ત્તા માની શકાય નહી. તે ઇશ્વર મૂર્ત્ત છે કે અમૂર્ત્ત છે?

ઇશ્વરને મૂર્ત્ત માની શકાય નહીં, કારણ કે જો ઇશ્વરને મૂર્ત્ત માનવામાં આવે, તો તે પણ આપણી જ જેમ દેહાદિથી યુક્ત હોવા ને કારણે સઘળા પદાર્થનો અથવા સૃષ્ટિનો કર્ત્તા હોઈ શકે નહી. આપણે દેહમાં જ સમાયેલા એટલે કે સીમિત અને મૂર્ત્ત છીએ, તેથી આપણે સઘળાં કાર્યો કરી શકતા નથી. એજ પ્રમાણે ઇશ્વર પણ જો મૂર્ત્ત અને પરિમિત હોય, તો તેને પણ સર્વ કાર્યોનો કર્ત્તા કેવી રીતે માની શકાય?

જો ઇશ્વરને અમૂર્ત્ત માનવામાં આવે, તો તેને આકાશની જેમ નિષ્ક્રિય જ માનવો

પડે જેમ નિષ્ક્રિય આકાશ કોઈ પણ કાર્ય કરતું નથી, એજ પ્રમાણે નિષ્ક્રય ઇશ્વર પણ કોઇ કાર્યનો કર્ત્તા સંભવી શકે નહી.

વળી ઇશ્વર રાગાદિથી યુક્ત છે, કે વીતરાગ છે? જો તે રાગાદિમાન્ હોય તો જેમ આપણે સઘળા કાર્યોના કર્ત્તા હોઈશકતા નથી, એમ ઇશ્વર પણ સઘળાં કાર્યોનો કર્ત્તા હોઇ શકે નહીં. જો ઇશ્વર વીતરાગ ( રાગ રહિત ) હોય, તો ઇશ્વિર દ્વારા વિવિધ કાર્યોની ઉત્પત્તિ થઇ શકે નહીં. ઇશ્વરને જો કર્ત્તા માનશો, તે તે માન્યતામાં વિષમતા અને નિર્દયતાનો પ્રસંગ ઊપસ્થિત થશે !

વળી અમારા આ પ્રશ્નનો જવાબ આપો શું ઇશ્વિર સ્વાર્થ વડે પ્રેરાઇને જગતની રચના કરે છે, કે કરુણા દ્વારા પ્રેરાઇને જગતની રચના કરવાને પ્રવૃત્ત થાય છે? પહેલા પક્ષનો સ્વીકાર કરવામાં આવે, તો " આપ્તકામ" આદિ શ્રુતિ વાકયોથી વિરૂદ્ધનું કથન લાગે છે.

આપ્તકામનો અર્થ આ પ્રમાણે છે જેણે કરવા યોગ્ય બધું કરી લીધું હોય છે. અને કંઇ પણ કરવાનું બાકી રહ્યું હોતુ નથી, એવી વ્યકિતને કૃત કૃત્ય અથવા આપ્તકામ કહે છે. કૃતકૃત્યને જગતની રચના કરીને એવું તે શું પ્રાપ્ત કરવાનું હોય છે કે તેણે જગતની રચના કરવી પડે? તેને તો કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ કરવાનું બાકી જ રહ્યું હોતું નથી. તેથી " સ્વાર્થથી પ્રેરાઇને ઇશ્વર જગતનું સર્જન કરે છે. આ પ્રકારનું કથન વૃથા જ છે.

એવું કથન પણ બારાબર નથી કે ઇશ્વર કરુણાથી પ્રેરાઇને જગતની રચના કરે છે. અન્યના દુઃખનો નાશ કરવાની ઇચ્છાનું નામ કરુણાછે. પરન્તું જીવ દુઃખી કયારે થાય છે? સૃષ્ટિની રચના થયા બાદ જ જીવો દુઃખી થાય છે. જો સૃષ્ટિનો જ અભાવ હોત તો દુઃખના કારણભૂત શરીર આદિનો જ જીવોમાં સદ્ભાવ ન હોત. એવી પરિસ્થિતિમાં દુઃખ જ કયાંથી સંભવી શકત ?

જો દુઃખનો જ અભાવ હોત, તો દુઃખને નષ્ટ કરવાની ઇચ્છા રૂપ કરુણાનોસદ્ભાવ પણ કેવી રીતે સંભવી શકત? કદાચ તમે એવી દલીલ કરો કે સૃષ્ટિની રચના કર્યા બાદ જીવોને દુઃખી જોઈને ઇશ્વરને કરુણા ઉપજી, તો આ પ્રકારના કથનમાં તો અન્યોન્યાશ્રય દોષનો પ્રસંગ ઉપસ્થિત થશે. એટલે કે પહેલાં સૃષ્ટિની રચના થઇ જાય, ત્યાર બાદ જીવોને દુખી જોઇને કરુણા ઉપજે , અને કરુણા ઉપજવાને લીધે જ સૃષ્ટિની રચના કરે ? આ બન્ને વાત કેવી વિરોધાભાસવાળી છે કહ્યું પણ છે કે" ઇશ્વિરમાં કર્તૃત્વ નથી તે કર્મનો કર્ત્તા પણ નથી

અને કર્મ અને ફળનો સંયોગ કર્ત્તા પણ નથી ॥ ૧ ॥ તેથી એ વાત સિદ્ધ થાય છે કે ઇશ્વર સુખદુઃખનો કર્ત્તા નથી કહ્યું પણ છે કે

" नाऽऽदत्ते कस्यचित्पापं " ઇત્યાદિ " ઇશ્વર કોઈના પાપ અથવા પુણ્યને ગ્રહણ કરતો નથી. જીવોનું જ્ઞાન અજ્ઞાન દ્વારા આવૃત ( આચ્છાદિત ) થઇ ગયું છે, તે કારણે જ તેઓ મૂઢ થઈ ગયા છે" ॥૧॥ આ શ્લોકમાં વપરાયેલું "અજ્ઞાન" પદ નિયતિનું ઉપલક્ષક (સૂચક) છે, તેથી એવું જ્ઞાત થાય છે કે નિયતિ જ સુખદુઃખની કર્ત્રી છે, ઇશ્વિર સુખ:દુખનો કર્ત્તા નથી સ્વભાવવાદી સ્વભાવને જ સુખદુઃખનો કર્તા માને છે. દૂધમાંથી જ દહીં બને છે, પાણીમાંથી બનતું નથી અહી સ્વભાવ સિવાય બીજું કોઈ કારણ નથી. એક જ વૃક્ષમા કાંટાઓ, પુષ્પો અને ફળની ઉત્પત્તિ પણ સ્વભાવવાદનું સમર્થન કરે છે. પરન્તુ સ્વભાવને કર્ત્તા કહેવો તે ઉચિત નથી, કારણ કે નીચેના વિકલ્પોનો ત્યાં ખુલાસો મળતો નથી.– સ્વભાવ પુરુષથી ભિન્ન છે, કે અભિન્ન છે ? જો સ્વભાવને પુરુષથી અભિન્ન માનવામાં આવે, તો સ્વભાવ પુરુષ રૂપ જ હશે, અને પુરુષ (આત્મા) સુખદુઃખનો કર્ત્તા નહીં હોવાને કારણે, સ્વભાવ પણ સુખદુઃખનો કર્ત્તા સંભવીશકશે નહીં માટે બીજો વિકલ્પ પણ સ્વીકાર્ય નથી. કર્મ પણ સુખદુઃખનું કર્ત્તા હોઈ શકે નહીં, કારણ કે કર્મનો પુરુષ સાથે અભેદ માનવામાં આવે, તો તે પણ પુરુષ રૂપ જ ગણાય.

એ વાત પહેલાં પ્રતિપાદિત થઇ ચુકી છે કે પુરુષ કર્ત્તા નથી. તેથી પુરુષથી અભિન્ન એવું કર્મ પણ સુખદુઃખનું કર્ત્તા હોઈ શકે નહી. જો કર્મને પુરુષથી ભિન્ન માનવામાં આવે તો તે સચેતન છે, કે અચેતન? સચેતન માનવામાં આવે, તો એક જ શરીરમાં બે ચેતન હોવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. એવી પ્રતીતિ કોઇને પણ થતી નથી કે એક જ શરીર અનેક ચેતનાના ભોગનો આધાર હોય. કર્મ અચેતન છે', આ બીજો વિકલ્પ પણ સ્વીકાર્ય નથી, કારણ કે જે અચેતન હોય છે, તે પાષાણ આદિની જેમ પરતંત્ર હોય છે.

તેથી તે સુખ દુઃખનું કર્ત્તા હોઇ શકે નહી. આ પ્રકારે એ વાત સિદ્ધ થઈ જાય છે કે સુખ દુઃખ આદિનું કર્તા કર્મ નથી, પણ નિયતિ જ છે. એટલે કે સુખ અનેદુઃખની ઉત્પત્તિ જીવ આદિ દ્વારા થતી નથી, પરન્તુ નિયતિ દ્વારા જ સુખ અને દુઃખની ઉત્પત્તિ કરાય છે આ સુખ અને દુઃખ બે પ્રકારના હોય છે-(૧) સૈદ્ધિક અને(૨) અસૈદ્ધિક માલા, ચન્દન આદિ ઉપભોગ રૂપ સિદ્ધિના દ્વારા ઉત્પન્ન થનારા વૈષયિક સુખને સૈદ્ધિક સુખ કહેવાય છે. અને ફટકાના માર આદિ દ્વારા જનિત દુઃખને સૈદ્ધિક દુઃખ કહેવાય છે. બાહ્ય નિમિત્તવિના જે સુખ ઉત્પન્ન થાય છે, તેને અસૈદ્ધિક સુખ કહેવાય છે. તથા માથાનો દુખાવો,જવર, આદિ વડે ઉત્પન્ન થનાર દુઃખને અસૈદ્ધિક દુઃખ કહે છે. અને બન્ને પ્રકારના સુખ દુઃખ પુરુષકાર, જીવ અથવા કાળ દ્વારા ઉત્પન્ન થતા નથી. તેનુ જીવ અલગ અલગ રૂપે વેદન કરે છે. જો પુરુષકાર આદિ દ્વારા ઉત્પન્ન થયેલા સુખદુઃખ આદિનું વેદન જીવો ન કરતા હોય, તો કયા કારણે ઉત્પન્ન થયેલા સુખદુઃખાદિનું વેદન જીવો કરે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સુખદુઃખાદિ સાંગતિક એટલેકે નિયતિકૃત છે. કારણ કે પુરુષકાર, કાળ આદિ દ્વારા સુખદુઃખ ઉત્પન્ન થતાં

નથી, તેથી એવું સ્વીકારવું પડશે કે પ્રાણીઓને સુખદુઃખનો જે અનુભવ થાયછે, તે સુખદુઃખ નિયતિકૃત જ હોય છે. તે નિયતિકૃત સુખદુઃખને સાંગતિક સુખદુઃખ પણ કહે છે. સુખદુઃખના અનુભવના વિષયમાં કેટલાક મતવાદીઓની ઉપર્યુક્ત માન્યતા છે. તે લોકો સુખદુઃખને નિયતિકૃત જ માને છે. કહ્યું પણ છે કે-**प्राप्तव्यो नियतिबलाश्रयेण**" ઈત્યાદિ-

નિયતિ દ્વારા જીવોને જે શુભ અથવા અશુભ અર્થની પ્રાપ્તિ થવાની હોય છે તે અવશ્ય થાય છે, જ જીવ ગમે તેટલો પ્રયત્ન કરે પણ જે થવાનું નથી તે થતું જ નથી, અને જે થવાનું છે તેને રોકી શકાતું નથી કે નષ્ટ કરી શકાતુ નથી"

"જે થવાનું નથી તે થશે જ નહીં અને જે બનવાનુ છે તે બનશે જ-બનવાનું છે તેને રોકી નહી શકાય", આ ચિન્તા રૂપી વિષને નષ્ટ કરનારી ઔષધિ શા માટે ન અપાય?

પહેલાશ્લોકનો અર્થ એ છે કે પ્રાપ્તવ્ય અથવા(પદાર્થ)ની પ્રાપ્તિ અવશ્ય થાય છે તેને ફેરવી શકવાને કોઇ સમર્થ નથી.

મનુષ્ય લાખ પ્રયત્ન કરે તો પણ જે બનવાનું છે તેને બનતું રોકી શકાતું નથી.

બીજાશ્લોકનો ભાવાર્થ એ છે કે "જે બનવાનુ છે, તે અવશ્ય બન્યા જ કરે છે." આ વાતનો સ્વીકાર કરવાથી આપણી સમસ્ત ચિન્તાઓ દૂર થઈ જાય છે. તો સમસ્ત ચિન્તાઓ ને દૂર કરનારી આ ઔષધિનું પાન શા માટે ન કરવું? ॥૨-૩॥

બીજી અને ત્રીજી ગાથાઓ દ્વારાનિયતિવાદીઓનો મત પ્રદર્શિત કરવામાં આવ્યો. હવે સૂત્રકાર નિયતિવાદીઓના મતનું ખંડન કરેછે. -**एवमेयाणि**" ઈત્યાદિ-

શબ્દાર્થ—'**एवं-एवम्**' આ પ્રમાણે '**एयाणि-एतानि**' આ વચનો ને-કથન ને '**जंपंता-जल्पन्तः**' કહેનારા નિયતિ વાદીયો **बाला-बालाः** અજ્ઞાની છે. '**पंडियमाणिणो-पंडितमानिनः**' પોતાને પંડિત માનનારા એવા તે નિયતિવાદિયો '**संतं-सत**' વિદ્યમાન '**निययानियं-नियतानियतम्**' સુખ દુઃખને નિયત અને અનિયત '**अयाणंता-अजानन्तः**' નહીં જાણનારા અને તેથી '**अबुद्धिया-अबुद्धिकाः**' બુદ્ધિ વિનાનાજ છે. અર્થાત્ તેઓ સમ્યક્ બોધ ને જાણતા નથી. ॥૪॥

અન્વયાર્થ-

આ પ્રકારનું પ્રતિપાદન કરનારા નિયતિવાદિઓ અજ્ઞાની છે. છતાં પણ તેઓ પોતાને પંડિત માને છે. સુખદુઃખની નિયતતા અને અનિયતતાને તેઓ જાણતા નથી, કારણ કે તેઓ સમ્યગ્ જ્ઞાનથી રહિતછે. આ કથનનો ભાવાર્થ એ છે કે પૂર્વોક્ત પ્રકારે નિયતિવાદનું સમર્થન કરનારા તે નિયતિવાદીઓ અજ્ઞાની છે, છતાંપણ તેઓ પોતાની જાતને પંડિતમાને છે. તેઓ સુખ અને દુઃખની નિયતાનિયતતાને સમજતા નથી, તેથી તેઓ બુદ્ધિહીન છે. ॥૪॥

—ટીકા—

આ પ્રકારે નિયતિવાદનું અવલંબન લઈને ઉપર્યુક્ત વચનોનું પ્રતિપાદન કરનારા લોકો સત્–અસત્‌ના વિવેકથી વિહીન હોવાને કારણે અજ્ઞાની જ છે. છતાં પણ તેઓ એમ માને છે કે પોતે પંડિત છે. સુખ અને દુઃખની નિયતતા અને અનિયતતાને નહીં જાણનાર તે મતવાદીઓ બુદ્ધિહીન છે. હવે સ્યાદ્વાદનો આશ્રય લઈને તેમના મતનું ખંડન કરવામાં આવે છે.

સ્યાદ્વાદ મત અનુસાર તો કોઇ કોઇ સુખદુઃખ નિયતિકૃત–નિયતિદ્વારા સંપાદિત હોય છે, અને કોઇ કોઇ સુખદુઃખ અનિયતિકૃત પણ હોય છે, એટલે કે નિયતિથી ભિન્ન પુરુષકાર, કાળ અને કર્મ આદિ દ્વારા સંપાદિત હોય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે સુખદુઃખનું કારણ એકલી નિયતિજ નથી, પરન્તુ નિયતિ, કાળ, સ્વભાવ આદિ બધા સુખદુઃખનાં કારણ રૂપ છે. આ પ્રકારની પરિસ્થિતિ હોવા છતાં એકલી નિયતિને જ સુખદુઃખના કારણભૂત માનવી તે અજ્ઞાનનું જ ફળ છે. આચાર્ય સિદ્ધસેને સમ્મતિ તર્કમાં કહ્યું છે કે

"**કાલો સહાવનિયઈ**" ઇત્યાદિ–

કાળ, સ્વભાવ, નિયતિ અદૃષ્ટ અને પુરૂષકાર રૂપ કારણોના વિષયમાં જે એકાન્તવાદ છે, તે મિથ્યા છે એજ વાત પરસ્પર સાપેક્ષ (એક બીજાની અપેક્ષા રાખનારી) હોવા છતાં પણ જેઓ સુખદુઃખ આદિને એકાન્તતઃ (સંપૂર્ણ રૂપે) નિયતિ કૃત માને છે, તેઓ તેમના વાસ્તવિક કારણને જાણતા નથી." આ કથનનું તાત્પર્ય એ છે કે કોઇ કોઇ સુખાદિ નિયતિકૃત હોય છે એટલે કે અવશ્યંભાવી કર્મોદય દ્વારા ઉત્પન્ન થાય છે, તે કારણે તેમણે "નિયત" કહેવાય છે. અને કોઈ કોઇ સુખાદિ અનિયતિ કૃત હોય છે એટલે કે પુરૂષકાર આદિની પ્રધાનતાને કારણે પણ ઊત્પન્ન થાય છે. ક્રિયા દ્વારા ફલની પ્રાપ્તિ થાય છે અને ક્રિયા પુરૂષાર્થ દ્વારા સાધ્ય હોય છે. કારણ કે પુરુષના વ્યાપાર (પ્રવૃતિ અથવા પ્રયત્ન) વિના ક્રિયા થતી નથી. કહ્યું છે કે "**નદૈવમિતિ સંચિન્ત્ય**" ઈત્યાદિ

"ભાગ્યમાં હશે એજ બનશે, એવો વિચાર કરીને પોતાના પુરુષાર્થનો(ઉદ્યોગનો) ત્યાગ કરવો જોઇએ નહી, કારણ કે પુરૂષાર્થ કર્યા વિના તો તલમાંથી તેલ પણ મેળવી શકાતું નથી"

આપ્રકારથી સ્યાદ્વાદના અનુયાયિઓ એવું માને છે કે—સુખાદિક અમુક અપેક્ષાએ નિયતિકૃત છે, અને અમુક દ્રષ્ટિએ પુરૂષાર્થ આદિદ્વારા કૃત છે. તેઓ સુખદુઃખાદિને એકાન્તતઃ નિયતિકૃત પણ માનતા નથી અને એકાન્તતઃ પુરુષકાર આદિ દ્વારાકૃત પણ માનતા નથી.

આપે કહ્યું કે પુરુષાર્થ સમાન હોવા છતાં પણ ફળમાં વિચિત્રતા (વિભિન્નતા) જોવામાં. આવે છે, તો એમાં કોઇ દોષ નથી. એવાં સ્થળોમાં પણ પુરુષાર્થની વિચિત્રતાને લીધે ફળમાં પણ વિચિત્રતા (ભિન્નતા સંભવી શકે છે. અને જ્યાં પુરુષાર્થમાં ભિન્નતા ન હોય પુરુષાર્થમાં સમાનતા હોય, ત્યાં પણ ફળમાં જો ભિન્નતાં જણાય તો ત્યાં અદૃષ્ટ ( કર્મ ) માં ભિન્નતા સમજવી જોઈએ. અમે અદૃષ્ટને પણ સુખદુઃખની પ્રાપ્તિના કારણ રૂપ સ્વીકારીએ છીએ. એજ પ્રમાણે કાળ પણ સુખદુઃખનો જનક હોઇ શકે છે. કાળને જો કારણભૂત ન માનવામાં આવે, તો બકુલ, ચંપક, અને આમ્રવૃક્ષ આદિમાં કાલકૃત વિચિત્રતા ઘટી શકે નહી, વસંત ઋતુમાં કોયલના મધુર ટહુકા પણ સંભવી શકે નહીં.

તેથી કાળનો પણ હેતુ (કારણ) રૂપે સ્વીકાર થવો જોઈએ. હા, એકાન્તતઃ કાળ જ કારણ રૂપ છે. એમ કહી શકાય નહીં, પરન્તુ કાળ પણ કારણ રૂપ છે, એમ કહેવું જોઈએ. આ પ્રમાણે સ્વીકારવાથી "કાળ એક રૂપ છે" તેના દ્વારા ફળની વિચિત્રતા સંભવી શકતી નથી," આ કથનનું પણ ખંડન થઈ જાય છે, કારણ કે ફળની ઉત્પત્તિમાં એકલા કાળને જ કારણભૂત માન્યો નથી.

એ જ પ્રમાણે સ્વભાવને પણ એકાન્તતઃ કર્ત્તા માનવાને બદલે અમુક અપેક્ષાએ કર્ત્તા માનવો જોઈએ. જીવનું લક્ષણ ઉપયોગ, પુદ્ગલોનું મૂર્ત્તત્વ રૂપ લક્ષણ, ધર્મદ્રવ્યનું ગતિસહાયકત્વ રૂપ લક્ષણ, અને અધર્મદ્રવ્યનું સ્થિતિસહાયકત્વ રૂપ લક્ષણ આદિ લક્ષણો સ્વભાવકૃત જ હોય છે.

એજ પ્રમાણે કર્મ પણ સુખદુઃખનું કારણ છે. કર્મપુદ્ગલો આત્મપ્રદેશોની સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થઈને રહેલાં છે, તેથી તેઓ આત્માથી કથંચિત્ (અમુક અપેક્ષાએ) અભિન્ન છે. કર્મના પ્રભાવથી જ જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ-ઓમાં પર્યટન કરતો થકો સુખદુઃખાદિનો અનુભવ કરે છે.

આ પ્રકારે નિયતિ પણ કારણભૂત છે, અને નિયતિ સિવાયના પુરુષકાર આદિ પણ કારણભૂત છે, આ વાત સિદ્ધ થઈ જવાથી એકાન્ત રૂપે નિયતિને જ કારણભૂત અને પુરુષકાર આદિને અકારણભૂત કહેનારા નિયતિવાદીઓ બુદ્ધિહીન છે. તેઓ સત્ – અસત્‌ના વિવેકથી રહિત હોવાને કારણે અજ્ઞાની છે. ॥ ૪.

"એકાન્તતઃ નિયતિ જ બધું કરે છે," આ પ્રકારના નિયતિવાદીઓના મતનું યુક્તિઓ દ્વારા નિરાકરણ કરીને, હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે તેમના (નિયતિવાદીઓના) દુઃખનો વિનાશ થઈ શકતો નથી. **'एवमेगे'** ઇત્યાદિ

## નિયત્યાદિ અન્યમતવાદિયોં કી મોક્ષપ્રાપ્તિ કા અભાવ કા કથન

શબ્દાર્થ—**'एवं-एवम्'** આ પ્રમાણે **'एगे-एके'** કોઈ નિયતી વાદી **'पासत्था-पार्श्वस्थाः'** પાર્શ્વસ્થ કહેવાય છે. **'ते-ते'** તેઓ **'भुज्जो-भूयः'** વારંવાર **'विप्पगब्भिया--विप्रगल्भिताः'** નિયતિને કર્તા કહેવાની ધૃષ્ટતા કરે છે. **'एवं-एवम्'** આ રીતે **'उवट्ठिया संता-उपस्थिताः सन्तः'** નિયતિસ્વાદમાં ઉપસ્થિત થઈને પણ **'ते-ते'** તેઓ **'न दुक्खविमोक्खिया-न दुःखविमोक्षकाः'** જન્મ મરણ રૂપી દુઃખથી છૂટવાને શકિત માન થતા નથી ॥૫॥

અન્વયાર્થ

આ પ્રકારે કોઈ કોઈ નિયતિવાદી "પાસત્થ" છે. 'પાસત્થ' શબ્દના બે સંસ્કૃત રૂપ થાય છે. (૧) પાર્શ્વસ્થ અને (૨) પાશસ્થ. પાર્શ્વસ્થ મોક્ષમાર્ગની બહાર રહેલાને પાર્શ્વસ્થ કહે છે અને 'પાશસ્થ' એટલે કર્મબન્ધનો વડે બંધાયેલા. તેઓ વારંવાર ધૃષ્ટતા કરે છે. તેમની ધૃષ્ટતા એ છે કે તેઓ નિયતિવાદમાં માનતા હોવા છતાં પણ દાન, પુણ્ય આદિ ક્રિયાઓમાં પ્રવૃત્ત રહે છે. આ પ્રકારના તે નિયતિવાદીઓ દુઃખમાંથી મુકત થઈ શકતા નથી, કારણ કે તેઓ અજ્ઞાની છે.

–ટીકાર્થ–

ગાથામાં પહેલાં વપરાયેલું "**एव**" આ પદ પહેલાં પ્રદર્શિત કરેલા સિદ્ધાન્તનું સૂચક છે. "**एवो उ**" અહીં "**तु**" પદ અવધારણ અર્થે પ્રયુક્ત થયું છે. એટલે કે સઘળા પદાર્થો નિયત અનિયત રૂપ હોવા છતાં પણ કાળ, કર્મ આદિનો નિષેધ કરીને એકલી નિયતિને જ તે નિયતિવાદીઓ કારણ માને છે. તેઓ કેવાં છે ? આ પ્રશ્નનો જવાબ આપતાં સૂત્રકાર કહે છે કે તેઓ પાર્શ્વસ્થ છે એટલે કે મુક્તિના માર્ગ પર સ્થિત નથી પણ મુક્તિના માર્ગની બહાર સ્થિત છે, અથવા પરલોક સંબંધી ક્રિયાથી બહાર (રહિત) છે. તેમના મતાનુસાર તો નિયતિ જ બધું કરનારી છે, તે કારણે પરલોક સાધક ક્રિયા વ્યર્થ જ બની જાય છે. તેઓ પાર્શ્વસ્થ (ક્રિયામાર્ગની બહાર) જ રહે છે. એટલે કે સત્ ક્રિયા (કરવા યોગ્ય ક્રિયા) કરતા નથી.

અથવા તેઓ પાશસ્થ (બન્ધનો વડે બંધાયેલા) છે. જેવી રીતે મૃગ આદિને ફસાવનારી જાળને 'પાશ' કહે છે, એજ પ્રમાણે પાશ સમાન કર્મોને અહીં 'પાશ' (બન્ધન) કહેવામાં આવેલ છે. જેમ મૃગાદિ પશુઓ જાળમાં બંધાયા પછી મુક્ત થઇ શકતા નથી; તેમ આ નિયતિવાદીઓ પણ કર્મના બન્ધને તોડીને મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. આ નિયતિવાદીઓને પાશસ્થ કહેવાનું કારણ એ છે કે તેઓ કર્મબન્ધ વડે જકડાયેલા છે. એટલે કે યુક્તિથી રહિત માત્ર નિયતિને જ સુખદુઃખનું કારણ માનીને તેઓ સર્વદા કર્મબન્ધથી જકડાયેલા જ રહે છે. તે કર્મોનો ક્ષય કરીને તેઓ કદી મુક્તિ પામી શકતા નથી. એજ પ્રમાણે અન્ય એકાન્તવાદીઓ કે જેઓ કાળ અથવા કર્મ આદિને એકાન્ત રૂપે સુખદુઃખનુ કારણ માને છે, તેઓ પણ પાર્શ્વસ્થ અથવા પાશસ્થ જ છે, એમ કહી શકાય.

નિયતિવાદિઓ એકાન્ત રૂપે નિયતિને જ સુખદુઃખનું કારણ માનવા છતાં પણ એવી ધૃષ્ટતા કરે છે કે તેઓ દાન, પુણ્ય આદિ ક્રિયાઓમાં પણ પ્રવૃત્તિ કરે છે. એક તરફ નિયતિને જ કારણરૂપ માનવી અને બીજી તરફ દાન, પુણ્ય આદિ ક્રિયાઓ કરવી, તે નરી ધૃષ્ટતા જ છે. આ પ્રકારે નિયતિવાદને સ્વીકારનારા તે લોકો પોતાના આત્માને દુઃખમાંથી મુક્ત કરી શકતા નથી,

કારણ કે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યા વિનાની તેમની તે ક્રિયાઓ નિરર્થક જ બની જાય છે. સમ્યગ્જ્ઞાનથી રહિત ક્રિયા હાથીના સ્નાનના જેવી નિરર્થક હોય છે. એવી ક્રિયાઓ ફલપ્રદ નીવડતી નથી ॥ ૫ ॥

॥ નિયતિવાદનું નિરાકરણ સમાપ્ત ॥

હવે સૂત્રકાર દૃષ્ટાન્ત દ્વારા અજ્ઞાનવાદીઓના મતનું ખંડન કરે છે–" **जविणो**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**जहा-यथा**' જે રીતે '**परित्ताणेण-परित्राणेन**' રક્ષક '**वज्जिया-वर्जिताः**' વિનાના '**जाविणो-जविनः**' વેગવાળા '**मिगा-मृगाः**' હરણો '**असंकियाइं-अशङ्कितानि**' શંકા વિનાના સ્થાનોમાં પણ '**संकंति-शङ्कते**' શંકા રાખે છે. તથા '**संकियाइं-शङ्कितानि**' શંકા કરવા યોગ્ય સ્થાનોમાં '**असंकिणो-अशङ्किनः**' શંકા વિનાના રહે છે. '**परिताणियाणि-परित्राणिकानि**' રક્ષક વાળા સ્થાન ને '**संकंता-शङ्कमानाः**' શંકાસ્પદ માને છે. અને **पासिताणि-पाशितानि**' પાશવાળા સ્થાન માં '**असंकिणो-अशङ्किनः**' શંકા વિનાના માનીને '**अण्णाणभयसंविग्गा-अज्ञानभयसंविग्नाः**' અજ્ઞાન અને ભય થી ઉદ્વેગવાળા એવા તે મૃગો '**तहिं तहिं तत्र-तत्र**' તે તે પાશવાળા સ્થાનોમાં જ '**संपलिंति-संपर्यन्ते**' ફસાઇ જાય છે. ॥૬--૭॥

– અન્વયાર્થ –

જેમ કે – ત્રાણ રહિત (નિરાધાર), અહીં નહી અતિ વેગથી દોડતું મૃગ શંકા ન કરવા જેવાં સ્થળોમાં શંકા સેવે છે, અને જે સ્થાનો શંકા કરવાને યોગ્ય છે અની પ્રત્યે નિઃશંક રહે છે. રક્ષાના સ્થાનોને શંકાસ્પદ સમજે છે અને બન્ધનનાં સ્થાનોને શંકા રહિત સમજે છે અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલા ભયને કારણે તેઓ ગભરાટથી યુક્ત થઈ ને બન્ધનયુક્ત સ્થાનમાં જ જઇ પડે છે– ફસાઇ જાય છે. ॥ ૬-૭ ॥

– ટીકાર્થ –

આ બન્ને ગાથાનો અર્થ સરળ છે. છતાં અહીં તેનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવે છે, રક્ષાવિહીન અને વેગવાન્ મૃગ જ્યાં શંકા ન કરવી જોઇએ ત્યાં શંકા કરે છે, અને જ્યાં શંકા કરવી જોઇએ જે શંકાનાં સ્થાનો છે- ત્યાં નિઃશંક રહે છે. તે ભયાકુળ થઇને રક્ષાના સ્થાનને સમજી શકતું નથી, તેથી રક્ષાનાં સાચાં સ્થાનો પ્રત્યે તે શંકાની નજરે જોવે છે અને બન્ધનનાં સ્થાનો પ્રત્યે નિઃશંક દૃષ્ટિથી જોવે છે. અજ્ઞાન જનિત ભય અથવા અજ્ઞાન અને ભયને કારણે તેનું ચિત્ત ઉદ્વિગ્ન રહે છે. તેનું પરિણામ એ આવે છે કે રક્ષાનાં સ્થાનમાં જવાને

બદલે તે બન્ધનના સ્થાનમાં જઈ ને ફસાઇજાય છે. એજ પ્રમાણે અન્ય દર્શનના અનુયાયીઓ રક્ષણના સ્થાન રૂપ સ્યાદ્વાદ સ્થાન પ્રત્યે શંકાયુકત થઇને તેનો પરિત્યાગ કરે છે, અને અનર્થ કારી એકાંતવાદ પ્રત્યે નિઃશંક ભાવથી જોવે છે તેથી તેઓ તેમનો આશ્રય લે છે તેનું પરિણામ એ આવે છે કે તેમને ભયાકુલ સંસારમાં જ જકડાવું પડે છે. તેઓ સંસારમાં જ અથડાયા કરે છે, તેમને ત્રણ સ્થાન રૂપ મોક્ષની કદી પ્રાપ્તિ થતી નથી. આ દૃષ્ટાન્તનું તાત્પર્ય એ છે કે જે વસ્તુ જેવી નથી,એવી તેને સમજવી–વસ્તુના યથાર્થ સ્વરૂપને નહીં જાણવું પણ તેનાથી વિપરીત સ્વરૂપને જ યથાર્થ સ્વરૂપ માનવું તેનું નામ જ મિથ્યાજ્ઞાન છે સમ્યગ્ જ્ઞાન નીપ્રાપ્તિ કર્યા વિના મિથ્યાજ્ઞાનનો જ આશ્રય લેનાર માણસ કર્તવ્ય અને અકર્તવ્યનો ભેદ સમજવાને અસમર્થ હોય છે અને તે કારણે અનર્થોને પ્રાપ્ત કરે છે એવા અજ્ઞાની લોકો એકાન્તવાદી મિથ્યાશાસ્ત્રોનું અધ્યયન કરીને અબુધ જ રહે છે. તેઓ સત્ય માર્ગની (મોક્ષ માર્ગની) પ્રરૂપણા કરનારા અનેકાન્ત શાસ્ત્રોનો પરિત્યાગ કરીને મોક્ષમાર્ગને અજનક એવાં પોતાનાં જ શાસ્ત્રોને મોક્ષજનક માનીને, તે શાસ્ત્રોના ઉપદેશ અનુસાર આચરણ કરીને અનર્થોથી ભરેલા આ સંસારમાં ,પરિભ્રમણ કર્યા કરે છે. તે કારણે તેઓ સંસારના ભયમાંથી કદી છૂટી શકતાનથી. મિથ્યાજ્ઞાનને પરિણામે જ તેમની એવી દશા થાય છે. ॥૬–૭॥
સૂત્રકાર પૂર્વોકત ઉદાહરણનું વધુ સ્પષ્ટીકરણ કરે છે. "**अहे त**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**अह–अथ**' ઉપર કહ્યા પ્રમાણે જાળમાં ફસાયા પછી '**तं बज्झं–तं बन्ध**' એ બંધન ને '**पवेज्ज–प्लवेत**' ઓળંગે '**वा–वा**' અથવા '**वज्झस्स–वध्यस्य**' બંધનની '**अहे–अधः**' નીચેથી '**वए–व्रजेत**' નીકળી જાય તો '**पयपासाओ–पदपाशात्**' પગના બંધનથી '**मुच्चेज्ज–मुच्येत**' છૂટી શકે છે '**तु–तु**' પરંતુ '**तं–तत्**' તેને '**मंदे–मदः**' મંદ બુદ્ધિ વાળે । એવો તે મૃગ '**ण देहए–न पश्यति**' દેખી શકતો નથી. ॥૮॥

–:અન્વયાર્થ:–

કદાચ તે મૃગ તે બન્ધનના સ્થાનને (જાળને) ઉલ્લંઘી જાય અથવા તે જાળની નીચેથી નીકળી જાય, તો, પગના બન્ધનમાં થી બચી જાય. પરન્તુ તે અજ્ઞાની મૃગને એવી સમજણ જ હોતી નથી. ॥૮॥

–ટીકાર્થ–

ઉપર્યુકત કથનનો ભવાર્થએછેકે–જો તે મૃગ કૂદીને બન્ધન (જાળ) માંથી બહાર નીકળી જાય,તો તેના પગ બન્ધનમા ફસાતાં બચી જાય છે. પરન્તુ તે જ્ઞાનરહિત અજ્ઞાની મૃગ તે વાતને સમજતું નથી. તેકારણે તે બન્ધમાંથી મુકત થઈ શકતું નથી. તાત્પર્ય એ છે કે બન્ધનના રૂપમાં રહેલા પાશ આદિમાંથી યુકિત પૂર્વક બહાર નીકળી જાય, તો પાશજનિત મૃત્યુ આદિ પીડા માંથી ઉગરી જાય છે. પરન્તુ તે એવું કરતુ નથી

ઉલટ તે ગભરાટને કારણે એવું વિપરીત વર્તન કરે છે કે તેનું બન્ધન વધારેને વધારે પ્રગાઢ બનતું જાય છે. તે કારણે તે તેમાંથી મુક્ત થઇ શકતું નથી, પરન્તુ તેમાં જ પડયું રહે છે અને આખરે મોતને ભેટે છે. ॥૮॥

## પાશમેં બંધેહુએ મૃગકી અવસ્થાકા નિરૂપણ

કૂટ પાશને ન જાણનારૂં મૃગ કેવી દશાનો અનુભવ કરે છે, તે સૂત્રકાર હવે પ્રકટ કરે છે "**अहिं अप्पा** ઇત્યાદિ

શબ્દાર્થ—'**अहिअप्पा अहितात्मा**' આત્મહિતને ન જાણનારા '**अहियपण्णाणे-अहितप्रज्ञानः**' સમ્યક્ જ્ઞાન વિનાના '**विसमंतेणुवागए-विषमान्तेनोपागतः**' કૂટ પાશાદિથી યુક્ત વિષય પ્રદેશમાં પ્રાપ્ત થઈને **त'स-सः**' તે મૃગ '**पयपासेणं-पादपाशेन**' પદ બંધન થી '**बध्धे बद्धः**' બદ્ધ થઇને '**तत्थ--तत्र**' એ કૂટ પાશમાં જ '**घायं घातम्**' વિનાશ ને '**नियच्छइ-नियच्छति**' પ્રાપ્ત થાય છે. અર્થાત્ મરણ પર્યન્ત ત્યાંથી છૂટી શકતા નથી॥૯॥

– અન્વયાર્થ –

પોતાના હિતને નહીં સમજનારૂં તથા પોતાનું જ અહિતકરાવનારી બુદ્ધિવાળું એટલે કે સમ્યગ્જ્ઞાનથી રહિત એવું તે મૃગ વિષમ પ્રદેશમાં ( કૂટપાશમાં - જાળમાં ) આવી પડીને તેમાં બંધાઇ, ફસાઇ જાય છે. તેમાંથી તે નીકળી શકતું નથી, તે કારણે તેને માટે મરણને ભેટવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ॥ ૯॥

– ટીકાર્થ –

તે મૃગ એટલું પણ જાણતું નથી કે પોતાનું હિત શેમાં છે? આવા અહિતકર (પોતાનું જ અકલ્યાણ કરનારા ) જ્ઞાનવાળું તે મૃગ જાળને જ હિતકારી સમજીને તેમાં જઇ પડે છે. તે બિચારું અજ્ઞાની મૃગ તે જાળના પાશમાં એવું તો સપડાઈ જાય છે કે તેમાંથી મુક્ત થઇ શકતું નથી આ પ્રકારે જાળમાં બન્ધન દશાયુકત બનેલું તે મૃગ આખરે મૃત્યુ પામે છે. ॥ ૯ ॥

## અસમ્યક જ્ઞાન કે ફલપ્રાપ્તિકા નિરૂપણ

પૂર્વોક્ત ત્રણ ગાથામાં દૃષ્ટાન્ત પ્રકટ કરવામાં આવ્યું. હવે સૂત્રકાર દાર્ષ્ટાન્તિકમાં પણ મિથ્યાજ્ઞાનનું ફળ બતાવે છે. "**एवं तु समणा**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**एवं तु-एवं तु**' એ જ પ્રમાણે '**एगे-एके**' કોઇ' **मिच्छदिट्ठी-मिथ्यादृष्टयः**' મિથ્યાદૃષ્ટિવાળા '**अणारिया-अनार्याः**' અનાર્ય '**समणा-श्रमणाः**' શ્રમણ '**असंकियाइं--अशङ्कितानि**' શંકા વિનાના એવા અનુષ્ઠાનોમાં '**संकंति--शङ्कन्ते**' શંકા કરે છે. તથા '**संकियाइं--शङ्कितानि**' શંકા કરવા જેવા અનુષ્ઠાનોમાં '**असंकिणो-अशङ्किनः**' શંકા કરતા નથી ॥૧૦॥

– અન્વયાર્થ

એજ પ્રમાણે મિથ્યાદષ્ટિ અનાર્યો હેય કાર્યોમાં આસકત સાધુ વેષધારી શાકયાદિ શ્રમણો-પણ મોક્ષ પ્રાપ્ત કરાવનારા અસંદિગ્ધ અનુષ્ઠાનો પ્રત્યે શંકિત રહે છે, અને શંકા કરવા યોગ્ય અનુષ્ઠાનો પ્રત્યે નિઃ શંક રહે છે.આ કથનનું તાત્પર્ય એ છે કે મિથ્યાદષ્ટિ જીવો (માણસો) જે અનુષ્ઠાનો કરવા યોગ્ય છે, તે અનુષ્ઠાનો પ્રત્યે શંકા ભાવ રાખીને એવાં અનુષ્ઠાનોનું સેવન કરતા નથી, પરન્તુ જે અનુષ્ઠાનો પ્રત્યે શંકાભાવ રાખવા જેવો હોય છે. એજ અનુષ્ઠાનોનું આચરણ કરવામાં પ્રવૃત્ત થતા હોય છે, ॥૧૦॥

– ટીકાર્થ –

"એવંતુ" અહીં "તુ" પદ અવધારણના અર્થમાં પ્રયુકત થયું છે જેવી રીતે અજ્ઞાનથી ઘેરાયેલું મૃગ અનેક આફતોને નોતરે છે, એજ પ્રમાણે કોઇ કોઇ સાધુવેષધારી, પાખંડી, મિથ્યાદષ્ટિવાળા, અને અનાર્ય શ્રમણો પણ વારંવાર અનર્થકારી દશાની પ્રાપ્તિ કહે છે;

તે લોકોમાં સમ્યગ્ જ્ઞાનનો અભાવ હોવાથી તેમને મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. જે લોકો સમસ્ત ત્યાજય કર્મોથી દૂર રહે છે, તેમને આર્ય કહે છે. પરન્તુ અજ્ઞાન રૂપ અંધકારમાં ડૂબેલાં, અને શાસ્ત્રોમાં જેનો નિષેધ કરવામાં આવ્યો હોય તેવાં કાર્યો કરનારા લોકોને અનાર્ય કહે છે. તેઓ કેવા અજ્ઞાનાન્ધકારમાં ડૂબેલા છે, તે સૂત્રકાર પોતે જ હવે પ્રકટ કરે છે –તેઓ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો પ્રત્યે શંકાની નજરે જુવે છે. સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોમાં શંકા રાખવા જેવુ કશું નથી, છતાં પણ તે શાસ્ત્રોમાં પ્રતિપાદિત સમ્યગ્જ્ઞાન આદિપ્રત્યે તેઓ શંકા ભાવ સેવે છે. જે શાસ્ત્રો પ્રત્યે શંકાભાવ રાખવા જેવો છે. તે શાસ્ત્રો પ્રત્યે શંકાભાવ રાખવાને બદલે શ્રદ્ધાભાવ રાખે છે. એટલે કે એકાંતવાદ દ્વારા પ્રતિપાદિત અનુષ્ઠાન પ્રત્યે શંકા-રાખવાને બદલે શ્રદ્ધા રાખે છે. જેમ છીપ આદિને રજત (ચાંદી) માનવી, તેને યથાર્થ જ્ઞાન કહી શકાય નહીં, એજ પ્રમાણે જે શંકનીય છે તેવા પ્રત્યે નિઃશંકભાવ રાખવો અને જે શંકનીય નથી તેના પ્રત્યે શંકાભાવ રખવો, તેને સમ્યકજ્ઞાન કહી શકાય નહીં તેને મિથ્યાજ્ઞાન જ કહેવાય. એ પ્રકારેનાં મિથ્યાજ્ઞાનને પરિણામે કોઈ કોઈ શ્રમણ આદિ, વિપરીત ભાવસંપન્ન પૂર્વોકત મૃગની જેમ, વારં વાર આ સંસારમા પરિભ્રમણ કરવારૂપઅનર્થને પ્રાપ્ત કરે છે સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્ર પ્રત્યે અવિશ્વાસ અને મિથ્યાશાસ્ત્રો પ્રત્યે વિશ્વાસ રાખવાનું એવુ જ ફળ મળે છે. ॥૧૦॥

## શંકિતધર્મ ઔર અશંકિત ધર્મ કી ભિન્નતા કા કથન

હવે સૂત્રકાર શંકિતધર્મ અને અશંકિત ધર્મનો ભેદ સમજાવે છે 'धम्म ઇત્યાદિ

શબ્દાર્થ–'जा सा-या सा' જે એ 'धम्मपण्णवणा--धर्मप्रज्ञापना' ધર્મની પ્રજ્ઞાપના યાને પ્રરૂપણા 'तं तु--तां तु' તેમાંતો 'संकंति--शङ्कन्ते' શંકા કરે છે. 'मूढगा--मूढकाः' અત્યંત મૂર્ખ 'अवियत्ता--अव्यक्ताः' વિવેક વિનાના 'अकोविया-अकोविदाः' સચ્છાસ્ત્ર ના જ્ઞાન-વિનાના 'आरंभारम्भान्इ--अ' આરંભમાં 'न संकंति--न शङ्कन्ते' શંકા કરતા નથી ॥૧૧॥

અન્વયાર્થ–જે આ ધર્મપ્રજ્ઞાપના છે, એટલેકે ક્ષમા આદિ દસ પ્રકારના ધર્મોની પ્રરૂપણા છે' તેને તેઓ અસદ્ધર્મની પ્રરૂપણાનીદૃષ્ટિએ દેખે છે. તેમાં અધર્મની આશંકા કરે છે. એવું કોણ કરે છે? તેનો જવાબ આ પ્રમાણે છે–જેઓ અત્યન્ત મૂઢ(અજ્ઞાની) છે, જેઓ સ્વાભાવિક વિવેકથી પણ વિહીન છે. અને યથાર્થ શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થનારા બોધની પણ જેમણે પ્રાપ્તિ કરી નથી, એવા તે લોકો છકાયના જીવોના ઉપમર્દન રૂપ આરંભમાં શંકા કરતા નથી, પરન્તુ સંપૂર્ણ શુદ્ધ અને સમસ્ત દોષોથી રહિત વીતરાગની જે ધર્મપ્રરૂપણા છે, તેના પ્રત્યે તે શંકાની દૃષ્ટિએ જોવે છે, પરન્તુ હિંસાની જેમા અધિકતા હોય છે એવી યજ્ઞાદિ ક્રિયાઓ પ્રત્યે તેઓ શંકાની નજરે જોતાં નથી, એ પણ કેટલું આશ્ચર્યજનક છે? ॥૧૧॥

અન્વયાર્થ સરળ હોવાથી વધુ વિવેચન કરવાની જરૂર નથી ॥૧૧॥

## અજ્ઞાનિ પુરૂષકો અપ્રાપ્તપદાર્થ કા નિરૂપણ

હવે સૂત્રકાર એ પ્રકટ કરે છે કે અજ્ઞાની પુરુષો કયા કયા પદાર્થોની પ્રાપ્તિ કરી શકતા નથી- "सव्वप्पग" ઇત્યાદિ

શબ્દાર્થ—'सव्वप्पगं--सर्वात्मकं' સર્વાત્મક--લોભનો 'विउक्कसं--व्युत्कर्ष' અનેક પ્રકારના ઉત્કર્ષરૂપ--માનનો તથા 'णूमं--मायां' માયાને 'अप्पत्तियं--अप्रत्यायिकम्' ક્રોધનો 'विहूणिया--विधूय' ત્યાગ કરીને 'अकम्मंसे--अकर्मांशः' જીવ કર્માંશ રહિત થાય છે. 'एयमट्ठं--एतमर्थं' આ અર્થનો 'मिगे--मृगः' મૃગલા જેવા અજ્ઞાની જીવ 'चए--त्यजेत्' ત્યાગ કરે છે. ॥૧૨॥

– અન્વયાર્થ અને ટીકાર્થ –

સૌના અન્તઃકરણમાં જેનો વાસ હોય છે, એવા ક્રોધને સર્વાત્મક કહે છે. વ્યુત્કર્ષ એટલે માન. 'णूमं' એટલે માયા, અને "अप्पत्तियं" એટલે ક્રોધ. આ ક્રોધ,માન, માયા અને' લોભથી

સંપૂર્ણ મોહનીય કર્મનું ગ્રહણ થઈ જાય છે, અને મોહનીય કર્મ વડે સમસ્ત કર્મોનું ગ્રહણ થાય છે, એમ સમજવું, અને મોહનીય કર્મના ત્યાગથી સમસ્ત કર્મોનો ત્યાગ સમજવો જોઇએ કહ્યું પણ છે કે "**जह मत्थयसूईए**" ઈત્યાદિ

" જેવી રીતે તાડવૃક્ષના મસ્તક (ટોચ) પર સોય ભોંકી દેવાથી તાડવૃક્ષ સૂકાઈ જાય છે, એજ પ્રમાણે મોહનીય કર્મોનો ક્ષય થઈ જવાથી સમસ્ત કર્મોનો ક્ષય થઇ જાય છે ।।૧।। કર્મોનો ક્ષય થઇ જવાથી જીવ 'અકર્મા' (કર્મોથી રહિત) થઈ જાય છે. કર્મોનો ક્ષય સમ્યગ્ જ્ઞાનથી જ થાય છે, મિથ્યાજ્ઞાનથી થતો નથી. અજ્ઞાની જીવ આ પદાર્થનો ત્યાગ કરે છે એટલે કે કર્મક્ષય રૂપ અર્થથી ભ્રષ્ટ થઇ જાય છે કર્મક્ષય કરી શકતો નથી. સમ્યગ્ જ્ઞાનના અભાવને કારણે જીવ મોક્ષના માર્ગ પર પ્રયાણ કરવાને બદલે તે માર્ગની બહાર જ રહે છે એટલે કે ચાર ગતિવાળા સંસાર રૂપ અધોગતિમાં જ વારંવાર ભ્રમણ કર્યા કરે છે. ।। ૧૨ ।।

## અજ્ઞાનિયોંકે દોષોં કા નિરૂપણ

સૂત્રકાર હવે એ વાત પ્રકટ કરે છે કે અજ્ઞાની જીવોને શું નુકસાન થાય છે "**जे एय**" ઈત્યાદિ

શબ્દાર્થ **जो मिच्छद्दिट्ठी--ये मिथ्यादृष्टयः**' જે મિથ્યાદૃષ્ટિ વાળાઓ '**अणारिया--अनार्याः**' અનાર્ય પુરૂષો '**एयमू--एतम्**' આ અર્થને '**नाभिजाणंति--नैव जानन्ति**' જાણતા નથી. '**ते--ते**' એ લોકો '**पासबद्धा--पाशपाशिताः**' પાશમાં બંધાયેલા '**मिगाव--मृगाइव**' મૃગની જેમ '**णंतसो--अनंतशः**' અનંતવાર '**घायं--घातम्**' વિનાશને '**एसंति--एष्यन्ति**' પ્રાપ્ત કરશે. ।।૧૩।।

– અન્વયાર્થ –

જે મિથ્યાદૃષ્ટિ અને શાસ્ત્રોકત અનુષ્ઠાનોથી અત્યન્ત દૂર રહેનારા એટલે કે આર્હત્પ્રવચ નથી દૂર રહેનારા (જિન પ્રરૂપિત ધર્મનું શરણ નહીં લેનારા) પુરુષો આ વાત સમજતા નથી તેઓ જાળમાં ફસાયેલા મૃગની જેમ વારં વાર અનિષ્ટની પ્રાપ્તિ કર્યા કરે છે ।।૧૩।।

– ટીકા –

જેવી રીતે જાળમાં પડેલું હરણ અનેક પ્રકારના તાડન, મારણ આદિ રૂપ અપત્તિઓ સહન કરે છે, એજ પ્રમાણે અજ્ઞાનના બન્ધનમાં પડેલા અજ્ઞાની જીવો પણ વારં વાર જન્મ, જરા, મરણ અદિ આપત્તિઓનો અનુભવ કરતા રહે છે. જેમને મિથ્યાત્વ રૂપી ગ્રહે ગ્રસ્ત કરી લીધા છે, એવા તે જીવો મિથ્યા શાસ્ત્રો દ્વારા જેમનું પ્રતિપાદન કરાયું છે એવાં કર્મોનું આચરણ કરીને નરક નિગોદ આદિ દુર્ગતિઓમાં જ પ્રવેશ કરે છે તે દુર્ગતિઓમાંથી તેમનું ત્રાણ (રક્ષણ) થઇ શકતું નથી અજ્ઞાનીઓને પોતાના દોષને કારણે જ નરક નિગોદના દુઃખો વારં વાર ભોગવવા પડે છે. ।। ૧૩ ।।

## અજ્ઞાનવાદિયોં કે મતકા નિરસન

હવે અજ્ઞાનવાદીઓના મતનું ખંડન કરવા માટે તેમના મતને પ્રકટ કરવામાં અવે છે " **माहणा** " ઇત્યાદિ

શબ્દાર્થ—**'एगे--एके'** કોઈ **'माहणा--ब्राह्मणाः'** બ્રાહ્મણ **'समणा श्रमणाः'** શ્રમણ **'सव्वे--सर्वे'** બધા **'सयं--स्वयं'** પોતાનું **'नाणं--ज्ञानम्'** જ્ઞાન **'वयंति--वदन्ति'** બતાવે છે. **'तु--तु'** પરંતુ **'सव्वलोगे वि--सर्वस्मिन्नपि लोके'** બધાલોકમાં **'जे पाणा--ये प्राणिनः'** જે પ્રાણિયો છે **'ते--ते'** તેઓ **'किंचण-किञ्चन'** કંઇ પણ **'न जाणंति-न जानन्ति'** જાણતા નથી ।।૧૪।।

– અન્વયાર્થ –

કોઇ કોઇ બ્રાહ્મણો અને શ્રમણો (બૌદ્ધ સાધુઓ) પોત પોતાના જ્ઞાનના વખાણ કરે છે પરન્તુ લોકમાં જે જીવો છે, તેઓ કશું જાણતા નથી. ।। ૧૪ ।।

– ટીકાર્થ –

સઘળા બ્રાહ્મણ અને શાકયાદિ શ્રમણો ઉપાદેય પદાર્થોનો બોધ કરાવનાર જ્ઞાનનું પોત પોતાના શાસ્ત્રમાં નિરૂપણ કરે છે, અને કહે છે કે આ પ્રકારે આ અનુષ્ઠાન કરવાથી સ્વર્ગ આદિની પ્રાપ્તિ થશે, અને મોક્ષની પ્રાપ્તિ થશે; પરન્તુ તેમનું તે જ્ઞાન યથાર્થ રૂપે તો જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. તેનું કારણ એ છે કે તેઓ પરસ્પર વિરોધી પ્રરૂપણા કરે છે આ પ્રકારની તેમની પરસ્પર વિરોધી હોય એવી પ્રરૂપણા દ્વારા એવી પ્રતીતિ થાય છે કે તેમ નાંમાં વાસ્તવિક જ્ઞાન નો અભાવ છે. ખરી રીતે તો તેઓ અજ્ઞાન રૂપી અંધકારમાં જ અટવાઈ રહ્યા છે ।। ૧૪ ।।

## અજ્ઞાનવાદિયોં કા મત દિખાતે હુએ સુત્રકાર મ્લેચ્છકે દષ્ટાન્ત કા કથન કરતે હૈં

હવે તેમનો મત બતાવવાને માટે સૂત્રકાર એક દૃષ્ટાન્ત પ્રકટ કરે છે "**मिलक्खू**" ઇત્યાદિ

શબ્દાર્થ—**'जहा--यथा'** જેમ **'मिलक्खू--म्लेच्छाः'** મ્લેચ્છપુરૂષ **'अमिलक्खुस्स--अम्लेच्छस्य'** આર્ય પુરૂષના **'वुत्ताणुभासए--उक्तानुभाषकः'** કથનનો અનુવાદ કરે છે, **'से--सः'** ત મ્લેચ્છ **'हेउं--हेतु'** કારણ ને **'ण विजाणाइ--न विजानाति'** જાણતા નથી. **'भासियं--भाषितम्'** તેના કથન નો **'अणुभासए--अनुभाषते'** અનુવાદ જ કરે છે. ।।૧૫।।

– અન્વયાર્થ –

જેમ કોઈ મ્લેચ્છ આર્ય પુરુષનું કોઇ કથન સાંભળી જાય છે
તેનો અર્થ તો તે જાણતો નથી પરન્તુ છતાં પણ તે વારંવાર પોપટની જેમ તે કથનનું ઉચ્ચારણ કર્યા કરે છે. ।।૧૫।।

—ટીકાર્થ—

અર્થ સ્પષ્ટ છે. કોઇ મ્લેચ્છ (અનાર્ય) કોઇ આર્યને મોઢેથી બોલાયેલાં થોડા શબ્દો સાંભળી જાય છે. ત્યાર બાદ તે મ્લેચ્છ તે શબ્દોનું એજ સ્વરૂપે —તેમાં સહેજ પણ ફેરફાર કર્યા વિના પોપટની જેમ વારંવાર ઉચ્ચારણ કર્યા કરે છે. તે કથનનો ભાવાર્થ તે જાણતો નથી શા માટે તે આર્ય દ્વારા એવા વચનોનું ઉચ્ચારણ થયું છે, તે પણ તે જાણતો નથી. તે તો માત્ર પોપટની જેમ તેનું ઉચ્ચારણ કરવાનુ જ શીખ્યો છે. ॥૧૫॥

## દૃષ્ટાન્ત કા કથન કરકે સિદ્ધાંતકા પ્રતિપાદન

ઉપર્યુકત દૃષ્ટાન્ત દ્વારા જે વાતનું સૂત્રકાર પ્રતિપાદન કરવા માગે છે, તે વાત દાર્ષ્ટાન્તિકથી હવે બતાવવામાં આવે છે "**एवमन्नाणिया**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**एवं--एवम्**' એ જ પ્રમાણે '**अन्नाणिया--अज्ञानिकाः**' જ્ઞાન વિનાના શ્રમણ અને બ્રાહ્મણ '**सयं--सयं--स्वकं स्वकं**' પોત પોતાના '**णाणं--ज्ञानम्**' જ્ઞાનને '**वयंतावि--वदन्तोऽपि**' કહેવા છતાં પણ '**निच्छयत्थं--निश्चयार्थं**' નિશ્ચિત અર્થને '**न जाणंति--न जानन्ति**' જાણતા નથી. '**मिलक्खुव्व--म्लेच्छाइव**' પહેલાં કહેલા મ્લેચ્છોની જેમ '**अबोहिया अबोधिकाः**' બોધ વિનાનાજ છે. ॥૧૬॥

—અન્વયાર્થ—

એજ પ્રમાણે અજ્ઞાની બ્રાહ્મણો અને શાકયાદિશ્રમણો પોત પોતાના જ્ઞાનના વખાણ કરવા છતાં પણ નિશ્ચિત અર્થથી અનભિજ્ઞ જ હોયછે, કારણ કે તેઓ પૂર્વોકત મ્લેચ્છના જેવા અબોધ છે. જેવી રીતે આર્યપુરુષનાં વચનોના ભાવાર્થ નહીં સમજવા છતાં પણપૂર્વોકત મ્લેચ્છ તેમણે (આર્યપુરુષે) ઉચ્ચારેલા વચનોનું વારંવાર ઉચ્ચારણ કરતો હતો એજ પ્રમાણે જ્ઞાનહીન આ બ્રાહ્મણો અને શાકયાદિ શ્રમણો તેઓ ધર્મ તત્વના યથાર્થ સ્વરૂપથી અજ્ઞાત જ હોય છે. જો તેઓ જ્ઞાતા હોય, તો પરસ્પર વિરોધી પ્રરૂપણા શા માટે કરત? ॥૧૬॥

–ટીકાર્થ–

ઉપર્યુકત ગાથાનો ભાવાર્થ નીચે પ્રમાણે છે બ્રાહ્મણો પોતે પોતાનાશાસ્ત્રના મૂળઉપદેશક સર્વજ્ઞને માનીને તેમના દ્વારા ઉપદિષ્ટ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરતા રહે છે. પરન્તુ તે ઉપદેશક ખરેખર સર્વજ્ઞ હતા કે નહીં, તેનો નિર્ણય અલ્પજ્ઞ પુરુષો દ્વારા કરી શકાતો નથી. જેપોતે જ અસર્વજ્ઞ હોય, તેના દ્વારા સર્વજ્ઞને જાણી શકાતા નથી, એવો નિયમ છે. કહ્યુંપણ છે કે "सर्वज्ञोऽसाविति ह्येतत्' ઈત્યાદિ જે કાળે સર્વજ્ઞ વિદ્યમાન હોય છે, તે કાળે પણ જો કોઇ તેમને સર્વજ્ઞ રૂપે જાણવાની ઈચ્છા કરે છે તો પણ તેમને સર્વજ્ઞ રૂપે જાણી શકવાને સમર્થ થતો નથી, કારણ કે તેનું પોતાનું જ્ઞાન જ એટલું પરિમિત હોય છે, કે પોતાના તે જ્ઞાન દ્વારા તે સર્વને સર્વજ્ઞ રૂપે જાણી શકતો નથી. એટલે કે જયાં સુધી સર્વજ્ઞના દ્વારા જાણવામાં આવેલા પદાર્થને કોઇ વ્યકિત પોતે જ જાણી ન લે, ત્યાં સુધી તે વ્યક્તિ તેમને સર્વજ્ઞ રૂપે ઓળખી શકતી નથી. જેને સર્વજ્ઞ કહેવામાં આવે છે, તેઓ ત્રિકાળવર્તી પદાર્થોને જાણતા હોય છે, અને તે પદાર્થોને યથાર્થ રૂપે તેઓ જાણતા હોય છે. પરન્તુ આ વાત અલ્પજ્ઞ મનુષ્ય જાણી શકતો નથી. આ કથનનો સંક્ષિપ્ત ભાવાર્થ એ છે કે– સર્વજ્ઞ સમકાલીન અલ્પજ્ઞ પુરુષો પણ સર્વજ્ઞની સર્વજ્ઞતાને સમજી શકતા ન હતા, તો ત્યાર બાદ ઉત્પન્ન થયેલા માણસો તો તેને કેવીરીતે સમજી શકે?

વળી અન્યનુ જ્ઞાન પ્રત્યક્ષ અનુભવનો વિષય પણ બની શકતું નથી. ઉપદેષ્ટા પુરુષની વિવક્ષા (કથન કરવા પાછળનો આશય)પણ જાણી શકાતી નથી. આ પ્રકારે ઉપદેષ્ટા પુરુષના કથનનો આશય નહી સમજી શકવાને કારણે તે બ્રાહ્મણ આદિ દ્વારા પૂર્વોકત અનાર્ય (મ્લેચ્છ)ની જેમ, પોતાના ઉપદેશકના વચનોનો અનુવાદ માત્ર જ કરવામાં આવે છે–એટલે કે તેમના કથનનો ભાવાર્થ સમજ્યા વિના તેઓ પોપટની જેમ તેઉચ્ચારણ જ કરતા હોય છે.

સૂત્રકારે આ ગાથા સુધીની ગાથાઓમાં અજ્ઞાનવાદીઓના મતનો ઉલ્લેખ કર્યો છે, હવે તેમના મતમાં રહેલા દોષો બતાવવામાં આવે છે"**अन्नाणियाण**'" ઈત્યાદિ

## અજ્ઞાનવાદિયોં કે મત કે દોષદર્શન

શબ્દાર્થ—'**अन्नाणियाणं–अज्ञानिनाम्**' અજ્ઞાન વાદિયોના '**विमंसा–विमर्शः**' પર્યાલોચનાત્મક વિચાર '**अप्पाणे–अज्ञाने**' અજ્ઞાન પક્ષથી '**न विनियच्छइ–न विनियच्छति**' મુક્ત થઈ શકતા નથી. '**अप्पणोवि–आत्मनश्च**' પોતાને પણ '**अणुसासिउं–अनुशासितु**" શિક્ષા કરવા માટે '**नालम्–न अलम्**' પર્યાપ્ત થતા નથી. ફરીથી તેઓ '**अण्णाणुसासिउं–अन्यानुशासितु**' બીજાને કેવી રીતે શિક્ષા આપી શકત ।।૧૭।।

–અન્વયાર્થ–

જેનામાં જ્ઞાન ન હોય તેને અજ્ઞાની કહે છે. "જ્ઞાનનો અભાવ એટલે. અજ્ઞાન" અજ્ઞાન પદમાં નઞ્ સમાસવિરોધના અર્થમાં છે. તેથી અજ્ઞાની એટલે જ્ઞાનથી વિરોધી એવા. વિપરીત જ્ઞાનવાળો." અજ્ઞાન જ શ્રેષ્ઠ અને શ્રેયસ્કર છે," એવી માન્યતા અજ્ઞાન પક્ષે સંગત નથી. અજ્ઞાની માણસો પોતાને અનુશાસિત કરવાને સમર્થ હોતા નથી,તો અન્યને અનુશાસિત

કરવાને સમર્થ તો કેવી રીતે હોઇશકે! એટલે કે જેપોતે જ સમજી શકવાને અસમર્થ હોય, તેઓ અન્યને કેવી રીતે સમજાવી શકે! જે પોતે જ અસિદ્ધ હોય છે, તે અન્યને સિદ્ધ કરી શકતો નથી, એવો નિયમ છે, ॥૧૭॥

–ટીકાર્થ–

સમ્યગ્ જ્ઞાનથી રહિત અજ્ઞાનવાદીઓનો જે આ વિચારછે, તેઅજ્ઞાનવાદ સાથે સંગત લાગતો નથી. તેમનો વિચાર (માન્યતા)આ પ્રકારનો છે "જ્ઞાન સત્ય છે, કે અસત્ય! અજ્ઞાન જ શ્રેયસ્કર છે. જેમ જેમ જ્ઞાન વધતું જાય છે, તેમ તેમ દોષ પણ વધતાં જ જાય છે." તેમની આ માન્યતા યુકિતયુક્ત નથી, કારણ કે આ પ્રકારનો વિચાર પણ જ્ઞાનસ્વરૂપ જ છે. વળી અજ્ઞાનવાદમાં આપ્રકારની માન્યતા કોઇ પણ રીતે સંગત લાગતી નથી. વળી આ પ્રકારની તેમની માન્યતા હોવાને કારણે તે અજ્ઞાનવાદીઓ પોતાના અનુયાયીઓને પણ અજ્ઞાનવાદનો ઉપદેશ આપી શકે નહી, કારણ કે અજ્ઞાનવાદનો સ્વીકાર કરવાને કારણે તેઓ પોતે જ અજ્ઞાની છે, એવી પરીસ્થિતિમાં તેમની સમીપે આવેલા શિષ્યોને અથવા તેમના અનુયાયીઓને ઉપદેશ આપવાનું સામર્થ્ય જ તેમનામાં કયાંથી સંભવી શકે? જેઓ પોતાના અંતઃકરણમાં જ અજ્ઞાનપક્ષને સ્થાપિત કરવાને સમર્થ ન હોય, તેઓ અન્યને અજ્ઞાનવાદનો ઉપદેશ કેવી રીતે આપી શકે? જ્ઞાન હોય તો જ ઉપદેશ આપી શકાય છે જ્ઞાનનો અભાવ જ હોય તો તેઓ પોતે કેવી રીતે સમજી શકે અને અન્યને સમજાવી શકવાને સમર્થ પણ કેવી રીતે હોઇ શકે!

"અન્યની ચિત્તવૃત્તિઓ (મનોભાવો)ને જાણવાનુ. શકય હોતું નથી, તેથી અજ્ઞાન જ હિતકર છે," આ પ્રકારની માન્યતા પણ ઉચિત નથી, કારણ કે અજ્ઞાનવાદીઓએ પરકીય મનોભાવોને જાણવાનું જ્ઞાન પણ સંપાદિત કર્યું હોય છે. જો એવુ ન હોય, તો અજ્ઞાની ગુરુની સમક્ષ કોઈ શિષ્ય કોઇ વાત જાણવાને માટે આવે, ત્યારે તેને કેવી રીતે તે વાતની ખબર પડિ જાય છે કે આ શિષ્ય કંઇક જાણવાને માટે મારી પાસે આવ્યો છે. જો એટલું પણ જાણે નહીં, તો તેને ઉપદેશ કેવી રીતે આપે? આ પ્રકારે ઉપદેશની અન્યથા નુપપત્તિ વડે એ વાત સિદ્ધ થાય છે કે અજ્ઞાની ગુરુ પણ શિષ્યની પ્રશ્ન વિષયક ઇચ્છા જાણતા જ હોય છે.

અનુમાન અને ચેષ્ટા આદિ દ્વારા પરકીય ચિત્તવૃત્તિ જ્ઞાત થઈ જતી જ હોય છે. કહ્યું પણ છે કે "**आकारैरिङ्गितैर्गत्या**" ઈત્યાદિ

"આકાર દ્વારા ઈંગિત દ્વારા, ગતિદ્વારા, વાણી દ્વારા અને નેત્ર તથા મુખના વિકારો દ્વારા અન્યના મનોભાવો જાણી શકાય છે"

જ્ઞાન વિના તેને કેવી રીતે જાણી શકાય છે! આ રીતે અજ્ઞાનવાદીઓ પોતાના અજ્ઞાન-પક્ષને સિદ્ધ કરી શકવાને સમર્થ નથી. તેથી સિદ્ધ થાય છે કે તેમનો અજ્ઞાનવાદ સંગત નથી. ॥૧૭॥

બિચારા તે અજ્ઞાનવાદીઓ પોતે સમજી શકતા નથી અને બીજાને સમજાવી પણ શકતા નથી, આ વાતને દૃષ્ટાન્ત દ્વારા સૂત્રકાર સ્પષ્ટ કરે છે "**वणे मूढो**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**जहा-यथा**' જેમ '**वणे-वने**' વનમાં '**मूढे-मूढः**' દિશામૂઢ '**जंतू-जन्तुः**' પ્રાણી '**मूढे णेयाणुगामिए-मूढनेतारमनुगामिकः**' દિશામૂઢ નેતાની પાછળ ચાલે તો '**एए दो वि-एतौ द्वावपि**' એ બન્ને '**अकोविया-अकोविदौ**' માર્ગથી અજાણ હોવાથી '**तिव्वं सोयं-तीव्रं शोकं**' અત્યંત શોકને '**नियच्छइ-नियच्छतः**' પ્રાપ્ત થાય છે. ॥૧૮॥

અન્વયાર્થ

દિશામૂઢ (દિશા ભૂલેલો માર્ગથી અજાણ) કોઇ પથ પ્રદર્શક હોય તેની પાછળ કોઇ દિશામૂઢ અન્ય પુરુષ ચાલી નીકળે તો બન્ને માર્ગના જાણકાર નહીં હોવાને કારણે– વિપરીત બુદ્ધિવાળા હોવાને કારણે વનમાં તીવ્ર દુઃખ અનુભવે છે. ॥૧૮॥

– ટીકાર્થ –

દૃષ્ટાન્તનો ભાવાર્થ સમજી શકાય એવો છે. વાઘ આદિ હિંસક પશુઓથી યુક્ત કોઇ ઘાડ વનમાં ભ્રમણ કરતો કોઇ પથિક ભૂલો પડે છે– કઇ દિશામાં પોતે જઈ રહ્યો છે અને કઈ દિશામાં પોતાને જવાનું છે. તે સમજવાને અસમર્થ બની જાય છે. તેવામાં તેને કોઇ બીજો દિશા મૂઢ દિશા ભૂલેલો માર્ગ ભૂલેલો) માણુસ તેની નજરે પડે છે, અને તે માણસની પાછળ પાછળ તે ચાલી નીકળે છે. આ બન્ને વ્યક્તિઓને રસ્તાનું સાચું જ્ઞાન ન હોવાને કારણે તેઓ તે વનમાં અટવાઈ જાય છે તેઓ વનને ઓળંગવાને શક્તિમાન થતાં નથી અનેઅનેક તીવ્ર દુઃખો વેઠીને આખરે તેઓ તે વનમાં જ મોતને ભેટે છે. એજ પ્રમાણે અજ્ઞાનવાદીઓ પણ અજ્ઞાનમાં ડૂબેલાં હોય તેઓ પોતાના દર્શનને જ સત્ય દર્શનરૂપ માને છે. અને અન્યનાં દર્શનને મિથ્યા માને છે. તે કારણે અસત્ય દર્શનને જ સત્ય દર્શન રૂપે પ્રતિપાદિત કરતા તે અજ્ઞાની લોકો પોતે તો સંસાર કૂપમાં પડે છે એટલું જ નહીં પણ અન્યને પણ સંસાર કૂપમાં પાડે છે. એટલે કે અજ્ઞાનવાદીઓ પોતે તે સંસાર કાનનમાં પરિભ્રમણ કરીને અનેક દુઃખોનો અનુભવ કરે છે, અને બીજાને પણ સંસાર કાનનમાં પરિભ્રમણ કરાવે છે. ॥૧૮॥

## અજ્ઞાનવાદિયોં કે વિષયમેં અન્ય દૃષ્ટાન્તકા કથન

આ વિષયનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર બીજું એક દૃષ્ટાન્ત આપે છે **"अंधो अंधं"** ઈત્યાદિ

શબ્દાર્થ—**'अंधो-अन्धः'** આંધળો માણુસ **'अंधं-अन्धम्'** બીજા આંધળા માણુસને **'पहं-पन्थानम्'** માર્ગમાં **'णितो-नयन्'** લઇ જવામાં આવેતો **'दूरमद्धं-दूरमध्वानम्'** દૂરના માર્ગમાં **'अणुगच्छइ-अनुगच्छति'** દોરી જાય છે. તે જ પ્રમાણે **'जंतू-जन्तुः'** પ્રાણી **'उप्पहं-उत्पथम्'** અવળા માર્ગમાં **'आवज्जे-आपद्येत'** જઈ ચઢે છે. **'अदुवा-अथवा'** અથવા **'पंथाणुगामिए-पन्थोनुगामिकः'** બીજા જ માર્ગમાં ચાલ્યો જાય છે. ॥૧૯॥

– અન્વયાર્થ અને ટીકાર્થ –

કોઇ એક આંધળો મણુસ બીજા આંધળાને માર્ગ બતાવતો આગળ વધે તો તે તેને ટૂંકા માર્ગને બદલે લાંબા માર્ગ પર જ લઇ જાય છે અથવા સરળ માર્ગને બદલે ખરાબ ખાડા ખડિયા વાળા માર્ગે જ લઇ જાય છે એટલે કે ઇષ્ટ માર્ગને બદલે અનિષ્ટ પર જ દોરી જાય છે ॥૧૯॥

## દૃષ્ટાન્ત કહકર દાર્ષ્ટાન્તિક–સિદ્ધાંતકા પ્રતિપાદન

હવે સૂત્રકાર દાર્ષ્ટાન્તિક દૃષ્ટાન્ત દ્વારા જે વિષયનું પ્રતિપાદન કરવાનું છે તે વિષય પ્રકટ કરે છે **"एवमेगे"** ઇત્યાદિ

શબ્દાર્થ—**'एवं-एवम्'** આજ પ્રમાણે **'एगे-एके'** કોઇ **'नियागट्ठी-नियागार्थिनः'** મોક્ષાર્થી–મોક્ષમાં જવાની ઈચ્છાવાળા **'वयं-वयम्'** અમે **'धम्ममाराहगा-धर्माराधकाः'** ધર્મના આરાધક છીએ તેમ કહીએ છીએ. **'अदुवा-अथवा'** પરંતુ **'अहम्मं-अधर्मम्'** અધર્મને જ **'आवज्जे-आपद्येरन्'** પ્રાપ્ત કરી એ છીએ **'ते-ते'** તે મોક્ષાર્થિઓ **'सव्वज्जुयं-सर्वर्जुकम्'** બધી પ્રકારે સરલ માર્ગને **'न वये-न व्रजेयुः'** પ્રાપ્ત કરી શકતા નથી. ૧૨૦।

અન્વયાર્થ

એજ પ્રમાણે કોઈ કોઇ અજ્ઞાનવાદીઓ મોક્ષના અભિલાષી બનીને એવું કહે છે કે અમે ધર્મના આરાધકો છીએ પરન્તુ ખરી રીતે તો તેઓ અધર્મનું જ આચરણ કરતા હોય છે. તેઓ સંયમના માર્ગે ચાલી શકતા નથી એટલે કે પોતાને ધર્મના આરાધકો માનતા તે અજ્ઞાનીઓ ધર્મની પ્રવૃત્તિને બદલે અધર્મની જ પ્રવૃત્તિ કરતા હોય છે તેથી તેઓ મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી. સંયમની પ્રાપ્તિ વિના મોક્ષની ક્યાંથી પ્રાપ્તિ થાય' ॥૨૦॥

ટીકાર્થ– વિપરીત રૂપે પ્રરૂપણા કરનારા અજ્ઞાનવાદીઓ મોક્ષ અથવા સદ્ધર્મની જ ઈચ્છા કરતા થકા એવો દાવો કરે છે કે " અમે ધર્મારાધકો છીએ– ધર્માચરણથી સંપન્ન છીએ" એવા તે અજ્ઞાનવાદીઓ નિરવદ્ય અને સરળ સંયમને અંગીકાર કરી શકતા નથી, પરન્તુ છકાયના જીવોની હિંસા થાય એવી દીક્ષા (અધર્મનો માર્ગ) અંગીકાર કરે છે એવાં અજ્ઞાનવાદીઓ પોતે સંસાર સાગરને તરી શકતા નથી અને બીજાને તારી શકતા નથી ॥૨૦॥

અજ્ઞાનવાદીઓના મતમાં રહેલો દોષ સૂત્રકાર આ સૂત્રમાં પણ પ્રકટ કરે છે **"एवमेगे"**

શબ્દાર્થ—**'एवं–एवम्'** આજ પ્રમાણે **'एगे–एके'** કોઈ **'दुम्मई–दुर्मतयः'** દુર્બુદ્ધિવાળા **'वियक्काहिं–वितर्काभिः'** વિતર્કોથી **'अन्नं–अन्यम्'** બીજા જ્ઞાનવાદીયોને **'न पज्जुवासिया–न पर्युपासकाः'** સેવા કરતા નથી **'हि–हि'** નિશ્ચય તેઓ **'अप्पणोय वियक्काहिं–आत्मनश्चवितर्काभिः'** પોતાના વિતર્કોથી **'अयं–अयम्'** આ અજ્ઞાનવાદ જ **'अंजू ऋजुः'** શ્રેષ્ઠ છે તેમ માને છે. ॥૨૧॥

– અન્વયાર્થ –

આ પ્રકારે કોઇ વિપરીત બુદ્ધિવાળા લોકો ખોટા તર્કો કરીને અન્ય જ્ઞાનવાદીની ઉપાસના કરતા નથી તેઓ પોતાના અવળા વિચારોને કારણે એવું માને છે કે અમારો આ અજ્ઞાનવાદ જ શ્રેયસ્કર છે ॥૨૧॥

– ટીકાર્થ –

આ ગાથાનો ભાવાર્થ સરળ છે કેટલાક મતવાદીઓ પોતાના કુતર્કને કારણે, પરમ હિતકર મતના અનુયાયીની ઉપાસના કરતા નથી. એટલે કે સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોના પરિશીલન દ્વારા ઉત્કૃષ્ટ બુદ્ધિ જેમણે પ્રાપ્ત કરી છે, એવા આચાર્યને પૂછતા નથી. તેમના ઉપદેશને અનુસરીને ધર્માચરણ કરતા નથી. તથા તેઓ કુતર્ક કરીને મોક્ષપ્રદ સંયમનું પાલન કરતા નથી. એવાં લોકો દુર્બુદ્ધિ હોવાને કારણે પરમ હિતકર આચાર્ય આદિની સેવા કરતા નથી, અને સેવાને અભાવે સંયમાદિને પ્રાપ્ત કરી શકતા નથી ગુરુની સેવા કરવાથી જ જ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે આ લોકો ગુરુની સેવા કરતા નથી, તો સેવા કર્યા વિના તેમને જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે ? તેને અભાવે તેમને સંયમ આદિની પ્રાપ્તિ પણ થતી નથી અને સંયમના અભાવને લીધે મોક્ષની પ્રાપ્તિ પણ સંભવતી નથી. તેમને આ અનંત સંસારમાં અનંત કાળ સુધી પરિભ્રમણ કરવું પડે છે ॥ ૨૧ ॥

અજ્ઞાનવાદીઓને કયા કયાં અનિષ્ટોનો અનુભવ કરવો પડે છે, તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે- "**एवं तक्काई**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**एवं-एवम्**' એજ પ્રમાણે '**तक्काइं-तर्कया**' તર્કોથી '**साहिंता-साधयन्तः**' પોતાના મતને મોક્ષ પ્રદ સિદ્ધકરતાથકા '**धम्माधम्मे-धर्माधर्मयोः**' ધર્મ એવં અધર્મમાં '**अकोविया-अकोविदाः** ન જાણવા વાળા '**ते-ते**' અજ્ઞાનવાદિ '**दुक्खं-दुक्खम्**' દુઃખને '**नाइतुट्टंति-नाति त्रोटयन्ति**' અત્યંત રીતે તોડી શકતા નથી. '**जहा-यथा**' જેમ '**सउणी-शकुनी**' પક્ષી '**पंजरं-पञ्जरम्**' પાંજરાને તોડી શકતા નથી તેમ. ॥૨૨॥

-અન્વયાર્થ-

પૂર્વોકત તર્ક દ્વારા "અજ્ઞાન જ શ્રેયસ્કર છે," આ પ્રકારના પોતાના મતનું સમર્થન કરતા તે અજ્ઞાનવાદીઓ ધર્મ અને અધર્મના ખરા સ્વરૂપને જાણતા નથી. તેનું શું પરિણામ આવે છે? જેવી રીતે પક્ષી પાંજરાને તોડી શકતું નથી, એજ પ્રમાણે તે અજ્ઞાનવાદીઓ પોતાના દુઃખને નષ્ટ કરી શકતા નથી. ॥૨૨॥

-ટીકાર્થ-

આ દૃષ્ટાન્તનો ભાવાર્થ સમજી શકાય એવો છે. પોપટ આદિ પક્ષીઓ અજ્ઞાની હોય છે. પાંજરામાંથી કેવી રીતે મુકત થઇ શકાય, તેનું જ્ઞાન ન હોવાને કારણે તેઓ પાંજરામાંથી છુટકારો મેળવી શકતા નથી, પરન્તુ પાંજરામાં જ પરાધીન દશામાં પડયાં રહે છે અને અનેક યાતનાઓ સહન કર્યા કરે છે, એ જ પ્રમાણે કુવાદીઓ પણ જ્ઞાનને અભાવે અજ્ઞાનવાદને જ કલ્યાણકારક માને છે. તેઓ ધર્મ-અધર્મના વિવેકથી વિહીન હોય છે. તેથી તેઓ અધર્મને જ ધર્મરૂપ માની લઇને અધર્મમાં જ પ્રવૃત્ત રહે છે. તેનું પરિણામ એ આવે છે કે તેઓ સંસાર બન્ધનનો નાશ કરવાનો વિચાર જ કરતા નથી, ઉલટા કર્મનો બન્ધ બાંધતાં જ રહેવાને કારણે તેમનો સંસાર વધતો જ જાય છે તેઓ સંસાર બન્ધનને તોડવાને સમર્થ બનતા નથી, કારણ કે તેઓ તેના ઉપાયથી જ અનભિજ્ઞ હોય છે. તેઓ તર્કમાં જ રચ્યા પચ્યા રહે છે. તર્ક દ્વારા કોઈ પણ વસ્તુની સિદ્ધિ થવી અસંભવિત છે. તેમના વિવાદનું મૂળ તર્ક જ છે. તે તર્કમાં જ રચ્યા પચ્યા રહેવાને કારણે તેઓ ધર્મનો ત્યાગ કરીને અધર્મમાં નિરત રહે છે. અધર્મનું આચરણ કરવાથી તેમના કર્મબન્ધનો નાશ કેવી રીતે થઇ શકે? ઊલટા કર્મબન્ધ બંધાતો જ રહેવાથી તેમને સંસારમાં ભ્રમણ કરવું જ પડે છે. ॥૨૨॥

હવે સૂત્રકાર સઘળા એકાન્તવાદીઓની માન્યતામાં રહેલા દોષોનું સામાન્ય રૂપે નિરૂપણ કરે છે-" **सयं सयं**" ઈત્યાદિ.

શબ્દાર્થ—'**सयं सयं-स्वकं स्वकं**' પોત પોતાના મતની '**पसंसंता-प्रशंसन्तः**' પ્રશંસા કરતા થકા '**परं-परं**' બીજાનાં વચનની '**गरहंता-गर्हन्तः**' નિંદા કરતા થકા '**जे उ-ये तु**' જે લોકો '**तत्थ-तत्र**' આ વિષયમાં **विउस्संति-विद्वस्यन्ते**' પોતાની પંડિતાઈ બતાવે છે '**ते-ते**' તેઓ '**संसारम्-संसारम्**' સંસારમાં '**विउस्सिया-व्युच्छ्रिताः**' **અત્યંત મજબૂતાઈથી બંધાયેલા છે. ॥૨૩॥**

-અન્વયાર્થ-

**"મારો જ મત શ્રેષ્ઠ છે, મારા મતનો આશ્રય લેવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે," આ પ્રકારે એકાન્તવાદીઓ પોત પોતાના મતની પ્રશંસા કરે છે અને બીજાના મતની નિન્દા કરીને પોતાનું પાંડિત્ય પ્રકટ કરે છે. તે લોકો સંસારના બન્ધથી – જન્મ મરણથી બદ્ધ છે. ॥૨૩॥**

--ટીકાર્થ-

ઉપર્યુક્ત કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે. પૂર્વોક્ત અજ્ઞાનવાદીઓ એકાન્તવાદી છે. તેઓ પોત પોતાના મતની પ્રશંસા કરે છે અને અન્યના મતની નિંદા કરે છે.

જેમ કે.... નૈયાયિકો અસત્કાર્યવાદી છે. તેઓ સત્કાર્યવાદી સાંખ્યમતનું ખંડન કરે છે અને પોતાના મતની પ્રશંસા કરે છે. તે મતવાદીઓ એવું કહે છે કે "જો ઉત્પત્તિ પહેલાં જ કાર્યની સત્તા (વિદ્યમાનતા) હોય, તો કારણોનો વ્યાપાર નિરર્થક બની જશે. એટલે કે ઘટાદિ તેમની ઉત્પત્તિના પહેલાં જ મોજૂદ હોય, તો કુંભાર, દંડ, ચાક આદિની પ્રવૃત્તિ જ વૃથા બની જાય." સાંખ્યમતવાદીઓ એવું કહે છે કે "જો અસત્ કાર્યની ઉત્પત્તિનો સ્વીકાર કરવામાં આવે, તો તલમાંથી જ તેલ નીકળી શકે અને રેતીમાંથી ન નીકળી શકે, એવો નિયમ હોવો જોઇએ નહીં. જેમ તલમાં તેલ અસત્ છે, એજ પ્રમાણે રેતીમાં પણ અસત્ છે. છતાં પણ તલમાંથી જો તેલ નીકળી શકે છે, તો રેતીમાંથી પણ નીકળવું જ જોઈએ. આ પ્રકારે અસત્ કાર્યની ઉત્પત્તિને માનવામાં આવે, તો બધી વસ્તુઓમાંથી બધું ઉત્પન્ન થવું જોઈએ! પણ એવું સંભવી શકતું નથી તેથી અસત્કાર્યવાદની માન્યતા ખોટી છે. આ પ્રકારે તેઓ અસત્કાર્યવાદને વૃથા કહીને તેની નિંદા કરે છે અને પોતાના મતની પ્રશંસા કરે છે.

આ પ્રકારની માન્યતા ધરાવનારા તે એકાન્તવાદીઓ પોત પોતાના વિષયમાં પોતાને પંડિત માને છે. આ વિપરીત માન્યતાને કારણે તેઓ ચાર ગતિવાળા સંસારમાં

ભ્રમણ કર્યા કરે છે, તેમાંથી મુક્ત થઈ શકતા નથી. તેમના અજ્ઞાનને કારણે તથા અન્યનો દ્વેષ કરવાને કારણે એવું બને છે. કદાચ એવી દલીલ કરવામાં આવે કે એવો દ્વેષ તો જૈનો પણ કરે છે, તો તેમને પણ સંસારમાંથી છુટકારા રૂપ મોક્ષની પ્રાપ્તિ થવી જોઈએ નહીં, પરન્તુ એવી દલીલ કરનાર લોકો અમારો આશય સમજ્યા વિના, આ પ્રમાણે દલીલ કરતા હોય છે. પૂર્વોક્ત મતવાદીઓ એકાન્ત રૂપે અન્ય મતોમા દોષ બતાવીને પોતાના જ મતને ખરો કહે છે. જૈનો ભિન્ન ભિન્ન નયોનો આશ્રય લઈને અમુક અમુક વસ્તુની સ્થાપના કરે છે. અને અમુક દૃષ્ટિએ અન્યનો નિષેધ કરે છે. જેમ કે અનેકાન્તવાદમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ સત્કાર્યની ઉત્પત્તિનો અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અસત્ કાર્યની ઉત્પત્તિનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ પ્રકારે અનેકાન્તવાદમાં મધ્યસ્થ ભાવની પ્રધાનતા છે. તેથી જૈનમતમાં કોઈ દોષ નથી. આ ગાથાનો સંક્ષિપ્ત ભાવાર્થ અહીં પ્રકટ કરવામાં આવ્યો છે.॥ ૨૩ ॥

## ક્રિયાવાદિયોંકે સે કર્મબન્ધ કા નિરૂપણ

અજ્ઞાનવાદીઓના મતનું નિરાકરણ કરીને હવે ક્રિયાવાદીઓના મતનું નિરાકરણ કરવામાં આવે છે. "**अहावरं**" ઇત્યાદિ.

શબ્દાર્થ—'**अह-अथ**' તે પછી '**अवरं-अपरम्**' બીજા '**पुरक्खायं-पुराख्यातम्**' પૂર્વોક્ત '**किरियावाइदरिसणं-क्रियावादि दर्शनम्**' ક્રિયાવાદિયોનું દર્શન છે, તે '**संसारस्स पवड्ढणं-संसारस्य प्रवर्धनम्**' સંસારને વધારનાર છે. '**कम्मचिंतापणट्ठाणं-कर्मचिन्ताप्रनष्टानाम्**' કર્મની ચિંતા વિનાના તે ક્રિયાવાદિનું દર્શન સંસારને વધારવા વાળું જ છે. ॥૨૪॥

-અન્વયાર્થ-

પહેલાં જે ક્રિયાવાદિઓની વાત કરવામાં આવી છે, તે ક્રિયાવાદીઓની માન્યતા તો કર્મની ચિન્તાથી રહિત એવા ક્રિયાવાદીઓનાં સંસારને વધારનાર છે. ॥ ૨૪ ॥

–ટીકાર્થ--

"અથ" શબ્દ અહીં અનન્તરના અર્થમાં વપરાયો છે, પ્રારંભના અર્થમાં વપરાયો નથી. એટલે કે અજ્ઞાનવાદીઓના મતને પ્રકટ કરતાં પહેલાં ક્રિયાવાદીઓના જ મતને આ ગ્રન્થમાં પ્રકટ કરવામા આવ્યો છે, તે ક્રિયાવાદીઓનું દર્શન ચાર ગતિવાળા સંસારની વૃદ્ધિ કરનારું છે. ક્રિયા જ પ્રધાન રૂપે (મુખ્યત્વે) મોક્ષનું કારણ છે, આ પ્રકારની માન્યતા ધરાવનારને ક્રિયાવાદી કહે છે.

આ દર્શન કોના સંસારની વૃદ્ધિ કરનારું છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જેઓ કર્મની ચિન્તાથી રહિત છે, તેમના સંસારની વૃદ્ધિ કરનારું છે. જ્ઞાનાવરણીય આદિ. આઠ પ્રકારનાં કર્મો સુખ દુઃખ આદિના જનક છે, એવી વિચારણાને કર્મચિન્તા કહે છે. જેમની આ કર્મચિન્તા અત્યન્ત નષ્ટ થઈ ગઈ છે, તેમના સંસારની વૃદ્ધિ થાય છે. બૌદ્ધ ભિક્ષુઓ અજ્ઞાન આદિ દ્વારા સંપાદિત ચાર પ્રકારના કર્મોને બન્ધજનક માનતા નથી. તેથી તેમને કર્મચિન્તાપ્રણષ્ટ (કર્મ ચિન્તાથી રહિત) માનવામાં આવે છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે કોઇ પણ પ્રકારે કરાયેલું કર્મ, પછી ભલે તે સ્વલ્પ હોય કે અધિક હોય, પરન્તુ શુભ અશુભ ફળ અવશ્ય આપે જ છે. એવું કદી સંભવી શકતું નથી કે કર્મ બન્ધજનક ન હોય. જે લોકો કર્મને બન્ધજનક કહેતા નથી, તેમનું કથન ખરી રીતે સંસારનું જ જનક હોય છે. ॥ ૨૪ ॥

ક્રિયાવાદી કયા પ્રકારે ચિન્તાથી રહિત છે, તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે– **"जाणं"** ઈત્યાદિ–

## ક્રિયાવાદિયોં કે કર્મ રહિતપના

શબ્દાર્થ —**'जंच-यच्च'** જે **'जाणं-जानन्'** મનથી જાણીને **'हिंसइ-हिनस्ति'** પ્રાણિ હિંસા કરે છે. પરંતુ **'कायेण-कायेन'** શરીરથી **'अणाकुट्टी-अनाकुट्टी'** હિંસા કરતા નથી. **'जंच-यच्च'** અને જેઓ **'अबुहो-अबुधः'** જાણ્યા વગર **'हिंसइ-हिनस्ति'** હિંસા કરે છે, **'पुट्ठो-स्पृष्टः'** કેવલ સ્પર્શમાત્રથી **'परं-परम्'** એવા કર્મના ફળ ને **'संवेएइ-संवेदयति'** ભોગવે છે, **'सावज्जं-सावद्यम्'** તે પાપકર્મ **'अवियत्तंखु-अव्यक्तं खलु'** અસ્પષ્ટજ છે. ॥૨૫॥

અન્વયાર્થ –

જે વ્યકિત મનથી જીવહિંસા કરે છે પણ કાયા વડે હિંસા કરતી નથી, તે વ્યકિત પાપ કર્મથી માત્ર સ્પૃષ્ટ જ થાય છે એજ પ્રમાણે જે અજ્ઞાની જીવ મનના વ્યાપાર વિના જ જીવહિંસા કરે છે, તે જીવ પણ પાપકર્મથી માત્ર સ્પૃષ્ટ જ થાય છે તે જીવ તે કર્મના ફળને સ્પર્શ માત્ર રૂપે જ ભોગવે છે તેનું તે પાપ અવ્યકત હોય છે એટલે કે તે ફળ સ્પષ્ટ હોતું નથી. ॥ ૨૫ ॥

ટીકાર્થ –

**જે માણુસ જાણી જોઇને મનથીહિંસા કરે છે એટલે કે શરીર વડે હિંસા કરતો નથી માત્ર મનોયોગ દ્વારા જ પ્રાણીના વધનો વિચાર માત્ર જ કરે છે પરન્તુ શરીર દ્વારા પ્રાણીના** અવયવોનું છેદન ભેદન કરતો નથી, તેનું કાર્ય બન્ધજનક હોતું નથી, આ 'પરિજ્ઞોપચિત્ત' નામનો પહેલો ભેદ છે. ॥ ૧ ॥

અને જે અજ્ઞાની મનુષ્ય મનના વ્યાપાર વિના જ એટલે કે અજાણતા જ કાયના વ્યાપાર માત્ર દ્વારા જ હિંસા કરે છે તેના દ્વારા પણ મનોવ્યાપાર ચાલતો ન હોવાને કારણે તેનું તે કાર્ય બન્ધજનક હોતું નથી આ "અવિજ્ઞોપચિત" નામનો બીજો ભેદ છે (૨) બૌદ્ધ સિદ્ધાન્તમાં એવું કહેવામાં આવ્યું છે કે ચાર પ્રકારના કાર્યથી કર્મનો બન્ધ થતો નથી પરિજ્ઞોપચિત અને અવિજ્ઞોપચિત નામના બે પ્રકારો તો સૂત્રકારે ગાથાના પૂર્વાર્ધમાં પ્રકટ કરી દીધાં છે બાકીના બે પ્રકાર ઇર્યાપથ અને સ્વપ્નાન્તિક "ચ" પદ દ્વારાં ગ્રહણ કરાયા છે. '**ईरण**' આ પદનો અર્થ ગમન થાય છે. રસ્તા પર ચાલતી વખતે ઉપયોગ વિના જ જીવોની જે હિંસા થઇ જાય છે, તેના દ્વારા પણ કર્મનો ઉપચય થતો નથી, કારણ કે " આ જીવનો વધ કરું આ પ્રકારના મનોયોગનો ત્યાં અભાવ રહે છે આ ઇર્યાપથ " નામનો ત્રીજો પ્રકાર છે (૩) હવે સ્વપ્નાન્તિક નામના ચોથા ભેદનું નિરૂપણ કરવામાં આવે છે સ્વપ્નમાં જીવોનું જે છેદન ભેદન કરવામા આવે છે તેના દ્વારા પણ કર્મનો બન્ધ થતો નથી, કારણ કે ત્યાં કાયિક વ્યાપારનો અભાવ રહે છે જેવી રીતે સ્વપ્નમાં ભોજન કરનાર તૃપ્તિ પામી શકતો નથી તેનું પેટ તો ખાલી જ રહે છે એજ પ્રમાણે સ્વપ્નમાં કરાયેલ હિંસા આદિ કૃત્યો કર્મબન્ધના જનક હોતા નથી કારણ કે તે પ્રકારનાં કાર્યોમાં કાયના વ્યાપારનો અભાવ હોય છે સ્વપ્નમાં રાજ્યની પ્રાપ્તિ થાય કે ભિક્ષાની પ્રાપ્તિ થાય તો વ્યક્તિને વાસ્તવિક રીતે તો કોઇ લાભ કે હાનિ થતી નથી આ સ્વપ્નાન્તિક નામનો ચોથો ભેદ સમજવો (૪)

બૌદ્ધો એમ માને છે કે પૂર્વોકત ચાર કારણોને લીધે કર્મબન્ધ થતો નથી તો તેમની માન્યતા અનુસાર કર્મબન્ધ કયા પ્રકારે થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર નીચે પ્રમાણે છે.

નીચેના પાંચ કારણોનો સદ્‌ભાવ હોય ત્યારે જ કર્મબન્ધ થાય છે (૧) જેનું હનન (હિંસા) કરવાનું છે એવા કોઇ પ્રાણીનો સદ્‌ભાવ હોય, (૨) હનન કરનારને એવું ભાન હોય કે આ પ્રાણી હનન કરવા યોગ્ય છે (૩) હનન કરનારને "હું આ પ્રાણીને મારું" એવી ઇચ્છા થાય, (૪) તે વ્યક્તિ તે પ્રાણીને મારવાની ચેષ્ટા કરે અને (૫) તે પ્રાણીના પ્રાણોનો નાશ થઇ જાય, આ પાંચ ચીજોનો સદ્‌ભાવ હોય, ત્યારે જ હિંસા થાય છે, એના દ્વારા જ કર્મનો બન્ધ થાય છે કહ્યું પણ છે કે –"**प्राणीप्राणिज्ञानम्**" ઇત્યાદિ

(૧) પ્રાણી (૨) પ્રાણીનું જ્ઞાન, (૩) ઘાતકનું ચિત્ત, (૪) ઘાતકની ચેષ્ટા અને (૫) પ્રાણોનો વિયોગ, આ પાંચ કારણોનો સદ્ભાવ હોય ત્યારે જ હિંસા થાય છે ॥ ૧ ॥

પ્રશ્ન -- શું પરિજ્ઞોપચિત્ત આદિ કારણો દ્વારા કર્મનો બન્ધ બિલકુલ થતો નથી?

ઉત્તર–થાય તો છે જ, પરન્તુ અત્યન્ત અલ્પ એજ વાતને સ્પષ્ટ કરવા માટે પુટ્ઠો આ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે એટલે કે કેવળ મનોવ્યાપાર રૂપ પરિજ્ઞા વડે, શરીરની ક્રિયામાત્ર વડે, ચાલવા વડે અને સ્વપ્ન દેખવા વડે આ ચાર પ્રકારે તો મનુષ્ય કર્મ વડે માત્ર સ્પૃષ્ટ જ થાય છે બદ્ધ થતો નથી. એવાં કર્મોનું થોડું ફળ જ ભોગવવું પડે છે અધિક ફળ ભોગવવું પડતું નથી. જેવી રીતે દીવાલ પર એક મુટ્ટી ભરીને રેતી ફેંકવામાં આવે, તો તે રેતી દીવાલનો માત્ર સ્પર્શ કરીને નીચે પડી જાય છે દીવાલ સાથે ચોંટી જતી નથી, એજ પ્રમાણે પૂર્વોક્ત ચાર પ્રકારે કર્મ માત્ર સ્પૃષ્ટ જ થાય છે બદ્ધ થતું નથી તે કર્મ એજ સમયે નષ્ટ થઈ જાય છે એજ કારણે તેને બન્ધનું જનક કહ્યું નથી એવું બનતું નથી કે તે સ્પૃષ્ટ પણ થતું ન હોય આ પ્રકારે તે કર્મ અવ્યકત જ હોય છે અહીં ખુ આ પદ અવધારણના અર્થમાં વપરાયું છે તેથી એવો અર્થ ફલિત થાય છે કે કર્મ અવ્યકત જ હોય છે, કારણ કે તેનું ફળ સ્પષ્ટ હોતું નથી આ પ્રકારે પરિજ્ઞોપચિત આદિ ચાર પ્રકારનાં પૂર્વોક્ત કર્મ અવ્યકત રૂપે સાવદ્ય છે ॥ ૨૫ ॥

## પ્રકારાન્તર સે કર્મબન્ધ કા નિરૂપણ

જો પૂર્વોકત ચાર પ્રકારના કર્મો કર્મબન્ધના કારણભૂત થતા નથી, તો બૌદ્ધોના મત અનુસાર કયા પ્રકારે કર્મનો બન્ધ થાય છે? આ પ્રશ્નનો ઉત્તર આ સૂત્રમાં આપવામાં આવ્યો છે. 'સંતિ મે' ઈત્યાદિ

શબ્દાર્થ --'इमे-इमानि' એ 'तउ-त्रीणि' ત્રણે 'आयाणा-आदानानि' કર્મબંધના કારણો 'संति-सन्ति' છે. 'जेहिं-यैः' જેનાથી 'पावगं-पापकं' પાપ કર્મ 'कीरइ-क्रियते' કરવામાં આવે છે. 'अभिकम्माय-अभिक्रम्य' કોઇ પ્રાણીને મારવા માટે આક્રમણ કરી ને 'पेसाय-प्रेष्य' નોકર વિગેરે ને પ્રાણીને મારવા માટે મોકલી ને 'मणसा अणुजाणिया-मनसा अनुज्ञाय' મનથી આજ્ઞા આપીને ॥૨૬॥

સૂત્રાર્થ અને ટીકાર્થ

જેમના દ્વારા પાપકર્મ કરાય છે એવા, ત્રણ આદાનને કર્મબન્ધના કારણભૂત માનવામાં આવે છે. તે ત્રણ આદાન નીચે પ્રમાણે છે (૧) કોઈ પણ પ્રાણીનો વધ કરવાને માટે તેના ઉપર આક્રમણ કરીને હિંસા કરવી, તે પહેલું આદાન છે. (૨) કોઇ નોકર આદિને પ્રાણીનો ઘાત કરવા માટે મોકલીને પ્રાણીનો વધ કરાવવો, તે બીજું આદાન છે. અહીં પહેલા આદાનમાં ક્રિયા કરવામાં સાક્ષાત્ કર્તૃત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. અને બીજા આદાનમાં પ્રયોજક કર્તૃત્વ (બીજા પાસે કરાવવાનું) પ્રતિપાદિત કરાયું છે.

(૩) ઘાત કરનાર કોઈ માણુસને મનથી અનુમોદન આપીને હિંસાની અનુમોદના કરવી આ ત્રીજું આદાન છે.

પરિજ્ઞોપચિત કર્મ કરતાં ત્રીજા આદાનમાં આટલુ અન્તર છે પરિજ્ઞોપચિતમાં માત્ર મનથી વિચાર કરવામાં આવે છે, પરન્તુ ત્રીજા પ્રકારના આદાનમાં તો અન્યના દ્વારા કરાતી ક્રિયાની અનુમોદના કરવામાં આવે છે. આ પ્રકારે સ્વયં કરવું, બીજા પાસે કરાવવું અને કરનારની અનુમોદના કરવી, આ ત્રણ આદાન કર્મબન્ધમાં કારણભૂત બને છે. બૌદ્ધ ભિક્ષુઓની એવી માન્યતા છે કે આ ત્રણ કારણોને લીધેજ જીવ કર્મનો બન્ધ કરે છે ॥૨૬॥

પૂર્વોક્ત ત્રણ કારણોનું વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. **'एते उ'** ઇત્યાદિ.

શબ્દાર્થ—**'एते उ-एतानि तु'** આ **'तउ–त्रीणि'** ત્રણે **'आयाणा-आदानानि'** કર્મબંધના કારણુ છે, **'जेहिं-यैः'** જેનાથી **'पावगं-पापकम्'** પાપકર્મ **'कीरई–क्रियते'** કરવામાં આવે છે. **'एवं-एवम्'** એજ પ્રમાણે **'भावविसोहिए–भावविशुद्धया'** ભાવ વિશુદ્ધિથી **'निव्वाणं-निर्वाण'** મોક્ષને **'अभिगच्छइ–अभिगच्छति'** પ્રાપ્ત કરે છે. ॥૨૭॥

અન્વયાર્થ અને ટીકાર્થ

પૂર્વોક્ત ત્રણ કારણોને લીધેજ પાપકર્મ કરાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આગલી ગાથામાં દર્શાવવામાં આવેલા ત્રણ આદાનો છે તેઓ દુષ્ટ અધ્યવસાયની સહાયતાથી અલગ અલગ અથવા ત્રણે મળીને કર્મબન્ધમાં કારણભૂત બને છે.

એજ કારણે ભાવવિશુદ્ધિથી એટલે કે રાગદ્વેષથી રહિત પરિણામ વડે પ્રવૃત્તિ કરનાર પુરુષ દ્વારા માત્ર મનથી, અથવા માત્ર શરીરથી, અથવા માનસિક સંકલ્પથી રહિત બન્નેદ્વારા પ્રાણીનો ઘાત થઇ જવા છતાં પણ તે પુરુષ કર્મનો ઉપચય કરતો નથી. કર્મના ઉપચયનો અભાવ થઇ જવાથી તેને નિર્વાણની પ્રાપ્તિ થાય છે. એટલે કે તે સમસ્ત દ્વન્દ્વોથી (શારીરિક અને માનસિક કલેશોથી) રહિત થઇ જાય છે અને સર્વોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આ પ્રકારનો પુરુષ મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥૨૭॥

## કર્મબન્ધ કે વિષયમેં પિતા પુત્ર કા દૃષ્ટાન્ત

કોઇ કોઇ મતવાળાઓ એવું કહે છે કે ભાવશુદ્ધની અપેક્ષાએ જેનું અંતઃકરણ શુદ્ધ હોય છે, એવા પુરુષને પાપાચરણ કરવા છતાં પણ કર્મબન્ધ થતો નથી આ વાતનું સમર્થન કરવા માટે પિતાપુત્રનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે **'पुत्तं पिया'** ઇત્યાદિ.

શબ્દાર્થ—**'असंजए–असंयतः'** સંયમ વિનાના **'पिया-पिता'** પિતા **'पुत्तं-पुत्रम्'** પોતાના પુત્રને **'समारब्भ समारभ्य'** મારીને **'आहरेज्ज–आहरेत'** ખાઇલેતો **'भुंजमाणो य-**

भुञ्जानोऽपि' ખાતો એવો તે પિતા 'कम्मणा-कर्मणा' પાપ કર્મથી 'नोवलिप्पइ-नोपलिप्यते' ઉપલિપ્ત થતા નથી. એજ પ્રમાણે 'मेहावी-मेधावी' સાધુ પણ કર્મથી ઉપલિપ્ત થતા નથી ॥૨૮॥

સૂત્રાર્થ અને ટીકાર્થ

કોઇ અસંયમી પિતા પોતાના પુત્રનો ઘાત કરીને તેના માંસનો આહાર કરે છે, છતાં પણ શુદ્ધભાવે કરાયેલું આ કાર્ય કરનાર તે પિતા પાપકર્મથી લિપ્ત થતો નથી. એજ પ્રકારે મેધાવી સાધુ પણ કર્મથી લિપ્ત થતો નથી. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે.

બૌદ્ધ ભિક્ષુઓ એવું કહે છે કે આપત્તિમાં આવી પડેલો કોઇ પુરુષ તે આપત્તિને પાર કરવાને માટે, રાગદ્વેષથી રહિત થઈને પોતાના પુત્રને મારીને તેના માંસનું ભક્ષણ કરે, તો પણ તે પાપકર્મથી લિપ્ત થતો નથી. એજ પ્રમાણે સંયત (ભિક્ષુ) પણ પાપથી લિપ્ત થતો નથી. આ રીતે અહીં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે ગૃહસ્થ અથવા સાધુ શુદ્ધ અંતઃકરણવાળા થઇને માંસ ભક્ષણ કરે તો પણ પાપકર્મથી લિપ્ત થતા નથી. જેવી રીતે રાગદ્વેષથી રહિત મનોભાવપૂર્વક પુત્રનો વધ કરનાર પિતાને પાપ લાગતું નથી, એટલે કે તે કર્મનો બન્ધ કરતો નથી, એજ પ્રમાણે રાગ દ્વેષથી રહિત હોય એવા કોઇ પણ મનુષ્ય દ્વારા જીવનો વધ થઇ જાય, તો તેને પણ કર્મનો બન્ધ થતો નથી. એટલે કે તેનું તે કર્મ કર્મનો ઉપચય કરવામાં સહાયભૂત થતું નથી. ॥૨૮॥

## કર્મબન્ધ કે વિષયમેં આર્હત મતકા કથન

હવે બૌદ્ધોના આ મતનું ખંડન કરવા નિમિત્તે સૂત્રકાર આર્હતમતનું કથન કરે છે. "मणसा जे" ઈત્યાદિ-

શબ્દાર્થ—'जे-ये' જે માણસ 'मणसा-मनसा' મનથી 'पउस्संति-प्रद्विषन्ति' દ્વેષ કરે છે. 'तेसिं-तेषां' તેમનું 'चित्तं-चित्तम्' ચિત્ત 'ण विज्जइ-न विद्यते' નિર્મલ નથી. 'तेसिं-तेषाम्' મનથી દ્વેષ કરવા વાળાનું 'अणवज्जं-अनवद्यम्' અનવદ્ય કથન 'अतहं--अतथम्' મિથ્યા છે 'ते-ते' તેઓ 'संवुडचारिणो-संवृतचारिणः' સંવર યુક્ત 'न-न' નથી. ॥ ૨૯ ॥

સૂત્રાર્થ અને ટીકાર્થ

જે માણસ કોઈ જીવ પ્રત્યે મનમાં પણ દ્વેષભાવ રાખે છે, તેનું મન નિર્મળ હોઈ શકતું નથી. તેથી તેના મનને નિષ્પાપ કહેવું તે મિથ્યા છે. એવું કહેનાર સંવર-યુક્ત હોઇ શકતા નથી, કારણ કે તેમનું મન અશુદ્ધ હોય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જે માણસો કોઇ પણ નિમિત્તે મન દ્વારા દ્વેષ કરે છે, તેમનું મન વિશુદ્ધ હોઈ શકતું નથી. તથા આગળ ૨૫મી ગાથામાં બૌદ્ધ ભિક્ષુઓની જે માન્યતા પ્રકટ કરવામાં આવી છે, તે પણ મિથ્યા છે, ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે પરિજ્ઞોપચિત, અવિજ્ઞો-પચિત, ઈર્યાપથ અને સ્વપ્નાન્તિક નામના ચાર, પ્રકારના, પાપકર્મો કર્મબન્ધમાં કારણભૂત બનતાં

નથી. તેમાં પરિજ્ઞોપચિત નામનો પહેલો ભેદ એ વાત પ્રકટ કરે છે કે મન વડે દ્વેષ કરવા છતાં પણ કર્મનો ઉપચય થતો નથી. કારણ કે ત્યાં કાયના વ્યાપારનો અભાવ હોય છે. તેમનું આ કથન સત્ય નથી. ખરી રીતે તો મન જ પાપનું કારણ છે.
કર્મોના ઉપચયમાં મુખ્યત્વે મનજ કારણભૂત બને છે, કારણ કે મનોવ્યાપારનો અભાવ હોય એવી પરિસ્થિતિમાં માત્ર શરીરની પ્રવૃત્તિ દ્વારા જ કર્મનો ઉપચય ન થવાની વાતનો તો બૌદ્ધ ભિક્ષુઓએ પોતે જ સ્વીકાર કરેલો છે જેના સદ્ભાવમાં જે થાય અને જેના અભાવે જે ન થાય, તેને જ તેનું કારણ ગણવામાં આવે છે. જો કે આપ એવું કહો છો કે શરીરના વ્યાપારથી રહિત મન પાપજનક હોતું નથી, છતાં આપે જ એવું પ્રતિપાદન કર્યું છે કે " આ પ્રકારે ભાવની વિશુદ્ધિથી નિર્વાણ પ્રાપ્ત થાય છે." આ પ્રકારના કથન દ્વારા મનની પ્રધાનતાનો જ આપે સ્વીકાર કર્યો છે. કહ્યું પણ છે કે–" **चित्तमेवहि संसारो**" ઈત્યાદિ

"રાગ આદિ કલેશોથી દૂષિત ચિત્ત જ સંસાર છે. અને રાગાદિથી રહિત એજ ચિત્ત ભવાન્ત ( મોક્ષ ) રૂપ છે."

વળી એવું પણ કહ્યું છે કે – " **मन एव मनुष्याणाम्** " ઈત્યાદિ --

મનુષ્યોનું મન જ બન્ધન અને મોક્ષનું કારણ છે."

વળી એવું પણ કહ્યું છે કે – " **मतिविभवनमस्ते** " ઈત્યાદિ –

હે મતિવિભવ (મન) ? તને નમસ્કાર હો? બધાં મનુષ્યો સરખાં છે, પણ તું પુણ્ય રૂપે અને પાપ રૂપે પરિણત થાય છે. એજ પરિણમનને કારણે કોઇ કોઈ માણસો નરક રૂપી નગરને પન્થે ચાલ્યા ગયા છે, અને કોઇ કોઇ માણસો પ્રાપ્ત પુણ્યના પ્રભાવથી સૂર્યને ભેદનારા બની ગયા છે – એટલે કે સૂર્ય કરતાં પણ ઊંચે આવેલા સ્વર્ગલોકમાં પહોંચી ગયા છે.

એજ પ્રમાણે ઈર્યાપથમાં (ગમનમાં) પણ ઉપયોગ (સાવધાનતા વિના ગમન કરવામાં આવે તો ત્યાં પણ ચિત્તની કલુષતા ( મલિનતા ) વિદ્યમાન હોવાને લીધે કર્મબન્ધ થાય છે જ સ્વપ્નમાં પણ ચિત્ત અશુદ્ધ હોવાને કારણે વધું ઓછો કર્મબન્ધ થાયં જ છે, અને ભિક્ષુઓએ પણ તેનો સ્વીકાર કર્યો છે, કારણ કે તેમણે તેને અવ્યક્ત પાપ કહ્યું છે. અવ્યક્ત એટલે સ્વપ્ન આદિની અવસ્થામાં થતું

પિતા પુત્રને મારીને ખાઈ જાય, ઇત્યાદિ કથન પણ ઉચિત નથી. " હું આને મારી નાખું," આ પ્રકારનો મલિન વિચાર ઉદ્ભવ્યા વિના કોઈ પણ માણસ કોઈ પણ જીવનો ઘાત કરી શકતો નથીં. અને જો આ પ્રકારનો વિચાર ઉદ્ભવતો હોયતો ચિત્ત અક્લિષ્ટ ( કલેશ રહિત ) કેવી રીતે હોઇ શકે ? ચિત્તમાં કલેશનો સદ્ભાવ હોય, ત્યારે કર્મબન્ધ અવશ્ય થાય છે જ. એટલે કે ચિત્તમાં મલિનતા હોય, તો કર્મનો બન્ધ અવશ્ય થાય છે આ કથનનું તાત્પર્ય એ છે કે જ્યાં સુધી મનમાં વિકાર ન આવે, ત્યાં સુધી શરીર દ્વારા, મારવાનો વ્યાપાર કોઈ પણ પ્રકારે સંભવી શકતો નથી મનમાં વિકૃત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જ મારવાની ક્રિયા સંભવી શકે છે, અને વિકૃત મનના વ્યાપાર પૂર્વક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવાથી સર્વત્ર કર્મબન્ધ થાય છે જ આ બાબતમાં અધિક શું કહી શકાય ? અન્ય શાસ્ત્રોમાં પણ મારનારને હિંસક જ કહેલ છે " **अनुमंता विशसिता**" ઈત્યાદિ–

અનુમોદન કરનારા માંસને સાફ કરવાવાળા હનન (હત્યા) કરનાર, ક્રયવિક્રય કરનારા, રાંધનારા પીરસનારા અને ખાનારા, આ સૌને ઘાતક જ કહેવામાં આવે છે.

આ પ્રકારે એ વાત સિદ્ધ થાય છે કે મારવાની ક્રિયા સર્વત્ર મનોવ્યાપાર પૂર્વક જ થાય છે, અને એવું કૃત્ય કરવાથી કર્મનો બન્ધ અવશ્ય થાય છે. ॥૨૯॥

## યે ક્રિયાવાદિયોં કે અનર્થ પરંપરા કા નિરૂપણ

આ ક્રિયાવાદિઓને કઇ કઈ અનર્થ પરંપરાનો અનુભવ કરવો પડે છે. તે સૂત્રકાર પ્રકટ કરે છે -- "**इच्चेयाहिं**" ઇત્યાદિ--

શબ્દાર્થ—'**इच्चेयाहिं--इत्येताभिः**' પૂર્વોક્ત આ '**दिट्ठीहिं--दृष्टिभिः** દર્શનોથી '**सायागारवणिस्सिया--सातागौरवनिश्रिताः**' સુખોપભોગમાં આસક્ત પરતીર્થિકજન '**सरणंति-मन्नमाना--शरणमितिमन्यमानाः**' પોતાના દર્શનને પોતાનું શરણ માનતાથકા '**पावगं सेवंति--पावकं सेवन्ते** પાપકર્મનુ સેવન કરે છે. ॥૩૦॥

**– સૂત્રાર્થ અને ટીકાર્થ –**

પૂર્વોકત વિચારણાને આધારે સુખભોગ આદિમાં આસકત રહેનાર તે પરતીર્થિકો પોતાના દર્શનશાસ્ત્રને પોતાને માટે શરણભૂત માનીને પાપાકર્મોનું સેવન કરે છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે પરિજ્ઞોપચિત, અવિજ્ઞોપચિત, ઇર્યાપથ અને સ્વાપ્નાન્તિક આ ચાર પ્રકારનાં કાર્યો પાપજનક હોતાં નથી. આ પ્રકારના મતનો આશ્રય લઇને પરતીર્થિકો સુખભોગ આદિમાં આસકત રહે છે. તેઓ તેમની ઇચ્છા પ્રમાણે આચરણ કરે છે– તેઓ મર્યાદાહીન ખાનપાન કરે તે. અમારું દર્શન સંસારસાગરને પાર કરાવવાને સમર્થ છે" એવું માનીને વિપરીત ક્રિયાઓ કરીને પાપકર્મોનું ઉપાર્જન કરે છે એજ પ્રમાણે તેમનામાં જેઓ વ્રતી છે તેઓ દીક્ષા લઇને સાધુ બની જાય છે પરન્તુ તેઓ વાસ્તવિક રૂપે સાધુ જ હોતા નથી તેઓ સામાન્ય લોકોની જેમ પાપકર્મમાં પ્રવૃત્ત રહેતા હોય છે

જેવી રીતે સામાન્ય લોકો અજ્ઞાનને કારણે સાવદ્ય કાર્યો કર્યા કરે છે, એજ પ્રમાણે તે વ્રતી (ભિક્ષુઓ) પણ સાવદ્ય કાર્યો કરતા હોય છે. ॥૩૦॥

## ક્રિયાવાદીયોં કે મત કા અનર્થ દિખાનેમેં નૌકાકા દષ્ટાન્ત

એજ કથનનું સમર્થન કરવામાટે સૂત્રકાર નીચેનું દષ્ટાન્ત આપે છે.- ''**जहा**'' ઇત્યાદિ

શબ્દાર્થ—'**जहा-यथा**' જેમ '**जाइअंधो-जात्यन्धः**' જન્મથી આંધળો '**अस्साविणि--आस्राविणीं**' છિદ્રવાળી '**णावं--नावम्**' હોડી ઉપર '**दुरुहिया--दुरुह्य**' બેસીને '**पारमागंतु-पारमागन्तुम्**' સામે કિનારે પહોંચવા માટે '**इच्छइ--इच्छति**' ઇચ્છા રાખે છે પરંતુ '**अंतराय-अन्तरा च**' વચમાંજ '**विसीयइ--विषीदति**' ડૂબી જાય છે. ॥૩૧॥

-:સૂત્રાર્થ:-

જેવી રીતે કોઈ જન્માન્ધ પુરુષ છિદ્રોવાળી નૌકામાં બેસીને કોઈ નદી અથવા સાગરને પાર કરવાની ઇચ્છા કરે છે, પરન્તુ વચ્ચેજ તેની નૌકા ડૂબવાથી તે વિષાદયુક્ત થાય છે--ડૂબીજાય છે ॥૩૧॥

– ટીકાર્થ –

એટલે કે જન્મથી જ આંધળો હોય એવો કોઇ પુરુષ નદી અથવા સમુદ્રને પાર કરવાની ઇચ્છાથી કોઈ છિદ્રોવાળી નૌકામાં ચડી બેસે છે. પરન્તુ નૌકામાં છિદ્રો દ્વારા પાણી ભરાઇ જવાથી તે નૌકા ડૂબી જાય છે. ત્યારે જળમાં ડૂબતો તે માણસ પ્રાણાન્તિક કષ્ટનો અનુભવ કરે છે. આ પરતીર્થિકોની પણ એવી જ દશા થાય છે ॥૩૧॥

## દષ્ટાન્ત કે દ્વારા સિદ્ધાન્તકા પ્રતિપાદન

હવે સૂત્રકાર ઉપર્યુક્ત દૃષ્ટાન્તને દાર્ષ્ટાન્તિક સાથે જોડીને, જે અર્થ ફલિત થાય છે, તે પ્રકટ કરે છે.-''**एवं तु समणा एगे**'' ઇત્યાદિ -

શબ્દાર્થ -'**एवतुं-एवंतु**' આ પ્રમાણે '**एगे--एके**' કોઇક '**मिच्छद्दिट्ठी--मिथ्यादृष्टयः**' મિથ્યા દૃષ્ટિવાળાઓ '**अणारिया-अनार्याः**' અનાર્ય '**समणा-श्रमणाः**' શ્રમણ '**संसारपारकंखि ते--संसारपारकांक्षिणस्ते**' સંસારથી પાર પહોંચવાની ચાહના કરે છે પરંતુ તેઓ '**संसार--संसारम्**' સંસારમાં '**अणुपरियट्टंति-अनुपर्यटन्ति**' ફરતાં રહે છે. ॥૩૨॥

અન્વયાર્થ –

એજ પ્રમાણે કોઈ કોઇ મિથ્યાદૃષ્ટિ અને અનાર્ય શ્રમણો પણ સંસારસાગરને પાર કરવાની ઇચ્છા કરે છે, પરન્તુ તેમની તે ઇચ્છા સફળ થવાને બદલે તેઓ સંસારમાં જ પરિભ્રમણ કર્યા કરે છે. જેવી રીતે આંધળો માણસ છિદ્રોવાળી નૌકામાં બેસીને નદી અથવા સાગરને પાર જવાની ઇચ્છા કરે છે. પરન્તુ તેને પાર પહોંચી શકવાને બદલે વચ્ચેજ વિપત્તિમાં ફસાઈ જાય છે-ડૂબી જાય છે. એજ પ્રકારે તે જન્માન્ધના જેવાં

મિથ્યાદૃષ્ટિ અનાર્ય શ્રમણો પણ પોતાના દર્શનરૂપી નૌકામાં બેસીને સંસારસાગરને પાર કરવાની–મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે. પરન્તુ ચાર પ્રકારના કાર્યોથી કર્મનો ઉપચય થતો નથી, એવી ખોટી માન્યતાને કારણે ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. એટલે કે સંસારમાંજ વારંવાર જન્મ, જરા, મરણ, વ્યાધિ આદિ જન્ય કલેશોનો અનુભવ કરતાથકા અનન્તકાળ સુધી ભટકતા રહે છે. તેઓ કદી પણ મોક્ષ રૂપ પરમ સુખની પ્રાપ્તિ કરીશકતા નથી. કાર્ય, કારણને અનુરૂપ જ હોય છે. આ નિયમ અનુસાર શાસ્ત્ર સદુપદેશ દેવામાંજ કારણભૂત થવું જોઈએ. ॥૩૨॥

– ટીકાર્થ –

જે શાસ્ત્ર સર્વજ્ઞ દ્વારા પ્રણીત હોય છે. તે સમસ્ત દોષોથી રહિત હોવાને કારણે પદાર્થોની સત્ય પ્રરૂપણા કરે છે, અને પુરુષ ને અહિંસા આદિના માર્ગે પ્રવૃત્ત કરે છે, તે કારણે તે મોક્ષ પ્રદાન કરવાને સમર્થ હોયછે. પરન્તુ જે શાસ્ત્રમાં હિંસાનો જ ઉપદેશ વિદ્યમાન હોય, તે શાસ્ત્રને આધારે મોક્ષ પ્રાપ્ત કરવાનું કેવી રીતે સંભવી શકે ?

બૌદ્ધ આદિ પરતીર્થિકોનાં શાસ્ત્ર હિંસા પ્રધાન કર્મનો ઉપદેશ આપે છે. એવા શાસ્ત્રોમાં અનુરાગ રાખનારને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? એવાં શસ્ત્રોનો આશ્રય લેનાર માણસો ભૂતકાળમાં પણ ભવભ્રમણ કરતા હતા વર્તમાનમાં કરે છે. અને ભવિષ્ય-માં પણ કરશે આ પ્રકારે તેઓ કદી પણ સંસાર બંધનમાંથી છુટકારો મેળવી શકતા નથી.

॥ સમય નામના પહેલા અધ્યયનનો બીજો ઉદ્દેશક સમાપ્ત ॥

## મિથ્યાદષ્ટિયોં કે આચારદોષકા કથન

ત્રીજા ઉદ્દેશાનો પ્રારંભ–

બીજો ઉદ્દેશક પૂરો થયો હવે ત્રીજા ઉદ્દેશકનો આરંભ થાય છે બીજા ઉદ્દેશક સાથે તેનો સંબંધ આ પ્રકારનો છે પહેલા ઉદ્દેશકમાં સ્વસમય (જૈન સિદ્ધાંત) અને પરસમય (જૈન સિવાયના સિદ્ધાંતો) ની પ્રરૂપણા કરવામાં આવી છે આ ઉદ્દેશકમાં પણ એજ વિષયનું નિરૂપણ ચાલૂ છે. બીજા ઉદ્દેશકમાં મિથ્યાદૃષ્ટિઓના દોષોપ્રકટ કરવામાં આવ્યા આ ઉદ્દેશકમાં પણ તેમના આચારના દોષો બતાવવામાં આવશે બીજા ઉદ્દેશક સાથે ત્રીજા ઉદ્દેશકનો આ પ્રકારનો સંબંધ સમજવો આ ત્રીજા ઉદ્દેશકનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે

'**जं किंचि उ**' ઇત્યાદિ

શબ્દાર્થ—'जं किंचि उ-यत् किंचित्तु' થોડું પણ 'पुईकडं पूतिकृतम्' આધાકર્માદિ આહારની સીથથી પણ મિશ્ર હોય તેવો આહાર અશુદ્ધ છે. 'सड्ढी-श्रद्धावता' શ્રદ્ધાવાન્ પુરુષને 'आगंतुमीहियं-आगन्तुकेभ्य ईहितम्' આવવા વાળા મુનિઓને માટે બનાવેલ હોય એવા આહારનું 'सहस्संतरियं-सहस्रान्तरितम्' હજાર ઘરનું અંતર થયુહોય તો પણ 'भुंजे-भुञ्जित' ખાય છે, તો તે 'दुपक्खं चेव-द्विपक्षं चैव' ગૃહસ્થી અને સાધુ બન્ને પક્ષનું 'सेवई-सेवते' સેવન કરે છે. ॥ ૧ ॥

– અન્વયાર્થ –

જે આહારનો અલ્પમાં અલ્પ ભાગ પણ પૂતિકૃત હોય - એટલે કે આધાકર્મ આદિ દોષયુક્ત આહારના એક કણુથી પણ મિશ્રિત હોય, જે આહાર સાક્ષત્ આધાંકર્મી ન હોય અને જે આહાર કોઇ અન્ય મુનિઓને નિમિત્તે કોઇ શ્રદ્ધાળુ ગૃહસ્થ વડે તૈયાર કરાવવામાં આવ્યો હોય, એવા આહાર નીસીથમાત્ર પણ સહસ્રાન્તરિત હોય (એક ઘેરથી બીજા ઘરે. બીજાથી ત્રીજા ઘરે એમ હજારમાં ઘરે ચાલ્યો ગયો હોય ) છતાં પણ કોઈ મુનિ જો તેનો ઉપભોગ કરે તો તે બન્ને પક્ષોનું સેવન કરે છે, એટલે કે સાધુ અને ગૃહસ્થ પક્ષનું સેવન કરે છે. તે સાધુ હોવા છતાં પણ ગૃહસ્થની સમાનજ એટલે કે તે સાધુપક્ષ જનિત અને ગૃહસ્થ પક્ષ જનિત દોષનો ભાગી બને છે.

ટીકાર્થ –

આ કથનનો ભાવાર્થ એ છે કે જે આહાર કોઈ શ્રદ્ધાલુ શ્રાવકે સાધુઓને નિમિ-તે બનાવ્યો હોય એવા આહારનો એક કણ પણ જે આહારમાં ભળેલો હોય એવો આહાર સહસ્રાન્તરિત હજાર ઘેર લઇ જવાયો હોય તો પણ એવા આહારનો ઉપભોગ કરનાર સાધુને પણ જો સાધુ અને ગૃહસ્થ, આ બન્ને પક્ષાશ્રિત દોષ લાગે છે, તો જે સાધુઓ પોતાને માટે પોતાની જાતે જ આહાર બનાવીને ખાય છે, તેમની તો વાત જ શી કરવી ! ॥ ૧ ॥

## આધાકર્મી આદિ આહાર કો લેનેવાલેકે વિષયમેં મત્સ્ય કા દ્રષ્ટાન્ત

આધાકર્મ દોષયુકત આહાર ની સીથમાત્રનું સેવન કરનાર સાધુઓને કેવું ફળ ભોગવવું પડે છે, તે હવેની બે ગાથાઓમાં દૃષ્ટાન્ત દઈને સમજાવવામાં આવે છે "उदगस्स" ઇત્યાદિ–

શબ્દાર્થ—'तमेव-तमेव' એ આધાકર્મિક આહારના દોષોને 'अवियाणंता-अविजानन्तः' નહીં જાણતા 'विसमंसि अकोविया-विषमे अकोविदाः' અષ્ટવિધ કર્મના જ્ઞાનમાં અથવા સંસારના જ્ઞાનમાં અનિપુણ પુરૂષ 'दुही-दुःखिनः' બહુ દુઃખી થાય છે. 'वेसालिया-मच्छा-वैशालिकाः मत्स्याः' વૈશાલી જાતીના મત્સ્ય 'उदगस्साभियागमे-उदकस्याभ्यागमे' પાણીની રેલ (પુર) આવવાના સમયે 'उदगस्स पभावेण—उदकस्य प्रभावेण'

પાણીના પ્રભાવથી '**सुक्कं-शुष्क**' સુકાયેલા તથા **सिद्धं-स्निग्ध**' પલળેલા '**तं-तम्' ते** તે કિનારા ને '**इंति-यान्ति**' પ્રાપ્ત કરે છે કે જ્યાં '**आमिसत्थेहिं-आमिषार्थिभिः**' માંસાહારી '**ढंकेहि य कंकेहिय-ढङ्कैः कङ्कैश्च**' ઢંક અને કંક પક્ષી દ્વારા'**दुहो-दुखिनः**' દુઃખી થાય છે. તેવીજ રીતે આધાકર્મ આહારની એક સીથમાત્રનું સેવન કરવાવાળા દુઃખી થાય છે.॥૨ ૩॥

સૂત્રાર્થ- જે અકુશલ મુનિ આધાકર્મ દોષયુકત આહારના દોષને જાણતો નથી, તે આઠ પ્રકારના કર્મબન્ધના વિષયમાં અથવા ચાર ગતિવાળા સંસારના વિષયમાં વિશાલ નામના માછલાના સમાન દુઃખી થાય છે. ॥૨॥

– ટીકાર્થ –

જેવી રીતે વિશાલ નામનો મત્સ્ય સમુદ્રના મોજાઓ વડે ધકેલાઇને કિનારા પરના સૂકા અથવા કાંચડ યુક્ત સ્થાન પર લઇ જવાય છે, અને ત્યાં ઢંક, કંક આદિ માંસાહારી પક્ષીઓ તેના શરીરમાંથી માંસ ઠોલી ખાય છે અને તે કારણે તે મત્સ્ય અત્યન્ત વેદનાનો અનુભવ કરે છે, એજ પ્રમાણે આધાકર્મ આહારની સીથ માત્ર શુદ્ધ આહાર સાથે સેવન કરનાર સાધુને પણ સંસારમાં ભ્રમણ કરવું પડે છે અને અત્યન્ત કલેશનો અનુભવ કરવો પડે છે, ॥ ૨॥૩॥

## દૃષ્ટાન્ત કહકર સિદ્ધાંત કા પ્રતિપાદન

ઉપર્યુક્તદૃષ્ટાન્ત દ્વારા જે વાત ફલિત થાય છે. તેનું આ દાર્ષ્ટાન્તિક સૂત્રમાં નિરૂપણ કરવામાં આવે છે "**एवं तु समणा**" ઇત્યાદિ

શબ્દાર્થ –'**एवंतु एवंतु**' આ રીતે '**वट्टमाणसुहेसिणा वर्तमानसुखैषिणः**' વર્તમાન સુખની ઇચ્છા કરવાવાળા '**एगे समणा एके श्रमणाः**' કોઈ શાકય શ્રમણ '**वेसालिया मच्छाचेव-वैशालिकाः मत्स्याइव**' વૈશાલિક જાતના મત્સ્યો–માછલાઓની જેમ '**णंतसो-अनन्तशः**' અનંત વાર **घायमेस्संति-घातमेष्यन्ति**' વિનાશ પ્રાપ્ત કરશે ॥૪॥

સૂત્રાર્થ –

એજ પ્રમાણે ભવિષ્યની ચિન્તા, ન કરનારા અને વર્તમાન કાલિક સુખની જ અભિલાષાવાળા શાક્યાદિ બૌદ્ધ ભિક્ષુઓ, અને આધાકર્માદિ દોષયુકત આહાર નીસીથમાત્રનું સેવન કરનારા સ્વયૂથિકો (જૈન સાધુએ) વૈશાલિક જાતના મત્સ્યોની જેમ સંસારમાં અનેક યાતાના ઓ સહન કરે છે. અને તે દુઃખને એક જ વાર ભોગવીને તેઓ તેમાંથી છુટકારો પામતા નથી, પરન્તુ રહેંટની જેમ તેઓ વારં વાર સંસાર સાગરમાં ડૂબાતા રહેશે તેઓ સંસાર સાગરને તરી શકશે નહીં. અર્થ સ્પષ્ટ હોવાથી ટીકાર્થ આપ્યો નથી ॥૩॥

આધાકર્મ આદિ દોષયુક્ત આહારના સેવન કરવાના દોષો અને તેને કારણે પ્રાપ્ત થતા ફળની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર જગત્‌ની ઉત્પત્તિ વિષે જુદા જુદા જે મતો ચાલે છે તે પ્રકટ કરે છે **इणमन्नं तु** " ઇત્યાદિ

શબ્દાર્થ—**'इह–इहस्मिन्'** આ લોકમાં **'एगेसिं–एकेषां'** કોઈ કોઇના મતમાં **'इणम्-इदम्'** આ આગળ કહેવામાં આવનાર **'अन्नं तु–अन्य-तु'** બીજુ જ **अन्नाणं -अज्ञानम्'** અજ્ઞાન છે એવું **'आहियं–आख्यातम्'** કહેલ છે. **'अयं–अयम्'** આ **'लोए–लोकः'** સંસાર **'देवउत्ते–देवोप्तः'** કોઈ દેવના દ્વારા ઉત્પન્ન કરેલ છે. ॥૫॥

– સૂત્રાર્થ –

આ લોકની ઉત્પત્તિનાવિષયમાં કેટલાક અજ્ઞાનીઓ એવી માન્યતા ધરાવે છે કે જડ ચેતનના સમૂહ રૂપ આ લોકની ઉત્પત્તિ કોઇ દેવ દ્વારા કરવામાં આવી છે જેવી રીતે ખેડૂત પોતાના ખેતરમાં ધાન્યાદિ ઉત્પન્ન કરે છે, એજ રીતે કોઇ દેવે આ સૃષ્ટિની ઉત્પત્તિ કરી છે કોઈ કોઇ લોકો એવું માને છે કે બ્રહ્માએ આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. ॥૫॥

—ટીકાર્થ—

કેટલાક મતવાદીઓ એવું માને છે કે સૃષ્ટિની ઉત્પત્તિ થયા પહેલાં માત્ર બ્રહ્માનું જ અસ્તિત્વ હતું. તેમણે સૃષ્ટિનું સર્જન કર્યું, પહેલાં આકાશ આદિની રચના કરી. ત્યાર બાદ મનુષ્ય પર્યંતના સઘળા પદાર્થો બનાવ્યા. કહ્યું પણ છે કે– **"ततः स्वयंम्भू र्भगवान"** ઇત્યાદિ

"પહેલાં હિરણ્યગર્ભ (બ્રહ્મા) જ હતાં." તથા "તેમણે જોયુ" અને "તેમણે તેજની સૃષ્ટિ કરી" ઇત્યાદિ આ રીતે બ્રહ્માએ જ આખા જગતનું સર્જન કર્યું છે, એવી માન્યતા કેટલાક લોકો ધરાવે છે. ॥ ૫ ॥

હવે સૃષ્ટિની ઉત્પત્તિના વિષયમાં કેટલાક લોકોની જે બીજી માન્યતા છે તે સૂત્રકાર પ્રગટ કરે છે– **"ईसरेण"** ઇત્યાદિ–

શબ્દાર્થ –**'जीवाजीवसमाउत्ते–जीवाजीवसमायुक्तः'** જીવ અને અજીવ થીયુક્ત તથા **'सुहदुक्खसमन्निए–सुखदुखसमन्वितः'** સુખ અને દુઃખથી યુક્ત **'लोए–लोकः'** આ લોક (સંસાર) **'ईसरेण कडे–ईश्वरेण कृत.'** ઇશ્વિર કૃત છે એવું કોઈ કહે છે, **'तहा-तथा'** તથા **'अवरे–अपरे'** બીજા કોઈ **'पहाणाई–प्रधानादिः'** પ્રધાન વિગેરે કૃત છે, અર્થાત પ્રકૃતિથીજ ઉત્પન્ન થાય છે એવું કહે છે. ॥૬॥

સૂત્રાર્થ-જીવ અને અજીવથી અને સુખદુઃખથી યુક્ત એવા આ લોકને ઇશ્વરે

ઉત્પન્ન કર્યા છે, એવું કેટલાક લોકો માને છે. ત્યારે કેટલાક લોકો એવું માને છે કે પ્રકૃતિ આદિ દ્વારા આ લોકની રચના થઈ છે ॥ ૬ ॥

–ટીકાર્થ–

જીવ અને અજીવથી યુક્ત, સુખ અને દુઃખમય, સ્વર્ગ, નરક આદિ ગતિઓથી યુક્ત, જન્મ, જરા, મરણ, વ્યાધિ આદિના બન્ધનોથી યુક્ત એવા આ લોકની ઈશ્વર દ્વારા ઉત્પત્તિ કરવામાં આવી છે આ કથન દ્વારા નૈયાયિકો અને વેદાન્તીઓની માન્યતા પ્રગટ કરવામાં આવી છે.

વેદાન્તીઓ ઈશ્વરને જ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ માને છે. **"यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति" "एतदात्म्यमिदं सर्वम्," सच्चत्यच्चाऽभवत्** ઇત્યાદિ શ્રુતિવાકયો વડે, તથા **"जन्माद्यस्य यतः"** ઇત્યાદિ બ્રહ્મસૂત્રો અનુસાર તેઓ ઈશ્વરને જગતનું ઉપાદાન કારણ માને છે, આ વાકયોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે– ઈશ્વરના દ્વારાજ ભૂતોની ઉત્પત્તિ થાય છે, ઉત્પન્ન થયેલા ભૂત જીવિત રહે છે, અને તેને કારણે અભિસંવેશ કરે છે. અહીં જે કંઈ પણ છે તે એજ બ્રહ્મરૂપ અથવા ઈશ્વરરૂપ છે, પૃથ્વી, જળ અને તેજરૂપ પ્રત્યક્ષ તત્વો અને વાયુ આકાશરૂપ અપ્રત્યક્ષ તત્વોનો સર્જક એજ ઈશ્વર છે. માયાયુકત ચેતનસ્વરૂપ ઈશ્વર જગતનું ઉપાદાન કારણ છે. તથા **"तदैक्षत, तत्सृष्ट्वा तदेवानुप्राविशत, एकोऽहं बहुस्यां प्रजायेय"** ઇત્યાદિ શ્રુતિઓના પ્રમાણ વડે પણ એજ વાત સિદ્ધ થાય છે. તથા ઈશ્વર જગતનો કર્તા છે, કારણ કે તે ચેતન છે, જે ચેતન હોય છે તે કર્તા હોય છે, જેમ કે કુંભાર આ તર્કને આધારે પણ વેદાન્તીઓ ઈશ્વરને જગત્‌ની ઉત્પત્તિમાં કર્તારૂપ કારણ માને છે. નૈયાયિકો પર્વત, સમુદ્ર આદિ રૂપ જગતનું ઉપાદાન કારણ (જેનું બીજુ નામ સમવાયિકારણ છે) પરમાણુંને માને છે તેમની માન્યતા પ્રમાણે પરમાણુંઓનો સંયોગ અસમવાયિ કારણ છે, અને અદૃષ્ટ, દેશ, કાળ, પરમેશ્વર આદિ નિમિત્ત કારણો છે. સમવાયિ કારણ પરમાણું, જીવના અદૃષ્ટ આદિને લઈને તથા ચેતન હોવાને કારણે પોતેજ કર્તૃત્વ ધારણ કરીને ઈશ્વર સંપૂર્ણ સૃષ્ટિની રચના કરે છે. ઈશ્વર ચેતન સ્વરૂપ હોવાને કારણે જગત્‌નો કર્તા જ છે, પણ ઉપાદાન કારણ નથી. સમવાયિ કારણમાં જે ગુણો મોજૂદ હોય છે, તે પોતાના સમાન જાતીય બીજા ગુણને કાર્યમાં ઉત્પન્ન કરે છે, એવો નિયમ છે, આ નિયમ પ્રમાણે જો ઈશ્વર જગત્‌ના સમવાયિકારણ રૂપ હોત, તો ઈશ્વરમાં વિદ્યમાન જ્ઞાન ગુણોનો પણ જગત્‌માં સદ્‌ભાવ હોત. પરન્તુ જગત્‌માં ચેતના તો દેખાતી નથી. તેથી ઈશ્વર જગત્‌ના સમવાયિ કારણરૂપ નથી, પરન્તુ તે

કુંભાર આદિની જેમ નિમિત્ત કારણ જ છે. નિમિત્તકારણ સાત પ્રકારનું હોય છે— (૧) કર્ત્તા (૨) કર્મ, (૩) કરણ, (૪) સંપ્રદાન, (૫) અપાદાન, (૬) સંબંધ અને (૭) અધિકરણ. આ સાતમાંથી ઇશ્વર જગતના કર્તારૂપ કારણ છે. ઈશ્વરના જગત કર્તૃત્ત્વમાં અનુમાન પ્રમાણનું પ્રતિપાદન કરવામાં આવે છે—

પૃથ્વી તથા અંકુર આદિ કર્ત્તા દ્વારા જન્ય છે, કારણ કે તેઓ કાર્યરૂપ છે. એવો નિયમ છે કે જે કાર્યો હોય છે, તે કર્તૃજન્ય હોય છે. જેવી રીતે ઘડો, અંકુર આદિ કાર્યો છે, કારણ કે તેઓ સાવયવ છે, એજ પ્રમાણે પૃથ્વી આદિ પણ સાવયવ હોવાથી કાર્યરૂપ છે. અને તે કાર્યરૂપ હોવાને કારણે કર્ત્તા દ્વારા ઉત્પન્ન થવા યોગ્ય છે.

આ પ્રકારે નૈયાયિકોનું એવું કથન છે કે યથોકત (આગળ જેનું જેવું સ્વરૂપ પ્રકટ કર્યું છે. એવા) પરમાત્મા દ્વારા યથોકત સ્વરૂપવાળા જગતની ઉત્પત્તિ કરાઈ છે.

હવે સૂત્રકાર સાંખ્યોનો મત પ્રકટ કરે છે--- સાંખ્યોની એવી માન્યતા છે કે ઇશ્વર જગતનું કારણ નથી--- ઇશ્વરે જગત્‌ની રચના કરી નથી. તેમનો એવો તર્ક છે કે શબ્દાદિ જે પ્રપંચ (વિસ્તાર) છે, તે સુખદુઃખ અને મોહથી યુક્ત છે, તેથી આ પ્રપંચનું કારણ પણ સુખદુઃખ, મોહ આદિથી યુક્ત હોવું જોઇએ પ્રધાન અથવા પ્રકૃતિ કાર્યના સમાનજ છે, તેથી તેને જ (પ્રકૃતિનેજ) જગત્‌નું ઉપાદાન કારણ માનવું જોઇએ. સત્વગુણ, રજોગુણ, અને તમોગુણની સમાન અવસ્થાને પ્રધાન અથવા પ્રકૃતિ કહે છે. આ પ્રકૃતિ દ્વારા મહત્‌ (બુદ્ધિ) આદિના ક્રમે આકાશ આદિ પ્રપંચની ઉત્પત્તિ થાય છે. ઇશ્વરકૃષ્ણે એવું કહ્યું કે---

"પ્રકૃતિ વડે મહત્તત્ત્વની, મહત્‌ વડે અહંકારની, અહંકાર વડે સોળ તત્ત્વોની અને એ સોળમાંના પાંચ તન્માત્રાઓ વડે પાંચ ભૂતોની ઉત્પત્તિ થાય છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે પ્રધાન (પ્રકૃતિ) મૂળ કારણ છે. પ્રકૃતિ દ્વારા મહત (બુદ્ધિ) ઉત્પન્ન થાય છે, મહત્‌ વડે અહંકારનો પ્રાદુર્ભાવ (પ્રકટ થવાની ક્રિયા) થાય છે. અહંકાર વડે ૧૧ ઈન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને મન) અને પાંચ તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. આ પ્રાંચ તન્માત્રા ભૂતોના સૂક્ષ્મ રૂપ છે અને નામ છે--- રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ. આ પાંચ તન્માત્રા વડે આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી નામના પાંચ મહાભૂતોની ઉત્પત્તિ થાય છે.

પૃથ્વીમાંથી ઔષધિ, વનસ્પતિ આદિ પેદા થાય છે. પુરુષ (આત્મા) કેવળ ઉદાસીન અને ભોક્તા છે. આ પ્રકારે સઘળાં કાર્યોની સાક્ષાત્‌ અથવા પરંપરા રૂપે પ્રકૃતિ વડે જ ઉત્પત્તિ થાય છે. ગાથામાં "**पहाणाई**" પદમાં પ્રયુક્ત થયેલા "**आदि**" પદ વડે કાળવાદી, સ્વભાવવાદી, નિયતિવાદી આદિને ગ્રહણ કરવામાં આવેલ છે. કાળવાદીઓની માન્યતા અનુસાર આ જીવઅજીવમય તથા સુખદુઃખ મય સંસારનું કારણ કાળ જ છે તેઓ કહે છે કે અમુક પદાર્થ અમુક કાળે જ ઉત્પન્ન થાય છે, અન્ય કાળે ઉત્પન્ન થતો નથી કહ્યું પણ છે કે —', કાળ જ ભૂતોને ઉત્પન્ન કરે છે અને કાળ જ પ્રજાનો સંહાર કરે છે. જ્યારે આપણે ઊંઘી જઇએ છીએ, ત્યારે પણ કાળ જાગૃત જ રહે છે. કાળ દુરતિક્રમ્ય છે તેના આગળ કોઇનું કંઇ ચાલતું નથી,

સ્વભાવવાદીઓ એવું માને છે કે સમસ્ત લોક સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાયો છે.

નિયતિવાદીઓ એવું કહે છે કે સઘળા પદાર્થો નિયતિ દ્વારા જ ઉત્પન્ન થાય છે.

આ પ્રકારે લોકની ઉત્પત્તિના વિષયમાં જુદા જુદા મતવાદીઓની જુદી જુદી માન્યતાઓ છે. ॥ ૫॥

જગતની ઉત્પત્તિના વિષયમાં વધુ એક માન્યતાને સૂત્રકાર હવે પ્રકટ કરે છે" - **'सयंभुणा "** ઇત્યાદિ

શબ્દાર્થ—**'सयंभुणा-स्वयम्भुवा'** વિષ્ણુએ **'लोए-लोकः'** સંસાર **'कडे-कृतः'** કરેલ છે **'मारेण-यमराजेन'** યમરાજાએ **'माया-माया'** માયાશક્તિ **'संथुया-संस्तुता'** રચેલ છે. **'तेण-तेन'** આ કારણે **'लोए-लोकः'** સંસાર **'असासए-अशाश्वतः'** અનિત્ય છે. ॥૭॥

– સૂત્રાર્થ –

"આ લોકની સ્વયંભૂ (વિષ્ણુ ભગવાન્) વડે રચના કરવામાં આવી છે. માર (યમરાજે) દ્વારા માયા (મારક શક્તિ) ની રચના કરવામાં આવી છે. તે કારણે લોક અનિત્ય છે," એવું મહર્ષિએ કહ્યું છે.

કોઈ કોઇ અન્યતીર્થિકો પૌરાણિકો એવું કહે છે કે મહર્ષિએ એવું કહ્યું છે કે આ લોકની રચના વિષ્ણુએ કરી છે. લોકની વ્યવસ્થાને માટે વિષ્ણુએ યમરાજને ઉત્પન્ન કર્યા છે, જે લોકોનો સંહાર કરે છે. તે યમરાજને કારણે જ સચેતનનું મૃત્યુ થાય છે અને અચેતનનો નાશ થાય છે મૃત્યુનો સદ્ભાવ હોવાને કારણે લોક અશાશ્વત છે. જેમની ઉત્પત્તિ થતી હોય અને નાશ પણ થતો હોય, એવી વસ્તુઓને અનિત્ય અથવા અશાશ્વત માનવામાં આવે છે. ॥ ૬ ॥

– ટીકાર્થ –

નૈયાયિક આદિ મતવાદીઓ સિવાયના કેટલાક અન્ય મતવાદીઓ જગતની ઉત્પત્તિના વિષયમાં આ પ્રકારની માન્યતા ધરાવે છે

" જે સ્વયં પ્રકટ થાય છે પોતાનાથી ભિન્ન એવા કોઇ પણ અન્ય પદાર્થની અપેક્ષા રાખ્યા વિના જે પ્રકટ થઇ જાય છે, તેને સ્વયંભૂ કહે છે વિષ્ણુને અથવા કમલયોનિ બ્રહ્માને એવાં સ્વયંભૂ કહે છે સૃષ્ટિનું સર્જન થયા પહેલાં એકલા સ્વયંભૂનો જ સદ્ભાવ હતો કોઇ અન્ય વસ્તુને નહીં દેખવાથી, આનંદના સાધનના અભાવને લીધે સ્વયંભૂને આનંદ પ્રાપ્ત થતો નહીં શ્રુતિમાં પણ કહ્યું છે કે "તેમને એકલા ગોઠ્યુ નહી" તેથી તેમણે એવી કોઈ અન્ય વસ્તુની કામના કરી કે જેના દ્વારા આનંદ મળી શકે આ પ્રકારનો વિચાર કર્યો ત્યારે જે બીજી વસ્તુ ઉત્પન્ન થઇ તેનું નામ "શક્તિ" હતું ત્યાર બાદ સ્થાવર અને જંગમોની સૃષ્ટિનું સર્જન થયું, આ પ્રકારનો અમારા પૂર્વાચાર્ય મહર્ષિઓનો મત છે.

શ્રુતિમાં કહ્યું છે કે અમે પૂર્વાચાર્યોની એવી વાત સાંભળીએ છીએ તેમણે જ અમને એવું કહ્યું છે.

આ પ્રકારે સ્વયંભૂવાદીઓ સ્થાવર જંગમ રૂપ આ સંસારના કર્ત્તા સ્વયંભૂને માને છે,

અને લોકોને ઉત્પન્ન કર્યા બાદ જ્યારે તેમના ભારથી તે સ્વયંભૂ (બ્રહ્મા) ભયભીત થઇ ગયા, ત્યારે તેમણે લોકવ્યવસ્થાને માટે યમરાજને ઉત્પન્ન કર્યા. યમરાજે માયા રચી. તે માયાને આગળ કરીને યમરાજ લોકોનો સંહાર કરે છે. શ્રુતિમાં પણ કહ્યું છે કેઃ "**यस्य ब्रह्म च क्षत्रं च**" ઇત્યાદિ—

બ્રાહ્મણ અને ક્ષત્રિય આદિ જેમનું ભોજન છે, અને મૃત્યુ જેમની આગળ શાક–ભાજીના સમાન (તુચ્છ) છે, એવા સ્વયંભૂને કોણ નથી જાણતું ? ઇત્યાદિ સ્વયંભૂવાદીઓનો મત છે. ॥૭॥

જગત્‌ની રચનાના વિષયમાં જે અન્ય મતો ચાલે છે તેમનો નિર્દેશ કરીને સૂત્રકાર આ માન્યતાઓને મિથ્યા કહે છે—"**माहणा समणा**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**एगे–एके**' કોઈ '**माहणा–ब्राह्मणाः**' બ્રાહ્મણ તથા '**समणा–श्रमणाः**' શ્રમણજન '**जगे–जगत्**' આ લોક (સંસાર) '**अंडकडे–अंडकृतम्**' ઇંડામાથી બનેલ '**आह–आहुः**' કહે છે. '**असो–असौ**' આ બ્રહ્માએ '**ततं–तत्त्वम्**' પદાર્થસમૂહને '**अकासी–अकार्षीत्**' બનાવેલ છે. '**आयणंता–अजानन्तः**' વસ્તુતત્ત્વને ન જાણવાવાળા તે બ્રાહ્મણ વગેરે '**मुसं–मृषा**' ખોટું '**वदे–वदन्ति**' કહે છે. ॥૮॥

અન્વયાર્થ–

કોઈ કોઈ બ્રાહ્મણો (વેદવાદીઓ) શ્રમણો ત્રિદંડીઓ અને પૌરાણિકો કહે છે કે જગત ઇંડામાંથી બન્યું છે, અને બ્રહ્માએ પદાર્થસમૂહની રચના કરી છે. આ પ્રમાણે કહેનારા બ્રાહ્મણો આદિ તત્ત્વને નહી જાણવાને કારણે મિથ્યા કથન કરે છે. પદાર્થોની ઉત્પત્તિ વિષેની તેમની માન્યતા મિથ્યા છે. તેઓ અજ્ઞાનને કારણે જ આવું મિથ્યા કથન કરે છે. ॥૮॥

ટીકાર્થ

કોઈ કોઈ બ્રાહ્મણો, શ્રમણો અને પૌરાણિકો કહે છે કેઃ આ જગત્ ઈંડામાંથી ઉત્પન્ન થયું છે તેમની માન્યતા એવી છે કે સૃષ્ટિનું સર્જન થયા પહેલાં વિષ્ણુ સિવાય કોઈ પણ વસ્તુ ન હતી ત્યાર બાદ વિષ્ણુના નાભિકમલમાંથી બ્રહ્મા પ્રગટ થયા. અને બ્રહ્માએ ઇંડાની રચના કરી કહ્યું પણ છેકે - "તે ઇંડુ સૂર્યના સમાન પ્રભાવાળુ અને સોનેરીવર્ણનુ હતું બ્રહ્માએ તે ઈંડાના બે ટુકડા કરી નાખ્યા. આ રીતે ઈંડાના બે વિભાગ પડી

ગયા (૧) ઉર્ધ્વભાગ, (૨) અધોભાગ મધ્યમાં (૧) ભૂ, (૨) ભુંવઃ (૩) સ્વઃ, (૪) મહ; (૫) જન, (૬) તપ અને (૭) સત્ય, આ સાત લોકની તથા (૧) અતલ, (૨) વિતલ (૩) સુતલ, (૪) તલાતલ, (૫) પાતાલ, (૬) મહાપાતાલ અને (૭) રસાતલ નામના સાત અધો લોકની ઉત્પત્તિ થઈ

આ પ્રકારે ૧૪ લોકની ઉત્પત્તિ થઈ ગઇ એજ પ્રમાણે પૃથ્વી, જળ, તેજ વાયુ, આકાશ, સમુદ્ર અને પર્વત આદિ બધાં પદાર્થોની ઉત્પત્તિ થઇ ગઇ કહ્યું પણ છે કે— "સકળ વિશ્વ પહેલાં અંધકારમય હતું, સર્વથા અજ્ઞાન હતું, તેનું કોઇ લક્ષણ ન હતું તર્ક દ્વારા પણ તેને વિષે કંઇ જાણી શકાતુ નહીં, અજ્ઞેય હતું અને ચારે તરફ સર્વથા સૂક્ષ્મ શૂન્ય જેવું હતું.

બ્રહ્માએ આ પ્રકારે ઈંડાથી શરૂઆત કરીને ક્રમ ક્રમે સઘળા પદાર્થોની રચના કરી પરન્તુ તે બ્રાહ્મણો, શ્રમણો, પૌરાણિકો અને સ્મૃત્તિના અનુયાયીઓ વાસ્તવિક તત્ત્વથી અજ્ઞાત હોવાને કારણે મિથ્યા કથન જ કરે છે. વસ્તુસ્વરૂપ જુદા જ પ્રકારનું છે. પણ તેઓ તેમના અજ્ઞાનને કારણે ઉપર્યુક્ત માન્યતાને સાચી માને છે. ॥ ૮ ॥

## દેવકૃત જગદ્વાદિયોં કે મતકા નિરસન

હવે જગતને દેવકૃત માનનારા લોકોના મતનું ખંડન કરવામાં આવે છે—
"**सएहिं**" ઇત્યાદિ—

શબ્દાર્થ—**सएहिं'-स्वकैः**' આપણા '**परियाएहिं-पर्यायैः**' અભિપ્રાયથી '**लोयं-लोकं**' સંસારને **कडेत्तिय-कृतमिति**' કરેલ છે તેમ '**बूया-अब्रुवन्**' કહે છે '**ते-ते**' તેઓ '**तत्तं-तत्वं**' વસ્તુ સ્વરૂપને '**ण वियाणंति-न विजानन्ति**' જાણતા નથી. આ લોક '**कयाइवि-कदाचिदपि**' ક્યારે પણ '**ण विणासी-न विनाशी**' વિનાશશીલ નથી. ॥૯॥

- સૂત્રાર્થ -

તે અન્ય મતવાદીઓ પોતપોતાના મત પ્રમાણે જગતને બ્રહ્મા આદિ દ્વારા રચિત માને છે. તેમને વાસ્તવિકતાનું જ્ઞાન નથી. વાસ્તવિક પરિસ્થિતિ તો એ છે કે લોક વિનાશશીલ નથી પરન્તુ નિત્ય જ છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે કોઇ આ લોકોને દેવ દ્વારા રચિત કહે છે, કોઇ ઇશ્વર દ્વારા રચિત કહે છે. ઇત્યાદિ અનેક માન્યતાઓ ચાલે છે. પરન્તુ આ પ્રકારની માન્યતા ધરાવનાર લોકો વાસ્તવિક પરિસ્થિતિથી અનભિજ્ઞ છે. તેમને વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન નથી. કારણ કે આ લોકનો નિરન્વય (સમૂળ) વિનાશ કદી પણ થતો નથી, પર્યાય રૂપે ક્ષણે ક્ષણે પરિવર્તન પામવા છતાં પણ દ્રવ્ય રૂપે તો તેનો કદી નાશ થતો નથી. એટલે કે લોકનું અસ્તિત્વ કાયમ ટકી રહે છે.

ટીકાર્થ—

પૂર્વોક્ત અન્ય તીર્થિકો જગતની ઉત્પત્તિના વિષયમાં પોત પોતાની ઇચ્છા અનુસાર

માન્યતાઓ પ્રકટ કરે છે. કોઇ એમ માને છે. કે આ લોક બ્રહ્માએ બનાવ્યો છે. કોઈ કહે છે કે પરમેશ્વરે તેની ઉત્પત્તિ કરી છે, એજ પ્રમાણે કાળ, સ્વભાવ, નિયતિ આદિ દ્વારા પણ આ લોકની ઉત્પત્તિ થયાનુ માને છે. ત્યારે કોઇ કોઈ લોકો એવું પણ કહે છે કે સ્વયંભૂએ આ સૃષ્ટિની રચના કરી છે અને સ્વયંભૂ દ્વારા નિર્મિત યમરાજ પોતાની માયા દ્વારા લોકોનો સંહાર કરે છે. કોઇ કહે છે કે બ્રહ્માએ ઇંડામાંથી આ લોકથી ઉત્પ-ત્તિ કરી છે.

આ દરેક મતવાદીઓ યુક્તિઓ દ્વારા એવું પ્રતિપાદન કરે છે કે પોતાનો મતજ સાચો છે. અને બીજાનો મત ખોટો છે પરન્તુ આ પ્રકારનું પ્રતિપાદન કરનારા તે મતવાદીઓ વાસ્તવિક વસ્તુસ્વરૂપને જાણતા નથી. આ લોક દ્રવ્યની અપેક્ષાએ કદી પણ સર્વથા નષ્ટ થતો નથી, એવું શાસ્ત્રકારો કહે છે. એવી પરિસ્થિતિમાં તેનો સર્વથા વિનાશ માનનારા લોકો તેના યથાર્થ સ્વરૂપથી અજ્ઞાત જ હોવાને કારણે તેને અશાશ્વત કહે છે,

આ લોક ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ તેનું અસ્તિત્વ રહેવાનું જ છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ તેનું અસ્તિત્વ ત્રણે કાળમાં રહે છે. જો કે પર્યાય રૂપે તેનો પ્રતિક્ષણ વિનાશ થતો રહે છે, પરન્તુ તેનો નિરન્વય (સંપૂર્ણ) વિનાશ થવાની વાત માની શકાય તેમ નથી. એવી સ્થિતિમાં લોકને દેવકૃત આદિ કહેવો, તે બરાબર નથી. એવું કહેવા પાછળ કોઇ પ્રમાણ પણ વિદ્યમાન નથી. અપ્રમાણિક વચનમાં કોણ શ્રદ્ધા રાખે? વળી આ માન્યતા ધરાવનાર લોકો અમારા આ પ્રશ્નોનો જવાબ આપે. જો લોક દેવકૃત હોય તો શું દેવ સ્વયં ઉત્પન્ન થઇને લોકને ઉત્પન્ન કરે છે? કે ઉત્પન્ન થયા વિના લોકને ઉત્પન્ન કરે છે ? અનુત્પન્ન દેવ લોકને ઉત્પન્ન કરી શકે છે" આ વાત સ્વીકાર્ય નથી, કારણકે અનુત્પન્ન દેવ આકાશપુષ્પની જેમ અસત્ (આવિદ્યમાંન) હોવાથી લોકનો જનક સંભવી શકે નહીં. "(દેવ સ્વયં ઉત્પન્ન થઇને લોકને ઉત્પન્ન કરે છે)" આ પહેલો પક્ષ પણ સ્વીકારી શકાય તેમ નથી, કારણ કે, તે માન્યતા સ્વીકારવામાં નીચેના વિકલ્પો (પ્રશ્નો) ઉદ્ભવે છે, જે આ પક્ષનો સ્વીકાર કરવમાં આડા આવે છે.

જો તે દેવ ઉત્પન્ન થઇને જગતની રચના કરતો હોય, તો તે સ્વતઃ (જાતે જ) ઉત્પન્ન થાય છે, કે અન્યના દ્વારા ઉત્પન્ન થાય છે? જો દેવ પોતાની જાતે જ ઉત્પન્ન થતો હોય તો લોક પણ તેની જેમ જાતે જ કેમ ઉત્પન્ન કેમ ન થાય ? તેની ઉત્પત્તિ માટે દેવની

જરૂર જ શી છે? જો તે દેવ અન્ય કોઈના દ્વારા ઉત્પન્ન થઈને લોકની ઉત્પત્તિ કરતો હોય, તો અનવસ્થા દોષનો પ્રસંગ ઉપસ્થિત થઇ જશે. એટલે કે દેવને ઉત્પન્ન કરનાર કોઇ અન્ય (વ્યક્તિ) હોય, તો તે અન્ય (વ્યક્તિ) ને ઉત્પન્ન કરનાર પણ કોઈ અન્યનો સદ્ભાવ હોવો જ જોઇએ. વળી તે અન્યનો ઉત્પાદક પણ વળી બીજો કોઈ હોવો જ જોઇએ. આ પ્રકારે કલ્પનાનો કદી અન્તજ નહીં આવે. જો આપ એવી દલીલ કરતા હો કે તે દેવ અનાદિકાલીન છે, તો જગતને પણ અનાદી માનવમાં શો વાંધો છે?

વળી જગતને ઉત્પન્ન કરનારો તે દેવ નિત્ય છે કે અનિત્ય? જો તે નિત્ય હોય તો ક્રમે ક્રમે અથવા એક સાથે અર્થક્રિયા કરી શકે નહીં ક્રમે ક્રમે એટલે એક પછી એક અર્થક્રિયા કરે તો અનવસ્થા દોષનો પ્રસંગ પ્રાપ્ત થશે. જો બધી ક્રિયાઓ એકસાથે કરે છે એવું માની લો તો બીજી ક્ષણે તે દેવ અર્થક્રિયાથી વિહીન બની જશે. અર્થક્રિયાથી જે શૂન્ય હોય છે, તે આકાશપુષ્પની જેમ અસત્ હોય છે. જો દેવને અનિત્ય માનવામાં આવે, તો એવો અનિત્ય દેવ અન્યને ઉત્પન્ન કરવાની ચિંતાજ શા માટે કરે? કારણકે સૃષ્ટિની ઉત્પત્તિ કર્યા બાદ તેનો પોતાનો જ અભાવ થઇ જવાનો છે.

વળી અમારો એવો પ્રશ્ન છે કે તે દેવ મૂર્ત્ત છે, કે અમૂર્ત છે. જો તે અમૂર્ત હોય તો આકાશની જેમ કોઈ પણ પ્રકારે જગતનો કર્ત્તા સંભવી શકે નહીં. એટલે કે જેવી રીતે આકાશ અમૂર્ત્ત હોવાને કારણે કોઇ પણ પદાર્થનું કર્ત્તા નથી, એજ પ્રમાણે અમૂર્ત્ત દેવ પણ કોઈનો કર્ત્તા હોય શકે નહીં. જો દેવને મૂર્ત્ત માનવામાં આવે, તો આપણા જેવોજ હોવાને કારણે સમસ્ત લોકનો કર્તા હોઇ શકે નહીં. આ પ્રકારની દલીલો દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે જગત દેવકૃત હોઇ શકે નહીં. આ પ્રકારે જગતને દેવકૃત માનનાર લોકોના મતનું ખંડન થઇ જાય છે. એજ પ્રમાણે આ જગતને બ્રહ્મકૃત અથવા ઇશ્વરકૃત પણ માની શકાય નહીં. આ રીતે તો આ જગત અનાદી કાળથી ચાલ્યું આવે છે. આત્મા અને આકાશ આદિ ને જેમ કોઈ કર્ત્તાની આવશ્યકતા રહેતી નથી. એજ પ્રમાણે આ લોકને પણ કોઇ કર્ત્તાની આવશ્યકતા જ નથી. પૃથ્વી અંકુર આદિ કર્ત્તા દ્વારા જન્ય છે, કારણકે તેઓ કાર્યરૂપ છે," આ અનુમાનને આધારે ઇશ્વરને જગતનો કર્ત્તા માનવો, તે પણ અનુચિત જ છે. કારણકે ઇશ્વરના કર્તૃત્વ સાધક કાર્યત્વ હેતુમાં મેઘમાલા આદિને કારણે અસંગતતાનો પ્રસંગ આવે છે. મેઘમાળા આદિમાં કાર્યત્વ હેતુ રહે છે, પરન્તુ તે કોઈ કર્ત્તા દ્વારા બનાવેલા હોતા નથી, જો મેઘમાળાને પણ કતૃજન્ય માનો તો જેવી રીતે ઘટનો કર્ત્તા કુંભાર દેખાય છે, તેમ મેઘમાળાનો કર્ત્તા પણ દેખાવો જોઇએ. પરન્તુ કોઈ કર્ત્તા દેખાતો નથી. તેથી તેનો કોઈ કર્ત્તાજ નથી, એ સિદ્ધ થાય છે. તેથી મેઘમાસ આદિમાં કાર્યત્વ હેતુ વ્યભિચારી (અસંગત) સિદ્ધ થાય છે.

વળી એવો નિયમ છે કે જે કોઇ કર્ત્તા હોય છે, તે સશરીર (મૂર્ત્ત) જ હોય છે. જેમકે ઘડાનો કર્ત્તા કુંભાર શરીરથી યુકત જ હોય છે. તેથી જો ઇશ્વર જગતનો કર્ત્તા હોય, તો તે પણ

શરીરથી યુક્ત જ હોવો જોઇએ જો આપ ઇશ્વરને શરીરયુકત માનો, તો તે માન્યતા આપના શાસ્ત્રોથી વિરૂદ્ધની માન્યતા ગણાશે આપના શાસ્ત્રોમાં કહ્યું છે કે

" ઈશ્વરને શરીર પણ નથી અને ઇન્દ્રિયો પણ નથી ઈશ્વરના સમાન કોઇ નથી અને ઇશ્વરથી મહાન્ પણ કોઇ જ નથી તે સર્વ શક્તિમાન છે તેની અંદર જે જ્ઞાન, બળ અને ક્રિયા છે, તે સ્વાભાવિક છે" ઇત્યાદિ કથન દ્વારા ઇશ્વરમાં શરીર આદિનો અભાવ બતાવ્યો છે

શરીરયુકતતા કર્તૃત્વના વ્યાપક રૂપ હોય છે આ નિયમ કુંભાર આદિમાં સિદ્ધ થાય છે. જો ઇશ્વરમાં શરીરયુકતતાનો અભાવ છે, તો કર્તૃત્વ પણ સંભવી શકે નહીં, આ પ્રકારે એ વાત સિદ્ધ થાય છે કે ઇશ્વર પણ લોકનો કર્ત્તા નથી.

જો ઇશ્વરને તમે સશરીર માનતા હો, તો તેમનું શરીર દ્દશ્ય છે કે અદૃશ્ય જો દ્દશ્ય હોય, તો આપણા શરીરની જેમ ઇશ્વરનું શરીર પણ દેખાવું જ જોઇએ પરન્તુ દેખાતું તો નથી જ તેથી તેનું શરીર દ્દશ્ય હોઇ શકે નહીં. તેમના શરીરને અદૃશ્ય, માનવું તે પણ ઉચિત નથી, કારણ કે એવું શરીર પ્રમાણ દ્વારા ઉપલબ્ધ થતું નથી. શંકા જો ઇશ્વર કર્ત્તા ન હોય, તો કાર્યત્વ અને કર્તૃત્વ અને કર્તૃત્વની વ્યાપ્તિ કે જે ઘટાદિમાં દૃષ્ટિગોચર થાય છે, તે કેવી રીતે સંગત હોઇ શકે ?

સમાધાન–આ શંકા અસ્થાને છે, કાર્યત્વ હેતુ વડે પર્વત, સમુદ્ર આદિમાં સામાન્ય રૂપે સકારણતા સિદ્ધ થાય છે એટલે કે પર્વત આદિ કાર્ય છે, તો તેમનું કોઇ કારણ હોવું જોઇએ, એટલું જ સિદ્ધ થાય છે. તેના દ્વારા એ સિદ્ધ થતું નથી કે ઇશ્વર જ તેના કર્ત્તા હોવા જોઇએ કાર્યની કોઇ પણ કારણની સાથે વ્યાપ્તિ હોય છે. પરન્તુ અમુક કારણની સાથે જ વ્યાપ્તિ હોવી જોઇએ એવો નિયમ નથી અહીં તે સામાન્ય સકારણતા વ્યભિચરિત નથી.

ઘટ આદિ કાર્ય અનિત્ય દેખાય છે, અને ગિરિ, સમુદ્ર આદિમાં પણ કાર્યત્વ છે, તેથી અનિત્યત્વ પણ હોવું જોઇએ, એવું કથન ઉચિત નથી અમે કથંચિત્ ( અમુક દૃષ્ટિએ અનિત્યતાનો સ્વીકાર જ કર્યો છે. પરન્તુ તેનો નિરન્વય ( સમૂળો ) વિનાશ અમે સ્વીકારતા

નથી પર્યાયની અપેક્ષાએ સઘળા પદાર્થો અનિત્ય છે, પરન્તુ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. હેમચન્દ્રાચાર્યે કહ્યું છે કે દીપકથી લઇને આકાશ પર્યન્તની સઘળી વસ્તુઓ સમાન સ્વભાવવાળી છે એટલે કે તે વસ્તુઓને એકાન્તતઃ નિત્ય કે અનિત્ય માનવામાં આવી નથી, પરન્તુ અમુક અપેક્ષાએ નિત્ય અને અમુક અપેક્ષાએ અનિત્ય માનવામાં આવેલ છે, કારણ કે કોઇ પણ વસ્તુ સ્યાદ્વાદની મુદ્રા ( છાપ ) નું ઉલ્લંઘન કરી શકતી નથી એવી પરિસ્થિતિમાં આકાશ આદિ કોઇ કોઇ પદાર્થોને નિત્ય કહેવા અને દીપક આદિને અનિત્ય કહેવા તે હે જિનેન્દ્ર આપની આજ્ઞાના–આગમના દ્વેષ કરનારનો પ્રલાપ માત્ર જ છે !

પ્રકૃતિ અથવા પ્રધાને આ લોકને ઉત્પન્ન કર્યો છે, આ પ્રમાણે કહેવું તે પણ યોગ્ય નથી જો પ્રકૃતિને કર્તા માનવામાં આવે, તો અમારા આ પ્રશ્નોના જવાબ શા છે ? શુ પ્રકૃતિ મૂર્ત્ત છે કે અમૂર્ત્ત ? જો તેને અમૂર્ત્ત માનો તો અમૂર્ત્ત પ્રકૃતિ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ થવાની વાત જ સંભવી શકે નહીં જેવી રીતે અમૂર્ત્ત આકાશ કોઇ પણ વસ્તુનું કર્ત્તા હોતું નથી. એજ પ્રમાણે અમૂર્ત્ત પ્રકૃતિ પણ કોઇ પણ વસ્તુની કર્ત્તા સંભવી શકે નહીં પ્રકૃતિ

મૂર્ત્ત હોય, તો તેનો કર્ત્તા કોઇ અન્ય જ હોવો જોઇએ અને તે અન્યના કર્ત્તા પણ કોઇ અન્ય જ હોવો જોઇએ આ કલ્પનાનો અન્ત જ ન આવે પરિણામે અનવસ્થા દોષનો પ્રસંગ ઉપસ્થિત થઇ જાય વળી પ્રકૃતિ પ્રધાન વિકારવાન્ છે કે અવિકારી છે? જો તે વિકારવાન હોય, તો તે ઘટાદિના સમાન હોવાને કારણે તેને પ્રધાન જ ન કહી શકાય જો તેને અવિકારી કહેતા હોય, તો તે મહત્ (બુદ્ધિ) આદિની ઉત્પાદક જ ન હોઇ શકે આપના શાસ્ત્રોમા તો એવું કહ્યું છે કે "પ્રધાન (પ્રકૃતિ) વડે અહંકાર, અહંકાર વડે પાંચ તન્માત્રા આદિ ઉત્પન્ન થાય છે" આકાશ આદિ જે અવિકારી પદાર્થો છે, તેમને કાર્યના ઉત્પાદક હવે જોવામાં આવતા નથી. આપ્રકારે વાત સિદ્ધ થાય છે કે પ્રધાન (પ્રકૃતિ વડે જગતની ઉત્પત્તિ થઇ શકતી નથી.

વળી અચેતન પ્રકૃતિ, જીવના ભોગને માટે સૃષ્ટિની ઉત્પત્તિ કરવાની પ્રવૃત્તિ જ કેવી રીતે કરી શકે? તેની પુરુષાર્થને માટેની કોઇ પ્રવૃત્તિ જ સંભવી શકે નહીં.

જો સ્વભાવવાદનો સ્વીકાર કરતા હો, એટલે કે પ્રકૃતિનો એવો જ સ્વભાવ માનતા હો કે તે પુરુષાર્થને માટે પ્રવૃત્તિ કરે છે, તો સ્વભાવ દ્વારા જ જગતની પ્રક્રિયા (ઉત્પત્તિ) થયાની વાત જ સ્વીકારવી જોઇએ તો પછી પ્રકૃતિ આદિની કલ્પના કરવાથી શો લાભ છે? સ્વભાવ, નિયતિ આદિને અમે (જૈનો) પણ અમુક અપેક્ષાએ જગત્ની ઉત્પત્તિના કારણ રૂપે સ્વીકારીએ છીએ, તેથી તેમના વિષે વધુ વિચાર કરવાની આવશ્યકતા જ નથી. આ પ્રકારે એ વાત સિદ્ધ થઇ જાય છે કે આ લોક માર (યમરાજ) આદિની વ્યવસ્થા પર નિર્ભર નથી. તેતો કોઇ પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે. અને કોઇ પર્યાયની અપેક્ષાએ વિનષ્ટ પણ થતો રહે છે. આ લોક સર્વથા વિનાશશીલ નથી. સ્યાદ્વાદમાં કોઈ પણ દોષ હોવાનો સંભવ જ નથી. તેથી જેઓ પોતાનું શ્રેય ચાહતા હોય, તેમણે સ્યાદ્વાદને જ અનુસરવો જોઇએ. આ પ્રકારે લોક દેવકૃત, બ્રહ્મકૃત, ઇશ્વરકૃત આદિ હોવાની વાતનું નિરાકરણ થઈ જાય છે. ॥ ગાથા ॥ ૯ ॥

## અન્યમતાવલંબિયોં કે ફલ પ્રાપ્તિકા નિરૂપણ

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે પૂર્વોક્ત મતવાદિઓને કયા પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે—"**अमणुन्न**" ઇત્યાદિ—

શબ્દાર્થ—**'दुक्खं-दुःखम्'** દુઃખ **'अमणुन्नसमुप्पायं-अमनोज्ञसमुत्पादम्'** અશુભ પ્રવૃત્તિ થીજ ઉત્પન્ન થાય છે. **'विजाणिया-विजानीयात्'** આ જાણવું જોઇએ **'समुप्पायं-समुत्पादम्'** દુઃખની ઉત્પત્તીનું કારણ **'अयाणंता-अजानन्तः'** ન જાણવા વાળા માણસો **'संवरं-संवरम्'** દુઃખને રોકવાનો ઉપાય **'कहं-कथम्'** કેવી રીતે **'नायंति-ज्ञास्यन्ति'** સમજી શકે છે, અર્થાત નથી જાણી શકતા ॥૧૦॥

—સૂત્રાર્થ—

મિથ્યામતની સ્થાપના આદિ અશુભ કાર્યો કરવાથી, ચાર ગતિઓમાં ભ્રમણ રૂપ દુઃખ ઉત્પન્ન થાય છે. એમ સમજવું દુઃખની ઉત્પત્તિના આ કારણને નહીં જાણનારા અજ્ઞાની

માણસો સંવરને–દુઃખનિરોધના કારણરૂપ તપ, સંયમ આદિને કેવી રીતે જાણી શકે? અજ્ઞાનિયો તપ સંયમ આદિનું મહત્ત્વ તો સમજતા જ નથી. આ કથનનું તાત્પર્ય એ છે કે જેઓ દુઃખના કારણને જ જાણતા નથી, તેઓ દુઃખના કારણોને તો કેવી રીતે જાણી શકે? દુઃખના કારણોને જાણી લેવામાં આવે, તો જ તેના વિનાશનો ઉપાય કરી શકાય છે. ॥૧૦॥

–ટીકાર્થ–

મનને જે અનુકૂળ લાગે છે, તેને મનોજ્ઞ કહેવામાં આવે છે. આ પ્રકારે મનોજ્ઞ પદ અહીં સુખનું વાચક છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી સુખના કારણને પણ "મનોજ્ઞઃ' કહેવાય છે. અહી શુભ અનુષ્ઠાન એટલે કે જીવો પ્રત્યેની અનુકંપા આદિને 'મનોજ્ઞ' કહેવામાં આવેલ છે, અને પ્રાણાતિપાત આદિ અસત્ અનુષ્ઠાનને "અમનોજ્ઞ" કહેવામાં આવેલ છે. આ અમનોજ્ઞ દ્વારા જેની ઉત્પત્તિ થાય છે એવા દુઃખને "અમનોજ્ઞ સમુત્પાદ" કહેવામાં આવેલ છે. અહીં "एवं" પદ નિશ્ચયાર્થે વપરાયું છે. તાત્પર્ય એ છે કે અમનોજ્ઞ સમુત્પાદને જ દુઃખ માનવું જોઈએ.

હવે આ કથનનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે—

મિથ્યા શાસ્ત્રની પ્રરૂપણા આદિ અસત્ અનુષ્ઠાન જ દુઃખનું કારણ બને છે. દુઃખનું અન્ય કોઈ કારણ નથી. આ પ્રકારે કુશાસ્ત્રની પ્રરૂપણા દુઃખ રૂપ હોવાથી કુશાસ્ત્રની પ્રરૂપણા અને દુઃખમાં કાર્યકારણભાવ છે. એપ્રકારની પરિસ્થિતિ હોવા છતાં પણ પૂર્વોક્ત મતવાદીઓ આ કાર્યકારણભાવને સમજ્યા વિના, પરમેશ્વર આદિ કારણો વડે દુઃખની ઉત્પત્તિ થવાની વાત માને છે. તેઓ દુઃખોના વિનાશ રૂપ તપ સંયમ આદિ સ્વરૂપવાળા સંવરને કેવી રીતે સમજી શકે? કોઇ પણ પ્રકારે જાણી શકતા નથી. "કારણને ન જાણવામાં શી હાનિ છે? આ પ્રકારની દલીલ પણ વ્યાજબી નથી- જે માણસ દુઃખના કારણને ન જાણી શકે, તે માણસ દુઃખનો વિનાશ કરવાને સમર્થ પણ ન બની શકે.

જો દુઃખના કારણનું જ્ઞાન થઇ જાય, તો તેના વિનાશને માટે પ્રયત્ન કરી શકાય છે. જો દુઃખના કારણનું જ જ્ઞાન ન હોય, તો કોઈ તેનાં ઉચ્છેદને માટે પ્રયત્ન પણ કેવી રીતે કરે? કદાચ વિના સમજ્યે પ્રયત્ન કરે, તો પણ દુઃખનો ઉચ્છેદ કરી શકે નહીં દુઃખનો ઉચ્છેદ કરવાને બદલે ઊલટા તેઓ જન્મ, જરા, મરણ ઈષ્ટવિયોગ આદિ અનેક પ્રકારના દુઃખોના સમૂહ રૂપ સંસારમાં જ અનંત કાળ સુધી રહેંટની જેમ પરિભ્રમણ કરતા રહેશે. કારણનો અભાવ હોય ત્યારે જ કાર્યનો અભાવ હોય છે, જેવી રીતે અગ્નિનો અભાવ હોય, તો ધૂમનો પણ અભાવ જ રહે છે, એજ પ્રમાણે દુઃખના કારણનો વસ્ત-

વિક નિર્ણય થઈ ગયા બાદ, તે પ્રકારના કર્મનો નાશ કરવાની પ્રવૃત્તિ કરનારો પુરુષ, કારણનો અભાવ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ શકે છે. પરન્તુ જો તે દુઃખનું કારણજ ન જાણતો હોય, તો પ્રયત્ન કરવા છતાં પણ તે કારણને દૂર કરી શકશે નહીં. દુઃખના કારણનો નાશ થયા વિના તે દુઃખનો અભાવ નહીં કરી શકે. તેને પરિણામે તેને સદા સાંસારિક દુઃખોનું વેદન જ કરવું પડશે. તે કોઈ પણ પ્રકારે સંસારના દુઃખોમાંથી છુટકારો મેળવી શકશે નહીં તેથી દુઃખના કારણને સમજી લેવાનું આવશ્યક બની જાય છે. પરન્તુ પૂર્વોક્ત મતવાદીઓ આ વાતથી અજ્ઞાત હોય છે, તેથી તેઓ સદા દુઃખી જ થવાના છે. ॥ ગાથા ૧૦ ॥

## प्रकारान्तरसे देवोप्तादियों के मतका निरूपण

હવે સૂત્રકાર દેવકૃત આદિ મતોને અન્ય પ્રકારે પ્રકટ કરતા થકા એવું કહે છે કે "**सुद्धे अपावए**" ઈત્યાદિ–

શબ્દાર્થ—'**इह इह**' આ જગત્માં '**एगेसिं-एकेषाम्**' કોઈનું '**आहियं-आख्यातम्**' કથન છે કે '**आया-आत्मा**' આત્મા '**सुद्धे शुद्धः**' શુદ્ધ અને '**अपावए-अपापकः**' પાપ રહિત છે '**पुणो-पुनः**' પછી '**सो-सः**' તે આત્મા '**किड्डापदोसेणं-क्रीडाप्रद्वेषेन**' રાગદ્વેષને કારણે '**तत्थ-तत्र**' તેમાં જ '**अवरज्झइ-अपराध्यति**' બંધાઈ જાય છે. ॥૧૧॥

સૂત્રાર્થ

આ જગત્માં કોઈ કોઈ મતવાદીઓ એવું પ્રતિપાદન કરે છે કે આત્મા સમસ્ત કલંકોથી રહિત–શુદ્ધ છે અને પાપના પંકથી (કીચડથી) રહિત છે, પરન્તુ રાગદ્વેષને કારણે તે શુદ્ધ આત્મા પણ કર્મરજ વડે લિપ્ત (આચ્છાદિત) થઈ જાય છે. આ બાબતમાં ગોશાલક મતવાદિઓ–ત્રૈરાશિકો એવી પ્રરૂપણા કરે છે કે આ શુદ્ધ આત્મા મનુષ્ય ભવમાં જ શુદ્ધાચારી થઈને સમસ્ત કલંકોથી રહિત (નિષ્પાપ) થઈ જાય છે. ત્યાર બાદ તે આત્મા શુદ્ધતા અને અશુદ્ધતા આ બન્ને રાશિઓમાં સ્થિત રહેતો થકો, રાગદ્વેષને કારણે, મોક્ષમાં વિદ્યામાન રહેવા છતાં પણ કર્મરજ વડે લિપ્ત થાય છે. ॥૧૧॥

–ટીકાર્થ–

ત્રૈરાશિકોની એવી માન્યતા છે કે મુક્ત આત્મા પોતાના ધર્મશાસનનો મહિમા વધતો જોઈને અને પરશાસનનો પરાભવ થતો જોઈએ આનંદનો અનુભવ કરે છે. તેથી વિપરીત બને ત્યારે એટલે પોતાના ધર્મશાસનનો તિરસ્કાર થાય અને પરશાસનનો પ્રભાવ વધે, ત્યારે પ્રદ્વેષનો અનુભવ કરે છે તે કારણે રાગદ્વેષથી યુક્ત બનેલો તે આત્મા ઉપયોગમાં લીધેલા શ્વેતવસ્ત્રના જેવો મલિન થઈ જાય છે આ પ્રકારે કર્મો વડે ભારે થઈ જવાને કારણે આત્મા ફરી સંસારમાં આવી જાય

છે. આ ત્રીજી રાશિ છે આત્મા પહેલાં સંસારી હતો, ત્યાર બાદ મુક્ત થઈ ગયો અને ફરી સંસારી (બદ્ધ) થઇ ગયો. આ પ્રકારની ત્રણ રાશિઓમાં તે ત્રૈરાશિકો માને છે તેમના ધર્મશાસ્ત્રમાં એવું કહ્યું છે કે- "**ज्ञानिनो धर्मतीर्थस्य**" ઇત્યાદિ—

ધર્મતીર્થના કર્ત્તા (સ્થાપક) જ્ઞાની પુરુષો પરમપદ (મોક્ષ) પ્રાપ્ત કરે છે. પરન્તુ પોતાના તીર્થનો પરાભવ થતો જોઇને તેઓ ફરી સંસારમાં આવી જાય છે ॥૧૦॥

સૂત્રકાર તેમના જ મતનું વિશેષ વર્ણન કરે છે. '**इह संवुडे**'' ઈત્યાદ-

શબ્દાર્થ—'**इह-इह**' આ મનુષ્યભવમાં જે જીવ '**संवुडे-संवृतः**' સંયમ વગેરેમાં પ્રવૃત્તિ કરનારા '**मुणीजाए मुनिर्जातः**' મુનિ થઇને '**पच्छा पश्चात्**' પાછળ '**अपावए-अपापकः**' કર્મ રહિત '**होइ-भवति**' થઈ જાય છે. '**जहा-यथा**' જેવી રીતે '**निरयं-नीरजस्कम्**' નિર્મળ '**वियडंबु-विकटाम्बु**' વિસ્તૃત પાણી '**भुज्जो-भूयः**' ફરીથી '**सरयं-सरजस्कम्**'-નિર્મલ વિયડંબુ-વિકટામ્બુઃ'-વિસ્તૃત પાણી '**भुज्जो**'-**भूयः**' ફરીથી '**सरय-सरजस्कम्**' ગંદુ થઈ જાય છે. '**तहा-तथा**' તેવી રીતે જ તે નિર્મળ પાણીની જેમ આત્મા ફરી બંધાઈ થઇ જાય છે. ॥૧૨॥

સૂત્રાર્થ

આ મનુષ્ય ભવમાં કર્મમળથી યુકત એવાં કોઇ કોઇ જીવો સંવૃત્ત થઈ જાય છે. એટલે કે પ્રવ્રજ્યા અંગીકાર કરીને સંયમ આદિની આરાધના કરે છે એવો જીવ કર્મરહિત બની જાય છે. પરન્તુ જેવી રીતે નિર્મળ જળ ફરી મલિન થઇ જાય છે. એજ પ્રમાણે નિર્મળ આત્મા પણ ફરી મલિન થઇ જાય છે, ॥૧૨॥

ટીકાર્થ

આ કથનનો ભાવાર્થ એ છે કે જેવી રીતે નિર્મળ જળ પણ વાવાઝોડા આદિ કારણોને લીધે મલિન થઇ જાય છે. એજ પ્રમાણે નિર્મળ આત્મા પણ રાગદ્વેષને કારણે મલિન થઈ જાય છે. મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને કોઈ કોઇ જીવો પ્રવ્રજ્યા ગ્રહણ કરીને સંયમ તપ આદિમા લીન થઈ જઇને સંયમ આદિની સમ્યક્ રીતે આરાધના કરીને કર્મોનો ક્ષય કરી નાખીને મોક્ષપદની પ્રાપ્તિ કરીને સ્વસ્થ થઇ જાય છે. ત્યાર બાદ પોતાના શાસનની નિન્દા થવાથી તેમનો આત્મા દ્વેષયુક્ત બને છે અને પોતાના શાસનનો મહિમા વધવાથી તેમના આત્મામાં આનંદ થાય છે. આ પ્રકારે રાગદ્વેષનો ઉદય થવાને કારણે તેમનો આત્મા ફરી કર્મમળથી મલિન થઇ જાય છે. ત્રૈરાશિકોના મત અનુસાર જીવની આ પ્રકારની ત્રણ અવસ્થાઓ હોય છે. ॥૧૨॥

આગલી બે ગાથાઓમાં જે ત્રૈરાશિક મતનું નિરૂપણ કરવામા આવ્યુ છે. તેનું ખંડન કરવા માટે સૂત્રકાર કહે છે કે– "**एयाणु वीइ**" ઇત્યાદિ-

શબ્દાર્થ –'**मेहावी-मेधावी**' બુદ્ધિમાન માણુસ '**एया--एतान्**' આ પૂર્વોક્ત વાદિયોના વિષયમાં '**अणु वीई--अनुविचिन्त्य**' વિચાર કરીને આ નિશ્ચય કરે કે '**ते--ते**' તેઓ અન્ય તીર્થિઓ '**बंभचेरे--ब्रह्मचर्ये**' બ્રહ્મચર્યમાં '**ण वसे--न वसेयुः**' સ્થિત નથી પરંતુ '**सव्वे-पावाउया सर्वे प्रावादुकाः**' તેઓ બધા અર્થ વગરના પ્રજલ્પક છે. '**पुढो--पृथक्**' અલગ અલગ '**सयं सयं--स्वकं स्वकम्**' પોતપોતાના સિદ્ધાન્તને '**आक्खायारो--आख्यातारः**' શુભ કહેનારાઓ છે. ॥૧૩॥

–સૂત્રાર્થ–

બુદ્ધિશાળી પુરુષોએ પૂર્વોક્ત મતવાદીઓના વિષયમાં વિચાર કરીને આ પ્રકારનો નિશ્ચય કરવો જોઇએ તે મતવાદીઓ બ્રહ્મચર્યનું પાલન કરતા નથી. તેઓ સૌ નિરર્થક પ્રલાપ કરનારા જ છે તેઓ અલગ અલગ પ્રકારના પોત પોતાના મતોનું પ્રતિપાદન જ કર્યા કરે છે. પરન્તુ આચારોનું પાલન કરતા નથી.

–ટીકાર્થ–

બુદ્ધિમાન માણસો જાતે જ વિચાર કરીને તેમની માન્યતાઓની નિરર્થકતા સમજી શકે એમ છે આ મતવાદીઓ સંસારનો ત્યાગ કરવા છતા પણ સંસારી જેવું જ આચરણ કરે છે તેઓ બ્રહ્મચર્યનું પાલન કરતા નથી અને જ્ઞાનાદિ પાંચ આચારોનું પણ પાલન કરતા નથી.

વળી તેઓ એવું કહે છે કે "મુક્ત જીવોમાં પણ પોતાના શાસનનો મહિમા થતો જોઇ ને આનંદ થાય છે અને પોતાના શાસનની નિન્દા થતી જોઈને દ્વેષ થાય છે" તેમની આ માન્યતાનો કેવી રીતે સ્વીકાર કરી શકાય? જો મુક્તાત્માઓમાં પણ રાગદ્વેષ ઉત્પન્ન થઇ જતો હોય, તો તેમને ક્ષીણકર્મા ( કર્મોનો ક્ષય કરી નાખનાર ) કેવી રીતે કહી શકાય? મુક્ત જીવો સ્તુતિ અને નિંદામાં સમાન રહે છે. નિન્દા થવાથી ઉદ્વિગ્ન પણ થતા નથી અને સ્તુતિ થવાથી આનંદ પણ પામતા નથી. જ્યાં સુધી રાગદ્વેષનો સદ્‌ભાવ હોય ત્યાં સુધી તેઓ કર્મરહિત થઈ શક્તા નથી. એવી પરિસ્થિતિમાં તેઓના સંસારનો પરિત્યાગ કેવી રીતે થઇ શકે? કદાચ તેઓ દ્રવ્ય બ્રહ્મચર્યમાં સ્થિત પણ હોય, પરન્તુ તેમનામાં ભાવબ્રહ્મચર્ય તો સંભવી શકતું જ નથી. તેમનામાં સમ્યગ્જ્ઞાનનો અભાવ હોવાને કારણે તેઓ સમ્યગ્ અનુષ્ઠાનો પણ કરી શકતા નથી. તે સઘળા અન્ય તીર્થિકો પોત પોતાના દર્શનની પ્રશંસા કરે છે. આ પ્રકારની પરિસ્થિતિ હોવાથી, જેમણે તત્ત્વને જાણી લીધેલ છે અને જેઓ કલ્યાણના અભિલાષી છે, તેમણે અન્ય તીર્થિકોનાં શાસ્ત્રોનો કોઈ પણ પ્રકારે આદર કરવો જોઇ એ નહી. પરન્તુ તે શાસ્ત્રોને વિષના ઘડા સમાન સમજીને તેમનો પરિત્યાગ કરવો જોઇ એ. ॥ ૧૩ ॥

સૂત્રકાર ફરીથી કૃતવાદીઓના મતને અન્ય પ્રકારે પ્રકટ કરતા કહે કે — **"सए सए"** ઈત્યાદિ —

શબ્દાર્થ—'**सए सए-स्वके स्वके**' પોત પોતાના '**उवट्ठाणे--उपस्थाने**' અનુષ્ઠાનમાં જ '**सिद्धिं-सिद्धिम्**' સિદ્ધિને પ્રાપ્ત કરે છે પરન્તુ '**न अन्नहा--नान्यथा**' અન્ય બીજા પ્રકારથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. '**अहो--अधः**' મોક્ષ પ્રાપ્તિની પૂર્વ (પહેલા) '**इहेव--इहैवः**' આ લોકમાં અથવા આ જન્મમાં '**वसवत्ती--वशवर्ती**' જિતેન્દ્રિય હોય એ જ '**सव्वकामसमप्पिए--सर्वकामसमर्पितः**' બધી જ સિદ્ધિ યુકત થાય છે. ॥૧૪॥

- સૂત્રાર્થ -

પોત પોતાનાં અનુષ્ઠાનમાં સ્થિત એટલે કે પોત પોતાના વર્ણ અને પોતપોતાના આશ્રમને અનુકૂળ કર્તવ્ય કરનાર જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, અન્ય પ્રકારે સિદ્ધિ સંભવી શકતી નથી. જે મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કર્યા પહેલાં આ લોકમાં અથવા આ મનુષ્ય જીવનમાં જિતેન્દ્રિય હોય છે, એ માણસ જ સઘળી સિદ્ધિઓ વડે સંપન્ન થાય છે.

– ટીકાર્થ –

તે કૃતવાદિઓ એવું કહે છે કે – અમારા શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનું આચરણ કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે – અન્ય શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે આચરણ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. શૈવો એવું કહે છે કે શૈવશાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેના અનુષ્ઠાનો કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કપિલ સાંખ્ય કહે છે કે – ૨૫ તત્ત્વોનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરવાથી જ મુક્તિ મળી શકે છે. યોગ મતાનુસાર યમ, નિયમ, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનું સેવન કરનાર મનુષ્યો જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

વેદાન્તીઓ એવું કહે છે કે—શ્રવણ, મનન, અને નિદિધ્યાસન વડે આત્માનો સાક્ષાત્કાર કરનારને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

બૌદ્ધો કહે છે કે– " સઘળી વસ્તુઓ ક્ષણિક છે, સઘળું હોય છે, સઘળું દુ.ખમય છે, સઘળું શૂન્ય છે, " આ પ્રકારની ભાવના કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

એજ પ્રમાણે અન્ય મતવાદીઓ પણ પોત પોતાનાં શાસ્ત્રોની આજ્ઞા અનુસાર આચરણ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એવું માને છે.

સમસ્ત દ્વન્દ્વો (કલેશો) દૂર થઇ જવા રૂપ સિદ્ધિની પ્રાપ્તિ કરવી હોય તો આ મનુષ્ય જન્મ ધારણ કરીને મનુષ્ય દેહને પ્રાપ્ત કરીને. અમારા દર્શનકારોની આજ્ઞાને

અનુસરો. એમ કરવાથી તમે આઠ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ કરશો. તેથી પ્રયત્ન પૂર્વક જિતેન્દ્રિય થઇને, આઠ પ્રકારના ગુણો રૂપ ઐશ્વર્ય પ્રાપ્ત કરીને, મનુષ્ય સાંસારિક દોષોથી અભિભૂત થતો નથી. એવા પુરુષની સઘળી અભિલાષાઓ પૂર્ણ થાય છે. તે જે પદાર્થની અભિલાષા કરે છે, તે પદાર્થ એ જ વખતે તેની સામે ઉપસ્થિત થઈ જાય છે. તે સંકલ્પ કરવા માત્રથી જ સઘળી વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રમાણે કહીને તેઓ પોત પોતાના શાસ્ત્રોની પ્રશંસા કરે છે. ॥ ૧૪ ॥

## રસેશ્વરવાદિયોં કે મતકા નિરૂપણ

તેમના જ મતનું સૂત્રકાર ફરી પ્રદર્શન કરે છે – **सिद्धा य** ” ઇત્યાદિ-

શબ્દાર્થ—**'इहं--इह'** આ લોકમાં **'एगेसिं--एकेषां'** કોઈ મતવાલાનું **'आहियं--आख्यातम्'** **કથન** છે કે જે અમારા મતાનુયાયિઓ છે **'ते--ते'** તેઓ **'सिद्धा य--सिद्धाश्च'** સિદ્ધ અને **'अरोगा य--अरोगाश्च'** નીરોગી હોય છે, પરંતુ તેઓ **'नरा--नराः'** આ પ્રકારે કહેવાળા મનુષ્ય **'सिद्धिमेव--सिद्धिमेव'** પોતાના મતથી સિદ્ધ એવી સિદ્ધિને જ **पुरोकाउं--पुरस्कृत्य'** આગળ રાખીને **'सासए--स्वाशये'** પોતપોતાના દર્શનમાં **'गढिया--ग्रथिताः'** આસક્ત બનેલ છે. ॥૧૫॥

– સૂત્રાર્થ –

આ લોકમાં રસેશ્વરવાદીઓ ( રસાયન શાસ્ત્ર વાદીઓ ) એવું કહે છે કે અમારા મતના અનુયાયિઓ સિદ્ધિને પ્રાપ્ત કરનાર અને નીરોગી હોય છે. પરન્તુ એવું કહેનારા પુરુષો સ્વમતસિદ્ધ સિદ્ધિને જ આગળ કરીને, અને બીજાની આગળ તેનું પ્રદર્શન કરીને પોતાના આશય અથવા આગ્રહમા જ ગ્રસ્ત થઇ રહ્યા હોય છે.

– ટીકાર્થ –

રસેશ્વર દર્શન મતના અનુયાયીઓ એવું કહે છે કે જેઓ રસેશ્વર દર્શન નો સ્વીકાર કરે છે, તેઓ સિદ્ધપારદ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. અને તેના પ્રભાવથી વાત, પિત્ત અને કફના પ્રકોપથી ઉત્પન્ન થનારા રોગોનું નિવારણ કરીને નીરોગી થઇ જાય છે. આ પ્રકારે રોગાદિ દૂર થયા બાદ તેઓ સમાધિ આદિ વિશિષ્ટ અનુષ્ઠાનો કરીને, શરીરનો ત્યાગ કરીને સિદ્ધ થાય છે, અને સમસ્ત દ્વન્દ્વો (કલેશો)થી રહિત મુક્તિ પ્રાપ્ત કરીને નીરોગી થઈ જાય છે. શરીરનો અભાવ થઇ જવાથી, શરીરાશ્રિત મનનો પણ અભાવ થઈ જાય છે. મનનો અભાવ થઇ જવાથી તેમના સમસ્ત દુઃખોનો પણ અન્ત આવી જાય છે. આ પ્રકારની રસેશ્વર-દર્શનના અનુયાયીઓની માન્યતા છે. રસસિદ્ધિ અને મુક્તિરૂપ સિદ્ધિનો સ્વીકાર કરનાર તે રસેશ્વર મતવાદીઓ શાસ્ત્રજ્ઞાનથી અજ્ઞાત હોવા છતાં પણ પોતાને પંડિત માને છે. પરમાર્થ તત્વને નહીં સમજનાર તે લોકો પોતાના મતાગ્રહને સિદ્ધ કરવાને માટે અનેક પ્રકારની યુક્તિઓ (ચમત્કારો) બતાવે છે. પરન્તુ ખરી વાત તો એજ છે કે તેઓ તત્ત્વને જાણતા નથી. કહ્યું પણ છે કે ” **आग्रहिवत** ” ઇત્યાદિ.

" આગ્રહી પુરુષ યુક્તિને તાણી ખેંચીને ત્યાં જ લઇ જવા માગે છે કે જ્યાં તેની બુદ્ધિ (શ્રદ્ધા) જામી હોય છે. પરન્તુ જે માણસ પક્ષપાતથી રહિત હોય છે. તે યુક્તિને અનુકૂળ શ્રદ્ધા રાખે છે. ॥૧॥ એટલેકે પોતાનાજ મતનો આગ્રહ રાખનાર પુરુષ જેમાં શ્રદ્ધા ધરાવતો હોય છે, તે તરફ જ યુક્તિને તાણીખેંચીને પોતાના જ મતનું પ્રતિપાદન કરનારી વિચિત્ર દલીલો કરીને પોતાના મતની સ્થાપના કરે છે. પરન્તુ નિષ્પક્ષ મનુષ્ય તો પોતાની બુદ્ધિ (શ્રદ્ધા) ની ત્યાં જ સ્થાપના કરે છે, કે જ્યાં તત્વનિર્ણાયક યુક્તિ હોય છે. ॥૧૫॥

## રસેશ્વરવાદિકે મતકે અનર્થતાકા કથન

હવે સૂત્રકાર પૂર્વોક્ત મતવાદીઓના દોષ પ્રગટ કરીને તેમને કેવું ફળ પ્રાપ્ત થાય છે તે બતાવે છે **''असंवुडा''** ઈત્યાદિ-

શબ્દાર્થ—**'असंवुडा--असंवृता'** ઇન્દ્રિય જયથી રહિત અર્થાત્ ઇન્દ્રિયના વશ બનેલ લોકો **'अणादीयं- अनादिकम्'** આદિ વિનાના આ અનન્ત સંસારમાં **'पुणो–पुणो--पुनः पुनः'** વારંવાર **'भमिहिंति--भमिष्यन्ति'** ભ્રમણ કરશે અથવા **'कप्पकालं- कल्पकालम्'** લાંબા સમય સુધી **'असुरकिब्बिसिया ठाणा- असुरकिल्बिषिकास्थानाः'** અસુર સ્થાનમાં કિલ્બિષિક રૂપથી **'उववज्जंति-उत्पद्यन्ते'** ઉત્પન્ન થશે. ॥૧૬॥

– સૂત્રાર્થ –

તે અંસવૃતો (અસંયતો) એટલે કે ઇન્દ્રિયો અને મનને કાબૂમાં ન રાખનારા તે અન્ય મતવાદિઓ વારંવાર અનંત સંસારમાં પરિભ્રમણ કરશે. તથા ચિરકાળ સુધી અસુર સ્થાનોમાં ઉત્પન્ન થવા છતાં પણ કિલ્બિષિક દેવો રૂપે ઉત્પન્ન થશે. એટલે કે તેઓ કદાચ દેવગતિ પ્રાપ્ત કરે તો પણ અધમ, અન્યની આજ્ઞા માનનારા અલ્પ બુદ્ધિવાળા, અલ્પ ભોગોવાળા, અલ્પ આયુષ્યવાળા અને અલ્પ સામર્થ્યવાળા હીન દેવો રૂપે જ ઉત્પન્ન થશે. ।૧૬।

– ટીકાર્થ –

મોક્ષ પ્રાપ્ત કરવાને ઉદ્યત થયેલા તે પાખંડીઓ ઇન્દ્રિયોને વશીભૂત થઇને આ પ્રકારનો વિચાર કરે છે- "મને આ ભવમાં પણ ભોગની પ્રાપ્તિ થાય અને પરભવમાં પણ ભોગની પ્રાપ્તિ થાય'' આ પ્રમાણે વિચાર કરીને જેઓ પોતે ભોગ આદિમાં પ્રવૃત્ત રહે છે, અને બીજા લોકોને પણ એજ પ્રકારે સિદ્ધિને માટે પ્રવૃત્ત કરે છે, એવા દુરાચારના ફંદામાં ફસાયેલા નરપશુને તો અનંત કાળ સુધી સંસારમાં ભ્રમણ કરવું પડે છે.

તેઓ નરક આદિ યાતનાના સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. ઇન્દ્રિયોના સુખમાં જ રચ્યા પચ્યા રહેનારા તે લોકોને રાગદ્વેષ આદિ દ્વન્દોના અભાવ રૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એવાં નરપશુઓને જે અણિમા આદિ આ લોક સંબંધી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે પણ લોકોની ઠગાઇ કરવાના કામમાંજ આવે છે. બાલતપ કરવાથી તેમને દેવલોકની પ્રાપ્તિ પણ થાય છે ખરી, પરન્તુ તેમાં પણ તેઓ અસુર કિલ્બિષક નામના અધમ દેવો રૂપે જ ઉત્પન્ન થાય છે. ॥૧૫॥

॥ પહેલા અધ્યયનનો ત્રીજો ઉદેશક સમાપ્ત ॥

ચોથા ઉદ્દેશક નો પ્રારંભ

ત્રીજા ઉદ્દેશકમાં સ્વસમય અને પરસમયનું પ્રતિપાદન કરવામાં આવ્યું. આ ચોથા ઉદ્દેશકમાં પણ સ્વસમય અને પરસમયનું પ્રતિપાદન કરવામાં આવશે. આ ચોથા ઉદ્દેશકનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે- "**एए जिया**" ઇત્યાદિ-

શબ્દાર્થ -'**भो-भो**' હે શિષ્યો ! '**एए-एते**' આ અન્ય તીર્થિકો '**बाला-बालाः**' તત્ત્વજ્ઞાનથી રહિત છે તો પણ '**पंडियमाणिणो-पण्डितमानिनः**' પોતાને પંડિત-તત્વજ્ઞ માનવાવાળા છે અતએવ (તોપણ) તેઓ '**जिया-जिताः**' કામ-ક્રોધ વગેરેથી પરાજીત છે અતઃ તેઓ '**न सरणं न शरणम्**' શરણ યોગ્ય નથી, કારણ કે '**पुव्वसंयोगं-पूर्वसंयोगम्**' સ્વજન સંબંધીજનોના સંબંધને '**हिच्चा णं-हित्वा खलु**' ત્યાગ કરીને પણ '**किच्चोवएसगा-कृत्योपदेशकाः**' ગૃહસ્થના કૃત્યોનો અર્થાત્ સાવદ્ય કર્મનો ઉપદેશ કરવાવાળા હોવાથી '**सिया-सिताः**' પ્રબળ મહામોહપાશથી બંધાયેલ છે. ।।૧।।

-સૂત્રાર્થ-

સુધર્મા સ્વામી પોતાના શિષ્યોને આ પ્રમાણે કહે છે- હે શિષ્યો ! પૂર્વોક્ત મતવાદીઓ તત્ત્વજ્ઞાનથી રહિત હોવા છતાં પણ પોતાને પંડિત માને છે, એટલે કે તેઓ પાંડિત્યના અભિમાનમાં ચૂર છે. તેઓ પાંડિત્યના અભિમાનથી ભરપૂર હોવાને કારણે કામક્રોધ આદિ પર વિજય પ્રાપ્ત કરી શકતા નથી. તેઓ પોતાનું ત્રાણ (રક્ષણ) પણ કરી શકતા નથી અને અન્યને પણ ત્રાણ આપવાને સમર્થ નથી. તેમણે પૂર્વસંયોગનો (માતા, પિતા આદિના સંબંધનો) અને પશ્ચાત્સંયોગનો (સાસુ, સસરા, સાળા આદિના સંબંધનો) ત્યાગ કર્યો હોય છે, છતાં પણ તેઓ ગૃહસ્થના સાવદ્ય કાર્યોની અનુમોદના કરે છે. તેથી તેમના મોહનું બન્ધન તૂટયું નથી. મોહના બન્ધન વડે બંધાયેલા તે જીવો મુકત થઈ શકતા નથી.

આ કથનનો ભાવાર્થ એ છે કે -- પૂર્વસંબંધનો (માતા, પિતા આદિ સંસારી સંબંધોનો) પરિત્યાગ કરીને સાધુ બનવા છતાં તેઓ સાવદ્ય કર્મોનો ઉપદેશ આપે છે. જો કે તેઓ અજ્ઞાન છે, છતાં પણ પોતાને પંડિત માને છે. "અમે જ સર્વજ્ઞ છીએ" એવું માનીને તેઓ આ પ્રમાણે કહે છે. પરન્તુ જ્યાં સુધી તેમનું અજ્ઞાન દૂર ન થાય અને જ્ઞાનની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તેઓ યથાર્થ વસ્તુસ્વરૂપનો ઉપદેશ આપી શકતા નથી. પોતાનું પાંડિત્ય પ્રકટ કરવા માટે કોઇ પણ પ્રકારનો ઉપદેશ આપવો જોઈએ, એમ માનીને કોઈ પણ પ્રકારે ઉપદેશ આપવાની પ્રવૃત્તિ કરનારા તે મતવાદીઓ પોતે જ સાવદ્ય અનુષ્ઠાનો કરતા અટકતા નથી અને અન્યને સાવદ્ય અનુષ્ઠાનો કરતા રોકી શકતા નથી. તેથી જ એવું કહ્યું છે કે તેઓ કોઇને શરણ આપવાને (સંસારના દુઃખોમાંથી બચાવવાને) સમર્થ હોતા નથી. ।। ૧ ।।

ટીકાર્થ-- હે શિષ્યો ! તમે આ વાત સમજી લો કે પૂર્વોક્ત પંચભૂતવાદીઓ, એકાત્મ-

વાદીઓ, તજ્જીવ તચ્છરીર વાદીઓ, કર્ત્તાવાદીઓ અને ગોશાલકના અનુયાયીઓ (ત્રૈરાશિકો), આદિ સઘળા મતવાદીઓ રાગદ્વેષ આદિ વડે, શબ્દાદિ વિષયો વડે, અને માહામોહ જનિત અજ્ઞાન વડે પરાજિત છે. તેઓ મિથ્યા ઉપદેશ આપ્યા કરે છે. તેઓ કોઇને પણ શરણ આપવાને સમર્થ નથી. કોઇને પાપમાંથી બચાવવાને સમર્થ નથી. તેઓ શા કારણે બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ નથી? તેનું કારણ પ્રકટ કરતા સૂત્રકાર કહે છે કે તેઓ સત્ અને અ-સત્ના વિવેકથી વિહીન છે. મન ફાવે તેમ તેઓ બકવા ટકરનારા અને મન ફાવે તેવું વર્તન રાખનારા તે અન્યતીર્થિકો કોઇની રક્ષા કરવાને સમર્થ હોતા નથી. તેઓ પોતે જ અજ્ઞાની છે. અને અન્યને પણ મૂઢ કરનારા છે.

જો તેઓ પોતે જ અજ્ઞાની છે, તો બીજાને ઉપદેશ કેવી રીતે આપી શકે છે? આ પ્રશ્નનો જવાબ આ પ્રમાણે છે. તેઓ અજ્ઞાની હોવા છતાં પણ એવું માને છે કે અમે સમસ્ત શાસ્ત્રોનું વિવેચન કરી શકીએ છીએ, તે કારણે અમે સમસ્ત શાસ્ત્રોના જ્ઞાતા છીએ. આ પ્રકારના અભિમાનથી યુકત થઇને તેઓ લોકોને ઉપદેશ આપવાની ધૃષ્ટતા કરે છે. ઉપદેશ દેતા એવા તે મતવાદીઓ પોતે મહા મોહાન્ધકારમાં ડૂબેલા રહે છે. અને બીજાને પણ તે મોહાન્ધકારમાં જ લઇ જાય છે અને નરકાદિ દુર્ગતિમાં પાડે છે. પોતાની જાતને પંડિત માનતા તે મતવાદીઓના અજ્ઞાન જનિત વિરૂપ આચરણનું સૂત્રકાર કથન કરે છે. માતા પિતા આદિ વિષયક પૂર્વસંયોગનો (સંસારી સંબંધનો) ત્યાગ કરીને. "અમે દીક્ષિત છીએ, અમે સર્વ સંબંધોને તોડી નાખ્યા છે. એવું બતાવવાને માટે દીક્ષા ગ્રહણ કરીને પણ તેઓ સંસારી જેવાં જ આરંભ સમારંભમાં આસકત રહે છે. સંન્યાસી બનવા છતાં પણ તેઓ પરિગ્રહ અને આરંભનો ત્યાગ કરતા નથી.

અથવા "सिया" આ પદ અહીં છઠ્ઠી વિભકિતના અર્થે પહેલી વિભકિતમાં પ્રયુકત થયું છે તેનો અર્થ એવો થાય છે કે તેઓ આરંભ સમારંભ આદિમાં આસકત ગૃહસ્થો-ના કૃત્યોનો ઉપદેશ આપે છે. એટલે કે રાંધવાનો, રંધાવવાનો, દળવાનો, દળાવવાનો, ખાંડવાનો આદિ સાવદ્ય કાર્યોનો ઉપદેશ આપે છે. અથવા તેઓ પોતે જ ગૃહસ્થના જેવાં જ સાવદ્ય અનુષ્ઠાનોનું સેવન કરે છે. આરીતે સંન્યાસીનો વેષ ધારણ કરવા છતાં પણ તેમનું આચરણ સંસારીના (ગૃહસ્થના) જેવું જ હોય છે. જેવી રીતે ગૃહસ્થ આરંભ, સમારંભ આદિમાં પ્રવૃત્ત રહે છે. એજ પ્રમાણે તેઓ દીક્ષિત હોવા છતાં પણ આરંભ સમારંભ આદિ કરે છે. ॥ ૧ ॥

## પુર્વોક્તવાદિયોં કે પ્રતિ વિદ્વાનોં કા કર્ત્તવ્ય

પરતીર્થિકો જો આપ્રકારના છે, તો સાચા મુનિ કેવા હોવા જોઇએ ? આ પ્રશ્નનો **હવે સૂત્રકાર** ઉત્તર આપે છે. **'त चभिक्खू'** ઈત્યાદિ

શબ્દાર્થ—**'वियं भिक्खू–विद्वान् भिक्षुः'** મેધાવી સાધુ **'तंच–तंच'** તે અન્ય **તીર્થિ**કોને **'परिन्नाय–परिज्ञाय'** જ્ઞ પરિજ્ઞાથી જાણીને **'तेसु–तेषु'** પરતીર્થિક વાદમાં **'न मुच्छए–न मुच्छेत'** આસક્ત ન બને **'मुणि–मुनिः'** જે પ્રવચન રહસ્યને જાણવાવાળા **'अणुक्कसे–अनुत्कषः'** કોઈ પ્રકારનું અભિમાન ન કરતા **'अप्पलीणे–अप्रलीन'** પાર્શ્વસ્થ **વગેરેની** સાથે સંબંધ ન રાખતા **'मज्झेण–मध्येन'** મધ્યસ્થ ભાવથી **'जावए–यापयेत्'** **સંયમ** યાત્રાનું વહન કરે. ॥૨॥

વિદ્વાન્ સાધુએ પરતીર્થિકોના સિદ્ધાન્તને જ્ઞપરિજ્ઞા વડે હેય (ત્યાજ્ય) જાણીને **તેમાં** આસકત થવું જોઇએ નહીં. તેમણે જિનપ્રવચનના રહસ્યના જ્ઞાતા થવું જોઇએ, **અને** જાતિ, કુળ આદિના મદનો પરિત્યાગ કરીને, તથા અન્યતીર્થિકો, ગૃહસ્થો અને પાર્શ્વસ્થો (શિથિલાચારીઓ) આદિની સાથે સંબંધ રાખવો જોઇએ નહીં. તેમણે મધ્યસ્થ ભાવે પોતાની સંયમયાત્રાનો નિર્વાહ કરવો જોઇએ.

– ટીકાર્થ –

સ્વસમય અને પરસમયના જ્ઞાતા તથા નિરવદ્ય (નિર્દોશ) ભિક્ષા ગ્રહણ કરનાર સાધુએ પૂર્વોકત દેવકૃત, બ્રહ્મકૃત આદિ જગત્ વિષયક માન્યતાઓનુ પ્રતિપાદન કરનાર અન્યતીર્થિકોને જ્ઞપરિજ્ઞા વડે જાણીને. એટલે કે તેઓ મિથ્યાત્વ મોહથી આવૃત્ત છે અને સત્ અસત્ના વિવેકથી રહિત છે એવુ સમજીને તેમની માન્યતાને અગ્રાહ્ય સમજીને તેમાં આસકત થવું જોઇએ નહીં ત્યારે તેમણે શું કરવું જોઇએ? જિનપ્રવચનના રહસ્યના જાણકાર મુનિએ આઠ મદસ્થાનોમાંના કોઈ પણ મદસ્થાનનું સેવન કરવું જોઇએ નહીં તેણે પરતીર્થિકો, ગૃહસ્થો અને પાર્શ્વસ્થો (શિથિલાચારીઓ)ના સંપર્કથી રહિત થઇને, મધ્યસ્થ ભાવે (રાગદ્વેષથી રહિત થઇને) પોતાની સંયમયાત્રાનો નિર્વાહ કરવો જોઇએ. ॥ ગાથા ૨॥

## સાધુઓં કે જીવનયાત્રા નિર્વાહ કા નિરૂપણ

હવે સૂત્રકાર એ વાતનું સ્પષ્ટીકરણ કરે છે કે પરતીર્થિકો શા કારણે અન્યને શરણ આપવાને અસમર્થ છે, અને ત્રાણ (શરણ) આપનાર કેવાં હોય છે. **''सपरिग्गहा'** ઇત્યાદિ-

શબ્દાર્થ—**'सपरिग्गहा–सपरिग्रहाः'** પરિગ્રહવાળા **'य–च'** અને **'सारंभा–सारम्भाः'** પ્રાણાતિપાત વગેરે આરંભ કરવાવાળા જીવ, મોક્ષ પ્રાપ્ત કરે છે. આ **'इह–इह'** મોક્ષના વિષયમાં **'एगेसिं–एकेषां'** કોઇ કોઇ દર્શનવાદિકોનું **'आहियं–आख्यातम्'** કથન છે **'भिक्खू–भिक्षुः'** જિન ભગવાન્ની આજ્ઞાનું પાલન કરનાર **'अपरिग्गहा–अपरिग्रहान्'** પરિગ્રહથી

રહિત અને '**अणारंभा-अनारम्भान्**' આરંભ વર્જીત પુરૂષના '**ताणं-त्राणम्**' શરણમાં '**परिव्वए-परिव्रजेत्**' જાય. ॥૩॥

– સૂત્રાર્થ –

પરિગ્રહથી યુક્ત અને પ્રાણાતિપાત આદિ આરંભથી યુક્ત જીવ પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે" આ પ્રકારની માન્યતા કોઈ કોઈ અન્ય મતવાદીઓ ધરાવે છે, પરન્તુ આ માન્યતા સાચી નથી. તેથી જિનાજ્ઞા આરાધક ભિક્ષુએ પરિગ્રહ અને આરંભથી રહિત હોય એવા પુરુષોનું જ શરણ સ્વીકારવું જોઇએ.

ટીકાર્થ

ધન, ધાન્ય, પશુ આદિનો પરિગ્રહ રાખનારને સપરિગ્રહ કહે છે. કદાચ આ વસ્તુઓના પરિગ્રહનો અભાવ હોય પરન્તુ શરીર અને ઉપકરણોમાં મમત્વભાવ હોય, તો એવા મમત્વભાવ યુક્ત પુરુષને પણ સપરિગ્રહ જ કહે છે જેઓ છકાયના જીવોની હત્યા કરવા રૂપ આરંભથી યુક્ત હોય છે, તેમને સારંભ કહે છે. એવા હિંસાદિ કરનારાઓ પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, એવું કોઈ કોઇ મતવાદીઓ કહે છે. તેઓ એવું પ્રતિપાદન કરે છે કે આ દુઃખદાયક દીક્ષા લેવાથી અને કેશલુંચન આદિ ક્રિયાઓ કરવાથી શો લાભ છે? આરંભયુક્ત જીવ પણ ગુરુકૃપાના પ્રભાવથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે." આવું કહેનારા લોકો સંસારસાગર તરાવવાને સમર્થ હોતા નથી. તેમનું શરણ સ્વીકારનારનો ઉદ્ધાર થઇ શકતો નથી તેથી મુમુક્ષુ જીવોએ તેમનું શરણ સ્વીકારવું જોઈએ નહીં

જો તેઓ શરણ આપવાને સમર્થ ન હોય, તો કોનું શરણ શોધવું? આ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકાર કહે છે.

જેઓ પરિગ્રહથી રહિત છે. એટલે કે જેઓ ધર્મોપકરણો સિવાયના શરીરના ઉપભોગ માટેનો બિલકુલ પરિગ્રહ રાખતા નથી, તથા જેઓ આરંભથી ગૃહિત છે એટલે કે જેઓ મન, વચન અને કાયા દ્વારા સાવદ્ય કૃત્યો કરતા નથી, એવા લઘુકર્મા તીર્થંકર, ગણધર અને ભાવિતાત્મા અણગારોનું શરણ ભિક્ષુએ લેવુ જોઈએ સંસારસાગરને તરી જવાની અભિલાષાવાળા ભિક્ષુએ તેમનું જ શરણ સ્વીકારવું જોઇએ તેમના શરણે જવાથી જ મુક્તિની પ્રાપ્તિ થાય છે. ॥૩॥

આરંભ અને પરિગ્રહનો ત્યાગ કરીને, સાધુ કેવી રીતે જીવનનિર્વાહ કરી શકે છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકાર કહે છે કે– "**कडेसु**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'विऊ-विद्वान्' વિદ્વાન્ પુરૂષ 'कडेसु-कृतेषु' બીજા દ્વારા સંપાદન કરેલ આહારમાંથી 'घासं-ग्रासम्' એક ગ્રાસ 'एसेज्जा-एषयेत्' ગવેષણા કરે 'दत्तेसणं-दत्तैषणां' દીધેલ આહારને લેવાની 'चरे-चरेत्' ઇચ્છા કરે અને 'अगिद्धो-अगृद्धः' ગૃદ્ધિ-આસક્તિ રહિત તથા 'विप्पमुक्को-विप्रमुक्तः' રાગદ્વેષથીવર્જીત થઇને 'य-च' એવમ્ 'ओमाणं-अपमानम्' બીજા દ્વારા કરેલ પોતાના અપમાનને 'परिवज्जए-परिवर्जयेत्'-ત્યાગી દે અર્થાત્ માનાપમાનમાં સમભાવ રાખે. ॥૪॥

-સૂત્રાર્થ

ગૃહસ્થોએ પોતાને નિમિત્તે જ બનાવેલા આહારની સમ્યગ્ જ્ઞાનવાન્ સાધુએ ગવેષણા કરવી જોઈએ-સાધુને નિમિત્તે બનાવેલો આહાર ગ્રહણ કરવો જોઇએ નહીં. સાધુએ અદત્ત આહારની અભિલાષા રાખવી નહીં પણ પ્રદત્ત આહાર પણ તેણે ગૃદ્ધિ તથા રાગ-દ્વેષથી રહિત થઈને ગ્રહણ કરવો જોઈએ કદાચ ગૃહસ્થ આહાર પ્રદાન ન કરે અથવા ઓછો આહાર વહોરાવે, તો પણ સાધુએ અપમાન માનવું જોઇએ નહીં, પરન્તુ સમભાવ ધારણ કરવો જોઇએ. ॥૪॥

ચારિત્રનું પાલન કરવામાં તત્પર મુનિએ ઉદ્ગમ આદિ દોષોથી રહિત આહારની ગવેષણા કરવી જોઇએ ગૃહસ્થોએ સાધુને નિમિત્તે નહીં પણ પોતાને જ નિમિત્તે બનાવેલો આહાર ગ્રહણ કરવો જોઇએ ઉદ્ગમના નીચે પ્રમાણે ૧૬ દોષો કહ્યા છે—

(૧) આધાકર્મ, (૨) ઔદ્દેશિક, (૩) પૂતિકર્મ, (૪) મિશ્રજાત, (૫) સ્થાપના, (૬) પ્રાભૃતિકા, (૭) પ્રાદુષ્કર, (૮) ક્રીત, (૯) પ્રામિત્ય, (૧૦) પરિવર્તિત, (૧૧) અભ્યાહૃત, (૧૨) ઉદ્ભિન્ન,(૧૩) માલાપહૃત, (૪) આચ્છેદ્ય, (૧૫) અનિસૃષ્ટ, અને (૧૬) અધ્યવપૂરક. આ પદોનો અર્થ નીચે પ્રમાણે છે-

(૧) આધાકર્મ- જે આહાર સાધુને નિમિત્તે, છકાયના જીવોનો આરંભ (ઉપમર્દન) કરીને બનાવવામાં આવ્યો હોય, એવા આહારને આધાકર્મિ કહે છે.

(૨) ઔદ્દેશિક- કોઈએક સાધુને નિમિત્તે જ બનાવેલા આહારને ઔદ્દેશિક કહેવાય છે.

(૩) પૂતિકર્મ- જે શુદ્ધ આહારમાં આધાકર્મ આદિ દોષયુક્ત આહારનો એક કણ પણ રહેલો હોય છે, તે આહારને જો એક હજાર ઘરનું અંતર આપીને સાધુને વહોરાવવામાં આવે તો પણ તે આહાર આદિ પૂતિકર્મ દોષયુક્ત આહાર કહે છે.

(૪) મિશ્રજાત- જે આહાર સાધુ અને ગૃહસ્થ, બન્નેને નિમિત્તે બનાવ્યો હોય, તેને મિશ્રિજાત આહાર કહે છે.

(૫) સ્થાપના- અમુક સાધુને વહોરાવવા માટે જે આહારને અલગ મૂકી રાખ્યો હોય, તેને સ્થાપના દોષયુક્ત આહાર કહે છે.

(૬) પ્રાભૃતિકા- સાધુને માટે મહેમાનોને આઘા પાછા કરીને કરવામાં આવે તે

પ્રાભૃતિક આહાર દોષ કહે છે. તે પ્રાભૃતને પ્રાભૃતિકા પણ કહે છે.

(૭) પ્રાદુષ્કર– અંધકારવાળી જગ્યામાં અજવાળું કરીને જે આહાર વહોરાવવામાં આવે છે, તેને પ્રાદુષ્કર દોષયુક્ત આહાર કહે છે.

(૮) ક્રીત-સાધુને નિમિત્તે ખરીદ કરીને સાધુને પ્રદાન કરાતી ભિક્ષાને ક્રીતદોષયુક્ત કહે છે

(૯) પ્રામિત્ય-પાછી આપવાનો વાયદો કરીને બીજાની પાસેથી સાધુને નિમિત્તે લાવવામાં આવેલી વસ્તુ પ્રામિત્ય દોષયુક્ત ગણાય છે.

(૧૦) પરિવર્ત્તિત-પોતાને ઘેરથી કોઇ વસ્તુ અન્યને આપીને તેના બદલામાં સાધુ નિમિત્તે કોઇ વસ્તુ લેવામાં આવે, તો તેને પરિવર્તિત દોષયુક્ત ગણાય છે.

(૧૧) અભ્યાહૃત-પોતાને ઘેરથી કે પારકા ઘેરથી લાવીને જે વસ્તુ (ભિક્ષા) સાધુને પ્રદાન કરાય છે, તેને અભ્યાહૃત દોષયુક્ત ગણાય છે.

(૧૨) ઉદ્‌ભિન્ન-ગાર, માટી આદિથી આચ્છાદિત પાત્ર ઉપરથી તે આચ્છાદન ખૂલ્લું કરી નાખીને તેમાંથી જે ભિક્ષા સાધુને વહોરાવાય, તેને ઉદ્‌ભિન્ન દોષયુકત કહેવાય છે.

(૧૩) માલાપહૃત ઘરના ઉપલા માળે રાખેલી વસ્તુને નિસરણી આદિ મૂકીને ત્યાંથી ઉતારીને સાધુને આપવામાં આવે, તો સાધુને માલાપહૃત દોષ લાગે છે,

(૧૪) આચ્છેદ્ય–નબળા પાસેથી ખૂંચવી લઇને સાધુને પ્રદાન કરવાથી, લેનાર સાધુને આચ્છેદ્ય દોષ લાગે છે.

(૧૫) અનિસૃષ્ટ–જે વસ્તુના અનેક સ્વામી હોય, એવી વસ્તુ દરેક સ્વામીની અનુમતિ વિના પ્રદાન કરવાથી અનિસૃષ્ટ ગણાય છે. એવી વસ્તુ ગ્રહણ કરનાર સાધુને અનિસૃષ્ટ ગ્રહણ કરવાનો દોષ લાગે છે.

(૧૬) અધ્યવપૂરક–કોઇ વસ્તુ ચૂલે ચડાવેલી હોય, તેમાં સાધુને નિમિત્તે થોડી વધારે વસ્તુ નાખીને તૈયાર કરાયેલા ભોજનને અધ્યવપૂરક કહે છે. આ ૧૬ ઉદ્‌ગમ દોષો કહ્યા છે. આ દોષો ગૃહસ્થો સાધુ ને લગાડે છે. આ દોષોથી યુક્ત આહાર સાધુએ ગ્રહણ કરવો જોઇએ નહીં. વળી ધાત્રી, દૌત્ય આદિ ૧૬ ઉત્પાદન દોષોથી રહિત આહારની જ સંયમી મુનિએ ગવેષણા કરવી જોઇએ. કારણ કે ઉદ્‌ગમ દોષોથી રહિત આહારાદિ પણ ધાત્રી આદિ ઉત્પાદના દોષોથી અને શંકિત મિશ્રિત આદિ દસ ગ્રહણૈષણાના દોષોથી દૂષિત થઈ જાય છે. તેથી અહીં "દત્તૈષણા" પદ દ્વારા તે દોષોની શુદ્ધિ પણ પ્રદર્શિત કરવામાં આવી છે સાધુના પોતાનાથી લગાડવામાં આવતા ઉત્પાદનાના તે ૧૬ દોષો નીચે પ્રમાણે છે (૧) ધાત્રી, (૨) દૂતી, (૩) નિમિત્ત, (૪) આજીવ, (૫) વનીપક, (૬) ચિકિત્સા, (૭) ક્રોધ, (૮) માન, (૯ માયા, (૧૦) લોભ, ૧૧) પૂર્વપશ્ચાત્ સંસ્તવ, (૧૨) વિદ્યા, (૧૩) મંત્ર, (૧૪) ચૂર્ણ, (૧૫) યોગ અને (૧૬) મૂલકર્મ હવે તે ૧૬ ઉત્પાદના દોષોનું સ્વરૂપ પ્રકટ કરવામ ાંઆવે છે.

(૧) ધાત્રી- ધાત્રી પાંચ પ્રકારની હોય છે- દૂધ પિવરાવનારી, સ્નાન કરાવનારી, શણગાર કરનારી, રમાડનારી અને ખોળામાં લેનારી. આ ધાત્રીઓમાંથી કોઈ પણ ધાત્રીનું કામ કરીને આહારાદિ પ્રાપ્ત કરવાથી ધાત્રિદોષ લાગે છે.

(૨) દૂતિકર્મ-એકનો સંદેશો બીજા ને પહોંચાડવો તેનું નામ દૂતિકર્મ છે. એટલે કે આહારાદિ પ્રાપ્ત કરવા માટે ગામમાં જ અથવા પરગામ ગૃહસ્થાદિનો સંદેશો પહોંચાડવો આમ કરવાથી દૂતિકર્મ દોષ લાગે છે,

(૩) નિમિત્ત-આહારાદિ પ્રાપ્ત કરવા માટે ભૂમિ સંબંધી કે આકાશ સંબંધી આઠ પ્રકારનાં નિમિત્તો કહેવા.

(૪)-આજીવ(આજીવિકા) જાતિ, કુળ આદિ પ્રકટ કરીને ભિક્ષા ગ્રહણ કરવી.

(૫) વનીપક- આહારાદિ પ્રાપ્ત કરવાને માટે પોતાની વનીપકતા (ભિક્ષાપ્રાપ્ત કરવાની ઇચ્છા) બતાવવી. અથવા કોઇ દરિદ્ર ભિખારીની જેમ માગવું.

(૬) ચિકિત્સા- આહારાદિ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી રોગી ગૃહસ્થોને ઔષધ દેવું.

(૭) ક્રોધ-આહારાદિને નિમિત્તે ક્રોધ કરીને શાપ આપવો.

(૮) માન-પોતાનું મહત્વ બતાવવું.

(૯) માયા-વેષ આદિ બદલીને બીજાને ઠગવા.

(૧૦) લોભ-રસલોલુપતા પ્રકટ કરવી.

(૧૧) પૂર્વપશ્ચાત્ સંસ્તવ-ભિક્ષા લેતા પહેલાં અથવા પછીથી ગૃહસ્થની પ્રશંસા કરવી.

(૧૨) વિદ્યા-રોહિણી પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાનું પ્રદર્શન કરવું.

(૧૩) મંત્ર-પુરુષ દેવ જેનો અધિષ્ઠાતા હોય અને જે પાઠ કરવા માત્રથી જ સિદ્ધ થઇ જાય તેનું નામ મંત્ર છે. એવા મંત્રનું પ્રદર્શન કરીને ભિક્ષાપ્રાપ્ત કરવાથી સાધુને દોષ લાગે છે.

(૧૪) ચૂર્ણ-આહાર પ્રાપ્તિની ઈચ્છાથી વશીકરણ, સૌભાગ્ય અથવા દુર્ભાગ્ય કરનારૂં બાહ્ય ઉપયોગમાં આવે એવું ચૂર્ણ (ભૂકી) આપવી તેનું નામ ચૂર્ણદોષ છે.

(૧૫) યોગ-અંતર્ધાન (અદૃશ્ય થવું તે) આદિને નિમિત્તે અનેક વસ્તુઓનાં સંમિશ્રણ રૂપ યોગ હોય છે. અથવા જે આન્તરિક ઉપયોગમાં આવે, તેને યોગ કહે છે. તે યોગનું પ્રદર્શન કરીને ભિક્ષાદિ પ્રાપ્ત કરવાથી દોષ લાગે છે.

(૧૬) મૂલકર્મ-ગર્ભસ્તંભન, ગર્ભાધાન, ગર્ભપાત, ગર્ભશાતન અને ગર્ભવર્ધન રૂપ સંસાર વૃક્ષના મૂળસમાન પ્રવૃત્તિને મૂળકર્મ કહે છે. આ મૂલકર્મનું પ્રદર્શન કરીને ભિક્ષા પ્રાપ્ત કરવાથી દોષ લાગે છે.

ગ્રહણૈષણા-લેવાના દસ દોષો નીચે પ્રમાણે છે- (૧) શંકિત, (૨) પ્રક્ષિત, (૩) નિક્ષિપ્ત, (૪) પિહિત, (૫) સંહૃત, (૬) દાયક, (૭) ઉન્મિશ્ર, (૮) અપરિણત, (૯) લિપ્ત અને (૧૦) છર્દિત. તેમનું સ્વરૂપ આ પ્રકારનું છે.

(૧) શંકિત-જે આહારની નિર્દોષતા વિષે લેનાર દેનારને શંકા હોય, તે આહારને શંકિત આહાર કહે છે.

(૨) પ્રક્ષિત-પ્રદાન કરવાની વસ્તુ, તે વસ્તુ ભરેલું પાત્ર અથવા દાતાના હાથ આદિ માટી અથવા જળ આદિ વડે ખરડાયેલ હોય, તો તે વસ્તુ પ્રક્ષિત દોષયુક્ત ગણાય છે.

(૩) નિક્ષિપ્ત-દેય વસ્તુને કોઇ સચિત્ત વસ્તુ પર મૂકી હોય, અથવા સચિત્ત વસ્તુને દેય વસ્તુ પર રાખી હોય અથવા દેય વસ્તુનો સચિત્ત વસ્તુની સાથે પરંપરાની અપેક્ષાએ સ્પર્શ થતો હોય.

(૪) પિહિત-દેય વસ્તુને સચિત્ત વસ્તુ વડે ઢાંકેલી હોય.

(૫) સંહૃત-પાણી આદિ સચિત્ત વસ્તુ ભરેલા પાત્રને ખાલી કરીને ભીના વાસણમાં રાખેલી વસ્તુને ગ્રહણ કરવાથી સંહૃત દોષ લાગે છે.

(૬) દાયક-આંધળા, કોઢવાળા, લંગડા, જ્વરગ્રસ્ત, બાળક, બિમાર, પાગલ અથવા એવા જ કોઇ અન્ય અયોગ્ય દાતાને હાથે ભિક્ષા લેવાથી દાયક દોષ લાગે છે.

(૭) ઉન્મિશ્ર-સચિત્ત અચિત્ત બન્ને વસ્તુ ના મિશ્રણને ઉન્મિશ્ર દોષ કહે છે.

(૮) અપરિણત- શસ્ત્રપરિણત ન હોય તે અપરિણત દોષ કહેવાય છે.

(૯) લિપ્ત-જે સ્થાન પર તત્કાલ તાજી જ ગાર કરી હોય કે માટી આદીથી લીપ્યા હોય એવા સ્થાન પર રાખેલા અશનાદીને લીપ્ત દોષથી દૂષિત ગણાય છે. અથવા અલિપ્ત પાત્રમાં દહીં દૂધ આદિ વડે લિપ્ત કરવાં. એટલે કે કોઈ ખાલી પાત્રમાંદૂધ, દહીં આદી પદાર્થ ભરીને સાધુને વહોરાવવાથી તે આહાર પણ લિપ્ત દોષથી દૂષિત થયેલો ગણાય છે.

(૧૦) છર્દિત-સાધુને વહોરાવતી વખતે લાવવામાં આવતો આહાર વેરાતો આવે તો તેવો આહાર છર્દિતદોષ વાળો કહેવાય છે.

ઉપર્યુક્ત દોષો ન લાગે એવી રીતે જે આહારાદિ ગ્રહણ કર્યા હોય તેના પ્રત્યે ગૃદ્ધિભાવ રાખવો જોઇએ નહીં. તેમાં આસક્તિ રાખ્યા વિના અને રાગદ્વેષથી રહિત બનીને તે આહારાદિનો ઉપભોગ કરવો જોઇએ. સાધુએ બીજાનું અપમાન કરવું જોઇએ નહીં, એટલે કે પોતાના જ્ઞાન અને તપશ્ચરણનું અભિમાન કરીને અન્યની અવહેલના કરવી જોઇએ નહીં. અહીં "અગૃદ્ધ" અને "વિપ્રમુક્ત" આ બે પદો વડે ગ્રાસૈષણના પાંચ દોષોને ત્યાગ કરવાનું સૂચિત કરાયું છે. તે પાંચ દોષો નીચે પ્રમાણે છે.

## ગ્રાસૈષણા કે પાંચ દોષોં કા નિરૂપણ

(૧) અંગારદોષ, (ધૂમદોષ, (૩) સંયોજના દોષ, (૪) પ્રમાણુ દોષ અને (૫) કારણુ દોષ.

(૧) અંગારદોષ–રાગને આધીન થઈને મનગમતો આહાર વખાણી વખાણીને ખાય અથવા તેના દાતાની પ્રશંસા કરતાં કરતાં ખાવાથી અંગાર દોષ લાગે છે. ચારિત્ર રૂપી ઇન્ધનને નષ્ટ કરવામાં આ દોષ અંગારાની ગરજ સારે છે, આ કારણે તેને અંગારદોષ કહેવાય છે.

(૨) ધૂમદોષ-દ્વેષને વશવર્તી થઈને અમનોજ્ઞ, અરસ અથવા વિરસ આહારની અથવા તેના દાતાની નિંદા કરતાં કરતાં ખાવાથી ધૂમદોષ લાગે છે, આ પ્રમાણે કરનારના ચારિત્રમાં મલિનતા આવી જાય છે, તે કારણે આ દોષને ધૂમદોષ કહ્યો છે.

(૩) સંયોજના દોષ-લોલુપતાને કારણે એક વસ્તુ સાથે બીજી વસ્તુનું મિશ્રણ કરીને ખાવાથી સંયોજના દોષ લાગે છે.

૪ પ્રમાણુ દોષ-૩૨ ગ્રાસ-કોળિયા કરતાં અધિક આહાર ખાવાથી પ્રમાણુદોષ લાગે છે

૫ કારણુ દોષ નીચેના છ કારણો વિના આહાર કરવાથી કારણુ દોષ લાગે છે.
૧ વેદના ૨ વૈયાવૃત્ય, ૩ ઈર્યાપથ, ૪ સંયમપાલન, ૫ પ્રાણુરક્ષા ૬ ધર્મચિંતા

એટલે કે ક્ષુધાની વેદનાને ઉપશાન્ત કરવા માટે, આચાર્ય આદિની સેવા કરવા માટે નર્યાપથની શુદ્ધિને માટે, સંયમના નિર્વાહને માટે, અને ધર્મ ચિન્તન કરવાની શક્તિ ટકાવી રાખવા માટે, જ સાધુએ આહાર ગ્રહણ કરવો જોઈએ

તાત્પર્ય એ છે કે ગ્રહણૈષણા, ગ્રાસૈષણા, અને પરિભોગૈષણા વિષયક દોષોનું નિવારણ કરીને સાધુએ સંયમના નિર્વાહ નિમિત્ત નિર્દોષ આહાર જ ગ્રહણ કરવો જોઇએ તેણે પોતાના જ્ઞાન અને તપનો મદ કરીને અન્યને પોતાના કરતા હલકી શ્રેણીના માનીને તેમનું અપમાન કરવું જોઇએ નહીં ॥ ગાથા ૪॥

## પૌરાણિકાદિ અન્યતીર્થિકોં કે મતકાનિરૂપણ

સૂત્રકાર અન્યતીર્થિકોના મતનું વિશેષ નિરૂપણુ કરે છે "**लोगवाय**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**लोगवायं–लोकवादम्**' લોકવાદ અર્થાત્ પૌરાણિકોના સિદ્ધાન્તને '**णिसामिज्जा–निशामयेत्**' સાંભળવો જોઇએ. '**इह–इह**' આ સંસારમાં '**एगेसिं–एकेषां**' કોઈનું પણુ '**आहियं–आख्यातम्**' કથન છે '**विपरियपन्नसंभूयं–विपरीतप्रज्ञासंभूतम्**' પરંતુ વસ્તુતઃ પૌરાણિકોનો સિદ્ધાંત વિપરીત બુદ્ધિથી રચિત છે, તથા '**अन्नउत्त–अन्योक्तम्**' અન્ય અવિવેકિયોએ જે કહ્યું છે '**तयाणुगं–तदनुगम्**' તેનું અનુગામી છે. ॥૫॥

સૂત્રાર્થ– પૌરાણિકોનું એવું મંતવ્ય છે કે લોકવાદનું શ્રવણ કરવું જોઇએ તેઓ લોકવાદ શ્રવણ કરવા યોગ્ય માને છે. પરન્તુ તેઓ વિપરીત બુદ્ધિને લીધે આ પ્રકારનું કથન કરે છે તેથી તે કથનને અન્ય અવિવેકી જનોના કથન સમાન જ માનવું જોઇએ

ટીકાર્થ–

પૌરાણિક લોકોના સિદ્ધાન્તને અથવા મનમાં આવે તે કહી દેવું તેને લોકવાદ કહે છે. આ પૌરાણિક મત ઉત્તમ છે, તેથી તેને શ્રવણ કરવો જોઈએ, એવું તે મતના અનુયાયીઓ કહે છે. પરન્તુ આ કથન વિપરીત બુદ્ધિથી જનિત છે--સત્ અસત્‌ના વિવેક વિનાના લોકોનું આ કથન છે. તેથી તેને અન્ય અસર્વજ્ઞોના કથન સમાન જ ગણવું જોઈએ ।। ગાથા પ।।

## વિપરીત બુદ્ધિ જનિત લોકવાદ કા નિરૂપણ

હવે સૂત્રકાર વિપરીત બુદ્ધિ વડે જનિત લોકવાદનું સ્વરૂપ પ્રકટ કરે છે " **अयं ते** " ઈત્યાદિ–

શબ્દાર્થ **'लोए-लोक'** આ પૃથ્વી વગેરે લોક **'अणंते-अनन्तः'** અનન્ત અર્થાત્ સિમારહિત **'निरए-नित्यः'** નિત્ય અને **'सासए-शाश्वतः'** શાશ્વત છે. **'ण विणस्सइ-न विनश्यति'** આ નષ્ટ નથી થતો, કોઈનું આ કથન છે તથા બીજા કોઇ એમ પણ કહે છે કે **'लोए-लोकः'** આ લોક **'अंतवं-अन्तवान्'** અંતવાળા **'निइए-नित्यः'** નિત્ય છે. **'इति-इति'** આ પ્રકારે **'धीरो-धोरः'** ધીરપુરૂષ-વ્યાસ વિગેરે **'अतिपासइ-अतिपश्यति'** દેખે છે અર્થાત્ કહે છે. ।।૬।।

–સૂત્રાર્થ–

કોઇ કોઈ અન્ય મતવાદિઓ એવું કહે છે કે આ લોક અનંત છે તેની કોઇ સીમા જ નથી, નિત્ય છે અને શાશ્વત છે, તેથી તેનો કદી પણ વિનાશ થતો નથી. આ કથનનો ભાવાર્થ એ છે કે આ લોક અનંત, નિત્ય અને શાશ્વત છે. તેથી તેનો કદી પણ નાશ થવાનું શકય જ નથી. કોઈ કોઈ મતવાદિઓ આવું પણ કહે છે કે આ લોક અન્તયુકત સસીમ છે. " આ પૃથ્વી સાત દ્વીપ પરિમિત છે, આ કથન દ્વારા તેનું પરિમાણ બતાવવામાં આવ્યું છે. વ્યાસ મુનિ આદિનું એવું કથન છે કે " આ લોક સસીમ અને નિત્ય છે. " ।। ૬ ।।

–ટીકાર્થ–

કેટલાક પરતીર્થિકો એવું મંતવ્ય ધરાવે છે કે પુરુષ, સ્ત્રી આદિ રૂપ આ લોક અનંત છે. એટલે કે જે જીવ આ ભવમાં પુરુષ, સ્ત્રી અથવા નપુંસક રૂપે ઉત્પન્ન થયો છે, તે પરભવમાં પણ એવાં જ પુરુષ, સ્ત્રી અથવા નપુંસક રૂપે ઉત્પન્ન થશે. પુરુષત્વ આદિનો કદી પણ અન્ત આવતો નથી. અથવા આ લોક અનંત છે એટલે કે તેની કોઇ અવધિ ( મર્યાદા–સીમા ) નથી, કારણ કે ત્રણે કાળમાં તેવું અસ્તિત્વ રહે છે તે કદી નષ્ટ થતો નથી. ઉત્પન્ન થતો નથી, પરન્તુ સદા સ્થિર અને એક સરખો રહે છે.

આ લોક શાશ્વત છે–વારં વાર ઉત્પન્ન થતો નથી જો કે દ્વયણુક–બે અણુવાળા સ્કન્ધ આદિ અવયવીઓની ઉત્પત્તિ થતી રહે છે, પરન્તુ પરમાણુ રૂપે તેની ઉત્પત્તિ કદી પણ થતી નથી. તથા તેનો વિનાશ પણ થતો નથી, કારણ કે કાળ, દિશા, આકાશ, આત્મા અને પરમાણુ નિત્ય છે. કેટલાક અન્યતીર્થિકો એવું માને છે કે આ લોક

અન્તવાન્ (સીમિત) છે, કારણ કે "આ પૃથ્વી સાત દ્વીપ પર્યન્ત જ વ્યાપ્ત છે, લોક ત્રણ છે, ચાર લોક સંનિવેશ છે." ઈત્યાદિ રૂપે લોકની મર્યાદા દેખી શકાય છે. તથા લોક નિત્ય છે, કારણ કે પ્રવાહ રૂપે તે આજ પણ વિદ્યમાન છે તથા "અપુત્રને શુભ-ગતિ મળતી નથી, સ્વર્ગ તો હર્ગિજ (સદન્તર) મળતું નથી, બ્રાહ્મણ દેવતા છે, કૂતરા યક્ષો છે, ઈત્યાદિ લોકવાદના જ મન્તવ્યો છે. વ્યાસ આદિએ આ પ્રકારના લોકવાદનું નિરૂપણ કર્યું છે. ।। ગાથા ૬ ।।

સૂત્રકાર લોકવાદનું વિશેષ નિરૂપણ કરે છે—"**अपरिमाणं**" ઈત્યાદિ

શબ્દાર્થ --'**अपरिमाणं-अपरिमाणम्**' પરિમાણ રહિત અર્થાત્ અપરિમિત પદાર્થને '**वियाणाइ-विजानाति**' જાણે છે. '**इह-इह**' આ લોકમાં '**एगेसिं-एकेषां**' કોઈનું '**आहियं-आख्यातम्**' કથન છે. '**सव्वत्थ-सर्वत्र**' સર્વ દેશકાલના વિષયમાં '**सपरिमाणं-सपरिमाणम्**' પરિમાણ સહિત જાણે છે. '**इति-इति**' આમ **धीरो-धीरः**' ધીર પુરૂષ '**अतिपासइ-अतिपश्यति**' જુવે છે. ।।૭।।

– સૂત્રાર્થ –

કેટલાક પૌરાણિકો એવું કહે છે કે ઈશ્વર પરિમાણ રહિત પદાર્થોને જાણે છે. કેટલાક અન્ય પૌરાણિકો એવું કહે છે. કે સમસ્ત દેશ અને કાળના વિષયમાં સમસ્ત પદાર્થો પરિમિત છે–નિયત સંખ્યાવાળા છે. અને ઈશ્વર તે પરિમિત પદાર્થોને જ જાણે છે. ।।૭।।

– ટીકાર્થ –

કોઇ કોઈ પૌરાણિકો એવું કહે છે કે ઈશ્વર અનંત પદાર્થોને જાણે છે. એટલે કે તે પદાર્થોની નિયત સંખ્યા જ નથી, તે પદાર્થો અપરિમિત છે, ત્યારે કોઈ કોઈ અન્ય પૌરાણિકો એવું કહે છે કે ઇશ્વર પરિમિત પદાર્થોનો જ્ઞાતા છે, પરન્તુ સમસ્ત પદાર્થોનો જ્ઞાતા (સર્વજ્ઞ) નથી. અથવા ઇશ્વર એજ અતીન્દ્રિય પદાર્થોને જાણે છે કે જે પદાર્થોનું કોઈ પ્રયોજન (ઉપયોગિતા) હોય છે. તે નિષ્પ્રયોજનવાળા પદાર્થનો જ્ઞાતા નથી, કારણકે જેનું કોઈ પ્રયોજન જ ન હોય તેને જાણવાથી શો લાભ?

કહ્યું પણ છે કે—"**सर्वं पश्यतु वा मा वा**" ઇત્યાદિ- સર્વજ્ઞ સઘળા પદાર્થોને દેખે કે ન દેખે, પરન્તુ ઇષ્ટ પદાર્થોને જાણી લે તો તે પુરતું છે. કીડાઓની સંખ્યાનું તેમનું જ્ઞાન આપણે શા કામનું!

તેથી આપણે તેના અનુષ્ઠાન સંબંધી એટલે કે કર્તવ્ય અકર્તવ્ય સંબંધી જ્ઞાનનો જ વિચાર કરવો જોઈએ. જો આપ દૂરદર્શીને જ પ્રમાણ માનતા હો, તો આપે ગીધ પક્ષીઓની જ ઉપાસના કરવી જોઇએ કારણ કે તેઓ દૂરદર્શી હોય છે.

આ પ્રકારે પ્રતિપાદન કરીને આજીવકો (ગોશાલકના અનુયાયીઓ) સર્વજ્ઞનો નિષેધ કરે છે. તે સિવાયના કેટલાક અન્ય મતવાદીઓનું એવું મંતવ્ય છે કે સમસ્ત દેશો અને કાળોમાં સ્થિત પદાર્થસમૂહ પરિમાણયુક્ત જ છે, અને તે પરિણામયુક્ત પદાર્થસમૂહને જ ઈશ્વર જાણે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે– આ ગાથાના પૂર્વાર્ધમાં આજીવિકોની માન્યતા પ્રકટ કરવામાં આવી છે. અને ઉત્તરાર્ધમાં પૈરાણિકોની માન્યતા પ્રકટ કરવામાં આવી છે. તેમના મત અનુસાર ઇશ્વરના જ્ઞાનને સઘળા સત્ પદાર્થોને જાણનાર જ્ઞાન રૂપે સ્વીકારવામાં આવ્યું છે. શ્રુતિમાં એવું કહ્યું છે કે "સર્વજ્ઞ બધું જાણે છે"

અથવા આખી ગાથામાં પૌરાણિકોના મતને જ પ્રગટ કરવામાં આવ્યો છે. તેમનો મત આ પ્રમાણે છે– "સ્વયંભૂ બ્રહ્માનો દિવસ ચાર હજાર યુગ જેટલા પ્રમાણવાળો હોય છે, અને તેમની રાત્રી પણ એટલા જ પ્રમાણવાળી હોય છે. કહ્યુ છે કે–,'चतुर्युग–सहस्राणि" ઇત્યાદિ–

"બ્રહ્માનો એક દિવસ ચાર હજાર યુગનો હોય છે. દિવસે બ્રહ્મા જ્યારે સઘળા પદાર્થોનું સર્જન કરે છે, ત્યારે તેમને સઘળા પદાર્થોનું અપરિમિત જ્ઞાન હોય છે. પરન્તુ રાત્રે જ્યારે તેઓ શયન કરે છે, ત્યારે તેમનું જ્ઞાન પરિમિત પણ હોતું નથી. આ પ્રકારે પરિમિત અજ્ઞાન હોવાને કારણે તેમનામાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને સંભવી શકે છે. સૂત્રકાર આ કથન દ્વારા એ વાત પ્રદર્શિત કરે છે કે આ પ્રકારના ઘણા લોકપ્રવાદ પ્રચલિત છે. ।।ગાથા૭।।

## અન્યવાદિયોં કે મતકા ખણ્ડન કે લિયે અપને સિદ્ધાન્ત કા પ્રતિપાદન

હવે અન્યતીર્થિકોના પૂર્વોક્ત મતનું ખંડન કરવા માટે સૂત્રકાર પોતાના સિદ્ધાન્તનું (જૈન સિદ્ધાન્તનું) મંતવ્ય પ્રકટ કરે છે. " **जे केई** " ઇત્યાદિ–

શબ્દાર્થ—'**जे केई–ये केचित्**' જે કોઈ '**तसा–त्रसा**' ત્રસ '**अदु–अथवा**' અથવા '**थावरा–स्थावराः**' સ્થાવર '**पाणा–प्राणिनः**' પ્રાણી '**चिट्ठंति–तिष्ठंति**' સ્થિત છે '**से–तेषाम्**' તેઓનો '**अंजू–अंजू**' અવશ્ય '**परियाए–पर्यायः**' પર્યાય '**अत्थि–अस्ति**' હોય છે.।૮

સૂત્રાર્થ–

ત્રસ અને સ્થાવર જીવોનું પર્યાય પરિણમન અવશ્ય થતું જ રહે છે. ત્રસ જીવ સ્થાવર પર્યાયને પ્રાપ્ત કરે છે અને સ્થાવર જીવ ત્રસ પર્યાયને પ્રાપ્ત કરે છે. એટલે કે જે જીવ આ ભવમાં ત્રસ હોય છે, તે પર્યાય બદલાય જવાથી બીજા ભવમાં સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે અને આ ભવમાં સ્થાવર જીવ રૂપે ઉત્પન્ન થયેલો જીવ, બીજા ભવમાં પર્યાય બદલાય જવાથી ત્રસ જીવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે. તેથી "મનુષ્ય સદા મનુષ્ય રૂપે જ રહે છે, અન્ય કોઇ પણ પર્યાયને ધારણ કરતો નથી", એવો કોઇ નિયમ નથી.

જે જીવો ત્રસ્ત હોય છે એટલે કે ભયભીત અવસ્થામાં જ રહેતા હોય છે, એવાં જીવોને ત્રસ કહે છે. અથવા જે જીવો તડકામાંથી છાંયડામાં અને છાંયડામાંથી તડકામાં

અવર જવર કરે છે, તેમને ત્રસ કહે છે. અથવા જેમના ત્રસ નામકર્મનો ઉદય હોય છે, એવા દ્વીન્દ્રિય આદિ જીવોને ત્રસ કહે છે. ભયાદિથી યુકત હોવાને કારણે અથવા ચલન (ગમન) રૂપ ક્રિયાથી યુકત હોવાને કારણે પ્રાણવાન્ જીવો ત્રાસનો અનુભવ કરે છે. જે જીવો સ્થિતિશીલ હોય છે. ગમનાગમન કરવાને અસમર્થ હોય છે તેમને સ્થાવર કહે છે. અથવા જેમના સ્થાવર નામકર્મનો ઉદય હોય છે, તે જીવોને સ્થાવર કહે છે. જેમકે પૃથ્વીકાય આદિ જીવો. "ત્રસ જીવો સદા ત્રસ જ રહે છે અને સ્થાવર જીવો સદા સ્થાવર જ રહે છે", આ લોકવાદ સાચો નથી, જો આ લોકવાદ સાચો હોય, તો દાન, અધ્યયન, જપ તપ આદિ સઘળાં અનુષ્ઠાનો નિરર્થક જ બની જાય અન્ય તીર્થિકોએ પણ જીવોની અન્ય પ્રકારે ઉત્પત્તિ થવાની વાત સ્વીકારી છે. તેમનું એવું કથન છે કે "**सवैष श्रृगालो भवति**" ઈત્યાદિ

" જેને મળસહિત બાળવામાં આવે છે, તે શિયાળ રૂપે જન્મ લે છે." વળી એવુ પણ કહ્યું છે કે ગુરુ સાથે તું અથવા હું નો વ્યવહાર કરે છે એટલે કે અવિનીત વ્યવહાર કરે છે, જે બ્રાહ્મણોને વાદમાં પરાજિત કરે છે, તે મૃત્યુ બાદ સ્મશાનમાં વૃક્ષ રૂપે ઉત્પન્ન થાય છે. તે વૃક્ષ ઉપર કંક, ગીધ આદિ નીચ પક્ષિઓ જ બેસે છે'

આ કથન દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે ત્રસ અને સ્થાવર જીવો પોત પોતાના ઉપાર્જિત કર્મો અનુસાર જુદી જુદી પર્યાય પ્રાપ્ત કરતા રહે છે. પુરુષ મરીને પુરુષ રૂપે જ ઉત્પન્ન થાય છે,' ઈત્યાદિ લોકવાદનું તેમના જ આ કથન દ્વારા ખંડન થઈ જાય છે.

વળી તેઓ એવું કહે છે કે લોક અનંત છે. તો અમે તેમને આ પ્રશ્નનો જવાબ આપવાનું આવાહન કરીએ છીએ લોકને જાતિ (સામાન્ય)ની અપેક્ષાએ નિત્ય કહો છો ? કે અવિનાશી. અનુત્પન્ન અને સ્થિર એક સ્વભાવવાળો હોવાને કારણે નિત્ય કહો છો ?

પહેલા પક્ષનો આપ અસ્વીકાર કરી શકશો નહીં, કારણ કે અમે પણ લોક ને પરિણામી નિત્ય રૂપે સ્વીકાર્યો છે, તેથી આપને માટે સિદ્ધને જ સિદ્ધકરવા નો પ્રસંગ ઉપસ્થિત થાય છે અને પહેલા પક્ષનો સ્વીકાર કરવાથી આપના સિદ્ધાન્તનો પણ વિરોધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, બીજો પક્ષ સ્વીકરવામાં પ્રત્યક્ષની અપેક્ષાએ બાધા–વાંધો આવે છે. પદાર્થો ક્ષણે ક્ષણે પર્યાય રૂપે ઉત્પન્ન થતાં અને વિનષ્ટ થતાં દેખાય છે. તેથી તેઓ કૂટસ્થ નિત્ય કેવી રીતે હોઇ શકે ? આ પ્રકારે પ્રત્યક્ષ રૂપે જ બાધા આવવાથી નિત્યતા ઘટિત થતી નથી જેમ અગ્નિમાં શીતતાનું અનુમાન કરી શકાતુ નથી, તેમ, લોકોમાં નિત્યતાનું અનુમાન કરી શકાતું નથી. જેપર્યાયથી રહિત હોય છે. તે આકાશપુષ્પની જેમ સર્વથા અસત્ હોય છે, તથા કાર્ય દ્રવ્યોને અનિત્ય કહેવા અને આકાશ, કાળ, દિશા આત્મા અને મનને દ્રવ્યશેષની અપેક્ષાએ સર્વથા નિત્ય જ કહેવા, તે પણ અસત્ય છે, કારણ કે સઘળી વસ્તુઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોવાને કારણે સમાન છે જે ઉત્પાદ. વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત ન હોય, તેમાં, સસલામાં શિંગડાનો જેમ અભાવ જ હોય છે, એજ પ્રમાણે વસ્તુત્વનો જ

અભાવ હોય છે આપે પૃથ્વીને સાત દ્વીપ પરિમિત" કહી. તેને સિદ્ધ કરવાને માટે કોઈ પ્રમાણુ જ નથી. તો તેનો સ્વીકાર કેવી રીતે થઈ શકે ?

" પુત્રહીનને સદ્દગતિની પ્રાપ્તિ થતી નથી,', આ કથન પણુ યથાર્થ નથી, કારણુ કે તેમાં નીચેના પ્રશ્નોનું પ્રતિપાદન થતું નથી શું પુત્ર હોય તો જ વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થાય છે? કે પુત્રના દ્વારા કરાયેલાં કર્માનુષ્ઠાનો વડે વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થાય છે. ? જો પહેલો પક્ષ સ્વીકારવામાં આવે, તો ભુંડ અને કૂતરીઓને અનેક બચ્ચા હોવાને કારણે તેમને વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થવી જોઈએ ! માત્ર પુત્રનો સદ્દભાવ હોવાથી જ વિશિષ્ટ લોકની પ્રાપ્તિ થતી હોય, તો તપ સંયમ આદિ નિરર્થક બની જશે ! બીજો પક્ષ પણુ અસ્વીકાર્ય છે, કારણુ કે પુત્ર કર્મ કરે અને પિતા ફળ ભોગવે, એ વાત કેવી રીતે સંભવી શકે ? એકે કરેલા કર્મનું ફળ બીજો ભોગવી શકે જ નહીં. એક ખાય અને બીજા વમન કરે, એવી વિચિત્ર આ વાત છે. જો પુત્ર દ્વારા કરાયેલા કર્મનું ફળ પિતા ભોગવી શકતો હોય, તો નીચે બતાવેલી પરિસ્થિતિમાં કેવી સ્થિતિ ઊભી થશે--કોઇ માણુસને બે પુત્રો છે. એક શુભ કર્મ કરે છે, બીજો અશુભ કર્મ કરે છે. એકના શુભ કર્મને પરિણામે પિતા સ્વર્ગમાં જશે, અને બીજાના અશુભ કર્મને પરિણામે નરકમાં જશે ! એક જ જીવ એક સાથે બે ગતિઓમાં કેવી રીતે જઇ શકશે ? આ પ્રકારની અનિષ્ટાપત્તિનો પ્રસંગ આ માન્યતાને કારણે ઉદ્દભવશે વળી આ પ્રકારની માન્યતાનો સ્વીકાર કરવાથી પોતે કરેલાં કર્મો તો નિરર્થક જને તેથી પરતીર્થિકોનું આ કથન પ્રમાણુભૂત નથી.

"બ્રાહ્મણુ દેવતા છે અને કૂતરાઓ યક્ષ છે," આ કથન પણુ યુક્તિશૂન્ય હોવાને કારણે અસ્વીકાર્ય છે.

તથા ઇશ્વર અપરિમિત પદાર્થોને જાણે છે પરન્તુ સઘળા પદાર્થોને જાણુતો નથી, આ કથન પણુ યોગ્ય નથી કારણુ કે અપરિમિત જ્ઞાનવાન્ હોવા છતાં પણુ જો તે સર્વજ્ઞ ન હોય, તો હેય અને ઉપાદેય પદાર્થોના જ્ઞાનમાં તે કુશલ નહીં હોય, અને પરીક્ષકો તેમનો આદર નહીં કરે તેથી ઇશ્વિરની સર્વજ્ઞતાનો સ્વીકાર કરવો જ જોઈએ સર્વજ્ઞ બન્યા વિના તે અતીન્દ્રિય પદાર્થોનો ઉપદેશ આપી શકે નહીં

કીડા આદિની સંખ્યાનું જ્ઞાન પણુ તેમને માટે ઉપયોગી છે. નહીં તો બુદ્ધિમાન પુરુષો એવી શંકા કરશે, કે જેને કીડાઓ જેવી સામાન્ય વસ્તુનું પણુ જ્ઞાન નથી તેને અન્ય વસ્તુઓનુ જ્ઞાન પણુ નહીં હોય ! તે કારણે તેઓ નિઃશંક ભાવે તેમના ઉપદેશને પણુ નહીં સ્વીકારે તેમના ઉપદેશ પ્રત્યે શંકા ભાવ જાગવાને કારણે તેમના દ્વારા ઉપદિષ્ટ સ્વર્ગ આદિ માટેની પ્રવૃત્તિ પણુ નહીં કરે તેથી એવા ઉપદેશકને સર્વજ્ઞ રૂપે અવશ્ય સ્વીકારવા જ જોઇએ.

"બ્રહ્મા નિદ્રાવસ્થામાં હોય ત્યારે કંઈ પણુ જાણુતા નથી, અને દિવસે જ્યારે જાગૃતાવસ્થામાં હોય ત્યારે બધું જ જાણે છે," આ પ્રકારની પરતીર્થિકોની માન્યતા પણુ સાચી નથી. આ પ્રકારની સ્થિતિ તો સૌ લોકોમાં સાધારણુ રીતે જોવા મળે છે. તો સામાન્ય લોકો કરતાં બ્રહ્મામાં શી વિશેષતા છે? જો કોઇ વિશેષતા જ ન હોય, તો આ કથન પણુ અસ્વીકાર્ય જ બની જાય છે.

"બ્રહ્માનું શયન પ્રલય રૂપ છે. અને જાગરણ સૃષ્ટિરૂપ (સર્જનરૂપ) છે," આ પ્રકારનું કથન પણ પ્રમાણ શૂન્ય હોવાથી ઉપેક્ષણીય છે. પ્રત્યક્ષ દેખાતા આ પૃથ્વી આદી સ્વરૂપવાળા જગત્નો એકાન્ત રૂપે ઉત્પાદ પણ થતો નથી, અને વીનાશ પણ થતો નથી. દ્રવ્ય રૂપે જગત્નું અસ્તિત્વ સદાકાળ ટકી રહે છે. કહ્યું પણ છે કે-"**न कदाचिदनीदृशं जगत्**" ઇત્યાદિ-"આ જગતનું કદી આ પ્રકારનું સ્વરૂપ ન હતું, એવી કોઈ વાત નથી" એટલે કે જગત્ સદા એવું ને એવું જ રહે છે.

આ પ્રકારે જગત્ અનન્તાદિ રૂપ છે, આ લોકવાદનું ગાથાના પૂર્વાર્ધ દ્વારા નિરાકરણ કરીને, યથાર્થતા પ્રકટ કરવા માટે સૂત્રકાર કહે છે કે-" **जेण ते**" ઇત્યાદિ-

ત્રસ અને સ્થાવર જીવોનું રૂપાન્તર થાય છે, આ વાત સ્પષ્ટ છે. ત્રસ જીવો કર્મોદયને લીધે સ્થાવર જીવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે, અને સ્થાવર જીવો કર્મોદયથી ત્રસ જીવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે.

સઘળા જીવો પોતે કરેલાં કર્મોનું ફળ ભોગવવાને માટે જુદી જુદી પર્યાયોને ધારણ કરે છે. પર્યાયોની પ્રાપ્તિ નિશ્ચિત છે અને આવશ્યક પણ છે. ત્રસ જીવો પોતે કરેલાં કર્મોનું ફળ ભોગવવા માટે સ્થાવર જીવો રૂપે ઉત્પન્ન થાય છે અને સ્થાવર જીવો પોતાના ઉપાર્જિત કર્મોનું ફળ ભોગવવા માટે ત્રસ જીવો રૂપે ઉત્પન્ન થાય છે. હા, કોઈ કોઈ વખત કર્મોની વિચિત્રતાને કારણે ત્રસ જીવ ત્રસોમાં અને સ્થાવર જીવ સ્થાવરોમાં પણ ઉત્પન્ન થાય છે ખરાં. પરન્તુ એવો કોઈ નિયમ નથી કે ત્રસ જીવ મરીને ત્રસ જીવોમાં જ ઉત્પન્ન થાય અને સ્થાવર જીવ મરીને સ્થાવરોમાં જ ઉત્પન્ન થાય. ॥ ગાથા ૮॥

## અન્યવાદિયોં કે મત કે ખણ્ડન મેં દૃષ્ટાન્ત કા કથન

ઉપર્યુક્ત વિષયનું સૂત્રકાર દૃષ્ટાન્ત દ્વારા સ્પષ્ટીકરણ કરે છે-" **उरालं**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**जगओ-जगन्ति**' ત્રસ સ્થાવર જીવ '**उरालं-उदारम्**' આત્યન્તિક '**विवज्जासं-विपर्यासम्**' વિપર્યાસરૂપ **जोगं-योगम्**' અવસ્થાવિશેષને '**पलिंति-पर्यन्ते**' પ્રાપ્ત થાય છે. '**य-च**' તથા '**सव्वे-सर्वे**' બધા જ પ્રાણીઓને '**अक्कंतदुक्खा-अकान्त दुःखा**' દુઃખવાળા છે. '**अओ-अतः**' એટલા માટે '**सव्वे-सर्वे**' તે બધા જ જીવ **अहिंसिया-अहिंस्याः**' મારવા યોગ્ય નથી. ॥૯॥

- સૂત્રાર્થ -

જગત્ના જીવો અત્યન્ત વિપરીત અવસ્થાઓ-બાલ્યાવસ્થા, કૌમારાવસ્થા, વૃદ્ધાવસ્થા આદિ પ્રાપ્ત કરતા રહે છે, અને સઘળા જીવો દુઃખથી ઘેરાયેલા છે. તેથી તે જીવો અહિંસ્ય છે, હિંસા કરવાને યોગ્ય નથી.

– ટીકાર્થ –

ત્રણે લોકના સઘળા ત્રસ અને સ્થાવર જીવો અત્યન્ત વિપરીત અવસ્થાઓ પ્રાપ્ત કરતા રહે છે. એટલે કે બાલ્યાવસ્થા પૂરી કરીને કુમારાવસ્થા પ્રાપ્ત કરે છે અને કુમારાવસ્થા પૂરી કરીને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે. અથવા જગત્‌ના જીવો અધિક, અધિકતર અને અધિકતમ દુઃખ યુકત અવસ્થા પ્રાપ્ત કરતા રહે છે. તેઓ સદા એક સરખી સ્થિતિમાં રહેતા નથી. તેઓ દુઃખથી આક્રાન્ત છે. અથવા " **अक्कान्त**" ને સ્થાને "**अक्कंत**" પદ મૂકવામાં આવે, તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે-સઘળા પ્રાણીઓને દુઃખ અપ્રિય છે તેઓ મરણ આદિ દુઃખની ઇચ્છા કરતા નથી. કહ્યું પણ છે કે–"**सव्वे जीवावि इच्छंति**" ઇત્યાદિ—

સઘળા જીવોને જીવિત રહેવાનું ગમે છે, કોઇને મોત ગમતું નથી. તે કારણે ત્રસ સ્થાવર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ સમસ્ત જીવો હનન કરવા યોગ્ય નથી, તાત્પર્ય એ છે કે સંસારી જીવો પહેલેથી જ દુઃખી છે. એવાં દુઃખી જીવોને દુઃખ આપવું તે યોગ્ય નથી. આ પ્રકારનો વિચાર કરીને કોઇ પણ પ્રાણી, ભૂત, જીવ અથવા સત્વને મન, વચન અને કાયાથી અથવા કૃત, કારિત અને અનુમોદના વડે દુઃખી કરવા જોઇએ નહીં. તેમના પ્રાણોનો વિયોગ કરવો જોઇએ નહીં. ॥ ગાથા ૯॥

## જીવહિંસા કે નિષેધ કા કારણ

સૂત્રકાર હવે એ વાત પ્રગટ કરે છે કે શા કારણે જીવહિંસા કરવી જોઇએ નહીં —"**एवं खु नाणिणो**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**नाणिणो-ज्ञानिनः**' વિવેકી પુરૂષના માટે '**एयं खु-एतत्खलु**' આજ '**सारं-सारम्**' ન્યાયસંગત છે. '**जं-यत्**' જે **कंचण-कञ्चन**' કોઇપણ જીવને '**न हिंसइ-नहिनस्ति**' ન મારે '**एतावंतं-एतावतीं**' એમને જ '**अहिंसासमयं-चेव-अहिंसासमतामेव**' અહિંસા રૂપી સમતા '**वियाणिया-विजानीयात्**' જાણવી જોઈએ. ॥૧૦॥

– સૂત્રાર્થ –

જ્ઞાની પુરુષને માટે એજ સારભૂત તત્ત્વ છે કે તે કોઇ પણ જીવની હિંસા ન કરે. આ પ્રકારની અહિંસા ત્યારે જ સંભવી શકે છે કે જ્યારે તેનામાં સમતા ગુણ હોય છે. એટલે કે જ્ઞાનીના જ્ઞાનનો સાર જ એ છે કે તે કોઇ પણ પ્રાણીની હિંસા ન કરે. અહિંસામાં સમતા કારણભૂત બને છે સઘળા જીવોને પોતાના સમાન ગણુવા તેનું નામ જ સમતા છે જ્ઞાની પુરુષે આ સમતા ભાવ કેળવવો જાઇએ. ॥૧૦॥

– ટીકાર્થ –

જ્ઞાની પુરુષ માટે એજ સારભૂત વસ્તુ છે કે તે કોઇ પણ ત્રસ અથવા સ્થાવર પ્રાણીની હિંસા ન કરે, જ્ઞાની પુરુષોના જ્ઞાનનો સાર હિંસા ન કરવીં, એજ છે. જો આ સારને ગ્રહણ કરવામાં ન આવે, તો તેનું જ્ઞાન નિરર્થક જ નહીં, પણ ભાર રૂપ જ થઇ પડે કહ્યું પણ

છે કે-",**किं तया पठितया** " ઇત્યાદિ-

જો એટલું પણ તેના દ્વારા સમજવામાં ન આવે કે પરને પીડા ઉત્પન્ન કરવી જોઈએ નહીં, તો પરાળ જેવાં કરોડો નિસ્સાર પદોને મોઢે કરી લેવાથી શો લાભ થાય તેમ છે?"

તેથી એટલી અહિંસા સમતાને ( અહિંસા દ્વારા કેળવાનારીસમતાને ) આત્મૌપમ્ય બુદ્ધિથી સમજવી જોઈએ એટલે કે આપણે એ વાતનો ) વિચાર કરવો જોઈએ કે જેવી રીતે મારા દેહ આદિના વિનાશથી મને પીડાનો અનુભવ થાય છે, એજ પ્રમાણે અન્ય પ્રાણીઓને પણ થતો હશે આ પ્રમાણે વિચાર કરીને કોઇ પણ પ્રાણીની હિંસા કરવી જોઇએ નહીં. કહ્યું પણ છે કે "**प्राणा यथात्मनोऽभीष्टाः**" ઈત્યાદિ

જેવી રીતે આપણને આપણાં પ્રાણ પ્રિય છે, એજ પ્રમાણે અન્ય જીવોને પણ પોત પોતાનાં પ્રાણ પ્રિય હોય છે. પ્રત્યાખ્યાન, દાન, સુખ-દુઃખ અને પ્રિય અપ્રિયના વિષયમાં પુરુષે આત્મૌપમ્ય બુદ્ધિથી વાસ્તવિકતાને સમજી લેવી ॥૧॥

અન્યત્ર પણ એવું જ કહ્યું છે કે-"**आत्मौपम्येन सर्वत्र** "ઇત્યાદિ-"હે અર્જુન ! જે પુરુષ સર્વત્ર સુખ અથવા દુઃખને આત્મૌપમ્ય ભાવે સમજે છે, તે પુરુષને જ ઉત્કૃષ્ટ યોગી સાધુ માની શકાય છે. ।૧।"

તથા જેમનું મન સમભાવથી યુકત છે, તેમણે જ વિશ્વ પર વિજય પ્રાપ્ત કર્યો છે અને જન્મ મરણને જીત્યાં છે.

શંકા-"**न हिंसइ किंचण**" ઈત્યાદિ કથન દ્વારા શાસ્ત્રકારે માત્ર હિંસાનો જ નિષેધ કર્યો છે શું તે કથન દ્વારા અદત્તાદાન આદિને પણ ગ્રહણ કરવાના છે ખરાં ?

સમાધાન--અહીં હિંસા ઉપલક્ષણ છે, તેના ગ્રહણ દ્વારા અદત્તાદાન આદિ સઘળાં પાપોનુ ગ્રહણ થઇ જાય છે.

તેથી જ્ઞાની પુરુષોને માટે એજ ન્યાયયુકત છે કે અહિંસાનો ભંગ કરનારા અસત્ય. અસ્તેય, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ આદિનું તેઓ સેવન ન કરે. અહીં "**एव**" આ પદ અવધારણ અર્થે વપરાયું છે. તેનું તાત્પર્ય એ છે કે જ્ઞાની જનોએ પ્રાણિઓને પરિતાપના થાય એવું કોઈ પણ કાર્ય કરવું જોઇએ નહીં ॥ ગાથા ૧૦ ॥

## મોક્ષાર્થિ મુનિયોં કો ઉપદેશ

સૂત્રકાર મુમુક્ષુ મુનિને આ પ્રકારનો ઉપદેશ આપે છે કે "**वुसिए य** ' ઇત્યાદિ

શબ્દાર્થ—'**वुसिए व्युषितः**' દશ પ્રકારની સાધુ સમાચારીમાં રહેલ '**य-च**' અને '**विगयगेही-विगतगृद्धिः**' આહાર વગેરેમાં ગૃદ્ધિરહિત સાધુ '**चरियासणसेज्जासु चर्या-**

सनशय्यासु' ગમન વિગેરે વિષયમાં 'य-च' તથા भत्तपाणे-भक्तपाने' ભક્તપાનના વિષયમાં 'अतसो-अन्तशः' અન્ત પર્યન્ત 'आयाणं-आदानम्' જ્ઞાનદર્શન અને ચરિત્રને 'सम्म-सम्यग्' સમ્યક્ રીતથી 'रक्खए-रक्षयेत्' રક્ષા કરશે. ॥૧૧॥

– સૂત્રાર્થ–

સાધુની સમાચારીમાં સ્થિત રહીને, ગૃદ્ધિથી રહિત (આહારાદિ વિષયક આસક્તિથી રહિત થવું જોઇએ, ગમન, શયન અશન આદિ ક્રિયાઓમાં અને આહાર પાણીમાં સાધુએ ઉપયોગવાન્ રહેવું જોઇએ. આ પ્રમાણે કરીને તેણે જ્ઞાન, દર્શન અને ચારિત્રની સમ્યક્ પ્રકારે રક્ષા કરવી જોઇએ ॥ ૧૧ ॥

ટીકાર્થ

સાધુએ દસ પ્રકારની અત્યન્ત કઠિન સાધુ સમાચારીનું પાલન કરવું જોઇએ તેણે આહારાદિ વિષયક આસક્તિ નો પરિત્યાગ કરવો જોઈએ. ચર્યા (ગમન), આસન અને શયનાદિ ક્રિયાઓમાં ઉપયોગવાન્ (સાવધાન) રહેવું જોઇએ. ચાલતી વખતે ચાર હાથ પ્રમાણ યુગ માત્ર ભૂમિને જોઇને ચાલવું જોઇએ આસનને સારી રીતે પ્રમાર્જિત કરીને પૂંજીને તેના પર બેસવું જોઇએ. એજ પ્રમાણે ઉપયોગ પૂર્વક પૂંજેલી અને ધ્યાન પૂર્વક દેખી લીધેલી શય્યા પર જ તેણે શયન કરવું જોઇએ તેણે આહારપાણીની શુદ્ધિની સાવધાની રાખવી જોઇએ. ઉપર્યુક્ત નિયમોનું પાલન કરીને મુનિએ મોક્ષ પ્રાપ્ત કરાવનાર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની સમ્યક્ પ્રકારે આરાધના કરવી જોઇએ આ કથનનું તાત્પર્ય એ છે કે સાધુએ એવો વ્યવહાર કરવો જોઇએ કે જેના દ્વારા જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ રૂપ રત્નચતુષ્ટયની રક્ષા થાય સાધુએ ચારિત્ર અંગીકાર કર્યા બાદ એવો યત્ન કરવો જોઇએ કે જેના દ્વારા જ્ઞાનાદિકની સુરક્ષા થઇ શકે. તાત્પર્ય એ છે કે સાધુએ ઇર્યાસમિતિ, ભાષા સમિતિ એષણા સમિતિ આદાનનિક્ષેપસમિતિ અને પરિષ્ઠાપનાસમિતિમાં યતનાવાન્ થવું જાઈએ તેણે ઉદ્ગમના ૧૬ દોષ. ઉત્પાદનના ૧૬ દોષ અને શંકિત આદિ ૧૦ દોષ, આ ૪૨ દોષોથી આહારાદિને ગ્રહણ કરવા જોઇએ ॥ ગાથા ૧૧ ॥

## સાધુઓકેં ગુણકા નિરૂપણ

શબ્દાર્થ—'एतेहिं-एतेषु' પૂર્વોક્તચર્યા-આસનરૂપ 'तिहिं-त्रिषु' ત્રણ 'ठाणेहिं-स्थानेषु' સ્થાનોમાં 'सततं-सततम्' નિરન્તર 'संजए-संयतः' યાતનાવાન્ 'मुणी-मुनिः' મુનિ 'उक्कसं-उत्कर्षम्' અભિમાનને 'जलणं-ज्वलनम्' ક્રોધને 'णूमं-मायाम्' માયાને 'य-च' તથા 'मज्झत्थं-मध्यस्थम्' લોભને 'विगिंचए-विवेचयेत्' ત્યાગ કરી દે. ॥૧૨॥

– સૂત્રાર્થ –

પૂર્વોક્ત ત્રણ સ્થાનોમાં-ચર્યા, આસન અને શય્યાના વિષયમાં યતનાવાન્ મુનિએ ક્રોધ, માન, માયા અને લોભનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ॥ ૧૨ ॥

– ટીકાર્થ –

પૂર્વોક્ત ત્રણ સ્થાનોમાં ઇર્યાસમિતિ પહેલું સ્થાન છે. આસન અને શય્યા શબ્દ દ્વારા આદાન ભાંડમાત્રનિક્ષેપણા સમિતિ રૂપ બીજૂં સ્થાન ગ્રહણ કરવું જોઇએ. ભકતપાન શબ્દ દ્વારા એષણાસમિતિ રૂપ ત્રીજા સ્થાન નું કથન કરાયું છે. આ ત્રણે સ્થાનોમાં સદા યતનાવાન્ મુનિએ અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. જ્ઞાનાદિ ગુણોને ભસ્મ કરનાર જવલનનો (ક્રોધનો) ત્યાગ કરવો જોઇએ. મધ્યસ્થનો એટલે કે સમસ્ત પ્રાણીઓની મધ્યમાં સ્થિત લોભનો ત્યાગ કરવો જોઇએ. ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરવો જોઇએ એટલે તેમને પોતાના આત્માથી અથવા મનથી અલગ જ ( દૂરજ ) રાખવા.

શંકા-આગમમાં' ક્રોધ' પદને સૌથી પહેલું મૂકવામાં આવે છે. અહીં તેના કરતાં ઊલટા ક્રમનો ઉપયોગ કરીને 'માનનુ'' નિરૂપણ સૌથી પહેલાં શા માટે કરવામાં આવ્યું છે?

સમાધાન.- માનનો સદ્ભાવ હોય, ત્યારે ક્રોધ અવશ્ય ઉત્પન્ન થાય છે. ક્રોધનો સદ્ભાવ હોય, ત્યારે માનનો સદ્ભાવ હોય છે પણ ખરો અને નથી પણ હોતો. કોઇનું માન હણાય ત્યારે તેને ક્રોધ તો અવશ્ય ઉત્પન્ન થાય છે, પરન્તુ ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે માનનો સદ્ભાવ અનિવાર્ય નથી. ॥ ગાથા ૧૨॥

મૂલગુણ અને ઉત્તરગુણ બતાવીને હવે સૂત્રકાર આ ઉદ્દેશાનો ઉપસંહાર કરતા કહે છે કે—"**समिए**" ઇત્યાદિ—

## અધ્યયન કા ઉપસંહાર

શબ્દાર્થ—**भिक्खू-भिक्षुः**' ભિક્ષુક "**साहू-साधुः**' સાધુપુરૂષ ( મુની ) '**साया-सदा**' નિરન્તર '**समिएउ-समितस्तु**' ઇર્યા સમિતિમાં યુક્ત થઈને '**सिएहिं-सितेषु**' ઘર વગેરે પાશમાં બદ્ધ એવા ગૃહસ્થોમાં '**असिए-असितः**' આસક્તિ ભાવથી અબદ્ધ થઇને અર્થાત આહારમાં મૃચ્છાભાવ કર્યા વગર '**आमोक्खाय-आमोक्षाय**' મોક્ષપ્રાપ્તિ પર્યન્ત '**परिव्वए-ज्जासि-परिव्रजेत्**' પ્રવૃજ્યાનું પાલન કરે '**त्तिबेमि-इति ब्रवीमि**' એવું આ કથન જેવું ભગવાનથી સાંભળ્યું છે તેવું જ કહું છું. ॥૧૩॥

–સૂત્રાર્થ–

ભિક્ષા દ્વારા જ નિર્વાહ કરનાર મુનિએ સદા સમિતિઓ અને ગુપ્તિઓથી યુક્ત થઇને, પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ સંવરથી સંવૃત થઇને, ગૃહપાશમાં ફસાયેલા ગૃહસ્થોનો સંપર્ક નહીં રાખતા થકા, આહારાદિમાં મૂર્ચ્છાભાવનો ત્યાગ કરીને, જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દીક્ષાનું પાલન કરવું જોઇએ તેણે સંયમના

પંથમાથી વિચલિત થવું જોઇએ નહીં. શ્રી સુધર્મા સ્વામી એવું કહે છે કે આ સમસ્ત કથન ભગવાન્ મહાવીરના શ્રી મુખે મેં શ્રવણ કર્યું છે, અને તેમાં બિલકુલ ફેરફાર કર્યા વિના હું આ પ્રમાણે કહી રહ્યો છું. ॥ ૧૩ ॥

– ટીકાર્થ –

"ભિક્ષુ" આ વિશેષણ દ્વારા એ સૂચિત કરાયું છે કે સાધુએ નિર્દોષ ભિક્ષા વહોરી લાવીને જ પોતાનો જીવનનિર્વાહ કરવો જોઇએ, તેણે જાતે જ આહાર રાંધવા આદિની પ્રવૃત્તિ કરવી જોઇએ નહીં. સાધનશીલ મુનિને સાધુ કહે છે. આ પદ દ્વારા એ વાત સૂચિત થાય છે કે મુનિએ સંસારનાં સાધનોનો (કારણોનો) પરિત્યાગ કરવો જોઇએ. 'સદા' આ પદ એ સૂચિત કરે છે કે થોડા સમયને માટે જ તેણે સંયમનું પાલન કરવાનું નથી પણ સર્વદા પાલન કરવાનું છે. કહ્યું પણ છે કે—**आसुप्तेरामृतेःकालं** ઇત્યાદિ—

જ્યાં સુધી શયન ન કરે અથવા દેહનો ત્યાગ ન કરે, ત્યા સુધી સાધુએ સંયમના ચિન્તનમાં જ કાળ વ્યતીત કરવો જોઇએ. તેણે શબ્દ આદિ વિષયોમાં મનને વાળવું જોઇએ નહીં. તેનાથી તો તેણે દૂરજ રહેવું જોઇએ. કારણ કે શબ્દાદિ વિષયો સંયમના નિભાવમાં બાધક થઈ પડે છે.

"**समिए**" આ પદ એ સૂચિત કરે છે કે તેણે સમિતિથી યુક્ત રહેવું જોઇએ, "**तु**" આ પદના પ્રયોગ દ્વારા ગુપ્તિથી યુક્ત રહેવાનું સૂચન થયું છે, સાધુએ સદા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુકત જ રહેવું જોઇએ. તેણે પ્રાણાતિપાતવિરમણ આદિ પાંચ પ્રકારના સંવરનું પાલન કરવું જોઇએ, એટલે કે પાંચ મહાવ્રતોનું સમ્યક્ રીતે પાલન કરવું જોઇએ. તેણે ગૃહના ફંદામાં (બન્ધનમાં) ફસાયેલા ગૃહસ્થોમાં મમતા-ભાવ રાખવો જોઇએ નહીં. જેમ કાદવમાં ઉત્પન્ન થનાર અને પાણીમાં વૃદ્ધિ પામનાર કમળ, કાદવ અને જળથી અલિપ્ત જ રહે છે, એજ પ્રમાણે મુનિએ પણ સંસારથી અલિપ્ત રહેવું જોઇએ. જો ગૃહ, પુત્ર, પત્ની, પુત્રી આદિમાં આસકતગૃહસ્થની સાથે સબંધ રાખવાનો નિષેધ કરાયો છે, તો પોતાના સંસારી સગાઓ સાથે તો સંબંધ જ કેવી રીતે રાખી શકાય?

ઉપર્યુકત સઘળા નિયમોનું પાલન કરીને સાધુએ પોતાની પ્રવ્રજ્યાનું પાલન કરવું જોઇએ. તેણે કેટલા કાળ સુધી પ્રવ્રજ્યાનું પાલન કરવુ જોઇએ? આ પ્રશ્નનો જવાબ એ છે કે– સમસ્ત કર્મોના ક્ષયસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ પર્યન્ત તેણે સંયમનું પાલન કરવુ જોઇએ. જેવી રીતે પોતાના નિર્ણિત સ્થાને ન પહોંચે ત્યાં સુધી પ્રવાસી પોતાનો પ્રવાસ ચાલૂજ રાખે છે, અથવા કોઈ માણુસની કોઈ વસ્તુ ગૂમ થઈ ગઈ હોય તો તે વસ્તુ જ્યાં સુધી જડે નહીં ત્યાં સુધી તેની શોધ ચાલૂ જ રાખે છે, જેવી રીતે તૃપ્તિની અભિલાષાવાળો માણુસ તૃપ્તિ ન થાય ત્યાં સુધી ભોજન કરવાનું ચાલૂ જ રાખે છે, અથવા નદી કે સાગરને કિનારે પહોંચવાની ઇચ્છાવાળો માણુસ જ્યાં સુધી કિનારે ન પહોંચે ત્યાં સુધી નૌકાનો પરિત્યાગ કરતો નથી જેવી રીતે કેળાં મેળવવાની ઇચ્છાવાળો મનુષ્ય જ્યાં સુધી કેળ પર કેળાં ન પાકે. ત્યાં સુધી તેનું સિંચન

ક્યાં જ કરે છે, જેવી રીતે દાટેલા ભંડારને પ્રાપ્ત કર્યા વિના અન્વેષક દીપકનો ત્યાગ કરતો નથી, એજ પ્રમાણે સમસ્ત દુઃખનો નાશ કરનાર અને સર્વોત્તમ સુખસ્વરૂપ મોક્ષની જ્યાં સુધી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મોક્ષાર્થી સાધુએ સંયમનું પાલન કરવું જોઇએ.

સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે કે આ બધી વાત મેં મહાવીર પ્રભુની સમીપે શ્રવણ કરી છે, અને તેમના કથનમાં સહેજ પણ ફેરફાર કર્યા વિના તમારી પાસે હું આ કથન કરી રહ્યો છું ॥ ૧૩ ॥

॥ પ્રથમ અધ્યયનનો ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥

॥ પ્રથમ અધ્યયન સમાપ્ત ॥

## દૂસરે અધ્યયનકી અવતરણિકા

– દ્વિતીય અધ્યયન – ઉદ્દેશક પહેલો –

પહેલું અધ્યયન પૂરું થયું હવે 'વૈતાલીય' નામનું બીજું અધ્યયન શરૂ થાય છે. કર્મોનું વિદારક હોવાને કારણે પ્રાકૃત ભાષામાં તેનું નામ "વૈતાલીય" છે. પહેલા અધ્યયન સાથે તેનો સંબંધ આ પ્રકારનો છે. પહેલા અધ્યયનમાં સ્વસમયના ગુણોનું અને પરસમયના દોષોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ગુણદોષોને જાણીને એવો બોધ પ્રાપ્ત કરવો જોઈએ કે જેના દ્વારા કર્મનું વિદારણ થઇ શકે આ બીજા અધ્યયનમાં આ વિષયનુ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પહેલા અધ્યયનના છેલ્લા ઉદ્દેશકની છેલ્લી ગાથામાં એવું કહેવામાં આવ્યું છે કે સાધુએ મોક્ષથી પ્રાપ્તિ થાય ત્યાં સુધી સંયમનું પાલન કરવું જોઇએ. આ કથનનું અનુસરણ કરીને ભગવાન્ આદિનાથે, ભરત દ્વારા તિરસ્કૃત થયેલા પોતાના સાંસારિક પુત્રોને જે ઉપદેશ આપ્યો હતો, તેનું સૂત્રકાર અહીં કથન કરે છે "**संबुज्झह**" ઇત્યાદિ–

## ભગવાન આદિનાથને સ્વ પુત્રોંકો દિયાહુઆ ઉપદેશવચન

શબ્દાર્થ— હે ભવ્યો ! '**संबुज्झह-संबुध्यध्वम्**' તમે બોધ પ્રાપ્ત કરો '**किं न बुज्झह- किं न बुध्यध्वम्**' શા માટે બોધ પ્રાપ્ત નથી કરતા ? '**पेच्च-प्रेत्य**' મૃત્યુના–અનન્તર '**संबोही-संबोधिः** જૈન ધર્મ પ્રાપ્તિ '**खलु-खलु**' નિશ્ચયથી '**दुलहा**'– **दुर्लभा**' દૂર્લભ છે. **राईयो-रात्रयः** વિતેલી રાત્રીઓ '**णोहूवनमंति-नैवोपनमंति**, ફરીથી પાછી આવતી નથી, તથા '**जीवियं-जीवितं**" સંયમજીવન **पुणरावि-पुनरपि**' ફરીથી '**नो सुलभं ज्ञसुलभं**" સુલભ નથી. ॥ ૧ ॥

– સૂત્રાર્થ –

હે ભવ્યો ? બોધ પ્રાપ્ત કરો તમે શા કારણે બોધ પ્રાપ્ત કરતા નથી ? પરભવમાં જૈન ધર્મની પ્રાપ્તિ ચોક્કસ દુર્લભ જ છે. વ્યતીત થયેલી રાત્રિઓ પાછી ફરતી નથી, મનુષ્ય

જન્મ આદિ દસ પ્રકારની વિશિષ્ટતાઓથી યુક્ત જીવન ફરી સાંપડવું સુલભ નથી. તેથી આં મનુષ્ય જીવન પ્રાપ્ત કરીને બોધ મેળવવાનો યત્ન કરવો જોઇએ ॥ ૧ ॥

– ટીકાર્થ –

હે ભવ્ય જીવો ? બોધ પ્રાપ્ત કરો. આઠ પ્રકારનાં કર્મોનું વિદારણ કરનાર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપશ્ચર્યાત્મક મોક્ષમાર્ગનું શરણ ગ્રહણ કરો, તમે શા કારણે બોધ પ્રાપ્ત કરતા નથી ? ક્ષણ માત્રમાં વિનષ્ટ થનારા, સંધ્યાકાલીન લાલિમાના સમાન અસ્થાયી, હાથીની સૂંઢના સમાન ચંચળ, તથા દર્ભની ટોચ પર પડેલાં જળબિન્દુ સમાન અસ્થિર આ રાજ્યને ત્યાજ્ય સમજીને અચલ, અવ્યાબાધ, અરુજ ( રોગોથી રહિત ) અનંત, અક્ષય અને પુન-રાગમનથી રહિત એવુ જે વિરાટ મોક્ષરાજ્ય છે, તેને પ્રાપ્ત કરવાને માટે તમે શા માટે બોધ પ્રાપ્ત કરતા નથી ? કહ્યું પણ છે કે "**निर्वाणादि सुखप्रदे**" ઈત્યાદિ-

જિનેન્દ્ર ભગવાન્ દ્વારા પ્રતિપાદિત ધર્મથી યુક્ત અને નિર્વાણ આદિનુ સુખ પ્રદાન કરનારો માનવભવ પ્રાપ્ત થયા બાદ સ્વલ્પ અને કુત્સિત કામજન્ય સુખનું સેવન કરવુ તે ઉચિત નથી.

વૈડૂર્ય આદિ મહાન્ રત્નોના સમૂહથી વ્યાપ્ત રત્નાકર (સમુદ્ર)ને પ્રાપ્ત કરવા છતાં પણ તુચ્છ, કાન્તિહીન કાચના ટુકડાને ગ્રહણ કરવો શું ઉચિત છે ? કદાપિ નહીં.

આ પ્રમાણે વિચાર કરીને તમે મોક્ષ રાજ્યની પ્રાપ્તિ માટે વિચાર કેમ કરતા નથી આ મનુષ્ય ભવમાં જ બોધિની પ્રાપ્તિ થઇ શકે છે, એ સિવાયના કોઇ પણ ભવમાં બોધિની (જૈન ધર્મની) પ્રાપ્તિ થતી નથી. જે માણસ ધર્મનુ સેવન કરતો નથી, તેને મનુષ્ય ભવની ફરી પ્રાપ્તિ થતી નથી, એટલે કે તે મનુષ્યભવનુ આયુષ્ય પુરૂં કરીને પશુ આદિનો ભવ પ્રાપ્ત કરે છે, અને તે ભવમાં બોધિ પ્રાપ્ત થવાનો સંભવ જ નથી.

વ્યતીત થઇ ગયેલી રાત્રિઓ (અને ઉપલક્ષણથી વ્યતીત થયેલા દિવસો) પાછી ફરતી નથી સંયમને માટેના નીચે દર્શાવેલા દસ અવસરો ફરી સરલતાથી પ્રાપ્ત થવાના નથી તે દસ વિશિષ્ટ અવસરો નીચે પ્રમાણે છે. (૧) મનુષ્ય જન્મ; (૨) આર્યક્ષેત્ર, (૩) સુકુળ (૪) દીર્ઘ આયુષ્ય, (૫) પાંચે ઇન્દ્રિયોની પરિપૂર્ણતા (૬) શરીરની નીરોગતા (૭) સાધુ-ઓનો યોગ (૮) ધર્મ શ્રવણ (૯) ધર્મ શ્રદ્ધા અને (૧૦) ધર્મમાં પરાક્રમ

દશ પ્રકારના આ સાધનોની સંપન્નતા સઘળા મનુષ્યોને સરળતાથી પ્રાપ્ત થતી નથી પરન્તુ તમને આ દસે સાધનો પ્રાપ્ત થયાં છે, છતાં તમે શા માટે મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા નથી ? આ ક્ષણવિનશ્વર રાજ્યથી તમારૂં શું હિત સધાવાનુ છે ? ભગવાન્ આદિનાથે તેમના ૧૮ સાંસારિક પુત્રોને આ પ્રકારનો ઉપદેશ આપ્યો હતો.

આ શ્લોક વૈતાલીય છન્દમાં લખાયો છે. વૈતાલીય છન્દનુ લક્ષણ આ પ્રમાણે છે. "**षड् विषमेऽष्टौ**" ઉત્યાદિ—

પહેલા અને ત્રીજા ચરણની શરૂઆતમાં છ માત્રાઓ હોય, પછી રગણ (ડાડા) હોય પછી એક લઘુ અક્ષર અને એક ગુરુ (દીર્ઘ) અક્ષર હોય, બીજા અને ચોથા ચરણથી શરૂઆતમાં આઠ માત્રાઓ હોય, ત્યાર બાદ રગણ હોય અને ત્યાદ બાદ એક લઘુ અને એક ગુરુ વર્ણ હોય, એવા છન્દનુ નામ "વૈતાલિક છન્દ" છે.

સંસારી જીવો સામાન્ય રીતે ઉપક્રમયુક્ત આયુવાળા હોય છે તેથી તેમના અનિયમિત આયુનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે કે-" **डहराबुड्ढा** " ઇત્યાદિ—

શબ્દાર્થ-'**डहरा-डहरा**' બાળક '**च-च**' અને '**वुड्ढा वृद्धाः**' વૃદ્ધ તથા '**गब्भत्थावि-गर्भस्था अपि**' ગર્ભમાં રહેલા બાળક પણ '**माणवा-मानवाः**' મનુષ્ય '**चयंति-च्यवन्ति**' પોતાના જીવનને છોડીદે છે. '**पासई-पश्यत** જુવો '**जह-यथा**' જેમ કે '**सेणे-श्येनः**' શ્યેનપક્ષી (બાજ પક્ષી) "**वट्टयं-वर्तक**" વર્તકપક્ષીને '**हरे-हरेत्**' મારે છે. '**एवं-एवम्** આ પ્રકારે '**आउक्खयंमि-आयुःक्षये**' આયુષ્યના ક્ષય થયા પછી '**तुट्टई-त्रुट्यति**' જીવન નષ્ટ થઈ જાય છે. ॥ ૨ ॥

સૂત્રાર્થ

જુઓ, બાલક યુવાન, વૃદ્ધ, એ સૌ જીવનનો પરિત્યાગ કરે છે. અરે? ગર્ભમાં રહેલા જીવના પ્રાણો પણ વિનષ્ટ થઇ જાય છે.

જેવી રીતે બાજપક્ષી બતકને મારી નાખે છે. એજ પ્રમાણે આયુષ્યનો ક્ષય થાય ત્યારે જીવન નષ્ટ થઇ જાય છે. તાત્પર્ય એ છે કે આ જીવનની કોઈ અવધિ નિશ્ચિત નથી. તે ગમે તે સમયે સમાપ્ત થઈ જાય છે.

-ટીકાર્થ-

"**डहर**" આ ગામઠી પદ 'બાલકના' અર્થનું વાચક કે 'વૃદ્ધ' આ પદ વયોવૃદ્ધ અને રોગવૃદ્ધનું વાચક છે ચાહે બાલક હોય, ચાહે વૃદ્ધ હોય, ચાહે ગર્ભમાં રહેલો જીવ હોય પરંતુ કોઇને મૃત્યુ છોડતું નથી. કથનનો ભાવાર્થ એ છે કે કોઈ કોઈ મનુષ્ય બાલ્યાવસ્થામાં જ મરણ પામે છે. કોઇ ભર યુવાનીમાં મરણ પામે છે, કોઈ જરા અથવા રોગથી જર્જરિત થઈને મરણ પામે છે અને કોઇ કોઈ જીવ ગર્ભપાત આદિ કારણોને લીધે ગર્ભાવસ્થામાં જ મરણ પ્રાપ્ત કરે છે. કારણ કે મનુષ્યનુ આયુષ્ય અનેક વિઘ્નોથી યુક્ત અને સોપક્રમ (ઉપક્રમયુક્ત) છે. તેથી કોઈ પણ અવસ્થામાં તે આયુષ્ય સમાપ્ત થઈ જવાને કારણે માણસનાં પ્રાણ ચાલ્યા જાય છે માટે હે પુત્રો! વિવેક બુદ્ધિથી સંસારી જીવોની આ સ્થિતિ સમજી લો. જેવી રીતે બાજ પક્ષી બતકને પકડીને લઈ જાય છે, એજ પ્રમાણે મૃત્યુ પ્રાણીઓના પ્રાણોનું અપહરણ કરી લે છે કહ્યું પણ છે કે— " **अशनं मे वसनं मे** " ઈત્યાદિ—

આ મારૂં અશન ખાદ્ય સામગ્રી છે, આ મારૂં વસન વસ્ત્રો છે, આ મારી પત્ની

છે, આ મારા બન્ધુઓ છે આ પ્રકારે માણુસ ,મારુ મારુ' કરતો રહી જાય છે, અને કાળરૂપી વરુ આવીને માણસોને પકડીને લઈ જાય છે"

વળી એવું પણ કહ્યું છે કે- "**व्योम्नेकान्तविहारिणो**"ઇત્યાદિ એકાન્ત આકાશમાં વિચરતું પક્ષી પણ મોતથી બચી શકતું નથી, અગાધ સમુદ્રમાં રહેલાં માછલાઓને પણ માછીમાર જાળમાં પકડી લે છે, એજ પ્રમાણે આ સંસારમાં સદાચારથી પણ બચાવ (મોતની સામે રક્ષા) થઈ શકતી નથી અને દુરાચારથી પણ બચાવ થઇ શકતો નથી ગમે તેવા સારા સ્થાનનો આશ્રય લેવા છતાં પણ માણુસ મોતથી બચી શકતો નથી કાળ દૂરથી પણ હાથ લંબાવીને પ્રાણીઓને જકડી લેવાને સમર્થ છે,

એજ પ્રમાણે નિરુપક્રમ સાગરોપમ અને પલ્યોપમ કાળના આયુષ્યવાના જીવો પણ આયુનો ક્ષય થતાં નષ્ટ થઇ જાય છે જેમ કોડિયામાં તેલ ખૂટી જતાં દીવો હોલવાઈ જાય છે એજ પ્રમાણે આયુનો ક્ષય થતાં જીવો પણ મરણ પામે છે માટે, હે પુત્રો ! સંસારના આ પ્રકારના સ્વરૂપને જ્ઞપરિજ્ઞા વડે જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગીને વિશાળ અને અક્ષય મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરો ॥ ૨ ॥

સૂત્રકાર પ્રવ્રજયાના કારણભૂત સંસારના સ્વરૂપનુ વિશેષ વર્ણન કરતાં કહે કે "**मायाहिं**" ઇત્યાદિ-

શબ્દાર્થ—'**मायाहिं-मातृभिः**' માતાના દ્વારા '**पियाहिं-पितृभिः**' પિતાના દ્વારા '**लुप्पई-लुप्यते**' સંસારમાં ભ્રમણ કરાવાય છે. '**य-च**' અને '**पेच्चओ-प्रेत्य**' તેમના મરણ પછી '**सुगई-सुगतिः**' સદ્ગતિ '**नो सुलहा-नो सुलभा**' સુલભ નથી, અતઃ '**सुव्वए-सुव्रतः**' વિવેકશીલ પુરુષ '**एयाइं-एतानि**' પૂર્વોકત માતા પિતાના સ્નેહ-બંધન રૂપ '**भयाइं-भयानि**' ભયને '**पेहिया प्रेक्ष्य**' '**ज्ञ**' પરિજ્ઞાથી જાણીને '**आरंभा-आरम्भात्**' અનુષ્ઠાનોથી '**विरमेज्ज-विरमेत्**' પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી વિરકત થઈ જાય છે.॥૩॥

- સૂત્રાર્થ -

કોઈ કોઇ અવિવેકી માણુસો માતા પિતા પ્રત્યેના અનુરાગને કારણે પ્રવ્રજ્યા અંગીકાર કરી શકતા નથી, અને તે કારણે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. એવા પ્રાણીને પરભવમાં સુગતિ પ્રાપ્ત થતી નથી. તેથી વિવેક યુક્ત માણુસે માતા પિતા પ્રત્યેના સ્નેહ રૂપ બન્ધન વડે ઉત્પન્ન થનારા ભયોને જાણીને સાવદ્ય અનુષ્ઠાનોનો પરિત્યાગ કરવો જોઈએ. ॥ ૩ ॥

– ટીકાર્થ –

માતા અને પિતા પ્રત્યેના અનુરાગને કારણે જીવ સંસારમાં પરિભ્રમણુ કરે છે. મૂળ પાઠમાં '**मायाहिं पियाहिं**'" આ બહુવચનનાં જે પદો દેવામાં આવ્યો છે. તે અનેક જન્મોનો સંબંધ પ્રકટ કરવાને માટે આપવામાં આવ્યાં છે. અહી જો કે માતા પિતાનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરન્તુ તેના દ્વારા પુત્ર, કલત્ર, આદિ સઘળા આત્મીય જનોને પણ ગ્રહણ કરવા જોઇએ. આ સઘળા આત્મીય જનો પ્રત્યેના અથવા તેમાંના કોઈ પણ એક બે આદિ આત્મીય જનો પ્રત્યેના અનુરાગને કારણે માણુસ ધર્મનું નામ પણ લેતો નથી. તે એવો વિચાર કરે છે કે તેમને છોડીને હું એકલો કેવી રીતે રહી શકું ! આ પ્રકારની

વિચારધારાને કારણે તે તેમના પ્રેમપાશમાં જ જકડાયેલો રહીને ધાર્મિક પ્રવૃત્તિ કરતો નથી. પરિણામે તેમની સાથે તેને પણ સંસારમાં પરિભ્રમણ કરવુ પડે છે, એટલે કે વાર વાર જન્મ મરણના દુઃખોનુ વેદન કરવુ પડે છે.

આ પ્રકારે જેનુ મન રાગના બન્ધનમાં જકડાયેલુ છે, જે વિવેકથી રહિત છે અને આત્મીય જનોના પોષણ માટે ગમે તેવાં કાર્યો કર્યા કરે છે, તે જીવને આ મનુષ્ય ભવનુ આયુષ્ય પૂરૂ થયા બાદ સ્વર્ગ અથવા મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મનુષ્ય ભવમાં તે માણસ અનેક આરંભ સમારંભ આદિ સાવદ્ય કૃત્યો કરવાને કારણે નરક અથવા નિગોદમા જ ઉત્પન્ન થાય છે તેથી જેઓ સુવ્રતસંપન્ન છે, એટલે કે જેઓ દેશવિરતિ આદિ ચારિત્રથી યુક્ત છે તેમણે નરક નિગોદ આદિ દુર્ગતિઓની પ્રાપ્તિના કારણોને જ્ઞપરિજ્ઞા વડે જાણીને સાવદ્ય કર્મોના અનુષ્ઠાનનો પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે ત્યાગ કરવો જોઇએ. ॥ ૨ ॥

હવે સાવદ્ય કર્મોથી નિવૃત્ત નહીં થનારને કેવી હાનિ થાય છે, તે સૂત્રકાર પ્રકટ કરે છે "**जमिणं**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**जं-यत्**' જે કારણથી '**इणं-इदम्**' વક્ષ્ય માણ પ્રકારથી ગતિ વગેરે થાય છે. '**जगति-जगति**' આ સંસારમા '**पुढो-पृथक्**' પૃથક્ '**जगा-जगाः**' જગતમાં રહેલા '**पाणिणो-प्राणिन**' જીવો '**कम्मेहिं-कर्मभिः**' કર્મો થી '**लुप्पंति-लुप्यन्ते**' દુઃખી થાય છે, તથા '**सयमेनकडेहिं-स्वयमेवकृतैः**; પોતાના કરેલા કર્મોથી '**गाहंति-गाहन्ते**' નરક નિગોદ વિગેરે સ્થાનોમાં જાય છે. '**अपुट्ठयं-अस्पृष्टः**' સ્વકૃત કર્મ ભોગવ્યા વિના જ '**तस्स-तस्मात्**' તે કર્મથી '**णो मुच्चेज्ज-नो मुच्येत**' મુકત થઇ શકતા નથી, ॥ ૪ ॥

-સૂત્રાર્થ-

સાવદ્ય કર્મોથી નિવૃત્ત ન થનાર જીવોની આગળ કહ્યા પ્રમાણેની ગતિ થાય છે. આ સંસારમાં રહેલા જીવો પોત પોતાનાં કર્મો દ્વારા પૃથક્ પૃથક્ રૂપેપીડા ભોગવે છે. તેમના કૃત કર્મોનાં ફળ સ્વરૂપે જ તેમને નરક નિગોદ આદિમાં રહેવું પડે છે પોતે કરેલાં કર્મના ફળને ભોગવ્યા વિના, કોઈ પણ જીવ તે કર્મથી મુકત થઇ શકતો નથી. ॥૪॥

-ટીકાર્થ-

આરંભનો ત્યાગ ન કરનાર જીવોની નીચે કહ્યા અનુસારની દશા થાય છે. આ સંસારમાં અલગ અલગ રૂપે ઉત્પન્ન થતાં સંસારી જીવોને પોત પોતાનાં કર્મોના ફળ અલગ અલગ રૂપે ભોગવવા પડે છે. અન્ય કોઇ પણ જીવ કોઇને પીડા પહોંચાડતા નથી કારણ કે તે તો નિમિત્ત માત્ર જ હોય છે, પોતાનું શુભ અથવા અશુભ કર્મ જ સુખદુઃખનું મુખ્ય નિમિત્ત બને છે. તેથી એ વાત નિશ્ચિત જ છે કે પોતે કરેલાં કર્મોને કારણે જ જીવો નરક નિગોદ

આદિ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. કરેલા કર્મનું ફળ જીવને ભોગવવું જ પડે છે. જ્યાં સુધી કર્મનું ફળ ભોગવવામાં ન આવે, ત્યાં સુધી તે કર્મમાંથી જીવનો છુટકારો થતો નથી, કારણ કે કર્મને ભોગવ્યા વિના કર્મનો વિનાશ થતો નથી. કહ્યું પણ છે કે **'कडाण कम्माणा ण मोक्ख अत्थि'**' ઇત્યાદિ

કૃત કર્મોને ભોગવ્યા વિના મોક્ષ મળતો નથી. એટલે કે છુટકારો થતો નથી. અન્યત્ર પણ એવું કહ્યું છે કે **'नाभुक्तं क्षीयते कर्म'** ઇત્યાદિ

"સેંકડો અબજ કલ્પકાળ વ્યતીત થઇ જવા છતાં પણ ભોગવ્યા વિના કર્મનો ક્ષય થતો નથી અને ઉપાર્જીત કર્મનું ફળ ભોગવ્યા બાદ તે કર્મનો ક્ષય થાય છે' આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે 'કૃત કર્મનું ફળ ભોગવવું પડે છે. ફળ ભોગવ્યા વિના કર્મનો ક્ષય થતો નથી.' ॥૪॥

આ જગતમાં કર્મનું ફળ ભોગવવા માટે જે કોઇ સ્થાનો નિયત થયેલાં છે, તેઓ અનિત્ય જ છે, એ વાત હવે સૂત્રકાર પ્રકટ કરે છે. **"देवगंधव्वरक्खसा"** ઇત્યાદિ

શબ્દાર્થ—**'देवा-देवाः'** દેવતા **'गंधव्वरक्खसा-गंधर्वराक्षसाः'** ગંધર્વ રાક્ષસ વિગેરે તથા **'असुरा-असुराः'** અસુર **'भूमिचरा-भूमिचराः'** જમીન પર ચાલવા વાળા **'सरीसिवा-सरिसृपाः'** સરકી ને ચાલવા વાળા સર્પ વિગેરે **'राया-राजानः'** રાજા **'नरसेट्ठि महणा नरश्रेष्ठिब्राह्मणाः'** મનુષ્ય, નગરશેઠ, અને બ્રાહ્મણ **'तेवि-तेपि'** તે ઉપર પ્રમાણે દેવ વિગેરે બધા **'दुक्खिया-दुःखिताः'** દુઃખિત થઇને **'ठाणा-स्थानानि'** પોત પોતાના સ્થાનને **'चयंति-त्यजन्ति'** છોડે છે. ॥૫॥

સૂત્રાર્થ

દેવતા, ગન્ધર્વ, રાક્ષસ, અસુર, ભૂમિચર, સરીસૃપ (સર્પ આદિ) રાજા, સામાન્ય નર, શેઠ, બ્રાહ્મણ આદિ સૌ કોઇ પોત પોતાના સ્થાનનોનો ત્યાગ કરતા દુઃખી થાય છે, પરન્તુ તે સ્થાનોનો તેમણે ત્યાગ તો કરવો જ પડે છે, ॥૫॥

– ટીકાર્થ –

દેવ, ગન્ધર્વ, રાક્ષસ અને રાક્ષસ પદ વડે ઉપલક્ષિત પિશાચ, ભૂત, યક્ષ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, વ્યન્તર આદિ જીવો, તથા અસુર (દસ પ્રકારના ભવનપતિ દેવો), ભૂચર જીવો (જમીન પર ચાલનારા જીવો , તથા ચક્રવર્તી, બળદેવ વાસુદેવ, પ્રતિવાસુદેવ આદિ રાજાઓ, સામાન્ય મનુષ્ય, નગર શેઠ, બ્રાહ્મણ આદિ સમસ્ત જીવો દુઃખિત થઇને જ પોત પોતાનાં સ્થાનો (પર્યાયો) નો ત્યાગ કરે છે. એટલે કે સમસ્ત જીવોને પોતાનું સ્થાન છોડતાં દુઃખ થાય છે. ॥ ગાથા ૫॥

વળી સૂત્રકાર કહે છે કે- "**कामेहिं णं**" ઇત્યાદિ-

શબ્દાર્થ —'**कामेहिं-कामेषु**' વિષય ભોગની તૃષ્ણામાં અર્થાત્ શબ્દ વગેરે વિષયોમાં '**णं-खलु**' નિશ્ચયથી '**संथवेहिं-संस्तवेषु**' માતાપિતા સ્ત્રી પુત્ર વગેરે પરિચિતોમાં **गिद्धा-गृद्धाः**' આસકત રહેવા વાળા '**जंतवो-जन्तवः**' પ્રાણી '**कालेण-कालेन्** અવસર આવવા ઉપર અર્થાત્ કર્મ વિપાકના સમયે '**कम्मसहा-कर्मसहाः**' પોતાના કર્મના ફળને ભોગવતા થકા '**जहा-यथा**' જેવી રીતે '**बंधणच्चुय-बंधनच्युतम्**' બંધનથી છુટેલા '**ताले-तालम्**' તાલફળ પડી જાય છે. '**एवं-एवम्**' આ પ્રકારે '**आउक्खयंमि-आयुःक्षये**' આયુષ્ય સમાપ્ત થઇ જાય ત્યાર પછી '**तुट्टइ-त्रुटयति**' મરી જાય છે. ॥ ૬ ॥

– સૂત્રાર્થ –

શબ્દાદિ વિષયોમાં તથા આગલા અને પાછલા પરિચિત સગાં સ્નેહીઓમાં આસક્ત જીવો, ફલોદયને સમયે પોત પોતાનાં કર્મોના ફળનો અનુંભવ કરતાં થકા આયુ કર્મનો ક્ષય થતાં મરણ પામે છે. જેવી રીતે વૃક્ષ સાથેનો સંબંધ તૂટી જવાથી તાડ પરથી ફળ નીચે તૂટી પડે છે. એજ પ્રમાણે આયુકર્મનો ક્ષય થતાં જ આસકત જીવનું પણ પોતાને સ્થાનેથી પતન થાય છે એટલે કે મૃત્યુ જ થાય છે. ॥ ૬ ॥

– ટીકાર્થ –

કામભોગોમાં (શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં), તથા પૂર્વ પરિચિત માતા; પિતા આદિમાં અને પશ્ચાત્ પરિચિત સાસુ, સસરા આદિમાં આસકત બનેલા જીવો કર્મજનિત ફલોને ભોગવ્યા કરે છે. જયારે શુભ કર્મનો ઉદય થાય ત્યારે ભોગ ભોગવીને તૃપ્તિની ઇચ્છા સેવે છે, પરન્તુ વિષય ભોગોમાં ક્ષણે ક્ષણે આસકિત વધતી જ જવાને કારણે તેઓ અતૃપ્ત જ રહી જાય છે, અને આ લોક અને પરલોકમાં દુઃખ જ ભોગવે છે. જેવી રીતે કોઇ પુરુષ સાંજને સમયે પોતાના પડછાયાને પકડવાને માટે પૂર્વ દિશામાં દોટ લગાવવા છતાં તેને પકડી શકતો નથી, અથવા જેવી રીતે કોઈ તરસ્યું પ્રાણી મૃગ-જળની દિશામાં ગમે તેટલું દોડવા છતાં પણ પોતાની તરસ છિપાવી શકતું નથી, એજ પ્રમાણે વિષય ભોગોમાં આસકત જીવો પણ વિષયો દ્વારા કદી તૃપ્તિ પામી શકતા નથી અન્યત્ર પણ એવું કહ્યું છે કે-"**न जातु कामः कामानाम्**" ઇત્યાદિ-

કામોનો ઉપભોગ કરવાથી કામની શાન્તિ થતી નથી. જેવી રીતે આગમાં ઘી હોમવાથી આગ વૃદ્ધિ પામે છે, એજ પ્રમાણે કામભોગો ભોગવવાથી કામભોગો ભોગવવાની અભિલાષા વધતી જ જાય છે.

જેવી રીતે વૃક્ષ સાથેનો સંબંધ તૂટી જવાથી તાડનું ફળ નીચે તૂટી પડે છે' એજ પ્રમાણે કામભોગોમાં આસકત જીવના આયુની અવધિ પૂરી થતાં જ, તે જીવનું મૃત્યુ થાય છે. જેવી રીતે ફોલ્લા પર ખંજવાળવાથી સુખની પ્રાપ્તિ થતી નથી, એજ પ્રમાણે ભોગો વડે પણ સખની પ્રાપ્તિ થતી નથી. ॥ ગાથા ૬॥

વળી સૂત્રકાર કહે છે કે- "जे यावि बहुस्सुए" ઈત્યાદિ-

શબ્દાર્થ—'जे-ये' જે 'यावि-चापि' કોઈ પણ 'बहुस्सुता' અનેક શાસ્ત્રોના પારંગત, તથા 'धम्मिणमाहणभिक्खुए-धार्मिकब्राह्मणभिक्षुकाः' ધાર્મિક બ્રાહ્મણ અને ભિખારી 'सिया-स्युः' હોય, 'अभिणूमकडेहिं-अभिच्छादक कृतैः' માયાકૃત અનુષ્ઠાનોમાં 'मुच्छिए-मूर्च्छिताः' આસક્ત હોય તો 'ते-ते' તેઓ 'तिव्वं-तीव्रं' અત્યન્ત 'कम्मेहिं-कर्मभिः' કર્મથી 'किच्चई-कृत्यन्ते' દુઃખ ઉપજાવવામાં આવે છે. ॥ ૭ ॥

સૂત્રાર્થ -

જેઓ અનેક શાસ્ત્રોમાં પારંગત છે, તથા ધર્માચરણ કરનારા છે, બ્રાહ્મણો છે અથવા ભિક્ષુકો છે, તેઓ જો માયાચારથી કરાતાં અનુષ્ઠાનોમાં ગૃદ્ધ (આસકત) હોય છે, તો તેઓ પોતાનાં કર્મો દ્વારા અત્યંત પીડિત થાય છે. ॥ ૭ ॥

- ટીકાર્થ -

જે જીવો માયાયુકત આચરણમાં ગૃદ્ધ હોય છે, એટલે કે જેઓ જિનમત કરતાં વિપરીત સાવદ્ય અનુષ્ઠાનોમાં મૂર્છિત (આસકત) હોય છે, તેઓ ચાહે અનેક શાસ્ત્રોના અર્થમાં પારંગત હોય, ચાહે ધર્મનું આચરણ કરનારા હોય ચાહે બ્રાહ્મણ હોય, ચાહે ભિક્ષા દ્વારા નિર્વાહ કરનાર શાકય આદિ ભિક્ષુકો હોય, પરન્તુ તેમને જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના તીવ્ર કર્મો દ્વારા પીડિત થવું પડે છે. તે કર્મોને કારણે તેમને વિવિધ દુઃખોનું વેદન કરવું પડે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે માયાયુકત કર્મોના અનુષ્ઠાનમાં આસકત પુરુષ ભલે પંડિત હોય, કે ભલે બ્રાહ્મણ હોય, કે ભલે ધર્માચારી અથવા ભિક્ષાજીવી હોય, પણ તેને પોતાના કર્મો દ્વારા પીડિત થવું જ પડે છે. ॥ ૭ ॥

હવે સૂત્રકાર એ વાતનું પ્રતિપાદન કરે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ જ મોક્ષમાં કારણભૂત બને છે-'अह पास" ઈત્યાદિ-

શબ્દાર્થ—'अह-अथ' આના પછી 'पास-पश्य' જુવોકે' 'विवेगं-विवेकम्' પરિગ્રહને છોડીને અથવા સંસારને અનિત્ય સમજીને 'उट्ठिए-उत्थित' પ્રવ્રજ્યાને ગ્રહણ કરે છે. 'अवितिन्ने-अवितीर्णः' સંસાર સાગરને પાર નથી કરી શકતા 'इह-इह" આ સંસારમાં 'धुवं-ध्रुवम्' મોક્ષનું 'भासइ-भाषते' કેવલ ભાષણ જ કરે છે. હે શિષ્ય ! તમે પણ તેમના માર્ગમાં જઈને 'आरं-आरम्' આ લોકને 'परं-परम्' તથા પરલોકને 'कओ-कुतः' કેવી રીતે 'णाहिसि-ज्ञास्यसि' જાણી શકશો તેઓ અન્યતીર્થિજનો ' वेहासे-॥૮॥ विहायसि' મધ્યમાં જ 'कम्मेहिं-कर्मभिः' કર્મોના દ્વારા 'किच्चई-कृत्यन्ते' દુઃખી થાય છે.

સૂત્રાર્થ.

હે શિષ્યો! જુવો, કોઈ અન્યતીર્થિકો પરિગ્રહનો ત્યાગ કરીને, અથવા સંસારને અનિત્ય જાણીને દીક્ષા અંગીકાર કરી લે છે, પરન્તુ તેઓ સંસારસાગરને તરી શકતા નથી. તેઓ અહીં મોક્ષની વાત કરે છે, પરન્તુ તેમની તે વાત યથાર્થ તત્ત્વના જ્ઞાનથી વિહીન હોવાને કારણે માત્ર કલ્પિત કથન રૂપજ છે. હે શિષ્યો! તેમના મતને ગ્રહણ કરીને તમે આ લોક અને પરલોકના યથાર્થ સ્વરૂપને કેવી રીતે સમજી શકશો? તે અન્ય તીર્થિકો મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી પણ વચ્ચે જ (સંસારમાંજ) અટવાયા કરે છે અને તેમના કર્મોનાં ફળ સ્વરૂપે પીડા ભોગવ્યા કરે છે. ॥ ૯ ॥

–ટીકાર્થ–

હે શિષ્યો ! પર કોઈ પરીતીર્થિકો પરિગ્રહનોત્યાગ કરીને અથવા સંસારની ક્ષણભંગુરતાને જાણીને જન્મ. જરા અને મરણરૂપ સંસાર સાગરને તરી જવાની ઇચ્છાથી દીક્ષા ગ્રહણ કરે છે પરન્તુ સંસાર સાગરને તરવાની તેની ઇચ્છા સફળ થતી નથી કારણકે દીક્ષા ગ્રહણ કરવા છતાં પણ તે હિંસા આદિ સાવદ્ય અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત રહેતો હોય છે તે દીક્ષા લઈને મોક્ષ અથવા મોક્ષના કારણ ભૂત સંયમન. વિષયમાં ઉપદેશ આપે છે. પરન્તુ તે પોતે સંયમના અનુષ્ટાનોનું પાલન કરતો નથી. અથવા તે મોક્ષ પ્રાપ્તિના ઉપાયનું યથાર્થ જ્ઞાન જ ધરાવતો નથી.હે શિષ્યો ? જો તમે તેમના માર્ગને અનુસરશો, તો લોક અને પરલોકને કેવી રીતે જાણી શકશો ! એ પ્રકારે તો તમે આ લોક અને પરલોકના સ્વરૂપને સમજી શકવાના જ નથી તેમના માર્ગનું અનુસરણ કરવાને બદલે વીત રાગ દ્વારા પ્રતિપાદિત માર્ગનું અનુસરણ કરો તેમાં જ તમારૂ શ્રેય છે અન્ય તીર્થિકો યથાર્થ વસ્તુ તત્ત્વથી અજ્ઞાત હોવાને કારણે વિપરીત વાત કરે છે, અને તે કારણે તેઓ મધ્યમાં જ કર્મો દ્વારા પરાભૂત થાય છે એટલે કે સંસારમાં પરીભ્રમણ કર્યા કરે છે.

આ કથન દ્વારા સૂત્રકાર એ વાતનું પ્રતિપાદન કરે છે કે કોઇ કોઇ પરતીર્થિક સંસારની અનિત્યતાને સમજી જઇને પરિગ્રહ આદિનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીને મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને છે પરન્તુ સંયમનું સમ્યક્ અનુષ્ટાન નહીં કરવાને કારણે સંસારમાં જ પરીભ્રમણ કર્યા કરે છે તે સંસાર સાગરને તરી શકતો નથી તે મોક્ષનાં અને મોક્ષના કારણભૂત સંયમની વાતો કરે છે, પરન્તુ સમમ્યગ્ જ્ઞાનનો અભાવ હોવાને કારણે તેની સમ્યક્ રૂપે આરાધના કરતો નથી. હે શિષ્ય ! જો તું પણ તેમનું અનુસરણ કરીશ તો આ લોક અને પરલોકને કેવી રીતે જાણી શકીશ ? પરતીર્થિકો તો બન્ને તરફથી ભ્રષ્ટ છે અને વચ્ચે જ ( સંસારમાં જ ) પોતાના કૃતકર્મો દ્વારા પીડા ભોગવી રહ્યા છે. તેઓ ચાર ગતિવાળા સંસારમાં પરિભ્રમણ કરે છે, કારણ કે તેઓ અહિંસા આદિ મહાવ્રતોનુ પાલન કરતા નથી. ॥ ગાથા ૮ ॥

એવું પણ કહી શકાય છે કે કેટલાક પરતીર્થિકો પણ પરિગ્રહણથી રહિત અને વિશિષ્ટ તપસ્યાસંપન્ન હોય છે. છતાં તેમને મોક્ષની પ્રાપ્તિ કેમ થતી નથી ? વિશિષ્ટ તપ વિના મોક્ષ નથી.' એવો સિદ્ધાંત છે. તપ મોક્ષનું કારણ છે, એવું તીર્થંકરોએ પણ કહ્યું છે. છતાં તપનો સદ્ભાવ હોવા છતાં પણ તે પરતીર્થિકોને મોક્ષ કેમ મળતો નથી? જો તપસ્યા કરવા છતાં પણ મોક્ષ ન મળતો હોય, તો આપના શાસનનું અનુસરણ કરનારને પણ મોક્ષ મળવો જોઈએ નહીં. એવી સ્થિતિમાં તેમને મોક્ષ પ્રાપ્ત થવાની વાતજ કેવી રીતે સ્વીકાર્ય બને ! આ શંકાનું નિવારણ કરવા માટે સૂત્રકાર કહે છે કે-"**जइ वि णिगसे**" ઈત્યાદિ.

શબ્દાર્થ—'**जे-ये**' જે '**इह-इह**' આ લોકમાં '**मायाइमिज्जइ-मायादिना मीयते**' કષાયોથી યુકત છે '**जइवि य-यद्यपि**' ચાહે '**णिगणे-नग्नः**' નાગો અર્થાત્ વસ્ત્ર વગરનો એવમ્ '**किसे-कृशः**' નિર્બળ થઇને '**चरे-चरेत्**' ફરે '**जइवि य-यद्यपि**' ચાહે' **अंतसो-अन्ततः**' અન્ત પર્યન્ત '**मासं-मासं**' અનન્તકાળ સુધી-**गब्भाय-गर्भाय**' એકમાસ પછી '**भुंजिय-भुंजीत**' ભોજન કરે પરંતુ **णंतसो-अनन्तशः**' અનંતકાળ સુધી **गब्भाय-गर्भाय**' ગર્ભમાં. '**आगंता-आगन्ता**' આવવાવાળા જ હોય છે. ॥ ૯ ॥

–સૂત્રાર્થ–

આ લોકમાં જેઓ માયા એટલે કે કષાયોથી યુકત હોય છે, તેઓ કદાચ વસ્ત્રોનું બન્ધન તોડી નાંખીને નગ્નાવસ્થામાં વિચરણ કરે, મહિના મહિનાના ઉપવાસો કરીને શરીરને તદ્દન ક્ષીણ કરી નાખે, છતાં પણ તેમને અનન્ત કાળ સુધી ગર્ભમાં ઉત્પન્ન થવું પડે છે એટલે કે સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. ॥૯॥

–ટીકાર્થ–

આ લોકોમાં જે પરતીર્થિકો માયાથી (અહીં માયા પદ દ્વારા ક્રોધ; માન, માયા અને લોભરૂપ ચારે કષાયોને ગ્રહણ કરવા જોઇએ) યુકત હોય છે. એટલે કે ક્રોધ; માન માયા અને લોભ રૂપ કષાયોથી યુકત હોય છે તેમને મોક્ષ મળી શકતો નથી. ભલે તેઓ નગ્ન રહે (કપડાનો પરિગ્રહ પણ ન કરે) ભલે તેઓ અજ્ઞાન પૂર્વક કષ્ટ સહન કરીને કૃશ (દુર્બલ) થઈ જાય, ભલે તે માસખમણ કર્યા કરે (મહિનાના ઉપવાસ કરીને પારણું કર્યા બાદ મહિનાના ઉપવાસ આ પ્રકારની તપસ્યા કર્યા કરે), છતાં પણ તેઓ અનંત કાળ સુધી ગર્ભમાં ઉત્પન્ન થયા જ કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે કષાયયુકત પુરૂષ અનેક પ્રકારની આકરી તપસ્યાઓ કરવા છતાં પણ સંસારને પાર કરી શકતો નથી. પરન્તુ અનંત કાળ સુધી જન્મ મરણના ફેરા કર્યા જ કરે છે. તેમાંથી તેનો છુટકારો થઈ શક્તો જ નથી, કારણકે તેને મોક્ષમાર્ગનું સમ્યગ્જ્ઞાન ન હોવાને કારણે તે વિપરીત આચરણ જ કરતો હોય છે. ॥ગાથા ૯॥

મિથ્યાજ્ઞાનથી યુકત તપસ્યા દ્વારા ચાર ગતિઓનું ભ્રમણ રોકી શકાતું નથી, પરન્તુ વીતરાગ પ્રણીત માર્ગનું અનુસરણ કરવાથી જ ભવભ્રમણનો નિરોધ થાય છે અને કલ્યાણ કારી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ વાતનું પ્રતિપાદન સૂત્રકારે નીચેની ગાથા દ્વારા કર્યું છે. "**पुरिसोरम**" ઇત્યાદિ–

શબ્દાર્થ '**पुरिसो–पुरुष**' હે પુરૂષ? '**पावकम्मुणा–पापकर्मणा**' પ્રાણાતિપાત વગેરે પાપકર્મથી '**उपरम–उपरम**' તું નિવૃત્ત થઇ જા કેમ કે '**मणुयाणं–मनुजानाम्**' મનુષ્યોનું' '**जीवियं–जीवितम्**' જીવન '**पलियंतं–पल्यान्तम्**' નાશવંત છે. '**इह–इह**' આ સંસારમાં '**सन्ना–सक्ताः**' જે આસકત છે તથા '**असंबुडा–असंवृताः**' પ્રાણાતિપાત વગેરેથી નિવૃત્ત નથી થયા. '**नरा–नरा**' એવા મનુષ્યો '**मोहं–मोहम्**' મોહને '**जंति–यान्ति**' પ્રાપ્ત કરે છે. ॥૧૦॥

–સૂત્રાર્થ–

હે પુરૂષ! તું પાપકર્મથી વિરત થા, કારણ કે માણસનું જીવન વધારેમાં વધારે ત્રણ પાલ્યોપમનું જ છે. આ સંસારમાં જેઓ આસકત છે, જેઓ કામભોગોમાં મૂર્ચ્છિત છે, અને જેઓ હિંસા આદિથી નિવૃત્ત નથી, તેઓ મોહનીય કર્મનું ઉપાર્જન કરે છે.॥૧૦॥

– ટીકાર્થ –

પુર એટલે નગર. આ શરીર રૂપી નગરમા જે શયન અથવા નિવાસ કરે છે, તેને પુરુષ કહે છે. આ પુરુષને જીવ (આત્મા) કહે છે.

હે પુરુષ! હે આત્મા! તું પ્રાણાતિપાતથી લઇને મિથ્યાદર્શન શલ્ય પર્યન્તના અઢારે પાપોથી નિવૃત્ત થઈ જા, કારણ કે મનુષ્યના જીવનનો કાળ અધિકમાં·અધિક ત્રણ પલ્યો-પમનો કહ્યા છે. (આ કાળ યુગલિકોના જીવનની અપેક્ષાએ કહેવામા આવ્યો છે), આ શરીર નાશવાન્ છે. જે જીવો આ સંસારમાં આસક્ત હોય છે, કામભોગોમાં મૂર્છિત હોય છે અને હિંસાદિ કાર્યો કર્યા કરે છે, એવાં જીવો મોહનીય કર્મનું ઉપાર્જન કરતા રહે છે.

શંકા–જો કે પ્રત્યેક પ્રાણી પોત પોતાનાં કર્મોનું ફળ ભોગવે છે, છતાં પણ આ ગાથામાં વિશેષ રૂપે મનુષ્યને અનુલક્ષીને જે કથન કરવામાં આવ્યું છે તે અનુચિત લાગે છે.

સમાધાન– વિશિષ્ટ કર્મોનું અનુષ્ઠાન કે જેના દ્વારા શુભ અને અશુભ ફળની પ્રાપ્તિ થાય છે, તેમનું સંપાદન મનુષ્ય શરીર દ્વારા જ થાય છે, અને તે કર્મોનું ફળ જીવોએ ભોગવવું પડે છે, તે કારણે ગાથામાં વપરાયેલા "પુરુષ" પદ દ્વારા મનુષ્યનું જ ગ્રહણ કરાયું છે. જો કે પશુ આદિ પણ કર્મોનું ઉપાર્જન કરે છે. પરંતુ તેમનામાં વિશિષ્ટતપ આદિ ક્રિયાઓનો સદ્ભાવ હોતો નથી.

આ સમસ્ત કથન દ્વારા અસત્કર્મ રૂપ પાપથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. માણસનું જીવન અલ્પ અને વિનશ્વર છે. આ અલ્પકાલીન જીવનનો જ્યાં સુધી અન્ત ન આવે, ત્યાં સુધી માણસોએ સર્વજ્ઞોક્ત શાસ્ત્રોમાં પ્રતિપાદિત પ્રક્રિયા અનુસાર ધર્માનુષ્ઠાન કરીને આ મનુષ્ય ભવને સાર્થક કરવો જોઇએ. જે મનુષ્યો કામભોગોમાં

જ આસક્ત રહે છે અને સાંસારિક વિષયોની તૃષ્ણાવાળા હોય છે, તેઓ મોહનીય કર્મનું ઉપાર્જન કરીને હિત (ધર્મ) ની પ્રાપ્તિ અને અહિત (પાપ)નો પરિત્યાગ કરવાને અસમર્થ બની જાય છે. ॥ ૧૦ ॥

પહેલી વાત તો એ છે કે આ મનુષ્ય ભવજ દુર્લભ છે. મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને શ્રાવકના કુળમાં ઉત્પત્તિ અતિ દુર્લભ છે. આ બન્નેની પ્રાપ્તિ જેમને થઇ છે તેમણે શુભ કર્મો કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. સૂત્રકાર નીચેની ગાથામાં આ વાતજ પ્રકટ કરે છે- '' **जयय विहराहि**'' ઇત્યાદિ-

શબ્દાર્થ—**जययं-यतमानः**' હે મનુષ્ય ! તું પ્રયત્ન કરે ત્યારે તથા '**जोगवं-योगवान्**' સમિતિ ગુપ્તિથી ગુપ્ત થઇને **विहराहि-विहर**' વિચારણ કર '**अणुपाणा-अनुप्राणा**' સૂક્ષ્મ પ્રાણીયોથી યુકત '**पंथा-पन्थानः**' માર્ગ '**दुरुत्तरा-दुरुत्तरा**' ઉપયોગના વગર દુસ્તર થાય છે, '**अणुसासणमेवं-अनुशासनमेव**' શાસ્ત્રો રીતીથી જ '**पक्कमे-प्रक्रमेत**' સંયમનું અનુષ્ઠાન કરવું જાઇએ '**वीरेहिं-वीरैः**' રાગ વિગેરેને જીતવા વાળા અરિહન્તોએ '**संमं-सम्यक्**' સમ્યક પ્રકારથી '**पवेइयं-प्रवेदितम्**' કહેલ છે, ॥૧૧॥

– સૂત્રાર્થ –

હે પુરુષ! (આત્મા) જીવનને અલ્પકાલીન જાણીને તથા વિષયોને દુઃખદાયી સમજીને, પ્રયત્ન પૂર્વક સમિતિ અને ગુપ્તિ યુક્ત થઇને ઉદ્યત વિહારી બનો. માર્ગમાં અનેક નાનાં નાનાં જીવજંતુઓ હોય છે, તેમનું ઉપમર્દન કર્યા વિના ચાલવાનું કાર્ય ઉપયોગરહિત (અસાવધાન)મનુષ્યોને માટે કઠણ છે, તેથી ઉપયોગ સહિત (યતનાપૂર્વક) ચાલવું જોઇએ તેથી શાસ્ત્રના આદેશ અનુસાર જ આચરણ કરવું જોઇએ, એવું રાગાદિ પર વિજય પ્રાપ્ત કરનાર (વીતરાગ) અર્હંત ભગવાને સમ્યક્ પ્રકારે કહ્યું છે. ॥૧૧॥

– ટીકાર્થ –

હે વિવેકવાન પુરુષ! તું યતનાપૂર્વક અને યોગવાન (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત) થઇને વિચર. યતનાવાન્ અને યોગવાન્ શા કારણે થવું જોઇએ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ ન કરી શકાય એવાં અત્યંત સૂક્ષ્મ જીવોથી માર્ગ વ્યાપ્ત હોય છે. એવાં માર્ગ પર ઉપયોગ વિના (અસાવધાનીથી) ચાલવાથી જીવોનું ઉપમર્દન થાય છે. માટે એવા માર્ગ પર શાસ્ત્રોકત વિધિ અનુસાર ચાલવું જોઇએ. શાસ્ત્રોક્ત વિધિ આ પ્રમાણે છે- ''યતના પૂર્વક ચાલવું જોઇએ. યતનાપૂર્વક ઊઠવું બેસવું જોઇએ. યતના પૂર્વક શયન કરવું જોઇએ. યતનાપૂર્વક આહાર કરવો જોઇએ. યતનાપૂર્વક નિર્વદ્ય ભાષણ કરવું જાઇએ. આ પ્રમાણે યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનાર મનુષ્ય પાપકર્મનો બન્ધક થતો નથી'' એટલે કે સંયમનું અનુષ્ઠાન શાસ્ત્રના આદેશ અનુસાર જ કરવું જોઇએ.

પોતાની બુદ્ધિ દ્વારા કલ્પના કરીને પોતાને યોગ્ય લાગે એવાં આચરણ વડે સંયમનું પાલન કરવુ તે ઉચિત નથી.

શંકા-ભગવાન્‌ને આપ્ત કેવી રીતે ગણી શકાય? તેમનામાં આપ્તતાનો નિશ્ચય થયા વિના કોઈ ભગવાન્‌નાં વચનોમાં કેવી રીતે શ્રદ્ધા રાખી શકે?

સમાધાન-તીર્થંકરોનું કથન યથાર્થ જ છે. તે તીર્થંકારોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી તેમણે કેવળજ્ઞાન દ્વારા અતીન્દ્રિય પદાર્થોને યથાર્થ રૂપે જાણી લઇને અનુગ્રહની ભાવનાથી-મનમાં પરોપકારની ભાવનાથી પ્રેરાઇને જીવોના કલ્યાણને માટે ઉપદેશ આપ્યો છે. મોક્ષનો માર્ગ બતાવનાર તે અર્હંત ભગવાનોને આપ્ત રૂપ ગણવામાં શી મુશ્કેલી છે? કેવળજ્ઞાન અને કેવળદર્શન ધારણ કરનાર તે તીર્થંકર ભગવાન્‌નાં ઉપદેશમા પ્રમાણ ભૂતતા જ રહેલી છે. તેમની પ્રામાણિકતાના વિષયમાં કોઇ પણ પ્રકારના સન્દેહનો અવકાશ જ નથી. તેથી તેમના દ્વારા ઉપદિષ્ટ શાસ્ત્રાનુસાર જ સંયમનું પાલન કરવાનો પ્રયત્ન કરવો જોઇએ ॥ ગાથા ૧૧॥

પૂર્વ ગાથામાં વિશ્વાસના કારણ રૂપે ''વીર'' આ શબ્દ માત્રનો જ પ્રયોગ

કરાવવામાં આવ્યો છે. પરન્તુ તે વીર કોણ છે? તેનું સ્વરૂપ કેવું છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા સૂત્રકાર કહે છે કે ''**विरया वीरा**' ઇત્યાદિ—

શબ્દાર્થ—'**विरया-विरताः**' જે હિંસા વગેરે પાપોથી નિવૃત્ત છે અને '**धीरा-वीराः**' **કર્મને વિશેષ** રૂપથી દૂર કરવાવાળા હોવાથી વીર છે. '**समुट्ठिया-समुत्थिताः**' આરમ્ભ-સમારમ્ભના ત્યાગથી સમુત્થિત છે '**कोहकायरियाइ पीसणा-क्रोधकातरिकादि पीषणाः**' જે ક્રોધ અને માયા વગેરેને દૂર કરનારવાળા છે તથા '**पाणे-प्राणिनः**' પ્રાણીને અર્થાત્ બે ઇન્દ્રીય વગેરે જીવોને '**सव्वसो-सर्वशः**' મન, વચન અને કર્મથી-**न हणंति-न घ्नन्ति**' મારતો **નથી. 'पावाओ-पापात्** ' સાવદ્ય અનુષ્ઠાનથી ' **विरया-विरताः** નિવૃત્ત છે' **अभिनिव्वुडा-अभिनिर्वृताः**' તે, પુરૂષો મુક્ત જીવના સમાન છે. ॥૧૨॥

– સૂત્રાર્થ –

જેઓ પ્રાણાતિપાત આદિ પાપકર્મોથી વિરત (નિવૃત્ત) થઇ ગયા હોય છે, જેઓ આરંભનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરીને ઉત્થિત પ્રવ્રજિત થઈ ગયા હોય છે. જેઓ ક્રોધ, માન, માયા અને લોભનો તથા મોહનીય કર્મનો નાશ કરી નાખનારા હોય છે, જેઓ મન વચન અને કાયાથી પ્રાણીઓની હિંસા કરતા નથી, જેઓ પાપથી (સાવદ્ય ક્રિયાઓથી) સર્વથા નિવૃત્ત થઈ ચુક્યા છે, અને આ કારણે ક્રોધાદિનો ઉપશમ કરીને જેઓ શાન્ત-સ્વરૂપ થઈ ગયા હોય છે, અથવા જેઓ મુક્તના સમાન જ હોય છે તેમને જ વીર પુરુષ કહેવામાં આવે છે. ॥૧૨॥

ટીકાર્થ

વીર પુરુષ તો તેને જ કહી શકાય કે જે પ્રાણાતિપાત, મૃષાવાદ, સ્તેય (ચોરી) આદિ પાપોથી નિવૃત્ત થઈ ચુક્યો હોય જેઓ સંયમ અને તપ દ્વારા વિશેષ રૂપે કર્મશ-

ત્રુઓનું નિવારણ કરવામાં પ્રયત્નશીલ રહેતા હોય, તેમને જ વીર કહેવામા આવે છે. બાહ્ય શત્રુઓનો નાશ કરવાના સામર્થ્યની અપેક્ષાએ જેમને વીર કહી શકાય એવાં તો ઘણા પુરુષો હોઇ શકે છે, પરન્તુ આભ્યન્તર શત્રુઓનો નાશ કરવાને માટે કમર કસીને તૈયાર થઇ ગયેલા જે પુરુષો છે તેમને ભારે વીર કહેવાય છે. તથા જેઓ આરંભનો સમ્યક્ પ્રકારે ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરીને મોક્ષમાર્ગે વિચરી રહ્યા છે, જેઓ ક્રોધ અને પદ દ્વારા માન પણ ગ્રહણ કરવું જોઇએ. કાતરિકા એટલે માયા કાતરિકા પદ દ્વારા માયાનું પણ ગ્રહણ કરવું જોઇએ. આદિ પદ વડે બાકીના સંપૂર્ણ મોહનીય કર્મને ગ્રહણ કરવું જોઇએ. જેઓ મનવચન અને કાયા વડે પ્રાણીઓની હિંસા કરતા નથી, એટલે કે ત્રણ કરણ અને ત્રણ યોગ વડે જેઓ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરતા નથી, તથા જેઓ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભ યોગથી નિવૃત્ત છે, અને આ પ્રકારે ક્રોધાદિનો ઉપશમ થઈ જવાને લીધે જેઓ શાંત સ્વરૂપ છે, એવા મહાપુરુષને જ વીર કહેવાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જેઓ પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારનાં પાપોથી નિવૃત્ત છે, જ્ઞાનાવરણીય આદિ કર્મોના જેઓ વિનાશક છે, જેઓ સમસ્ત આરંભ થી રહિત છે, જેઓ ક્રોધ. માના, માયા અને લોભના નિવારક છે, જેઓ ત્રણ કરણ અને ત્રણ યોગથી પ્રાણીઓની હિંસા કરતા નથી, જેઓ પાપોથી રહિત છે, શાન્ત અને મુકત સમાન છે. એવો પુરુષ વીર કહેવાય છે. ॥ ગાથા ૧૨॥

હવે સૂત્રકાર પરીષહોને સહન કરવાનો ઉપદેશ આપે છે **'णवि ता अहमेव'** ઈત્યાદિ—

શબ્દાર્થ— **'सहिएहिं-सहितैः'** જ્ઞાન વગેરે થી સમ્પન્ન માણસ **'एवं-एवम्'** આ પ્રમાણે **'पासइ-पश्ये'**વિચા રે કે **अहमेव अहमेव** ' હુંજ' **ता**—**तैः** ' ઠંડુ ગરમ વગેરે (ટાઢ-તડકો વિગેરે ) દુઃખ વિશેષ થી **'णपि-नापि'** નથી. **लुप्पए-लुप्ये'** પીડિત કરવામાં આવતો. **'लोयंमि-लोके'** આ સંસારમાં **'पाणिणो-प्राणिन'** બીજા પ્રાણીઓ પણ **लुप्पंति-लुप्यान्ते'** પીડિત કરવામાં આવે છે. તેથી **'से-सः'** તે મુનિ **'पुट्ठे'-स्पृष्टः'** પરિષહોથી સ્પર્શિત થઇ ને પણ **'अणिहे'-अनिहः'** ક્રોધ વગેરે રહિત થઇને' **अहियासहे—अधिसहेत'** તેમને સહન કરે ॥ ૧૩ ॥

- સૂત્રાર્થ -

સમ્યગ્ જ્ઞાન આદિથી સંપન્ન પુરુષે આ પ્રકારનો વિચાર કરવો જોઈએ 'હું એકલો જ ઠંડી, ગરમી આદિ કષ્ટો વડે પીડિત છું, એવું નથી, પરન્તુ સંસારના અન્ય પ્રાણીઓ પણ તે કષ્ટો વડે પીડિત છે" આ પ્રકારનો વિચાર કરીને તે મહા સત્ત્વ સાધક પરીષહોથી સ્પૃષ્ટ થવા છતાં પણ ક્રોધાદિ કર્યા વિના મધ્યસ્થ ભાવે તેને સહન કરે આ પ્રકારના પરીષહો આવી પડવાથી તેણે માનસિક પીડા અનુભવવી જોઇએ નહીં ॥ ૧૩ ॥

– ટીકાર્થ –

"**सहिपहि**" આ પદમાં પ્રથમાના અર્થે તૃતીયા વિભક્તિ છે આ ગાથાનો ભાવાર્થ નીચે પ્રમાણે છે સમ્યગ્ જ્ઞાન આદિથી સંપન્ન પુરુષે પોતાની કુશાગ્ર બુદ્ધિથી એવો વિચાર કરવો જોઈએ કે એકલો હું જ ઠંડી. ગરમી આદિ કષ્ટોની પરંપરાથી પીડાતો નથી, પરન્તુ આ સંસારના સમસ્ત જીવો આ કષ્ટોથી પીડાઇ રહ્યા છે. આ પ્રકારનો વિચાર કરીને તે મુનિએ સમભાવ પૂર્વક તે કષ્ટોને સહન કરવા જોઇએ.

આ સંસારમાં અન્ય જીવો પણ શીતાદિ જનિત કષ્ટો સહન કરે છે. પરન્તુ તેમનામાં સમ્યગ્જ્ઞાનનો અભાવ છે. તેથી તેઓ કર્મોની નિર્જરા કરવા રૂપ ફળની પ્રાપ્તિ કરી શકતા નથી. કહ્યું પણ છે કે '**क्षान्तं न क्षमया**' ઇત્યાદિ—

'ક્ષમા તો કરી પરન્તુ ક્ષમાધર્મને કારણે ન કરી, ઘરમાં મળતાં સુખનો ત્યાગ તો કર્યો, પરન્તુ સંતોષથી પ્રેરાઇને ન કર્યો,

અસહ્ય ઠંડી, ગરમી અને વાયુના કલેશો સહન કર્યા, પરન્તુ તપશ્ચરણને નિમિત્તે તેને સહન ન કર્યા, શ્વાસ રોકીને બિલકુલ આરામ કર્યા વિના ધનને માટે રાત્રિ દિવસ ધ્યાન તો ધર્યું, પરન્તુ ઉત્તમ તત્ત્વનું ચિન્તન ન કર્યું, આ પ્રકારની આ બધી વાત એવી આશ્ચર્ય જનક છે કે આ (અજ્ઞાની) સુખાભિલાષીઓએ કાર્ય તો એજ (જ્ઞાનીઓના જેવાં) કર્યાં પરન્તુ એજ કાર્યો દ્વારા જ્ઞાનીઓને જે ફલની પ્રાપ્તિ થાય છે, તે ફળથી આ અજ્ઞાનીઓ તો વંચિત જ રહ્યા !"

આ પ્રકારના કષ્ટો (પરીષહો) સહન કરવાથી જ્ઞાની જનોને તો લાભ જ થાય છે કાંઇ પણ હાનિ થતી નથી. કહ્યું પણ છે કે "**कार्श्यं क्षुत्प्रभवं कदन्नमशनं**" ઇત્યાદિ

'ભૂખથી ઉત્પન્ન થતી શારીરિક કૃશતા, કુત્સિત, (નીરસ) અન્નનો આહાર શીત અને ગરમીને સહન કરવી. કેશોનું રૂખાપણું. પાગરણને અભાવે ભૂતલ પર શયન, આ બધી બાબતોનો જો ગૃહસ્થોમાં સદ્ભાવ હોય, તો તે અવનતિનુ લક્ષણ ગણાય છે, પરન્તુ એજ બાબતો સંયમની અવસ્થામાં ઉન્નતિનું કારણ બની જાય છે. ખરેખર, એ વાત સાચી છે કે યોગ્ય સ્થાને યોગ્ય પ્રવૃત્તિનું સંયોજન કરવામાં આવે, તો દોષ પણ ગુણ બની જાય છે.

મોક્ષની અભિલાષાવાળા કર્મોની નિર્જરા કરવાની ઇચ્છાવાળા તથા સમ્યગ્ જ્ઞાનાદિથી યુકત પુરુષે આ પ્રકારના કષ્ટોને પોતાના હિતને માટે અનુકૂળ જ સમજવા જોઈએ જેના દ્વારા જ્ઞાનાદિ ગુણોના સમૂહનો નાશ થાય છે, તેને 'નિહ' એટલે કે કષાય કહે છે. સાધુઓ ક્રોધાદિ કષાયોથી રહિત થઈને શાન્ત ભાવે સમસ્ત પરીષહોને સહન કરવા જોઇએ. ।ગાથા ૧૩।

વળી સૂત્રકાર સાધુને એવો ઊપદેશ આપે છે કે–

'**धुणियाकुलिय**' ઈત્યાદિ–

શબ્દાર્થ— '**लेववं–लेपवत्**' લેપવાળી '**कुलियं–कुडय**' ભિત્તિ '**धुणिया–धूत्वा**' તેના લેપને પાડીને ક્ષીણ કરી દેવામાં આવે છે. '**व–इव**' આ પ્રકારે '**अणसणाहिं–अनशनादिभिः**' ઉપવાસ વગેરે તપના દ્વારા '**देहं– देहम्**' શરીરને '**किसए–कृशयेत्**' દુર્બળ કરે છે. તથા '**अविहिंसामेव–अविहिंसामेव**' અહિંસા ધર્મને જ '**पव्वए–प्रव्रजेत्**' પાલન કરવો જોઈએ '**मुणिणा–मुनिना**' સર્વજ્ઞે '**अणुधम्मो–अनुधर्मः**' આજ ધર્મ '**पवेईओ–प्रवेदितः**' કહેલ છે ।।૧૪।।

સૂત્રાર્થ–

જેવી રીતે લેપયુક્ત દીવાલ પરથી લેપને ઊખેડી નાખીને દીવાલને કમજોર કરી નાખવામાં આવે છે, એજ પ્રમાણે સાધુએ અનશન આદિ તપ વડે દેહનાં માંસ રુધિર આદિને સુકવી નાખીને દેહને કૃશ કરી નાખવો જોઈએ. તેણે અહિંસાનું જ આચરણ કરવું જોઈએ. સર્વજ્ઞ ભગવાને પરીષહ વિજય અને અહિંસાને જ મોક્ષને માટેનો અનુકૂળ ધર્મ કહ્યો છે । ૪ ।

–ટીકાર્થ–

જેવી રીતે છાણ, માટી આદિના લેપથી યુક્ત દીવાલ પરથી તે લેપને દૂર કરવાથી દીવાલને કમજોર કરી નાખવામાં આવે છે, એજ પ્રમાણે અનશન આદિ બાર પ્રકારના તપશ્ચરણ વડે શરીરને પણ કૃશ કરી નાખવું જોઈએ. એટલે કે શરીરમાં વધી ગયેલા રકત અને માંસને તપસ્યા દ્વારા સુકવી નાખવા જોઈએ; અને ઠંડી, ગરમી આદિ પરીષહોને શાન્ત ભાવે સહન કરવા જોઈએ. માંસ અને રુધિર ઘટી જવાથી કર્મમળ પણ ઘટી જવાનો સંભવ રહે છે.

વિવિધ પ્રકારની હિંસાને વિહિંસા કહે છે. વિહિંસાનો અભાવ હોવો તેનું નામ અવિહિંસા છે. સાધુએ તે અવિહિંસાનું (દયાનું) પાલન કરવુ જાઈએ. છકાયના જીવોના રક્ષણ રૂપ અવિહિંસાની શી આવશ્યકતા છે? આ પ્રશ્નનો ઊત્તર આપતાં સૂત્રકાર કહે છે કે – સર્વજ્ઞ ભગવાને સમસ્ત જીવોની રક્ષા રૂપ દયાને તથા પરીષહો અને ઊપસર્ગો પરના વિજયને મોક્ષને માટેનો અનુકૂળ ધર્મ કહેલ છે. આ પ્રકારની દયા જ મોક્ષ સાધવામાં કારણભૂત બનતી હોવાને કારણે અવિહિંસા (દયા) નેજ અનુધર્મ (મોક્ષને માટે અનુકૂળ ધર્મ) કહેવામાં આવેલ છે. અમે અમારા મનમાં કલ્પના કરીને આ પ્રમાણે કહેતા નથી, પરન્તુ કાશ્યપ ગોત્રીય, કેવળજ્ઞાની સર્વજ્ઞ મહાવીર પ્રભુએ આ અનુધર્મની પ્રરૂપણા કરી છે. આ અનુધર્મ કે જેનું બીજુ નામ અવિહિંસા દયા છે, તે અવિહિંસા દયાનું મુમુક્ષુ જીવોએ સદા પાલન કરવું જોઈએ. । ગાથા ૧૪ ।

વળી સૂત્રકાર કહે છે કે -'सउणी जह' ઇત્યાદિ

શબ્દાર્થ— **जह--यथा'** જેવી રીતે **'सउणी--शकुनिका'** પક્ષિણી **'पंसुगुंडिया--पांसुगुंठिता'** ધૂળથી ખરડાઈને **'लियं--लित'** લાગેલી **'रयं--रजः'** ધૂળને **'विहुणिय-विधूय'** શરીરને કંપાવીને **'घंसयइ-ध्वंसयति'** દૂર કરે છે. **'एवं--एवम्'** આ પ્રમાણે **'दवि--द्व्यः'** ભવ્ય **'ओवहाणवं-उपधानवान्'** ઉપવાસ વગેરે તપ કરવા વાળા **'तवस्सि--तपस्वी'** સાધુ **'माहणे--माहनः'** અહિંસાવ્રતવાળા પુરૂષ **'कम्म-कर्मम्'** જ્ઞાનાવરણ વગેરે કર્મને **'खवइ-क्षपयति'** નાશ કરે છે. ॥૧૫॥

-સૂત્રાર્થ-

જેવી રીતે શરીર પર લાગેલી રજને પક્ષિણી શરીર કંપાવીને દૂર કરી નાખે છે, એજ પ્રમાણે ભવ્ય, મુક્તિગમનને યોગ્ય, ઉપધાનયુક્ત (ઉગ્રતપસ્વી), તથા કોઇ પણ જીવની હિંસા નકરો' એવો ઉપદેશ આપનાર મુનિ પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય કરે છે.।૧૫।

--ટીકાર્થ-

જેવી રીતે શરીર પર લાગેલી રજથી લિપ્ત થયેલી પક્ષિણી; પોતાની પાંખોને ફફડાવીને તથા શરીરને કંપાવીને તે રજને દૂર કરી નાખે છે, એજ પ્રમાણે ભવ્ય જીવ ઉગ્ર ઉગ્રતર અને ઉગ્રતમ અનશન આદિ તપ કરનાર તપસ્વી,' કોઈ પણ જીવની હિંસા ન કરો ' 'મા હણો ! મા હણો !' એવો ઉપદેશ આપનાર અહિંસાવ્રત ધારી સાધુ પણ કર્મોનો ક્ષય કરે છે.

અહીં 'ઉપધાનવાન્' અને 'તપસ્વી' આ બે વિશેષણોનો પ્રયોગ કરીને સૂત્રકારે એવાત પ્રકટ કરી છે કે અણગારો તપઃપ્રધાન હોય છે. જેવી રીતે પક્ષી પોતાનાં શરીર કંપાવીને શરીર પર લાગેલી રજ દૂર કરી નાખે છે, એજ પ્રમાણે મોક્ષાભિલાષી મુનિ અનશન આદિ તપ દ્વારા પોતાના આત્માની સાથે બદ્ધ થયેલાં કર્મોનો ક્ષય કરે છે. ત્યાર બાદ જ્યારે સમસ્ત કર્મોનો ક્ષય થઇ જાય છે,

ત્યારે કર્મોના ક્ષયલક્ષણવાળા મોક્ષની પ્રાપ્તિ કરવાને યોગ્ય તે બની જાય છે. આ સમુદિત અર્થ ફલિત થાય છે કહ્યું પણ છે કે- **"विधुनोति तु योगी"** ઇત્યાદિ-

"જેવી રીતે પક્ષી પાંખોને ફડફડાવીને શરીર પરની રજ દૂર કરે છે, એજ પ્રમાણે મુક્તિમાર્ગનો જ્ઞાતા મુનિ આ ભૂતલ પર સમસ્ત કર્મફલને તપસંયમ વડે ધોઈ નાખે છે. અને મોક્ષ પ્રાપ્ત કરે છે." ॥ ગાથા ૧૫॥

મોક્ષને માટે પ્રયત્નશીલ સાધુ જ્યારે મુક્તિમાર્ગ પર આગળને આગળ સંચરણ કરી રહ્યો હોય છે ત્યારે ક્યારેક અનુકૂળ ઉપસર્ગ પણ પ્રાપ્ત થઈ જાય છે. સૂત્રકાર હવે એજ વાત પ્રકટ કરે છે- **"उट्ठिय** ઇત્યાદિ-

શબ્દાર્થ—**'अणगारं--अनगारम्'** ગૃહ રહિત મુનિને તથા **'एसणं--एषणाम्'** એષણાને પાલન કરવાને માટે **'उवट्ठियं-उपस्थितम्'** તત્પર અને **'ठाणट्ठिय--स्थानस्थितम्'**

સંયમસ્થાનમાં સ્થિત **'तवस्सिण--तपस्विनम्'** ઉપવાસ વગેરે તપોનિષ્ઠ **'समणं--श्रमणम्'** શ્રમણને **'डहरा-दहराः'** પુત્ર વગેરે **'य वुड्ढा--च वृद्धाः'** અને તેના માતાપિતા વગેરે **'ण पत्थए--न प्रार्थयेरन्'** પ્રવ્રજ્યા છોડવાને માટે ચાહે પ્રાર્થના કરે પરંતુ **'तं--तम्'** તે સાધુ ને **नो लभेज्ज--नो लभेरेन्'** પોતાના આધીન કરી શકતા નથી. ॥૧૬॥

–સૂત્રાર્થ–

ગૃહનો ત્યાગ કરનારા, એષણામાં તત્પર, ઉત્તરોત્તર સંયમનાં સ્થાનોમાં સ્થિત અને અનશન આદિ તપો વડે દેહને તપાવનારા શ્રમણને નાના મોટા માણસો (નાના માણસો એટલે પુત્રાદિ, મોટા એટલે વૃદ્ધ માતાપિતા આદિ) કદાચ દીક્ષાનો ત્યાગ કરવાની પ્રાર્થના કરે, તો પ્રાર્થના કરનારા તેમ કરતાં થાકી જાય છતાં પણ તેઓ તે સાધુને સંયમના માર્ગેથી ચલાયમાન કરવાને અને પોતાની ઈચ્છાને અધીન કરી શકવાને શક્તિમાન થતા નથી ॥૧૬॥

–ટીકાર્થ–

જેને ઘર નથી, એટલે કે જેણે ઘરનો ત્યાગ કર્યો છે, તેને અણગાર કહે છે. એવા ઘરનો ત્યાગ કરનાર, સંયમના પાલનને માટે એષણામાં તત્પર, અને જેણે વિશિષ્ટ તપસ્યા વડે શરીરને પૂરે પૂરૂં તપાવી નાંખ્યું છે એવા શ્રમણને બાલક (પુત્રાદિ) અથવા વૃદ્ધ (માતા પિતા આદિ વૃદ્ધ જનો) સંસારી કુટુંબીઓ પ્રવ્રજ્યાનો ત્યાગ કરી નાખવા માટે કદાચ આ પ્રકારથી પ્રાર્થના પણ કરે કે- "વૃદ્ધની લાકડી સમાન, આંધળાંની આંખો સમાન, નિર્ધનના ધન સમાન, અને તરસ્યાને માટે પાણી સમાન, એક તુંજ અમારો પાલનકર્તા છો તુંજ અમારો નોધારાનો આધાર છો એવી બીજી કોઈપણ વસ્તુ નથી કે જેનો આધાર લઈને અમે અમારૂં બાકીનું જીવન સુખેથી વ્યતીત કરી શકીએ" આ પ્રકારની પ્રાર્થના કરનારા તેને વિનંતી કરી કરીને થાકી જવા છતાં પણ સંયમના માર્ગેથી ચલાયમાન કરીને તેને પોતાને આધીન કરી શકતા નથી. જે સંસારનાં દુઃખોથી ઉદ્વિગ્ન થઈ ગયેલા છે. જેણે સંયમનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરીને ઉગ્ર તપસ્યાઓ દ્વારા શરીરને તપાવી નાંખ્યું છે, એવો તે અણગાર, મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ થઈ પડે એવાં માતાપિતા આદિનાં વચનોથી ચલાયમાન થતો નથી. પરન્તુ તે અડગતા પૂર્વક મોક્ષમાર્ગ પર સ્થિર જ રહે છે. કહ્યું પણ છે કે-"**बन्धूनां करुणावाक्यं**" ઈત્યાદિ–

"પોતાના બન્ધુજનોના કરુણ વાક્યો સાંભળવા છતાં પણ ઉત્કૃષ્ટ યોગી સંયમથી નિવૃત્ત થતો નથી. એવો સાધુજ મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥ ૧૬॥

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે મુનિ અનુકૂળ પરીષહ વડે પણ સંયમના માર્ગેથી ચલાયમાન થતો નથી." **जइ कालुणिया**" ઈત્યાદિ–

શબ્દાર્થ—'**जइ-यदि**'—જો તેઓ '**कालुणियानि-कारुणिकानि**' દુઃખમય વચન બોલે અથવા દુઃખમય કાર્ય '**कासिया-कुर्युः**' કરે '**जइ-यदि**' જો તે '**पुत्तकारणा—पुत्र कारणात्**' પુત્રના માટે '**रोयंति य-रुदंति च**' રૂદન કરે તો પણ **दविय-द्रव्यम्**' દ્રવ્યભૂત '**समुट्ठियं-समुत्थितम्**' સંયમ કરવામાં તત્પર '**भिक्खुं-भिक्षुम्**' સાધુને '**नो-नैव**' નહીં '**लब्भंति-लभंते**' પ્રવ્રજ્યાથી ભ્રષ્ટ કરી શકે છે, તથા '**ण संठवित्तये—न संस्थापयितुम्**' તેઓ તેમને ગ્રસ્થલિંગમાં પ્રવેશ કરાવી શકવા સમર્થ નથી. ॥૨૭॥

– સૂત્રાર્થ –

જો માતાપિતા આદિ કરુણાજનક વચનો કહે, અથવા કરૂણાજનક કાર્ય કરે એટલે કે આક્રંદાદિ કરે, તો પણ સંયમનું પાલન કરવાને દૃઢનિશ્ચયી બનેલા તે મુનિને ચલાયમાન કરી શકતા નથી. એટલે કે તેઓ તેને એવી કાકલૂદી કરે કે "એક પુત્ર ઉત્પન્ન કરીને તું દીક્ષા લેજે". તો પણ રાગદ્વેષથી રહિત, મુકિતગમનને યોગ્ય, મોક્ષાભિલાષી તથા સંયમપાલનમાં તત્પર સાધુને ગૃહવાસમાં સ્થાપિત કરવાને સમર્થ બની શકતા નથી. ॥૧૭॥

–ટીકાર્થ–

કદાચ માતા, પિતા, પત્ની આદિ કરૂણાજનક, હૃદયને દ્રવિત કરનારાં સંયમને શિખરેથી નીચે ગબડાવી દેનારા તથા દીનતા હીનતા પ્રકટ કરનારાં, "તું તો અમારા જેવા નિરાધારને માટે આંધળાની લાકડી જેવો છે, તારા સિવાય અમારે કોઇનો આધાર નથી, અમારે તો માત્ર તારોજ આધાર છે" ઇત્યાદિ વચનો કહે, અથવા "કુળની વૃદ્ધિ કરનારો એક પુત્ર ઉત્પન્ન કરીને તું સંયમ અંગીકાર કરજે", આવાં રોદણાં રડે, છાતી કૂટી કૂટીને આક્રંદ કરે અને તૂટેલી માળામાંથી ખરી પડતાં મોતીઓ જેવા આંસું સારે, તો પણ તેઓ, તે રાગદ્વેષથી રહિત હોવાને કારણે મુકિતગમનને પાત્ર તથા સંયમના પ્રાસાદ પર આરોહણ કરવાને ઉદ્યત (તત્પર) થયેલા તે ભિક્ષુને પ્રવ્રજ્યા (સંયમ)ના માર્ગેથી ચ્યુત (ચલાયમાન) કરીને ગૃહાવાસમાં ફરી સ્થાપિત કરવાને સમર્થ થતા નથી. આ કથનનું તાત્પર્ય એ છે કે સાધુના માતાપિતા આદિ સંસારી સ્વજનો સાધુની સમીપે આવીને મોહને અધીન થઇને કરૂણાપૂર્ણ વચનો બોલે, અથવા કરૂણાજનક કાર્ય કરે અથવા પુત્રને માટે (પુત્ર ઉત્પન્ન કરીને જવા માટે) આગ્રહ કરે, આક્રંદ કરે કે છાતી કૂટે, છતાં પણ સંયમપાલનમાં અડગ અને મોક્ષાભિલાષી એવો તે મુનિ ચલાયમાન થઇને ગૃહસ્થનો વેષ ધારણ કરતો નથી, પરન્તુ અડગતા પૂર્વક સંયમનું પાલન કરે છે. ॥૭॥

વળી સૂત્રકાર કહે છે કે– "**जइ वि य**" ઇત્યાદિ–

શબ્દાર્થ—'**जइवि य-यद्यपि**' ચાહે '**कामेहिं-कामैः**' શબ્દ વગેરે રૂપ કામ ભોગમાં '**लाविया-लावयेयुः**' પ્રલોભન આપે '**जइ-यदि**' અથવા '**बंधिउं-बद्ध्वा**' બાંધિને '**घरं-गृहम्**' ઘરપર '**णोज्जाहिणः-युयेन**' લઈ જાય '**जइ-यदि**' પરંતુ જો તે સાધુ

'**जीवियं-जीवितम्**' संयम वगरना જીવનને '**नावकंखए-नावकांक्षेत्**' न ઇચ્છે '**णो लब्भंति-नो लभंते** ते' तेने वशमां करी शकता नथी. '**ण संठवित्तए-न संस्थापयितुम्**' અને તેને ગૃહસ્થ ભાવમાં રાખી શકતા નથી. ॥૧૮॥

-સૂત્રાર્થ-

કદાચ તે સ્વજનો તેને શબ્દાદિ કામભોગોનું પ્રલોભન બતાવે, અથવા તેને પરાણે બાંધીને ઘેર લઇ જાય, તો પણ અસંયમ જીવનની આકાંક્ષા ન રાખનાર તે સાધુને તેઓ સંયમના માર્ગેથી ચલાયમાન કરી શકતા નથી અને પરાણે ઘરમાં રાખી શકતા નથી. ।૧૮।

-ટીકાર્થ-

તે સાધુના સ્વજનો તેને શબ્દાદિ મનોજ્ઞ કામભોગોનું પ્રલોભન બતાવીને પણ સંયમના માર્ગેથી ચલાયમાન કરી શકતા નથી. તેઓ કદાચ ક્રોધાવેશમાં આવી જઇને તેના હાથ પગ બાંધીને તેને પરાણે ઘેર લઇ જાય છે, પરન્તુ અસંયમ જીવનની તે સાધુ ઇચ્છા જ ન કરે તો તેઓ તેને ઘરમાં પણ રાખી શકતા નથી.

તાત્પર્ય એ છે કે સંયમનું પાલન કરવાની રુચિવાળા સાધુના સંસારી સ્વજનો સાધુની સમીપે આવીને તેને વિષય ભોગોની લાલચ આપે, અને તે રીતે તેને સમજાવવામાં નિષ્ફળ જવાથી ક્રોધે ભરાઈને તેને લાકડી આદિ વડે મારવા લાગી જાય,અથવા બાંધીને ઘેર લઈ જાય, એટલે કે આ પ્રકારનાં અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો દ્વારા પીડિત થવા છતાં પણ જો સાધુ અસંયમી જીવનની ઇચ્છા કરે નહીં' તો તેના સ્વજનો પણ તે સાધુને પોતાના અધિકારમાં લઇને તેને પરાણે ઘરમાં રાખી શકવા ને સમર્થ થતા નથી. પરમાનંદ ઉત્પન્ન કરનાર, શરદઋતુના ચન્દ્રમાં જેવું નિર્મળ, અમૃત જેવું મીઠું, અને ક્ષીર સાગરના જળના સમાન શીતલ અને નિર્મળ જળનું પાન કરીને, કામભોગ રૂપી ખારા ગંદા અને વિષમ જળનું પાન કરવાની અભિલાષા કોણ કરે ? ( કોઈ પણ ન કરે ) ગાથા ।૧૮।

શબ્દાર્થ—'**ममाइणो-ममत्ववन्तः**' આ મારૂં છે એવું જાણીને સ્નેહ કરવાવાળા તેના '**मायापिया य-माता पिता च**' માતા પિતા '**सुया य-सुताः**' પુત્ર અને '**भारिया-भार्याश्च**' સ્રી '**सेहंति य-शिक्षयंति च**' શિક્ષા પણ આપે છે કે '**तुमं पासओ-त्वम् दर्शकः**' તમે સૂક્ષ્મદર્શી છો '**पोसाहि-पोषय**' પાલન કરો '**ण-अस्मान्**' હમારૂ '**परंपि-परमपि**' બીજા પણ '**लोगं-लोकम्**' લોકને '**जहासि त्यजसि**' ખરાબ કરી રહ્યા છો એથી '**णो-नः**' હમારૂ '**पोस-पोषय**' પોષણ કરો ॥૧૯॥

સૂત્રાર્થ-

સૂત્રકાર પૂર્વગાથામાં પ્રતિપાદિત વિષયનું આગળ નિરૂપણ કરે છે.

તે સાધુ પ્રત્યે સમતાભાવથી યુકત એવા તેના માતા, પિતા, પુત્ર અને પત્ની તેને

એવો ઉપદેશ આપે છે કે—' તમે સૂક્ષ્મ વાતો સમજનાર છો, તો અમારું પોષણ કરવાની તમારી ફરજ ને સમજો. જો તમે અમારું પોષણ નહીં કરો તો તમારો પરભવ બગાડશો તેથી તમારે અમારૂં પોષણ કરવું જ જોઇએ'. ।૧૯।

–ટીકાર્થ–

માતા, પિતા, પુત્ર અને પત્ની મોહને અધીન થઇને નવદીક્ષિત સાધુને આ પ્રમાણે શિખામણ આપે છે–' તમે દૂરદર્શી છો, તો અમારું પોષણ કરવાની તમારી ફરજ અદા કરો જો તમે અમારા પ્રત્યેની ફરજ નહીં બજાવો તો તમારો આ ભવ અને પરભવ બગાડશે!'

તાત્પર્ય એ છે કે માતા, પિતા, પુત્ર, પત્નિ આદિ સ્વજનો નવદીક્ષિત સાધુને પોતાનો ગણીને આ પ્રમાણે શિખામણ આપે કે હે પુત્ર! (હે પિતાજી!, હે સ્વામી!) તમે અમારો ત્યાગ કરીને સાધુ બન્યા હોવાથી અમને ઘણુંજ દુઃખ થાય છે. તમારા સિવાય અમારો કોઇ આધાર નથી. તમે ઘણાં જ વિદ્વાન્ છો, છતાં આટલું પણ સમજતા નથી. અમારૂં પાલન પોષણ કરવાની તમારી ફરજ છે. તમારી ફરજ ચુકીને તમે આ ભવ તો બગાડયો જ છે અને પરભવ પણ બગાડવાના જ છો. સ્વજનોનું પાલન પોષણ કરવાથી મહાન્ પુણ્યની પ્રાપ્તિ થાય છે. માટે તમે સંસારી બની જઇને અમારૂં પાલન કરો" આ પ્રકારની શિખામણ તેઓ તે નવદીક્ષિત સાધુને આપે છે. આ પ્રકારે તેઓ ઉપસર્ગ કરે છે. ।।ગાથા૧૯।।

પૂર્વોક્ત ઉપસર્ગોથી પીડિત થઇને કોઈ કોઈ નબળા મનોબળવાળા સાધુઓ સંસારમાં પાછાં ફરે છે, તે વાત સૂત્રકાર હવે પ્રકટ કરે છે "**अन्ने**,' ઇત્યાદિ-

શબ્દાર્થ–' **असंबुडा–असंवृडाः** ' સંયમ વગર ' **अन्नेनरा–अन्येनराः**' બીજા મનુષ્ય ' **अन्नेहिं–अन्येपु** ' માતા પિતા વિગેરેમાં ' **मुच्छिया–मुच्छिताः** ' આસક્ત થઇને ' **मोहंजंति–माहं यान्ति** ' મોહને પ્રાપ્ત થાય છે ' **विसमेहिं–विषमैः** ' સંયમ વગર પુરૂષોના દ્વારા ' **विसमं–विषमम्** ' અસંયમ ને ' **गाहिया–ग्राहिताः**' સ્વીકાર કરાયેલ તે પુરૂષ ' **पुणो–पुनः** ' ફરી ' **पावेहिं–पापैः** ' પાપકર્મ કરવામાં ' **पगब्भिया–प्रगल्भिताः** ' ધૃષ્ટ થઈ જાય છે. ।।૨૦।।

–સૂત્રાર્થ–

માતાપિતા આદિ પ્રત્યેના મૂર્છાભાવને કારણે કોઈ કોઈ કાયર સાધુઓ પોતાની પ્રવ્રજ્યાનો (સંયમનો) ત્યાગ કરીને ફરી સંસારમાં પ્રવેશ કરે છે. અસંયમી પુરૂષો દ્વારા માતાપિતા દ્વારા જેમને અસંયમ ગ્રહણ કરાવવામાં આવ્યો છે એવાં તેઓ પાપકર્મમાં એવા તો પ્રવૃત્ત થઈ જાય છે કે પાપકર્મ કરતાં તેઓ લજ્જિત પણ થતા નથી ।।૨૦।।

-ટીકાર્થ-

સર્વવિરતિ રૂપ સંયમથી રહિત, અપરિપકવ બુદ્ધિવાળો, સંયમનું માહાત્મ્ય નહીં સમજનારો તે કાયર પુરૂષ માતા, પિતા, પત્ની આદિમાં મૂર્છિત થઈને મોહને વશ થઇને સંયમનો પરિત્યાગ કરે છે. "વિષમ" એટલે કે માતા, પિતા, પત્ની આદિ દ્વારા તેને ફરી અસંયમને માર્ગે-લાવી દેવામાં અવાય છે, એવો પુરૂષ ફરી પ્રાણાતિપાત આદિ ૧૮ પ્રકારનાં પાપકર્મોમાં ધૃષ્ટ બની જાય છે, એટલે કે એવાં પાપો સેવતા લજ્જા અનુભવતો નથી. તાત્પર્ય એ છે કે કોઇ અલ્પબુદ્ધિ, અસંયમી પુરૂષ માતા, પિતા આદિ સ્વજનોનો પૂર્વોક્ત ઉપદેશ સાંભળીને તેમનામાં જ (સંસારના સહાયક પરિવારમાં) આસક્ત થઈ જાય છે. તે સાધુને તેઓ ફરી અસંયમ ગ્રહણ કરાવે છે-એટલે કે ફરી ગૃહસ્થાવાસમાં પ્રવેશ કરાવે છે. અને આ પ્રકારે ગૃહસ્થાવાસમાં પાછો ફરેલો તે પુરૂષ ફરી પાપકર્મોમાં આસક્ત થઈ જાય છે. એટલે કે રાગદ્વેષના પ્રબળ સંસ્કારના પ્રભાવથી ફરી સંસારના મોહમાં ફસાઇ જઇને પાપકર્મમાં પ્રવૃત્ત થઈ જાય છે. એટલે કે તે સંયમના માર્ગેથી ચ્યુત થઇને સંસારની માયામાં ફરી ફસાઈજાય છે. ॥૨૦॥

માતા, પિતા આદિ સ્વજનોના સ્નેહના બન્ધનમાં બંધાયેલો તે સંયમભ્રષ્ટ પુરૂષ સંસાર ચક્રમાં જ ભ્રમણ કર્યા કરે છે. તો આત્માથી સાધુઓએ શું કરવું જોઇએ? આ પ્રશ્નનો ઉત્તર હવેની ગાથામાં સૂત્રકારે આપ્યો છે- "**तम्हा दवि**"ઇત્યાદિ-

શબ્દાર્થ--'**तम्हा-तस्मात्**' તે કારણે (માતામાં આસક્ત થઇને-તલ્લીન થઇને) પાપકર્મ કરે છે તે માટે)'**दवि द्रव्यो**' મુક્તિ ગમન માટે યોગ્ય અથવા રાગદ્વેષ રહિત થઇને '**इक्ख-इक्षस्व**' વિચારીલો '**पंडिए-पंडितः**' સત્ય અસત્યના વિવેકથી યુક્ત તથા '**पावाओ-पापात्**' પાપથી (પાપ જનક અનુષ્ઠાનથી) '**विरए-विरतः**' નિવૃત્ત થઇને '**अभिनिव्वुडे-अभिनिर्वृत्तः**' શાન્ત થઈ જાઓ કારણ કે '**वीरे-वीरः**' કર્મના વિદારણ કરવામાં સમર્થ પુરૂષ '**महावीहिं-महावीथीम्**' મહા માર્ગને '**पणए-प्रणताः**' પ્રાપ્ત કરે છે. '**सिद्धिपहं-सिद्धिपथम्**' જે મહામાર્ગ-સિદ્ધિનો માર્ગ '**णेयाउयं-नेतारम्**' મોક્ષના પાસે લઈ જવાવાળો અને '**धुवं-ध्रुवम्**' નિશ્ચલ છે. ॥૨૧॥

-સૂત્રાર્થ-

માતા, પિતા આદિ સ્વજનોમાં આસકત થયેલો પુરૂષ પાપનું ઉપાર્જન કરે છે. આ કારણે મુકિતગમનને પાત્ર, મોક્ષાભિલાષી સાધુએ વિચાર કરવો જોઇએ. સત્ અને અસત્ના વિવેકથી યુકત થઇને તેણે પાપજનક કાર્યોથી નિવૃત્ત થવું જોઇએ અને ક્રોધાદિનો ત્યાગ કરીને સમતા ભાવ ધારણ કરવો જોઇએ. કારણ કે જેઓ કર્મનું વિદારણ કરવાને સમર્થ હોય છે, તે પુરુષો મહામાર્ગને પ્રાપ્ત કરે છે. તે મહામાર્ગ સિદ્ધિનો માર્ગ છે અને મોક્ષધામમાં લઈ જનારો નિશ્ચિત માર્ગ છે.

-ટીકાર્થ-

હે શિષ્યો! તે કારણે મોક્ષગમનને પાત્ર થઇને અથવા રાગદ્વેષનો ત્યાગ કરીને વિચાર કરો. સત્ અસત્ના વિવેકથી યુકત મેધાવી મુનિએ પાપકર્મોથી વિરત (નિવૃત્ત) થવું જોઇએ

અને ક્રોધાદિનો ત્યાગ કરીને સમતા ભાવ ધારણ કરવો જોઇએ. વીર પુરૂષોનો એજ માર્ગ છે. કર્મવિદારણ કરવાને સમર્થ હોય એવો પુરૂષ સમ્યગ્ જ્ઞાન આદિ રત્નત્રયની આરાધના કરીને મોક્ષ પ્રાપ્ત કરાવરનાર ધ્રુવ (નિશ્ચલ) મહામાર્ગ-મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે હે શિષ્યો ! આ માર્ગ વીરોનો માર્ગ છે, ધીરોનો માર્ગ છે, કર્મરૂપ શત્રુઓનું વિદારણ કરવાને સમર્થ સિંહોનો આ માર્ગ છે, પરીષહો અને ઉપસર્ગોને મેરૂની જેમ અડગ રહીને સહન કરી શકનારનો આ માર્ગ છે. સંસારનાં સુખોની અભિલાષા કરનારા કાયરોનો આ માર્ગ નથી. તે કારણે તમે પણ કુટુંબનો અનુરાગ છોડી દઇને પરીષહો અને ઉપસર્ગોને અડગતા પૂર્વક સહન કરીને આ સંયમના માર્ગ પર વિચરણ કરો. ॥ગાથા ૨૧॥

હવે સૂત્રકાર આ ઉદ્દેશકનો ઉપસંહાર કરતા આ પ્રમાણે ઉપદેશ આપે છે. "**वेयालिय**"ઇત્યાદિ

શબ્દાર્થ—'**वेयालियमग्गं—वैदालिकमार्गम**' કર્મને વિદારણ કરવામાં સમર્થ માર્ગમાં '**आगओ—आगतः**' આવીને '**मणवयसा—मनसा वचसा**' મન, વચન અને '**कायेण—कायेन**' શરીરથી '**संवुडो—संवृतः**' ગુપ્ત થઇને અર્થાત્ પાપકર્મવાળી પ્રવૃત્તિથીરહિત થઇને **वित्तं—वित्तम्**' ધન તથા '**णायओ—ज्ञातीन्**' જ્ઞાતિવર્ગ **च पुनः** અને '**आरंभं—आरंभम्**' આરંભને '**चिच्चा—त्यक्त्वा**' છોડીને **सुसंवुडे —सुसंवृतः**, ઉત્તમ સંયમી થઇને' **चरे—चरेत्**' સંયમાનુષ્ઠાનનું પાલન કરે૦ ॥૨૨॥

—સૂત્રાર્થ—

કર્મવિદારણને માટે સમર્થ એવા સંયમના માર્ગને પ્રાપ્ત કરીને, મન, વચન અને કાયાએ કરીને સંવૃત્ત (સંવર યુક્ત) બનો એટલે કે સાવદ્ય પ્રવૃત્તિનો પાર ત્યાગ કરો, અને આરંભનો ત્યાગ કરીને તથા જિતેન્દ્રિય થઇને સંયમનું પાલન કરો. ॥૨૨॥

—ટીકાર્થ—

કર્મનો નાશ કરવાને સમર્થ એવા સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ માર્ગને પ્રાપ્ત કરીને, મન; વચન અને કાયાથી સાવદ્ય પ્રવૃત્તિ ન કરવાનો નિશ્ચય કરીને; સોનું, ચાંદી આદિ દ્રવ્યનો, સ્વજન પરિવાર આદિ કુટુંબનો અને આરંભનો ત્યાગ કરીને, સંવૃત થઇને સંયમમાર્ગે વિચરો. જેને કર્મક્ષયનો માર્ગ જડી ગયો છે. એવાં સંયમી જીવોએ મન, વચન અને કાયથી સંવૃત થઇને ધન; ધાન્ય; સ્વજન પરિવાર આદિ પરિગ્રહોથી નિવૃત્ત થઇને; સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરીને; જિતેન્દ્રિય બનીને સંયમરૂપ ઉદ્યાનમાં વિચરવું જોઇએ. ॥ ગાથા ૨૨॥

॥ બીજા અધ્યયનનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥

ઉદ્દેશાનો પ્રારંભ-

બીજા અધ્યયનનો ઉપદેશપ્રધાન પહેલો ઉદ્દેશક પૂરો થયો હવે બીજા ઉદ્દેશકની શરૂઆત થાય છે. પહેલા ઉદ્દેશક સાથે આ બીજા ઉદ્દેશકનો સંબંધ આ પ્રકારનો છે પહેલા ઉદ્દેશકમાં અર્હંત ભગવાન્ તીર્થંકર ઋષભદેવ જિનેશ્વરે પોતાના સંસારી પુત્રોને જે ઉપદેશ આપ્યો હતો તેનું નિરુપણ કરવામાં આવ્યું છે. બીજા ઉદ્દેશકમાં પણ એજ પ્રકારનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત સૂત્રના પહેલા ઉદ્દેશકના છેલ્લા સૂત્રમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું હતું કે વિવેક યુક્ત સંયમીએ બાહ્ય દ્રવ્ય, સ્વજન, સમારંભ આદિનો ત્યાગક રવો જોઇએ. આ ઉદ્દેશકમાં આન્તરિક શત્રુ રૂપ માન આદિનો ત્યાગ કરવાનું કહેવામાં આવશે બીજા ઉદ્દેશકના અર્થાધિકારમાં પણ આ વિષયનું જ સૂચન કરાયું છે પૂર્વ ઉદ્દેશક સાથે આ પ્રકારનો સંબંધ ધરાવતા આ ઉદ્દેશકનું પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે "**तयसं व जहाइ**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**-व-इव**' જેવી રીતે સાપ '**तयसं-त्वचम्**' પોતાની ચામડીને '**जहाइ-जहाति**' ત્યાગકરીદે છે. આજરીતે '**से-सः**' તે સાધુ '**रयं-रजः**' આઠ પ્રકારના કર્મમળને છોડી દેછે. '**इति-इति**' આપ્રકારે '**संखाय-ज्ञात्वा**' જાણીને '**मुणी-मुनिः**' મુનિ '**माहणे-माहनः**' સાધુ '**गोयन्नतरेण-गोत्रान्यतरेण**' ગોત્ર તથા બીજા અભિમાનના કારણોથી '**ण मज्जइ-न माद्यति**' અભિમાન કરતો નથી, અર્થાત્ પ્રમાદ કરતો નથી. '**अन्नेसी अन्येषां**' બીજાની '**इंखिणी-ईक्षिणी**' નિન્દા '**अस्सेयकरी अश्रेयस्करी**' કલ્યાણનો નાશ કરવાવાળી થાય છે.॥૧॥

– સૂત્રાર્થ –

જેવી રીતે સર્પ કાંચળીનો ત્યાગ કરી નાખે છે. એજ પ્રમાણે સાધુ આઠ પ્રકારના કર્મરૂપી મેલનો ત્યાગ કરી નાખે છે. એવું જાણીને માહણો (માહણો, મા હણો એવો અહિંસાનો ઉપદેશ આપનાર મુનિએ) કુળ, ગોત્ર આદિનો મદ કરવો જોઇએ નહીં. તેણે બીજાંની નિન્દા પણ કરવી જોઇએ નહીં, કારણ કે અહંકાર, નિંદા આદિ કરવાથી તેનું પોતાનું જ અશ્રેય-અકલ્યાણ થાય છે. ॥ ૧ ॥

– ટીકાર્થ –

જેવી રીતે સાપ જીર્ણ ત્વચાનો (કાંચળીનો) ત્યાગ કરી દે છે, એજ પ્રમાણે સાધુએ અનાદિ કાળથી જમા થયેલઃ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મમળનો ત્યાગ કરવો જોઈએ. કષાયોનો ત્યાગ કરવાથી જ કર્મોનો ક્ષય થાય છે, એટલે કે કષાયનો અભાવ જ કર્મોના અભાવમાં કારણભૂત બને છે. ચાર ગતિવાળા સંસારમાં પરિભ્રમણ રૂપ અનંત દુઃખને ઉત્પન્ન કરવામાં કષાયો જ કારણભૂત બને છે, એવું જ્ઞપરિજ્ઞા વડે જાણીને પ્રત્યા

ખ્યાન પરિજ્ઞા વડે ત્રણ કરણ અને ત્રણ યોગથી તેનો ત્યાગ કરવો જોઇએ. સાવદ્ય કર્મોમાં મૌનધારી મુનિ અને" મા હણો, મા હણો" એવો દયાનો ઉપદેશ આપનારને 'માહન' કહે છે. તે કુળનો, જાતિનો તપનો, ગુરુસેવાનો, વૈરાગ્યનો, બહુશ્રુતતા અને પૂર્વધારિત્વ આદિનો મદ કરતો નથી. તથા તે એ વાતને જાણતો હોય છે કે અન્યની ( સામાન્ય લોકો અને તપ અને સંયમયુકત મનુષ્યોની ) નિંદા અશ્રેયસ્કારી ( કલ્યાણનો નાશ કરનારી ) છે. તેથી તે કોઇની પણ નિંદા કરતો નથી. ।। ગાથા ૧ ।।

સૂત્રકાર પરનિંદા દોષના વિષયમાં કહે છે કે " **जो परिभवई परं**" ઇત્યાદિ-

– સૂત્રાર્થ –

જે અન્યનો તિરસ્કાર કરે છે, તે આ સંસારમાં ચિર કાળ સુધી પરિભ્રમણ કર્યા કરે છે. તેથી. પરનિન્દા પાપજનક છે એવું સમજીને મુનિ પોતાના ગુણોનો અહંકાર કરતો નથી. ।। ૨ ।।

શબ્દાર્થ—'**जो-यः**' જેપુરુષ '**परं जणं-परंजन**' બીજા પુરુષને '**परिभवई-परिभवति**' તિરસ્કાર કરે છે. '**संसारे-संसारे**' તે ચાર ગતિવાળા સંસારમાં '**महं-महत्**' લાંબા સમય સુધી ભમ્યા કરે છે. '**अदु-अथवा**' અગર '**इंखिणिया उ-इक्षणिका तु**' પર-નિંદા '**पाविया-पाविका**' પાપ જનક હોય છે. '**इति-इति**' આ પ્રકારે '**संखाय**'-**संख्याय** જાણીને '**मुणी-मुनिः**' મુનિ '**णो-न**' '**मज्जइ-माद्यति**' અભિમાન કરતો નથી. અર્થાત્ પોતાના ગુણોનો અહાંકાર કરતો નથી; ।।૨।।

– ટીકાર્થ –

જે પુરુષ અન્યની નિન્દા કરે છે, તે સંસારમાં દીર્ઘકાળ પર્યંત પરિભ્રમણ કરતો રહે છે. પરની નિન્દા પાપજનક છે, એવું જાણીને મુનિ મદ કરતો નથી. તે મદથી ( અહંકારથી ) સર્વથા રહિત થઇ જાય છે. જે અવિવેકી પુરુષ અન્યનો તિરસ્કાર કરે છે' તે તિરસ્કારથી ઉત્પન થયેલાં કર્મના પ્રભાવથી ચાર ગતિવાળા સંસારમાં રહેંટની જેમ પરિભ્રમણ કર્યા કરે છે. તેથી જ પરનિન્દાને પાપજનક માનીને વિવેકી પુરુષે તેનો પરિ-ત્યાગ કરવો જોઈએ- અથવા પરનિન્દા કરનાર માણસો નરક નિગોદ તિર્યંચ આદિ નીચ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. આ લોકોમાં નિંદા દોષોને કરનારી છે, આ વિષયનું પ્રતિપાદન કરવા માટે સૂકર ( સુઅર ) અથવા ગર્દભનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે. કહ્યું પણ છે કે "**परीवादात् खरो भवति**" ઇત્યાદિ

' કોઇનો તિરસ્કાર કરવાથી મનુષ્ય ગર્દભ રૂપે ઉત્પન્ન થાય છે અને નિન્દા કરનાર માણુસ કૂતરા રૂપે ઉત્પન્ન થાય છે."

નિન્દા કરનારના પરલોકના વિષયમાં પુરોહિત અને કૂતરાનું દૃષ્ટાન્ત છે. નિન્દા પાપ-જનક છે, એવું જાણીને આ પ્રકારનું અભિમાન કરવું જોઇએ નહીં કે હું વિશિષ્ટ કુળમાં ઉત્પન્ન થયો છું, હું શાસ્ત્રોનો જ્ઞાતા છું હું તપસ્વી છું, તમે મારા કરતાં હીન છો" આ પ્રકારનું અભિમાન કરવું જોઇએ નહીં. જો કે દયાનું પ્રતિપાદન કરવાથી ઘાતક ને ઈર્ષા થાય છે. બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરવાથી વેશ્યાને ક્રોધ ઉત્પન્ન થાય છે. ચોરીની વિરૂદ્ધ ઉપદેશ આપવાથી ચોરને ક્રોધ ઉત્પન્ન થાય છે. પરિગ્રહનો ઉપદેશ આપવાથી લોભી જનોને ક્રોધ ઉત્પન્ન થાય છે. અને સત્યનું પ્રતિપાદન કરવાથી મિથ્યા વાદીને ક્રોધ થાય છે. પરન્તુ આ ઉપદેશ આપવો અને નિન્દા કરવી તેમાં ઘણું જ અંતર છે. અહીં તો નિન્દા અથવા તિરસ્કારનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે. કહ્યું પણ છે કે' નિન્દા કરનારા દેવો પણ દોષને પાત્ર બને છે.' આ કારણે કોઈની પણ નિન્દા કરવી જોઇએ નહીં.

**'चातुर्गतिकसंसारे'** ઇત્યાદિ- 'નિન્દા કરનારા જીવો ચાર ગતિ રૂપ સંસારમાં રહેંટની જેમ ઘૂમતા રહે છે, આ કારણે નિન્દાનો ત્યાગ કરવો જોઇએ' ॥ ૨ ॥

અભિમાનનો પરિત્યાગ કરીને, શું કરવું જોઇએ તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે- **'जे यावि'** ઇત્યાદિ-

શબ્દાર્થ—**'जे यावि-यश्चापि'** જે કોઇ **'अणायगे-अनायकः'** નાયક વગર સ્વયં પ્રભુ ચક્રવર્તી વગેરે છે. **'य-च'** તથા **'जेवि-योऽपि'** જે **'पेसगपेसए-प्रेषकप्रेषकः'** દાસ ના પણ દાસ **'सिया-स्यात्'** હોય તે બંનેમાં **'मोणपयं-मौनपदं'** મૌનપદ અર્થાત્ સંયમમાર્ગમાં **'उवट्ठिए उपस्थितः'** વર્તમાન હોય **'णो लज्जेत-न लज्जेत'** તેમણે શરમ ન કરવી જોઈએ. પરંતુ **'सया-सदा'** સર્વકાલ **'समयं चरे-समतां चरेत्'** સમભાવથી વ્યવહાર કરવો જોઇએ. ॥૩॥

– સૂત્રાર્થ

જેમનો કોઈ નાયક નથી એટલે કે ચક્રવર્તી આદિ જે લોકો પોતે જ સમર્થ છે, અને જેઓ દાસના પણ દાસ છે, તેમણે સંયમમાર્ગમાં ઉપસ્થિત થઇને કોઈ પણ પ્રકારે લજ્જા ભાવ ધારણ કરવો જોઇએ નહીં, પરન્તુ સદૈવ સમભાવમાં (સમતા ભાવમાં) વિચરવું જોઈએ.

– ટીકાર્થ –

જેઓ પોતે સમર્થ ચક્રવર્તી આદિ છે, અથવા જેઓ દાસના પણ દાસ છે, એવાં પુરુષોએ સંયમના માર્ગે વિચરણ કરતાં કોઈ પણ પ્રકારે લજ્જા અનુભવવી જોઈએ નહીં, પરન્તુ સદા સમતા ભાવ ધારણ કરવો જોઈએ જો નાયક રહિત ચક્રવર્તી આદિને અથવા દાસના દાસને પણ આ પ્રકારનો આદેશ છે, તો અન્યની તો વાત જ શી કરવી. આ કથન દ્વારા એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સંયમને માર્ગે વિચરતા સાધુએ પોતાના સાંસારિક ઊંચા દરજ્જાનો વિચાર કર્યા વિના પરસ્પરને વંદણાદિ કરવા જોઈએ, એમ કરતાં તેણે સંકોચ કે શરમ અનુભવવા જોઇએ નહીં.

જો કદાચ કોઈ ચક્રવર્ત્તી સાધુ બની જાય અને તેનો દાસાનુદાસ પણ સાધુ બની જાય, તો તેણે તે સાધુને વંદણાનમસ્કાર કરતાં સંકોચ અનુભવવો જોઈએ નહીં. તેણે એવો વિચાર ન કરવો જોઈએ કે હું પહેલાં ચક્રવર્ત્તી હતો, તો મારાથી હીન એવાં આ સાધુને શા માટે નમસ્કાર કરૂં ! તેને વંદણા નમસ્કાર કરતાં તેણે શરમાવું જોઈએ નહીં. ॥ગાથા ૩॥

કેવી સ્થિતિમાં રહેલા સાધુએ મદ અને લજ્જા નહીં કરવા જોઈએ, તે સૂત્રકાર બતાવે છે- **'सम अन्नयर'**" ઇત્યાદિ–

શબ્દાર્થ—**'संसुद्धे-संशुद्धः'** સમ્યક્ પ્રકારથી શુદ્ધ અર્થાત્ સકળ અતિચારથી રહિત **'समणे-श्रमणः'** તપસ્વી સાધુ **'जे आवकहा-ये यावत्कथाः'** જીવન પર્યન્ત **'समाहिए-समाहितः'** શુભ અધ્યવસાય રાખતો **'अन्नयरंमि-अन्यतरस्मिन्'** કોઈપણ **'संजमे-संयमे'** સંયમ સ્થાનમાં સ્થિર થઈને અર્થાત્ સત્તર પ્રકારના સંયમો પૈકી એક પણ સંયમસ્થાનને છોડયા વગર **'समे-समः'** સમભાવની સાથે **'परिव्वए-परिव्रजेत्'** પ્રવ્રજ્યાનું પાલનકરે **'दविए-द्रव्यः'** તે દ્રવ્યભૂત અર્થાત્ ભવ્ય **'पंडिए-पंडितः'** પંડિત સત્ય, અસત્ય પદાર્થને સમજનારો વિવેકશીલ પુરુષ **'समाहिए-समाहितः'** શુભ અધ્યવસાય રાખતો **'कालं-कालम्'** મરણ સુધી **'अकासी-अकार्षीत्'** સંયમનુ પાલન કરે ॥૪॥

–સૂત્રાર્થ–

સમ્યક્ પ્રકારે શુદ્ધ સાધુએ જીવનપર્યંત સંયમમાં સ્થિત (વિદ્યમાન) રહીને સમભાવ પૂર્વક દીક્ષાનું પાલન કરવું જોઈએ. મોક્ષગમનને યોગ્ય, પંડિત, અને શુભ અધ્યવસાયવાળા સાધુએ મૃત્યુ પર્યંત સંયમનું પાલન કરવું જોઈએ. ॥ ૪ ॥

–ટીકાર્થ–

સમ્યક્ પ્રકારે શુદ્ધ એટલે સઘળા અતિચારોથી રહિત. અનશન આદિ બાર પ્રકારના તપમાં પરાયણ તપસ્વી સાધુ જીવનપર્યંત સત્તર પ્રકારના સંયમસ્થાનોમાંના કોઈ પણ સંયમસ્થાનનો પરિત્યાગ કર્યા વિના, અથવા છેદોપસ્થાપનીયથી લઈને યથાખ્યાત પર્યન્તના કોઈ ચારિત્રમાં સ્થિત રહીને, વર્ધમાન પરિણામો પૂર્વક સ્વભાવમાં (સમતા ભાવ પૂર્વક) વિચરે. તાત્પર્ય એ છે કે મુક્તિગમન યોગ્ય સત્ અસત્ વિવેકથી યુક્ત, તથા શુભ અધ્યવસાયથી સંપન્ન મોક્ષાભિલાષી સાધુએ મરણ પર્યન્ત સંયમનું પાલન કરવું જોઈએ. તેણે સમભાવથી યુક્ત થઈને સામાયિક સંયમના સ્થાનમાં સ્થિત રહેવું જોઇએ.

અથવા છેદોપસ્થાપનીય આદિ સંયમોમાં વિદ્યમાન તપસ્વી મુનિએ લજ્જા અને મદનો ત્યાગ કરીને સમાધિયુક્ત ભાવે સંયમની આરાધના કરવાને તત્પર રહેવું જોઇએ. કેટલા કાળ સુધી તેણે આ પ્રમાણે કરવું જોઈએ ! તેનો ઉત્તર એ છે કે જ્યાં સુધી નામ રહે ત્યાં સુધી (જીવનપર્યંત) તેણે સંયમનું પાલન કરવું જોઇએ. અથવા શુભ

અધ્યવસાયથી યુક્ત થઈને સંયમનું પાલન કરવું જોઇએ. આ પ્રકારે રાગદ્વેષથી રહિત, મુક્તિગમનને યોગ્ય મુનિએ સત્ અસત્‌ના વિવેકથી યુક્ત થઇને મૃત્યુપર્યન્ત સંયમનું પાલન કરવું જોઇએ. કહ્યું પણ છે કે- '**आसुत्तेरामृतेः कालम्** ઇત્યાદિ- 'જ્યાં સુધી મૃત્યુ ન આવે ત્યાં સુધી મુનિએ સંયમના ચિન્તન (આરાધન)માં જ કાળ વ્યતીત કરવો જોઇએ' ચોત્રીસ અતિશયોથી સંપન્ન અને વાણીના પાંત્રીસ ગુણોથી સુશોભિત એવાં તીર્થંકર ભગવાને સર્વદા કોમળ વચનો દ્વારા શિષ્યોને એવો ઉપદેશ આપ્યો છે કે સંયમથી રહિત થઇને વિચરવું જોઈએ નહીં' અન્યત્ર પણ એવું કહ્યું છે કે-

'**किं वस्तु विज्ञेयतया प्रदिष्ट**' ઇત્યાદિ

'એવી કઈ વસ્તુ જાણવા યોગ્ય કહી છે કે જેનો આશ્રય લઇને સાધુ સંયમમાં સ્થિર રહે! આ પ્રશ્નનો ત્રિકાળદર્શી પ્રભુએ પોતાની કોમલ વાણી દ્વારા આ પ્રમાણે ઉત્તર આપ્યો છે

'અસંયમી થઇને ડગલું પણ ચાલવું જોઇએ નહીં' એટલે કે સદા સંયમમાં જ સ્થિર રહીને વિચરવું જોઈએ ॥ ૪ ॥

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે કઈ વસ્તુ વિશેષનું અવલંબન લઈને સાધુએ સંયમની આરાધના કરવી જોઇએ. '**दूरं**' ઇત્યાદિ

શબ્દાર્થ '**मुणी-मुनिः**' ત્રણે કાળને જાણવાવાળા મુનિ '**माहणे-माहनः**' કોઇપણ જીવને ના મારો ના મારો એવો ઉપદેશક, **दूरं-दूरम्**' દૂર હોવાથી મોક્ષને '**तहा-तथा**' તથા '**तीतं-अतीतम्**' વીતી ગયેલ તથા '**अणागयं-अनागतम्**' અનાગત અર્થાત્ ભવિષ્ય-કાળમાં પણ '**धम्मं-धर्मम्**' જીવોના સ્વભાવને '**अणुपस्सिया-अनुपश्य**' જોઇને '**पुरुसेहिं-पुरुषैः** કઠણ વાક્ય અથવા લાકડી વગેરેથી ' **पुट्ठो-स्पृष्टः**' તાડિત કરેલ હોવા છતાં પણ '**अविहण्णू-अपिहन्यमानः**' હનન કરવામાં આવે તો પણ '**समयंमि-समये**' સંયમ માં જ '**रीयइ-रीयते**' જિનોકત માર્ગથી જ ચાલે ॥૫॥

-સૂત્રાર્થ-

માહણ (મુનિ) દૂર એટલે કે મોક્ષને અથવા દીર્ઘ કાળને તથા અતીત અને અનાગત ધર્મને-જીવના ઊંચ અને નીચ સ્થાનોમાં ગમન કરવા રૂપ સ્વભાવને જાણીને, ભયંકર દંડથી અથવા કઠોર વચનપ્રહારોથી અથવા મારનો કે મોતનો ભય બતાવવાથી પણ સંયમના માર્ગેથી વિચલિત થતો નથી. ॥૫॥

-ટીકાર્થ-

જિનેશ્વર ભગવાન્‌ની આજ્ઞાનું પાલન કરનારો તથા " કોઇ પણ જીવની હિંસા ન કરો," એવો દયાનો ઉપદેશ આપનારો સાધુ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ સંયમનું પાલન કર્યા જ કરે છે. તેનું કારણ એ છે કે-તે આ વાતને બરાબર સમજતો હોય છે કે જેમના કર્મોની નિર્જરા થઈ નથી. તેમને માટે મોક્ષ દૂર છે, આ જીવે પૂર્વોપાર્જિત કર્મને કારણે ભૂતકાળમાં સંસારપરિભ્રમણ કર્યું છે, અને ભવિષ્યકાળમાં પણ કર્મને

કારણે સંસારમાં ભ્રમણ કરવું પડશે. વળી તેણે એ વાત પણ સમજવી જોઈએ કે કર્મને વશવર્તી થઈને ચારે ગતિઓમાં ભ્રમણ કરવાનો જીવનો સ્વભાવ છે. વળી જીવ વર્તમાન કાળમાં પણ જે શારીરિક અને માનસિક દુઃખોનો અનુભવ કરે છે, તેના કારણોનો પણ તેણે વિચાર કરવો જોઈએ. આ વાતને સમજનાર સાધુ ગમે તેવી પરિસ્થિતિમાં પણ સંયમને માર્ગેથી વિચલિત નહીં થાય. ભલે તેને કઠોર શબ્દ પ્રહારો સાંભળવા પડે, ભલે માર ખાવો પડે પણ સ્કન્દક મુનિના શિષ્યોની જેમ તે પ્રાણાન્તે પણ સંયમમાં સ્થિર જ રહેશે. અહીં "સમય" પદ સિદ્ધાન્તમાં પ્રતિપાદિત 'આચાર' ના અર્થનું વાચક છે, તેથી તેનો અર્થ "પાંચ આચારોના પાલનરૂપ સંયમ" સમજવો જોઈએ. શબ્દકોશમાં કહ્યું છે કે- "સંયમ શબ્દ ત્યાગ, આચાર, કાળ, સિદ્ધાન્ત અને જ્ઞાનનો વાચક છે". મોક્ષ અથવા દીર્ઘકાળને જાણીને મુનિ લજ્જા અને મદ (અહંકાર) ન કરે, તથા કઠોર વાણી દ્વારા અથવા ડંડા આદિ દ્વારા પ્રહાર થવા છતાં પણ પ્રહાર કરનાર પર શિષ્યના સમાન વિનયનું આચરણ કરીને શાસ્ત્રોક્ત સંયમમાર્ગમાં વિચરણ કરે. તાત્પર્ય એ છે કે ઘોર; ઘોરતર, અને ઘોરતમ પરીષહો અને ઉપસર્ગો આવી પડે તો પણ સાધુએ સંયમના માર્ગમાંથી વિચલિત થવુ જોઈએ નહીં. 'કર્મને કારણે જ જીવે આ ચાર ગતિ વાળા સંસારમાં ભ્રમણ કર્યું છે, કરે છે અને કરશે, એવો વિચાર કરીને વિવેકી પુરુષ છ વાતોને જાણે છે. તે છ વાતો નીચે પ્રમાણે છે. (૧) મનુષ્ય જન્મ, (૨) આર્યક્ષેત્ર, (૩) સુકુળમાં ઉત્પત્તિ, (૪) ચિન્તામણિ રત્ન સમાન દુર્લભ સર્વજ્ઞ પ્રરૂપિત શાસન, (૫) સુગુરુ અને (૬) સુધર્મ. તેણે એવો વિચાર કરવો જોઈએ કે આટલી આટલી અનુકૂળતાઓ મને મળી છે, તો જિનેન્દ્ર પ્રતિપાદિત સિદ્ધાંતોનું અનુસરણ કરનારા ધર્મનો આધાર લઈને જો કર્મની નિર્જરા કરવાની પ્રવૃત્તિ નહી કરૂં તો આ બધી અનુકૂળતાઓ વ્યર્થ જશે. આ પ્રકારનો વિચાર કરનાર મુનિ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ સંયમમાં સ્થિર રહી શકે છે. ॥ ગાથા ॥ ૫॥

સૂત્રકાર વળી ઉપદેશ આપે છે કે – "**पण्णासमत्ते**" ઈત્યાદિ –

શબ્દાર્થ–'**पण्णासमत्ते—प्रज्ञासमाप्तः**' પૂર્ણ બુદ્ધિશાળી '**मुणी-मुनिः** સાધુ '**सया-सदा**' સર્વદા '**जये-जयेत्**' કષાયો ને જીતે '**समयाधम्मं-समताधर्मम्**' સમતારૂપ ધર્મને અર્થાત્ અહિંસા લક્ષણ ધર્મનો '**उदाहरे-उदाहरेत्**' ઉપદેશ કરે '**सुहुमे उ-सुक्ष्मे तु** સંયમના વિષયમાં '**सया-सदा**' હમેશા '**अलूसए-अलूषकः**' અવિરાધક થઈને રહે છે. '**णो कुज्झे-नो क्रुध्येत्**' તથા ક્રોધ ના કરે '**णो माहणे मानी**' -**नो माहनः मानी।** એવમ્ સાધુ માનનો અભિલાષી ન બને ॥૬॥

–સૂત્રાર્થ–

કુશલ પ્રજ્ઞાવાળો માહન (મા હણો, મા હણોનો ઉપદેશ આપનાર) મુનિ સદા કષાયોને જીતતો રહે સમભાવથી અહિંસા ધર્મનો ઉપદેશ કરે, ક્રોધ ન કરે અને માન ન કરે. ॥૬॥

–ટીકાર્થ–

પૂર્ણતયા જ્ઞાની તથા જીવાદિ તત્ત્વોના જ્ઞાતા એવા મુનિએ સદા કષાયોને જીતવા

જોઇએ. ભગવાને કહ્યું છે કે- "**कोहो य माणो य अणिग्गहिया**" ઇત્યાદિ— "જો ક્રોધ અને માન પર અંકુશ રાખવામાં ન આવે અને માયા તથા લોભ વધતાં જાય, તો આ ચારે કષાયો પુનર્ભવના મૂળને સિંચનારા થઈ પડે છે, એટલે કે વારંવાર જન્મ મરણના કારણભૂત થઈ પડે છે" આ આગમ અનુસાર કષાયોને સંસારના બીજ (કારણ) રૂપ સમજીને તેમનો ત્યાગ કરવો જોઇએ. સાધુએ સમતા ધર્મનો એટલે કે અહિંસા ધર્મનો ઉપદેશ આપવો જોઇએ. અહીં "સૂક્ષ્મ" નો અર્થ 'સંયમ' છે, કારણ કે જે પુરુષ ધૈર્યવાન્ હોતો નથી, તે સંયમનું પાલન કરી શકતો નથી. આ કથનનો ભાવાર્થ એ છે કે મુનિએ સંયમના વિરાધક બનવું જોઇએ નહીં, તેણે ક્રોધ કરવો જોઇએ નહીં માન કરવું જોઇએ નહીં માયા કરવી જોઇએ નહીં અને લોભ કરવો જાઇએ નહીં. એટલે કે કર્મની નિર્જરા કરવાની અભિલાષાવાળા મેધાવી સાધુએ સદા કષાયોને જીતવા જોઇએ, સમભાવથી અહિંસાધર્મનો ઉપદેશ દેવો જોઇએ. તથા કદી પણ સંયમની વિરાધના કરવી જોઇએ નહીં કદાચ કોઇ કઠોર શબ્દો કહે કે માર મારે, કે તિરસ્કાર કરે, તો પણ તેણે ક્રોધ કરવો જોઇએ નહીં, અને પોતાની પૂજા, સત્કાર આદિ થાય, તો અભિમાન કરવું જોઇએ નહીં ॥૬॥

"**बहुजणणमणंमि**" ઇત્યાદિ –

શબ્દાર્થ—'**बहुजणणमणंमि-बहुजननमने**' અધિક માણસોથી નમસ્કાર કરવા યોગ્ય ધર્મમાં '**संवुडो-संवृतः**' સાવદ્ય વ્યાપાર રહિત '**णरे-नरः**' મુનિ '**सव्वट्ठेहिं-सर्वार्थेषु**' બધા પદાર્થોમાં મમતાને હટાવીને '**हरए-हृदइव**' તલાવની જેમ '**सया-सदा**' સર્વદા '**अणाविले-अनाविलो**' નિર્મળ થઇને '**कासवं-काश्यपम्**' કાશ્યપગોત્રી ભગવાન્ મહાવીર સ્વામીના '**धम्मं-धर्मम्**' અહિંસા ધર્મને '**पादुरकासी-प्रादुरकार्षीत्**' પ્રગટ કરે ॥૭॥

–સૂત્રાર્થ–

જનસમૂહ દ્વારા નમસ્કરણીય, ધર્મમાં સાવદ્ય વ્યાપારથી રહિત, પુત્ર, પત્ની ધન, ધાન્ય, આદિ સમસ્ત પદાર્થોના મમત્વથી રહિત તથા સરોવરના સમાન સદા નિર્મળ પુરુષે (સાધુએ) મહાવીર સ્વામીના ધર્મનો ઉપદેશ કરવો જોઇએ ॥ ૭ ॥

–ટીકાર્થ–

ઘણા લોકો દ્વારા નમસ્કરણીય (નમસ્કાર કરવા યોગ્ય) જૈન ધર્મની સમ્યક્ પ્રકારે મુનિએ આરાધના કરવી જોઇએ, તેણે સાવદ્ય વ્યાપારથી રહિત થઇને તથા આ લોક અને પરલોક સંબંધી સઘળી વસ્તુઓના મમત્વનો ત્યાગ કરીને, સરોવરના જળ સમાન અત્યન્ત નિર્મળ અથવા વિશુદ્ધ થઇને, કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ભગવાન્ મહાવીરના અહિંસા ધર્મનો ઉપદેશ આપવો જોઇએ. "**पादुरकासी**" અહીં ભૂતકાળનો જે પ્રયોગ થયો છે તે આર્ષ હોવાને કારણે થયો છે, એમ સમજવું.

તાત્પર્ય એ છે કે અહિંસાધર્મ સુખકારી છે, તેથી ઘણા લોકો અને દેવો પણ તેને નમસ્કરણીય માને છે તેના તરફ આદરની દૃષ્ટિએ જોવે છે. મુનિએ આ ધર્મની આરાધનામાં સદા સાવધાન રહેવું જોઇએ. તેણે ધન, ધાન્ય આદિ સમસ્ત બાહ્ય પરિગ્રહોનો તથા આભ્યન્તર પરિગ્રહોનો ત્યાગ કરવો જોઇએ અને પરિગ્રહોમાં આસકિત રાખવી નહીં. તેણે સરોવરના જળના સમાન નિર્મળ (વિશુદ્ધ) રહીને, લોકનાથ, કાશ્યપ ગોત્રીય, ભગવાન્ મહાવીર તીર્થંકરના અહિંસા પ્રધાન ધર્મનો ઉપદેશ લોકોને આપવો જોઇએ. ધર્મના વિષયમાં અભયકુમારની કથા વાંચી લેવી જોઇએ. કહ્યું પણ છે કે- **"बहुभिर्मान्य धर्मेषु"** ઇત્યાદિ—

"જગતના ઘણા માનનીય ધર્મોમાં જૈન ધર્મ ઉત્કૃષ્ટ અને નિર્મળ છે. તેથી તે ધર્મનો લોકોને ઉપદેશ દેવો જોઇએ" ॥ ગાથા ૭॥

બહુજન નમસ્કરણીય જૈન ધર્મની આરાધના કરતા મુનિએ કયા પ્રકારે ધર્મ પ્રકટ કરવો જોઇએ, તે બતાવવાને માટે સૂત્રકાર ઉપક્રમ કરે છે અથવા આગળ ઉપદેશ આપે છે-**"बहवे पाणा"** ઇત્યાદિ—

શબ્દાર્થ—**'बहवे-बहवः'** અનેક **'पाणा-प्राणाः'** પ્રાણીજીવ **'पुढो-पृथक्'** પૃથક્ પૃથક્ **'सिया-श्रिताः'** આ જગતમાં નિવાસ કરે છે. **'पत्तयं-प्रत्येकम्'** પ્રત્યેક પ્રાણીને **'समयं-समतां'** સમભાવથી **'सत्मीहिया समीक्ष्य'** જોઇને **'मोणपदं-मौनपदम्'** સંયમમાં **'उवट्ठिए-उपस्थितः'** રહેવાવાળા **'पंडिए-पंडितः'** પંડિત પુરૂષ **'तत्थ-तत्र'** તે પ્રાણિયોના ઘાતથી **'विरतिं-विरतिम्'** વિરતિ **'अकासी-अकार्षीत्'** કરે છે.

-સૂત્રાર્થ-

ઘણાં પ્રાણીઓ આ સંસારમાં અલગ અલગ રહે છે. પ્રત્યેક પ્રાણી તરફ સમભાવની નજરે જોતા થકા, સંયમમાં ઉપસ્થિત પંડિતે પ્રાણીહિંસા આદિથી નિવૃત્ત થવું જોઇએ. ॥ ૮ ॥

-ટીકાર્થ-

એકેન્દ્રિય આદિ અનંત જીવો આ સંસારમાં અલગ અલગ વાસ કરે છે. પ્રત્યેક પ્રાણી પ્રત્યે સમભાવ રાખીને સંયમમાં ઉપસ્થિત, સત્ અસત્ના વિવેક યુકત અને વિશુદ્ધ ચિત્તવાળા મુનિએ તે પ્રાણીઓની હિંસા ન કરવી જોઇએ. દસ પ્રકારના પ્રાણોને જેઓ ધારણ કરે છે, તેમને પ્રાણી કહેવાય છે. તેથી 'પ્રાણ' આ પદને "પ્રાણી" નું વાચક સમજવું જોઇએ. અથવા ધર્મ અને ધર્મીમાં અભેદ માનીને "પ્રાણ" પદ દ્વારા પ્રાણોના આધાર રૂપ "પ્રાણી" પદ ગ્રહણ કરવું જોઇએ.

આ પ્રાણીઓના પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આદિ અનેક પ્રકાર છે. અથવા સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, નારક આદિ ઉપભેદોની અપેક્ષાએ તેમના ઘણા પ્રકારો છે. તે બધાં પ્રાણીઓ આ સંસારમાં રહે છે. પોત પોતાના

કર્મ અનુસાર અલગ અલગ રહેતા તે જીવો સમાન રૂપે સુખની અભિલાષાવાળા અને દુઃખનો દ્વેષ કરનારા હોય છે. એવો વિચાર કરીને, તે સઘળા જીવો પ્રત્યે મધ્યસ્થભાવ (સમભાવ) રાખીને સંયમની આરાધના કરતા, પાપકર્મથી રહિત અને સત્ અસત્‌ના વિવેકવાળા પંડિત મુનિએ તેમની હિંસાથી સદા નિવૃત્ત જ રહેવું જોઈએ. કહ્યું પણ છે કે– **"विरमेत्प्राणिघातेभ्यः** ઇત્યાદિ—

હે મુનિઓ ! પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થાઓ, સંયમમાં મનની સ્થિરતા રાખો, અને મધ્યસ્થ ભાવપૂર્વક ઉપદેશ આપો. વિવાદ ન કરો, કારણકે વિવાદ સંસારનાં કારણભૂત બને છે" ॥ ગાથા ૮॥

હવે શ્રુતચારિત્ર રૂપ ભેદવાળા સ્વધર્મનો સૂત્રકાર ઉપદેશ દે છે **"धम्मस्स य"** ઇત્યાદિ-

શબ્દાર્થ—'**धम्मस्स-धर्मस्य**' શ્રુતચરિત્રરૂપ ધર્મના '**पारए-पारगः**' સિદ્ધાંતમાં પારગામી અર્થાત્ ચારિત્રના અનુષ્ઠાનવાળા એવમ્ '**आरंभस्स-आरंभस्य**' સાવદ્ય વ્યાપારના '**अंतए-अन्तकः**' અંતમાં '**ठिए-स्थितः**' સ્થિત પુરૂષ '**मुणी-मुनिः**' મુનિ કહેવાય છે, '**ममाइणो-ममतावन्तः**' મમતાવાળો પુરૂષ '**सोयंतिय-शोचन्ति च**' શોક કરે છે, '**णियं-निजम्**' પોતાના '**परिग्गहं-परिग्रहम्**' પરિગ્રહને '**णो लब्भंति-नो लभन्ते**' પ્રાપ્ત કરી શકતા નથી. ॥૯॥

સૂત્રાર્થ

શ્રુત અને ચારિત્ર રૂપ ભેદવાળા સ્વધર્મનો પારગામી એટલે કે સિદ્ધાન્તમાં પારંગત અને ચારિત્રનું અનુષ્ઠાન કરનારો અને આરંભથી નિવૃત્ત હોય એવો પુરુષ જ મુનિ કહેવાને યોગ્ય છે. મમત્વ ભાવયુક્ત પુરુષ પોતાના ધન, ધાન્ય, અથવા પુત્ર, પૌત્રાદિ રૂપ પરિગ્રહને માટે શોક કરે છે, પરન્તુ તે તેમને પ્રાપ્ત કરી શકતો નથી. ॥ ૯ ॥

–ટીકાર્થ–

અહિંસા આદિ જેમાં પ્રધાન છે એવા ધર્મમાં પારંગત અને આરંભથી રહિત પુરુષ જ મુનિ ગણાય છે. એટલે કે ધર્મમાં પારંગત હોય અને આરંભનો જેણે ત્યાગ કર્યો હોય એવા પુરુષને જ "મુનિ" કહી શકાય છે. કેવળ મુનિનો વેષ ધારણ કરી લેવાથી જ "મુનિ" બની શકાતું નથી, મમત્વ (મૂર્છાભાવ) વાળા પુરુષો પોતાના પરિગ્રહને માટે (ધન, ધાન્ય, પુત્ર. કલત્ર આદિ પરિગ્રહને માટે) ચિન્તા કર્યા કરે છે, પરન્તુ તેઓ તેને પ્રાપ્ત કરી શકતા નથી.

આ કથનનો ભાવાર્થ એ છે કે જે પુરુષ ધર્મનો પારગામી હોય છે, અને આરંભથી રહિત હોય છે, તે પુરુષ જ મુનિ થઈ શકે છે, મમતાભાવવાળા પુરુષો પરિગ્રહને માટે ચિન્તિત રહે છે, પરન્તુ તે છતાં પણ તેઓ ધનાદિ પરિગ્રહને પ્રાપ્ત કરી શકતા નથી. જેવી રીતે પોતાના પડછાયાને પકડવા માટે પડછાયાની પાછળ દોડતો પુરુષ પડછાયાને

પકડી શકતા નથી, એજ પ્રમાણે પરિગ્રહના અભિલાષા રાખનારને પરિગ્રહની પ્રાપ્તિ દુર્લભ થઇ પડે છે. જો પ્રયત્ન કરવા છતાં પણ પરિગ્રહની પ્રાપ્તિ થવાનીજ ન હોય, તો તેનાથી નિવૃત્ત થઇને સંયમને નિમિત્તે જ અવશ્ય પ્રવૃત્તિ કરવી, એજ ઉચિત છે. ॥ ગાથા ૯॥

વળી સૂત્રકાર કહે છે કે - "**इहलोग**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**इह-इह**' આ '**लोगे-लोके**' લોકમાં અર્થાત્ સંસારમાં '**दुहावहं-दुःखावहम्**' દુઃખ જનક '**परलोगे य-परलोके च**' અને પરલોકમાં પણ '**दुहं-दुःखम्**' દુઃખ કારક છે, '**विउ-विद्याः**' એવું '**तं-तम्**' તે ધન '**विद्धंसणधम्ममेव-विध्वंसनधर्ममेव**' *નાશવાન્ સ્વભાવવાળું* છે '**इति विज्जं-इति विद्वान्**' આ પ્રમાણે જાણવાવાળો '**को-कः**' કયો પુરૂષ '**अगारं-अगारम्**, ગૃહવાસમાં '**आवसे--आवसेत्**' નિવાસ કરે છે? ॥૧૦॥

—સૂત્રાર્થ—

ધન આ લોકમાં પણ દુઃખ જનક છે અને પરલોકમાં પણ દુઃખરૂપ તથા દુઃખોનું જનક છે, એવું સમજો. ઉપાર્જિત કરેલું ધન પણ વિનાશશીલ જ છે. આ વાતને સમજતો કયો મેધાવી પુરુષ ગૃહવાસને પસંદ કરશે? ધન આદિને આલોક અને પરલોકમાં દુઃખ જનક તથા નાશવંત જાણીને કયો પુરુષ ગૃહવાસ (ગૃહસ્થ જીવન) ને સ્વીકારશે? ॥૧૦॥

—ટીકાર્થ—

સોનું ચાંદી આદિ પરિગ્રહ ફલભોગના સાધનરૂપ આલોકમાં પણ દુઃખજનક છે અને પરલોકમાં પણ દુઃખજનક છે. એટલે કે વર્તમાન મનુષ્ય ભવસંબંધી આયુષ્ય પૂરૂ કરીને પરભવમાં–સ્વર્ગ, નરક આદિમાં ઉત્પન્ન થયા બાદ પણ દુઃખજનક જ છે. હે વિવેકવાન્ પુરુષો! આ વાત સમજી લો. સોનું, ચાંદી, આદિ રૂપ ધનને, તથા ધાન્ય, સ્વજન આદિ પરિગ્રહને અન્યત્ર પણ દુઃખજનક જ કહ્યા છે– "**अर्थानामर्जने दुःखम्**" ઈત્યાદિ

"ધન કમાવામાં દુઃખ સહન કરવું પડે છે, ઉપાર્જિત ધનની રક્ષા કરવામાં પણ દુઃખ સહન કરવું પડે છે. ધન પ્રાપ્ત થાય તો પણ દુઃખરૂપ થઈ પડે છે અને તેનો નાશ થાય ત્યારે પણ દુઃખજ થાય છે. આ પ્રકાંરે જે ધન કષ્ટોના આધાર રૂપ છે, તે ધનને ધિક્કાર છે! તથા—"**यथा ह्यामिषमाकाशे**" ઈત્યાદિ—

જેવી રીતે આકાશમાં પક્ષીઓ દ્વારા, પૃથ્વી પર હિંસક પ્રાણીઓ દ્વારા અને જળમાં મગરમચ્છો દ્વારા, માંસ ખવાય છે, એજ પ્રમાણે ધનવાનના ધનને પણ હડપ કરી જવાને લોકો તલસી રહ્યા હોય છે. જેમ માંસનો ટુકડો પ્રાપ્ત કરવાને ઉપર્યુક્ત જીવો પ્રયત્ન કરતા હોય છે. તેમ ધનવાનના ધનને પણ ગમે તે રીતે પ્રાપ્ત કરવાને ચો તરફ લોકો મોકો જ શોધી રહ્યા હોય છે. તથા—"**राजतः सलिलादग्ने**" ઈત્યાદિ—

"ધનવાનોને હંમેશા રાજાનો, જળનો; અગ્નિનો, અને ચોરનો ભય રહ્યા કરે છે, એટલું જ નહિ પણ સ્વજનોનો ભયપણ નિરંતર રહ્યા જ કરે છે."

વળી "ધનોપાર્જન કરવાના સેવા આદિ જે સાધનો છે, તે સાધનો દ્વારા **પણ માણસને** દુઃખી થવું પડે છે—કહ્યું પણ છે કે–

"ઘમંડી અને દુષ્ટ સ્વામીના દ્વાર પર સ્થિત પુરુષને (તેની સેવા સ્વીકારનાર **પુરુષને** દંડ, અપમાન, અર્ધચન્દ્ર (ગળચી પકડીને બહાર હાંકી કાઢવો તેનું નામ અર્ધચન્દ્ર પ્રદાન છે) આદિ રૂપ વેદના ભોગવવી પડે છે. આ પ્રકારની વેદનાનો વિચાર કરનાર કયો પુરુષ સેવામાં અનુરકત થશે? (કોઇ નહીં)"

સોનું ચાંદી આદિ ધનના તથા સ્વજનાદિના પરિગ્રહને કારણે ઉપાર્જિત મોહનીય કર્મના ઉદયથી જીવોને નરક નિગોદ આદિ પરલોકમાં પણ દુઃખનું વેદન કરવું પડે છે. વળી ધન વિનાશશીલ છે. આ વાતને સમજનારો કયો પુરુષ ગૃહના બન્ધનમાં બંધાશે? આ વાતને સમજનાર કોઇ પણ પુરુષ ગૃહના ફંદામાં ફસાશે નહીં. પ્રબળ મોહનીય કર્મના ઉદયને કારણે કુંટુંબ, પરિવાર આદિ શત્રુઓને મિત્ર રૂપ માનનાર પુરુષોને માટે

તેઓ દુઃખ રૂપજ છે. કહ્યું છે કે—"**दाराः परिभवकाराः**" ઇત્યાદિ—

"પત્ની પરાભવ કરનારી છે, બન્ધુજન બન્ધન રૂપ છે, અને વિષય (કામભોગ) વિષ રૂપ જ છે. છતાં મોહને વશવતીં બનેલો મનુષ્ય જે શત્રુઓ છે તેમને મિત્રરૂપ ગણે છે, એ કેવા આશ્ચર્યની વાત છે!"

સોનું, ચાંદી, સ્વજન, પરિવાર આદિ પરિગ્રહ આ લોક અને પરલોકમાં દુઃખ ઉત્પન્ન કરનાર જ છે. વળી આ પદાર્થો વિનાશ શીલ છે. આ વાતને સમજી જનાર કોઇ પણ વિવેકી પુરુષ ગૃહવાસ (ગૃહસ્થ જીવન)નો સ્વીકાર કરશે નહીં, પરન્તુ તેનો ત્યાગ કરીને સંયમનો માર્ગે વિચરશે. ા ગાથા ૧૦ા

વળી સૂત્રકાર વિશેષ ઉપદેશ આપે છે કે- "**महयं**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**महयं-महान्तम्**' સાંસારિક જીવોનો પરિચય મહાન્ '**परिगोवं-परिगोपम्**' કાદવ છે એવું '**जणिया-ज्ञात्वा**' જાણીને '**जाविय-यावि च**' તથા જે કાંઇ' **इहं-इह**' આ લોકમાં '**वंदणपूयना-वंदनपूजना**' વંદન પૂજન છે તેને પણ કર્મના ઉપશમનું ફળ જાણીને '**विउमंता-विद्वान्**' બુદ્ધિમાન્ પુરૂષ અભિમાન ન કરે કેમકે અભિમાન '**सुहुमे-सूक्ष्मम्**' સૂક્ષ્મ '**सल्ले-शल्यम्**' શલ્ય છે '**दुरुद्धरे-दुरुद्धरं**' તેનો ઉધ્ધાર કરવો કઠણુ છે. અતઃ **संथवं-सस्तवम्**' પરિચયનો '**पयहिज्ज-परिजाह्यात्**' ત્યાગ કરવો. ા૧૧ા

– સૂત્રાર્થ –

સાંસારિક જનોનો પરિચય મહાન્ કીચડ સમાન છે, એવું સમજીને સત્ અસત્ના વિવેક યુકત સાધુએ તેનો ત્યાગ કરવો જોઇએ. આ જે વન્દન, પૂજન આદિ છે, તે કર્મના ઉપદેશનું ફળ છે, એવું સમજીને વન્દન, પૂજન આંદિ થાય ત્યારે
અભિમાન કરવું જોઈએ નહીં. અભિમાનસૂક્ષ્મ શલ્ય (કાટા) સમાન છે. જેમ સૂક્ષ્મ શલ્યને કાઢવાનુ ઘણું જ મુશ્કેલ થઈ પડે છે. એજ પ્રમાણે અભિમાનને કાઢવાનું કાર્ય પણ દુષ્કર થઇ પડે છે તેથી સાંસારિક પરિચયનો ત્યાગ કરવો એજ વિદ્વાન્ પુરુષને માટે ઉચિત છે.

(૧) દ્રવ્યપંક અને (૨) ભાવપંક કુટુંબ આદિ દ્રવ્યપંક રૂપ છે, અને આસક્તિ ભાવપંક રૂપ છે. એવું સમજીને સાંસારિક જનો પ્રત્યે આસક્તિ રાખવી જોઈએ નહીં. વળી લોકો દ્વારા જે વન્દન, સત્કાર આદિ કરાય છે. તે પણ અનર્થનું મૂળ છે. શરીર નમાવીને જે નસ્કાર કરાય છે તેનું નામ વન્દન છે. અને વસ્ત્ર પાત્રાદિ પ્રદાન કરીને જે પૂજ્યભાવ પ્રકટ કરાય છે, તેનું નામ સત્કાર છે, આ વન્દન અને સત્કારને અનર્થનું મૂળ જાણીને, વન્દન સત્કાર આદિ પ્રાપ્ત થવાથી સાધુએ ગર્વ કરવો જોઇએ નહીં. ગર્વ સૂક્ષ્મ શલ્ય (કાંટા) રૂપ છે. તેથી તેને કાઢવાનું કાર્ય ઘણુજ મુશ્કેલ છે. માટે સાધુએ ગર્વ કરવો જોઇએ નહીં, અને સંસ્તવ (પરિચય) નો ત્યાગ કરવો જોઇએ. સાંસારિક જીવોનો પરિચય મહાન્ પંક સમાન છે, એવું સમજીને તેમના પરિચયનો ત્યાગ કરવો જોઇએ વન્દન સત્કાર આદિને પણ અનર્થનું મૂળ ગણીને ગર્વ કરવો જોઇએ નહીં. કારણ કે ગર્વ સૂક્ષ્મ શલ્ય સમાન છે જેમ સૂક્ષ્મ શલ્યને બહાર કાઢવાનું કાર્ય ઘણું દુષ્કર થઈ પડે છે. એજ પ્રમાણે ગર્વનો ત્યાગ કરવાનું કાર્ય પણ ઘણું દુષ્કર થઈ પડે છે. તેથી મોક્ષાભિલાષી મુનિએ કદી ગર્વ કરવો જોઇએ નહીં, પરન્તુ દૃષ્ટિવિષ સર્પની જેમ દૂરથી જ તેનો ત્યાગ કરવો જોઇએ. કહ્યું પણ છે કે—" **पलिमंथ महंपि याणिया** " ઇત્યાદિ

"સ્વાધ્યાય, અધ્યયન અને તપશ્ચરણમાં નિરત (પ્રવૃત્ત), બાહ્ય, આભ્યંતર અને આ લોક તથા પરલોક સંબંધી વિષયોની તૃષ્ણાથી રહિત સાધુનો લોકો દ્વારા જે વંદન નમસ્કાર આદિ રૂપ સત્કાર કરાય છે. તે પણ તે સાધુના સદ્ અનુષ્ઠાન અને સદ્ગતિમાં ઘોર વિઘ્ન રૂપ થઇ પડે છે. એવું સમજીને સાધુએ આ વિઘ્ન પર પણ વિજય પ્રાપ્ત કરવો જોઇએ. એટલે કે લોકો દ્વારા વન્દન નમસ્કાર આદિ રૂપ સત્કાર કરવામાં આવે, તો પણ અભિમાન કરવું જોઇએ નહીં"

સત્કાર, સન્માનની કામના કર્યા સિવાય પણ જે સત્કાર સન્માન થાયછે, તે પણ જો સાધુજીવનના મહાન વિઘ્નો રૂપ છે, તો શબ્દાદિ રૂપ આસક્તિની તો વાત જ શી કરવી ! એવું સમજીને સત્કાર આદિની પ્રાપ્તિ થવાથી સાધુએ ગર્વ કરવો જોઇએ નહીં. ॥ ગાથા ૧૧ ॥

સૂત્રકાર સાધુને ઉપદેશ આપે છે કે-" **एगे चरे** " ઇત્યાદિ

શબ્દાર્થ-'**भिक्खू-भिक्षुः**' સાધુ '**वइगुत्ते-वाग्गुप्तः**' વચનગુપ્ત '**अज्झत्तसंवुडो-अध्यात्म संवृतः**' અને મનથી ગુપ્ત **उवहाणवीरिए-उपधानवीर्यः**' તપથી બળ પ્રકટ કરવાવાળા '**एगे-एकः**' એકલો '**चरे-चरेत्**' વિચાજે કરે તથા '**ठाणं-स्थानम्**' કાયોત્સર્ગાદિ એકલોજ કરે '**सयणे-शयने**' શયનમાં પણ '**एगे-एकः**' એકલોજ રહીને '**समाहिए-समाहितः**' ધર્મ-ધ્યાનથી યુક્ત '**सिया-स्यात्**' રહે ॥૧૨॥

-સૂત્રાર્થ-

વચનગુપ્તિવાળાં (ખૂબજ વિચારીને બોલનારો), મનોગુપ્તિવાળો (મનનું સંવરણ

કરનારો) અને તપશ્ચરણમાં ઉગ્ર પરાક્રમવાળો ભિક્ષુ એકલો વિચરે, એકલો કાયોત્સર્ગ આદિ કરે, અને આસન અને શયનમાં પણ એકલો જ સમાહિત રહે. એટલે કે અનેક મુનિઓના પરિવારમાં રહેવા છતાં પણ રાગદ્વેષનો ત્યાગ કરીને સમાધિયુકત જ રહે ॥૧૦॥

–ટીકાર્થ–

ભિક્ષુએ મનોગુપ્ત અને વચનગુપ્ત બનવું જોઇએ. અભિગ્રહ યુકત તપને ઉગ્ર તપ કહે છે તેણે એવા ઉગ્રતપમાં પરાક્રમવાન્ થવું જોઇએ તેણે એકલા એટલે કે રાગદ્વેષથી રહિત થઇને વિચરવું જોઇએ. જેનો કોઈ સહાયક ન હોય, તેને એક અથવા એકલો કહે છે સાધુએ દ્રવ્યની અપેક્ષાએ સહાયકથી રહિત અને ભાવની અપેક્ષાએ રાગદ્વેષથી રહિત થવું જોઇએ અનેક મુનિરાજોના પરિવારમાં રહેવા છતાં પણ તે એકલો (રાગદ્વેષથી રહિત થઇને) જ કાર્યોત્સર્ગ આદિ કરે. તેણે રાગદ્વેષથી રહિત થઇને આસનપર બેસવું અને શયનના વિષયમાં પણ રાગદ્વેષ રાખવો જોઇએ નહીં. તેણે ધર્મધ્યાન આદિમાં પ્રવૃત્ત થવું જોઇએ.

આ કથનનો ભાવાર્થ એ છે કે સાધુએ સઘળી અવસ્થાઓમાં આસન, શયન સ્થાન આદિમાં રાગદ્વેષ રહિત અને ધર્મધ્યાનથી યુકત રહેવું જોઇએ મનોગુપ્ત, વચનગુપ્ત તથા તપસ્યામાં પ્રવૃત્ત સાધુ, સ્થાન, શયન, આસન, આદિમાં એકાકી જ વસે અને ધર્મધ્યાન આદિથી યુકત થઇને તથા રાગદ્વેષથી રહિત થઇને જ વિચરે. સૂત્રકારે સાધુને આ ઉપદેશ આપ્યો છે શાસ્ત્રોમાં એકલવિહારનો નિષેધ ફરમાવ્યો છે, તેથી અહીં " એકાકી " પદ " રાગદ્વેષથી ' રહિતના અર્થમાં વપરાયું છે, એમ સમજવું ॥ ગાથા ૧૨ ॥

સાધુને ઉપદેશ આપતા સૂત્રકાર આ વિશેષ કથન કરે છે.–" **णो पीहेण याव** " ઈત્યાદિ

શબ્દાર્થ–'**संजय–संयत:**' સાધુ **सुन्नघरस्स–शून्यगृहस्य**' શૂન્યઘરના '**दारं–द्वारम्**' દરવાજાઓ '**णो पीहे–नो पिदध्यात्**' બંધ ના કરે '**न यावपंगुणे–न यावत्प्रगुणयेत्**' તથા ન ખોલે તે તથા '**पुट्ठे–पृष्ट:**' કોઈના દ્વારા પૂછવાથી '**वयं–वचनम्**' સાવદ્ય વચન '**न उदाहरे–नोदाहरेत्**' ના બોલે એવમ્ '**न समुच्छे–न समुच्छिन्द्यात्**' તે કચરો ન કહાડે તથા '**तणं–तृणम्**' ઘાસ વગેરે પણ '**ण संथरे–न संस्तरेत्**' ના પાથરે ॥૧૩॥

–સૂત્રાર્થ–

શયન આદિને નિમિત્તે કોઈ ખાલી ઘરમાં રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો સાધુએ તે સૂના ઘરના દ્વારને બંધ પણ કરવું નહીં અને ખોલવું પણ નહીં. કોઈના દ્વારા કોઈ પ્રશ્ન પૂછાય તો સાધુએ સાવદ્યવચન બોલવા જોઇએ નહીં સાધુએ તે ઘરને વાળવું ઝુડવું જોઇએ નહીં અને શયનને નિમિત્તે ઘાસ આદિ પણ બિછાવવું જોઇએ નહીં ॥૧૩॥

-ટીકાર્થ-

જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંપન્ન સાધુએ શૂન્યગૃહનું દ્વાર બંધ પણ કરવુ નહીં અને ખોલવું પણ નહીં કોઈ પણ વ્યકિત પૂછે, ત્યારે સાવદ્ય વચન બોલવા નહીં. તેણે ઘરને વાળવું પણ નહીં અને ઘાસનું બિછાનું પણ બિછાવવું નહીં.

આ કથનનો ભાવાર્થ એ છે કે રાત્રિનો સમય પસાર કરવા માટે ઘરમાલિકની આજ્ઞા લઇને કોઈ ખાલી ઘરમાં રાત્રિવાસો કરવામાં આવે, ત્યારે સાધુએ તે શૂન્ય ઘરના દ્વાર બંધ પણ કરવા ન જોઈએ. અને ખોલવા પણ ન જોઈએ તે શૂન્ય ઘરમાં અથવા અન્યત્ર રહેલા સાધુને કોઈ વ્યકિત ધર્મનો માર્ગ પૂછે, તો તે સાધુએ સાવદ્ય વચન બોલવા જોઇએ નહીં તેણે તે ઘરને વાળવું ઝુડવું જોઇએ નહીં અને બિછાના માટે તૃણાદિ પણ બિછાવવા ન જોઈએ જે બિછાના માટે ઘાસ આદિ બિછાવવાનો પણ નિષેધ છે, તો કામળ આદિનો તો નિષેધ જ હોય તેમાં નવાઇ શી છે. ! જ્યારે ઘાસ આદિના બિછાનાનો પણ નિષેધ છે, ત્યારે હાલના સાધુઓ શય્યા નિમિત્તે બહુમૂલ્ય કામળ આદિનો જે સંચય કરેછે. તે અનુચિતજ ગણાય કહ્યું પણ છે કે-**न 'पिदध्यात् गृहद्वारम्'** ઈત્યાદિ—

"ભિક્ષુએ સુના ઘરનું દ્વાર બંધ ન કરવું અને ખોલવું પણ નહીં. તેણે પ્રશ્ન પૂછવામાં આવે, તોપણ બોલવુ નહીં અને ઘાસ આદિ બિછાવવું પણ નહીં આ કથન જિનકલ્પિકની અપેક્ષાએ કરવામાં આવ્યું છે. ।। ગાથા ૧૩ ।।

વળી સાધુને સૂત્રકાર આ પ્રમાણે ઉપદેશ આપે છે.

શબ્દાર્થ—**'मुणी-मुनिः'** ધર્મધ્યાન પરાયણ સાધુ **'जत्थ-यत्र'** જ્યાં **'अत्थमिए-अस्तमितः'** સૂર્ય અસ્ત થાય ત્યાં **'अणाउले-अनाकुलः'** ક્ષોભરહિત થઇને નિવાસ કરે તથા **'समविसमाइं-समविषमाणि'** અનુકૂળ અને પ્રતિકૂળ અશન શયન વગેરેને **'अहियासहे-अधिसहेत'** રાગદ્વેષથી રહિત થઇને સાહન કરે. જો ત્યાં **'चरगा-चरकाः'** મચ્છર **'अदुवा वि-अथवापि'** અથવા **'भेरवा-भैरवाः'** ભયાનક પ્રાણી **'अदुवा-अथवा'** અગર **'तत्थ-तत्र'** ત્યાં **'सरीसिवा-सरीसृपाः'** સાપ વગેરે **'सिया-स्युः'** હોય તો પણ તત્કૃત પરિષહોને સમ્યક્ પ્રકારથી સહન કરે . ।।૧૪।।

સૂત્રાર્થ-

વિહાર કરતાં કરતાં જ્યાં સૂર્યાસ્ત થઇ જાય, ત્યાં સાધુએ આકુલતાથી રહિત ભાવે થંભી જવું જોઇએ. તેણે સમવિષમ શયન, આસન આદિને રાગદ્વેષથી રહિત થઇને સહન કરવા જોઈએ કદાચ તે સ્થાન ડાંસ મચ્છર આદિથી યુક્ત હોય, અથવા ત્યાં રાક્ષસ, સાપ આદિ રહેતા હોય, તો તેમના દ્વારા જે ઉપસર્ગો આવી પડે, તે સમભાવપૂર્વક સહન કરવા જોઇએ. ।।૧૪।।

-ટીકાર્થ-

સાધુ જ્યારે વિહાર કરી રહ્યા હોય, ત્યારે સૂર્યાસ્ત થતાં વિહાર ચાલૂ રાખવો નહીં સૂર્યાસ્ત સમયે તેઓ જ્યાં પહોંચ્યાં હોય, ત્યાં જ થંભી જવું જોઇએ. જેવી રીતે મગર

આદિ વડે સમુદ્ર ક્ષુબ્ધ થતો નથી, એજ પ્રમાણે ગમે તેવા પરીષહો અને ઉપસર્ગો આવે તો પણ સાધુએ ક્ષુબ્ધ થવું જોઇએ નહીં. તેમણે અનુકૂળ શયન અને આસનોને સહન કરવા જોઇએ. જે ઘરમાં સાધુએ રાત્રિવાસો સ્વીકાર્યો હોય, તે ઘરમાં કદાચ ડાંસ, મચ્છર આદિનો નિવાસ હોય, અથવા ભયંકર રાક્ષસ, સાપ આદિ રહેતા હોય અથવા સાપ, વીંછી આદિનો વાસ હોય, તો પણ તેણે ત્યાંજ રહેવું જોઇએ. તેમના ભયથી ગભરાઇને તેણે તે સ્થાન છોડવું જોઇએ નહીં, અને તે ડાંસ, મચ્છર, રાક્ષસ આદિ દ્વારા જે ઉપસર્ગો આવી પડે, તેમને સમભાવે (ચિત્તમાં ઉદ્વેગ કર્યા વિના) સહન કરવા જોઇએ.

તાત્પર્ય એ છે કે સાધુએ સૂર્યાસ્તબાદ વિહાર ચાલૂ રાખવો જોઇએ નહીં, પણ સૂર્યાસ્ત થતાં જ આગળ ચાલવાનું થંભાવી દેવું જોઇએ જે સ્થાને તેઓ રાત્રિદરમિયાન નિવાસ કરે તે સ્થાનમાં શયન અને આસન ચાહે અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, પણ તેથી ઉદ્વિગ્ન થવું જોઇએ નહીં જો તે જગ્યાએ ડાંસ, મચ્છર, ભયંકર રાક્ષસ, પિશાચ સર્પ, વીંછી આદિનો વાસ હોય અને તેમના દ્વારા જે ઉપસર્ગો કરવામાં આવે તેને સમભાવે સહન કરે. એવી પરિસ્થિતિમાં પણ તેણે તે સ્થાનને છોડવું જોઇએ નહીં, પણ પૃથ્વીના સમાન સહિષ્ણુતા જાળવવી જોઇએ. ॥ ગાથા ૧૪ ॥

આગલી ગાથામાં ત્રણ પ્રકારના ઉપસર્ગો સહન કરવાનું કહ્યું હવે સૂત્રકાર ઉપસર્ગોને વિષે વિશેષ કથન કરે છે—" **तिरिय** " ઇત્યાદિ

શબ્દાર્થ– '**महामुणी–महामुनिः**' જીનકલ્પિત વગેરે મહામુનિ '**सुन्नागारगओ–शून्यागारगतः**' શૂન્યગૃહમાં જઇને '**तिरिया–तैरश्चान्**' તિર્યંચ સંબંધી તથા '**मणुया–मनुजान्**' મનુષ્ય સંબંધી એવમ્ '**दिव्वगा–दिव्यगान्**' તથા દેવ દ્વારા કરેલ '**तिविहा–त्रिविधान्**' ત્રણે પ્રકારના '**उवसग्गा–उपसर्गान्**' ઉપસર્ગોને '**अहियासिया–अधिसहेत**' સહન કરે '**लोमादियं–लोमादिकम्**' વાળ વગેરેને પણ '**न हारिसे–न हर्षयेत्**' હર્ષિત ના કરે અર્થાત્ ભયથી વાળ વગેરે પણ ન કંપાવે ॥૧૫॥

–સૂત્રાર્થ–

મહામુનિ એટલે કે જિનકલ્પિક આદિ સાધુ જ્યારે કોઈ શૂન્ય ઘરમાં રાત્રિવાસો કરે ત્યારે તિર્યંચકૃત, મનુષ્યકૃત અને દેવકૃત, આ ત્રણે પ્રકારના ઉપસર્ગોને સહન કરે તે ઉપસર્ગોને લીધે તેણે ક્ષુબ્ધ થવું જોઇએ નહીં આ પ્રકારના ઉપસર્ગો આવી પડે, તો તેનું રૂંવાડું પણ ફરકવું જોઇએ નહીં. રૂંવાડું પણ ન ફરકે તો શરીર કંપવાની તો વાત જ ક્યાંથી સંભવે ॥૧૫॥

–ટીકાર્થ–

જે મનનશીલ હોય તેને મુનિ કહે છે. મહામુનિએ શૂન્ય ઘરમાં કાયોત્સર્ગ આદિ ધાર્મિક અનુષ્ઠાનો કરવા જોઇએ અહીં મુનિને જે "મહાન્" વિશેષણ લગાડયું છે, તેના દ્વારા વજ્રઋષભ નારાચ સંહનનથી યુક્ત જિનકલ્પિક મુનિનું ગ્રહણ કરવાની વાત સૂચિત થાય છે. તેણે કાર્યોત્સર્ગમાં સ્થિત રહીને ત્રણે પ્રકારના ઉપસર્ગોને સહન કરવા

જોઇએ. ઉપસર્ગોના ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે.-સિંહ, વાઘ, આદિ તિર્યચકૃત, (૨) મનુષ્ય કૃત અને (૩) દેવકૃત. તેણે આ ત્રણે પ્રકારના ઉપસર્ગો સહન કરવા જોઇએ. અને વંદન, દંડ અથવા ચાબુક આદિના પ્રહાર દ્વારા કરાતા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો પણ સહન કરવા જોઇએ. તથા હાસ્ય અથવા દ્વેષને કારણે વ્યન્તર આદિ દેવો દ્વારા જે ઉપસર્ગો કરવામાં આવે, તેમને પણ સહન કરવા જોઇએ આ ત્રણે પ્રકારના ઉપસર્ગો કર્મનિર્જરાની ભાવનાથી તેણે સહન કરવા જોઇએ. તે ઉપસર્ગોને કારણે તેનું રૂંવાડું પણ ફરકવું જોઈએ નહીં, મુખ પર અથવા દૃષ્ટિમાં સહેજ પણ વિકાર થવો જોઇએ નહીં આ ઉપસર્ગોને કર્મની નિર્જરા કરવાની ભાવનાથી તેણે સહન કરવા જોઇએ ઉપસર્ગો આવી પડે ત્યારે ભયને કારણે તેના મુખ અને શરીરમાં કંપન થવું જોઈએ. નહીં, પરન્તુ તેણે ઉપસર્ગો આવી પડવા છતાં મેરુના સમાન અચલ રહેવું જોઇએ. અન્યત્ર પણ કહ્યું છે. કે—" **उपसर्गत्रयान् यस्तु** " ઇત્યાદિ

"શૂન્ય ઘરમાં સ્થિત (રહેલો) બુદ્ધિમાન્ સાધુ ત્રણે પ્રકારના ઉપસર્ગોને સહન કરે છે તે ઉપસર્ગોને કારણે તેનું રૂંવાડું પણ ફરકતુ નથી અને ફરકવું જોઈએ પણ નહીં.': ॥ ગાથા ૧૫ ॥

જિનકલ્પિ આદિ મુનિઓને અનુલક્ષીને સૂત્રકાર કહે છે કે—" **णो अभिकंखेज्ज** " ઇત્યાદિ

શબ્દાર્થ— '**जीवियं-जीवितम्**' જીવનની '**णो अभिकंखेज्ज-नो अभिकांक्षेत्**' ઇચ્છા કરે નહિં '**नोवि य -नापि च**' અને ન '**पूयणपत्थए-पूजनप्रार्थकः**' સત્કારનો અભિલાષી '**सिया-स्यात्**' હોય **सुन्नागारगयस्स-शून्यागारगतस्य**' શૂન્યઘરમાં ગયેલા '**भिक्खुणो-भिक्षोः**' સાધુને '**भेरवा-भैरवाः**' ભયાનક પ્રાણી '**अब्भत्थं-अभ्यस्ताः**'અભ્યસ્ત ભાવને '**उविंति-उपयंति**' પ્રાપ્ત થઇ જાય છે. ॥૧૬॥

—સૂત્રાર્થ—

શૂન્ય ઘરમાં સ્થિત સાધુએ પરીષહો અને ઉપસર્ગોને સહન કરવા જ જોઈએ અને તે વખતે તેણે જીવનની આકાંક્ષા કરવી જોઈએ નહીં પરીષહો સહન કરવાને કારણે સત્કાર સન્માનની અભિલાષા પણ રાખવી જોઈએ નહીં શૂન્ય ઘરમાં રહેતાં સાધુએ ભયાનક જંતુઓથી પણ ભયભીત થવું જોઈએ નહીં.॥ ૧૬॥

—ટીકાર્થ—

જિનકલ્પિક મુનિએ એવી ઇચ્છા ન કરવી જોઈએ કે કયારે ઉપસર્ગનો અભાવ થાય અને મારા પ્રાણ બચી જાય ! તેણે કેવી ઇચ્છા ન કરવી જોઇએ ? આપ્રશ્નનો ઉત્તર સૂત્રકારે આ પ્રમાણે આપ્યો છે-તેણે જીવનની ઇચ્છા કરવા જોઇએ નહીં અને વન્દનાદિની ઇચ્છા પણ કરવી જોઇએ નહીં-એટલે કે ત્રણે પ્રકારના ઘોર ઉપસર્ગો સહન કરવાથી લોકો

મારો સત્કાર કરશે, એવી ભાવના પણ રાખવી જોઈએ નહીં પરીષહો અને ઉપસર્ગો સહન કરવાથી શો લાભ થાય છે?

શૂન્ય ઘરમાં રહેલા સાધુના ક્ષમા, શાન્તિ, ધૈર્ય આદિ ગુણો જોઇને ઉપસર્ગ કરનારા ભયંકર ભયોત્પાદક અને દુર્લભબોધિ વ્યન્તરાદિ દેવો પણ સુલભ થઈ જાય છે, એટલે કે તેમના તે ગુણોથી પ્રભાવિત થાય છે. તેથી અનેક વાર ઉપદ્રવ ગ્રસ્ત થવા છતાં પણ સાધુએ જીવનની ઇચ્છા ન કરવી-તેણે જીવનની પરવા કર્યા વિના તે ઉપસર્ગોને સહન કરવા જોઇએ તથા ઉપસર્ગ સહન કરવાથી વંદનાદિ દ્વારા લોકોમાં મારો સત્કાર થશે. એવી આકાંક્ષા પણ તેણે રાખવી જોઇએ નહીં, પરન્તુ આ પ્રકારની આકાંક્ષા રાખ્યા વિનાજ તેણે તે ઉપસર્ગોને સહન કરવા જોઇએ. એવા સાધુને માટે તો તે ઉપદ્રવકારી પિશાચ આદિ પણ આત્મીયના સમાન અભ્યસ્ત (પરિચિત) થઈ જાય છે. એટલે કે આ પ્રકારે ઉપદ્રવોને સહન કરનાર અને સૂના ઘરમાં રહેનાર તે સાધુને માટે તો શીત, ઉષ્ણતા, આદિ ઉપદ્રવો પણ સુખસાધ્ય થઈ જાય છે. ॥ ગાથા ૧૬ ॥

વળી સૂત્રકાર સાધુને આ પ્રમાણે ઉપદેશ આપે છે—"**उवणीयतरस्स**" ઇત્યાદિ

શબ્દાર્થ- '**उवणीयतरस्स-उपनीततरस्य**' જેણે પોતાના આત્માને જ્ઞાન વિગેરેની નજદીક પહોંચાડી દીધો છે '**ताइणो-त्रायिनः**' તથા જે પોતાનો અને બીજાનો ઉપકાર કરે છે અર્થાત ષટ્જીવનિકાયનું રક્ષણ કરે છે. '**विविक्कमासणं-विविक्तमासनम्**' સ્ત્રી, નપુંસક વર્જિત સ્થાનને '**भजमाणस्स-भजमानस्य**' સેવન કરતા એવા '**तस्स-तस्य**' આવા મુનિનું સર્વજ્ઞોએ '**सामाइयमाहु-सामायिकमाहुः**' સામાયિક ચારિત્ર કહેલ છે. '**जं—यत्**' એટલા માટે '**अप्पाणं-आत्मान**' આત્મામા '**भए ण दंसए-भये न दर्शयेत्**' ભય પ્રદર્શિત ના કરવો જોઈએ. ॥૧૭॥

—સૂત્રાર્થ—

જેણે પોતાના આત્માને જ્ઞાન આદિની સમીપે સ્થાપિત કર્યો છે. જે પરોપકારી છે એટલે કે છ જીવનિકાયના રક્ષક છે, અને જેઓ સ્ત્રી, પશુ અને પંડક (નપુંસક) થી રહિત સ્થાનનું સેવન કરનારા છે, એવા મુનિને સર્વજ્ઞ ભગવાને સામાયિક ચરિત્ર વાળો કહ્યો છે. તેથી સાધુએ ભયભીત થવું જોઈએ નહીં. ॥૧૭॥

—ટીકાર્થ—

જેણે પોતાના આત્માને જ્ઞાનદર્શન અને ચારિત્રમાં સ્થાપિત કર્યો છે, તથા જેઓ 'તાયી' છે એટલે કે સંસારસાગરને તરી જનારા અને બીજાને સંસારસાગર તરાવનારા છે, અને જેઓ સ્ત્રી, પશુ અને પંડકથી રહિત સ્થાનનું જ સેવન કરનારા છે, એવા મુનિને સર્વજ્ઞ ભગવાને સામાયિક આદિ ચારિત્ર યુકત કહ્યા છે તેથી તેણે ભયભીત થવુ જોઈએ નહીં આ કથનનું તાત્પર્ય એ છે કે જે સાધુએ પોતાના આત્માને જ્ઞાન દર્શન અને ચારિત્રથી યુક્ત કર્યો છે, જે છકાયના જીવોના રક્ષક છે, જે પોતાના આત્માનું કલ્યાણ કરનારા અને અન્યનો પણ ઉપકાર કરનારા છે, જે સ્ત્રી, પશુ અને પંડકથી રહિત સ્થાનનું સેવન

કરનારા છે, એવા સાધુને તીર્થંકર ભગવાને સામાયિક આદિ ચારિત્રવાળા કહ્યા છે. એટલે કે એવો સાધુ જ સામાયિક ચારિત્ર આદિ પાંચ પ્રકારના ચારિત્રનો અધિકારી હોય છે. એવું જાણીને સાધુએ ભયભીત થવું જોઈએ નહીં ॥૧૭॥

" **उसिणोदग** " ઇત્યાદિ

શબ્દાર્થ— '**उसिणोदगतत्तभोइणो–उष्णोदकतप्तभोजिनः**' ઠંડુ કર્યા વગરનું ગરમ પાણી પીવાવાળા '**धम्मट्ठियस्स धर्म स्थितस्य**' શ્રુતચારિત્ર ધર્મમાં સ્થિત '**हीमतो–ह्रीमतः** અસંયમથી લજ્જીત થવાવાળા '**मुणिस्स–मुनेः** મુનિનો '**राइहिं-राजभिः**' રાજા વગેરેથી '**संसग्गि-संसर्गः**' સંસર્ગ કરવો '**असाहु–असाधु**' ખરાબ છે. **तहागयस्सवि–तथागतस्यापि**' તે સંસર્ગ શાસ્ત્રોક્ત આચાર પાળવાવાળાને પણ '**असमाही-असमाधिः**' સમાધિનો ભંગ કરે છે. ॥૧૮॥

–સૂત્રાર્થ–

ઉકાળેલું પાણી પીનારા, ધર્મમાં એટલે કે ચારિત્રમાં સ્થિત (સંયમના આરાધક) અસંયમથી લજ્જિત થનારા મુનિનો રાજાની સાથે સંસર્ગ થવો તે ઉચિત નથી, કારણ કે તે અનર્થનું કારણ થઇ પડે છે. પૂર્વોક્ત પ્રકારે આચરણ કરનાર સાધુને પણ રાજાનો સંસર્ગ રાખવાથી અસમાધિનો (સમાધિનાભંગનો) એટલે કે દુર્ધ્યાનનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. ॥૧૮॥

–ટીકાર્થ–

જે સાધુ અગ્નિ વડે ઉષ્ણ થયેલા પાણીને ગરમને ગરમ જ પીવે છે, એટલે કે સમય અથવા વાયુ દ્વારા શીતલ થયેલા પાણીને પીતો નથી, આ કથન ઉપલક્ષણ રૂપ હોવાથી એવું સૂચિત થાય છે કે તંડુલોદક, તિલોદક, તુષોદક આદિ વીસ પ્રકારના ધોવણો સાધુને માટે પેય એટલે કે પીવાયોગ્ય છે તથા જે સાધુ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરી રહ્યો હોય છે, તથા અસંયમનું સેવન થઇ જવાથી જે લજ્જિત થઈ જાય છે, એવા મુનિને માટે એટલે કે જિનાજ્ઞાને પ્રમાણભૂત માનનાર મુનિને માટે, રાજાઓની સાથેનો સંપર્ક અનુચિત જ ગણાય છે, કારણ કે તેમનો સંપર્ક પૂર્વોક્ત આચારોનુ પાલન કરનાર મુનિની સમાધિનો પણ ભંગ કરવામાં કારણભૂત બને છે. રાજા રીજે તો સાધુને નિમિત્તે આરંભ સંમારંભ કરે છે અને જો રૂઠે તો વસ્ત્ર, પાત્રાદિ સંયમોપકરણોનું પણ અપહરણ કરે છે અને કયારેક પ્રાણોનું પણ અપહરણ કરતાં અટકતો નથી. આ પ્રકારે બન્ને તરફથી રાજાનો સંપર્ક ભયજનક અને અનર્થ કારી જ છે, એવું સમજીને સાધુએ રાજાના સંપર્કથી દૂર જ રહેવું જોઇએ. ॥ ગાથા ૧૮ ॥

ત્યાગ કરવા લાયક દોષો બતાવીને હવે સૂત્રકાર સાધુને બીજો ઉપદેશ આપે છે—
" **अहिगरणकडस्स** " ઇત્યાદિ

**શબ્દાર્થ**—'**अहिगरणकडस्स-अधिकरणकरस्य**' કલહકરવાવાળા '**भिक्खुणो-भिक्षोः**' સાધુને તથા '**पसज्झ प्रसह्य**' પ્રકટરૂપથી '**दारुणं-दारुणाम्**' કઠોરવાણી '**वयमाणस्स-वदतः**' બોલવાવાળા સાધુને '**अट्ठे-अर्थः**' મોક્ષ '**बहुपरिहायती-बहुपरिहीयते**' નષ્ટ થઇ જાય છે. '**पंडिए-पण्डितः**' એટલા માટે બુદ્ધિશાળી મુનિ '**अहिगरणं-अधिकरणम्**' કલહ '**न करेज्ज-न कुर्यात्**' ના કરે, કલહ કરવાવાળા મોક્ષથી દૂર થઇ જાય છે, એટલા માટે કલહ ન કરવો જોઈએ ॥૧૯॥

-સૂત્રાર્થ-

કલહ કરનાર તથા દૃઢતાપૂર્વક કઠોર વાણી બોલનાર સાધુના મોક્ષરૂપ અર્થનો સર્વથા નાશ થઇ જાય છે, તે કારણે વિવેક યુક્ત મુનિએ કલહ કરવો જોઇએ નહીં. એટલે કે કલહ કરનાર સાધુ મોક્ષથી દૂર થાય છે. એટલે કે સંસારમાં જ અટવાયા કરે છે, માટે સાધુએ કલહ કરવો જોઇએ નહીં. ॥૧૯॥

--ટીકાર્થ--

જે કલહ કરે છે અથવા કલહ કરવાનો જ જેનો સ્વભાવ છે, તથા જે હઠ પૂર્વક કર્કશ (કઠોર) વચનનો પ્રયોગ કરે છે, એટલે કે જે કટુભાષણશીલ છે, એવા સાધુનો સંયમ અથવા મોક્ષરૂપ અર્થ અત્યન્ત ભયમાં મૂકાઇ જાય છે. વિનષ્ટ થઈ જાય છે. તેથી સત્ અસત્‌ના વિવેક વાળા સાધુએ કલહ કરવો જોઇએ નહીં.

જે સાધુ કલહ કરે છે અથવા કલહકારી વચન બોલે છે, તેનો સંયમ અથવા તેનું મોક્ષ રૂપ પ્રયોજન નષ્ટ થઇ જાય છે. તેથી મોક્ષાભિલાષી સાધુએ કલહ કરવો જોઇએ નહીં

આ કથનનું તત્પર્ય એ છે કે દીર્ઘકાળ પર્યન્તના સંયમની આરાધના દ્વારા અને કઠિન તપસ્યાઓ દ્વારા ઉપાર્જિત કરેલા ક્ષમા આદિ ગુણોના સામૂહનો કલહકારી તથા પરપીડાકારી વચનો બોલવાથી નાશ થઈ જાય છે કહ્યું પણ છે કે "**जं अज्जियं** " ઇત્યાદિ

" જો કલહ કરવામાં આવે, તો તપશ્ચરણ, નિયમ અને બ્રહ્મચર્યની સાધના દ્વારા જે પ્રાપ્ત થયું હોય છે, તે નષ્ટ થઈ જાય છે, માટે વિવેકવાન્ સાધુએ કલહનો ત્યાગ કરવો જોઇએ"

અન્યત્ર પણ એવું કહ્યું છે કે " પહેલા દીર્ઘ કાળ સુધી તપસ્યા કરીને જે પ્રાપ્ત કર્યું હોય છે, તે કલહ કરવાથી તથા અન્યને પીડા પહોચાડવાથી નષ્ટ થઈ જાય છે. "

શબ્દાર્થ — '**सीयोदगपडिदुगुंछिणो-शीतोदकप्रतिजुगुप्सकस्य**' જે સાધુ શિતોદકથી ઘૃણા કરે છે. '**अपडिण्णस्स-अप्रतिज्ञस्य**' તથા કોઇપણ પ્રકારની પ્રતિજ્ઞા અર્થાત્ કામના કરતાં નથી. '**लवावसप्पिणो-लवावसर्पिणः**' એવમ્ જે કર્મબંધને ઉત્પન્ન કરવાવાળા કર્મોના અનુષ્ઠાનથી દૂર રહે છે. '**तस्स-तस्य**' એવા સાધુનો સર્વજ્ઞોએ '**जं-यत्**' જે '**सामाइयं-सामायिकम्**' સમભાવ '**आहु-आहुः**' કહેલ છે તથા '**जे-यः**' જે મુનિ '**गिहि-मत्ते-गृहामत्रे**' ગૃહસ્થના પાત્રમાં '**असणं-अशनम्**' આહાર '**ण भुंजइ-न भुंक्ते**' ખાતો નથી તેનો સમભાવ છે. ॥ ૨૦ ॥

સૂત્રાર્થ—

સચિત્ત જળના ત્યાગી, નિદાન રૂપ પ્રતિજ્ઞાના ત્યાગી, લવનો (કર્મનો) ત્યાગ કરનારા એવા એ સાધુને જ સામાયિક ચારિત્રવાળો કહ્યો છે કે જે ગૃહસ્થના પાત્રમાં ભોજન કરતો નથી. ॥૨૦॥

-ટીકાર્થ-

સચિત્ત શીત જળનો એટલે કે અપ્રાસુક જળનો ત્યાગ કરનારા, નિદાન (નિયાણા) રૂપ પ્રતિજ્ઞાનો ત્યાગ કરનારા, તથા કર્મ જનક કોઈ પણ સાવદ્ય ક્રિયા નહીં કરનારા, એવા એ સાધુને જ સર્વજ્ઞ ભગવાને સામાયિક ચારિત્ર સંપન્ન કહ્યો છે, કે જે સાધુ ગૃહસ્થના પાત્રમાં અશન આદિ આહાર કરતો નથી અહીં "અશન" તો ઉપલક્ષણ માત્ર છે, તેના દ્વારા એ પણ સૂચિત થાય છે કે સાધુએ વસ્ત્રાદિનું પ્રક્ષાલન કરવા માટે અથવા ઔષધ આદિનું પાન કરવા માટે પણ ગૃહસ્થના પાત્રનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

આ કથનનો ભાવાર્થ એ છે કે ધર્માચરણ શીલ સાધુ કે જે સચિત્ત જળનું સેવન કરતો નથી, કર્મબન્ધનકારી કોઈ પણ અનુષ્ઠાન કરતો નથી, અને ગૃહસ્થના પાત્રમાં અશનાદિ કરતો નથી, તેને જ સમભાવની પ્રાપ્તિ થાય છે, એવું સર્વજ્ઞ તીર્થંકર ભગવાને કહ્યું છે તેથી મોક્ષાભિલાષી સાધુએ સચિત્ત જળ અને સાવદ્ય કૃત્યોનો ત્યાગ કરવો જોઇએ અને ગૃહસ્થના પાત્રનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ॥ ગાથા ૨૦ ॥

શબ્દાર્થ-'**जीवियं-जीवितम्**' પ્રાણિયોનું જીવન '**न च संखाय माहु-न च संस्कार्य म हुः**' સંસ્કાર કરવા યોગ્ય કહેલ નથી, '**तहवि-तथापि**' તો પણ '**बालजणो-बालजनः**' અજ્ઞાની પુરૂષ '**पगब्भई-प्रगल्भते**' પાપ કરવામાં ધૃષ્ટતા કરે છે '**बाले-बालः**' અજ્ઞજીવ '**पावेहिं-पापैः**' પાપકર્મથી '**मिज्जइ-मीयते**' જણાઇ આવે છે. '**इति—इति**' આ પ્રકારે '**संखाय—ज्ञात्वा**' જાણીને '**मुणी—मुनिः**' મુનિ '**ण मज्झई- न माद्यति**' મદ કરતા નથી. ॥ ૨૧ ॥

-સૂત્રાર્થ-

આ જીવન સંસ્કાર્ય નથી એટલે કે તૂટેલા દોરાની જેમ ફરી સાંધી શકાય તેવું નથી, છતાં પણ અજ્ઞાની લોકો પાપકર્મ કરવાની ધૃષ્ટતા કરે છે અજ્ઞાની પુરુષને તેના પાપો દ્વારા જાણી શકાય છે. એવુ સામજીને મુનિ જાતિ, કુળ આદિનો મદ કરતા નથી.

—ટીકાર્થ—

આયુકર્મનો ક્ષય થતાં જ આયુષ્ય સમાપ્ત થઈ જાય છે જેમ તૂટેલા દોરાને સાંધી શકાય છે તેમ તૂટેલા આયુષ્યને સાંધી શકાતુ નથી. આ પ્રકારની પરિસ્થિતિ હોવા છતાં અવિવેકી પુરુષો પાપ કરતાં ડરતાં પણ નથી અને શરમાતાં પણ નથી લોકો તે અજ્ઞાની જીવને "આ પાપી છે," આ પ્રકારે ઓળખે છે એવુ સામજીને મુનિ જાતિ, કુળ આદિ આઠ પ્રકારનો મદ કરતો નથી.

આં કથનનો ભાવાર્થ એ છે કે મનુષ્યનું જે આયુષ્ય એક વાર તૂટી જાય છે, તેને ફરી સાંધી શકાતુ નથી. તૂટેલા દોરાને સાંધી શકાય છે, પણ તૂટેલા આયુષ્યને ફરી સાંધી શકાતું નથી. એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. આ પ્રકારે આયુ સંસ્કાર હીન (ન સાંધી શકાય એવું) છે, છતાં પણ સત્ અસત્‌ના વિવેકથી જેઓ રહિત હોય છે, તેઓ પાપજનક કાર્યોમાંથી નિવૃત્ત થતા નથી. એવાં પાપકર્મ કર્નાર પુરુષને લોક "પાપી" કહે છે. આ વાતને સમજીને મુનિએ કોઈ પણ પ્રકારે કર્મદાથી પ્રમાદ કરવો જોઇએ નહીં ॥ ગાથા ૨૧ ॥

વળી સૂત્રકાર વિશેષ ઉપદેશ આપતા કહે છે કે "**छंदेण पले**" ઇત્યાદિ—

શબ્દાર્થ - '**बहुमाया—बहुमायाः**' બહુમાયા કરવાવાળી '**मोहेण पाउडा—मोहेन प्रावृताः**' મોહથી આચ્છાદિત '**इमा—इमाः**' આ '**पया—प्रजाः**' પ્રજાઓ **छंदेण—छन्दसा**' પોતાની ઇચ્છાથી '**पले—प्रलीयन्ते**' નરક વગેરે ગતિમાં જાય છે, '**माहणे—माहनः** સાધુ પુરૂષ '**वियडेण—विकटेन**' કપટથી રહિત કર્મના દ્વારા '**पलिंती—प्रलीयते**' મોક્ષમાં અગર સંયમમાં લીન થાય છે તથા '**वयसा—वचसा**' મન વચન કર્મથી '**सीउण्हं—शीतोष्णम्** ઠંડી અને ગરમીને '**अहियासहे—अधिसहेत**' સહન કરે છે. ॥ ૨૨ ॥

-સૂત્રાર્થ-

કપટની પ્રધાનતાવાળા, મોહથી ઘેરાયેલા આ પ્રજાજનો—સંસારી જીવો પોત પોતાના ઉપાર્જિત કર્મો દ્વારા જ નરકાદિ ગતિમાં જાય છે. પરન્તુ કપટ રહિત કર્મ દ્વારા સાધુ મોક્ષ અથવા સંયમમાં લીન હોય છે. સાધુ મન, વચન અને કાયા વડે શીત, ઉષ્ણ આદિ પરીષહોને સહન કરે છે. ॥૨૨॥

-ટીકાર્થ-

અનેક પ્રકારના માયાચારવાળા અને મોહથી આચ્છાદિત આ પ્રજાજનો—સંસારી

જીવો પોતાના કર્મોને કારણેજ નરકાદિ ગતિમાં ગમન કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે કોઈ કોઈ મોહથી ઘેરાયેલા જીવો "**अग्निषोमीयं पशुमालभेत**" ઇત્યાદિ શાસ્ત્રવાકયોને આગળ કરીને, એવું માને છે કે 'પ્રાણીનો વધજ કલ્યાણનો સાધક છે.' આ પ્રકારની માન્યતા ધરાવતા તે લોકો પ્રાણીવધ આદિ કરે છે. વળી કોઈ કોઈ લોકો પોતાના અભિપ્રાય રૂપી ગ્રહ વડે ગ્રસ્ત થઇને સંઘાદિકને માટે દાસ, દાસી, ધન ધાન્ય આદિનો પરિગ્રહ કરે છે. કોઇ કોઈ જીવો માયાની પ્રધાનતા વડે શરીર ઉપર વારંવાર પાણીનો પ્રક્ષેપ કરે છે. તેઓ કહે છે કે–

લોક કુકકુટના દ્વારા જ–સિદ્ધ થાય છે. કપટ વિના કોઇ પણ વસ્તુ પ્રાપ્ત થતી નથી તેથી તેઓ લોકને માટે પિતાને પણ કપટયુક્ત કરે છે" ઇત્યાદિ

માહન (મા હણો, મા હણો એવો ઉપદેશ આપનાર સાધુ) કપટ આદિ થી રહિત કર્મ કરીને સમ્યક્ પ્રકારે સંયમનું પાલન કરીને મોક્ષ પ્રાપ્તિ જનક સંયમની આરાધનામાં લીન રહે છે. તે મન વચન અને કાયાથી ઠંડી, ગરમી આદિ પરીષહોને સહન કરે છે.

તાત્પર્ય એ છે કે–અનેક પ્રકારની માયાનું સેવન કરનારા મોહગ્રસ્ત લોકો પોત પોતાની ઇચ્છાનુસાર વિવિધ પ્રકારના પાપજનક અનુષ્ઠાનોનું સેવન કરીને નરક આદિ દુર્ગતિઓમાં જાય છે. પરન્તુ સાધુઓ પરવંચન (છળ કપટ) આદિનો ત્યાગ કરીને નિષ્કપટ કર્મમાં અથવા સંયમમાં લીન થાય છે. તથા મન, વચન અને કાયાથી શીત, ઉષ્ણ આદિ પરીષહોને સહન કરે છે. અન્યત્ર પણ એવુ કહ્યું છે. કે—

"મન, વચન અને કાયાથી સંયમની આરાધનામાં લીન થયેલો શીત, ઉષ્ણ તથા સુખદુઃખ રૂપ પરીષહોનો વિજેતા સાધુ પરકીય વચનોને જીતી લે છે" ॥ ગાથા ૨૨॥

શબ્દાર્થ —'**अपराजए-अपराजितः**' બીજાના દ્વારા પરાજીત ન થવાવાળા '**कुसलेहिं कुशलः**' ચાલાક ચતુર '**कुजए-कुजयः**' જુગાર રમવા વાળા જુગારી '**जहा-यथा**' જેવી રીતે '**अक्खेहिं-अक्षैः**' પાસાથી '**दीवयं-दीव्यन्**' રમતા '**कडमेव गहाय-कृतमेव गृहीत्वा**' કૃત નામના ચોથા સ્થાનને જ ગ્રહણ કરે છે. '**णो कलिं-नो कलिम्**' કલિ નામના પ્રથમ સ્થાનને ગ્રહણ કરતો નથી '**णो तीयं-नो त्रीतं**' ત્રીજા સ્થાનને પણ ગ્રહણ કરતો નથી એવમ્ '**णो चेव दावरं-नैव द्वापरम्**' બીજા સ્થાનને પણ ગ્રહણ કરતો નથી. ।૨૩।

–સૂત્રાર્થ–

પોતાના વિરોધીઓ વડે પરાજિત ન થનાર, કુશળ (પાસા ફેકવામાં કુશળ) જુગારી પાસા ફેંકતી વખતે "કૃત" નામના ચોથા સ્થાનને જ ગ્રહણ કરે છે, 'કલી' નામના

પહેલા સ્થાનને પણ ગ્રહણ કરતો નથી અને બીજા કે ત્રીજા સ્થાનને પણ ગ્રહણ કરતો નથી. ॥૨૩॥

—ટીકાર્થ—

કદી પરાજય નહીં પામનાર, પાસા ફેંકવામાં કુશળ અને કુજય (નિન્દનીય વિજય) પ્રાપ્ત કરનાર જુગારી પાસા અથવા કોડીઓ વડે જુગાર રમતાં "કૃત" નામના ચોથા સ્થાનને જ ગ્રહણ કરે છે. કલિ નામના પહેલા સ્થાનને ગ્રહણ કરતો નથી અને ત્રીજા કે બીજા સ્થાનને પણ ગ્રહણ કરતો નથી. પરન્તુ કૃત નામના ચોથા સ્થાનને ગ્રહણ કરીને જ જુગાર ખેલે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે જુગાર રમવામાં નિપુણ અને કોઇના દ્વારા પરાજિત નહીં થનારો જુગારી સર્વશ્રેષ્ઠ, કૃત નામના ચોથા સ્થાનનો જ સ્વીકાર કરીને જુગારના પાસા ફેંકે છે. તે કલિ નામના પહેલા સ્થાનનો અથવા બીજા કે ત્રીજા સ્થાનનો સ્વીકાર કરીને પાસા ફેંકતો નથી, કારણ કે તે એ વાતને બરાબર જાણે છે કે ચોથા સ્થાનને ગ્રહણ કરવાથી જ વિજય મળી શકશે. એજ પ્રમાણે મેધાવી મુનિ સર્વજ્ઞ પ્રરૂપિત અને કલ્યાણકારી, ચતુર્થ સ્થાનના જેવા, શ્રુતચારિત્ર રૂપ ધર્મને જ ગ્રહણ કરે છે. તે ધર્મ કરતાં ભિન્ન હોય એવા માર્ગનો કદી પણ સ્વીકાર કરતો નથી. કહ્યુ પણ છે કે "**द्यूतकारो भवेज्जेता**"

ચતુર્થ સ્થાનને ગ્રહણ કરનાર દ્યૂતકાર (જુગારી) જેવી રીતે વિજયી થાય છે, એવી જ રીતે વીતરાગના વચનોમાં શ્રદ્ધા રાખનાર સાધક પણ વિજયી થાય છે. ॥ ગાથા ૨૩ ॥

હવે સૂત્રકાર ઉપર્યુક્ત જુગારીના દૃષ્ટાન્ત દ્વારા જે વાતનું પ્રતિપાદન કરવા માગે છે, તે પ્રકટ કરે છે.–"**एवं लोगंमि**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**एवं–एवम्**' આ પ્રકારે '**लोगंमि–लोके**' આ લોકમાં '**ताइणा–त्रायिना**' જગતની રક્ષા કરવા વાળા સર્વજ્ઞ ને '**बुइए–उक्तः**' કહેલ '**जे–यः**' જે '**अणुत्तरे–अनुत्तरः**' સર્વોત્તમ '**धम्मे–धर्मः**' ધર્મ–પ્રાણાતિપાત વિરમણરૂપ ધર્મ છે '**तं–तम्**' તેને '**गिण्ह–गृहाण**' ગ્રહણ કરવો જોઇએ '**हियंति उत्तमं–हितमुत्तमम्**' એજ હિત કરવાવાળો એવમ ઉત્તમ માર્ગ છે '**सेसऽवहाय–शेषमपहाय**' બધા સ્થાનને છોડીને '**पंडिए कडमिव–पण्डितः कृतमिव**' જેવી રીતે ચતુર જુગારી કૃત નામના ચોથા સ્થાનને જ ગ્રહણ કરે છે, તેજ પ્રકારે મેધાવીમુનિ અનુત્તમ એવા ધર્મને જ ગ્રહણ કરે છે. ॥૨૪॥

સૂત્રાર્થ–

એજ પ્રકારે આ લોકમાં ત્રાતા (જીવોના રક્ષક) તીર્થંકર ભગવાને જે ધર્મ કહ્યો છે, એજ સર્વોત્તમ છે. એજ પ્રાણાતિપાત વિરમણ આદિ લક્ષણ વાળા ધર્મને હિતકારી

અને ઉત્તમ સમજીને ગ્રહણ કરો અને અન્ય ધર્મનો ત્યાગ કરો જેવી રીતે જુગારી 'કૃત' નામના સ્થાનને જ ગ્રહણ કરે છે. એજ પ્રમાણે વિવેકી પુરુષો સર્વજ્ઞોક્ત ઉત્તમ ધર્મને જ ગ્રહણ કરે છે. ા૨૪ા

ટીકાર્થ-

જેવી રીતે કુશળ જુગારી પહેલા, ત્રીજા અને બીજા સ્થાનનો ત્યાગ કરીને અને 'કૃત' નામનાં ચોથા સ્થાનને ગ્રહણ કરીને જુગાર ખેલે છે, એજ પ્રમાણે તમે પણ તીર્થંકર પ્રરૂપિત સર્વોત્તમ ધર્મને જ ગ્રહણ કરો. છ કાયના જીવોના રક્ષક તીર્થંકર ભગવાન્ દ્વારા પ્રરૂપિત સર્વોત્તમ શ્રુતચારિત્ર રૂપ ધર્મને જ ગ્રહણ કરો. તે ધર્મ જ હિતકારક અને સર્વોત્કૃષ્ટ છે. માટે અન્ય ધર્મોનો ત્યાગ કરીને આ સર્વોત્તમ ધર્મનું જ શરણ સ્વીકારો.

આ કથનનો ભાવાર્થ એ છે કે-જેવી રીતે ચતુર જુગારી, વિજય પ્રાપ્ત કરવા માટે સર્વ શ્રેષ્ઠ ચોથા સ્થાનોને જ ગ્રહણ કરીને જુગાર ખેલે છે (કારણ કે તે એ વાત જાણતો હોય છે કે ચોથા સ્થાનનો સ્વીકાર કરવાથી જ વિજય પ્રાપ્ત થાય છે, પહેલા, બીજા અને ત્રીજા સ્થાનને ગ્રહણ કરવાથી વિજય થતો નથી), એજ પ્રમાણે આ લોકમાં સમસ્ત જીવોના રક્ષક સર્વજ્ઞ તીર્થંકર ભગવાન્ દ્વારા પ્રરૂપિત, ક્ષમા આદિની પ્રધાનતાવાળો, શ્રુત ચારિત્ર રૂપ, સૌથી ઉત્તમ અને સર્વથા હિતકારક ધર્મનો જ સ્વીકાર કરીને પોતાના અને પરના કલ્યાણ માટે પ્રયત્ન કરવો જોઇએ. જેવી રીતે કુશળ જુગારી ચતુર્થ સ્થાન સિવાયના સ્થાનોને છોડી દે છે, એજ પ્રમાણે સત્ અસત્‌ના વિવેક વાળા પુરુષો પણ ગૃહસ્થો, કુપ્રાવચનિકો અને પાર્શ્વસ્થો (શિથિલાચારીઓ) ના ધર્મનો ત્યાગ કરીને સર્વોત્તમ સર્વજ્ઞ-પ્રતિપાદિત ધર્મને જ ગ્રહણ કરે છે. ા૨૪ા

સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ અત્યંત સૂક્ષ્મ છે અને તેને સમજવો ઘણો મુશ્કેલ છે, એવું સમજીને સૂત્રકાર અનેક દૃષ્ટાન્તો દ્વારા એજ અર્થનું વારંવાર પ્રતિપાદન કરે છે-"**उत्तरे**" ઇત્યાદિ

શબ્દાર્થ-'**मे-मया**' મેં '**अणुस्सुयं-अनुश्रुतम्**' સાંભળ્યું છે કે '**गामधम्मा-ग्रामधर्माः**' શબ્દ વગેરે વિષય અથવા મૈથુન સેવન '**मणुयाणं-मनुजानाम्**' મનુષ્યોના માટે '**उत्तरा-उत्तराः**' દુર્જય '**आहिया-आख्याताः**' કહેલ છે. '**जंसि विरया-येभ्यो विरताः**' તેમાંથી નિવૃત્ત થઇને '**समुट्ठिया-समुत्थिताः**' સંયમમાં પ્રવૃત્તિવાળા પુરૂષ જ '**कासवस्स काश्यपस्य**' કાશ્યપ ગોત્રવાળા ભગવાન્ મહાવીર સ્વામીના '**अणुधम्मचारिणो-अनुधर्मचारिणः**' ધર્માનુયાયી છે. ા૨૫ા

સૂત્રાર્થ—

મેં (પ્રભુની સમીપે) એવું સાંભળ્યુ છે કે ગ્રામધર્મ એટલે કે શબ્દાદિ અથવા મૈથુન આદિ રૂપ ઇન્દ્રિયોના વિષયો મનુષ્યોને માટે દુર્જય છે. (આ પ્રકારનું કથન તીર્થંકરોએ

કરેલું છે). જેઓ તેમાંથી વિરત (નિવૃત્ત) થઈને સંયમની આરાધનામાં પ્રવૃત્ત થાય છે, તેમને જ કાશ્યપ ગોત્રીય મહાવીરના ધર્મના અનુયાયીઓ કહેવાય છે. ॥૨૫॥

ટીકાર્થ

સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે કે મેં ખુદ મહાવીર પ્રભુની સમીપે તેમનું આ કથન સાંભળ્યું છે કે "ગ્રામધર્મ પર વિજય મેળવવાનું કાર્ય મનુષ્યો માટે ઘણું જ દુષ્કર છે."

શબ્દાદિ વિષય અથવા મૈથુન આદિ રૂપ ઇન્દ્રિયોના વિષયને લોકધર્મ કહે છે. તે લોકધર્મ મનુષ્યોને માટે દુર્જેય ગણાય છે. જો કે તે વિષય સમસ્ત જીવોને માટે દુર્જેય છે, છતાં અહીં મનુષ્યોનો જ ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે મનુષ્યોજ શાસ્ત્રના અધિકારી છે. અથવા મનુષ્ય શબ્દ અહીં ઉપલક્ષણ છે, તેના દ્વારા સમસ્ત જીવોને પણ ગ્રહણ કરવા જોઈએ આ ગ્રામધર્મોની દુર્જેયતાનુ તીર્થંકરો આદિ દ્વારા પ્રતિપાદન કરાયું છે. સુધર્મા સ્વામી જંબૂ સ્વામીને કહે છે કે મહાવીર પ્રભુની સમીપે મેં આ વાત સાંભળી છે.

આ ગ્રામધર્મોમાંથી નિવૃત્ત થઈને-તેમનો પરિત્યાગ કરીને જે ઉત્તમ પુરુષો સંયમના પાલનમાં પ્રવૃત્ત થાય છે તેમને જ મહાવીર પ્રભુના ધર્મના અનુયાયીઓ કહી શકાય છે. ભગવાન્ મહાવીર કાશ્યપ ગોત્રમા ઉત્પન્ન થયા હતા, તેથી તેમને માટે 'કાશ્યપ' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે જેઓ ગ્રામધર્મમાંથી વિરત (નિવૃત્ત) છે. તથા સંયમની આરાધના કરવાના કાર્યમાં કમર કસીને પ્રવૃત્ત થઈ ગયા છે. તેઓજ સર્વજ્ઞપ્રરૂપિત ધર્મને ગ્રહણ કરવાને સમર્થનથી. ગણધર સુધર્મા સ્વામી પોતાના જંબૂસ્વામી આદિ શિષ્યોને કહે છે કે "હે શિષ્યો! શબ્દાદિ વિષયો તથા મૈથુન આદિ ગ્રામધર્મોને જીતવાનું કામ મનુષ્યો માટે ઘણુ જ કઠણ છે, એવું મેં સર્વજ્ઞ મહાવીર ભગવાન્ને મુખે સંભળ્યું છે. તેથી શબ્દાદિ વિષયોનો તથા મૈથુન આદિ ગ્રામધર્મોનો ત્યાગ કરીને જેઓ સંયમના પરિપાલનમાં પ્રવૃત્ત થાય છે. તેમ જ તીર્થંકર પ્રતિપાદિત ધર્મના અનુયાયીઓ કહેવામાં આવે છે અન્યત્ર પણ એવું કહ્યું છે કે-'**ग्रामधर्मान् परित्यज्य**" ઇત્યાદિ

"ગ્રામધર્મોનો ત્યાગ કરીને સંયમમાંજ પ્રવૃત્ત થઈ જાઓ. સંયમજ મહાધન છે." એવું તીર્થંકરોનું કથન છે. ॥ ગાથા ૨૫॥

શબ્દાર્થ—'**महया-महता**' મહાન્ '**महेसिणा-महर्षिणा**' અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગના સહન કરવાથી મહર્ષિ એવા '**नाएणं-ज्ञातेन**' જ્ઞાતપુત્રના દ્વારા '**आहियं-आख्यातम्**' કહેલ '**एयं-एनम्**' આ અહિંસા લક્ષણ ધર્મને '**जे-ये**' જે પુરૂષ '**चरंति-चरन्ति**' આચરણ કરે છે. '**ते-ते**' એજ '**उट्ठिए-उत्थिताः**' ઉત્થિત છે તથા '**ते-ते**' એજ '**समुट्ठिया-समुत्थिताः**' સમ્યક્ પ્રકારથી ઉત્થિત છે એવમ્ '**धम्मओ-धर्मतः**' ધર્મથી પતિત થવાથી '**अन्नोन्नं-अन्योन्यम्**' એકબીજાને એજ '**सारंति-सारयन्ति**' પુનઃ સદ્ધર્મમાં પ્રવૃત્ત કરે છે. ॥૨૬॥

સૂત્રાર્થ

મહાન્ વિષયવાળા કેવળજ્ઞાનથી અભિન્ન હોવાને કારણે મહાન્ મહર્ષિ રૂપ ગણાતા એવા, અને અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરનારા જ્ઞાતપુત્ર (મહાવીર) દ્વારા પ્રરૂપિત આ અહિંસાધર્મનુ જે પુરુષો આચરણ કરે છે, તેઓ જ ઉત્થિત છે અને તેઓ જ સમુત્થિત છે. એટલે કે સંયમ રૂપ ઉત્થાનથી ઉત્થિત અને કુમાર્ગના ઉપદેશનો પરિત્યાગ કરવાને કારણે સમુત્થિત છે, અન્ય લોકોને ઉત્થિત અને સમુત્થિત કહી શકાય નહીં. એવા ઉત્થિત અને સમુત્થિત પુરુષો જ ધર્મથી ભ્રષ્ટ થયેલા લોકોને ફરી ધર્મમાં સ્થાપિત કરે છે. ॥૨૬॥

ટીકાર્થ

જ્ઞાનાવરણીય આદિ ઘાતિયા કર્મોનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન મહાવિષયવાળું હોય છે, તે કારણે તેને 'મહાન્' કહેવાય છે. તીર્થંકરોમાં તે જ્ઞાનનો સદ્ભાવ હોય છે. તે કારણે તીર્થંકરોને પણ 'મહાન્' કહેવાય છે. એવા મહાન્ મહર્ષિ એટલે કે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરનારા જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાન સ્વામી દ્વારા ધર્મની જે મોક્ષાભિલાષી પુરુષો આરાધના કરે છે, તેપુરુષો જ સંયમ રૂપ ઉત્થાન વડે કુતીર્થિકોનો પરિત્યાગ કરીને ઉત્થિત છે અને નિહ્નવોનો પરિત્યાગ કરીને અને ખોટી દેશનાનો ત્યાગ કરીને સમુત્થિત થયેલા છે. એવા લોકો જ ધર્મથી ભ્રષ્ટ થયેલા લોકોને શ્રુતચારિત્ર રૂપ ધર્મમાં સ્થાપિત કરે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે કેવળજ્ઞાન સૌથી મહાન્ છે, અને તેનાથી અભિન્ન હોવાને કારણે તીર્થંકરને પણ મહાન્ કહેવાય છે, કારણ કે ગુણ અને ગુણીમાં ભેદ હોતો નથી. આ પ્રકારના "મહત્વ" ગુણથી યુક્ત અને અનુકૂળ તથા પ્રતિકૂળ પરીષહો અને ઉપસર્ગોને સહન કરનારા મહર્ષિ, જ્ઞાતપુત્ર મહાવીરે ગ્રામધર્મના પરિત્યાગ રૂપ ઉત્તમ ધર્મની પ્રરૂપણા કરી છે. જેઓ પ્રયત્નશીલ રહે છે, તેમને જ સંયમ-ધર્મમાં ઉત્થિત કહેવાય છે, અને એવા લોકો જ મૈથુન આદિના સેવન રૂપ પરતીર્થિકોના ધર્મનો ત્યાગ કરીને સમ્યગ્ધર્મમાં પ્રવૃત્ત થાય છે. એવા પુરુષોજ નિહ્નવ આદિકોનો ત્યાગ કરીને કુમાર્ગની દેશનાનો ત્યાગ કરીને શ્રુતચારિત્ર રૂપ ધર્મની આરાધનાં કરે છે. આ પ્રકારે યથોક્ત ધર્મનું અનુષ્ઠાન કરનારા પુરુષો જ લોકોને ધર્મમાં પ્રવૃત્ત કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થયેલા અને કુમાર્ગમાં પ્રવૃત્ત થયેલા લોકોને ધર્મમાર્ગમાં સ્થાપિત કરે છે. અન્યત્ર પણ એવું કહ્યું છે કે–"**पुनर्भ्रष्टान् पुनर्भ्रष्टान्**" ,ઇત્યાદિ

"સંયમ રૂપ અનુષ્ઠાન પાલન કરનારા દયાળુ પુરુષો જ ધર્મથી વારંવાર ભ્રષ્ટ થનારા લોકોને ધર્મમાં સ્થાપિત કરે છે. ॥ ગાથા ૨૬ ॥

ગુરુ શિષ્યને સમજાવે છે—" **मा पेह** " ઇત્યાદિ

શબ્દાર્થ—'**पुरा-पुरा**' પૂર્વકાલમાં ભોગવેલ '**वणामए-प्रणामकान्**' શબ્દ વગેરે વિષયોનું '**मा पेह-मा प्रेक्षस्व**' સ્મરણ ના કરો '**उवहिं-उपधिम्**' માયાને અથવા આઠ પ્રકારના કર્મોને '**धुणित्तए-धूनयितुम्**' દૂર કરવાની '**अभिकंखे-अभिकांक्षेत्**' ઇચ્છા કરો. '**दुमण-दुर्मनसः**' મનને દૂષિત બનાવવા વાળા જે શબ્દ વગેરે વિષય છે '**तेहिं-तेषु**' તેમાં '**जे-ये**' જે પુરુષ '**णो णया-नो नताः**' આસક્ત નથી '**ते-ते**' તે પુરૂષ '**आहिय-आख्यातम्**' પોતાના આત્મામાં રહેલ '**समाहि-समाधिम्**' રાગદ્વેષના ત્યાગરૂપ અથવા ધર્મધ્યાનને '**जाणंति-जानन्ति**' જાણે છે. ॥૨૭॥

સૂત્રાર્થ—

હે શિષ્યો ! પૂર્વકાળમાં ભોગવેલા શબ્દાદિ વિષય ભોગોનું સ્મરણ ન કરો. ઉપાધિ એટલે કે આઠ પ્રકારના કર્મોનો નાશ કરવાની અભિલાષા રાખો. મનને વિકૃત કરનારા વિષયભોગોમાં જે પુરુષો આસક્ત થતા નથી, તેઓ સમાધિને-રાગદ્વેષના પરિત્યાગ રૂપ સમાધિને અથવા ધર્મધ્યાન રૂપ સમાધિને—વાસ્તવિક રૂપે જાણે છે, અન્ય પુરુષો તેને જાણતા નથી. ॥૨૭॥

—ટીકાર્થ—

" પ્રણામક " એટલે ' કામભોગ ' જે નરકનિગોદ આદિ ગતિઓમાં જીવને લઇ જાય છે, તેમને પ્રણામક કહે છે. પૂર્વકાળે જે કામભોગો ભોગવ્યા હોય તેનું સ્મરણ ન કરો, પરન્તુ ઉપધિ એટલે કે માયાને અથવા આઠ પ્રકારના કર્મોને દૂર કરવાની જ આકાંક્ષા રાખો, એટલે કે માયા અને કર્મોને દૂર કરવાને માટે પ્રયત્નશીલ રહો. જેઓ મનમાં વિકાર ઉત્પન્ન કરનારા શબ્દાદિ વિષયોમાં આસક્ત હોતા નથી, એવા પુરુષો જ સન્માર્ગનું અનુષ્ઠાન કરનારા છે. એવા પુરુષો જ, આત્મામાં રહેલા રાગદ્વેષના પરિત્યાગ રૂપ અથવા ધર્મધ્યાન રૂપ સમાધિને જાણે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે સાધુએ ગૃહસ્થાવસ્થામાં ભોગવેલા કામભોગોનુ સ્મરણ કરવું જોઇએ નહીં તેણે માયા અથવા અષ્ટવિધ કર્મોનો નાશ કરવાને સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ જે પુરુષો, મનમાં વિકાર ઉત્પન્ન કરનારા શબ્દાદિ વિષયોમાં આસકત હોતા નથી, તેઓ જ પોતાના આત્મામાં સ્થિત રાગદ્વેષાભાવ સ્વરૂપ અથવા ધર્મધ્યાન રૂપ સમાધિને જાણે છે, અન્ય પુરૂષો તેને જાણતા નથી ગાથા॥૨૭॥

શબ્દાર્થ—તથા '**संजए-संयतः**' સંયમી પુરૂષ '**काहिए-काथिकः**' વિરૂદ્ધ વાર્તા કહેવાવાળા '**णो होज्ज-नो भवेत्**' ના થાય તથા '**णो पासणिए-नो प्राश्निकः**' પ્રશ્નનુ ફળ કહેવાવાળા ન બને '**ण य संपसारए-न च संप्रसारकः**' અને વર્ષા એવમ્ ધનો-

પાર્જનના ઉપાયોના કહેવાવાળા પણ ના બને કિન્તુ 'अणुत्तरं-अनुत्तरम्' સર્વશ્રેષ્ઠ **'धम्म धर्मम्'** શ્રુતચારિત્ર રૂપ ધર્મને **'नच्चा-ज्ञात्वा'** જાણીને **'कयकिरिए-कृतक्रीतः'** સંયમરૂપ ક્રિયાનું અનુષ્ઠાન કરે **'ण यावि मामए न चापि मामकः'** અને કોઈપણ વસ્તુ પર મમતા ના કરે. ॥૨૮॥

--સૂત્રાર્થ--

સંયમી પુરૂષે વિરૂદ્ધ કથાકારી થવું જોઇએ નહીં, તેમ પ્રાશ્નિક થવું જોઇએ નહીં અને સંપ્રસારક (પાપસૂત્રોના પ્રચારક) પણ થવું જોઇએ નહીં પરન્તુ તેણે સર્વોત્તમ શ્રુતચારિત્ર રૂપ ધર્મને જાણીને સંયમની આરાધના કરવામાં પ્રવૃત્ત થવું જોઇએ, તેણે કોઇ પણ વસ્તુમાં મમત્વભાવ રાખવો જોઈએ નહીં ॥૨૮॥

--ટીકાર્થ--

સત્તર પ્રકારના સંયમના પાલનમાં પ્રવૃત્ત થયેલા મુનિએ રાજ્ય આદિના વિરૂદ્ધની કથા કરવી જોઇએ નહીં, તેણે શુભ અશુભ સંબંધી પ્રશ્નોનું કથન કરનારા પણ બનવુ જોઇએ નહીં ભૂમિ, આકાશ આદિ સંબંધી આઠ પ્રકારનાં નિમિત્તોનું તથા ૨૯ પ્રકારનાં પાપસૂત્રોનુ. પ્રતિપાદન અથવા કથન પણ તેણે કરવું જોઇએ નહીં પરન્તુ શ્રુતચારિત્ર રૂપ ધર્મને જ સર્વોત્તમ ગણીને સંયમની આરાધના કરવાને જ પ્રવૃત્ત થવું જોઈએ 'આ વસ્તુ મારી છે" આ પ્રકારના મમત્વ રૂપ ગ્રહથી તેણે ગ્રસ્ત થવું જોઇએ નહીં, પરન્તુ મમત્વનો પરિત્યાગ જ કરવો જોઇએ, આ કથનનું તાત્પર્ય એ છે કે સંયમશીલ મુનિએ રાજા અથવા રાજ્ય વિરૂદ્ધ ઉપદેશ આપવો નહીં, તેણે પ્રશ્નના ફલોનું કથન કરવું જોઇએ નહીં એટલેકે ભૂમિ, આકાશ આદિ સંબધી આઠ પ્રકારનાં નિમિત્તોનું કથન કરવું જોઇએ નહીં અને ધનોપાર્જન આદિના ઉપાય બતવવા જોઇએ નહીં, પરન્તુ લોકોત્તર તીર્થંકરો દ્વારા પ્રરૂપિત ધર્મને જ સર્વશ્રેષ્ઠ સમજીને, સંયમની આરાધનામાં જ પ્રવૃત્ત રહેવું જોઇએ તેણે કોઈ પણ વસ્તુમાં મમત્વભાવ રાખવો જોઇએ નહીં ॥ગાથા ૨૮ ॥

શબ્દાર્થ--**'माहणे-माहनः'** સાધુપુરૂષ **'छन्नं-छन्नम्'** માયાને **'च-च'** અને **'पसंसं-प्रशस्यम्'** લોભને **'उक्कोसं-उत्कर्षम्'** માનને **'पगासं-प्रकाशम्'** ક્રોધને **'णो करे-न कुर्यात्'** ના કરે **'जेहिं-यैः'** જે પુરૂષે **'धुयं-धुतम्'** આઠ પ્રકારના કર્મને નષ્ટ કરવાવાળા સંયમને **'सुजोसियं-सुजुष्टम्'** સમ્યક્ પ્રકારથી સેવન કર્યું છે, **'तेसिं-तेषाम्'** તેમનો જ **'सुविवेग-सुविवेकः'** ઉત્તમ પ્રકારનો વિવેક **'आहिए-आहितः'**, પ્રસિદ્ધ થયો છે અને તેજ **'पणया-प्रणताः'** ધર્મપરાયણ છે એવું જાણો. ॥૨૯॥

--સૂત્રાર્થ--

સાધુએ ક્રોધ, માન, માયા અને લોભ કરવા જોઇએ નહીં જેમણે આઠ પ્રકારના કર્મોનો વિનાશ કરવાને માટે સમ્યક્ અનુષ્ઠાન કર્યા છે, તેમના વિવેકને જ ઉત્તમ કહેવાય છે. તેઓ જ ધર્મનિષ્ટ છે. ॥ ૨૯॥

-ટીકાર્થ-

સાધુએ ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરવો જોઇએ, એટલે કે છકાયના જીવોના રક્ષક મુનિએ કષાયોનું સેવન કરવું જોઈએ નહીં જે મહાપુરૂષોએ આઠ પ્રકારના કર્મોનો ક્ષય કર્યો છે અને સમ્યક્ પ્રકારે સંયમનું પાલન કર્યું છે, તેમના વિવેકને જ ઉત્તમ કહ્યો છે. એવા પુરુષો જ ખરી રીતે ધર્મપરાયણ ગણાય છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે જેમણે અધર્મનો તથા કર્મોનો નાશ કરનાર સંયમાનુષ્ઠાન કર્યાં છે તેમનો જ ઉત્તમ વિવેક લોકમાં વિખ્યાત છે તેમની જ આ પ્રકારે પ્રશંસા થાય છે કે " આ માણુસ ધર્મપરાયણ છે " ॥ ગાથા ૨૯ ॥

શબ્દાર્થ—**'अणिहे अनीहः'** સાધુ પુરૂષ કોઇ પણ વસ્તુમાં સ્નેહ ના કરે **'सहिए-सहितः'** જ્ઞાન ચારિત્રવાળા હિતાવહ કામ કરે **'संवुडे-संवृतः'** ઇન્દ્રિય એવમ્ મનથી ગુપ્ત રહે **'धम्मट्ठी-धर्मार्थी'** ધર્મ પ્રયોજન વાળા અને તથા **'उवहाणवीरिए-उपधानवीर्यः'** તપમાં પરાક્રમ કરે **'समाहियइंदिए-समाहितेन्द्रियः'** ઇન્દ્રિયોને નિયમનમાં રાખે **'विहरेज्ज--विहरेत्'** આ પ્રકારથી સાધુ સંયમનું અનુષ્ઠાન કરે કેમકે **'अत्तहियं आत्महितम्'** પોતાનું કલ્યાણ **'दुहेण-दुःखेन'** દુઃખથી **'लब्भइ--लभ्यते'** પ્રાપ્ત થાય છે.॥૩૦॥

સૂત્રાર્થ

*સાધુએ સઘળા પદાર્થોમાં અનુરાગરહિત થવું જોઇએ, હિત એટલે કે જ્ઞાન અને* ચારિત્રથી યુક્ત થવું જોઇએ, ઇન્દ્રિયો અને મનના સંવરથી યુક્ત થવું જોઇએ, ધર્માર્થી થવુ જોઇએ, તપસ્યામાં ઉગ્ર સામર્થ્ય યુક્ત બનવું જોઇએ અને પોતાની ઇન્દ્રિયોને સંવરમાં રાખીને વિચરવું જોઈએ. એટલે કે આ પ્રકારની વિશેષતાઓથી સંપન્ન થઇને સાધુએ સંયમનુ પાલન કરવું જોઇએ. આત્મહિતની પ્રાપ્તિ ઘણી જ મુશ્કેલીએ થઇ શકે છે, તેથી સાધુએ અનુરાગનો ત્યાગ આદિ પૂર્વોક્ત વિશેષતાઓથી યુક્ત થવું જોઇએ

-ટીકાર્થ--

સાધુ 'અનીહ' હોવો જોઈએ. એટલે કે આ લોકની અને પરલોકની કોઈ પણ વસ્તુમાં તે અનુરાગ ન રાખે. સાધુએ જ્ઞાન. દર્શન, ચારિત્ર અને તપથી યુક્ત થવું જોઇએ. કારણ કે તેના દ્વારા જ મોક્ષરૂપ આત્મકલ્યાણુની પ્રાપ્તિ થાય છે. તેણે સંયમની એવી રીતે આરાધના કરવી જોઈએ કે જેથી મોક્ષરૂપ સ્વહિત સિદ્ધ થઈ. જાય. તેણે ઇન્દ્રિયોના સુખની અભિલાષા રાખવી જોઇએ નહી. પરન્તુ શ્રુતધર્મ, ચારિત્રધર્મ તથા સંયમ આદિ ધર્મની આરાધના કરવી જોઇએ. તેણે ઉપધાન (ઉગ્રતપ) માં પરાક્રમશીલ

થવુ જોઇએ આકરામાં આકરા તપ કરવા જોઇએ. તેણે ઇન્દ્રિયોને પોતાને વશ રાખવી જોઇએ. આ પ્રકારે સાધુએ જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ધર્મનું સેવન કરવું જોઇએ. કારણ કે આત્મહિતની પ્રાપ્તિ ઘણી જ મુશ્કેલીથી થાય છે, અને સઘળા પ્રાણીઓને માટે સર્વોત્તમ સુખસ્વરૂપ મોક્ષ જ આત્મહિત રૂપ છે. તેની પ્રાપ્તિ કષ્ટ સહન કર્યા વિના થઇ શકતી નથી તેના કારણભૂત સંયમના અનુષ્ઠાનમાં કષ્ટોની બહુલતા જ હોય છે એવો નિયમ છે કે દુઃખોને સહન કર્યા વિના સુખની પ્રાપ્તિ થતી નથી.

તે કારણે અહીં એવું કહેવામાં આવ્યું છે કે આત્મહિતની પ્રાપ્તિ દુઃખ સહન કરવાથી જ થાય છે. સર્વોત્કૃષ્ટ સુખસ્વરૂપ મોક્ષ જ આત્મહિત છે. જેણે ધર્મનું સેવન કર્યું નથી તેમને આત્મહિત રૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એવા જીવોને તો સંસારમાં દુઃખ સહન કરતા થકા ભટકવું જ પડે છે, કહ્યું પણ છે કે–

"**न पुनरिदमति दुर्लभम्**" અત્યંત દુર્લભ અને અગાધ સંસાર સાગરમાં પડેલું અને આગિયા તથા વિજળીના ચમકારા જેવો અલ્પકાલ સ્થાયી આ મનુષ્ય ભવ ફરીથી પ્રાપ્ત થતો નથી. ॥૧॥

તથા '**शम्या पूर्वपयोनिधौ निपतिता**'. ઇત્યાદિ--

શમ્યા (ગાડાની ધૂસરીમાં લગાડેલી લાકડી જેને કીલ અથવા ખીલી કહે છે) પૂર્વ સમુદ્રમા પડી ગઈ હોય અને ધૂસારી પશ્ચિમ સમુદ્રમાં પડી ગઈ હોય તો સમુદ્રના મોટાં મોટાં મોજાઓ વડે હડસેલાઇને કદાચ દીર્ઘકાળ બાદ તેઓ બન્ને ભેગાં થઈ જાય અને કદાચ તે શમ્યા (ખીલી) ધૂસરીના છિદ્રમા પણ પ્રવેશ કરે, પરન્તુ જેણે પુણ્યોપાર્જન કર્યું નથી એવો મનુષ્ય, એક વાર મનુષ્ય ભવ ગુમાવી બેસીને ફરી કદી પણ મનુષ્ય ભવની પ્રાપ્તિ કરી શકતો નથી ॥ ૧ ॥

આ કથનનો ભાવાર્થ એ છે કે પૂર્વસમુદ્રમાં પડી ગયેલી શમ્યા અને પશ્ચિમ સમુદ્રમાં પડી ગયેલી ધૂંસરી કદાચ દીર્ઘ કાલ બાદ સમુદ્રના પ્રબળ તરંગો વડે ધકેલાઇ ધકેલાઇને ભેગી થઇ જાય અને કદાચ તે શમ્યા ( ખીલી ) ધૂંસરીમાં પણ પ્રવિષ્ટ થઇ જાય, આ પ્રકારની અસંભવિત વાત પણ કદાચ શક્ય બને), પરન્તુ પુણ્યહીન મનુષ્ય એક વાર મનુષ્ય ભવનો ત્યાગ કરીને ફરી કદી તેને પ્રાપ્ત કરી શકતો નથી આ દૃષ્ટાન્ત દ્વારા એ બતાવવામાં આવ્યું છે કે મનુષ્ય ભવની ફરી પ્રાપ્તે થવી ઘણી જ દુષ્કર છે. મનુષ્ય ભવની પ્રાપ્તિ તો દુષ્કર છે, પરન્તુ મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને આર્યક્ષેત્ર આદિની પ્રાપ્તિ તો તેના કરતાં પણ વધુ દુષ્કર છે. આ પ્રકારે આત્મહિત સાધવાનું કાર્ય ઘણું જ દુર્લભ ગણાય છે. કહ્યું પણ છે કે–"**भूतेषु जंगमत्वं** ઇત્યાદિ–

જીવોમાં ત્રસ પર્યાય સર્વોત્તમ ગણાય છે. ત્રસોમાં પંચેન્દ્રિય પર્યાય ઉત્કૃષ્ટ ગણાય છે. પંચેન્દ્રિયોમાં મનુષ્યપર્યાય સૌથી ઉત્તમ ગણાય છે. મનુષ્ય ભવમાં આર્યક્ષેત્રની પ્રાપ્તિ આર્યક્ષેત્રમાં સત્કુળની પ્રાપ્તિ, સત્કુળમાં પણ ઉત્તમ જાતિની ( ઉત્તમ માતૃવંશની ) પ્રાપ્તિ ઉત્તમ જાતિમાં પણ રૂપની સમૃદ્ધિ અને વિશિષ્ટ તમ બળની પ્રાપ્તિ, વિશિષ્ટ બળની પ્રાપ્તિ થવા છતાં દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ, દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયા બાદ વિજ્ઞાનની હિતા-હિતના વિવેકની–પ્રાપ્તિ, વિવેકની પ્રાપ્તિ થયા બાદ સમ્યક્ત્વની અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ ચારિત્રની પ્રાપ્તિ થવી, તે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ગણાય છે. ॥ ૧-૨-૩ ॥

**'एतत्पूर्वश्चाय'** ઈત્યાદિ. આ બધી વસ્તુની પ્રાપ્તિ થયા બાદ મોક્ષ સાધવાનો સંક્ષિપ્ત ઉપાય આ છે–

"હે ભવ્ય જીવ તેં બધું જ પ્રાપ્ત કરી લીધું છે, હવે માત્ર થોડું જ પ્રાપ્ત કરવાનું બાકી છે તો ચિત્તમાં સમાધિ ધારણ કરીને મારા દ્વારા (સર્વજ્ઞ તીર્થંકરો દ્વારા) પ્રતિપાદિત માર્ગે આગળ વધવાનો પ્રયત્ન કર.

અને અનાર્ય સંગતિનો ત્યાગ કરીને સત્પુરુષોએ સદા શ્રેય સાધવાને કટિબદ્ધ થવું જોઈએ ॥ ૪--૫ ॥ ગાથા ૩૦ ॥

તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત સામાયિક ધર્મની જીવોને પહેલાં કદી પ્રાપ્તિ થઈ નથી, એજ વાતને સૂત્રકાર પ્રકટ કરે છે- "**न हि णूण** " ઈત્યાદિ

શબ્દાર્થ—**'जगसव्वदंसिणा-जगत्सर्वदर्शिना'** સમસ્ત જગત્‌ને જોવાવાળા **'नायण-ज्ञातेन'** જ્ઞાતપુત્ર **'मुणिणा-मुनिना'** મુનિએ **'सामाइयं-सामायिकम्'** સાવદ્ય વિરતિ લક્ષણ સામાયિક વગેરે કહેલ છે. તે **'णूणं-नूनम्'** નિશ્ચયથી **'पुरा-पुरा'** તીર્થં-કરના ઉપદેશ પહેલા **'णहि अणुस्सुयं-नहि अनुश्रुतम्'** જીવે સાંભળ્યું નથી **'अदुवा अथवा'** અગર સાંભળ્યુ હોય તો પણ **'तं-तत्'** તે સામાયિકને **'तहा-तथा'** તીર્થંકરના **कथनतम्** અનુસાર **'णो समुट्ठियं-नो समनुष्ठि'** તે પ્રકારે તેમનું અનુષ્ઠાનકરેલ નથી.॥૩૧

સૂત્રાર્થ–

જગત્‌ના સર્વ પદાર્થોને કેવળજ્ઞાન વડે પ્રત્યક્ષ દેખી શકનારા જ્ઞાતપુત્ર મુનિના દ્વારા ( મહાવીર સ્વામી દ્વારા ) જે સાવદ્ય ત્યાગ રૂપ સામાયિક ધર્મનું પ્રતિપાદન કર-વામાં આવ્યું છે, તેને જીવોએ પહેલાં કદી સાંભળ્યો નથી, અને કદાચ સાભળ્યો હોય તો તીર્થંકરોના કથનાનુસાર તેનું અનુષ્ઠાન ( આચરણ ) કર્યું નથી. તે કારણે જ પ્રાણી-ઓને માટે આત્મહિતની ( મોક્ષની ) પ્રાપ્તિ અત્યન્ત દુર્લભ બની ગઇ છે. ॥ ૩૧ ॥

ટીકાર્થ–

સમસ્ત પદાર્થોના દર્શકએટલે કે મુનિ જ્ઞાતપુત્ર વર્ધમાન સ્વામીએ સામાયિકથી લઇને યથાખ્યાત ચારિત્ર પર્યન્તના ચારિત્ર ધર્મનું પ્રતિપાદન કર્યું છે, આ ધર્મનું જીવે પહેલાં કદી શ્રવણ કર્યું જ નથી. કદાચ શ્રવણ કર્યું હોય. તો તેમના ઉપદેશ અનુસાર અનુષ્ઠાન ( આચરણ ) કર્યું નથી.

એવા સામાયિક આદિ રૂપ ધર્મનું જીવે કદી શ્રવણ કર્યું નથી. મહાવીર પ્રભુએ અશ્રુતપૂર્વ ધર્મનું નિરૂપણ કર્યું છે કદાચ કોઇ એવી શંકા ઉઠાવે કે જો આપે પ્રતિપાદિત કરેલો ધર્મ અપૂર્વ છે. તો પ્રવાહ રૂપે શાસ્ત્ર પરિણામ નિત્ય નહીં રહે" તો આ શંકાનું નિવારણ કરવાને માટે સૂત્રકારે કહ્યું છે કે "કદાચ આ ધર્મનું શ્રવણ કર્યું હોય એવું બન્યું હશે પરન્તુ તેનું યથાર્થ રૂપે આચરણ કરવામાં આવ્યું નથી"

આ કથનનું તાત્પર્ય એ છે કે—જો કે ધર્મ અનાદિ કાળથી વિદ્યમાન છે. પરન્તુ તીર્થંકર ભગવાન્ પોતાની વાણી દ્વારા તે ધર્મનું આચરણ કરવાની રીત જગતના જીવોને બતાવે છે,

ભાવાર્થ એ છે કે સર્વજ્ઞ તીર્થંકર મહાવીર સ્વામીએ સામાયિક આદિ ધર્મની પ્રરૂપણા કરી છે. મહાવીર ભગવાન્ દ્વારા પ્રતિપાદિત આ ધર્મનું શ્રવણ કરવાની તક આ જીવને પહેલાં કદી મળી ન હતી. કદાચ આ ધર્મનું શ્રવણ કરવાની તક પ્રાપ્ત થઈ હશે. છતાં આ જીવે કદી યથાર્થ રૂપે તેનું આચરણ કર્યું નથી ॥ ગાથા ૩૧ ॥

હવે સૂત્રકાર આ ઉદ્દેશકનો ઉપસંહાર કરતા આ પ્રમાણે ઉપદેશ આપે છે—"**एवं मत्ता**" ઈત્યાદિ--

શબ્દાર્થ– '**एवं-एवम्**' આ પ્રકારે '**मत्ता-मत्वा**' માનીને '**महंतरं-महदन्तरम्**' સર્વોત્તમ '**धम्ममिणं-धर्ममेनम्**' આ શ્રુતચારિત્રરૂપ આર્હત ધર્મનો સ્વીકાર કરીને '**सहिया-सहिताः**' જ્ઞાન વગેરેથી યુક્ત '**गुरुणो छंदाणुवत्तगा-गुरोश्छंदानुवर्तकाः**' ગુરૂના અભિપ્રાય અનુસાર વર્તવાવાળા '**विरया-विरताः**' પાપથી રહિત '**बहुजणा-बहुजनाः**' અનેક જીવોએ '**महोघं-महौघम्**' સંસાર સાગરને '**तिन्ना-तीर्णाः**' સંસારને પાર કરેલ છે એવું '**आहियं-आख्यातम्**' હું આપને કહું છું '**त्तिबेमि-इति ब्रवीमि**' તે તીર્થંકરના મોઢાથી સાંભળ્યું છે તે જ આપને કહુ છુ મારી જાતે કલ્પના કરીને કહેતો નથી. ॥૩૨॥

સૂત્રાર્થ–

આ પ્રકારના આ શ્રુતચારિત્ર રૂપ ધર્મને સર્વોત્તમ માનીને, જ્ઞાનાદિથી સંપન્ન. ગુરુની આજ્ઞાનું અનુસરણ કરનારા અને પાપોથી વિરત અનેક મહાપુરૂષો સંસાર સાગરને તરી ગયા છે. આ પ્રકારની વાત મેં ખુદ તીર્થંકર ભગવાનને મુખે સંભળી છે તેમની સમક્ષ મેં (સુધર્મા સ્વામીએ) જે વાત સંભળી છે, એજ તમારી સમક્ષ કહું છું મારી પોતાની કલ્પનાથી હું તમને કંઇ પણ કહેતો નથી ॥ ૩૨ ॥

ટીકાર્થ

તડકા અને છાંયડા વચ્ચે જેવો તફાવત છે. જ્ઞાન અને અજ્ઞાનમાં જેવો તફાવત છે પુણ્ય અને પાપમા જેવું અન્તર છે એવું જ અન્તર હિંસાનું પ્રતિપાદન કરનારા અન્ય ધર્મો અને પ્રાણાતિપાત વિરમણરૂપ આ ધર્મમાં છે. તેથી જ આ શ્રુતચારિત્રરૂપ ધર્મને સર્વોત્કૃષ્ટ કહ્યો છે. સર્વજ્ઞોક્ત આ જૈન ધર્મનો સ્વીકાર કરીને. જ્ઞાન દર્શન. ચારિત્ર અને તપનથી સમ્યક્ પ્રકારે આરાધના કરીને, અને ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્ત-

નકરીને. અષ્ટવિધ કર્મોનો ક્ષય કરીને અનેક જીવો આ અપાર સંસાર સાગરને તરી ગયા છે. સુધર્મા સ્વામી જંબૂ સ્વામી આદિ શિષ્યો ને કહે છે કે ભગવાનને મુખે મેં જે સાંભળ્યું છે એજ તમારી સમક્ષ પ્રકટ કરૂં છું મારી બુદ્ધિ દ્વારા કલ્પના કરીને મેં તમને આ ઉપદેશ આપ્યો નથી પરન્તુ ખુદ સર્વજ્ઞ ભગવાન્ મહાવીરને મુખે સાંભળેલી આ વાત હું તમારી સમક્ષ કહી રહ્યો છું.

આ કથનનો ભાવાર્થ એ છે કે મોક્ષની પ્રાપ્તિ થવી ઘણી જ દુષ્કર છે. અને શ્રુતચારિત્ર રૂપ ધર્મ જ સર્વોત્તમ છે એવું સામજીને તેની આરાધના કરનારા જ્ઞાન દર્શન ચારિત્ર અને તપથી યુક્ત ગુરૂ દ્વારા નિર્દિષ્ટ માર્ગ પર ચાલનારા અને પાપો થી નિવૃત્ત થઇ ચુકેલા અનેક મનુષ્યો આ સંસાર સાગરને તરી ગયા છે; ॥ ગાથા ૩૨ ॥

॥ બીજા અધ્યનનો બીજો ઉદ્દેશક સમાપ્ત॥

## સાધુઓં કો પરીષહ એવં ઉપસર્ગ સહનેકા ઉપદેશ

ત્રીજાઉદ્દશાનો પ્રારંભ-

બીજો ઉદ્દેશક પૂરો થયો હવે ત્રીજા ઉદ્દેશકની શરૂઆત કરવામાં આવે છે. બીજા ઉદ્દેશક સાથે આ ઉદ્દેશકનો સંબંધ આ પ્રકારનો છે. બીજા ઉદ્દેશકને અન્તે એવું કહેવામાં આવ્યું હતું કે પાપકર્મથી નિવૃત્ત પુરુષ સંસાર સાગરને તરી જાય છે. આ ઉદ્દેશકમાં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવશે કે સાધુએ પરીષહો અને ઉપસર્ગોને સહન કરવા જોઇએ, કારણ કે તેમને સહન કરવાથી જ અજ્ઞાનજનિત કર્મોનો ક્ષય થાય છે. આ પ્રકારે આ ત્રીજા ઉદ્દેશકના અર્થાધિકારનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે પરીષહો અને ઉપસર્ગોને સહન કરવાથી અજ્ઞાનજનિત કર્મોનો વિનાશ થાય છે, તેથી સાધુએ પરીષહો અને ઉપસર્ગોને સમભાવે સહન કરવા જોઇએ એ વાતનું પ્રતિપાદન કરવા માટે જ ત્રીજા ઉદ્દેશકની શરૂઆત કરવામાં આવે છે. ત્રીજા ઉદ્દેશકનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે-

"**संवुडकम्मस्स**" ઈત્યાદિ

શબ્દાર્થ—'**संवुडकम्मस्स-संवृतकर्मणः**' આઠ પ્રકારના કર્મોનું આગમન જેણે રોકી દીધું છે, એવા '**भिक्खुणो-भिक्षोः**' સાધુને તથા '**अबोहिए-अबोधिना**' અજ્ઞાન વશથી '**जं-यत्**' જે '**दुक्ख-दुःखम्**' દુઃખ '**पुट्ठ-स्पृष्टम्**' બાંધેલ છે '**तं-तत्**' તે દુઃખ '**संजमओ-संयमतः**' બધા જ પ્રકારના સંયમથી '**अवचिज्जइ-अपचीयते**' દરેક ક્ષણે ક્ષીણ થઈ જાય છે અને '**पंडिया-पंडिताः**' તે પંડિત પુરૂષ અર્થાત્ સત્ય અસત્યના વિવેકવાળા પુરૂષ '**मरणं हिच्चा-मरणं हित्वा**' મરણને છોડીને '**वयंति-व्रजन्ति**' મોક્ષને પ્રાપ્ત કરે છે. ॥ ૧ ॥

-સૂત્રાર્થ-

અજ્ઞાનને કારણે બાંધેલા અથવા નિકાચિત થયેલા આઠ પ્રકારના કર્મોના આશ્રવ દ્વારોને બંધ કરનાર સાધુ, ભગવાન્ દ્વારા આદિષ્ટ સત્તર પ્રકારના સંયમનું પાલન કરવાથી

તે કર્મોને ક્ષણે ક્ષણે ક્ષીણ કરતો રહે છે. જેવી રીતે તળાવમાં નવીન જળને આવતું અટકાવી દેવામાં આવે તો તળાવનું પાણી સૂર્યના તાપથી પ્રતિદિન સૂકાતુ જાય છે. એજ પ્રમાણે આશ્રવ દ્વારોનો નિરોધ કરનારા ભિક્ષુના અનેક ભવોમાં ઉપાર્જિત કર્મો પણ સંયમના અનુષ્ઠાન વડે ક્ષીણ થઇ જાય છે. તેથી તેઓ સંયમનું અનુષ્ઠાન કરનારા છે, તેઓ જ પંડિત (સત્ અસત્‌ના વિવેકયુક્ત) કહેવાય છે. એવા પુરુષો જ સંયમની આરાધના કરીને મરણનો ત્યાગ કરીને એટલે કે સંસારભ્રમણ માંથી છુટકારો પામીને મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥૧॥

–ટીકાર્થ–

આઠ પ્રકારના કર્મોના આગમનમાં કારણભૂત એવા પાંચ પ્રકારના આશ્રવને જેમણે રોકી દીધા છે, એવા ભિક્ષુને અર્થાત્ નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરનાર સાધુને અજ્ઞાન દ્વારા જે દુઃખ આવી પડ્યું છે અથવા જે કર્મોનો બન્ધ થયો છે. તે દુઃખ અને કર્મનો સંયમની આરાધના કરવાથી નાશ થઇ જાય છે. સત્ અસત્‌ના વિવેકવાળો પુરુષ મરણનો ત્યાગ કરીને (સંસાર ભ્રમણનો ત્યાગ કરીને) મોક્ષ પ્રાપ્ત કરે છે. જે પુરુષે કર્મનું આગમન રોકી દીધું છે, અથવા અસત્કર્મના અનુષ્ઠાનનો પરિત્યાગ કર્યો છે અથવા મિથ્યાદર્શન, અવિરતિ પ્રમાદ, કષાય અને યોગરૂપ કર્મબન્ધના કારણોનો ત્યાગ કરી દીધો છે, તે પુરુષને અજ્ઞાનને કારણે જે પ્રતિકૂળ વેદનીય કર્મોનો બન્ધ થયો છે, અથવા દુઃખના કારણભૂત આઠ પ્રકારના જે કર્મ બદ્ધ, સ્પૃષ્ટ કે નિકાચિત કર્મો રૂપે ઉપચિત થયા છે, તેમને તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ સત્તર પ્રકારના સંયમના અનુષ્ઠાન દ્વારા ક્ષણે ક્ષણે ક્ષીણ કરી શકાય છે. જેવી રીતે તળાવમાં નવીન પાણીના આગમનના માર્ગોને બંધ કરી દેવામાં આવે તો તળાવમાં રહેલું પાણી સૂર્યના તાપથી ધીમે ધીમે સૂકાઇને સંપૂર્ણતઃ નષ્ટ થઇ જાય છે, એજ પ્રમાણે આશ્રવદ્વારોનો નિરોધ કરનારા સંવૃતાત્મા સાધુના અનેક ભવોમાં ઉપાર્જિત પુરાતન કર્મોનો પણ સંયમના અનુષ્ઠાન વડે ક્ષય થઈ જાય છે. જે સંવૃતાત્મા સંયમાનુષ્ઠાનનું પાલન કરે છે, તે જન્મ, જરા, મરણ આદિને નષ્ટ કરીને મોક્ષ પ્રાપ્ત કરી લે છે. ॥૧॥

જે પુરુષ દીક્ષા લઈને સંયમનું અનુષ્ઠાન કરવા છતાં પણ એજ જન્મમાં મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી, એવા પુરુષવિશેષને અનુલક્ષીને સૂત્રકાર કહે છે કે–

" **जे विन्नवणाहिं** " ઇત્યાદિ–

શબ્દાર્થ—**'जे-ये'** જે પુરૂષ **'विन्नवणाहिं-विज्ञापनाभिः'** સ્ત્રીઓથી **'अजोसिया-अजुष्टाः'** સેવિત નથી, તેઓ **'संतिन्नेहिं-संतीर्णैः'** મુક્ત પુરૂષોના **'समं-समम्'** સમાન **'वियाहिया-व्याख्याता'** કહેલ છે **'तम्हा-तस्मात्'** એટલા માટે **'उड्ढं-ऊर्ध्वम्'** સ્ત્રી પરિત્યાગ પછી જ **'पासह-पश्यत'** મોક્ષ પ્રાપ્ત થાય છે એવું હે શિષ્યો! તમે જાણો **'कामाइं-कामान्'** કામભોગોને જે પુરૂષોએ **'रोगवं-रोगवत्'** રોગના તુલ્ય **'अदक्खु-अद्राक्षुः'** જોયું છે તે મુક્તના તુલ્ય છે. ॥ ૨ ॥

-સૂત્રાર્થ-

કામી જનો જેમની વિજ્ઞાપના અથવા આજીજી કરે છે, તેમને વિજ્ઞાપના કહે છે, એટલે કે "વિજ્ઞાપના" પદ અહીં સ્ત્રીનું વાચક છે. જે મહાપુરુષો સ્ત્રીઓ દ્વારા સેવિત નથી, તેમને મુક્તપુરુષોના સમાન કહ્યા છે. હે શિષ્યો! સ્ત્રીનો ત્યાગ કરવાથી શો લાભ થાય છે, તે જુવો એટલે કે એ વાતને જાણી લો કે સ્ત્રીનો ત્યાગ કરનાર મહાપુરુષો મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેમણે કામભોગોને રોગના સમાન માન્યો છે, તેઓ મુક્તપુરુષોના જેવા જ છે ॥૨॥

-ટીકાર્થ-

કામી જનો દ્વારા જેમને વિજ્ઞપ્તિ (આજીજી) કરાય છે, અથવા જેમના દ્વારા કામ સેવનને માટે કામીજનોને વિજ્ઞપ્તિ કરાય છે, તેમને વિજ્ઞાપના અર્થાત્ સ્ત્રી કહે છે. તેમના દ્વારા જે પુરુષો સેવિત નથી, તે પુરુષોને સંસાર સાગરને તરી જનારા મુક્તાત્માઓના જેવાં કહ્યા છે, જે પુરુષો સ્ત્રી સંપર્કથી રહિત છે, તેમને મુક્ત પુરુષો જેવા જ માનવામાં આવે છે. સ્ત્રી જ સંસાર સાગરમાં ડુબાડનારી છે, જેઓ તેનાથી રહિત છે. તેઓ મુક્ત અથવા મુક્તસમાન છે.

હે સંસાર! તને સઘળા જીવો પાર કરી શકત, પરન્તુ આ અબળા (સ્ત્રી) રૂપી સબળ રુકાવટ તારા માર્ગની વચ્ચે નડે છે. તે સર્વથા બન્ધકારિણી છે અને નરક આદિ દુર્ગતિઓમાં લઇ જનારી છે. કહ્યું પણ છે કે-"**संसार तव दुस्तार**" ઇત્યાદિ

"હે સંસાર! જો વચ્ચે આ દુસ્તરા (જેને પાર કરવાનું દુષ્કર છે એવી), મદિરેક્ષણા (માદક દૃષ્ટિવાળી) કામિની ન હોત તો તારી આ જે દુસ્તરા પદવી (માર્ગ) છે, એ કોઈ મુશ્કેલી ભરી વાત ન હોત એટલે કે જો કામિની ન હોત, તો તને (સંસારને) પાર કરવાનુ કાર્ય કઠન ન બનત."

જેવી રીતે સોનાની સાંકળ પણ બન્ધનનું જ કારણ બને છે, એજ પ્રમાણે સારા કુળમાં ઉત્પન્ન થયેલી કામિની પણ પુરુષોને માટે બન્ધનનું જ કારણ બને છે. કહ્યું પણ છે કે- "**कामं कुलकलंकाय**" ઇત્યાદિ-

"કામિની ભલે સત્કુળમાં જન્મી હોય, પરન્તુ તે કુળના કલંકનું જ કારણ બને છે. જેવી રીતે સોનાની સાંકળ બંધનનું કારણ બને છે. એવીજ રીતે સત્કુલમાં જન્મેલી હોય એવી સ્ત્રી પણ પુરુષને માટે બન્ધનનું જ કારણ થઈ પડે છે. તેમાં સંશયનો અવકાશ જ નથી."

સ્ત્રી માયાચાર કરનારી, પુણ્ય નું ખંડન કરનારી, પુરુષનો સર્વથા નાશ કરનારી તથા નરકનાં પાત્રરૂપ હોય છે. કહ્યું પણ છે કે-"**प्रमदा ह्युत्पथं नेतुं**" ઇત્યાદિ-

"સ્ત્રી પુરુષને ઉન્માર્ગે લઈ જવાનો પ્રયત્ન કરે છે, તે માયાની ટોપલી જેવી છે, સુકૃતનો નાશ કરનારી ચંડી છે અને નરકની હંડી (હાંડી) છે."

આ પ્રકારે નિન્દા કરીને સ્ત્રીઓને જ ભવભ્રમણનું મૂળ કહેવામાં આવેલ છે. આજ પણ એવુ જોવામાં આવે છે કે શાસ્ત્રોમાં પારંગત મહાન્ પુરુષો પણ સ્ત્રીના બન્ધનમાં બંધાઇને સંસારને અનુકૂળ આચરણ જ કરે છે, અને જેઓ સ્ત્રીથી રહિત છે-સ્ત્રીમાં આસક્ત નથી, એવા પુરુષો અલ્પબુદ્ધિ વાળા હોવા છતાં પણ સ્વેચ્છાથી ધર્મધ્યાન આદિમાં લીન રહે છે. તેથી સ્ત્રીના સંપર્કથી રહિત પુરુષોને મુક્તાત્માઓના જેવા કહ્યા છે. એજ પ્રમાણે સ્ત્રીઓને માટે પુરુષો પણ સમજવા-એટલે કે જે સ્ત્રી પુરુષના સંપર્કનો ત્યાગ કરે છે, તે પણ મુક્તાત્મા સમાન જ છે. આ ગાથા દ્વારા એ વાતને પ્રતિપાદિત કરવામાં આવી છે કે સ્ત્રીનો ત્યાગ કર્યા બાદ જ મુક્તિની પ્રાપ્તિ થઇ શકે છે. જેણે કામને રોગ સમાન માન્યો છે, તે પુરુષ પણ મુક્તના સમાન છે. ॥ ગાથા ૨ ॥

વળી સૂત્રકાર ઉપદેશ આપે છે કે-" **अग्गं वणिएहिं** " ઇત્યાદિ

શબ્દાર્થ—'**इह-इह**' આ લોકમાં '**वणिएहिं-वणिग्भिः**' વણિગ્જના દ્વારા '**आहियं-आहितम्**' દૂર દેશથી લાવેલ '**अग्गं-अग्र्यम्**' ઉત્તમોત્તમ વસ્તુઓને '**राईणिया-राजानः**' રાજા મહારાજા વગેરે '**धारंति-धारयन्ति**' ધારણ કરે છે '**एवं-एवम्**' આ પ્રકારે '**अक्खाया-आख्यातानि**' આચાર્યોના દ્વારા પ્રતિપાદિત '**सराइभोयणा-सरात्रिभोजनानि**' રાત્રિ-ભોજનના પરિત્યાગની સાથે '**परमा-परमाणि**' ઉત્કૃષ્ટ '**महव्वया-महाव्रतानि**' પ્રાણાતિપાત વિરમણ વગેરે મહાવ્રતોને સાધુપુરૂષ ધારણ કરે છે. ॥ ૩ ॥

-સૂત્રાર્થ-

જેવી રીતે વ્યાપારીઓ દ્વારા પરદેશમાંથી લાવવામાં આવેલાં ઉત્તમ રત્ન આદિકોને રાજાઓ ધારણ કરે છે, એ જ પ્રમાણે તીર્થંકર દ્વારા પ્રતિપાદિત રાત્રિ ભોજનવિરમણ સહિત પ્રાણાતિપાતવિરમણ આદિ મહાવ્રતોને ભાગ્યશાળી પુરુષો જ ધારણ કરે છે. ॥૩॥

—ટીકાર્થ—

આ લોકમાં વ્યાપારીઓ દ્વારા દૂર દૂરના દેશોમાંથી લાવવામાં આવેલા ઉત્તમ રત્ન વગેરેને જેવી રીતે રાજા મહારાજા ધારણ કરે છે, એજ પ્રમાણે તીર્થંકર દ્વારા ઉપદિષ્ટ રાત્રિભોજનવિરમણ સહિત ઉત્કૃષ્ટ પાંચ મહાવ્રતોને સાધુ પુરુષો જ ધારણ કરે છે.

આ કથનનું તાત્પર્ય એ છે કે દૂર દૂરના દેશોમાંથી વ્યાપારીઓ દ્વારા જે બહુમૂલ્ય રત્નાદિકોને લાવવામાં આવે છે તેને કોઇ સાધારણ મનુષ્ય ધારણ કરી શકતો નથી. પણ રાજા મહારાજાઓ જ ધારણ કરે છે, એજ પ્રમાણે તીર્થંકરો દ્વારા નિરૂપિત રાત્રિભોજન વિરમણ સહિત પાંચ મહાવ્રતોને સાધુ પુરુષો જ ધારણ કરે છે. કોઈ સામાન્ય સાધુ તેને ધારણ કરી શકતો નથી, પરન્તુ સિંહના સમાન શૂરવીર અને સ્ત્રીઓના સંપર્ક આદિથી રહિત સાધુઓ જ તેને ધારણ કરી શકે છે. ॥ ગાથા ૩ ॥

શબ્દાર્થ—'इह-इह' આ લોકમાં 'जे नरा-ये नराः' જે મનુષ્ય 'सायाणुगा-साता- नुगाः' સુખની પાછળ ચાલે છે 'अज्झोववन्ना-अध्युपपन्नाः' તથા ઋદ્ધિરસ અને સાતા ગૌરવમાં આસક્ત છે એવમ્ 'कामेहिं-कामेषु' શબ્દ વગેરે કામભોગોમાં 'मुच्छिया- मूर्च्छिताः' આસક્ત છે 'किवणेण कृपणेन' તે ઇન્દ્રિય લંપટોના 'समं-समम्' સમાન 'पगब्भिया-प्रगल्भिताः' ધૃષ્ટતાપૂર્વક કામભોગનું સેવન કરે છે 'अहियंपि-आहितमपि' આવા લોકો કહેવા છતાં પણ 'समाहिं-समाधिम्' સમાધિ-ધર્મધ્યાનને 'न-न' નથી 'जाणंति-जानन्तीति' જાણતા. ॥ ૪ ॥

—સૂત્રાર્થ—

આ લોકમાં જે મનુષ્યો સુખશીલ આરામને પસન્દ કરનારા હોય છે. ઋદ્ધિ, રસ અને સાતાના ગૌરવમાં આસક્ત છે, તથા શબ્દાદિ કામભોગોમાં મૂર્છિત છે, તેઓ કૃપણોના સમાન એટલે કે ઇન્દ્રિયો દ્વારા પરાજિતોના સમાન ધૃષ્ટતાયુક્ત જ છે. એવા પુરૂષોને સમાધિધર્મ સમજાવવા છતાં પણ તેઓ સમજતા નથી. ॥૪॥

—ટીકાર્થ—

આ લોકોમાં જે મનુષ્યો માળા, ચન્દન, સ્ત્રી આદિ દ્વારા પ્રાપ્ત થતાં આ લોકના વૈષયિક સુખનું અને સ્વર્ગાદિ પારલૌકિક સુખનું જ અન્વેષણ (શોધ) કરતા રહે છે, તથા જેઓ ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને સાતાગૌરવમાં આસક્ત છે, અને જેઓ ઇચ્છા તથા મદન રૂપ કામોમાં મૂર્છિત છે-કામભોગોની તીવ્ર લાલસાવાળા છે, તેઓ ઇન્દ્રિયોના દાસ બનીને કામભોગોનું સેવન કર્યા કરે છે અને તેમ કરવામાં બિલકુલ લજ્જા કે સંકોચ અનુભવતા નથી. અથવા "બન્ને સમય પ્રતિલેખના (પલેવણા) ન કરવાથી અથવા નાનાં નાનાં દોષો થઇ જવાથી સંયમ થોડો જ નષ્ટ થઈ જવાનો છે!" એવો વિચાર કરનારા પુરુષો પ્રમાદશીલ જ છે. તેઓ ઇન્દ્રિયલોલુપ માણસોના જેવાં જ ધૃષ્ટ છે. એવાં પુરુષોને ગમે તેટલું કહેવામાં આવે, તો પણ સમાધિધર્મને તેઓ સમજતા નથી.

આ કથનનો ભાવાર્થ એ છે કે-આલોકમાં જે મનુષ્યો સુખની જ શોધમાં રહે છે, ઋદ્ધિ,રસ અને સાતાગૌરવમાં આસક્ત રહે છે. તથા કામભોગાદિમાં જ લોલુપ રહે છે, તેઓ ઇન્દ્રિયો દ્વારા પરાજિત થઇ ને પરાજિતોના સમાન જ (ગુલામોની જેમ) કામસેવનમાં ધૃષ્ટ (લજ્જા રહિત) થઈ જાય છે. તેમને ગમેતેટલું કહેવામાં આવે છતાં પણ ધર્મધ્યાન આદિને તેઓ જાણતા જ નથી. સામાન્ય રીતે તો આવા માણસો ધર્મધ્યાનની વાતજ સાંભળતા નથી અને કદાચ સાંભળે છે, તો એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે. કદાચ આદર પૂર્વક સાંભળે છે, તો તેને સમજી શકતા નથી. ॥૪॥

સૂત્રકાર આગળ ઉપદેશ આપતા કહે છે કે- " **वाहेण जहा** " ઇત્યાદિ—

શબ્દાર્થ—'**जहा-यथा**' જે પ્રકારે '**वाहेण-वाहेन**' ગાડીવાળાના દ્વારા '**विच्छए-विक्षतः**' ચાબુક મારીને '**पचोईए-प्रचोदितः**' પ્રેરિત કરેલ '**अबले गवं-अबलो गौः**' દુર્બળ બળદ ચાલતો નથી, પરંતુ '**से-सः**' તે '**अप्पथामए-अल्पस्थामा**' અલ્પ સામર્થ્યવાળા '**अवले-अबलः**' દુર્બળ બળદ '**अंतसो-अंतशः**' મરણ પર્યન્ત પણ '**नाइवहइ-नातिवहति**' ભારવહન કરી શકતો નથી પરંતુ '**विसीयइ-विषीदति**' કાદવ વગેરેમાં ફસાઇને કલેશ ભોગવે છે. ॥ ૫ ॥

-:સૂત્રાર્થઃ-

ગાડું હાંકનાર માણસ દ્વારા ગમે તેટલી મારપીટ આદિ કરવામાં આવે તો પણ દુર્બળ બળદ ચાલતો નથી. સામર્થ્યહીન અને નિર્બળ હોવાને કારણે તે મરણ પર્યન્ત પણ ભારને વહન કરી શકવાને સમર્થ હોતો નથી, એવો બળદ તો પોતાની કમજોરીને કારણે કાદવ આદિમાં ફસાઇને દુઃખી જ થાય છે. ॥૫॥

-:ટીકાર્થઃ-

રથ અથવા ગાડીને જોડવામાં આવેલ નિર્બળ બળદને સારથિ અથવા ગાડીવાળો ગમે તેટલી લાકડીઓના પ્રહાર કરે, ગમે તેટલા ચાબૂક ફટકારે, છતાં પણ ભારવહન કરવાને અસમર્થ એવો તે કમજોર બળદ તેને વહન કરવાને સમર્થ થઇ શકતો નથી. એવો કમજોર બળદ આખરે કાદવકીચડમાં ફસાઇ પડીને દુઃખી જ થાય છે.

જેવી રીતે કમજોર બળદને ગમે તેટલો મારવામાં આવે છતાં પણ તે વિષમ માર્ગ પર ગાડી ખેંચી શકતો નથી, એને કાદવ કીચડમાં ફસાઇ પડીને દુઃખી જ થાય છે. એજ પ્રમાણે કામભોગોમાં આસક્ત પુરુષને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે, અને પરલોકનો (નરકાદિનો) ભય બતવવામાં આવે. તોપણ તે સમજતોજ નથી. અને અન્તે દુઃખી જ થાય છે. ॥ ગાથા ૫ ॥

સૂત્રકાર વળી આ પ્રમાણે ઉપદેશ આપે છે—" **एव कामेसणं** " ઇત્યાદિ

શબ્દાર્થ-'**एवं-एवम्**' ઉપર્યુક્ત પ્રકારથી '**कामेसणं-कामेषणायां**' શબ્દ વગેરે વિષયોના અન્વેષણમાં '**विऊ-विद्वान्**' નિપુણ પુરૂષ '**अज्जसुए-अद्यश्वः**' આજે અથવા કાલે '**संथवं-संस्तवम्**' વિષયભોગની એષણાને '**पहएज्ज-प्रजह्यात्**' છોડી દઉં એવો વિચાર જ કરે છે પરંતુ છોડતો નથી, પરંતુ '**कामी-कामी**' કામી પુરૂષ '**कामे-कामान्**' કામભોગોની '**न कामए-न कामयेत्**' કામના ના કરે એવમ્ '**लद्धे वावि-लब्धान् अपि**' પ્રાપ્ત થયેલ કામભોગોને પણ '**अलद्धा-अलब्धान्**' ના મલ્યાના સમાન '**कण्हुइ-कुतश्चित्**' તેમાં કદી પણ આસક્તિ ના કરે. ॥ ૬ ॥

-:સૂત્રર્થઃ-

એજ પ્રમાણે શબ્દાદિ રૂપ કામભોગોની ગવેષણા (શોધ, તલાશ) કરવામાં નિપુણ

પુરુષ એવો વિચાર કરે છે કે "આજથી જ કામભોગોનો ત્યાગ અથવા કાલથી ત્યાગ કરીશ" પરન્તુ તે કામભોગોનો ત્યાગ કરી શકતો નથી. વિવેકવાન્ પુરુષે કામભોગોની ઇચ્છા જ ન કરવી જોઇએ કદાચ અનાયાસે કામભોગોની પ્રાપ્તિ થઇ જાય, તો પણ તે કામભોગોને અપ્રાપ્ત જેવાં કરી દેવા જોઇએ. તેમાં આસક્ત થવું જોઇએ નહીં. ॥ ૬ ॥

એજ પ્રમાણે કામભોગોમાં આસક્ત પુરુષ એવો વિચાર કરે છે કે "આજે કામભોગોનો ત્યાગ કરીશ, કાલે ત્યાગ કરીશ," પરન્તુ તે આ વિચારને અમલમાં મૂકી શકતો નથી. ખરી રીતે તો કામભોગોની ઇચ્છા જ કરવી જોઇએ નહીં, એટલું જ નહીં પણ જે કામભોગો પ્રાપ્ત થતા હોય, તેમને અપ્રાપ્ત જેવાં જ કરી નાખવા જોઇએ.

આ કથનનો એવો ભાવાર્થ છે કે ક્યારેક માણસ કામભોગોને છોડવાનો વિચાર કરે છે—અનેતે આજ છોડું, કાલ છોડીશ, એવો વિચાર કર્યા કરે છે, પરન્તુ તે કામભોગોનો કદી પણ ત્યાગ કરી શકતો નથી. કહ્યું પણ છે કે—"**नोपमोक्तुं न च त्यक्तुं**"

"જેવી રીતે દાંતવિનાનો કૂતરો અસ્થિને માત્ર જીભવડે ચાટે જ છે, એજ પ્રમાણે દુર્બળ માણસ કામભોગોને ભોગવી શકતો નથી અને તેમનો ત્યાગ પણ કરી શકતો નથી"

માટે સારામાં સારી વાતતો એજ છે કે કામભોગની કામના જ કરવામાં ન આવે કદાચ સંયોગવશ કામભોગોની અનાયાસે પ્રાપ્તિ થઇ જાય તો તેમને અપ્રાપ્ત જેવા કરી નાખવા જોઇએ, એટલે કે તે કામભોગોમાં આસક્ત થવુ જોઇએ નહીં. ॥ ગાથા ૬ ॥

પૂર્વોક્ત કથન દ્વારા કામભોગોના ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે, પરન્તુ તેમનો ત્યાગ કેવી રીતે કરવો જોઇએ અને તેમનો સ્વીકાર કરવાથી શી હાનિ થાય છે? અનુકૂળ વસ્તુનો ત્યાગ કરાતો નથી. કદાચ એવું કહેવામાં આવે કે દુઃખોથી યુક્ત હોવાને કારણે અથવા દુઃખોનું કારણ હોવાને કારણે તેમનો ત્યાગ કરવો જોઇએ, તો અહીં એવી પણ કરી શકાય કે મોક્ષનો પણ પરિત્યાગ કરવો જોઇએ, કારણ કે અનેક પ્રકારના કષ્ટો સહન કર્યા બાદ મોક્ષની પ્રાપ્તિ થાય છે. દુઃખોનો સંયોગ ઉત્પન્ન કરનારા હોવાથી તેમનો ત્યાગ કરવો ઉચિત નથી, હા, દુઃખોથી બચવા માટે ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. કહ્યું પણ છે–કે–"**नहि मृगाः सन्तीति शालयो नोप्यन्ते**" "હરણાંઓ છે, માટે ધાન્યનું વાવેતર જ બંધ કરીદો, એવું કોઇ સ્વીકારતું નથી" એજ પ્રમાણે દુઃખનો સંયોગ હોવાથી કામભોગોનો પણ ત્યાગ કરવાનું કોઇ કહેતો તેને પણ સ્વીકારી શકાય નહીં. આ શંકાનુ નિવારણ કરવાને માટે સૂત્રકાર કહે છે કે કામભોગો નિસ્સાર છે અને દુઃખોની પરંપરાના જનક છે'–"**मा पच्छो असाहुया**" ઇત્યાદિ–

શબ્દાર્થ—'पच्छा-पश्चात्' પાછળ 'मा-मा' ન ન 'असाहुया भवे-असाधुता भवेत्' દુર્ગતિ ગમન થાય એટલા માટે 'अच्चेहि-अत्येहि' अप्पग आत्मानम्' વિષય સેવનથી આત્માને અલગ કરો અને પોતાના આત્માને 'अणुशास-अणुशाधि' શિક્ષા આપો. 'असाहु-असाधुः' હિંસા વગેરે કરવાવાળા અસાધુપુરૂષ 'अहियं च-अधिकं च' અધિક રૂપથી सोयइ-शोचति' શોક કરે છે 'से-सः' તે 'थणइ-स्तनति' વધારે બુમો પાડે છે તથા बहु परिदेवइ-बहु परिदेवते' વધારે રૂપથી વિલાપ કરે છે. ॥ ૭ ॥

-:સૂત્રાર્થ:-

પાછળથી (આ ભવનું આયુષ્ય પૂરૂં કરીને) દુર્ગતિગમન આદિ અસાધુતાની પ્રાપ્તિ ન થાય, તે ભાવનાથી આત્માને વિષયોમાંથી અલગ કરી દો. આત્મા પર શાસન કરો આ સાધુ પુરુષને (સંયમ રહિત પુરુષને) શોક કરવો પડે છે, નિસાસા નાખવા પડે છે અને અત્યન્ત વિલાપ કરવો પડે છે. ॥૭॥

:-ટીકાર્થ:-

મનુષ્યભવ સંબંધી આયુષ્ય પૂરૂ કરીને અસાધુતા પ્રાપ્ત ન થાય—દુર્ગતિમાં જવુ ન પડે, એવો વિચાર કરીને અનુશાસન કરો. એટલે કે આત્મા પર શાસન કરો. એવો ઉપદેશ આપો કે વિષયોનું સેવન કરવાથી આત્માને અધોગતિમાં જવું પડે છે, તેથી વિષયોનું સેવન કરવું તે ઉચિત નથી. હે ભવ્ય ! જે પુરુષ અસાધુ છે. એટલે કે સત્ અસત્‌ના વિવેકથી રહિત છે. તે નરકાદિ ગતિઓમાં પરધામિકો દ્વારા ખૂબ જ પીડિત થઇને અત્યન્ત દુઃખનો અનુભવ કરે છે, કદાચ તિર્યંચ ગતિમાં પશુ આદિ રૂપે તેની ઉત્પત્તિ થાય, તો તેને ભૂખ, તરસ આદિ વેદનાઓ સહન કરવી પડે છે. "ઓ બાપરે ! મરી ગયો" ઇત્યાદિ રૂપે—આક્રંદ કરવા છતાં પણ તે દુઃખમાંથી તે છુટકારો મેળવી શકતો નથી.

આ કથનનો ભાવાર્થ એ છે કે આત્માને દુર્ગતિમાં પડતો અટકાવવો હોય, તો તેને તેને વિષય સેવનથી પૃથક્ કરવો જોઇએ, અને તેના પર અંકુશ રાખવો જોઇએ. તેને એવી શિખામણ દેવી જોઇએ કે ક્ષણ ભર સુખદેનારા અને દીર્ઘ કાળ સુધી દુઃખ દેનારા તથા મોક્ષના વિરોધી કામભોગોનું સેવન કરનારા જીવોને નરકાદિ દુર્ગતિમાં ઉત્પન્ન થઇને ખૂબ જ શોક સહન કરવો પડે છે; અનેક વાર આક્રંદ કરવું પડે છે. પરમાધાર્મિક દેવો દ્વારા તેમને નરકાવાસોમાં અસહ્ય ત્રાસ આપવામાં આવે છે, એવા જીવોને અનંત કાળ સુધી નરક નિગોદ આદિ દુર્ગતિમાં ભ્રમણ કરવું પડે છે. તેથી વિષયોનું સેવન કરવું જોઇએ નહીં. વિષયોનું સેવન કરવાથી જ જીવોને જન્મ મરણ કરવા પડે છે- આ પ્રકારે આત્માનું અનુશાસન કરવું જોઇએ. ॥ ગાથા ૭ ॥

આગળ ઉપદેશ આપતા સૂત્રકાર કહે છે કે- " इह " ઇત્યાદિ

શબ્દાર્થ—'इह-इह' આ લોકમાં 'जीवियमेव-जीवितमेव' જીવનને જ 'पासहा-पश्यत' જુવો 'वाससयस्स-वर्षशतस्य' સો વર્ષની આયુષ્યવાળા પુરૂષનું પણ જીવન 'तरुणए-तरुणे' યુવાન અવસ્થામાં જ 'तुट्टइ-त्रुटयति' નષ્ટ થઇ જાય છે આ જીવનને 'इत्तवासे य-इत्वरवासं च' થોડા દિવસના નિવાસ તુલ્ય 'बुज्झह-बुध्यध्वम

સમજો 'नरा-नराः' ક્ષુદ્ર મનુષ્ય 'कामेसु-कामेषु' શબ્દ વગેરે કામભોગોમાં 'गिद्धा-गृद्धाः' ગૃદ્ધિભાવ યુક્ત થઇને 'मुच्छिया-मूच्छिताः' તેમાં જ આસક્તિયુક્ત થઈને નર્ક વગેરે યાતનાનો અનુભવ કરે છે. ॥ ૮ ॥

–સૂત્રાર્થ–

આ લોકમાં મનુષ્યના જીવનનો જ વિચાર કરો. ભલે મનુષ્યનું જીવન ૧૦૦ વર્ષનું કહેવામાં આવ્યું છે, પરન્તુ કોઇ કોઇ વાર તરુણાવસ્થામાં પણ તે જીવનનો અન્ત આવી જાય છે તેથી આ જીવનને અલ્પકાલીન નિવાસના સમાન જ માનો. આ પ્રકારની પરિસ્થિતિ હોવા છતાં પણ સત્ અસત્‌ના વિવેક વિનાના મનુષ્યો કામભોગોમાં ગૃદ્ધ અને મૂર્છિત થઇને નરકાદિની યાતનાઓ પ્રાપ્ત કરે છે. ॥૮॥

–:ટીકાર્થ:–

મનુષ્યનું જીવન તો જુઓ ! કેટલું બધું અલ્પકાલીન છે ! ભલે તેને ૧૦૦ વર્ષનું માનવામાં આવતું હોય, છતાં યુવાવસ્થામાં પણ તે પૂરૂં થઇ જતું હોય છે. તેથી આ જીવનને થોડા દિવસના નિવાસ રૂપ સમજો. આ વાતને પણ ગ્રહણ નહી કરનારા તુચ્છ પ્રકૃતિવાળા લોકો કામભોગોમાં આસક્ત અને મૂર્છિત થઇને નરકાદિ દુર્ગતિઓમાં ઉત્પન્ન થઇને અસહ્ય યાતનાઓ ભોગવે છે. તાત્પર્ય એ છે કે–આ સંસારમાં જીવનોપયોગી અન્ય વસ્તુઓ વિષે ભલે વિચાર ન કરો, પરન્તુ સમસ્ત સુખના સાધન રૂપ આ જીવનનો તો જરા વિચાર કરો ! આ મનુષ્યજીવન અનિત્ય છે, ક્ષણે ક્ષણે આયુકર્મના દલિકોના નિર્જીર્ણ થવા રૂપ આવીચિમરણની અપેક્ષાએ તો તેનો વિનાશ થઈ રહ્યો છે અથવા મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ભલે ગણાતું હોય, પણ તીવ્ર અધ્યવસાય અને શસ્ત્રાદિ નિમિત્ત રૂપ ઉપક્રમો દ્વારા માણસ યુવાવસ્થામાં પણ મરણને શરણ થાય છે. કદાચ કોઈ માણસ પૂરા ૧૦૦ વર્ષ સુધી જીવે, તો પણ એટલો કાળ સાગરોપમ કાળની અપેક્ષાએ અત્યન્ત ન્યૂન છે. તેથી આટલા આયુષ્યને (જીવનને) અલ્પકાલીન નિવાસ સમાન સમજીને માણસે સંયમમાં પ્રવૃત્ત થવું જોઈએ અને ચિન્તામણિ જેવા મનુષ્ય જીવનને સાર્થક કરવું જોઇએ. પરન્તુ આયુની આવી દશા દેખવા છતાં પણ ક્ષુદ્ર જીવો વિષયભોગોમાં આસક્ત થઇને આ મહામૂલા માનવ જીવનને વ્યર્થ ગુમાવી બેસીને નરકાદિ યાતના સ્થાનોમાં ઉત્પન્ન થઇને અસહ્ય દુઃખોનું વેદન કરે છે. ॥ ગાથા ૮ ॥

શબ્દાર્થ—'इह-इह' આ લોકમાં 'जे-ये' જે મનુષ્ય 'आरंभनिस्सिया-आरम्भनिश्रिताः' હિંસા વગેરે સાવદ્ય અનુષ્ઠાનોમાં આસક્ત છે 'आत्तदंडा-आत्मदण्डाः' આત્માને દંડ દેવાવાળા 'एगंतलूसगा-एकान्तलूषकाः' અને એકાન્તરૂપથી પ્રાણિઓના ઘાતક છે 'ते-ते' તે પુરૂષ 'पावलोयं-पापलोकम्' પાપલોક અર્થાત્ નર્કમાં 'चिररायं-चिररात्रम्' ઘણા સમય પર્યંત 'गंता-गन्तारः' જવાવાળા હોય છે 'आसुरियं दिसं-आसुरीं दिशम्' અથવા આસુરી દિશામાં જાય છે અર્થાત્ દેવાધમ થાય છે. ॥ ૯ ॥

સૂત્રાર્થ........

આ લોકમાં જેઓ છકાયના જીવોની હિંસા રૂપ આરંભમાં તત્પર છે, તેઓ પોતાના આત્માને દંડિત કરનારા છે. અને એકાંતથી પ્રાણિઓના ઘાતક છે, તેઓ દીર્ઘ કાળને માટે પાપલોકમાં (નરકાદિમાં) ગમન કરે છે. કદાચ બાલતપ આદિ કરીને તેઓ દેવલોકમાં ઉત્પન્ન થઈ જાય, તો પણ અધમ દેવ રૂપે જ ઉત્પન્ન થાય છે ॥ ૯ ॥

–ટીકાર્થ–

જે મનુષ્ય હિંસા આદિ સાવદ્ય અનુષ્ઠાનોમાં જ નિરત (પ્રવૃત્ત) રહે છે, આત્માને દંડિત કરનારા એટલે કે સ્વપરના ઘાતક છે, એકાન્ત રૂપે હિંસક છે, તેઓ પાપલોકમાં (નરકાદિ દુર્ગતિમાં) જ જનારા છે. તેઓ ત્યાં દીર્ઘ કાળ સુધી નિવાસ કરે છે. કદાચ બાલતપના પ્રભાવથી તેમને દેવગતિની પ્રાપ્તિ થાય છે, તો તેઓ બીજા દેવોના આજ્ઞાકારી કિલ્બિષક આદિ અધમ દેવો રૂપે જ ઉત્પન્ન થાય છે. જેમનું ચિત્ત આકુલિત હોય છે એવાં પુરુષો મનુષ્યલોકમાં આસક્તિપૂર્વક સાવદ્ય ક્રિયાઓ કરીને નરકાદિ અધોગતિમાં ગમન કરે છે. તથા જેઓ આત્માને પણ દંડિત કરે છે અથવા એકાન્ત રૂપે પ્રાણીઓની હિંસા કરે છે, એવા સત્કર્મનો વિનાશ કરનારા (દુષ્કૃત્ય કરનારા) મનુષ્યો નરકાદિ પાપલોકમાં ઉત્પન્ન થઈને દીર્ઘ કાળ પર્યન્ત ત્યાં યાતનાઓ સહન કર્યા કરે છે કદાચ બાલતપસ્યાના પ્રભાવથી તેમને દેવગતિની પ્રાપ્તિ થાય, તો પણ તેઓ અધમ દેવ રૂપે જ–દેવોના દાસ રૂપે જ ઉત્પન્ન થાય છે, ઉત્કૃષ્ટ દેવ રૂપે ઉત્પન્ન થતા નથી ॥ ગાથા ૯ ॥

શબ્દાર્થ—'**जीवियं-जीवितम्**' જીવનને '**संखयं-संस्कार्यम्**' સંસ્કાર કરવા યોગ્ય '**ण य आहु-न चाहु**' સર્વજ્ઞોએ કહેલ નથી અર્થાત્ ત્રુટિત સૂતરની જેમ સાંધવા યોગ્ય નથી '**तहवि य-तथापि च**' તો પણ '**बालजणो-बालजनः**' અજ્ઞાની પુરૂષ '**पगब्भइ-प्रगल्भते**' પાપ કર્મ કરવામાં ધૃષ્ટતા કરે છે, તેઓ એવું કહે છે કે '**पच्चुपन्नेन कारियं-प्रत्युत्पन्नेन कार्यम्**' વર્તમાન સુખનું જ મને પ્રયોજન છે. '**परलोयं-परलोकम्**' નર્ક વગેરે સ્વર્ગ વગેરે પરલોકને '**दट्ठुं-दृष्ट्वा**' જોઈને '**को-कः**' કોણ '**आगए-आगतः**' આવ્યું છે. ॥ ૧૦ ॥

સૂત્રાર્થ (ગાથા ૧૦)

જીવન સંસ્કાર્ય નથી એટલે કે તૂટેલા દોરાની જેમ ફરી સાંધી શકાય એવું નથી, છતાં પણ અજ્ઞાની પુરુષો પાપકર્મ કરતાં લજ્જા કે સંકોચ અનુભવતા નથી. તેઓ એવું કહે છે કે અમારે તો વર્તમાનકાલીન સુખનું જ પ્રયોજન છે, સ્વર્ગ, નરક આદિ પરલોક કોણ જોઈને આવ્યું છે, ॥ ૧૦ ॥

टीકાર્થ

કદાચ તૂટેલા દોરાને સાંધી શકાય છે, પણ તૂટેલા જીવનને સાંધી શકવાને કોઈ સમર્થ નથી, એવું સર્વજ્ઞ ભગવાનનું કથન છે. છતાં પણ અવિવેકી મનુષ્યો પાપકર્મ સેવવાની ધૃષ્ટતા કરે છે. તેઓ એવું કહે છે કે "અમારે તો વર્તમાનકાળના સુખ સાથે જ નિસ્બત છે, પરલોક જોઇને કોણ આવ્યું છે? કોઇ પરલોક જોઇને આવ્યું હોત તો પરલોકની વાત પર શ્રદ્ધા મૂકીને તેને માટે આ લોકના સુખનો પરિત્યાગ કરીને દુઃખોની બહુલતાવાળાં કર્મોમાં (તપસ્યા આદિમાં) પ્રવૃત્ત થવાનું ઉચિત ગણાત પરન્તુ એવું તો છે નહીં, તેથી વૈષયિક સુખને માટે જ પ્રવૃત્તિ કરવી જોઇએ". આ પ્રકારનું કથન અજ્ઞાની મનુષ્યો કરે છે.

આ ગાથાનો ભાવાર્થ એ છે કે — સર્વજ્ઞ તીર્થંકરોએ કહ્યું છે કે તૂટેલા આયુષ્યને સાંધી શકાતું નથી. કહ્યુ પણ છે કે—"**दंडकलियं करित्ता वच्चंति हु**" ઈત્યાદિ

"જેવી રીતે રેતઘડીમાંથી રેત ક્ષણે ક્ષણે ઓછી થતી રહે છે, એજ પ્રમાણે રાત અને દિવસો આયુષ્યની અવધિને ક્ષીણ કરતાં કરતાં વ્યતીત થઈ રહ્યા છે. જે દિવસો અથવા ક્ષણો એક વાર વ્યતીત થઇ જાય છે, તે ફરી પાછાં આવવાના નથી."

"**आयुष्यक्षण एकोऽपि**" ઈત્યાદિ–અબજો સોનામહોરો દેવા છતાં પણ આયુની એક ક્ષણ પણ ખરીદી શકાતી નથી. જો તે નિરર્થક ગુમાવી બેઠાં, તો તેના કરતાં અધિક હાનિ બીજી કઈ હોઈ શકે?"

"વેગથી વહેતું પાણી જેવી રીતે પાછુ આવતુ નથી, એજ પ્રમાણે વ્યતીત થયેલો સમય પણ પાછો આવતો નથી."

જીવનની ક્ષણભંગુરતાને જાણવા છતાં પણ અજ્ઞાની મનુષ્યો પાપકર્મ કરતાં પાછા હઠતાં નથી. તેઓ એવું કહેવાની પણ ધૃષ્ટતા કરે છે કે- "અમારે તો આ લોકના સુખ સાથે નિસ્બત છે, પરલોક કોણે જોયો છે! ॥ ગા. ૧૦ ॥

આ પ્રકારના આ લોકના સુખની અભિલાષાવાળા અને પારલૌકિક સુખનો તિરસ્કાર કરનારા નાસ્તિકોના કથનનો ૧૧મી ગાથામાં સૂત્રકાર આ પ્રમાણે ઉત્તર આપે છે— "**अदक्खुव**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**अ क्खु व-अपश्यवत्**' હે! આંધળાના સમાન પુરૂષ! '**दक्खुवाहियं-पश्यव्याहृतम्**' સર્વજ્ઞોએ કહેલ આગમોમાં '**सद्दहसु-श्रद्धत्स्व**' શ્રદ્ધા રાખો '**अदक्खु दंसणा-अपश्यदर्शन**' હે! અસર્વજ્ઞ દર્શનવાળાઓ! '**मोहणिज्जेण-मोहनीयेन**' મોહનીય '**कडेण-कृतेन**' પોતે કરેલ '**कम्मुणा-कर्मणा**' કર્મથી '**सुनिरुद्धदंसणे-सुनिरुद्धदर्शनः**' જેમની જ્ઞાનદષ્ટિ નષ્ટ થઇ ગઇ છે તે સર્વજ્ઞોક્ત આગમોને માનતો નથી '**हंदिहु-जानीहि**' એવું નિશ્ચિત જાણો. ॥ ૧૧ ॥

સૂત્રાર્થ

હે અપશ્યવત્! (આંધળા સમાન પુરુષ!) સર્વજ્ઞ દ્વારા કથિત આગમ પર શ્રદ્ધા

રાખ. હે અપશ્યદર્શન! (અસર્વજ્ઞની વાતમાં શ્રદ્ધા રાખનાર પુરુષ!) ઉપાર્જિત કરેલા મોહનીય કર્મને કારણે જેની દૃષ્ટિ પૂરે પૂરી અવરુદ્ધ થઇ ગઈ છે, તે પુરુષ સર્વજ્ઞોક્ત આગમ પર શ્રદ્ધા રાખતો નથી. ॥ ૧૧ ॥

ટીકાર્થ

જે દેખી શકે છે તેને 'પશ્ય' કહેવાય છે અને જે દેખી શકતો નથી તેને 'અપશ્ય' કહેવાય છે. અપશ્ય એટલે આંધળો. જે માણસ અપશ્ય (આંધળા) જેવો હોય છે તેને 'અપશ્યવત્' કહે છે. સૂત્રકાર કહે છે કે હે અપશ્યવત્ નાસ્તિક! કેવળજ્ઞાન અને કેવળ-દર્શન રૂપ પ્રકાશ દ્વારા સમસ્ત વસ્તુસમૂહને સદૈવ દેખનારા સર્વજ્ઞ દ્વારા પ્રણીત શાસ્ત્ર પર શ્રદ્ધા રાખ, અને પ્રત્યક્ષ વસ્તુને જ સ્વીકારવાનો દુરાગ્રહ છોડી દે. એકલા પ્રત્યક્ષ પ્રમાણનો જ સ્વીકાર કરવામાં આવે, તો પિતામહ, પ્રપિતામહ આદિ સંબંધી સમસ્ત વ્યવહારનો લોપ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. હે અપશ્યદર્શન! (અસર્વજ્ઞના દર્શનનો સ્વીકાર કરનાર હે નાસ્તિક!) આપ તો સ્વયં પ્રત્યક્ષદર્શી છો! જો સર્વજ્ઞના સિદ્ધાંતો અનુસાર નહીં ચાલો અને આ પ્રકારના શાસ્ત્રને પ્રમાણ માનશો તો તમે કાર્ય અને અકાર્યના વિવેકથી વિહીન થઇ જવાને કારણે આંધળા જેવા થઈ જશો. પોતાના દ્વારા જ ઉપાર્જિત કરાયેલા મોહનીય કર્મના ઉદયને કારણે જેનું સમ્યક્ બોધ રૂપ દર્શન પૂર્ણ રૂપે અવરૂદ્ધ થઈ ગયું છે એવો જિન ભગવાનના વચનોમાં શ્રદ્ધા નહીં રાખનારો પુરુષ સર્વજ્ઞપ્રણીત આગમનો સ્વીકાર કરતો નથી, એવું અવશ્ય સમજી લો.

આ કથનનો ભાવાર્થ એ છે કે–હે આંધળા સમાન નાસ્તિક! સર્વજ્ઞ દ્વારા પ્રતિ-પાદિત શાસ્ત્ર પર શ્રદ્ધા રાખ. અસર્વજ્ઞ પ્રતિપાદિત શાસ્ત્ર પ્રત્યે પક્ષપાત રાખનારા હે અપશ્યદર્શન નાસ્તિક! તું આ વાતને બરાબર સમજી લે કે ઉપાર્જિત કરેલા મોહનીય કર્મને કારણે જેની દૃષ્ટિ અવરુદ્ધ થઈ ગઈ છે, એવો પુરુષ જ સર્વજ્ઞપ્રરૂપિત આગમનો સ્વીકાર કરતો નથી. ॥ ગાથા ૧૧ ॥

આગળ ઉપદેશ આપતા સૂત્રકાર કહે છે કે "**दुक्खीमोहे**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**दुक्खी-दुःखी**' દુઃખી જીવ '**पुणो पुणो-पुनः पुनः**' વારંવાર '**मोहे-मोहम्**' અવિવેકને પ્રાપ્ત કરે છે '**सिलोगपूयण-श्लोकपूजनम्**' અતઃ સાધુ પોતાની સ્તુતિ અને પૂજા '**निव्विंदेज्ज-निर्विन्देत**' છોડી દે '**एवं-एवम्**' આ પ્રકારે '**सहिते-सहितः**' જ્ઞાન વગેરેથી યુક્ત '**संजए-संयतः**' સાધુ '**पाणेहिं-प्राणान्**' પ્રાણિઓને '**आयतुल्ले-आत्मतुल्यान्**' પોતાના સમાન '**अहिपासए-अधिपश्येत्**' જુવે. ॥ ૧૨ ॥

–સૂત્રાર્થ–

દુઃખી જીવ વારંવાર મોહને આધીન બને છે. સાધુઓએ શ્લોક–શ્લાઘા (પ્રશંસા,

સન્માન) આદિનો ત્યાગ કરવો જોઇએ, અને સમ્યક્ જ્ઞાનાદિથી યુક્ત થઇને સમસ્ત પ્રાણીઓને આત્મવત્ (પોતાના સમાન) જ માનવા જોઇએ. ॥ ૧૨ ॥

–ટીકાર્થ–

દુઃખી અથવા અસાતાવેદનીય કર્મના ઉદયને કારણે દુઃખનો અનુભવ કરતો જીવ વારંવાર મોહને અધીન બને છે. અજ્ઞાનના ઉદયથી દુઃખનો અનુભવ કરતો મૂઢ મનુષ્ય એવા એવા કાર્યો કરે છે, કે જેને લીધે તેનું સંસાર સાગરમાં પરિભ્રમણ ચાલુ જ રહે છે, અને તેને દુઃખોથી પીડાયા જ કરવું પડે છે. તેથી મોહહેતુક આત્મશ્લાઘા અને સન્માનનો મુનિએ ત્યાગ કરવો જોઇએ. આ પ્રકારે જ્ઞાનાદિથી સંપન્ન થઇને સંયમયુક્ત સાધુએ સમસ્ત જીવોને આત્મતુલ્ય સમજવા જોઇએ, કારણકે મોહગ્રસ્ત જીવ દુઃખથી પીડિત થઈને વારંવાર સંસારમાં જ પરિભ્રમણ કરે છે. આ કારણે સંયમી સાધુએ પ્રશંસા, સન્માન આદિની અભિલાષાનો ત્યાગ કરીને અને જ્ઞાનાદિથી સંપન્ન થઇને સમસ્ત જીવોને આત્મતુલ્ય માનવા જોઇએ. કહ્યું પણ છે કે —"**अप्पसमे मन्नेज्ज**" ઈત્યાદિ–

"છકાયના જીવોને આત્મવત્ જ માનવા જોઇએ" ॥ગાથા ૧૨॥

હવે શાસ્ત્રકાર વ્રતનો મહિમા વર્ણવે છે– "**गारं पि य**" ઇત્યાદિ

શબ્દાર્થ—'**गारं पि य--अगारमपि**' ઘરમાં પણ '**आवसे--आवसन्**' નિવાસ કરતો '**नरे--नरः**' મનુષ્ય '**अणुपुव्वं--आनुपूर्व्या**' ક્રમશઃ '**पाणेहिं संजए-प्राणेषु संयतः**' પ્રાણુ હિંસાથી નિવૃત્ત થઈને '**सव्वत्थ--सर्वत्र**' બધા પ્રાણિઓમાં '**समतां-समतां**' સમભાવ રાખવા '**से--सः**' તે **सुव्वए--सुव्रतः**' સુવ્રત પુરૂષ '**देवाणं लोगयं--देवानां लोकम्**' દેવતાઓના લોકમાં '**गच्छे-गच्छेतू**' જાય છે. ॥ ૧૩ ॥

–સૂત્રાર્થ–

ગૃહવાસ કરતો મનુષ્ય પણ જો ક્રમે ક્રમે પ્રાણીઓની હિંસાનો પરિત્યાગ કરતો જાય છે અને સમસ્ત પ્રાણીઓ પ્રત્યે સમભાવ કરતો સુવ્રતવાન્ થાય છે, તો દેવ ગતિની પ્રાપ્તિ કરી શકે છે. ॥ ૧૩ ॥

ટીકાર્થ

ગૃહવાસ કરતો મનુષ્ય પણ જો પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત રહે અને સમસ્ત ત્રસ તથા સ્થાવર જીવો પ્રત્યે સમભાવ ધારણ કરે, તો તે જિનોક્ત દેશવિરતિથી યુક્ત થવાને કારણે દેવલોકની પ્રાપ્તિ કરે છે.

આ કથનનો ભાવાર્થ એ છે કે– ગૃહસ્થાશ્રમમાં રહેનાર પુરુષ પણ જો દેશવિરતિને

અંગીકાર કરીને અને સમસ્ત પ્રાણીઓ તરફ સમતા ભાવ ધારણ કરીને જિનેન્દ્ર ભગવાન્ દ્વારા પ્રરૂપિત ધર્મની આરાધના કરે તો તેને અવશ્ય દેવલોકની પ્રાપ્તિ થાય છે. જો દેશ વિરતિને અંગીકાર કરવાથી દેવગતિ રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તો સર્વવિરતિના ફળની તો વાત જ શી કરવી ? એટલે કે સર્વવિરતિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય એમાં કોઈ આશ્ચર્યની વાત નથી. ॥૧૩॥

હવે સૂત્રકાર સર્વવિરતિનો મહિમા વર્ણવે છે- **"सोच्चा"** ઇત્યાદિ

શબ્દાર્થ—**'भगवाणुसासणं-भगवदनुशासनम्'** ભગવાનના અનુશાસન અર્થાત આગમને **'सोच्चा-श्रुत्वा'** સાંભળીને **'सच्चे-सत्ये'** તે આગમમાં કહેલ સત્ય **'तत्थ-तत्र'** સંયમમાં **'उवक्कमं--उपक्रमम्'** ઉદ્યોગ **'करेज्ज-कुर्यात्'** કરતાં રહે **'सव्वत्थ-सर्वत्र'** પ્રાણિ માત્રમાં **'विणीयमच्छरे-विनीतमत्सरः'** મત્સર રહિત થઇને **'भिक्खू-भिक्षुः'** સાધુ **'विसुद्धं-विशुद्धम्'** બધા જ આહાર દોષથી રહિત શુદ્ધ **'उंछं-उञ्छम्'** આહારને **'आहरे-आहरेत्'** લાવે. ॥ ૧૪ ॥

–સૂત્રાર્થ–

જિનેન્દ્ર ભગવાનના આગમનું શ્રવણ કરીને સાધુએ સત્ય એટલે કે સંયમમાં પરાક્રમશીલ (પ્રવૃત્ત) થવું જોઇએ. તેણે પ્રાણી માત્ર તરફ મત્સર ભાવનો ત્યાગ કરીને સમભાવ ધારણ કરવો જોઇએ અને નિર્દોષ ભિક્ષા જ ગ્રહણ કરવી જોઇએ. ॥ ૧૪ ॥

ટીકાર્થ

ભગવાન એટલે કે સંપૂર્ણ જ્ઞાન અને ઐશ્વર્યથી સંપન્ન તીર્થંકરના અનુશાસનને તીર્થંકર ભગવાનની સમીપે, અણગારની સમીપે, શ્રાવકની સમીપે અથવા સમ્યગ્દૃષ્ટિની સમીપે શ્રવણ કરીને સત્યમાં એટલે કે સઘળી બાધાઓથી રહિત સંયમમાં પ્રવૃત્ત થવું જોઇએ. ભગવાન દ્વારા પ્રરૂપિત સંયમમાર્ગમાં કેવી રીતે પ્રવૃત્ત થવું જોઇએ ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે સાધુએ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે માત્સર્ય (દ્વેષ)થી રહિત થઇને આધાકર્મ આદિ ૪૨ દોષોથી રહિત સામુદાનિક ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ.

આ ગાથાનો ભાવાર્થ એ છે કે- જ્ઞાન, ઐશ્વર્ય આદિ ગુણસમૂહથી સંપન્ન એવાં તીર્થંકર ભગવાનના શાસનને- આગમપ્રતિપાદિત તપ સંયમ આદિને ભગવાનના મુખારવિન્દમાંથી, અથવા અણગારોની સમીપે શ્રવણ કરીને લઘુકર્મા સાધુએ સમસ્ત પ્રાણીઓનું હિત સંપાદન કરતા થકા, સંયમાદિની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરતા થકા, સમસ્ત જીવો પ્રત્યે માત્સર્યભાવરહિત થઇને, ઘર, પુત્ર, પત્ની આદિથી વિરકત થઇને તથા સર્વત્ર રાગદ્વેષોથી રહિત થઇને, ૪૨ દોષોથી રહિત અને શરીરયાત્રા (સંયમયાત્રા) માત્રમાંજ સહાયક બને એવાં નિર્દોષ આહાર પાણી આદિ ગ્રહણ કરવા જોઇએ. તાત્પર્ય એ છે કે સાધુએ સંયમનો નિર્વાહ કરવાની ભાવનાથી જ આહારાદિ ગ્રહણ કરવા જોઈએ, શરીરના પોષણ અથવા શરીર પ્રત્યેની આસકિતની દૃષ્ટિએ આહારાદિને ગ્રહણ કરવા જોઇએ નહીં ॥ ગાથા ૧૪ ॥

શબ્દાર્થ—**સવ્વં-સર્વમ્**' બધા પદાર્થોને '**નચ્ચા-જ્ઞાત્વા**' જાણીને સાધુ '**અહિટ્ઠએ-અધિતિષ્ઠેત્**' સર્વજ્ઞોક્ત સંવરનો આશ્રય લે '**ધમટ્ઠી-ધર્માર્થી**' ધર્મના પ્રયોજનવાળો અને '**ઉવહાણવીરએ-ઉપધાનવીર્યઃ**' તપ કરવામાં પરાક્રમશીલ અને '**ગુત્તે જુત્તે**'-**ગુપ્તો યુક્તઃ**' ઇંદ્રિયોથી અને મન, વચન, કાયથી ગુપ્ત અને જ્ઞાનાદિથી યુક્ત અને '**સયા-સદા**' સર્વદા '**આયપરે-આત્મપરયોઃ**' પોતાના અને બીજાના વિષયમાં '**જણ-યતેત**' પ્રયત્ન કરે '**પરમાયતટ્ઠિએ-પરમાયતસ્થિતઃ**' અને મોક્ષની અભિલાષા કરે. ॥ ૧૫ ॥

સૂત્રાર્થ

સંયમી પુરૂષ સમસ્ત પદાર્થોને જાણીને સંવર ગ્રહણ કરે. તથા ધર્માર્થી થઇને ઉગ્ર તપસ્યાઓમાં પ્રયત્નશીલ રહે. તેણે મનોગુપ્ત, વચન ગુપ્ત અને કાયગુપ્ત અને જ્ઞાનાદિથી યુક્ત થવું જોઇએ. તેણે સ્વપરની યતના કરવી જોઇએ. અને મોક્ષની અભિલાષા સેવવી જોઇએ ॥ ૧

ટીકાર્થ

સાધુએ સમસ્ત પદાર્થોને અથવા સર્વજ્ઞ પ્રરૂપિત મોક્ષમાર્ગને જાણીને સંવરનો જ આશ્રય લેવો જોઇએ. તેણે શ્રુતચારિત્રરૂપ ધર્મનું પાલન કરવાનોજ નિશ્ચય કરીને ઉગ્ર તપશ્ચર્યામાં પ્રવૃત્ત થવું જોઇએ. તેણે ઈન્દ્રિયો પર સંયમ રાખીને મનોગુપ્ત, વચનગુપ્ત અને કાર્યગુપ્ત થવું જોઇએ, અને સદૈવ સ્વાત્મા અને પરાત્માની યતના કરવી જોઇએ. તેણે આ લોક અને પરલોકના સુખની અભિલાષા રાખવી જોઇએ નહીં, પરન્તુ મોક્ષની જ અભિલાષા રાખવી જોઇએ.

ભાવાર્થ એ છે કે- સાધુએ સર્વજ્ઞ પ્રરૂપિત મોક્ષમાર્ગને તથા સંસારના સમસ્ત પદાર્થોના સ્વરૂપને સમજવું જોઇએ. તેણે સર્વજ્ઞ પ્રતિપાદિત સંવરનો આશ્રય લેવો જોઇએ, તથા ધર્માર્થી થઇને તપસ્યામાં પ્રવૃત્ત થવુ જોઇએ. આ પ્રકારે મન વચન અને કાય ગુપ્તિથી યુકત થઇને અને જ્ઞાનાદિથી સંપન્ન થઇને યતનાપૂર્વક વિચરતા થકા મોક્ષની જ અભિલાષા કરવી જોઇએ. ॥ ગાથા ૧૫॥

આગળ ઉપદેશ આપતા સૂત્રકાર કહે છે કે-" "**ચિત્ત**" ઇત્યાદિ-

શબ્દાર્થ—'**બાલે-બાલઃ**' અજ્ઞાની જીવ '**ચિત્તં-ચિત્તમ્**' ધનધાન્ય હિરણ્ય વગેરે '**ય-ચ**' અને '**પસવો-પશવઃ**' પશુ '**નાઈઓ-જ્ઞાતયઃ**' તથા જ્ઞાતિજન '**તે-તત્**' તેમને '**સરણંતિ-શરણમિતિ**' પોતાનું શરણ '**મન્નઇ-મન્યતે**' માને છે '**પતે-પતે**' આ બધાં '**મમ-મમ**' મારા છે તથા '**તેસુ વિ-તેષ્વપિ**' ધન વગેરે વસ્તુનો '**અહં-અહમ્**' હું સ્વામી છું એવું અજ્ઞાની માણસો માને છે, પરંતુ આ બધું '**નો તાણં-નો ત્રાણમ્**' ત્રાણકારક નથી એવમ્ '**સરણમ્-શરણ**' શરણરૂપ '**ન વિજ્જઈ-ન વિદ્યતે**' નથી. ॥ ૧૬ ॥

-સૂત્રાર્થ-

અજ્ઞાની મનુષ્ય વિત્તને એટલે કે ધન, ધાન્ય, સોનું, ચાંદી આદિને તથા ગાય આદિ પશુઓને અને જ્ઞાતિજનોને શરણભૂત માને છે. "તેઓ મારાં છે અને હું તેમનો સ્વામી છું" એવું સમજે છે, પરન્તુ તે પદાર્થો શરણ આપવાને સમર્થ નથી. ॥ ૧૬ ॥

-ટીકાર્થ-

અજ્ઞાની મનુષ્ય એવું માને છે કે ધન, ધાન્ય, આદિનો, ગાય આદિ પશુઓનો, પુત્ર, માતા, પિતા, પત્ની આદિ સ્વજનોનો અને જ્ઞાતિજનોનો મારે આધાર છે. તે એવું માની લે છે કે "આ પુત્ર આદિ મારાં છે અને હું તેમનો સ્વામી છું" પરન્તુ વાસ્તવિક રીતે વિચાર કરવામાં આવે તો તેઓ તેને શરણ આપવાને સમર્થ નથી. જેમને માટે તે કાર્ય કરે છે; તેમને તે યથાર્થ રૂપે સમજતો જ નથી. કહ્યું પણ છે કે— "रिद्धि सहावतरला ઇત્યાદિ—

"સંપત્તિ સ્વભાવથી જ ચંચળ છે, આ નિકૃષ્ટ શરીર રોગ તથા જરા આદિથી વિનાશશીલ છે. આ પ્રકારે બન્ને જ વિનાશશીલ હોવાથી કેટલા દિવસ સુધી તેમનો આ જીવ સાથેનો સંબંધ ટકી શકવાનો છે?" વળી કહ્યું છે કે—"मातापितृसहस्राणि"

સંસારી જીવ હજારો માતા અને પિતા કરી ચુકયો છે, તેને અનંત ભવોમા હજારો પુત્રો અને પત્નીઓ થઇ ચુકી છે. પ્રત્યેક જન્મમાં આ સંસારી સંબંધો પલ્ટાતા રહે છે. એવી સ્થિતિમાં કોણ કોની માતા છે. અને કોણ કોનો પિતા છે?'

આ સૂત્રમાં એજ વાતનુ પ્રતિપાદન કરવામા આવ્યું છે કે ધન, પુત્ર, પરિવાર આદિ આ સંસારમાં કોઇ પણ પ્રકારે શરણભૂત (રક્ષા કરવાને સમર્થ) નથી. જ્યારે તેમા આસકત બનેલો જીવ નરકમાં જાય છે, ત્યારે આ કોઇ પણ વસ્તુ કે વ્યક્તિ તેની રક્ષા કરવાને સમર્થ હોતી નથી. ॥ગાથા ૧૬ ॥

નરકમાં પડનાર જીવને, માતા, પિતા, પુત્ર, પત્ની, ધન, આદિ કોઇ પણ બચાવી શકતું નથી, એવું પ્રતિપાદન આગલા સૂત્રમાં કરવામાં આવ્યું. હવે સૂત્રકાર એજ વાતનું વિસ્તારપૂર્વક વર્ણન કરે છે- अब्भागमितंमि ઇત્યાદિ-

શબ્દાર્થ—'वा-वा' અથવા 'अब्भागमितंमि दुहे-अभ्यागते दुःखे' દુઃખ આવી પડે ત્યારે અસાતાવેદનીય વગેરે દુઃખોને એકલો જ ભોગવે છે 'अहवा-अथवा' અથવા 'उक्कमित्ते-उत्क्रान्ते' ઉપક્રમના કારણોથી આયુષ્ય નાશ થાય ત્યારે 'भवंतिए-भवान्तिके' અથવા મૃત્યુ ઉપસ્થિત થાય ત્યારે 'एगस्स-एकस्य' એકલાને જ 'गई य-गतिश्च' જવું 'आगई य-आगतिश्च' અને આવવું થાય છે 'विउमंता-विद्वान्' અતઃ વિદ્વાન્ પુરૂષ 'सरणं-शरणम्' ધન વગેરેને પોતાનું શરણ 'न मन्नई-न मन्यते' માનતો નથી ॥૧૭॥

–સૂત્રાર્થ–

જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે એટલે કે પૂર્વોપાર્જિત અસાતાવેદનીયનો જ્યારે ઉદય થાય છે ત્યારે, અથવા ઉપક્રમના કારણો દ્વારા આયુનો ક્ષય થવાથી જ્યારે મરણ ઉપસ્થિત થાય છે, ત્યારે આ જીવ એકલો જ ગમન અને આગમન કરે છે. તેથી સંસારના યથાર્થ સ્વરૂપને જાણનાર પુરુષ માતાપિતા આદિ પરિવારને તથા ધન સંપત્તિ આદિને પોતાનું ત્રાણ કરનારા (શરણદાતા) માનતો નથી. ॥ ૧૭ ॥

–ટીકાર્થ–

પૂર્વોપાર્જિત અસાતાવેદનીય કર્મનો જ્યારે ઉદય થાય છે, ત્યારે જે દુઃખ આવી પડે છે, તે એકલા જીવે જ ભોગવવું પડે છે. તે દુઃખમાંથી તેને બચાવવાને માતાપિતા આદિ કોઇ પણ સમર્થ નથી. એજ પ્રમાણે જ્ઞાતિજનો પણ તેની રક્ષા કરી શકતા નથી અને ધનાદિ પણ તેની રક્ષા કરવાને સમર્થ નથી. કહ્યું પણ છે કે-- **"सयणस्स वि मज्झगओ"** ઇત્યાદિ "જીવ જ્યારે રોગગ્રસ્ત થાય છે, ત્યારે સ્વજનોની વચ્ચે રહેવા છતા પણ એકલો જ દુઃખનુ વેદન કરે છે. સ્વજનો તેના તે દુઃખમાં ભાગ પણ પડાવી શકતા નથી અને તેના દુઃખને નષ્ટ પણ કરી શકતા નથી."

અથવા આયુના ઉપક્રમના કારણભૂત શસ્ત્ર આદિ દ્વારા જ્યારે આયુનો વિનાશ થાય છે મરણની પ્રાપ્તિ થાય છે, ત્યારે આ જીવને એકલા જ જવું પડે છે, ત્યારે અન્ય કોઇ પણ વ્યક્તિનો સાથ તેને મળતો નથી. તેથી જ્ઞાની પુરુષ માતા, પિતા, પુત્ર, કલત્ર જ્ઞાતિજનો, ધન આદિને પોતાને માટે સહેજ પણ શરણભૂત માનતો નથી. જો સહેજ પણ શરણભૂત માનતો નથી, તો સંપૂર્ણ શરણભૂત માનવાની તો વાત જ સંભવતી નથી ? કહ્યુ પણ છે કે '**एकस्य जन्ममरणे**' ઇત્યાદિ–

'આ જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને આ ભવપ્રવાહમાં એકલો જ શુભ અથવા અશુભ ગતિઓમાં જાય છે. તેથી તેણે એકાકી થઈ ને જ (મમત્વ ભાવ અને રાગદ્વેષનો ત્યાગ કરીને જ) શાશ્વત કલ્યાણને માટે પ્રયત્ન કરવો જોઈએ

કહ્યું પણ છે કે —'**एक्को करेइ कम्मं**' ઇત્યાદિ– 'જીવ એકલો જ કર્મનું ઉપાર્જન કરે છે; એકલો જ કર્મના ફળનું વેદન કરે છે, એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ પરલોકમાં ગમન કરે છે.'

અન્યત્ર પણ એવું કહ્યું છે કે '**धनानि भूमौ पशवश्च गोष्ठे**' ઇત્યાદિ 'ધન જમીનમાં દાટેલું જ રહી જાય છે, ગાય ભેંસ આદિ પશુઓ પાડામાં જ રહી જાય છે, પત્ની ઘરના બારણા સુધી જ આવે છે, બંધુબાંધવ સ્મશાન સુધી જ સાથ દે છે, અને દેહ ચિતા સુધી જ સાથે રહે છે, જીવ જ્યારે પરલોકને માર્ગે પ્રયાણ કરે છે, ત્યારે ઉપર્યુક્ત વસ્તુમાંથી કોઈપણ વસ્તુ જીવને સાથ દેતી નથી. પોતે ઉપાર્જિત કરેલા કર્મ અનુસાર જીવને એકલાને જ પરલોકમાં ગમન કરવું પડે છે' ॥ ગાથા ૧૭ ॥

શબ્દાર્થ— '**सव्वे पाणिणो–सर्वे प्राणिनः**' બધા ત્રસ સ્થાવર પ્રાણી '**सयकम्म-कप्पिया-स्वकर्मकल्पिताः**' પોતપોતાના કર્મોથી અનેક પ્રકારની અવસ્થાઓથી યુક્ત છે. '**अवियत्तेण दुहेण–अव्यक्तेन दुःखेन**' અને બધા જ અવ્યક્ત--અલક્ષિત દુઃખથી દુઃખી છે '**जाइजरामरणेहिं–जातिजरामरणैः**' જન્મ જરા વાર્દ્ધક્ય અને મરણથી '**अभिदुत्ता-अभिद्रुताः**' પીડિત '**भयाउला–भयाकुलाः**' અને ભયથી આકુળ'**सढा–शठाः**' શઠજીવ '**हिंडंति–हिण्डन्ति**' વારંવાર સંસારચક્રમાં ભ્રમણ કરે છે. ॥૧૮॥

સૂત્રાર્થ

ત્રસ, સ્થાવર આદિ સમસ્ત જીવો પોતપોતાના દ્વારા ઉપાર્જિત જ્ઞાનાવરણીય આદિ **કર્મોને** કારણે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત એકેન્દ્રિય આદિ ભેદો રૂપે રહેલા છે. **તેઓ** અવ્યકત તથા વ્યક્ત દુઃખથી અને જન્મ, જરા અને મરણના દુઃખથી યુકત છે. **શઠતા** પૂર્વક કર્મ કરવાને કારણે તેઓ રહેંટની જેમ સંસારમાં ભ્રમણ કરતા રહે છે. ॥૧૮॥

--ટીકાર્થ--

એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય પર્યન્તના સઘળા જીવો પોતાના દ્વારા ઉપાર્જિત કરાયેલાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને કારણે સૂક્ષ્મ, બાદર પર્યાપ્ત અપર્યાપ્ત, એકેન્દ્રિય આદિ પર્યાયોમાં ઉત્પન્ન થાય છે સૂક્ષ્મ નિગોદ અને સાધારણ વનસ્પતિ આદિના જીવો અવ્યકત દુઃખથી યુકત છે અને દ્વીન્દ્રિય આદિ પ્રાણીઓ વ્યકત દુઃખથી યુકત છે તે બધાં પ્રાણીઓ જન્મ, જરા અને મરણના દુઃખથી પીડિત છે, અને તે કારણે તેઓ ભયથી. વ્યાકુળ રહે છે. અશુભ કર્મ કરનારા આ જીવો સંસાર ચક્રમાં રહેંટની જેમ પરિભ્રમણ કરે છે. ॥ ગાથા ૧૮ ॥

શબ્દાર્થ—'**इणमेव–इममेव**' આજ '**खणं–क्षणम्**' અવસર છે તથા '**बोहिं–बोधिम्**' સમ્યક્ત્વ પણ '**णो सुलहं–नो सुलभाम्**' સુલભ નથી, એવું '**अहियं–आख्यातम्**' સર્વજ્ઞોએ કહેલ છે એવું **विजाणिया–विज्ञाय** જાણીને '**सहिए–सहितः**' જ્ઞાન દર્શન અને ચારિત્રથી યુક્ત થઈને '**एवं–एवम्**' આ પ્રકારે '**अहिपासए–अधिपश्येत्**' વિચાર કરે '**जिणे–जिनः**' શ્રી ઋષભ જિનેશ્વરે '**आह–आहः**' કહેલ છે '**सेसगा–शेषकाः**' અને શેષ તીર્થંકરોએ પણ '**इणमेव–इदमेव**' આ જ કથન કર્યું છે. ॥ ૧૯ ॥

–સૂત્રાર્થ

દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ આ અવસર તથા સર્વજ્ઞો દ્વારા કથિત સમ્યક્ત્વ સુલભ નથી, એવું જાણીને જ્ઞાનદર્શન અને ચારિત્રથી સંપન્ન બનો, ભગવાન ઋષભદેવે પણ આ પ્રમાણે કહ્યુ છે અને અન્ય તીર્થંકરોએ પણ આ પ્રમાણે ફરમાવ્યું છે. ॥૧૯॥

टीकार्थ

કર્મોની નિર્જરાને માટે આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ અનુકૂળ અવસર પ્રાપ્ત થયો છે. આ અવસરની મહત્તા સમજીને ઉચિત કર્તવ્ય કરવા જોઇએ. ત્રસ પર્યાય, પંચેન્દ્રિયત્વ અને મનુષ્યત્વ આદિ દ્રવ્યરૂપ અવસર મળ્યો છે. આ સાડી પચીસ આર્યદેશ રૂપ ક્ષેત્રની પ્રાપ્તિ થઈ છે અવસર્પિણી કાળના ચોથા આરા આદિ કાળની પ્રાપ્તિ થઇ છે અને ધર્મ અંગીકાર કરવા રૂપ ભાવ ધર્મનું શ્રવણ ધર્મ પર શ્રદ્ધા, ચારિત્રાવરણ કર્મ(ચારિત્ર મોહનીય) ના ક્ષય અને ઉપશમ વડે પ્રાપ્ત થનારી વિરતિ (સંયમ) અને ધર્મમાં પરાક્રમ રૂપ ઉત્સાહ, આ સઘળા અનુકૂળ અવસરો પ્રાપ્ત થયા છે આ અવસરની તથા ચિન્તામણિ સમાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સરલતાથી થતી નથી. એવુ તીર્થંકર ભગવાને ફરમાવ્યું છે આ વાતને સમજીને આત્મહિતને માટે પ્રયત્ન કરવો જોઈએ. પુણ્યકર્મ નહી કરનારને બોધિની પ્રાપ્તિ થવી દુર્લભ છે. કહ્યું પણ છે કે **लध्धेल्लिय' च बोहिं** ઈત્યાદિ

'જે પુરૂષ પ્રાપ્તથયેલ બોધિનો સદુપયોગ કરતો નથી એટલે કે તેના અનુસાર અનુષ્ઠાન કરતો નથી અને ભવિષ્યકાલીન બોધિની અભિલાષા રાખે છે, એટલે કે ભવિષ્યમાં મને ફરીથી બોધિની પ્રાપ્તિ થાય એવી અભિલાષા સેવે છે, તે અન્યને બોધિ દઇને કયું મૂલ્ય ચુકવીને પુનઃ બોધિની પ્રાપ્તિ કરશે? આ કથનનું તાત્પર્ય એ છે કે વર્તમાનમાં બોધિનો સદુપયોગ કરવો એજ ભવિષ્યમાં પ્રાપ્ત થનારી બોધિનું મૂલ્ય ચુકવવા સમાન છે જે પુરુષ એવું કરતો નથી તેને પુનઃ બોધિ પ્રાપ્ત થતી નથી.

તેથી જ એવું કહ્યું છે કે બોધિ પ્રાપ્ત કરાવનારા દ્રવ્ય, ક્ષેત્ર આદિનો તથા બોધિની પ્રાપ્તિનો અવસર ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે. એવો વિચાર કરીને, સમ્યગ્જ્ઞાન આદિથી યુકત થઇને એવું વિચારવું જોઈએ કે આદિનાથ ભગવાને એવું જ કહ્યું છે અને અન્ય તીર્થંકરોએ પણ એવો જ ઉપદેશ આપ્યો છે એટલે કે આદિનાથ ભગવાને જે પ્રતિપાદન કર્યું છે. એજ બાકીના તીર્થંકરોએ પણ કહ્યું છે. ॥ ગાથા ૧૯ ॥

સૂત્રકાર ફરી એજ વાત કહે છે- '**अभिविंसु**' ઇત્યાદિ–

શબ્દાર્થ–'**भिक्खवो-भिक्षवः**' હે સાધુઓ '**पुरा वि–पुरापि**' પૂર્વકાળમાં પણ'**अभविंसु-अभूवन्**' જે સર્વજ્ઞ થઈ ચુકેલ છે અને '**आवसा वि–आगामिनश्च**' ભવિષ્યકાળમાં '**भवंति--भविष्यन्ति**' જે થવાવાળા છે '**ते--ते**' તે '**सुव्वया--सुव्रताः**' સુવ્રત પુરૂષોએ '**एयाइं-एतान्**' આ જ '**गुणाइं--गुणान्**' ગુણોને '**आहु--आहुः**' મોક્ષના સાધક કહેલ છે તથા '**कासवस्स--काश्यपस्य**' ભગવાન્ ઋષભદેવજી અથવા ભગવાન્ મહાવીર સ્વામીના '**अणुधम्मचारिणो--अनुधर्मचारिणः**' અનુયાયીઓએ પણ આ પ્રમાણે જ કહેલ છે. ॥ ૨૦ ॥

-સૂત્રાર્થ-

હે ભિક્ષુઓ! પૂર્વકાળમાં જે સર્વજ્ઞો થઈ ગયાં છે, અને ભવિષ્યમાં જે સર્વજ્ઞ તીર્થંકરો થવાના છે, તેઓ સમીચીન વ્રતોના ધારક હતા અને હશે. તેમણે પૂર્વોકત ગુણોનું જ પ્રતિપાદન કર્યું છે અને કરશે, અને જેઓ કાશ્યપ (કાશ્યપ ગોત્રીય મહાવીર) અને ઋષભદેવના અનુગામીઓ છે. તેમણે પણ સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર. અને તપને મોક્ષમાર્ગ રૂપ કહેલ છે. ॥૨૦॥

-ટીકાર્થ-

હે ભિક્ષુઓ! ભૂતકાળમાં જે તીર્થંકરો થઇ ગયા છે, તેઓ યોગ્ય વ્રતોના ધારક હતા. ભવિષ્યમાં જે તીર્થંકરો થશે તેઓ પણ યોગ્ય વ્રતોના ધારક હશે. અને મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનકાળે જે તીર્થંકરો વિદ્યમાન છે તેઓ પણ યોગ્ય વ્રતોના ધારક છે તે સઘળા તીર્થંકરોએ પૂર્વોકત ગુણોને જ મોક્ષના સાધક કહ્યા છે અને કહેશે. ઋષભદેવ ભગવાન અને મહાવીર પ્રભુના અનુયાયીઓ પણ એવુ જ પ્રતિપાદન કરે છે અને કરશે કે જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપ રૂપ ત્રિરત્નો જ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર હોવાથી મોક્ષમાર્ગ રૂપ છે. ॥ગાથા ૨૦॥

હવે સૂત્રકાર તે ગુણોનો નામ સાથે નિર્દેશ કરે છે– "**तिविहेण वि**" ઈત્યાદિ

શબ્દાર્થ—'**तिविहेण वि-त्रिविधेनापि**' મન, વચન અને કાય આ ત્રણથી '**पाण मा हणे-प्राणान् मा हन्यात्**' પ્રાણીઓનો વધ ના કરવો જોઇએ '**आयहिए-आत्महितः**' પોતાના હિતમાં પ્રવૃત્ત '**अणियाणसंवुडे-अनिदानसंवृतः**' સ્વર્ગ વગેરેની ઈચ્છારહિત ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત રહેવું જોઇએ. '**एवं-एवम्**' આ પ્રકારે '**अणंतसो-अनंतशः**' અનન્તજીવ '**सिद्धा-सिद्धाः**' સિદ્ધ થયા છે તથા '**संपइ-संप्रति**' વર્તમાનકાળમાં '**जे य अवरेअणागया-ये च अपरे अनागताः**' અને ભવિષ્યકાળમાં પણ બીજા અનંત જીવ સિદ્ધિને પ્રાપ્ત કરશે. ॥ ૨૧ ॥

સૂત્રાર્થ–

ત્રણે પ્રકારે એટલે કે મન, વચન અને કાયાથી પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહીં તથા આત્મહિતને માટે તત્પર રહેવું જોઇએ. સ્વર્ગ પ્રાપ્તિ આદિ રૂપ નિદાન (નિયાણા)થી રહિત થવું જોઇએ. ઇન્દ્રિયો અને મનને વશ રાખવા જોઇએ, મન, વચન અને કાયથી સંવરયુકત થવું જોઇએ એટલે કે મનોગુપ્ત વચનગુપ્ત અને કાયગુપ્ત થવું જોઇએ આ પ્રકારે સંયમ આરાધના કરીને અનંત જીવો સિદ્ધિ પ્રાપ્ત કરી ચુકયા છે પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત કરશે. ॥૨૧॥

-ટીકાર્થ-

ત્રણ પ્રકારે એટલે કે મનથી, વચનથી અને કાયાથી, તથા કૃત કારિત અને અનુમોદના દ્વારા દસ પ્રકારના પ્રાણોને ધારણ કરનારા ત્રસ અથવા સ્થાવર જીવોની હિંસા કરવી જોઈએ નહીં આત્મહિતમાં પ્રવૃત્ત રહેવું જોઈએ જેઓ આત્માનું હિત ચાહતા

હોય તેમણે મન, વચન અને કાયા વડે જીવહિંસા કરવી જોઈએ નહીં. આ કથન દ્વારા અહિંસા વ્રતનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ કથન અહિંસાવ્રતની રક્ષાને માટે વાડના સમાન અસ્તેય આદિ સમસ્ત વ્રતોનું પણ ઉપલક્ષક છે. તથા સાધુએ નિદાન (નિયાણા) રૂપી શલ્યથી રહિત થવું જોઈએ અને ઇન્દ્રિયો, મન, તથા મન, વચન અને કાયાથી સંવરયુકત થવું જોઈએ. એટલે કે મનોગુપ્ત, વચનગુપ્ત અને કાયગુપ્ત થવું જોઇએ. આ પ્રકારનું આચરણ કરનાર પુરુષ અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે આ પ્રકારના આચરણ દ્વારા ભૂતકાળમાં અનંત જીવોએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, મહાવિદેહ ક્ષેત્રમાં આ પ્રકારનું આચરણ કરીને વર્તમાન કાળે પણ અનેક જીવો મુકિત પ્રાપ્ત કરી રહ્યા છે અને અનેક જીવો ભવિષ્યમાં પણ મુકિત પ્રાપ્ત કરશે ।।ગાથા ૨૧।।

સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે "**एवं से उदाहु**" ઇત્યાદિ—

શબ્દાર્થ—'**एवं-एवम्**' આ પ્રકારે '**से-सः**' ઋષભ સ્વામીએ '**उदाहु-उदाहृतवान्ः**' કહ્યું હતું. '**अणुत्तरनाणी-अनुत्तरज्ञानी**' ઉતમ જ્ઞાનવાળા '**अणुत्तरदंसी-अनुत्तरदर्शी**' અનુત્તર દર્શનવાળા '**अणुत्तरनाणदंसणधरे-अनुत्तरज्ञानदर्शनधरः**' ઉત્તમ જ્ઞાન અને દર્શનને ધારણ કરવાવાળા '**अरहा-अर्हन्**' ઈન્દ્ર વગેરે દેવોને પૂજ્ય '**नायपुत्ते-ज्ञातपुत्रः**' જ્ઞાતપુત્ર '**भगवं-भगवान**' ઐશ્વર્ય વગેરે ગુણવાળા વર્ધમાન સ્વામીએ '**वेसालिए-वैशालिके**' વિશાલા નગરીમાં **वियाहिए-व्यख्यातवान्**' કહેલ હતું '**त्ति बेमि-इति ब्रवीमि**' એવું જ હું કહું છું. ॥ ૨૨ ॥

સૂત્રાર્થ

ઋષભદેવ ભગવાને પૂર્વોકત મુકિતમાર્ગનું પ્રતિપાદન કર્યું હતું. અને અનુત્તરજ્ઞાની અનુત્તરદર્શી અનુત્તર જ્ઞાનદર્શનના ધારક, સમસ્ત કર્મોનો ક્ષય કરનારા જ્ઞાતપુત્ર વૈશાલિક અર્હંત ભગવાન વર્ધમાન સ્વામીએ પણ એવુ જ પ્રતિપાદન કર્યું છે ।।૨૨।।

ટીકાર્થ

ભગવાન ઋષભદેવ તથા અન્તિમ તીર્થંકર મહાવીરે પૂર્વોકત ઉપદેશ આપ્યો છે. તે ભગવાન કેવા હતા તે હવે પ્રકટ કરવામાં આવે છે.

જેના કરતાં ઉત્તમ બીજી કોઇ પણ વસ્તુ ન હોય તેને અનુત્તર કહે છે એવું અનુત્તર જ્ઞાન કેવળજ્ઞાન ગણાય છે. જેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય છે તેમને અનુત્તર જ્ઞાની' કહેવાય છે. સામાન્ય ધર્મોના બોધનું નામ 'દર્શન' છે જેમણે સર્વોત્તમ દર્શનની પ્રાપ્તિ કરી હોય છે. તેમને અનુત્તરદર્શી કહે છે સર્વશ્રેષ્ઠ જ્ઞાન અને દર્શનને ધારણ કરનારને 'અનુત્તરજ્ઞાનદર્શનધર' કહેવામાં આવે છે એવા અનુત્તર જ્ઞાનદર્શનધર જ્ઞાત-

પુત્ર, અર્હન્ત (એટલે કે ઇન્દ્રાદિ દેવો દ્વારા પૂજનીય) ભગવાન (એટલે કે ઐશ્વર્ય આદિ ગુણોથી યુકત) વૈશાલિક (વિશાલા એટલે ત્રિશલામાતાની કૂખે ઉત્પન્ન થયેલા અથવા વિશાળ કુળ અને વચનવાળા) મહાવીર સ્વામીએ એવું કહ્યું છે સુધર્માં સ્વામી જંબૂ-સ્વામીને એવું કહે છે કે હે જંબૂ! મેં મહાવીર પ્રભુની સમીપે જેવું સાંભળ્યું છે એવું જ તમને કહું છું ।।ગાથા ૨૨।।

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મ દિવાકર પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત 'સૂત્રકૃતાંગ' સૂત્રની સમયાર્થબોધિની વ્યાખ્યાના વૈતાલીય નામના બીજા અધ્યયનનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥ ૨-૩ ॥

॥ દ્વિતીય અધ્યયન સમાપ્ત ॥